# સામે કાંઠે શ્યામ

**લેખક**
ચંન્દ્રકાન્ત રાવ

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

**હેડ ઓફિસ**
મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**શાખા**

૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકાભવન રોડ, ઈન્દિરા કોમ્પ્લેક્ષ, નડિયાદ

૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજરોડ,
ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

## અર્પણ

જેમણે મારા તરફ સદા સ્નેહ અને સદ્‌ભાવ રાખ્યાં છે એવા...

✹ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પુર્વ વાઇસ ચાન્સેલર
**પદ્મશ્રી ડો. સિતાંશુભાઇ મહેતા અને**

✹ લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર, વિવેચક, ચિંતક
**પ્રો. ડો. પ્રવીણભાઇ દરજી તથા**

✹ એમ.એસ.યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વિદ્વાન
**ડો. બી.સી.પારેખ (લોર્ડ ભીખુ) ને...**

સાદર અર્પણ...

## અર્પણ

**આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વિદ્વાનને હાથે સાહિત્યકારનું સન્માન**



‘સામે કાંઠે શ્યામ’ની પ્રથમ આવૃત્તિનું લોકાર્પણ (તા.૧૬-૦૫-૧૯૮૩) કર્યા બાદ લેખક શ્રી ચંદ્રકાન્ત રાવનું પુષ્પહારથી અભિવાદન કરતા એમ.એસ.યુનિવર્સિટી, વડોદરાના તત્કાલિન વાઇસ ચાન્સેલર ડૉ.બી.સી.પારેખ (લોર્ડ ભીખુ) બાજુમાં ડૉ.ઠાકોરભાઇ પટેલ, શ્રી અંબુભાઇ પટેલ અને ડૉ. સિતાંશુ મહેતા બેઠા છે.

**અક્ષરના આરાધકો**



સમર્થ નાટ્યકાર કવિ પદ્મ શ્રી સિતાંશુ યશ્ચંદ્ર અને વિદ્વાન સાહિત્યકાર ડૉ. પ્રવીણ દરજી સાથે લેખક શ્રી ચંદ્રકાન્તરાવ (ડાબેથી પ્રથમ)

## લેખકની વાત (બીજી આવૃત્તિવેળા)

'સામે કાંઠે શ્યામ!' આ નામમાં જ 'આ કાંઠે રાધા'નો અર્થ અભિપ્રેત છે. શ્યામ અને રાધા એટલે પ્રેમ-સાગરનાં સાચાં અણમોલ મોતી. કવિની કલ્પનાને જેબ આપે એવાં અલૌકિક પ્રેમનાં એ પ્રતિનિધિ!

એવા જ અદ્વિતીય પ્રેમનાં પ્રતિનિધિ બનીને મૌલિક અને અલ્પા આ નવલકથા દ્વારા આપની પાસે આવે છે. આ નવલકથામાં મૌલિક અને અલ્પા પ્રેમના ઉત્તમોત્તમ સ્વરૂપને પ્રગટ કરી માણસની સાચી મહત્તા સિદ્ધ કરે છે. આ કથા વાંચી આપ જરૂર કહેશો : 'હા, ભલે પ્રેમની વાત છે, પણ કથા તો દીકરો પોતાની માતાને વાંચી સંભળાવે એવી અત્યંત રસિક છતાં શુદ્ધ અને પવિત્ર પ્રેમ-કહાની છે.' મને આટલો વિશ્વાસ છે. પ્રતિભાવની પ્રતીક્ષા રહેશે.

આ નવલકથાનો અંત કોઈને ચર્ચાસ્પદ લાગશે તો કોઈને રસપ્રદ લાગશે. બહુ જ સહેલાઈથી આ નવલકથાને સુખાન્ત કે દુઃખાન્ત બનાવી શકાત. પણ મેં હેતુસર એમ નથી કર્યું. વાંચકો ભલે પોતાની કલ્પના-શક્તિ કે રુચિ પ્રમાણે એનો અંત કલ્પી લે. વાંચક પણ થોડું કલ્પી શકે એવી ભૂમિકા અહીં સર્જી છે. સાચું કહું તો આવાં સાચાં પ્રેમીઓનો વિયોગ મને પણ ખૂબ કઠે છે.

ગરવી ગુજરાતની ઐતિહાસિક નગરી અમદાવાદમાં સાબરમતી નદીને કાંઠે આકાર લેતી આ પ્રેમ-કહાની છે. જેને પાર કરવા એલિસબ્રિજ ઉપરાંત બીજા ત્રણ-ત્રણ પુલો અડીખમ ઊભા છે એવી સાબરને સામે કાંઠે જ એનો શ્યામ છે. અનેક સામાજિક અવરોધો અને વિટંબણાઓ રાધા-શ્યામે પાર કર્યા પછી અંતે તો મિલનના બધા સંજોગો ય સાનુકૂળ થયા. તો પછી એવું કયું કારણ છે જેથી રાધાને શ્યામ મળી નથી શકતાં? અહીં જ નાયક નાયિકાના પ્રેમની પરાકાષ્ઠા અને ચારિત્ર્યની ઉદાત્તતા પ્રગટ થાય છે. પણ આ વાત મૌલિક અને અલ્પા જ કહેશે. હું તો એટલું જ કહીશ કે 'સામે કાંઠે શ્યામ'ના વાંચન દ્વારા એક સાદ્યંત સરસ નવલકથા વાંચ્યાનો વાચકને સંતોષ થશે તો મને શ્રમની સાર્થકતા લાગશે. પ્રેમ અને મોહ વચ્ચેનો ભેદ સમજાય તો સમાજમાં ઘણું અઘટિત બનતું અટકે.

આ નવલકથાની ઘણાં વર્ષો પછી બીજી આવૃત્તિ પ્રગટ થાય છે એ જ એની ગુણવત્તાનું પ્રમાણ છે. આ નવલકથાની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઈ ત્યારે સર્વશ્રી પ્રિયકાન્ત પરીખ (અમદાવાદ), રામજીભાઈ કડીયા (કડી), દિવાકર જોષી (જૂનાગઢ), ભૂપતરાય વ્યાસ (ગાંધીનગર) બીજા પણ અનેક નામી અને અનામી લેખકો વાચકોના ખૂબ સારા પ્રતિભાવ મળ્યા હતા. સૌનો આભાર.

આ નવલકથાની પ્રથમ આવૃત્તિ તો બે ભાગમાં પ્રગટ થઈ હતી. એવી મોટી આ કથા છે જ. પણ કોમ્પ્યુટરે આને એક જ ભાગમાં સમાવવાનું શક્ય બનાવ્યું છે. બાકી, કથા સાદ્યંત એ જ છે.

આ બીજી આવૃત્તિ પ્રગટ કરવાનું શ્રેય એમ.એમ.સાહિત્ય પ્રકાશનવાળા શ્રી યાકુબભાઈને ફાળે જાય છે. એમનો ય આભાર.

તો હવે ચાલો અમદાવાદના માણેકચોકમાં બે ભવસંગીઓના મિલનના રોમાંચને માણીએ-'સામે કાંઠે શ્યામ' દ્વારા.

**સી/૧૩ કસ્તુરી નગર,**
**માંજલપુર નાકા,**
**લાલબાગ રોડ, વડોદરા - ૦૪**

**-ચંદ્રકાન્ત રાવ**
**૭-૧-૦૮**

## શ્રી ચંદ્રકાન્ત રાવ લિખિત પુસ્તકો

### નવલકથા

૧. પ્રેમદિવાની (બે આવૃત્તિ)

૨. આરાધના

૩. જેલમ જંપી ગઇ (બે આવૃત્તિ)

૪. સામે કાંઠે શ્યામ (ભાગ ૧,૨) - બે આવૃત્તિ

૫. રમત રમાડે રામ

૫ A. સ્નેહવર્ષા (પ્રેમદીવાનીની બીજી આવૃત્તિ)

૬. કુમ કુમ પગલે (ભાગ ૧, ૨, - પ્રેસમાં)

### વાર્તા સંગ્રહ

૧. સ્નેહદીપ

૨. ઘર ભણી

૩. આંબાની ડાળે

૪. પીળાં પાંદડાંની લીલાશ (પ્રેસમાં)

### કાવ્ય સંગ્રહ

૧. ગોરી મારા ગામની

### બાળ કાવ્ય સંગ્રહ

૧. છબછબિયાં

૨. ચાંદામામા પોળી

## 'અલ્પા' ફરી જો મળશો...

ભવાટવિમાં ભૂલથી 'અલ્પા'
કદી મળો જો સામાં,
આળ પંપાળો છોડી જગની
ભેગા નાખીએ ધામા.
એક દિવસ જામ્યા'તા કેવા
મનના અદ્ભુત મેળા?
મેં માન્યું તું એવું 'અલ્પા'
અમર હશે એ વેળા.
કિંતુ ઉષા-રંગ સમ સુંદર
અલક ગું એ ઊડી,
સ્મૃતિ શેષ રહી અંતરમાં
એ જ હવે મુજ મૂડી.
સ્મૃતિ સહારે કિંતુ 'અલ્પા'
જીવાશે ના ઝાઝું,
એક જ ઇચ્છા : 'અલ્પા' અંકે
સૂતાં પ્રાણ હું ત્યાગું!
વરસો સુધી વિરહ વેઠ્યો છે
'અલ્પા' ફરી જો મળશો,
મિલન બનશે મૃત્યોત્સવ મારો,
રખે ડગ પાછાં ભરશો.
ધન્ય ભલે ના જીવન મારું,
ધન્ય મરણ તો થાશે,
અમર અંત 'અલ્પા'ના પ્રેમીનો
જગ જુગોજુગ ગાશે!

- ચંદ્રકાન્ત રાવ

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | આકસ્મિક મિલન | ૧ |
| ૨. | નીંદડી વેરણ થઇ | ૯ |
| ૩. | સળવળતી સ્મૃતિઓ | ૧૮ |
| ૪. | મને લાગી કટારી પ્રેમની | ૨૫ |
| ૫. | પરફ્યુમ્ડ ગર્લ | ૪૩ |
| ૬. | સુના પનઘટની પનિહારી | ૫૩ |
| ૭. | ધરમ તારો સંભાળ રે | ૬૩ |
| ૮. | આ તે સપનું કે સાચું | ૭૭ |
| ૯. | સહાધ્યાયીનાં સોગઠાં | ૮૪ |
| ૧૦. | મેરે ઘર આયો રે ગોપાલા | ૧૦૬ |
| ૧૧. | વ્હાલો આવ્યાની વધામણી | ૧૪૩ |
| ૧૨. | સાબરમતીની સાખે | ૧૬૧ |
| ૧૩. | વ્હેલો આવજે હોં | ૧૮૮ |
| ૧૪. | ઘેલાં બે જણ | ૨૧૦ |
| ૧૫. | રામદાસ શેઠની હવેલી | ૨૧૯ |
| ૧૬. | આંધીમાં અટવાયાં | ૨૪૭ |
| ૧૭. | ભલાઈની ભીતરમાં | ૨૬૪ |
| ૧૮. | પ્રેયસીની પ્રતિજ્ઞા | ૨૭૮ |
| ૧૯. | વાહ રે કિસ્મત ! | ૩૦૨ |
| ૨૦. | લક્ષ્મણ રેખા | ૩૧૨ |
| ૨૧. | લક્ષ્મીકાન્તની લીલા | ૩૨૩ |
| ૨૨. | પુનર્મિલન | ૩૩૯ |
| ૨૩. | અગ્નિ પરિક્ષા | ૩૭૩ |
| ૨૪. | ખુન ખટલો | ૩૮૭ |
| ૨૫. | હાથે કરીને | ૪૦૭ |
| ૨૬. | મંથન | ૪૨૬ |
| ૨૭. | સામે કાંઠે શ્યામ | ૪૩૦ |


# ૧ : આકસ્મિક મિલન

અમદાવાદના માણેકચોક વિસ્તાર પર સંધ્યા ઢળતી હતી. માગસર માસની ઠંડી ત્યારે અસહ્ય તો નહોતી જ બની. ઊલટું, એ તન અને મનને આહ્લાદક લાગતી હતી. ટેરીકોટનનાં કે ટેરીનનાં વસ્ત્રો સાથે હવે ટેરીવુલના સુટ પણ દેખાતા થયા હતા. ગરમ કાપડની દુકાનોએ ઘરાકી વધી હતી અને વિવિધ રંગી સ્વેટરો હરતાં ફરતાં થયાં હતાં. સુખી સ્ત્રીઓ હાથમાં દેખાવ ખાતર શાલ નાખી કે આખી બાંયનાં સ્વેટરો પહેરી ખુલ્લાં બટને વક્ષઃસ્થળનો વૈભવ દર્શાવતી ફરતી હતી! એ રસ્તા પરથી રંગબેરંગી લોકો જતા આવતા હતા. બાળકો, યુવાનો ને વૃદ્ધો, સ્ત્રીઓ અને પુરૂષો, ગરીબ ને તવંગર સૌ એકબીજાને ધક્કે ચડાવી જતાં-આવતાં હતાં. ત્યાં કોઈની ગેરહાજરી નહોતી. છતાં કોઇ કોઈની હાજરીની નોંધ લેતું નહોતું. કોઈને કોઈની પડી નહોતી. કોઇ કોઈને માટે અવરોધરૂપ નહોતું. માનવો વચ્ચે ફરતાં બધાં અમાનવો હતાં. મોટરો, સ્કૂટરો, ટેક્સીઓ, રિક્ષાઓ અને થોડી સાઇકલોની વચ્ચેથી જેમ તેમ માર્ગ કરી કેટલાંક લોકો રસ્તો પણ ઓળંગતાં હતાં. ક્યારે ક્યાંથી કોણ આવીને ઠુકરાવશે એવી બીકમાં રસ્તો ઓળંગનારના ઊંચા જીવની ઝડપી પગલાં ને ફરતી આંખો ચાડી ખતાં હતાં. માનવ જીવનની અનિશ્ચિતતાનું, ગમે ત્યારે આવી પડનારા અણધાર્યા અકસ્માતનું જાણે એ પ્રતીક હતું. વારંવાર લીલીપીળી થતી બત્તીઓ સાવધાનીનો સંકેત કરતી હતી, તો 'થોભો' કહેતી લાલબત્તી ભયનો નિર્દેશ કરતી હતી.

બધા લોકો ઉતાવળમાં તો હતાં જ. ઉતાવળ એ જ તો આજના શહેરી જીવનની લાક્ષણિકતા બની ગઇ છે! કોઇ નોકરી ધંધેથી ઘેર જવાની ઉતાવળમાં હતાં, તો કોઇ જોઇતી ચીજવસ્તુ ખરીદી રસ્તે પડવાની ઇચ્છાવાળાં હતાં. અરે, માત્ર સહેલ ખાતર નીકળેલાં કેટલાંક જણ પણ શાંતિથી ફરવાના નહિ, જલદીથી પાછાં વળવાના મતનાં હતાં! સૌ

અમદાવાદીઓ પાતપોતાની ધૂનમાં હતાં. આ જોઇ રસ્તાની બાજુમાં ઊભેલી ગાયે આંખ ઢાળી એની પાસે ઊભેલા ગધેડા તરફ ‘આ બધાં માણસો કેમ દોડાદોડી કરે છે આટલી બધી’ એવા પ્રશ્નવાચક ભાવથી જોયું. ત્યારે ગધેડાએ ‘માણસો છે ને તેથી’ એવો ભાવભરી આંખો ઊંચી કરી જાણે ઉત્તર દીધો! ત્યારે ‘હં, ખરા છે આ અમદાવાદના લોકો!’ એમ વિચારતો હોય તેમ એક આખલો લાલ સિગ્નલની પરવા કર્યા વિના મસ્ત ચાલે ખાંધ ઉલાળતો, પૂંછડું આમતેમ ફેરવો રસ્તો ઓળંગી રહ્યો. ઓટો વાહનોને જાણે એ કહેતો હતો : ‘કોણ પૂછે છે તારા હોર્નને.. ધીમો મારને!’

ત્યારે ટાઇ, કરચીફ વગેરે ખરીદી બાજુમાં અત્તરવાલાની દુકાને એક યુવક જુદી જુદી જાતનાં અત્તરો જોઇ એક પસંદગી કરવામાં પ્રવૃત્ત હતો ત્યાં જ એની બાજુમાંથી એક નવાગંતુકનો અવાજ આવ્યો :

‘સારું અત્તર હોય તો બતાવોને.’

જાણે કોયલ ટહૂકી! ‘કોનો અવાજ? સ્ત્રીનો તો ખરો જ. પણ... પણ...’ વર્ષો પછી કોઇ પરિચિત ધ્વનિ કાને પડતાં યુવક ચમક્યો, ગૂંચવાયો. આમેય પોતાની બાજુમાં જ કોઇ દુકાને આવી ઊભેલી ઠસ્સાદાર, ચોકલેટ રંગની વુલી સાડીમાં સજ્જ, હાથમાં પર્સ રાખી, આંખથી ગોગલ્સ ઉતારી, ઊંચી-પાતળી, તામ્રવર્ણી કોઇ યુવતી તરફ નજર ન નાખે એવા યુવાનો તો શું, આધેડોય મળવા દુર્લભ ગણાય! ત્યારે આ તો ભંડારેલા ભૂતકાળને વિંઝણો દેતો કોઇ મધુર ટહુકો હતો. એની અવગણના કેમ થાય? યુવાને અત્તરની શીશી હાથમાં રાખી બાજુમાં ઊભેલી યુવતી તરફ સજ્જનને શોભે એવી મર્યાદાભરી નજર નાખી. પણ પેલી યુવતીને ય કોટ-પન્ટમાં સજ્જ એ આકર્ષક યુવાન અવગણવા જેવો નહિ લાગ્યો હોય. એટલે એણે ય માનવસહજ સ્વભાવથી એના તરફ જરા અછડતી નજર નાખી અને બંનેની નજર ક્ષણભર એક થઇ ગઇ. પણ નજરોનું એક થવું હંમેશાં સામાન્ય ઓછું જ હોય છે? નજરોની એકતામાંથી જ ક્યારેક અસામાન્ય ઘટનાઓ સર્જાય છે ને? નજર મળતાં જ બંને જણ ચમક્યાં. એ ઘડી વર્ણવવી જ અશક્ય હતી. આશ્ચર્ય, આનંદ, ઉત્તેજના અને વેદનાના વિવિધ ભાવો બંનેના અંતરમાં ઓચિંતા ઉભરાયા અને બંનેથી ધીમો પણ લાગણીસભર શબ્દોચ્ચાર એક સાથે જ થઇ ગયોઃ



‘અ...લ્પા!’

‘મૌ...લિ..ક!’

જાહેર સ્થળ ન હોત તો બંને જણ એકબીજાને ભેટી જ પડ્યાં હોત! પણ માણસની હાજરી એક દિલને બીજા સાથે મળવા દેતી નથી, લાગણીના પૂરને માનવ હાજરીનો બંધ નિયંત્રણમાં રાખે છે. આવા જ નિયંત્રણને કારણે અલ્પા સત્વરે સાવધ થઇ. નાક પર આંગળી મૂકી તેણે મૌલિકને શાંત રહેવા સંકેત કર્યો અને પાછળ થોડે દૂર ઊભેલી એક વ્યક્તિ તરફ આંખથી ઈશારત કરી. મૌલિકે પાછળ નજર નાખી : થોડે દૂર એક ઊંચો, શ્યામવર્ણો, રુક્ષ ચહેરાવાળો પુરૂષ ઊભો હતો અને જતી-આવતી યુવતીઓ તરફ કામુક નજર નાખતો હતો.

બંને ઘરાકો શાંત પડી ગયાં એ જોઇ અલ્પાના સૂચનના અનુસંધાનમાં વેપારી બોલ્યો : ‘હા બેન, જુઓ આ રાતરાણી. એ જોઇતું હોય તો હમણાં જ આ સાહેબે પસંદ કર્યું. લો, બાર રૂપિયા અને બીજું જોવું હોય તો બતાવું.’

‘એ જ ઠીક છે’ કહી, શીશી લઇ અલ્પાએ પર્સ ખોલ્યું. પણ એ પહેલાં તો મૌલિકે પોતાના બીલ ભેગા એ પૈસા પણ ચૂકવી દીધા હતા!

‘અરે એમ તે...’

પણ એમ કહેતી, અલ્પાએ મૌલિક સામે જોયું ત્યારે એની આંખોમાં પ્રેમ અને ઠપકાના જે ભાવ ભર્યા હતા એ જોઇ તે કશું જ ન બોલી શકી. અત્તરની શીશી સાથે તેણે પૈસા પણ પર્સમાં પાછા મૂકી દીધા. પણ પર્સ બંધ કરતાં કરતાં એણે મૌલિક સામે એવા ભાવથી નજર નાખી કે એના અંતરની બધી જ વ્યથા એ પામી ગયો. સુગંધીત અત્તર પર્સમાં મૂકી...અલ્પાએ જાણે વ્યથિત અંતર મૌલિક આગળ ખોલી દીધું!

અલ્પા ઉતાવળમાં હતી. વહેમી પતિ પાછળ ઊભો હતો. એટલે કશું જ ન બોલી શકી. મૂંગાને અચાનક વાચા ફૂટે છતાં મૌન જ રાખવું પડે એવી

બંનેની દશા થઇ! અચાનક વિખૂટાં પડેલાં બે પ્રેમી વર્ષો પછી અચાનક જ મળ્યાં, છતાં મૌન જ સેવવાનું હતું! તો પણ જતાં જતાં ધીરેથી અલ્પાએ કહ્યું : 'કાલે આ જ સમયે લો ગાર્ડનના ફુવારા પાસે મળીશ.' અને જવાબની રાહ જોયા વિના પાણીના રેલાની જેમ તે જનસાગરમાં ભળી ગઇ! મૌલિક એને જતી જોઇ રહ્યો. અરે, અદૃશ્ય થયા પછી ય એ દિશામાં ક્યાંય સુધી તાકી રહ્યો. ઝૂંટવાઇ ગયેલા પોતાના પ્રિય રમકડાંને લઇ જવાતું કોઇ બાળક જોઇ રહે તેમ!

આધેડ ઉમ્મરનો અત્તરવાલો તો દિલદારો સાથે જ ધંધો કરતો હતો. કેટલાય પ્રેમીઓને એણે મઘમઘતું અત્તર આપી પ્રિયતમાઓને રીઝવવાનો રસ્તો સરળ કરી આપ્યો હતો. સ્વભાવનો ય ગુલાબી આદમી હતો. અને યુવાન હૃદયોનો અભ્યાસી હતો. એટલે મૌલિકની વિરહી દશાનો એને ય ડંખ લાગ્યો.

'કેમ સાહેબ, કાંઇ...?' મૌલિકને તંદ્રામાંથી જગાડવા અર્ધ પ્રશ્ન પૂછી એ સહાનુભૂતિપૂર્વક એની તરફ જોઇ રહ્યો. એના પ્રશ્નથી સ્વસ્થ થતાં મૌલિકે પણ ફિક્કા સ્મિત સાથે કહ્યું :

'ના, રે, આ તો જરા...'

'સાહેબ,' ગુંચવાતા મૌલિકની વહારે ધાતા વેપારીએ કહ્યું : 'આપના હાથે શું લાગ્યું છે?'

જરા આશ્ચર્યથી હાથ આમતેમ ફેરવતાં મૌલિકે કહ્યું : 'કાંઇ નથી. શું છે? ક્યા હાથે?'

'ડાબા હાથે,' વેપારી બોલ્યો : 'હવે એ જરા સૂંઘો જોઇએ.'

મૌલિકે ડાબો હાથ ઊંધો કરી નાક આગળ ધરી દીર્ઘ શ્વાસ લીધો ને સુગંધનો સંતોષ સૂચવ્યો.

'અત્તર ઊડી ગયું, છતાં સુગંધ આવે છે ને સાહેબ?'

'હા.'



'જીવનનું ય એવું જ છે, સાહેબ.' વહેપારી તત્ત્વજ્ઞાનીની ભાષામાં બોલવા લાગ્યો : 'કેટલીક વ્યક્તિઓ જીવનમાં આવે છે અને અદૃશ્ય થાય છે, પણ સારાની સુવાસ પાછળ રહી જાય છે. એ સુવાસને જ શ્વાસમાં સંઘરી રાખી જીવવું જોઇએ. તો જ જીવાય સાહેબ.'

હંમેશાં નફાને જ નજરમાં રાખનારની આવી તાત્ત્વિક વાતથી મૌલિક ખુશ થયો. એની સામે જોઇ, ડોકું હલાવી 'ખરી વાત છે' કહી મંદ મંદ સ્મિત કરતો મૌલિક રસ્તે પડ્યો ત્યારે પેલો વેપારી સમભાવપૂર્વક એને જોઇ રહ્યો. ત્યાં જ નવા ગ્રાહકોએ એનું ધ્યાન ભંગ કર્યો,

પણ ઘેર પાછા ફરતા મૌલિકના ચિત્તમાં શાંતિ કે સ્વસ્થતા ક્યાં હતાં? એનો બધો જ ઉત્સાહ ઓસરી ગયો. ફરવા નીકળ્યો ત્યારે કેવો સ્ફૂર્તિમાં હતો! અને પાછો વળ્યો ત્યારે એ કેવો હતોત્સાહ થઇ ગયો હતો!

ઘેર પાછા ફરતાં મૌલિકનું મન ચકડોળે ચઢ્યું હતું. એક સૂત્રતા વિનાના અનેક વિચારો તેના મનમાં ઊભરાતા હા : 'કેટલા સમયે અલ્પાને જોઇ...! સહેજે સાત-આઠ વર્ષ તો વીતી ગયાં... હજી ય એવી જ છે... કેવો ઠસ્સો...સુંદર સાડી સાથે મેચીંગ કરતું બ્લાઉઝ એના અંગમાં જાણે ભળી જતું હતું... આકર્ષક અંબોડો, આછા લીપસ્ટીકે ઓપતા ઓષ્ઠો...કાનમાં નાની કડીઓ અને ગળામાં લાંબી પાતળી સોનાની સેર, હાથે ચોરસ રીસ્ટવૉચ. અને અત્તરની સુગંધ તો એની પાસેથી કાયમ આવ્યા જ કરે! કૉલેજમાં એ જ એની ઓળખ હતી. મને જોતામાં જ ઓળખ્યો... મેંય તરત ઓળખી એને! ન કેમ ઓળખાય? દૂર દૂરથી પવન પાંખે ઊડીને આવતા એના શબ્દો પકડીને ય કહી દઉં કે આ અલ્પાનો અવાજ છે... અંધારી રાતે આંખે પાટા બાંધીને સ્પર્શું તો ય કહી દઉં કે આ અલ્પાનો હાથ છે... પછી આ તો માયરામાં વરકન્યાની જેમ જોડાંજોડ ઊભાં હતાં અમે બંને. પછી ઓળખવાનો પશ્ન જ ક્યાં હતો? સાચું છે કે કોઇની જેમ અમે વર્ષો સુધી પ્રેમપુરાણ પઢ્યાં નથી. અરે માત્ર થોડા કલાકોનું જ અમારુ સંવનન છે. પણ મનની ઓળખ કરતાં મનને કેટલી વાર લાગે? અમે તો અજાણ્યાની જેમ મળ્યાં ને માત્ર થોડી જ મિનિટોમાં એકબીજાને એવાં ઓળખી લીધાં કે મન ઠર્યાં. જીવ મળ્યા ને

ભવનાં ભેરુ બનવાના કોલ દીધા. પણ કુદરતને ખીલતી કળીઓ ચૂંટવાનો જ શોખ લાગે છે, અરમાનભર્યા દિલોને આગમાં શેકવામાં જ એને આનંદ આવતો લાગે છે. માટે જ તો અલ્પાની સાથે પેલો રુક્ષ, રસહીન, જરઠ જેવો પુરૂષ હતો. બાકી હું ન હોઉં એની સાથે? એ એનો પતિ જ હશે તો. કેવો અરસિક, કરડા ચહેરાવાળો એ પુરૂષ હતો! સ્વપ્ન સુંદરી અલ્પાને આવો ગંજેરી જેવો પતિ ગમતો હશે?... પણ શું કરે? ગમાડવો જ પડે ને! આ તો આર્યનારીનો ધર્મ...હં...આર્યનારી...પતિ દેવો ભવ...હ હા હા હા... લાકડે માંકડું વળગાડાઇ ગયું...અલ્પા પરણીને સાસરે ગઇ-કોઇનું ખાનદાન ઉજાળવા! કોઇના કુટુંબની કીર્તિ વધારવા એક કોડભરી કન્યાને કંઠે પહાણ બંધાઇ ગયો. એ પહાણ એ જ હવે એનો પ્રાણ. એને જ ગળે વળગાડી સંસાર-સાગર તરવાનો! કેવી બાલિશ ગોઠવણ! આમ સાસરે ગયેલી આર્યનારીનું પછી શું થયું એ કોણ જાણે? શા માટે જાણે? બ્રાહ્મણવચને અને સૂરજ સાખે પરણાવેલી આર્ય સ્ત્રીની ચિંતા પછી સમાજે શા માટે કરવી જોઇએ? અરે, બીજા તો ઠીક, હું ય ક્યાં એ ચિંતા કરી શક્યો છું? પણ કરું કેવી રીતે? હું ય સમાજનું જ પ્રાણી છું ને? એના રિવાજને હું ય ક્યાં દૂર કરી શકું તેમ છું...? હું, સમાજ...રિવાજ...નાખી દો બધું ખાડામાં.'

પણ આવા વિચાર તરંગોમાં ઘર તરફ ડગ દેતા મૌલિકે છેલ્લું વાક્ય જરા મોટેથી બોલવાનો ગુન્હો કર્યો હોય તેથી કે ગમે તેમ, પણ એ બોલતાં જ એનો પગ એક નાના ખાડામાં પડ્યો અને માંડ માંડ એ પડતાં પડતાં બચ્યો ત્યારે જ એને ભાન થયું કે એ લગભગ એના ઘરની પાસે જ આવી ગયો હતો! વિચારોમાં વાટ સરી ગઇ. પણ વાત મનમાં દૃઢપણે વસી ગઇ!

ઘેર ગયો. પણ મૌલિકને એ ઘર આજે ઘર નહોતું લાગતું. 'સ્ત્રી એટલે જ ઘર' એ સત્ય તેને આજે જાણે ઓચિંતું જ સમજાઇ ગયું. વિરોધી વિચારોના વમળમાં આજે એ ગુંગળાવા લાગ્યો. 'અલ્પા અન્યની સાથે પરણી પોતાનું જીવન સુખે વિતાવી શકે તો તમે શા માટે કુંવારા રહી જીવન વેડફી



નાખો.' એવી ભાભીની દલીલ તેને યાદ આવી. તો 'ભાઇ, પરણ્યા વિના તો જીવન થોડું જ જીવવા જેવું લાગવાનું છે, એવી ભાઇની ટકોર પણ તાજી થઇ. તો બીજી બાજુ, 'અલ્પા અત્યારે શું ખરેખર સુખી હશે? એ મને સાચે જ વિસરી ગઇ હશે?' વગેરે વિચારોથી મન મૂંઝવણમાં પડ્યું. વિરહની વ્યથા કાંઇ જેવી તેવી હોય!?

રસોયો થાળી પીરસી લાવ્યો. મૌલિકની સૂચનાથી આજે તો રસ-રોટલી બનાવ્યાં હતાં. પણ રસમાં એને રસ ન પડ્યો. જમવાનું કશું ભાવ્યું નહિ. શાક અને ફરસાણ પણ લગભગ અનામત રહ્યાં.

'કેમ સાહેબ, આજે તબિયત...?' રસોયાએ બીતાં બીતાં પૂછવાની હિંમત કરી.

'સારી છે મહારાજ!' વોશબેઝીનમાં હાથ ધોતાં મૌલિકે કહ્યું : 'પણ ભૂખ નથી. લઇ જાવ.'

'તો દૂધ કરી લાવું સાહેબ?' પ્રેમાળ રસોયાએ વિનયપૂર્વક કહ્યું : 'આજે આપે કશું જ ખાધું નહિ.'

'ના મહારાજ, તમે જમી લો.' શાંતિથી જવાબ આપતાં મૌલિકે કહ્યું : 'ભૂખ ન હોય ત્યારે દૂધ પણ કેવી રીતે ભાવે?'

રસોયો થાળી લઇ ગયો ને નોકર મુખવાસ લાવ્યો. તે લઇ ચાવતાં ચાવતાં માલિક અગાશીમાં આંટા મારી રહ્યો. પછી નોકરને સૂચના આપતાં તેણે કહ્યું : 'કોઇ મળવા આવે તો કહેજો : 'સાહેબ સૂઇ ગયા છે, સવારે મળે.'

'જી' કહી નોકર બહાર બેઠો અને સાહેબની પાળેલી નાની સુંદર કૂતરી 'સ્વીટી' સાથે વાતે વળ્યો.

એણે જોયું કે રોજ જમીને મોડે સુધી બ્રીફ સાથે મગજ કસતા માલિક આજ કદાચ પહેલી જ વાર બાર વાગતા પહેલાં સૂઇ ગયા હતા.

એને આશ્ચર્ય તો થયું, પોતાને પણ 'વહેલા આરામ પર જવાનું મળ્યા'નો આનંદ પણ થયો, માલિક સૂતા છે એની ખાતરી થતાં એ વૃદ્ધ નોકર માધવ પણ બહાર પોતાને બાંકડે ગોદડું નાખી આડે પડખે થયો. અને એનું નિતનું ભજન ગણગણવા લાગ્યો :

'મીરાં કહે પ્રભુ કબ રે મિલોગે...?'

✦✦✦✦✦

અનુક્રમ

## ૨ : નીંદડી વેરણ થઈ!

ઘણાં વર્ષે મૌલિકની ઊંઘ હરામ થઈ. વૃદ્ધ નોકર માનતો હતો કે માલિક ઊંઘી ગયા છે, એટલે નીચે ઓટલા પર સૂતો સૂતો એ પોતાની ટેવ પ્રમાણે ભજન ગણગણતો હતો અને એ નિરવ રાત્રિને ધીમા શબ્દોચ્ચાર દ્વારા સજીવતા અર્પતો હતો. એનો તો આ નિત્યક્રમ હતો. પણ એને બિચારાને શી ખબર કે ઉપરની રૂમમાં સૂતેલા માલિકને તો આજે એના 'મીરાં કહે પ્રભુ કબ રે મીલોગે' શબ્દોમાં એની પોતાની મીરાંની વિરહ વેદના સંભળાતી હતી? એના હૃદયમાં ચાલતા મંથનને ભજનના આ શબ્દોએ વળાંક આપ્યો :

'શું ખરેખર મારી મીરાં-હા, મારી અલ્પા મીરાં જેવી જ છે ને? - એ શું ખરેખર મારા મિલન માટે આતુર હશે? હશે જ ને. ન કેમ હોય? મને આટલા વર્ષે જોયો ત્યારે કેવી ખુશ થઈ હતી! પણ બિચારી એ ખુશી વ્યક્ત પણ ક્યાં કરી શકી હતી? શી રીતે કરે? પતિદેવ પાછળ ઊભા હતા ને! છટ્, પર સ્ત્રીઓ તરફ કામાતુર નયને તાક્યા કરતો કેવો રખડુ શ્રીમંત લાગતો હતો એ! હરે રામ, કાગડો દહીંથરું લઈ ગયો! અને મોર...!' પોતાનાં વખાણનો વિચાર આવતાં મૌલિક જરા શરમાયો. પણ વકીલની જેમ તરત પોતાના બચાવમાં કહ્યું :

'ના, ના, હું મારા વખાણ નથી કરતો. પણ હું અલ્પાના મનડાનો મોર જરૂર હતો... હતો કે છું...? અરે, હજીય હોઈશ જ. એમ ન હોત તો મને જોતાં જ એના હૃદયમાં તોફાન જાગત? ઘડી બે ઘડી મળ્યાં, મોટા ભાગે મૌન જ રહ્યાં,તો ય અંતરોએ એકબીજાને કેટલું બધું કહી દીધું! અને આટલું બધું કહ્યાં છતાં કહેવાનું કેટલું બધું બાકી રહી ગયું! માટે જ તો એણે મને કાલે સાંજે 'લૉ ગાર્ડનમાં બોલાવ્યો છે...' અલ્પાએ પોતાને બોલાવ્યો છે એ વિચારે સંતોષના ભાવ સાથે પાસુ ફેરવી મૌલિક સૂતો ત્યાં જ શંકાનો કીડો મનમાં સળવળ્યો :

'મને બોલાવ્યો છે, પણ એ પોતે તો આવશે ને...? આવશે જ વળી, એણે જ તો મને તેડ્યો છે... પણ શું કહેશે એ? એના દુઃખની વાત કહેશે? એના નવા સંસાર વિષે કહેશે? લગ્ન અંગે જુદો નિર્ણય લેવા માટે મારી માફી માંગશે? કે...કે...હજી ય મારી સાથે પરણી જવાની તૈયારી બતાવશે? પણ...પણ આવી હિંમત અલ્પા કરી શકે...? કરી પણ શકે... જો એ એમ કરવા તૈયાર થાય તો? હું, તો મારે તો વિચાર જ શો કરવાનો છે? મારે રજાય કોની લેવી છે? અરે, કાલે જ એને અહીં લઇ આવું. કાયદાને તો પહોંચી વળું. કેવું પરિવર્તન આવે જીવનમાં! રામને એની સીતા મળે...'

પણ રામ-સીતાની વાતે મૌલિકના મનમાં નવા પ્રશ્નો ઊભા કર્યા : 'સીતાને રાવણ લઇ ગયો હતો - અલ્પાને પેલો પડાવી ગયો છે એમ જ તો. પણ રાવણ પાસેથી સીતાને પાછી મેળવવા શ્રી રામને તો મહાયુદ્ધ કરવું પડેલું, રાવણને પરાજીત કરવો પડેલો. તો મને શું અલ્પા એમ જ મળી જાય? રામ જેવાં કષ્ટ સહવાની ને સાહસ ખેડવાની મારી તૈયારી છે...?' અને પ્રત્યુત્તરમાં એના મનમાં જ પડઘા પડ્યા :

'હા, છે. જરૂર છે. અલ્પા માટે ગમે તે કષ્ટ સહેવા, ગમે એટલો ભોગ આપવા મારી તૈયારી છે. અરે, જેના સિવાય મનમાં કોઇને વસાવી નથી,જેના માટે ઘરમાં કોઇને પ્રવેશાવી નથી એને પ્રાપ્ત કરવા એ ઇચ્છતી હોય તો એને આ ઘરમાં લાવવા માટે કોઇ પ્રયત્ન હું બાકી રાખું ખરો? એ માટે કોઇ પણ ભોગને હું મોટો માનું ખરો? ના, હરગીઝ ના. પણ રામને પામવા સીતાએ પણ કસોટીએ ચડવું પડ્યું હતું. સીતા તો સદાયે રામમય હતાં, અલ્પા મૌલિકમય હશે શું?'

પણ આ વિચાર સાથે જ પોતાના મનને ઠપકો આપતો મૌલિક બોલ્યો : 'મને આવી શંકા શાથી થાય છે...? પણ સ્નેહી હૃદય હંમેશાં સાશંક જ હોય છે. બાકી, અલ્પાના અંતરમાં હું જ હોઉં એમાં શો શક...?'

પણ માલિક આવા વિચારમંથનમાં પડ્યા પડ્યા પલંગમાં પાસા ફેરવે છે એ વાતથી અજ્ઞાત નોકરે મીરાંનું નવું ભજન શરૂ કર્યું :



'મને લાગી કટારી પ્રેમની,

'..............................'

'..............................'

કાચે તે તાંતણે હરિજીએ બાંધી.

જેમ ખેંચે તેમ તેમની રે—મને લાગી કટારી પ્રેમની'

અને મૌલિકની તરંગમાળા આ ભજનને અનુલક્ષીને આગળ ચાલી : અરે, એણે તો આખો ભૂતકાળ ખડો કરી દીધો. એમના પ્રથમ મિલન પ્રસંગનું જ ભજન આ. મૌલિકને થયું :

'ખરી વાત છે. પ્રેમની કટારી મીરાંને વાગી હતી. હરિ સાથે માટે જ તો એ કાચે તાંતણે બંધાઇ હતી...જેમ ખેંચે તેમ તેમની રે...કેવો આહ્‌લાદક વિચાર! અલ્પાની વાત તો હવે કોણ જાણે. કદાચ કાલે ખબર પડશે. પણ મને તો ખરેખર પ્રેમની કટારી વાગી જ છે! અલ્પાને ય વાગી હશે? તો તો એ ય અત્યારે મારી જેમ બેચેન બની પાસાં ફેરવતી હશે, નહિ...?'

અનેક વિચારોના આવા વમળોમાં અટવાઇ અડધી રાત્રે પલંગમાં પાસાં ફેરવતો આ કોઇ તરંગી,અલ્પ બુદ્ધિવાળો કે સામાન્ય માણસ થોડો જ હતો? એ તો હતો શહેરનો એક પ્રતિષ્ઠિ વકીલ મૌલિક મહેતા.

આ શહેરમાં મૌલિક મહેતાનું નામ લોકો આદર સાથે લેતા. હજી તો થોડાં જ વરસ પહેલાં શહેરની એક કોલેજમાં એ ભણતો હતો. ત્યારે એના પિતા તો ગુજરી ગયા હતા. મોટો ભાઇ ડોક્ટર હતો અને મુંબઇમાં એમની સારી પ્રેક્ટીસ હતી. જો કે એ ય અમદાવાદમાં રહીને જ ભણેલા. પણ શ્વસુર પક્ષ મુંબઇમાં હોવાથી ત્યાં પ્રેક્ટીસ શરૂ કરી. અને નસીબે યારી આપી તે પ્રેક્ટીસ શરૂથી જ સારી ચાલી. પછી તો એણે માતાને અને મૌલિકને ય મુંબઇ રહેવા કહ્યું, પણ પહેલેથી રહેલાં હોઇ એમને અમદાવાદ જ અનુકૂળ લાગતું હોવાથી ત્યાં ન ગયાં. એટલે મૌલિક એની માતા સાથે રહેતો હતો. એક બહેન હતી તે પરણાવેલી હતી અને એને ઘેર સુખી હતી. ઘરમાં સૌથી નાનો મૌલિક સૌને ઘણો પ્રિય હતો. માતા અને ભાઇ-ભાભી એને પરણવા માટે ઘણુંય સમજાવતાં. પણ સૌને એણે સ્પષ્ટ ના પાડી હતી. એણે કહેલું :

'આ બાબતમાં મારે મારા પોતાના વિચારો છે. મારે પરણવું હશે ત્યારે હું જાતે કહીશ અથવા પરણીને આશીર્વાદ લેવા આવીશ. પણ હું તો કદાચ ન યે પરણું. પરણવામાં જ જીવનનો આનંદ છે અથવા પરણવું એ જીવન વ્યવસ્થાનો એક અનિવાર્ય ભાગ છે એમ હું માનતો નથી. પરણવા માટે પહેલેથી યોજના ઘડીને વ્યવસ્થા કરી રાખવાની જરૂર નથી. ક્યારેક પરણી પણ જવાય તો નવાઈ નહિ પણ અત્યારે તો પરણવા કરતાં ન પરણવું એ જ મને આનંદજનક લાગે છે...'

એની આવી બધી વાતો સાંભળીને અને એના સ્વભાવથી પરિચિત હોવાને કારણે એને પરણાવાની વાત ત્યાર પૂરતી તો સૌએ જતી કરવી પડેલી. બાકી, અનેક સુંદર કન્યાઓના માગાં અવારનવાર આવ્યા જ કરતાં હતાં. વ્હાલસોયા આજ્ઞાંકિત અને માતૃભક્ત પુત્રોના નાના સુખી કુટુંબને મૂકી અંતે એની માતા જ્યારે વિદાય થયાં હતાં ત્યારે એમના મનમાં 'મૌલિકને પરણાવવાની' એક માત્ર ઈચ્છા સિવાય કશો વસવસો રહ્યો નહોતો.

પણ વિધિના રંગ કેવા છે! ન પરણવાના નિર્ધારવાળો આ યુવાન વકીલ મૌલિક આજે કોઈ પરણેલી યુવતીની યાદમાં અડધી રાત્રે જાગતો સૂતો છે! બી.એ. સુધી તો એણે અમદાવાદમાં જ અભ્યાસ કરેલો. પણ સંજોગોવશાત એલ.એલ.બી.નો કોર્સ મુંબઈ ભાઈ-ભાભીની પાસે રહી કર્યો અને એડવોકેટ પણ થયો. એક જાણીતા વકીલને ત્યાં રહી થોડો સમય એણે કામ કર્યું. ત્યાં 'નવો નિશાળીઓ' હોવા છતાં જામેલા વકીલો પણ કહેવા લાગ્યા કે 'આ મૌલિક મહેતા ક્રીમીનલ સાઈડનો ખૂબ સફળ વકીલ બનશે.'

મુંબઈમાં જ વકીલાત કરવાની ખૂબ સારી તક હતી. ભાઈ જાણીતા ડૉક્ટર હતા અને એમનું ઘણું સારું અંગત વર્તુલ હતું. વળી મૌલિક પોતે ખૂબ ચપળ હોંશિયાર વકીલ હોવાથી પ્રેક્ટીસ બહુ જલદી જામી જવાના સંયોગ હતા.

પણ પોતે અમદાવદમાં જ વધુ રહ્યો અને ભણ્યો હોવાથી એને અમદાવાદ પ્રત્યે જ મમતા હતી. વળી, અલ્પાની સ્મૃતિઓ જ્યાં અંકિત થઈ હતી એ અમદાવાદને કાયમ માટે છોડી દેવાનું મૌલિકને ક્યાંથી મન થાય?



અટલે ભાઈ-ભાભીના આગ્રહ છતાં મૌલિકે અમદાવાદમાં જ સ્થિર થવાનું નક્કી કર્યું અને શરૂમાં એક સારું ભાડાનું મકાન રાખી એણે પ્રેક્ટીસ શરૂ કરી.

શરૂઆત જ સારી હતી. મૌલીક આ બાબતમાં થોડો નસીબદાર હશે એમ કોઈ માને તો ભલે, પણ એની પોતાની આવડત અને હોંશિયારીનો પણ પોતાની સફળતામાં ઓછો ફાળો નહોતો. કાયદાનો ઊંડો અભ્યાસ, કેસની નાની લાગતી વિગતનો પણ ચીવટપૂર્વક રાખેલો ખ્યાલ, અસરકારક વાક્છટા અને વાક્ચાતુરી, દલીલોનું મુદ્દાસર ખંડનમંડન અને તરવરાટભર્યું પ્રભાવશાળી વ્યક્તિત્વ-આવા બધા ગુણોને લીધે મૌલિક શરૂથી જ ક્રીમીનલ સાઈડમાં ખૂબ સફળ વકીલ તરીકે ઝળકી ઊઠ્યો. વળી શરૂઆતમાં જ બેત્રણ ભારે ખૂન કેસો એને મળી ગયા અને તેમાં એ જીત્યો એટલે એની ખૂબ પ્રતિષ્ઠા થઈ ગઈ. જોતજોતામાં શહેરના એક સારા વકીલ તરીકે એની ગણના થવા લાગી. 'ખૂન કરીને ય બચવું હોય તો મૌલિક મહેતાને રોકો' એવી વાતો જાણકારો કરતા થઈ ગયા! ગઈકાલનો આ જ શહેરનો એક શરમાળ કૉલેજીયન છોકરો આજે એક યુવાન, પ્રતિષ્ઠિત એડવોકેટ બની શહેરના ભદ્ર લોકમાં ઘૂમવા લાગ્યો. સારા સારા સંપર્કો વધતા ગયા, વર્તુલ વિસ્તૃત થતું ચાલ્યું અને યશ, માન તથા પ્રતિષ્ઠાભર્યા જીવનનો પ્રારંભ થયો. સ્વાભાવિક રીતે જ શ્રીદેવીની પણ કૃપા થઈ. માત્ર ધંધાદારી નિષ્ઠુર વકીલ બની મોં માગી ફી લેવાનું અમાનવીય કૃત્ય કદી નહિ કરવા છતાં મૌલિકને ત્યાં લક્ષ્મીદેવીની અપાર મહેર થઈ. અસીલની લાચાર પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવી એમની પાસેથી એ અન્ય વકીલોની જેમ અસહ્ય ફી લેતો નહિ. પણ એની સ્થિતિનો ખ્યાલ રાખી એ યોગ્ય લાગે તો ઘણી ઓછી ફી લઈને પણ એનો કેસ ચીવટપૂર્વક લડી આપતો. આથી કાયદાના સકંજામાં સપડાયેલા બિચારા અસીલને તો મૌલિક પ્રભુ જેવો પૂજ્ય અને પાવનકારી લાગતો. 'ધંધામાં દયા કે સંબંધને સ્થાન ન હોય' એવી

ખંધા, ખાઇબદેલા ધંધાદારીઓનું સૂત્ર મૌલિકે અપનાવ્યું નહોતું. તે ધંધાદારી અજ્ઞાન કે 'નવા નિશાળીયા'ની ગરજાઉં વૃત્તિને કારણે નહિ, પણ એના હૃદયમાં ભરેલી ભારોભાર માનવતાને લીધે જ. પોતાની ઉપર મુકાયેલા સાચા કે ખોટા આરોપોને કારણે લાચાર અને દયનીય બની જતા સિંહપુરૂષોને જોઇ ધંધાદારી વ્યક્તિ હોવા છતાં મૌલિકને એમની દયા આવતી. એટલે એમના તરફ એ હંમેશાં સમભાવથી જ વર્તતો. ખૂનનો આરોપ જેના પર હોય તે અગર તો તેનાં સંબંધી કેવાં રાંક બની જાય છે! અરે, સામાન્ય ફોજદારી ગુન્હાનો આરોપ હોય તો ય માણસો કેવા લાચાર બની જાય છે! ફોજદારી લાઇનમાં જ વકીલાત કરતો હોવાથી મૌલિકને તો આ બધા અનુભવ સ્વાભાવિક રીતે જ થતા. પણ અસ્વાભાવિકતા એ હતી કે અન્ય ધંધાદારીઓને અસીલની આવી લાચાર મનોદશા જોઇ કાંઇ થતું નહિ, ત્યારે મૌલિકના માનવતાવાદી સ્વભાવને આ સ્થિતિ સ્પર્શી જતી. જેથી અસીલ પ્રત્યેના એના વર્તનમાં સુખદ માનવતાનો સ્પર્શ થતો અને એથી અસીલની સ્થિતિ અને સંજોગો પ્રમાણે જ એ ફી લેતો. એની સફળતાનું આ પણ એક કારણ હોઇ શકે.

એ જે હોય તે, પણ બહુ થોડા સમયમાં મૌલિકની વકીલાત જામી ગઇ. એની સાથેના વકીલો પાસે હજી માંડ થોડી બ્રીફો હશે, ત્યારે મૌલિકને તો કામ કરવા માટે ચોવીસ કલાક પણ ઓછા પડતા. રોજ વહેલી સવારે એ ઊઠી જતો, પ્રાતઃવિધિ પતાવી એ નીચે પોતાની ઑફિસમાં બેસતો અને બ્રીફનો અભ્યાસ કરતો, અસીલો સાથે આપેલા સમયે એ કેસની ચર્ચા કરતો, એમને શક્ય સવાલ જવાબ સમજાવતો, દિવસે કોર્ટમાં જતો. ત્યાં પોતાના અસીલના કેસના સમર્થનમાં મીઠા અવાજે અસરકારક દલીલો કરતો, જરૂર પડે ત્યાં કટાક્ષ, મજાક કે ગંભીર વાણીમાં એ પોતાની વાતને સિદ્ધ કરવા પ્રયત્ન કરતો. પોતાની દલીલોના સમર્થનમાં એ જુદાં જુદાં



રાજ્યોની કોર્ટોમાં અપાયેલા ચૂકાદાનાં અનેક ઉદાહરણો ટાંકી પોતાનો મુદ્દો સાચો ઠેરવવાનો અસરકારક પ્રયત્ન પણ કરતો. ઊલટ-તપાસ વેળા સામા પક્ષના સાક્ષીને કાયદાની ગૂંચમાં ભીડાવવા અને એ રીતે સાહેદી જૂઠી સાબિત કરવા પણ એ પ્રશસ્ય પ્રયાસ કરતો. પોતાના કેસની રજુઆત વેળા કોર્ટમાં દલીલ કરતા આ યુવાન એડવોકેટને જોવો-સાંભળવો એ એક લહાવો હતો. સામાપક્ષના વકીલ સાથે અથવા ન્યાયાધીશ સાથે કાયદાના અર્થ કે પરિસ્થિતિની ચોખવટ કરતી વખતે નક્કર દલીલો દ્વારા ટક્કર લેતો મૌલિક યુવાન વયે અને કારકિર્દીના આરંભ કાળે જ કોર્ટનું એક આકર્ષણ બની રહ્યો, સીનીયર વકીલો અને ન્યાયાધીશો ય એના કાયદાશાસ્ત્રના જ્ઞાન અને વ્યવસ્થિત તર્કબદ્ધ દલીલોને કારણે એના પ્રશંસક બની રહ્યા!

જ્યારે ઘણા સીનીયર સાથીઓ હજી માંડ રોટલા કાઢતા હતા ત્યારે યુવાન મૌલિકે જોતજોતામાં પૈસા પેદા કર્યા અને બહુ જ ટૂંકા ગાળામાં તો ભાડાનું ઘર ખાલી કરી એ શાહીબાગ વિસ્તારમાં પોતે લીધેલા બંગલામાં રહેવા ગયો. હવે નવી હોન્ડા સીટી કાર એના આંગણામાં શોભતી હતી. ઘરની સંભાળ માટે એક પ્રામાણિક ઉંમરલાયક માણસ શરૂથી જ મળી ગયો હતો. નામ હતું એનું માધવ. માલિક ઘેર હોય ત્યારે અને ઘેર ન હોય ત્યારે ઘરની સંભાળ રાખતો માધવ માત્ર ફરજ તરીકે એ કામ નહોતો કરતો, પણ ધીરે ધીરે મૌલિક પ્રત્યે એને એવી મમતા બંધાઇ ગઇ હતી કે એ નોકર મટી ઘરનું જ એક પાત્ર બની ગયો હતો. રસોયો રસોઇ બનાવતો અને મૌલિકને જમાડતો એ સાચું, પણ ત્યારે ય ખભે લાલ ટુવાલ નાખી ઊભેલો માધવ મૌલિકને આગ્રહપૂર્વક જમાડતો અને ઘણીવાર તો એના આગ્રહથી જ મહારાજ એક બે રોટલી માલિકને વધારે પીરસી દેતા, સાંજે મૌલિકની મોટર આવતાં જ ખુશ થઇ જતો માધવ દોડતો સામે જતો અને એની એટેચી લઇ હસતા મુખે એને આવકારતો. એની સૂચનાથી રસોયો રોજ જુદો જુદો નાસ્તો બનાવતો. આવીને સ્નાન કરી, મૌલિક ચા-નાસ્તો કરતો, ત્યારે માધવ એની સેવામાં હાજર રહેતો. ત્યારબાદ મૌલિક મોટે ભાગે ક્લબમાં

જતો. છતાં કોઈ વાર શહેરમાં લટાર મારવા કે ખરીદી કરવાય નીકળી પડતો અને એ પણ ક્યારેક તો ચાલતો. માધવ પ્રત્યે નોકર જેવું વર્તન મૌલિકે પણ કદી રાખ્યું નહોતું. એ એને 'કાકા' જ કહેતો. નાની વયે મળેલી ખ્યાતિ છતાં મૌલિકમાં અહમ્ કે અભિમાન જરાય નહોતાં. એટલે માધવ માલિક સાથે એવો હળી ગયેલો કે ઘણીવાર તો મૌલિક મૂડમાં હોય ત્યારે એ પૂછી પણ નાખતો : 'માલિક, હવે ઘરમાં શેઠાણી ક્યારે લાવો છો?' ત્યારે મૌલિક હસીને જવાબ આપતો : 'કાકા, ઉતાવળ ના કરાવશો. કારણ, એ આવશે ત્યારે તમારું કામ વધી જશે.' 'અરે માલિક' કૃતજ્ઞભાવે માધવ કહેતો : 'મારે શું કામ છે અહીં? અને મને તો ઊલટું કામ વિના ગમતું નથી. માલકિન આવે તો આ બંગલાની રોનક વધી જાય.'

ગમ્મતમાં થતી આવી વાતચીત દરમિયાન પણ મૌલિકથી નંખાઈ જતા નિઃશ્વાસ વૃદ્ધ અને અનુભવી માધવની ધ્યાન બહાર ન રહેતા. એટલે લગ્ન ન કરવા પાછળ માલિકના દિલમાં ઊંડા દર્દનો કાંટો છે એમ એ સમજી ગયો હતો. જોકે આવી કોઈ વાત ખરેખર છે, અથવા છે તો શું છે એ પૂછવાની હિંમત માધવે હજી કરી નહોતી. બાકી, જેટલા પ્રેમથી એ બંગલાના કંપાઉન્ડમાં બનાવેલા બાગની માવજત કરતો એટલા ઉલ્લાસથી એ માલિકનો જીવનબાગ ઉજાળવા ચાહતો હતો. જેવાં ફૂલ એના બાગમાં ખીલતાં એવાં જ ફૂલ માલિકના જીવન-ઉદ્યાનમાં ખીલી ઊઠે એ જોવાની એને ઝંખના હતી. એટલે જ તો માલિક સવારે જમીને કોર્ટમાં જવા ગાડીમાં બેસે ત્યારે એટેચી આપી માધવ એમને સુંદર તાજુ ગુલાબનું ફૂલ આપતો અને મનમાં માલિકના આવા જ સુવાસીત પ્રફુલ્લ જીવન માટે પ્રભુને પ્રાર્થના કરતો હતો ને? એકાકી જીવનની અકળામણો માધવે પોતે અનુભવી હતી, આધેડ ઉંમરે ઘરભંગ થયા પછી લગ્નની જંજાળમાં સમજપર્વક નહિ પડેલા માધવને ઉત્તરાવસ્થામાં મૌલિક જેવો દીલદાર માલિક ન મળ્યો હોત તો સુખે પ્રભુ-પૂજા તો ઠીક, પેટ-પૂજાની એય મુશ્કેલી પડત અને માધવ સમજતો હતો. એટલે જ યુવાન માલિક હવે પરણીને થાળે પડે તો માલિકના કુટુંબની સાચા દિલથી સેવા કરી પોતે કૃતાર્થ થાય એમ માધવ ઈચ્છતો હતો.



પણ માલિકના દિલમાં શું હતું એ માધવ ક્યાં જાણતો હતો? અરે, પણ ખુદ મૌલિક પણ પોતાના દિલની વાત જાણતો હતો શું? હા, જાણતો તો હતો જ. ન કેમ જાણે? પણ દિલના એ દર્દને જાણ્યા છતાં એ હવે અણજાણ્યો બની રહયો હતો. ભાઈ અને ભાભી સિવાય કોઈ જાણતું નહોતું કે મૌલિક કેમ પરણતો નહોતો. એના મિત્રો માટે ય એ કોયડો જ હતો કે આવો ફુટડો, નવયુવાન, પ્રતિષ્ઠિત એડવોકેટ કુંવારો શાથી છે? પણ ઉપરથી શાંત, સુખી અને પ્રફુલ્લિત લાગતા મૌલિકના અંતરમાં ક્યારેક અંગારા જલતા હતા અને અત્યારે ય એ અંગારા ઓલવાયા તો નથી જ, એના પર એણે પ્રયત્નપૂર્વક વિસ્મૃતિની રાખ જ ઢાંકી દીધી છે એની કોઈને કેવી રીતે ખબર પડે?

અને આજે અસામાન્ય રીતે વહેલા સૂઈ ગયેલા અને ઊંઘી ગયેલા લાગતા માલિકના હૃદયમાં જલતા અંગારા પરથી વિસ્મૃતિની રાખ ઊડી ગઈ છે એનીય બિચારા માધવને શી ખબર? એ શું જાણે કે માલિક આજ માણેક ચોકમાં અત્તર લેવા ગયા હતા અને ત્યાં એમને કોઈ એક સ્ત્રી મળી હતી. એ સ્ત્રીનું નામ અલ્પા હતું અને એ અલ્પાનું માલિકના જીનવમાં અદ્વિતીય સ્થાન છે. આ બધી વાતની એને ખબર હોત તો એ વૃદ્ધ નોકર 'મીરાં કહે પ્રભુ કબ રે મીલોગે' અથવા મને લાગી કટારી પ્રેમની' જેવાં ભજનો દ્વારા માલિકના હૃદયની વ્યથાને વાચા આપી એના વિરહદુઃખને દ્વિગુણીત કરત ખરો કે?

ધીરે ધીરે માધવના ભજનના સૂર પણ શમ્યા અને એ ઊંઘી ગયો. પણ મૌલિક હજી ઊંઘી શક્યો નહોતો. ક્યાંથી ઊંઘે? અત્તરવાળાની દુકાને આકસ્મિક રીતે ઘણાં વર્ષ પછી અચાનક મળેલી અલ્પાની અનેક સ્મૃતિઓ અંતરમાં સળવળતી હતી ત્યાં ઊંઘ કેવી? સળવળતી સ્મૃતિઓ કોને ઊંઘવા દે છે કે મૌલિક એમાં અપવાદરૂપ બને? એમ થાય ત્યારે તો પલંગમાં પાસાં ફેરવે જ છૂટકો ને?

અનુક્રમ

## ૩ : સળવળતી સ્મૃતિઓ

એ સાંજે થયેલા અનુભવ પછી મૌલિકને રાત્રે સહેલાઈથી ઊંઘ આવે તો જ નવાઈ. અચાનક છીનવાઈ ગયેલી પોતાની પ્રિય ચીજ અણધારી રીતે નજરે પડે ત્યારે ય મન અશાંત બની જાય, તો પછી આ તો અકલ્પ્ય રીતે કપાઈ ગયેલો પોતાના હૃદયનો ટુકડો આજે વર્ષો પછી અણધાર્યો મળ્યો અને મળ્યો ન મળ્યો ત્યાંજ છૂટો પડ્યો! પછી ઊંઘ આવવાની શકયતા જ ક્યાંથી રહે? પછી તો મનમાં વિચારોનાં વમળો જ ઉદ્‌ભવે ને? એકાદ વમળમાં ફસાયેલ વ્યક્તિ પણ - એમાંથી બહાર ન નીકળી શકે તો પછી આ તો મનના ખેલ. એકમાંથી છટકો ન છટકો ત્યાં જ બીજામાં ફસાવ!

ગમે એટલો શાણો ને સમજુ છતાં મૌલિક ગીતા-ભાખ્યો સ્થિતપ્રજ્ઞ થોડો જ હતો કે એના દિલમાં આવા પ્રસંગે સંવેદનો ન જાગે? એટલે સ્વાભાવિક રીતે જ સૂતેલા મૌલિકની નજર સમક્ષ એક પછી એક સુખદ ભૂતકાળનાં દુઃખદ ચિત્રો આવતાં ગયાં અને એના શાંત મનની અશાંતિ વધારી રહ્યાં. અને સ્મૃતિઓ તો એવી સતેજ અને હૃદયસ્પર્શી હતી કે એક ચિત્રની અસર ભૂસાય પણ નહિ ત્યાં બીજું ચિત્ર ઊપસી આવતું ને ચિત્તનો ચકડોળ વધુ ગતિથી ઘૂમવા લાગતો!

અને આ બધી કાંઇ દૂરના ભૂતકાળની વાતો થોડી જ છે? ભાગ્યે જ દસ વર્ષ થયાં હશે આ બધી ઘટનાઓને. ત્યારે મૌલિક એક યુવાન વિખ્યાત વકીલ નહોતો. ત્યારે એને પોતાનાં બંગલો ને ગાડી નહોતાં.

ત્યારે મૌલિક કૉલેજમાં ભણતો હતો. સારા માર્કસથી એસ.એસ.સી. પાસ કરી એ કૉલેજના પ્રથમ વર્ષમાં દાખલ થયો ત્યારે એ શાંત, કાંઇક શરમાળ અને સ્વસ્થચિત્ત વિદ્યાર્થી હતો. જો કે શાળાના મર્યાદિત વર્તુલમાંથી કૉલેજના વિશાળ પટાંગણમાં પ્રવેશેલા બધા જ વિદ્યાર્થીઓ માટે ત્યાં એક ભિન્ન વાતાવરણ હોઇ એમના મનમાં થોડો ડર કે સંકોચ, આશ્ચર્ય, આનંદ અને આતુરતાના મિશ્ર ભાવો હોય છે. વર્ગમાં કેટલાં બધાં અને કેવાં બધાં વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનિઓ હતાં! પણ કેટલાં બધાં છતાં જાણે એકલાં એકલાં! કોઇને કોઇની પડેલી નહિ. સૌ પોતપોતાના કામમાં, ગુંચવણમાં કે મસ્તીમાં. હા, કેટલાંકને શરૂથી જ પોતાનું મિત્રમંડળ હતું. તેઓ સાથે હરતાં ફરતાં એ ખરું. પણ વર્ગ કે વર્ગ બહાર, સૌ પોતપોતાના વર્તુલમાં જ સીમિત. ધીરે ધીરે સૌ નવા વાતાવરણથી પરિચિત થયાં અને એને અનુકૂળ પણ થયાં કૉલેજ યુનિયનની ચૂંટણી જેવો વર્ષનો એક મહાન અવસર આરંભે જ આવી ગયો. અને એનો સૌએ પોતપોતાની રીતે અને પોતપોતાની આવડત પ્રમાણે લાભ લીધો, કોઇએ પારકે પૈસે ચા-પાણીની પાર્ટીઓ યોજીને મિત્ર-વર્તુલ વધાર્યું તો કોઇએ બારમાસ માટે ચા-પાણીના પૈસાય બનાવી લીધા. કોઇએ સ્ત્રી મિત્રો સાથે હરવા-ફરવા કે હસવા બોલવાનો લાભ અથવા ગેરલાભ લીધો તો કોઇએ ઓટો વેહીકલ્સમાં આંટા મારવાનો ને સૂત્રોચ્ચાર કરવાનો આનંદ લૂટ્યો. દરેક સ્થળે અને સમયે સૌને પોતપોતાની રીત અને આવડત હોય છે જેનો તે ઉપયોગ કરે છે. કૉલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ બીજાના પ્રમાણમાં આ ચૂંટણીમાં ઓછી દોડધામ કે આનંદ પ્રમોદ કર્યાં એ સાચું, કારણ કે આ બધું હજી તેમને માટે નવું હતું. પણ આ પ્રથમ અનુભવ તેમને માટે ભવિષ્યના આવા કાર્યક્રમ માટેની પૂર્વ તૈયારીરૂપ તો જરૂર બની ગયો.

જો કે આવી બધી હલચલ વચ્ચે ય મૌલીક પ્રમાણમાં શાંત અને સ્વસ્થ હતો. અહીં ભણવા કરતાં ફરવાનું જ અગત્યનું છે એમ બધા માને છે એ વાત એ સમજી ગયો. જ્યારે એ પોતે તો ભણવા અને તે ય સારી રીતે ભણવા માગતો હતો. વળી, અભ્યાસ ઉપરાંત ઈતર વાચનનો પણ એને તો શોખ હતો. એટલે વર્ગમાં એ હંમેશાં નિયમિત હાજરી આપતો અને પીરિયડ ન હોય ત્યારે અન્ય સાથીઓ હોટેલ કેન્ટીનમાં ચા-પાણી કરી ગપ્પાં મારતા હોય ત્યારે એ બહુધા લાયબ્રેરીમાં જઇ કોઇ મેગેઝીન વાંચતો. ઘેર પણ એ ચીવટપૂર્વક અભ્યાસ કરતો. ઘરમાં તો માત્ર એ અને એની વિધવા માતા જ હતાં. પિતા થોડાં વર્ષ પૂર્વે જ ગુજરી ગયા હતા અને પુત્રોને ચિંતા ન કરવી પડે એટલી સંપત્તિ પાછળ મૂકી ગયા હતા. તેમાં ય વળી મોટાભાઈ તો મુંબઈમાં ડૉક્ટર તરીકે ઘણી સારી પ્રેક્ટીસ કરતા હતા. અને એક માત્ર બહેન હતી જે સુખી ઘેર પરણાવી હતી. વળી પૈસાની કે અન્ય કશી જ ચિંતા

ન રાખવાની સૂચના ભાઈ-ભાભીના દરેક ફોનમાં આવતી. હકીકતમાં ડૉક્ટર તો બંનેને મુંબઇ લઇ જવા જ ચાહતા હતા. પણ શરૂથી જ અમદાવાદમાં રહ્યાં હોઈ મૌલિકને અને તેની માતાને ત્યાં જ વધારે ગોઠવતું હતું એટલે એ દુરાગ્રહ નહોતાં રાખતાં. મૌલિક પોતાની ફરજ અને ભાવિ કારકિર્દીનો ખ્યાલ રાખી શરૂથી જ અભ્યાસમાં કાળજી રાખતો હતો. મર્યાદિત મિત્રો ધરાવતો એ હતો જ થોડો આત્મનિષ્ઠ. કોઈની સોબત કરતાં કદાચ એકલું ફરવું જ એને વધુ ફાવતું. કૉલેજનાં બીજાં બે વર્ષ પણ આમ જ વીતી ગયાં. બીજા કૉલેજીયનોએ આ ત્રણ વર્ષ દરમિયાન કેવી ધમાલ, કેવો ઉત્પાત અને કેવા આનંદ-પ્રમોદ કર્યા. અભ્યાસને ગૌણ વસ્તુ ગણી પિતાના પૈસા અને પોતાનો કિંમતી સમયનો એમણે કેટલો બધો દરુપયોગ કર્યો! એમાંના કેટલાકે તો વધુ વર્ષો કૉલેજનો લહાવો લેવા એકેક વર્ગમાં બે બે વર્ષ રહેવાનો લાભ લીધો. કેટલાક તો વળી પોતાને એકથી વધુ સ્ત્રીમિત્રો હોઇ પાતે કનૈયો હોવાનું ગૌરવ રાખીને ઘૂમતા હતા. પણ આ બધાં વર્ષો દરમિયાન જો કોઇનાં વાણી, વિચાર કે વર્તનમાં ખાસ ફેર ન પડ્યો હોય તો એ હતો મૌલિક.

અંગ્રેજી મુખ્ય વિષય સાથે એણે તર્કશાસ્ત્ર **(Logic)** ગૌણ વિષય તરીકે રાખ્યું હતું અને દર વર્ષે પ્રથમ વર્ગમાં એ પાસ થયો હતો. ગૌરવર્ણ, ઘાટીલી મુખાકૃતિ, સશક્ત શરીર અને પ્રમાણસર ઊંચાઇ, સુઘડ પહેરવેશ, આ ઉપરાંત શાંત અને સૌમ્ય મુખાકૃતિ, હસમુખો ચહેરો, મંદ સ્મિત સાથે વાતચીત કરવાની આકર્ષક ઢબ - આવા બધા અનોખાપણાને કારણે અન્ય કૉલેજીયનો કરતાં મૌલિક વર્ગમાં જુદો જ તરી આવતો. બીજા ઘણા બોલ બોલ કરી પોતાની તરફ કોઇનું - ખાસ કરીને સાથી વિદ્યાર્થીનિઓનું ધ્યાન ખેંચવા મથતા ત્યારે મૌલિકનું મૌન જ વિશેષ આકર્ષક પુરવાર થયું હતું. હા, મૌલિક મન ખોલીને બોલતો માત્ર એક જ સ્થળે - ડીબેટીંગ સોસાયટીમાં. ગમે તેવી ચર્ચા-સભા હોય, મૌલિક એમાં વક્તા હોય જ. અને શરૂમાં આશ્વાસન ઈનામો પ્રાપ્ત કરતો એ પછી તો હંમેશાં પ્રથમ પારિતોષિક જ લઇ આવતો. જો કે એ ઈનામો માટે નહિ, પોતાના શોખ ખાતર બોલતો હતો. ઘણું કહ્યા છતાં ડીબેટીંગ સોસાયટીનો સેક્રેટરી એ ન થયો ત્યારે એના સૂચનથી એ પદ પ્રાપ્ત થયું અલ્પા શાહને. કૉલેજના છેલ્લા વર્ષના એ શરૂઆતના દિવસો હતા.



અલ્પા. કૉલેજના પ્રથમ વર્ષથી જ મૌલિકની સહાધ્યાયીની. એના સૌન્દર્ય માટે એક જ વાક્ય લખવું હોય તો નરસિંહ મહેતાના શબ્દોમાં આમ કહેવાય : 'રંગે રૂડી, રૂપે પૂરી દીસંતી કોડીલી કોડામણી!' અલ્પા ખરેખર શબ્દના સાચા અર્થમાં સુંદર હતી. તામ્રવરણો દેહ, લંબગોળ મુખ, ચમકતી આંખો પર ધનુષ્ય સમ ખેંચાયેલી કાળી ભ્રમરો, સ્વચ્છ ભાલ પ્રદેશ પર શોભતો કદી નાનો કદી મોટો, રંગ બદલતો ચાંદલો, અણિયાળા નાકમાં ચમકતું નાનકડું નંગ, કાનમાં ઘાટીલાં કુંડળ અને લાંબી રૂપાળી ડોકમાં લટકતી સોનાની નાની સેર, જરા હસે ત્યાં જ મુખમાંથી ડોકાતી ધવલ મોતીસેર જેવી દંતાવલિ - આ બધું કોઇ એક યુવતીમાં હોય ત્યારે પ્રથમ નજરે જ એ ભલભલા ડાહ્યાઓને ય ઘેલા કરી દે, તો પછી સાથે ભણતા, પ્રથમ વીસીમાં ય નહિ પ્રવેશેલા કુદરતી રીતે જ ઘેલા યુવાનોનું તો પૂછવું જ શું? ઘાટીલા દેહ અને મોહક મુખાકૃતિવાળી અલ્પાએ પ્રથમ વર્ષની શરૂઆતથી જ સહાધ્યાયીઓનું ધ્યાન ખેંચ્યું હતું. એના જેવી સુંદર કોઇ કોઇ વિદ્યાર્થીનિઓ વર્ગમાં હતી તો ખરી. પણ અલ્પામાં જુદુ જ આકર્ષણ હતું એમ પ્રથમ નજરે જ કોઇને પણ લાગે તેમ હતું. એટલે પ્રથમ વર્ષથી જ ઘણા ગાંડાને અલ્પાનું ઘેલું લાગ્યું હતું. સુવર્ણ કંગનથી શોભતા એના ગોરા હાથમાં પેન પકડી એ વર્ગમાં કાંઇ લખતી હોય ત્યારે ઘણા એના મુખ ભાવોને મુગ્ધ થઇ જોયા કરતા - હા, પણ કોઇ જોઇ ન જાય તેમ! એની પાછલી પાટલી પર બેઠેલા યુવકો અલ્પાના કલાત્મક કેશ ગુંફનમાં ભળી જઇ સુગંધ રેલાવતી વેણીને જોઇ ફૂલોના ભાગ્યને સરાહતા. કેટલાકને થતું : 'ખરી ભાગ્યશાળી તો પેલી સોનાની સેર છે. જે ગળામાં પડી પડી એના ઉરપ્રદેશ પર આંટા મારી એની ધડકનો સાંભળે છે!' શરૂમાં તો ક્યારેક બેલબોટમ કે ક્યારેક 'વનપીસ' જેવા વેશ પરિધાન કરતી અલ્પા પાછળથી તો સાડી પેહેરીને જ કૉલેજ જતી. એની સાડી પણ વિવિધ ભાત અને રંગબેરંગી જ હોય જે અલ્પા એવી સફાઇથી પહેરતી કે એ પણ એના સુંદર અંગનો જ જાણે એક ભાગ બની રહેતી. એનું રિસ્ટવૉચ જાણે એને માટે જ બનાવ્યું હોય તેમ એના ડાબા હાથના ઘરેણા રૂપ દીપતું હતું. પણ અલ્પાની સૌથી મોટી વિશેષતા હતી એનું અત્તર. અત્તરની એ ખૂબ શોખીન હતી. રોજ વિવિધ પ્રકારનાં અત્તરની સુગંધ એની પાસેથી આવતી. એ આવે ત્યારે વાતાવરણ મઘમઘી ઊઠતું. એનાં શાન અને સૌરભ નિરાળાં હતાં. એનું આગમન દૂરથી

જ કળાતું. વર્ગમાં એ પ્રવેશ કરે ત્યારે એક પ્રકારનો શાંત કોલાહલ મચી જતો! એની હાજરી સૌને ગમતી - પ્રોફેસરોને ય! એની ગેરહાજરી સૌને સાલતી-હા, પ્રોફેસરોને ય! એની સાથે કોઇને કશી લેવાદેવા નહોતી. પણ એ હાજર હોય તો બસ. સૌને એથી સંતોષ રહેતો!

જો કે એની સાથે લેવાદેવા કરવા તો ઘણાય સહધ્યાયીઓએ ફાંફાં માર્યાં હતાં. પણ અલ્પાએ કોઇને પોતાની નજીક પહોંચવા દીધા નહોતા. બીજી ઘણી સંગિનીઓ જેવી એ ઉછાંછળી કે આછકલી નહોતી. એ જે વસ્ત્ર કે ઘરેણાં પહેરતી તે કોઇને આકર્ષવા કે દેખાડવા નહિ જ. એવો એને શોખ હતો અને એથીય અધિક શોખ કરે તો પણ એને પોષાય તેમ હતું. એટલે જ એ આ રીતે રહેતી હતી. બાકી, એ શાંત અને સ્વસ્થ હતી. કોઇ સાથે સામાના અનેક પ્રયત્નો છતાં અલ્પા અકારણ કદી વાત પણ કરતી નહિ. ઘણા ખરા સહાધ્યાયીઓને એ દીઠે ઓળખતી. પણ એ સિવાય તો બધા એને માટે અજાણ્યા હતા. શરૂમાં તો એ પોતાની મોટરમાં આવતી. ડ્રાઇવર મૂકી જતો. પણ પછીથી ઘણું ખરું એ બસ કે અનિવાર્ય હોય તો રિક્ષામાં આવતી. કૉલેજમાં એને ઘણી થોડી સહેલીઓ હતી. એ થોડી સાથે એ ઘણોખરો વખત ફ્રી પીરિયડ હોય ત્યારે બાગમાં જતી ને વિવિધ રંગી ફૂલોને જોઇ આનંદ પામતી.

એક દિવસ બાગમાં એ રીતે બધાં ફરતાં હતાં ત્યાં ગુલાબના એક સુંદર ફૂલ પર પતંગિયું આવીને બેઠું ત્યારે એક સખીએ કહ્યું :

'અલ્પા, જોયું? પતંગિયું કેવું ફૂલ પર આવીને બેઠું!'

'હા,' અલ્પાએ મર્મમાં કહ્યું : 'એ ખીલેલા ફૂલ પર આવીને બેઠું છે.' અલ્પાએ 'ખીલેલા' શબ્દ પર ભાર મૂક્યો હતો.

'એટલે?' સખીએ અર્થ ન સમજાતાં પૂછ્યું.

'જો પેલું કરમાયેલું ફૂલ' અલ્પાએ આંગળી ચીંધી કહ્યું : 'એની પાસે એકેય પતંગિયું જાય છે?'

'મતલબ?'

'મતલબ કે ખીલેલાં ફૂલ પાસે જ ભ્રમર જાય છે, કરમાયેલાં પાસે નહિ.' ફૂલો પર નાજુક હાથ ફેરવતી અલ્પા બોલી.



'ઓહ, સમજી,' બીજી સખી કેટ્ટીએ તીણી આંખ કરતાં કહ્યું, 'તું મારા પુરુષમિત્રોને ઉદ્દેશીને કહે છે ને? તારી વાત ખરી છે, પણ અલ્પા, હું ય એમને માટે દૂરથી માત્ર ફોરમ આપનારું ફૂલ છું, રસ આપનારું નહિ હો.'

'તો ઠીક છે. બાકી પ્રેમમંત્ર શો લાગતો ભ્રમરનો ગુંજારવ છેવટે તો ડંખ દેનારો જ હોય છે.'

પણ આમ જાણવા અને માનવા છતાં અલ્પાની નજરમાં એક યુવાન વસી ગયો હતો! કૉલેજના પ્રથમ વર્ષથી જ એ એની સાથે એક જ વર્ગમાં ભણતો હતો. એનાં રૂપ રંગ કરતાંય એની રીતભાત એને વધારે આકર્ષક લાગી હતી. એની મોહક મુખાકૃતિ વ્હાલ ઉપજાવે તેવી હતી તો તેજસ્વી કારકિર્દી માન ઉપજાવે તેવી હતી. પોતે કોઇનાથી લોભાય એમ નથી કે અજેય છે એમ માનનાર અલ્પા પણ ધીરે ધીરે મનમાં જ એનાથી પરાજીત થઇ ગઇ હતી! કોઇને એણે કશું કહ્યું નહોતું, કે કોઇ કશું જાણતું નહોતું, પણ ધીરે ધીરે મૂક પ્રેમનો ભાર એને કઠતો હતો. એ ભાર એણે બે વરસ તો મનમાં જ ઉપાડ્યો હતો. પણ હવે એ થોડો હળવો કરવો પડે તેમ લાગતું હતું. પણ એ ભારનો લાદનાર સાવ ભોળો હતો કે નઠોર? કશું સમજતો જ નહોતો! કે જાણવા છતાં અવગણતો હતો? બે-ત્રણ વર્ષથી સાથે ભણીએ છીએ. એક જ ગ્રુપમાં છીએ અને ડીબેટીંગમાં જાહેરમાં એકબીજાની વિરુદ્ધ કે તરફેણમાં ઘણી દલીલો કરીએ છીએ. પણ કદી કશી ઉષ્મા જ બતાવતો નથી!

થોડા વખતથી આવા વિચારોમાં અટવાતી અલ્પાને આજે અચાનક આશ્ચર્ય અને આનંદનો આંચકો લાગ્યો. 'શું ડીબેટીંગ સેક્રેટરી તરીકે પોતાનું નામ મૌલિકે સૂચવ્યું! શું એ સાચું હતું? હા, એણે કાનોકાન એ સાંભળ્યું હતું. છતાં ય સ્વપ્ન જેવું કેમ લાગતું હતું?'

પણ અલ્પા જાણતી હતી કે કેટલાંક સત્યો સ્વપ્ન કરકતાં ય અધિક સોહામણાં ને સુખકારી હોય છે. એટલે શરૂમાં તો એણે શરમ સાથે થોડી આનાકાની કરી, પણ મૌલિકના સૂચનને અને પછીના આગ્રહને વધુ વખત ઈન્કારવાનું અલ્પા માટે અશક્ય હતું. એટલે એણે એ સ્થાન સ્વીકારી નીચી નજરે ઊંચી આંખો કરી શરમાતાં શરમાતાં મૌલિક તરફ આભારની લાગણીથી જોયું.

મૌલિકે કહ્યું : 'અભિનંદન.'

'આભાર તમારો.' શરમાતી ગભરુ બાળાશી અલ્પા બોલી : 'પણ મારાથી આ કામ થશે?'

'માણસને પોતાની શક્તિનો ખ્યાલ હોતો નથી.' જવાબમાં મૌલિકે કહ્યું.

'હું મારી શક્તિની વાત કરું છું' અલ્પાએ સસ્મિત ગમ્મત કરી.

'સૉરી, હું તો મિસ અલ્પા શાહની શક્તિની વાત કરતો હતો.' મૌલિકે મજાક આગળ વધારી.

અને બંને રૂમની બહાર નીકળતાં નીકળતાં હસી પડ્યાં. અને હસતાં હસતાં છૂટાં પડ્યાં, પડવું પડ્યું. બહાર મિત્રો હતા, અન્ય કૉલેજીયનો પણ હતા. એટલે આમન્યાની આણ બન્નેએ સ્વીકારી. ધીમા મીઠા લહેકાથી 'બા...ય' કહી અલ્પા સખીઓ ભેગી જઇ ભળી.

પણ અલ્પા માટે આજનો દિવસ અકથ્ય આનંદનો હતો. 'ડીબેટીંગ સસાયટી'ની એ સેક્રેટરી બની હતી માટે નહિ. પણ એટલા માટે કે આજે તપસ્વીએ મૌન ત્યાગ્યું હતું, આજે એના વાલમે વાત એની સાથે વાત કરી હતી.

એ ઘેર તો ગઇ. પણ મૌલિક સાથેના ટૂંકા મિલનની પળોને ગજવામાં ઘાલીને ગઇ. આજે એ ઘણાં સાથે વાતો કરતી હતી, ઘણાંની વાતો સાંભળતી હતી, પણ જાણે કશું જ કરતી નહોતી! એના કાનમાં મૌલિકના શબ્દો ગૂંજતા હતા, એની આંખોમાં એનું મુખડું રમતું હતું.

અલ્પાને આવો આનંદ ક્યારે ય નહોતો થયો, 'હોવા છતાં ન હોવાનો આવો અનુભવ એને ક્યારે ય નહોતો થયો. એ દિવસ એને માટે સાચે જ ધન્યતાનો દિવસ હતો!'

અનુક્રમ

◆ ◆ ◆ ◆ ◆

## ૪ : મને લાગી કટારી પ્રેમની!

ઘેર ગઇ ત્યારે અલ્પા બહુ ખુશ હતી. અઢળક સંપત્તિવાળા રામદાસ શેઠનું એક માત્ર સંતાન અલ્પા ઘેર જતી ત્યારે એ ઘરમાં પ્રાણવાયુ ફૂંકાતો. પિતાની સંપિત્તિની એ જ વારસદાર હતી. આધેડ ઉંમરના હતા ત્યારે રામદાસ શેઠને સગાંવ્હાલાંએ 'વંશનો વેલો' ચાલુ રાખવા ફરી લગ્ન કરવા ઘણું સમજાવ્યા હતા. પાર્વતી શેઠાણીએ પણ એમાં પોતાની સંમતિ આપી હતી. પણ ત્યારે પાંચ વર્ષની અલ્પાને બતાવી રામદાસ શેઠ વ્હાલથી કહેતા : 'મારા 'વંશનો વેલો' રાખનાર તો આ રહી મારી દીકરી.' આમ પત્નીપ્રેમી પતિ અને પુત્રીપ્રેમી પિતાએ એમનાં સુખ ખાતર રૂઢિગત માન્યાને ફગાવી પુત્રીમાં જ મન પરોવ્યું હતું. માતાપિતા બંને ખૂબ લાડથી અલ્પાને ઉછેરતાં અને એને ભણાવી ગણાવી સંસ્કારી બનાવવાની ચીવટ રાખતાં એટલે કૉલેજમાં ગયા છતાં અને અપાર સમૃદ્ધિની વારસ હોવા છતાં અલ્પામાં આછકલાઇ, ઉદ્ધતાઇ કે અભિમાને પ્રવેશ પણ નહોતો કર્યો. સામાન્ય છોકરીઓ જ્યાં સંયમ ગુમાવે, ગમે તે યુવાનો સાથે, સહાધ્યાયીઓ સાથે છૂટથી હળેમળે, બોલે કે ફરે ત્યાં અલ્પા હંમેશાં સંયમ અને મર્યાદા સાચવી પોતાની આગવી પ્રતિભા પાડતી. અલગ છતાં અતડી નહિ, ઓછાબોલી છતાં અભિમાની નહિ અને સાદી છતાં અસુંદર નહિ એવી પોતાની આગવી ભાત એ કૉલેજમાં ઉપસાવી શકી હતી. અને એમાં જ એનું મહત્ત્વ હતું. એ ન બોલે તોય ગમે, બોલે તો વધુ ગમે એવા અહોભાવથી કૉલેજીયનો એની સામે જોઇ રહેતા. કૉલેજમાં તોફાની બારકસ જેવા સમીરે તો એક દિવસ કહ્યું હતું : 'આ શકુન્તલા માટે કોઇ દુષ્યન્ત જ નથી કે શું?'

પણ હકીકતમાં અલ્પા ખૂબ સાવધાન હતી. દીપકના તેજે ખેંચાઇને અનેક પતંગિયાં આવે છે અને ઘણા દીપકમાં ઝંપલાવીને પ્રાણ પાથરે છે એ અલ્પા જાણતી હતી. પણ એ પ્રાણ પાથરનારા બધા દીપકના પ્રેમીઓ હોય છે

એમ અલ્પા માનતી નહોતી. એને મન તો એ મોહાંધ પતંગિયાંનું અક્કલહીન આત્મઘાતી કૃત્ય હતું. વળી અલ્પા એ પણ જાણતી હતી કે આવું કોઇક મોહાંધ પતંગિયું ખુદ દીપકને જ બુઝાવી નાખે છે! અલ્પા આવો અકાળે બુઝાયેલો દીપક થવા ઇચ્છતી નહોતી. જીવનનો એની પાસે એક આદર્શ હતો. માત્ર મોજ-શોખ કરવા હોય તો એને કશી કમીના નહોતી. પણ સત્ય, પ્રેમ, નીતિ, દયા અને ધર્મ જેવાં ઉચ્ચ માનવીય ગુણની એ ચાહક હતી. માતા-પિતા તરફથી એને પોતાની પસંદગી કરવાની છૂટ મળેલી હતી. કારણ, દીકરીના સંસ્કારમાં એમને શ્રદ્ધા હતી. પણ અનેકના મનમાં વસી ગયેલી અલ્પાના મનમાં હજી કોઇ વસ્યો નહોતો અથવા વસ્યો હોય તો એવો કશો અણસાર એણે કોઇને આપ્યો નહોતો.

જો કે મૌલિકને જોયો ત્યારથી એના હૃદયની સીતારના તાર ઝણઝણવા લાગ્યા હતા. શરૂમાં તો એ ઝણઝણાટ એણે અવગણ્યો હતો. પણ સતત સ્પંદનોએ એના દિલમાં મૌલિક માટે એક આગવું સ્થાન ઊભું કરી દીધું. ત્રણ વર્ષ સાથે ભણ્યાં અને આવા મનોભાવ જાગ્યા છતાં અલ્પાની મૂંઝવણ એ હતી કે મૌલિકે કદી પોતાની સાથે વાત કરવાનો ઉમળકો બતાવ્યો નહોતો. 'શું એ હૃદયહીન હતો?' 'ના રે.' અલ્પા જાતે જ પ્રશ્નોત્તર કરતીઃ 'એના મુખ પર તો સદાય સ્નેહના ભાવ નીતરતા હોય છે. કેવી સૌમ્ય, શાંત, સ્નેહભીની મુખાકૃતિ છે એની! ...તો પછી હું એના હૈયામાં વસી નહિ હોઉં એમ જ ને?' અલ્પાનું સ્નેહી હૃદય સાશંક થઇ જતું : 'એ તો કેમ કહેવાય? કદાચ એનું મન બીજે ક્યાંક ગોઠવાઇ પણ ગયું હોય...!' અને આમ વિચારતાં અલ્પાથી નિઃશ્વાસ નંખાઇ જતો.

પણ આજે અલ્પાએ એ બધા નિઃશ્વાસ એક જ શ્વાસમાં ભરી લીધા. આજે એનો મનમયૂર નાચી ઊઠ્યો હતો. પ્યાસા ચાતક પર આજ મેઘરાજે અમીવર્ષણ કર્યાં હતાં માટે જ તો એ ઘેર ગઇ ત્યારે ઘણી ખુશ હતી. ડીબેટીંગ સોસાયટીની સેક્રેટરી તરીકે પોતાના નામને નકારીને માલિકે કેટલા ભાવથી કહ્યું હતું : 'અલ્પાબેનનું નામ મૂકો...!' અને એના પ્રેમભર્યા આગ્રહને હું ઇન્કારી ન શકી.. પછી મેં શરમભરી નજરે એની સામે જોયું ત્યારે એણે એટલા જ સ્નેહથી કહ્યું : 'અ...ભિ...નં...દ...ન...' અને મારી



શક્તિમાં કેવો વિશ્વાસ એને! કહ્યું : માણસને પોતાની શક્તિનો ખ્યાલ હોતો નથી. 'તો મૌલિક, તું છાનોછપનો મારી શક્તિની નોંધ રાખે છે, નહિ?' અને સંતોષના એક દીર્ઘ શ્વાસ સાથે અલ્પાની સ્વગતોક્તિ આગળ ચાલી : 'વિનોદી યે કેવો છે એ! મે કહ્યું : હું તો મારી વાત કરું છું' ત્યારે એણે મજાક કરી 'સૉરી, હું તો અલ્પા શાહની વાત કરતો હતો!' શાબાશ, મૌલિક શાબાશ! તારામાં સાચે જ મૌલિકતા છે. તેં મને જીતી તો હતી જ પણ આજે તો હું તારામાં ખોવાઇ ગઇ છું. સામાન્ય રીતે હું ઘેલી તો નથી. પણ આજે? આજે ઘેલાપણામાં જ મને આનંદ મળે છે... છતાં સાચું છે કે મારે હજી થોભવું પડશે, જાણવું પડશે કે તારા શું પ્રત્યાઘાત છે. તું તો સાગર જેવો શાંત લાગે છે. ગહન પણ એવો જ હોઇશ ને? ભલે રહ્યો. એ ગહરાઇ હું માપીશ અને તને જાણીશ...'

વિચારોની આવી ગહરાઇમાં ડૂબેલી અલ્પાનો એ દિવસ બહુ આનંદમાં ગયો. હવે મૌલિક સાથે વિશેષ વાતચીત કરવાની અને પરિચય કેળવવાની એની ઇચ્છા સતેજ બની હતી, પણ માન અને મર્યાદા મૂકી એ ઘેલછા બતાવે એવી છીછરી નહોતી. વળી મૌલિક તો એથી ય વધુ ઓછાબોલો લાગતો હતો. એટલે પછીના થોડા દિવસ તો વળી પાછા અબોલા જ રહયા. અલ્પાને આ મૌન અકળાવતું હતું. પણ એ અકળામણ પણ પ્રિયજનની સ્મૃતિ જીવંત રાખતી હોઇ આનંદદાયક બનતી હતી! મનની વાતો કેવી વિચિત્ર હોય છે! વર્ષ દરમિયાન ક્યારેક ડીબેટીંગમાં બંનેનું થોડું મળવા બોલવાનું થયું. બાકી, બહુધા તો મૌન જ રહ્યું!

પણ વષાન્તે એક પ્રસંગ બન્યો. વાર્ષિક પરીક્ષા હવે નજીક હતી એટલે લાયબ્રેરીનો ઉપયોગ હવે વિદ્યાર્થીઓ વિશેષ કરતા હતા. શાંત વાતાવરણમાં તેઓ ગંભીર બની વાંચતા હતા. પ્રારંભનાં તોફાનો હવે શમ્યાં હતાં અને સાગરની પાસે પહોંચતી નદી જેમ શાંત બને તેમ પરીક્ષા પાસે પહોંચેલા કૉલેજીયનો ઠાવકા બની અભ્યાસ કરતા હતા. મૌલિક તો આમે ય આખું વર્ષ લાયબ્રેરીનો ખૂબ જ ઉપયોગ કરતો અને ફાજલ સમયમાં મોટે ભાગે ત્યાં જ જઇને વિવિધ પુસ્તકો વાંચતો. એટલે હવે તો એ સ્વાભાવિક રીતે જ વધુ સમય-લગભગ સંધ્યાકાળ સુધી ત્યાં રહી વાંચતો હતો.

દિવસભર આમ વાંચી એક સાંજે ઘેર જવા મૌલિક બસની લાઈનમાં ઊભો હતો. એનાથી દસેક નંબર પાછળ અલ્પા હતી. એટલે વિવેક ખાતર પણ કાંઈ બોલવા જેટલાં નિકટ તો નહોતાં ત્યારે મૌલિકને જરા અસ્વસ્થતા લાગી એટલે રેલીંગ પર એ બેસી ગયો અને થોડી વાર આંખે હાથ દીધા. એટલામાં બસ આવી ને લાઈન આગળ ખસી. મૌલિકે પાછળના ઉતારુઓને જવાનો સંકેત કર્યો અને જરા રાહત થાય એ માટે એ ત્યાં જ બેસી રહ્યો. ક્રમમાં અલ્પા ત્યાંથી પાર થતાં સહેજ ખચકાઈને ઊભી રહી અને જરા સંકોચ સાથે ધીરેથી પૂછ્યું :

'કેમ તબિયત ઠીક નથી?'

'જરા ચક્કર આવે છે.'

બીજા ઉતારુઓને આગળ જવા ઈશારત કરી અલ્પા પણ બાજુ પર ઊભી રહી ત્યારે મૌલિકે કહ્યું :

'ચિંતા ન કરો. તમે જાવ. થોડીવારમાં જ ઠીક થઈ જશે.'

'અરે હોય?' અલ્પાએ આત્મીયતાથી કહ્યું : 'બહાર આવી જાવ, આપણે રિક્ષા કરી લઈએ' અને એમ કહેતાં તો એણે હાથની ઈશારત કરી એક રિક્ષા મંગાવી પણ લીધી.

વિશેષ આનાકાની સિવાય મૌલિક અલ્પા સાથે રિક્ષામાં બેસી ગયો. કેટલાંક ઉતારુઓ જુદા જુદા મનોભાવથી આ જોઈ રહ્યાં. એમના વિચારોને વાચા આપતા હોય તેમ લાઈનમાં આગળ ખસતા એક કાકા હાથ હલાવતા બોલ્યા : 'શો જમાનો આવ્યો છે!'

જો કે એમાં ટીકા કરતાં પોતે આ જમાનાના નથી એના કારણે થતા દુ:ખના ભાવ વિશેષ વરતાતા હતા!

રિક્ષામાં બેઠા પછી અલ્પાએ રિક્ષાવાળાને કહ્યું : 'આંબાવાડી.'

'અરે, હું તો ભદ્રમાં રહું છું.' મૌલિક બલ્યો : 'તમે...'

'ચિંતા ન કરો,' વચ્ચે જ અલ્પા બોલી : 'તમને તમારે ઘેર જ પહોંચાડીશ.'



'પણ અત્યારે આપણે...' મૌલિક ગૂંચવાયો.

'ડૉક્ટર પાસે જઈએ છીએ.' અલ્પાએ કહ્યું : 'અપહરણ નથી કરતી તમારું.'

'એવી કોઈ જરૂર નથી.' મૌલિકે સંકોચથી કહ્યું.

'તો ડૉક્ટરની જરૂર તબિયત શું સારી હોય ત્યારે પડે છે?' અલ્પાએ સ્નેહભરી મજાક કરી.

'આવી નાની તકલીફો તો થોડા સમયમાં આપોઆપ દૂર થઈ જાય.' કહી મૌલિકે જરા બેચેનીથી પાછળ માથું ટેકવ્યું. એણે કપાળે હાથ મૂક્યો. રિક્ષામાં શક્ય એટલો સંકોચાઈને એ બેઠો હતો. એના સંસ્કાર આટલી નાની વાતમાં ય છતાં થતા હતા એ અલ્પાની ધ્યાન બહાર કેમ રહે?

'તમે આરામથી બેસો,' એનો સંકોચ સમજતી અલ્પા બોલી : 'શું થાય છે?'

'કાંઈ નહિ, માથું જરા ભારે લાગે છે.' મૌલિકે કહ્યું.

ત્યારે પોતાનો બધો સંકોચ દૂર કરીને અલ્પાએ મૌલિકને કપાળે હાથ મૂક્યો. એ પ્રથમ સ્પર્શ! સમજણ આવ્યા પછી આપમેળે કરેલો પર પુરૂષનો અલ્પા માટે એ પ્રથમ સ્પર્શ હતો! તો મૌલિકને ય આટલી આત્મીયતાથી થયેલો કો નવયૌવનાનો આ પ્રથમ જ સ્પર્શ હતો ને? કેવો સ્નેહભર્યો હતો એ સ્પર્શ! મૌલિકને રોમાંચ થયો. ખરેખર તો એ સ્પર્શ એને ગમ્યો, ખૂબ ગમ્યો. મસ્તકની ગરમીને એ સ્પર્શ શાંત કરતો હતો, પણ મનને જાણે એ પ્યાસુ બનાવતો હતો! આંખો બંધ રાખી મૌલિક બેચેનીમાં ય ચેન અનુભવી રહ્યો. અને અલ્પાને ય ક્યાં ઓછો રોમાંચ થતો હતો? વિવિધ ભાવો ભરેલો અદ્વિતીય અનુભવ એને થયો. એક પરાયા પુરૂષને આજે એણે પોતાનો માની સ્પર્શ કર્યો હતો. એ સ્પર્શ પવિત્ર હતો. કારણ, એમાં પરમાર્થ હતો એમ ન ગણીએ તો પણ એમાં માનવતા તો હતી જ. એક ક્ષણ આમ ભાવવિભોર બનેલી અલ્પાએ ચમકીને કહ્યું :

'અરે, તમારું માથું તો ધખે છે!' અને મૌલિકના હાથે સ્પર્શ કરી એ બોલી ઊઠી : 'તમને સખત તાવ ચઢ્યો છે!'

'એમાં આટલી બધી ચિંતા જેવું શું છે?' મૌલિકે શાંતિથી કહ્યું.

એટલામાં અલ્પાએ કહેલું સ્થળ આવ્યું ને રિક્ષા અટકી. રિક્ષાવાળાને થોભવાનું કહી અલ્પા બાજુમાં જ પોતાના ફેમીલી ડૉક્ટરના દવાખાનામાં મૌલિકને લઇ ગઇ.

વૃદ્ધ ડૉક્ટરે આંખના ઈશારે અલ્પાને આવકારી. થોડીવારમાં અન્ય દર્દીઓના કેસ તપાસી એ બોલ્યા : 'બોલ બેટા, કેમ આવવું પડ્યું? તબિયત તો.'

'તમારે ત્યાં આવીએ ત્યારે તબિયત તો સારી ન જ હોય ને કાકા?' અલ્પાએ હસતાં હસતાં કહ્યું. ફેમીલી ડૉક્ટર સાથે અલ્પાના ઘરને ખરેખર કુટુંબ જેવો સંબંધ હતો.

અલ્પાનો જવાબ સાંભળી ડૉક્ટર પણ હસી પડ્યા ને બોલ્યા, 'ખરી વાત છે બેટા, અમારે નસીબે દુઃખીઓ જ લખાયા છે. બોલ, શું તકલીફ છે?'

'આમની તબિયત ઠીક નથી.' મૌલિક તરફ હાથ કરી અલ્પા બોલી.

'આમની?' આશ્ચર્યભર્યા પ્રશ્ન સાથે ડૉક્ટર મૌલિક તરફ ક્ષણવાર જોઇ રહ્યા. પછી અલ્પા તરફ જોઇ ધીરેથી પૂછ્યું :

'બેટા, તારું કાંઇ ગોઠવાઇ ગયું કે શું?'

'તમે ય કાકા?' શરમાતી અલ્પા બોલી : 'આ તો મારા સહાધ્યાયી છે.'

'ઠીક છે, ઠીક છે.' કહેતા ડૉક્ટરે મૌલિકને પોતાની પાસે બોલાવ્યો. એનું ટેમ્પરેચર જોયું. ૧૦૪ ડીગ્રી હતું. બીજી વિગત પૂછી, તપાસી દવા લખતાં ડૉક્ટરે કહ્યું : 'ઇન્જેક્સન આપું છું અને બે દિવસની દવા.'



'ભલે કાકા, પણ...' અલ્પા અટકી.

'ચિંતાને કારણ નથી, ગાંડી.' વ્હાલથી ડૉક્ટરે કહ્યું : 'શરદી છે. બે દિવસમાં આરામ થઇ જશે.' પછી બન્ને બાજુ પર એકલાં હતાં ત્યારે કહ્યું : 'બેટા, છોકરો સરસ છે હોં. તારી પસંદગીનો હોય તો ખોટો નથી.' બહુ જૂના ફેમીલી ડૉક્ટર હોવાથી રામદાસ શેઠ સાથે ડૉક્ટરને ઘર જેવો જ નાતો હતો. ડૉક્ટરના શરૂઆતની પ્રેક્ટીસના દિવસોમાં એમણે આર્થિક સહાય પણ કરેલી. અલ્પા તો ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ જ ઉછરીને મોટી થઇ હતી. એટલે અલ્પા સાથેનો એમનો આ વ્યવહાર અસ્વાભાવિક નહોતો.

'શું કાકા તમે ય મશ્કરી કરો છો,' કહેતી અલ્પાના મનોભાવ કહેતા હતા કે 'તમારી વાતમાં તથ્ય છે કાકા.'

પાછા ફરતાં મૌલીકે ડૉક્ટરનું બિલ ચૂકવવા પૈસા કાઢ્યા ત્યારે અલ્પાએ મજાકમાં કહ્યું : 'તાવના ઘેનમાં ય તમે વિવેક નથી ચૂકતા હોં.'

આથી મૌલિક જરા શરમાયો. ત્યારે ડૉક્ટરે કહ્યું : 'બેટા, આ અલ્પાએ મને જીવનભરની ફી અગાઉથી જ આપી દીધી છે. તમે ચિંતા ન કરો.'

દવાખાનાની બહાર આવી રિક્ષામાં બેસી અલ્પાએ કહ્યું :

'બોલો, હવે ક્યાં લેવડાવીશું રિક્ષા?'

'હવે તમે ઘેર જશો તો ય ચાલશે' મૌલિકે કહ્યું : 'હું રિક્ષામાં જતો રહીશ.'

'કેમ અધવચ્ચે જ ઉતારી મૂકવી છે?'

જાણે ઠપકો આપતી હોય એમ અલ્પાએ કહ્યું : 'તમારું ઘર જોઇ જઇશ તેથી કાંઇ હેરાન નહિ કરું તમને.'

જવાબમાં મીઠું હસતાં મૌલિકે કહ્યું : 'ભદ્ર તરફ લેવડાવો રિક્ષા.' અને રિક્ષા ચાલુ થતાં ઉમેર્યું : 'તમે તો જબરાં છો.'

'મને જબરી કહેનાર તમે પહેલા છો હોં' અલ્પાએ માર્મિક સ્મિત સાથે કહ્યું.

'સામાન્ય રીતે પહેલ કરવાની તો મને ટેવ નથી,' મૌલિકે અલ્પા સામે જોઇ હસતાં હસતાં કહ્યું : 'એટલે આ બાબતમાં કદાચ ઉતાવળથી કાંઇ કહેવાઇ ગયું હોય તો...'

દરમિયાનમાં રિક્ષાએ જમણી તરફ મોટો વળાંક લીધો એટલે મૌલિકથી કુદરતી રીતે જ અલ્પા તરફ નમી જવાયું અને એના ખભા પર એનું માથું ઢળી પડ્યું. એ સાથે જ એના વાક્યનો ઉત્તરાર્ધ '... માફ કરજો' પૂરો થયો તે જાણે આના અનુસંધાનમાં બોલાયો હોય તેમ બન્યું ક્ષોભ સાથે જલદી માથું ઊંચકી લેવા જતા મૌલિકના મસ્તકને અલ્પાના પ્રેમાળ સ્પર્શે એમ થતાં રોક્યું અને એ મસ્તક ત્યાં જ અટકી ગયું દોડતી પડદાવાળી રિક્ષામાં બે યુવાન હૈયાં એકબીજાને હુંફ આપતાં હાંફી રહ્યાં. અલ્પાનો હાથ મૌલિકના ગાલ પર ધીરેથી ફરતો હતો. અને તાવની ગરમીમાં આ શીતલ મૃદુ સ્પર્શ મૌલિકને અલૌકિક શાતા આપતો હતો. અનાયાસ એના હાથમાં અલ્પાનો કોમળ કર આવ્યો જે એણે સ્નેહથી પકડી રાખ્યો. આકસ્મિક થયેલા આ સ્પર્શમાં એકલી જ પવિત્રતા હતી. પાપ કોઇના દિલમાં નહોતું પણ એ પ્રેમળ સ્પર્શનું સુખ બંનેને ગમ્યું. કોઇ કશું બોલ્યું નહિ. પણ એમનાં મૌને એકબીજાને ઘણું કહ્યું. કોઇની કશી ગણતરી નહોતી, કોઇએ કશું ગોઠવ્યું નહોતું. છતાં જાણે ઘણુંબધું ગણાઇ ગયુ, ઘણુંબધુ ગોઠવાઇ ગયું. યુગોથી ધીખેલા સહરાને જાણે અમૃતભર્યો જલરાશિ મળ્યો! એલિસબ્રીજ પરથી રિક્ષા પસાર થતી હતી ત્યારે નીચે સાબરની નાની સરવાણી વહેતી હતી. અને ઉપર યુવાન હૈયાંના પવિત્ર પ્રેમનો સાગર લહેરાતો હતો! પુલ પાર કરતાં કરતાં તો મૌલિકના શરીરે પરસેવો વળી ગયો. પછી તો ડૉક્ટરે આપેલા ઈન્જેક્સનની અસરથી તાવ ઊતરતો હોય એટલે હોય કે પ્રેમના સ્પર્શની જાદુઇ અસરને કારણે હોય. મુખ પરનો પરસેવો લૂછવા મૌલિક પોતાનો રૂમાલ કાઢવા લાગ્યો ત્યાં જ પોતાની કિંમતી સાડીના પાલવથી અલ્પાએ એ લૂછી નખ્યો.

'અરે આમ તે...' બોલવા જતો મૌલિક 'હોય' શબ્દ બોલે એ પહેલાં તો નાકે આંગળી મૂકી 'ચૂપ' રહેવાનો સંકેત કરતી અલ્પા બોલી :



'આમ જ હોય, સમજ્યા?'

અને બંને એકબીજાની સામે જોઇ શરમાતાં શરમાતાં હસી રહ્યાં.

'કાંઇ અવિવેક થયો હોય તો...'

'ઘણો થયો છે,' ફરીથી વચ્ચે જ અલ્પા બોલી : 'હવે માફ નહિ થાય, સમજ્યા?'

અને તીવ્ર બુદ્ધિવાળો મૌલિક પોતાને નાના બાળકની જેમ પ્રેમથી ધમકાવતી આ તીવ્રતર બુદ્ધિવાળી યૌવના તરફ અહોભાવથી જોઇ રહ્યો, ત્યારે પ્રેમથી એના હાથને સ્પર્શતી અલ્પાએ ધીરેથી પૂછ્યું :

'શું જુઓ છો આમ? કાંઇ ખોવાઇ ગયું કે શું?'

'હા અલ્પા,' સંબોધનમાંથી 'બેન' શબ્દ અજાણતાં જ અદશ્ય થઇ ગયો, અને ગંભીર વાણીમાં મૌલિક બોલ્યો : 'હું જ અચાનક ખોવાઇ ગયો છું અને હું મારી જાતને જ શોધું છું.'

'મારામાં ખોવાઇ ગયા છો?' ગળામાં જ અવાજ સમાઇ જાય એમ અલ્પા બોલી.

જવાબમાં નાના બાળકની જેમ માથું હલાવી મૌલિકે 'હા' પાડી ત્યારે અલ્પાએ સંતોષનો દીર્ઘ શ્વાસ લીધો. અને એની આંખો પાણીમાં ડૂબી ગઇ.

'અલ્પા, આ શું?' ધીરેથી સ્નેહાર્દ્ર સ્વરે મૌલિકે કહ્યું : 'આંસુ!?'

'ના,' આંખના ખૂણા સાફ કરતી અલ્પાએ કહ્યું : 'આનંદ.'

ત્યાં જ રિક્ષા ધીમી પડી. મૌલિકે કહ્યું : 'લો ઘર આવી ગયું.' ત્યારે તત્કાળ સ્વસ્થ થઇ અલ્પાએ આંખના ખૂણા સાફ કર્યા.

'તો હું જાઉં હવે?' રિક્ષામાં બેઠાં બેઠાં જ અલ્પાએ રજા માગી.

'કેમ? અસ્વસ્થને આમ અધવચ્ચે જ છોડી દેશો?' મૌલિકે જાણે યાચનાપૂર્ણ સ્વરે કહ્યું !

'હવે તો તમે તમારા મુકામ પર, તમારે ઘેર આવી ગયા.' અલ્પાએ વિયોગદુઃખ સૂચવતી હોય એમ કહ્યું.

'સફર તો હજી હમણાં શરૂ થઈ, ત્યાં મુકામ કેવો?' અર્થ સભર વાણીમાં મૌલિકે કહ્યું : 'પ્રભુ કરે મુકામ પર પહોંચાય.'

'પહોંચાશે સાહેબ' રિક્ષા ધીમી પાડતાં રિક્ષાવાળાએય મૌલિકનું અંતરમાંથી ઊઠતું છેલ્લું વાક્ય સાંભળ્યું અને સહાનુભૂતિથી કહ્યું : 'જરૂર પહોંચાશે. મારી રિક્ષામાં બેસનાર એના મુકામ પર પહાચેં છે તો પછી પ્રભુની ગાડીમાં બેસનાર કેમ ન પહોંચે? એમાં જરૂર માત્ર શ્રદ્ધાની છે.' આમ કહેતાં એણે રિક્ષા થોભાવી. આધેડ ઉંમરના આ સંસ્કારી શ્રમજીવીની વાત સાંભળી આશ્ચર્ય અને આનંદ પામતાં મૌલિકે અલ્પા સામે જોયું ત્યારે એણે 'એ સાચું કહે છે.' એવા ભાવથી એની સાથે નજર મિલાવી અને બંને જણ નીચે ઊતર્યા. મૌલિક ગજવામાં હાથ નાખે એ પહેલાં જ અલ્પાએ રિક્ષાવાળાને ભાડુ ચૂકવી દીધું. સમભાવથી એની સામે જોતા રિક્ષાવાળાને એણે કહ્યું : 'તમારી વાત મનમાં સંઘરી રાખવા જેવી છે.'

'બહેન, હું તો અભણ માણસ. પણ આટલી શ્રદ્ધાને સહારે જ ગાડી ચાલે છે મારી.' કહી એણે રિક્ષા ચાલુ કરી અને 'આવજો બહેન' કહી એ ઊપડ્યો.

પોતે કાઢેલા પૈસા ગજવામાં પાછા મૂકતાં મૌલિકે કહ્યું : 'તમે અહીં પણ તમારું ધાર્યું જ કર્યું.'

'ના, હવે તમારુ ધાર્યું કરુ છું' અલ્પાએ હસીને કહ્યું : 'ચાલો ઘેર.'

મૌલિક ઘરનો દાદર ચઢતાં બોલ્યો : 'આવો.'

અલ્પા એને અનુસરી.

રાહ જોતી મૌલિકની માતાએ બારણું ખોલ્યું.

'આજે બહુ મોડું થયું બેટા!' ઘરમાં દાખલ થતા મૌલિકને એમણ કહ્યું. ત્યાં તો પાછળ પણ કોઈનો પગરવ સાંભળી પૂછ્યું :



'કોણ છે બીજું?'

'મહેમાન.' મૌલિકે હસતાં હસતાં માતાને કહ્યું અને અલ્પાને આવકારતાં કહ્યું : 'આવો અંદર.'

'નમસ્તે બા.' કહેતી અલ્પાએ દાદરના છેલ્લે પગથિયે પગ મૂક્યો.

'નમસ્તે બહેન, આવો.' કહેતાં સવિતાબહેન આગંતુકને ઓળખવા પ્રયત્ન કરી રહ્યાં.

'વગર તેડે આવે એ મહેમાન કહેવાય બા?' અલ્પાએ આત્મીયાભર્યા પ્રશ્નથી મૌલિકના આવકારની છણાવટ કરી.

'ના બહેન.' મૌલિકનાં માતા ખુશી દર્શાવતાં બોલ્યાં : 'એ તો ઘરનું માણસ કહેવાય.'

ત્યારે અલ્પાએ જાણે 'ઘરનું માણસ' શબ્દનો અર્થ સમજવા કહેતી હોય એવા ભાવથી મૌલિક સામે જોયું.

મૌલિકનાં દોર્યા બધાં અંદર દીવાનખાનામાં ગયાં.

'બેસો.' સોફા તરફ આંગળી ચીંધતાં મૌલિકે અલ્પાને કહ્યું અને પોતે પલંગ પર બેઠો. માથું ભારે હતું. અને સુસ્તી હતી એટલે સૂઈ જવાની એની ઈચ્છા હતી.

'લો બા આ દવા.' કહેતી અલ્પાએ પોતાના પર્સમાંથી નાની શીશી અને પડીકીઓ કાઢી ટેબલ પર મૂકી.

'દવા?' આશ્ચર્યથી સવિતાએ પૂછ્યું : 'કોની દવા?'

'આજે જરા મારી તબિયત ઠીક નહોતી બા.' ખુલાસો કરતાં મૌલિકે કહ્યું.

'હેં! શું થયું બેટા?' ચિંતાતુર ચહેરે પ્રશ્ન પૂછતાં સવિતા દીકરાની પાસે પલંગ પર જઈ બેઠાં અને એને માથે હાથ મૂક્યો.

'ચિંતાને કોઇ કારણ નથી બા.' મૌલિક બોલ્યો : 'આજે સાંજે લાયબ્રેરીમાંથી નીકળ્યો ત્યારે માથું જરા ભારે હતું. પછી બસની લાઇનમાં ઊભો હતો ત્યારે ચક્કર જેવું લાગ્યું. આ અલ્પાબેન લાઇનમાં મારી પાછળ થોડે દૂર હતાં. પાસે આવતાં એમણે આ વાત જાણી. પછી તો બાજી એમણે જ હાથ પર લઇ લીધી.'

'તમે ડૉક્ટરને ત્યાં જઇને આવ્યાં?' સવિતાએ આતુરતાથી પૂછ્યું.

'હા,' મૌલિક બોલ્યો : 'પણ આપણા નહિ. અલ્પાબેનના ડૉક્ટરને ત્યાં.'

'શું કહ્યું ડૉક્ટરે?'

'થોડી શરદી છે બા,' સવિતાના પ્રશ્નનો જવાબ આપતાં અલ્પાએ કહ્યું : 'ઇન્જેક્સન આપ્યું છે અને આ દવા છે. આ શીશીમાં પ્રવાહી છે અને આ બે પ્રકારની ટીકડીઓ તથા પડીકીઓ છે. દર ચાર કલાકે લેવાની છે એ.'

'બેન, બહુ તકલીફ લીધી તમે,' આભારવશતાથી સવિતાએ કહ્યું : 'તમે મારા મૌલિક સાથે ભણો છો?'

'એમાં તકલીફ શાની બા? એ તો મારી ફરજ હતી.' મીઠી ભાષામાં સંસ્કાર પ્રગટાવતી અલ્પા બોલી.

'છેલ્લાં ચાર વર્ષથી અમે સાથે ભણીએ છીએ બા.' મૌલિકે કહ્યું.

'ઓહો, તો તો એકબીજાને સારી રીતે ઓળખતાં હશો.' સવિતાએ કહ્યું : 'તો આજ સુધી એમને આપણા ઘેર તો કદી લાવ્યો નથી ભાઇ.'

'એ મારી સાથ બોલતા નથી, બા!' જો ફરિયાદ કરતી હોય એમ અલ્પા બોલી.

'કેમ? લડ્યાં છો કે શું?' સવિતાએ ગમ્મતમાં કહ્યું.

'અરે, લગભગ મળ્યાં જ આજે, પછી લડવાની તક જ ક્યાંથી મળે?' ગમ્મતમાં જોડાતાં મૌલિકે કહ્યું.



'અરે, હું તો વાતોમાં ને વાતોમાં તમને પાણી આપવાનું ય ભૂલી ગઇ.' કહેતાં સવિતા પાણી લેવા ગયાં ત્યારે અલ્પા ઊઠીને પાછળ ગઇ અને કહ્યું :

'એક કપ અને પાણી લાવો બા, એમને દવા આપી દઇએ.'

'તમે બેસો બેન.' સવિતાએ કહ્યું : 'હું લાવું છું.'

'હું લઇ જઇશ તો ઘસાઇ જઇશ?' કહેતી અલ્પા એમની પાસેથી કપ અને પાણી લઇ મૌલિક પાસે ગઇ, બાટલી હલાવી દાવ કાઢી અને પડીકીઓમાંથી ટીકડી કાઢી એણે મૌલિકને આપ્યાં.

'તમે તો અહીં પણ કામે લાગી ગયાં!' મૌલિકે કહ્યું : 'બેસોને શાંતિથી.'

'તમે સારા થઇ જાવ ત્યારે એક દિવસ આવીને શાંતિથી બેસીશ.' દવા પી રહેલો કપ મૌલિક પાસેથી પાછો લેતી અલ્પા બોલી. કપ લેતાં બંનેના હાથનો સ્પર્શ થયો અને ઘડીભર બંને એમ જ સ્થિર થઇ ગયાં. જાણે ભીંતચિત્ર!

'પછી આવીને પાછાં જતાં રહેશો?' મૌલિકે ગમગીનીભર્યા અવાજે પૂછ્યું.

'તે એમ જ હોય ને?' ધીમા અવાજે અલ્પા બોલી.

'ના, એમ ન હોય.'

'તો કેમ હોય?' કોઇ અપેક્ષીત જવાબથી પ્રશ્ન પૂછાયો.

'તમે અહીં કાયમ રહો એમ.' બાળકશી ઇચ્છા પ્રગટ કરતા મૌલિકે 'એમ' પર ભાર દેતાં કહ્યું.

'પારકાની છોકરીને આમ કહેવાય?' દવાનો કપ ટેબલ પર મૂકતાં શરમાતી અલ્પાએ પૂછ્યું. જો કે એમાં પ્રશ્ન કરતાં કૃત્રિમ અને પ્રેમાળ ઠપકાનો ભાવ વિશેષ હતો!

'હવે તમે ક્યાં પારકાં છો?'

'તો?'

'હમણાં જ તો કહેતાં હતાં કે 'હું મહેમાન' નથી!'

'પણ હવે લાગે છે કે હું મહેમાન છું.' અલ્પા 'છું' શબ્દ પર ભાર આપતાં બોલી.

'હવે એવું લાગવાનું કાંઇ કારણ?' મૌલિકે ભાવવાહી રીતે પૂછ્યું.

'કારણ હજી એકે આપણે એકબીજાથી ઘણાં દૂર છીએ.'

'દૂર છીએ! કેમ એમ લાગે છે તમને?' અધીરાઈથી મૌલિકે પૂછ્યું.

'આજે મેં એક સુંદર કવિતા વાંચી.' આંખોમાં મસ્તી લાવી સોફા પર બેસતી અલ્પા બોલી.

'આમાં મારા પ્રશ્નનો જવાબ ન આવ્યો.' મૌલિકે ટકોર કરી. એનું હૃદય પ્રેમવિહ્વળ બન્યું હતું!

'અરે! પણ બા કયાં ગયાં?' જરા આશ્ચર્ય પામી અલ્પાએ પૂછ્યું.

'આ વળી ત્રીજી વાત કાઢીને તમે,' હસતા મૌલિકે કહ્યું : 'પણ હમણાં પાંચેક મિનિટમાં આવે છે. મને કહીને જરૂરી કામે ગયાં છે.'

અંદરથી જ મૌલિકને સંકેત કરી સવિતા નાસ્તો લેવા ગયાં હતાં એટલે એને ખબર હતી.

'હા, પણ તમે કવિતાની વાત કરતાં હતાં,' મૂળવાત પર આવતાં મૌલિકે કહ્યું : 'તો તમને કવિતાઓ શોખ છે.'

'વાંચવાનો,' અલ્પા બોલી : 'ક્યારેક કોઇક સુંદર કૃતિ વાંચવા મળે તો મઝા આવે છે.'

'બહુ સરસ. એવું વાંચવાની કુટેવ મને પણ છે.' મૌલિકે કહ્યું : 'તમે વાંચેલી કવિતાની વાત કહી શકો?'



'લો, આ મારી નોટમાં મેં લખી લીધી છે. વાંચો.' મૌલિકના હાથમાં પોતાની નોટ ખોલીને આપતાં અલ્પા બોલી : 'કદાચ એમાંથી તમને તમારા પ્રશ્નનો ઉત્તર મળી પણ જાય.'

'ઓહ, સુંદર અક્ષર છે તમારા!' હાથમાં નોટ લેતાં જ મૌલિકે કહ્યું.

'મેં અક્ષરની પરીક્ષા કરવા નોટ નથી આપી.' ગમ્મત કરતી અલ્પા બોલી : 'કવિતા વાંચવા આપી છે.'

'સૉરી,' મૌલિક બોલ્યો : 'પણ સુંદર ચીજોને પ્રશંસવાની મને જરા ટેવ છે.'

'એ આજે જ જાણ્યું,' જાણે ઠપકો દેતી હોય એમ અલ્પા બોલી. પોતાની આજ સુધી કરેલ અવગણનાનો જાણે એ પડઘો પાડતી હતી.

'કારણ કે આપણે આજે જ મળ્યાં.' મૌલિક બોલ્યો.

'આજ સુધી હું મળવા જેવી નહિ લાગી હોઉં.' જરા મર્મમાં અલ્પાએ કહ્યું.

'એમ તો નહિ,' જરા સુધારો કરતાં મૌલિકે કહ્યું : 'પણ તમે મળી શકો એવાં છો એમ મને નહોતું લાગતું.'

'એવી દુર્લભ છું હું?'

'મને એમ લાગતું હતું.'

'હવે, કેમ લાગે છે?'

'હવે?' પ્રશ્ન પૂછી સહેજ અટકી મૌલિક બોલ્યો : 'હજીય શું કહેવાય? તમે તો...'

'હું,' છણકો કરતી અલ્પા ચાળા પાડતી બોલી : 'ત...મે...તો, કવિતા વાંચો છાનામાના.'

'અરે હા, વાત જરા આડે પાટે ચઢી ગઈ, નહિ?' કહેતો મૌલિક પાસે બેઠેલું સાંભળી શકે એટલા અવાજથી કવિતા વાંચવા લાગ્યો :

### તમે

તમે સૂવો તો સૂરજમુખી, ને જાગો તો ઉષા-સુરખી!
તમે ઊઠો તો સાગર-લહર, ને દોડો તો વાયુ પ્રબળ!
તમે અટકો તો પષ્પ-ભ્રમર, ને છટકો તો સ્વર્ગ-અમર!
તમે ગાઓ તો વહેતું ઝરણ, ને નાચો તો જંગલ-હરણ!
તમે હસો તો ફૂલ ઉદ્યાન, ને વસો તો રાધામાં કાન!
તમે વરસો તો શ્રાવણની ધાર, ને તપવો તો અગનભંડાર!
તમે ચમકો તો વીજળી-ગગન, ને રણકો તો મેઘ-સાવન!
તમે રીઝો તો બ્રહ્માનું સ્વરૂપ ને ખીજો તો શંકર સ્વરૂપ!
તમે હસો તો ફૂલડાં ઝરે, ને રુવો તો મોતી ખરે!
તમે કેવા તે કહ્યું ના જાય, ને દૂર હો તો સહ્યું ના જાય!
તમે હૃદયમાં સદા મારા, તમે આંખોના મારી તારા!
તમે 'તમે' ના, 'હું' છો સજન તમે!
હું 'હું' છું ના, હું તો વાલમ 'તમે'!

કાવ્ય અલ્પાના હૃદયભાવોને સ્પષ્ટપણે પ્રગટ કરતું હતું. નીચે નામ હતું 'અલ્પા શાહ' તારીખ પણ હતી, જે સૂચવતી હતી કે હજી બે-ત્રણ દિવસ પહેલાં જ એ લખાયું છે.

મૌલિકના હૃદયમાં આશ્ચર્ય અને આનંદના ભાવો ઊભરાયા.

'તો તું કાવ્ય પણ લખે છે અલ્પા?' એણે પૂછ્યું. પ્રેમના આવેગમાં હવે આત્મીયતાભર્યો 'તું' કાર થઈ ગયો!

'ક્યારેક આવાં ગાંડા કાઢું છું.' નીચું મુખ રાખી શરમાતી અલ્પા બોલી.

'ગાંડા નથી, ખૂબ સુંદર કાવ્ય છે.' મૌલિક બોલ્યો અને નોટ લેવા ઉઠેલી અલ્પાને પૂછ્યું : 'કોને સંબોધીને લખાયું છે આ?'

'જેની સામે અત્યારે હું ઊભી છું તેને સંબોધીને.' નીચી નજરે ધીમે સ્વરે અલ્પાના હૃદયમાંથી ઉદ્ગાર નીકળ્યા.



'ખરેખર?' આનંદના અતિરેકમાં અલ્પાનો હાથ પકડી લેતાં મૌલિકે જાણે સાશંક ભાવે પૂછ્યું : 'ખરેખર અલ્પા તું સાચું કહે છે?'

'શંકા છે તને?' સાહજિક 'તું' કારના સંબોધન સાથે અલ્પાની આંખમાં આંસુ ઊભરાયાં. આટલા નાના પ્રશ્નમાં એણે કેટલું બધું કહી દીધું!

'ના, હવે શંકા નથી.' કહેતા મૌલિકે એને નજીક ખેંચી અને પોતાના રૂમાલથી એનાં આંસુ લૂછ્યાં. ત્યાં જ દાદરનું બારણું ખખડ્યું ને એકદમ સ્વસ્થ થતી અલ્પા સહેજ સ્મિત કરી દૂર ખસીને સોફામાં જઈ બેઠી. પણ એ પહેલાં એણે મૌલિકના ગાલ પર હળવી ટપલી મારી લેતાં કહ્યું :

'આ રેડિયો કહે છે એ સાંભળ્યું?'

મૌલિકે કાન માંડયાં તો પડોશના રેડિયામાંથી મીરાંનું ભજન નીતરતું હતું :

'મને લાગી કટારી પ્રેમની...'

અલ્પાના મનોભાવને શબ્દશઃ વ્યક્ત કરતું એ ભજન મૌલિકના મનમાં વસી ગયું.

દાદરનું બારણું ખોલ્યા છતાં મૌલિકનાં માતા હજી નીચે ઊભાં ઊભાં જ કોઈની સાથે વાતો કરતાં હતાં એટલે સામે ટેબલ પર પડેલો પોતાનો ટ્રાન્ઝિસ્ટર રેડિયો માંગતાં મૌલિકે કહ્યું :

'પ્લીઝ અલ્પા!'

અલ્પાએ ઊઠી રેડિયો મૌલિકના હાથમાં આપતાં પહેલાં જ સ્વીચ ચાલુ કરી. અને આગળના ભજનની મધુર પંક્તિઓ ખંડમાં ગુંજી રહી :

'.............................
કાચે તે તાંતણે હરિજીએ બાંધી,
જેમ ખેંચે તેમ તેમની રે...
મને લાગી કટારી પ્રેમની

ત્યાં જ રેડિયોનું વોલ્યુમ ધીમું કરી નાખતી અલ્પાએ પરવશ જેમ મૌલિક સામે જોતાં પૂછ્યું :

'સમજ પડે છે આમાં કાંઇ?'

અને અલ્પાના હાથને હેતથી પકડતાં મૌલિકે કહ્યું :

'હા, બધી જ.'

ત્યારે ક્ષણભર બંને એક થઇ રહ્યાં!

પણ દાદરમાં પગરવ થયો ને બન્ને બે થઇ ગયાં!

ત્યારે કાવ્યસરિકા અલ્પાના મનમાં કોઇ કવિની ક્યારેક વાંચેલી પંક્તિઓ પડઘી રહી :

'કે'જો કૂકડાને જઇને છાનું કોક,
સૂતું જગાડે ન આજ પરોઢ;
અજવાળે એકનાં અનેક થતાં ભાસે,
મારે તો બે મટી એક થવા કોડ!

અનુક્રમ

## ૫ : પરફ્યુમ્ડ ગર્લ!

એક, બે ને ત્રીજે પગલે તો બે લગભગ બે અજાણ્યાં અંતર 'બે મટી એક થવાનાં કોડ' વાળાં થઇ ગયાં! કૉલેજના બસ સ્ટેન્ડ પર અસ્વસ્થ મૌલિકને અલ્પા મળી અને રિક્ષામાં એને પોતાના ડૉક્ટરને ત્યાં લઇ ગઇ એ એક પગલું. એ દરમિયાન બંને એક જ રિક્ષામાં હોવાને કારણે અને મૌલિક અસ્વસ્થ હોવાને લીધે પરસ્પરનો સ્વાભાવિક જ સ્પર્શ થયો. એ સ્પર્શે બંનેને યૌવનસહજ રોમાંચ થયો. વળી અલ્પાના અંતરમાં સહાનુભૂતિની લાગણી હતી, મૌલિકના અંતરમાં આભારની. આ બંને લાગણીઓએ પણ પ્રેમના અંકુરને પુષ્ટ કર્યો. વળી અલ્પા એને માત્ર ઘેર મૂકવા જ ન ગઇ, પ્રથમ પોતાના ડૉક્ટર પાસે લઇ ગઇ અને દવા લીધી. ઓછાબોલા, કાંઇક શરમાળ પણ ગુણજ્ઞ મૌલિકના હૃદયમાં તો આથી સ્વાભાવિક જ ઊંડાં સંવેદનો જાગ્યાં : 'કેવી ભલી છોકરી!' તેને થયું : 'ઔપચારિકતા માટે નહિ, સાચી લાગણીથી મને સાથ દીધો એણે!'

ડૉક્ટરના દવાખાનેથી મૌલિકના ઘેર બંને રિક્ષામાં સાથે ગયાં એ બીજું પગલું. અસ્વસ્થ મૌલિકનું માથું રિક્ષાના વળાંકને કારણે અલ્પાના ખોળામાં નમ્યું અને ક્ષોભથી એ ખસેડી લેતા મૌલિકના મસ્તકને અલ્પાએ પ્રેમાળ સ્પર્શથી પોતાના ખભા પર જ રાખ્યું! આ શીતલ સ્પર્શે તાવની ગરમીમાં મૌલિકને શાતા આપી અને બંનેના હાથ અનાયાસ ભેગા થયા. આ પવિત્ર સ્પર્શે પ્રેમનો અંકુર પાંગર્યો ને સાબરની સરવાણીએ એને પુષ્ટ કર્યો. મૌલિક જેવો કાંઇક અંશે સ્ત્રીભીરુ પુરૂષ જોતજોતામાં અલ્પામાં ખોવાઇ ગયો! ખુદ એને પોતાને જ એવો અનુભવ થયો. અલ્પાની આંખમાં ત્યારે આનંદના આંસુ આવ્યાં. મૌલિકને પોતાની જીવન સફર હવે જ શરૂ થતી લાગી અને મુકામ પર પહોંચવા માટે એણે ભગવાનને પ્રાર્થના કરી. 'જરૂર પહોંચાશે'ની શુભેચ્છા સાથે રિક્ષાવાળાએ ભગવાનમાં શ્રદ્ધા રાખવા સૂચવ્યું. અને એક અજાણ્યા ઘરમાં પ્રથમવાર પ્રવેશ કરતી અલ્પાએ પોતાના નિરાભિમાની ને

મળતાવડા સ્વભાવથી મૌલિકની માતા પાસે ય પોતાને માટે 'ઘરનું માણસ' જેવો શબ્દ પ્રયોગ કરાવ્યો!

થોડી વાર પછી મૌલિકનાં માતા અલ્પાની જાણ બહાર નાસ્તા માટે કાંઈક લેવા બહાર ગયાં અને રસ્તામાં કોઈક મળી જતાં તેની સાથે એ વાતોમાં રોકાયાં એટલે પાછા આવતાં ધાર્યા કરતા વધારે વાર લાગી. આ અડધોએક કલાક બંને જણ મૌલિકના ઘરમાં એકલાં રહ્યાં એ ત્રીજું પગલું. મૌલિકના હાથમાંથી દવાનો કપ પાછો લેતાં બંનેનો સ્પર્શ થયો અને ભીંતચિત્ર શાં બંને ઘડીભર સ્થિર થઈ ગયાં. અલ્પા ત્યાં કાયમ માટે રહે એવી ભાવના વ્યકત કરતાં મૌલિકે કહ્યું : 'હવે તમે ક્યાં પારકા છો?' મૌલિકને જ સંબોધીને પોતે લખેલું કાવ્ય 'તમે' વંચાવી અલ્પાએ પોતાના મનની બધી જ વાત એને કહી દીધી. અને એમાં પડોશના રેડિયોમાં ગૂંજતા મીરાંબાઈના ભજને પૂર્તિ કરતાં કહ્યું : 'મને લાગી કટારી પ્રેમની.' પછી ટ્રાન્ઝિસ્ટર મૌલિકના હાથમાં આપ્યો ત્યારે એ રેડિયો ગાતો હતો : 'કાચે તે તાંતણે હરિજીએ બાંધી, જેમ ખેંચે તેમ તેમની રે... મને લાગી કટારી પ્રેમની...' ત્યારે અલ્પાએ પૂછ્યું : 'સમજ પડે છે આમાં કાંઈ?' અણસમજુ બાળકને સ્નેહથી દેવાતા ઉપાલંભના ભાવ એમાં હતા જાણે! અને એવા જ નાના નિર્દોષ બાળકની જેમ મૌલિકે જવાબ આપતાં કહ્યું : 'હા, બધી જ સમજ પડે છે.' ત્યારે ક્ષણભર બંને એક થઈ રહ્યાં. અને આ ત્રીજા પગલે બ્રહ્માંડ જીતાયું! થોડા કલાક પહેલાં જ અંકુરિત થયું લાગતું એ પ્રેમબીજ માત્ર પત્ર અને પુષ્પોથી લદાયેલો છોડ ન રહ્યું, વિશાળ વટવૃક્ષની ઘટા એણે ધારણા કરી જેની શીળી છાંય નીચે બંને સ્નેહી હૈયાં એક બની ધબકી રહ્યાં.

માત્ર બેત્રણ કલાકમાં જ લગભગ શૂન્યમાંથી સર્જન પામી શિખર પર પહોંચેલી આ પ્રેમકહાનીમાં નથી અતિશયોક્તિ કે નથી અસંભવિતતા. ત્રણ પગલામાં તો વામન સ્વરૂપ વિષ્ણુએ ત્રણ લોક માપી લીધાં હતાં? અને વળી આ પ્રેમકહાની કાંઈ ખરેખર શૂન્યમાંથી જ થોડી સર્જન પામી હતી?

હકીકતમાં મૌલિકને પહેલા વર્ષે પ્રથમ જોયો ત્યારથી જ અલ્પાના હૃદયતાર ઝણઝણવા લાગ્યા હતા. શરૂમાં અવજ્ઞા કરવા છતાં સતત ત્રણ વર્ષર્ન આ ઝણઝણાટે મૌલિક માટે એના અંતરમાં એક વિશિષ્ટ સ્થાન ઊભું કર્યું હતું. અને ડીબેટીંગ સોસાયટીના સેક્રેટરી તરીકે મૌલિકે જ અલ્પાના



નામનું સૂચન અને એ માટે આગ્રહ કર્યા ત્યારે અલ્પાનો મનમયૂર નાચી ઊઠ્યો-મૌલિકની એના તરફની મમતા જોઈને સ્તો.

તો અલ્પાનું આગવાપણું ચાર વર્ષથી સાથે ભણતાં મૌલિકની ધ્યાન બહાર થોડું જ રહ્યું હશે? એ શાંત, સંયમી અને આત્મનિષ્ઠ હતો. અન્ય કૉલેજીયનો જેવો ઉછાંછળો નહોતો. પુષ્પે પુષ્પે ભમતા સ્વચ્છંદી પતંગ જેવો એ નહોતો. પણ અરસિક પુસ્તક પંડિત પણ નહોતો. સૌન્દર્યને એ જોતો, જાણતો અને આનંદતો. એટલે પોતાની સાથે અલ્પા જેવી સુંદર, શાંત, પ્રતિભાવાન યુવતી ભણતી હોય અને તે ય સતત ચાર વર્ષથી ભણતી હોય ત્યારે એનાથી એ અજાણ થોડો જ રહી શકે? અથવા એનું રસિક મન એથી અસ્પૃશ્ય થોડું જ રહ્યું હોય? અલબત્ત, મનના બધા જ ભાવો અને ઈચ્છાઓ વાણી કે વર્તન દ્વારા પ્રગટ કરી દેવાની અધીરાઈ, આછકલાઈ કે ઉદંડતા એનામાં નહોતાં. એટલે જ ક્યારેક અલ્પાને પણ લાગેલું ને કે એ કશી ઉષ્મા બતાવતો નથી! પણ અલ્પા માટેના સ્નેહનું બીજ એના હૃદયમાં ય જરૂર રોપાયું હતું માટે જ તો ડીબેટીંગ સોસાયટીના સેક્રેટરીપદનો સવિનય અસ્વીકાર કરતાં કરતાં એણે એ સ્થાન માટે અલ્પાના નામનું સૂચન કર્યું ને! પ્રેમબીજનું એ પહેલું પ્રગટીકરણ- પણ એ પછી ય આ સંયમી સ્નેહીઓએ કશી ઉતાવળ કરી નહિ, કે સ્વભાવને કારણે એ એમ કરી નિકટ આવી શક્યાં નહિ. છતાં સ્નેહનું સંવનન બંનેના મનમાં સદાય થયા કર્યું.

ખેડૂત બળબળતા ઉનાળામાં ય ખેતરમાં ખેડ કરી રાખે છે, એમાં ખાતર નાખી રાખે છે, જમીનને તપવી, ગોડવી તૈયાર કરી રાખે છે. સચેત હોય તો એ વરસાદ થતાં પહેલાં એમાં બી પણ ઓરી રાખે છે. આટલી તૈયારી પછી પહેલા જ વરસાદે એનું બી ઊગી નીકળે છે અને જોતજોતામાં તો એનું ખેતર ઊગીને ચાસે પડી જાય છે! બીજાં ખેતર હજી ઓરાયાં પણ ન હોય ત્યારે આવા સચેત ખેડૂતનાં ખેતર રાગે પડી ગયાં હોય છે. પૂર્વભૂમિકાનું આ મહત્ત્વ છે. ખેતીની આ રસમ છે. પછી એ તો ધરતીની ખેતી હોય કે મનની.

જો કે ધરતીની ખેડ ખેડૂત બુદ્ધિપૂર્વક યોજનાબદ્ધ રીતે કરી રાખે છે, જ્યારે મનની ખેતી આપણને ખબર પણ ન પડે એ રીતે ઘણી વાર આપોઆપ થાય છે. પ્રેમનું બી મનક્ષેત્રમાં વાવવું નથી પડતું. એ આપમેળે

વવાય છે. પ્રેમ પ્રયત્નપૂર્વક કરાતો નથી, એ તો અનાયાસ અજાણતાં જ થઈ જાય છે. કારણ, એમાં કશા વળતરની અપેક્ષા નથી હોતી. એકના હજાર કણ મેળવવાની એમાં ગણતરી નથી હોતી. પ્રેમ બુદ્ધિપૂર્વકનો ધંધો નથી, એતો મનનો ધર્મ છે.

એટલે મૌલિક અને અલ્પાના હૃદયમાં પ્રેમનાં બીજ તો વવાઈ ચૂકેલાં જ હતાં. હા, કદાચ અલ્પાના હૃદયમાં એ વહેલાં વવાયાં હશે અથવા પ્રમાણમાં વિશેષ સંયમી મૌલિકના વર્તનમાં એનો પ્રાદુર્ભાવ એકદમ નહિ થયો હોય. પણ પ્રેમ-બીજની વાવણી તો બંનેનાં મનઃક્ષેત્રોમાં થઈ જ ગઈ હતી. એટલે મૌલિકની શારીરિક અસ્વસ્થતાને કારણે પ્રકટ થયેલ સમભાવ અને બસ સ્ટેન્ડથી દવાખાનું, દવાખાનાથી મૌલિકનું ઘર, એ દરમિયાનની ટૂંકી રિક્ષાયાત્રા સમયે જ બંનેના પ્રમે-બીજે અદ્‌ભુત ત્વારાથી વૃક્ષનું રૂપ ધારણ કરી લીધું અને બંને સ્નેહી હૃદયો એકબીજામાં ખોવાઈ ગયાં. મૌલિકને ઘેર ગયા પછી મળેલું થોડા સમયનું એકાંત આ પ્રેમપંથા પથિકોનું પવિત્ર મંદિર બની ગયું અને બંનેના આત્મા એક બની ગયા! ભક્તિ જો સાચી હોય તો ભક્ત અને ભગવાન જુદા નથી હોતા, બંને એકરૂપ બની જાય છે. પ્રેમ જો સાચો હોય તો પ્રેમીઓ જુદાં નથી હોતાં-એમનાં બે તનમાં એક જ મન હોય છે. અને ભક્તનો પ્રેમ સાચો હોય તો ભગવાન મળતાં વાર પણ નથી લાગતી. સુધન્વા કે પ્રહ્‌લાદ જેવા ભક્તોને બાળપણમાં જ તો ભગવાન મળ્યા હતા! પ્રેમની તીવ્રતા જેટલી વધુ તેટલું હૃદયનું મિલન વહેલું. અલ્પા અને મૌલિક પણ આવા જ સાચા પ્રેમના તીવ્ર વેગને કારણે માત્ર બે ત્રણ કલાકના ટૂંકા ગાળામાં જ પૂર્વ ભવનાં પ્રેમીઓની જેમ બહુ ઝડપથી એક બની ગયાં. આત્માએ આત્માને ઓળખ્યો. અને આત્માની ઓળખ પછી કશું જ અશક્ય નથી.

એટલે સવિતા જ્યારે ઘેર આવ્યાં ત્યારે તો અલ્પા અને મૌલિક એકબીજાને ઓળખી ચૂક્યાં હતાં, એકબીજાનાં બની ચૂક્યાં હતાં!

‘માફ કરજો બેન.’ ઘરમાં પેસતાં જ સવિતાએ કહ્યું : ‘મારે જરા મોડું થઈ ગયું.’



એમને શી ખબર કે સમયસર આવ્યાં હોત તો આ પ્રેમી પંખીડાં માટે એ વહેલાં પડત!

‘એમ શું બોલો છો બા?’ વિવેકી અલ્પાએ કહ્યું : ‘પણ કાંઈ કામ હતું તો મને કહેવું હતું ને.’

‘તમે તકલીફ લઈ મૌલિકને અહીં મૂકવા આવ્યાં એ ઓછું છે તે પાછી તમને ધક્કા ખવડાવું,’ કહેતાં સવિતા હાથમાં નાસ્તાની ડીશો લઈને રસોડામાંથી ડ્રોઈંગ રૂમમાં આવ્યાં.

‘આ તમે શી ધમાલ કરી બધી?’ અલ્પા બોલી : ‘હું મહેમાન થોડી જ છું!’

‘કશી ધમાલ નથી કરી,’ ટેબલ પર બે ડીશો મૂકતાં સવિતા બોલ્યાં : ‘અને ઘરનાં માણસોને ય કાંઈ ભૂખ્યાં થોડાં જ રખાય છે? લો ખાવ, હું ચા બનાવું.’

‘બા, એ ચા નથી પીતાં.’ પાછાં વળતાં સવિતાને મૌલિકે કહ્યું. પોતે ચા નથી પીતી એ મૌલિક જાણે છે એનું અલ્પાને આશ્ચર્ય થયું. ‘હં, તો મારામાં પહેલેથી જ છૂપો રસ લે છે.’ એવા માર્મિક ભાવથી એણે મૌલિક સામે જોયું. ત્યારે અચકાઈને ઊભેલાં માતાને એણે કહ્યું :

‘કૉફી બનાવો બા.’

‘હા બેટા, પણ તારા માટે તો ચા જ કરું ને?’ સવિતાએ પૂછ્યું.

‘બા, ચા કે કૉફી કશાની જરૂર નથી.’ અલ્પાએ કહ્યું : ‘તમે બધી દોડાદોડી રહેવા દો.’

‘ચાની તો જરૂર છે મારે,’ મૌલિક હસતો હસતો બોલ્યો : ‘પણ મારે ય કૉફી ચાલશે બા.’

‘નહિ, તો પછી મારે જ ચા ચાલશે,’ અલ્પા બોલી : ‘હું ચા નથી પીતી એવું નથી. જરૂર પડ્યે ક્યારેક પી લઉં છું.’

‘આ તો બંને ત્યાગી નીકળ્યાં!’ હસતાં હસતાં સવિતા બોલ્યાં : ‘હવે મારે શું બનાવવું?’

'તો બા, ચા જ બનાવો.' કહેતા મૌલિકે અલ્પાને નાસ્તાની ડીશ તરફ આંગળી ચીંધતાં કહ્યું : 'શરૂ કરો, મારે તો ખાવું નથી.'

'તમે ખાવ બેન.' કહેતાં સવિતા રસોડામાં ચા બનાવા ગયાં.

'કેમ ખાવું નથી?' અલ્પાએ પૂછ્યું : 'મારી સાથે નહિ ભાવે?'

'આમ શું બોલે છે?' અલ્પા તરફ પડખું રાખી સૂતેલા મૌલિકે કહ્યું : 'તબિયતને કારણે રુચિ નથી.'

'આ બિસ્કિટ તો ખા,' હાથમાં બિસ્કિટ લઇ મૌલિક તરફ ધરતાં પ્રેમપૂર્વક અલ્પાએ કહ્યું.

જવાબમાં મૌલિકે મુખ ખોલ્યું અને અલ્પાએ હાથમાંનું બિસ્કિટ એમાં મૂક્યું જેને બટકું મારી લેતાં મૌલિકે ઈરાદાપૂર્વક અલ્પાની આંગળીએ હોઠ ભીડી દીધા. ધીરેથી આંગળાં પાછાં ખેંચી લેતાં અલ્પા ત્રાંસી નજરે ખૂબ ધીમેથી બોલી :

'લુ...ચ્ચા...'

પણ અલ્પાના મુખભાવ તો કહેતા હતા કે આ લુચ્ચાઇ એને ગમી હતી. મૌલિકે બટકું ભરી લેતાં વધેલો ટુકડો અલ્પાએ એને દેખતાં જ પોતાના મોંમાં મૂકી દીધો! ત્યારે 'અરે...' કહેતા મૌલિકને અલ્પાએ કહ્યું :

'કેમ શું થયું? જોઇએ તો બીજું છે.'

બેત્રણ બિસ્કિટ અને કેળાંને આમ ન્યાય અપાયો ત્યાં ચાના કપ સાથે પ્રવેશ કરતાં સવિતા બોલ્યાંઃ

'તમે તો હજી કાંઇ ખાધું ય નહિ ને બેન?'

'બા, આટલું બધું તો મેં એકલીએ ખાધું.' મૌલિક તરફ ત્રાંસી નજરે જોઇ લેતાં અલ્પા બોલી.

'મૌલિકને તો કદાચ તાવને કારણે નહિ ભાવે, પણ તમે ખાવને' સવિતાએ આગ્રહ કર્યો.

'બસ બા, પેટ ભરાઇ ગયું પણ.' અલ્પા શરમાઇને અટકી.



'પણ શું બેન?' ધીરેથી છેલ્લા બોલાયેલા શબ્દને પકડી સવિતાએ પૂછ્યું.

'પણ મન ધરાતું નથી.' એમ અલ્પાને કહેવું હતું. પણ એવું થોડું જ કહેવાય? એટલે એણે વાત બદલતાં કહ્યું :

'પણ તમે કાંઇ ખાવને બા.'

'ના બેન, મારે તો સોમવાર છે, હું ચા પીશ તમારી સાથે.' કહેતાં સવિતા પોતાનો ચાનો કપ લેવા રસોડા તરફ ગયાં.

બધાંએ સાથે ચા-પાણી કર્યાં. થોડી વાતો કરી સવિતા રસોડામાં પોતાને કામે વળગ્યાં. ત્યારે અલ્પાએ મૌલિકના માથે હાથ મૂકી જોતાં પૂછ્યું :

'મૌલિક, હવે કેમ છે તબિયત?'

'તબીયત તો સારી છે અલ્પા, પણ...' કહેતો મૌલિકે અટકીને અલ્પા સામું જોઇ રહ્યો.

'પણ શું?'ગળામાં જ સમાઇ જતા અવાજે અલ્પાએ પૂછ્યું. જાણે એ જાણતી જ હતી કે 'પણ' શું હતું!

'પણ તનનું દુઃખ હવે મનમાં વસશે અલ્પા.' ફિક્કા સ્મિત સાથે મૌલિકે કહ્યું.

'એ તો ઉભય પક્ષે થશેને?'

'એમાં શો શક?'

'છતાં આવાં દુઃખ પણ સુખકર લાગે છે, નહિ મૌલિક?'

'એમ સાંભળ્યું છે ખરું, અનુભવ હવે કરીશ.'

'આ તો પ્રેમપંથનું પ્રથમ સોપાન છે મૌલિક, આવા તો કદાચ ઘણા અનુભવ થશે આપણને!' જાણે કોઇ અગમ્ય ભાવિની આગાહી કરતી હોય એમ નરમ પડી જતી અલ્પા બોલી.

'એમ ન બોલ અલ્પા,' એકદમ બેઠો થઈ જતાં મૌલિક જાણે ગભરાઈને બોલી ઊઠ્યો : 'એમ ન બોલ. મારે એવા ઘણા અનુભવ નથી કરવા. એવા દુઃખદ અનુભવો કરવાનું મારુ ગજું નથી મારે તો એક જ અનુભવ કરવો છે, એક જ અનુભવ...કરવો...છે...મારે.'

'અને તે...?'

'અને તે ભવસાથી બની જીવનભર અલ્પાના સ્નેહસાગરમાં ડૂબ્યા રહેવાનો.' મૌલિક જાણે પ્રભુ પાસે યાચી રહ્યો હોય તેમ બોલ્યો. એ એવો પ્રેમવિભોર બની ગયો કે એની આંખમાં આંસુ આવી ગયાં.

'આ શું મૌલિક!' પોતાના કરચીફથી એ આંસુ લૂછતી, રસોડા તરફ નજર નાખતી અલ્પા બોલી.

'કાંઈ નહિ અલ્પા.' સ્વસ્થ થતો સ્મિત કરતો મૌલિક બોલ્યો, 'આ તો જરા મનની અધીરાઈ'

'પ્રેમમાં અધીરાઈ સ્વાભાવિક છે મૌલિક.' અલ્પાએ એની લટ સમારતાં કહ્યું : 'પણ તારા જેવા સ્વસ્થચિત્ત શાણા પુરૂષ માટે ય એ આવી જ સ્વાભાવિક હશે એમ માન્યામાં નથી આવતું. ઠીક, ચાલ, હવે તું સૂઈ જા શાંતિથી...'

'સાંભળ્યું છે કે પ્રેમીઓ માન્યામાં ન આવે એવી રીતે જ વર્તે છે.' અલ્પાની આજ્ઞાથી સૂઈ જતાં હસતો મૌલિક બોલ્યો.

'હા, સાચી વાત છે,' પોતાના રિસ્ટ વૉચ તરફ જોતી અલ્પા કાંઈક ઉતાવળમાં હોય તેમ બોલી : 'માટે જ હું અત્યાર સુધી ઘરની બહાર છું આજે.'

'મોડું થયું, નહિ?' મૌલિકે પૂછ્યું.

'હા, ધાર્યા કરતાં ઘણું.' કહેતી અલ્પાએ કાનમાંથી સુગંધીદાર અત્તરનું પૂમડું મૌલિકને આપતાં કહ્યું :

'લે આ રાખ'

'કેમ તારી યાદ રહે એટલે?'



'તું જે માને તે.'

'પણ એ તો ઊલટું તારી યાદ આવી વિરહદુઃખને વધારશે.'

'હવે વિરહદુઃખથી ડરે નહિ ચાલે મૌલિક, એ તો હવે થોડો સમય સહ્યે જ છૂટકો.'

'થોડો સમય એટલે કેટલો?'

'એ બધું પછી નિરાંતે નક્કી કરીશું. અત્યારે તો મને જવાની રજા આપ.'

'અલ્પા,' ભાવવાહી ધીમા સ્વરે મૌલિકે કહ્યું : 'કૉલેજમાં તને બધા 'પરફ્યુમ્ડ' ગર્લ કહે છે. જાણે છે તું?'

'હા, જાણું છું મૌલિક,' અલ્પાએ કહ્યું : 'પણ મને અત્તરનો શોખ છે જરા. એટલે કહેનારા ખોટા તો નથી જ. પણ તને શું લાગે છે?' અલ્પાએ વેધક નજરે પૂછ્યું.

'મને?' અલ્પાનો હાથ પકડી લેતાં અર્ધા બેઠા થઈ ગયેલા મૌલિકે કહ્યું : 'મને તો તું 'લાઈફ પરફ્યુમર' લાગે છે અલ્પા.'

'પગલા કહીના,' કહેતી અલ્પાએ ધીરે ધીરે પોતાનો હાથ સેરવી લીધો. પછી થોડી વાર છવાયેલા મૌનનો ભંગ કરતાં એણે પછ્યું.

'તો હું જાઉં, મૌલિક?'

'હા, અલ્પા, મારી બુદ્ધિ કહે છે કે મારે તને જવા દેવી જોઈએ, પણ મન ના પાડે છે.'

'તો આજે આપણે તારી બુદ્ધિની વાત માનીએ,' મજાક કરતી અલ્પા બોલી : 'મનની વાત ફરી ક્યારેક માનીશું. બુદ્ધિ કહે છે એ વાતમાં ય કાંઈ કારણ તો હશે જ ને?' આમ કહેતી અલ્પાએ પોતાનો કમળ જેવો હાથ મૌલિકના મુખચંદ્ર પર મૂક્યો અને ચુંબનના એક સીસકારા સાથે મૌલિકે પૂછ્યું :

'ફરી કયારે મળીશ, અલ્પા?'

‘વહેલી અનુકૂળતાએ. પણ કૉલેજમાં તો આમે ય રજા જેવું જ છે. એટલે તબિયત સારી થાય તયાં સુધી લાયબ્રેરીમાં આવવાની ઉતાવળ ના કરતો તું.’

‘જોઈશ.’

‘જોઈશ નહિ. આરામ કરજે અનો દવા લેજે.’

કહેતી અલ્પાએ મૌલિકના ગાલનો સ્પર્શ કરી કહ્યું : ‘આ...વ...જે...’

‘આ...વ...જે...’ કહેતો મૌલિક જતી અલ્પાનો જોઈ રહ્યો. પ્યાસી નજરે!

‘બા, આવજો.’ અલ્પાનો અવાજ સંભળાયો : ‘દવા સમય સર આપજો અનો ચિંતા ન કરશો, તબિયત સારી છે હવે તો.’

‘આવજો બેન,’ વિવેકપૂર્વક સવિતા બોલ્યાં : ‘બહુ તકલીફ લીધી તમે.’

‘ફરી પાછું એમ બોલ્યાં બા!’ મૌલિકનો અલ્પાનો અવાજ સંભળાયો : ‘મેં કહ્યું નો કે આ તો મારી ફરજ હતી. હું કાંઈ પારકી થોડી છું બા?’ અનો ‘આવજો’ કહેતી એ દાદર ઊતરી ગઈ.

‘આવજો બોન.’ કહેતાં સાવિતા પણ પોતાની બાનીનો આવેલી આ પારકી જણીની મીઠાશ પર મુગ્ધ થતાં પાછાં વળ્યાં! રસોડા તરફ જતાં જતાં એ વિચારતાં હતાં :

‘કેવી વ્હાલસોયી છોકરી છે! આવી ત્યારે અજાણી હતી, પણ ગઈ ત્યારે લાગે છે જાણે કોઈ પોતાનું ગયું!’

✦ ✦ ✦ ✦ ✦

અનુક્રમ

## ૬ : સૂના પનઘટની પનિહારી

અલ્પાના ગયા પછી સવિતા બાકીનું બધું કામ પરવાર્યાં, મૌલિકને જમવું નહોતું એટલે એને દૂધ કરી આપ્યું, દવા આપી અને છેવટે સૂઈ ગયાં, તો ય બધો વખત એમના મનમાંથી એ છોકરી ખસતી નહોતી.

‘શું હતું નામ એનું?...હા, અલ્પા... સુંદર નામ છે...પણ એય ક્યાં ઓછી સુંદર છે! કોઈ સુખી અને સંસ્કારી ઘરની હશે. કેવી મીઠી ભાષા! આવતામાં જ મને ‘બા’ કહેવા માંડી. ઘડીવારમાં તો મૌલિકની કેવી બધી કાળજી કરી!...ઘરને એવું ભર્યુંભર્યું કરી દીધું કે એ ગઈ ત્યારથી જાણે સૂનુંસૂનું લાગે છે!...મૌલિકના કહેવા પ્રમાણે તો બન્ને જણ ચાર વર્ષથી સાથે જ ભણે છે...અને તો ય લગભગ મળ્યાં જ આજે એમ કહે છે! કેવું વિચિત્ર! જવાન છોકરાંનું શું કહેવાય? પણ આ મૌલિક હમણાં લગ્ન તો શું, વિવાહની પણ ના કહ્યા કરે છે તે...તે આ છોકરીને કારણે જ તો નહિ હોય ને? એમ પણ હોય. જો કે એમ હોય તો ય મને ક્યાં વાંધો છે હવે? મારે તો આંખ મીંચાતા પહેલાં એને પરણેલો જોઉં એટલે બસ. એનાં ભાઈ-ભાભીએ તો છોકરી પસંદ કરીને કાગળ લખ્યો છે, એટલે મુંબઈ જઈને છોકરી જોઈ આવે અને પસંદ કરી લે તો ઠીક છે. નહિ તો કહીશ કે ‘ભાઈ, આ છોકરી ગમતી હોય તો એ. અમને વાંધો નથી. પણ હવે હા પાડે તો સારુ.’ મને હવે દેહનો ભરોંસો નથી...અને અલ્પા છે ય ઘર શોભાવે એવી. એની ને મૌલિકની જોડી કેવી નજર લાગે એવી બને...!’

આવા અનેક વિચારો સવિતાને આજે ઊંઘવા નહોતા દેતા. આજે પહેલી જ વાર જોયેલી એક અજાણી છોકરીએ સવિતા જેવી શાણી સ્ત્રીના અંતરમાં ય સ્થાન જમાવી એની ઊંઘ ઉડાડી દીધી તો પછી મૌલિકની તો વાત જ શી! એને માટે તો આજનો દિવસ અપૂર્વ અનુભવનો દિવસ હતો. અણકલ્પ્યા આનંદનો અવસર હતો. હૃદયના સૂના પનઘટ પર આજે કોઈ પનિહારિએ બેડલાં ઊતાર્યાં હતા! પછી ઊંઘ કેવી? દિવસનું ચરેલું રાત્રે

વાગોળતાં પશુની જેમ એ દિવસની સાંજના બનાવો મૌલિકનું મન વાગોળી રહ્યું. એક પછી એક બધા બનાવો એની નજર સમક્ષ આવવા લાગ્યા.

'સ્ટેન્ડ પર લાઇનમાં ઊભા રહ્યા પછી તબિયત ખરાબ લાગવી...અલ્પાનું પાસે આવવું...'કેમ તબિયત ઠીક નથી?'એમ પૂછવું...રિક્ષામાં પોતાના ડૉક્ટર પાસે લઇ જવું...ત્યાંથી સાથે ઘેર આવવું... દવા પતાવી...અને આ બે-ત્રણ કલાક દરમિયાન જ બન્નેનું એકબીજામાં ખોવાઇ જવું...કેવું અદ્‌ભુત!...કેવું અપુર્વ!...કાલે અમે એકબીજાનાં કશાં ય નહોતાં, આજે અમે એકબીજા વિના કશું ય નથી!...આટલી ઝડપે આવું કશું બની શકે? માન્યામાં ન આવે એવું સત્ય છે આ!...સત્ય? કે પછી ભ્રમ? હેં, ભ્રમ! શું મારો ને અલ્પાનો પ્રેમ એક ભ્રમ છે? શું...મૃગજળ છે એ? નાના, ભ્રમ શાનો? મૃગજળ શાનું? મેં અનુભવ્યો છે એ પ્રેમ...શું? ફરેબ? શાનો ફરેબ? શાથી ફરેબ? કોણ ફરેબી કરે? હું કે એ? શા માટે? છટ્‌, કેવો દુર્વિચાર મારી અલ્પા માટે! અત્તરની મહેકતી સુગંધ શી અલ્પા મારા જીવનને ભર્યુંભર્યું કરી દેશે. આજ સુધી હું પરણવાની ના કહેતો હતો, અનેક સુંદર કન્યાઓના માંગાં પાછા ઠેલતો હતો. એ અલ્પા માટે જ હશે ને? અ...લ્પા–'

અને અંધકારમાંથી મૌલિકની આંખ સામે એક મૂર્તિ ઊપસી આવી: સુંદર આરસ-પ્રતિમા શી, લાંબી પાતળી ડોકમાં ચમકતી પાતળી સુવર્ણસેર, ગણવાનું મન થાય એવી સુંદર દંતકળીઓ, કુંડળે દમકતા કાન, સાદા અંબોડે શોભતું મોગરાનું ફૂલ, ગુલાબી વુલી સાલીમાં હાંફતું પુષ્ટ વક્ષ:સ્થલ, મોતીના કંગનથી શોભતો જમણો હાથ અને સુંદર ડાબા હાથની શોભા વધારતું સોનેરી રિસ્ટ વૉચ, માત્ર એક જ વીંટીથી શોભતી પાતળી લાંબી આંગળીઓ અને સુઘડ રીતે કાપેલા, કેસરી રંગે રંગાયેલા નખ,હોઠ પર લિપ્સ્ટીકની આછી રેખા, કાળી ભ્રમરના કલાત્મક વળાંક નીચે અવનવા ભાવ દર્શાવતી હરણી જેવી ચપળ આંખો – આવી સુંદર સ્નેહાળ યૌવનાને સૂર્ય પણ વાદળની ઓથે લપાઇને ઘડીભર જોઇ લેતો હશે, પવન પણ એને મૃદુ સ્પર્શ કરી ક્ષણભર રોકાઇ જતો હશે! આવી દેવલોકની દેવીએ આજે સદેહે આવી એની સારવાર કરી હતી, એને સ્નેહનાં દાન દીધાં હતાં! પછી મૌલિકને ઊંઘ શી રીતે આવે? પલંગમાં પાસાં ફેરવતો એ વિચારતો હતો :

'મોટા ભાઇ અને ભાભીએ મને મુંબઇ બોલાવ્યો છે કોઇ કન્યા જોવા. લખે છે : 'ખૂબ સુંદર અને સંસ્કારી છોકરી છે... આપણી ન્યાતની



છે...પરદેશથી હમણાં જ એના પિતા સાથે આવી છે...અમને બન્નેને ખૂબ ગમી ગઇ છે... તારે પરદેશ જવું હશે તો પણ ખૂબ સરળતાથી શક્ય બનશે... અમે તો લગભગ નક્કી જ કરી નાખ્યું છે, તું આવીને જોઇને સંમતિ આપે એટલું જ બાકી છે... લગ્ન તારી ઇચ્છા હશે ત્યારે કરવા પણ એ લોકો તૈયાર છે, ઉતાવળ નહિ કરે...'

'પણ...' સ્વગત બોલતા મૌલિકે પાસું ફેરવ્યું અને વિચારી રહ્યો : 'પણ કેવો જોગાનુજોગ! તબિયત બગડી નહોત તો ભાઇ-ભાભીનું માન રાખવા માટે પણ હું કાલે મુંબઇ જવાનો હતો. પરંતુ હવે શાથી જાઉં? જવાનો શો અર્થ હવે? કદાચ આ પરદેશી થોડાં મોડાં પડ્યાં. એ કન્યાને હું જોવા જાઉં એ પહેલાં જ અલ્પાએ મને જોઇ લીધો. અને હું કોઇનો બની જાઉં એ પહેલાં જ એણે મને એનો બનાવી લીધો! બહુ ઝડપ કરી એણે! કોઇ દિગ્વિજયી સમ્રાટની જેમ એણે અભેદ્ય ગણાતા મારા દિલના દુર્ગને જીતી લીધો ને મારા હૃદય-સિંહાસને બીરાજી ગઇ! વાંચ્યું છે કે હરણનો શિકાર કરતાં દુષયન્તને વનમાં અચાનક જ શકુંતલાનો ભેટો થઇ ગયો અને પ્રથમ નજર મળતાં જ બન્ને પરસ્પરમાં ખોવાઇ ગયાં! હવે લાગે છે કે એ સાચું હશે...તો ભાઇને લખી દઇશ કે ત્યાં આવવાની જરૂર નથી હવે...પણ દુષ્યન્ત તો શકુંતલાને ભૂલી ગયો હતો!' આવા અમંગળ વિચાર માત્રથી મૌલિક ગભરાઇને પોતાના મનને જ કહેવા લાગ્યો :

'હા, કોઇના શાપથી દુષ્યન્ત શકુંતલાને ભૂલી ગયો હતો. પણ ના,ના, હું અલ્પાને નહિ ભૂલું. કોઇ અમને એવો શાપ દે જ નહિ...અને દે તો લાગે ય નહિ. અમારો પ્રેમ કોઇ ફટાકિયા મોતી જેવો થોડો જ છે? એ તો છે સ્વાતિ નક્ષત્રમાં નીપજેલું શુદ્ધ પાણીદાર મોતી!...

મૌલિકની વિચારધારાએ વળી વળાંક લીધો–

'પણ આજ સુધીમાં મેં ઘણી છોકરીઓ જોઇ, કેટલીક ગમી પણ ખરી. છતાં અભ્યાસમાં વિક્ષેપ ન પડે એટલે માતાના આગ્રહ છતાં મેં એકે ય માટે હા ન પાડી...અને જોયેલી કોઇ છોકરીએ મારા મન પર આવી અસર પણ ન કરી. કોઇનીય સ્મૃતિએ હું બેચેન બનતો હોઉં તો આજ પહેલી જ વાર અલ્પાની સ્મૃતિએ! અને ચાર વર્ષથી સાથે ભણતી એને ય આજ પહેલી જ વાર ઓછી જોઇ છે? રોજ જોતો હતો. તો આજે જ આમ કેમ થયું? એની

સહાનુભૂતિને કારણે? ઉપકારને લીધે? એમ તે હોય? સહાનુભૂતિ બદલ ધન્યવાદ અને ઉપકાર બદલ આભાર. આમાં કાંઇ આવા લાગણીવેડા થોડા જ હોય?...'

'...પણ આજનો દિવસ અમારા માટે નિર્માયો હશે, અમારી એકતા માટે જ આજનો સૂર્ય ઊગ્યો હશે. આજે પ્રભુની કેવી કૃપા થઇ! અલ્પાને જોઇ તો ઘણા વખતથી હતી. પણ એ મળી આજે! પણ અલ્પા શું ખરેખર મારી ભવસાથી થઇ શકશે? મારી સાથે એ લગ્ન કરી શકશે? મારા પક્ષે તો કશી હરકત નહિ આવે. પણ... પ...ણ એનાં માતા-પિતા શું સંમતિ આપશે?'

આનંદ અને અધીરાઇમાંથી મૌલિકનું ચિત્ત ચિંતામાં સર્યું ને અકારણ એનાથી ઉંકારો થઇ ગયો. ત્યારે અજાણી છોકરીના વિચારોમાં અટવાયેલાં એની માતા પણ જાગતાં હતાં. મૌલિકનો ઉંકારો સાંભળી એ ઊઠ્યાં ને એના પલંગ પાસે જઇ માથે હાથ મૂકતાં બોલ્યાં :

'મૌ...લિ...ક...'

'કેમ, બા?'

'તબિયત તો સારી છે ને ભાઇ?'

'હા બા. તમે શાંતિથી સૂઇ જાવ. ચિંતા શાથી કરો છો?'

'શરબત કરી આપું લીંબુનો?'

'ના બા, કશી જ જરૂર નથી.'

'ઊંઘ નથી આવતી કે શું?' માતાએ પૂછ્યું.

'આવશે હવે. પણ તમે કેમ જાગો છો હજી?'

'આજ મારી ઊંઘે ય કોણ જાણે ક્યાં ચરવા ગઇ.' કહેતાં સવિતાએ પૂછ્યું : 'પાણી પીવું છે ભાઇ?'

'ના બા, શાંતિથી સૂઇ જાવ.'

સવિતા સુવા તો ગયાં. પણ ગયેલી ઊંઘ જલદી થોડી પાછી આવે છે?



મૌલિક વિચારતો હતો : 'મને તો જાણે ઠીક, પણ બાને કેમ ઊંઘ નહિ આવતી હોય આજે? મારી ચિંતામાં જ ને?'

અને એના માતૃભક્ત હૃદયે આવી પ્રેમાળ માતાનો પુત્ર હોવા બદલ ગૌરવનો દીર્ઘ શ્વાસ ખેંચ્યો. એમાં એને બેવડો સંતોષ મળ્યો, કારણકે એ શ્વાસ અલ્પાના અત્તરની સુવાસથી ભરેલો હતો!

સવારે નવેક વાગતાં ચા-પાણી પી, સ્પન્જ કરી મૌલિકે કપડાં બદલ્યાં. અત્યારે થોડો તાવ ચઢ્યો હતો. એટલે એ પથારીમાં બેઠાં બેઠાં જ પેપર વાંચતો હતો. ત્યારે સવિતાના બોલાવવાથી મૌલિકનો સહાધ્યાયી અને પડોશી સમીરસિંહ આવ્યો.

'માસી, કેમ બોલાવ્યો મને?' લાંબાં ઝૂલ્ફાંવાળા સમીરે કહ્યું.

'કામે જ તો ભાઇ.' રસોડામાંથી હાથ લૂછતાં લૂછતાં બહાર આવી સવિતા બોલ્યાં : 'જરા ડૉ. ભટ્ટ પાસેથી દવા લાવી આપને મૌલિકની.'

'કેમ માસી? શું થયું મૌલિકને?' મૌલિકના રૂમમાં પ્રવેશતાં સમીર બોલ્યો : 'કાલે તો કૉલેજ આવ્યો હતો.'

'આવ, બેસ.' સૂતેલા મૌલિકે ખુરશી તરફ આંગળી ચીંધી કહ્યું.

સહાધ્યાયી અને તેમાંય પાછો પડોશી હોવાને કારણે મૌલિકને સમીર સાથે થોડો સંબંધ તો સ્વાભાવિક રીતે રાખવો જ પડતો. પણ સ્વભાવ અને વર્તનની અસામાન્ય ભિન્નતાને કારણે બંને વચ્ચે નિકટતા તો નહોતી જ. મૌલિક શાંત, શાણો અભ્યાસાર્થી હતો, જ્યારે સમીર તોફાની, રખડેલ કૉલેજીયન હતો જે ભણવા સિવાય બધું જ કરતો. શરૂમાં મૌલિકે પડોશીધર્મ બજાવી એને સુધારવા પ્રયત્ન કરેલો. પણ જેને સુધરવું જ નથી એને કોઇ સુધારી ન શકે એની ખાતરી થતાં એણે એ પંચાત પડતી મૂકેલી. હા, પરીક્ષા સમયે સમીર પુસ્તકો કે નોટો લેવા અને ક્યારેક માર્ગદર્શન મેળવવા મૌલિક પાસે જતો અને મૌલિક શક્ય રીતે અને મદદરૂપ પણ થતો. એ સિવાય તો માત્ર 'કેમ છે, સારુ છે' નો વ્યવહાર જ રહેતો. જો કે કૉલેજમાં 'દાદા' હોવાના દાવે મૌલિકને એણે કહી જ દીધેલું : 'કાંઇ કામ કાજ હોય તો ગભરાવું નહિ, મૌલિક, આપણને કહી દેવું.' અને મૌલિકે પણ 'હા, જરૂર કહીશ કાંઇ હશે તા,' કહી એના અભિમાનને પોષેલું. બાકી પોતે જાણતો

હતો કે એની પાસે કરાવી શકાય એવું કશું કામ પોતાના ક્ષેત્રમાં આવતું જ નથી. પણ સવિતાને આજે એના જેવું કામ પડ્યું એટલે એમનો બોલાવ્યો સમીર આવ્યો.

'શું થયું મૌલિક?' સૂતેલા મૌલિક પાસે ખુરશી પર બેસતાં સમીરે પૂછ્યું.

'થોડો તાવ છે.' વાતને સ્વાભાવિકતા આપતાં મૌલિકે કહ્યું.

'કાલે કૉલેજથી આવતાં જ રસ્તામાં તબિયત બગડી હતી.' સવિતાએ કહ્યું : 'સારુ થયું કે પેલી બિચારી છોકરી સાથે આવીને મૂકી ગઇ.'

'છોકરી?' સમીરે આશ્ચર્યથી પૂછ્યું : 'કઇ છોકરી?' મૌલિક અને છોકરીનો મેળ સમીર માટે પણ આશ્ચર્યજનક હતો.

'તમારી સાથે ભણતી જ તો.' સવિતા બોલ્યાં : 'શું હતું એનું નામ, મૌલિક?'

સમીરની રૂબરૂ માતાએ આ વાત કાઢી એ મૌલિકને ન રુચ્યું. ન જ રુચે. કારણ કે વાતનું વતેસર કરવાના એના સ્વભાવથી મૌલિક સારી રીતે પરિચિત હતો. અને આમાં પોતાના કરતાં અલ્પાની તકલીફનો સવાલ હતો. પણ હવે વાત શરૂ થઇ જ છે તો ખુલાસો કરે છૂટકો હતો. એટલે માતાના પ્રશ્નનો સમીરની જાણ ખાતર ઉત્તર આપતાં મૌલિકને કહેવું પડ્યું :

'અલ્પા હતી એ તો.'

'અ...લ્પા!' આશ્ચર્યથી ભવાં ચઢાવી કાંઇક યાદ કરતા સમીરે ક્ષણાર્ધ પછી ઉમેર્યું : **'Oh, that perfumed girl!** અલ્પા શાહ!'

'હા, અલ્પા' આભારભરી લાગણીથી સવિતા બોલ્યાં : 'બહુ ભલી છોકરી છે બિચારી, બસ સ્ટેન્ડની લાઇનમાં મૌલિકની તબિયત બગડતાં એને રિક્ષા કરીને ઘેર મૂકી ગઇ.'

ભોળાં સવિતા! એમને શી ખબર કે એમની પ્રત્યેક માહિતી સમીરના મનમાં આશ્ચર્ય અને અદેખાઇની માત્રા વધારતાં હતાં! માટે જ આ હકીકત સમજતા મૌલિકને આ વાત આગળ વધારવામાં રસ નહોતો.



'વાહરે મૌલિક,' એના પલંગ પાસે જઇ સવિતા ન સાંભળે તેમ ધીરેથી સમીર બોલ્યો : 'દેખાય છે તો તું સીધો સાદો, બાકી નજર તો મોટા શિકાર પર રાખે છો હોં!'

'શિકાર!' આશ્ચર્યમિશ્રિત આવેશથી મૌલિકે પૂછ્યું : 'શું કહે છે તું સમીર?' દરમિયાન સવિતા દવા માટે બાટલી આપી પોતાને કામે વળ્યાં હતા, એટલે આ કશી વાત એમણે સાંભળી નહિ.

'જાણે સાવ અજાણ્યો.'ખભા ઉલાળતો સમીર બોલ્યો : 'તને ખબર તો હશે જ કે એ લક્ષાધિપતિ પિતાની એકની એક પુત્રી છે.'

'સમીર, ગઇ કાલે જ અમારો આકસ્મિક રીતે પરિચય થયો.' મૌલિકે કશી ગેરસમજ ન થાય માટે ખુલાસો કર્યો : 'ત્યાં સુધી અમારે માત્ર દીઠાની ઓળખ હતી.'

'અરે ભાઇ, તારા જેવા ફર્સ્ટક્લાસ વિદ્યાથી પૂરી માહિતી મેળવ્યા પછી જ પરિચય વધારેને,' આંખ ઝીણી કરતાં સમીર બોલ્યો : 'તમે કાંઇ અમારા જેવા સામાન્ય શિકાર થોડા જ શોધો?'

'સમીર, તું તારી ટેવ પ્રમાણે દરેક વાતનો ઊંધો અર્થ કરે છે. અને બધાંને તારા જેવા જ સમજે છે.' મૌલિકે ચીડ સાથે કહ્યું.

'ના રે ના,' બંને હાથ ઊંધી દિશામાં ફેરવવાના ચાળા સાથે સમીર બોલ્યો : 'આપણી બેની તુલના થાય? હું તો છાપેલું કાટલું, ને તું તો છૂપું રતન.'

'સમીર!' મૌલિકે વિનંતીના સૂરે કહ્યું : 'હજીય કહું છું કે તું ગેરસમજ કરે છે. આમાં તો...'

'વાંધો નહિ દોસ્ત.' મૌલિકને શાબાશી આપતો હોય એમ સમીર બોલ્યો : 'તારો દાવ સારો છે, જાળ તેં મોટી માછલી પર બિછાવી છે. જો એ ફસાશે તો તને પરી જેવી પત્ની અને પાર વિનાનો પૈસો બંને મળશે.'

'સમીર,' જરા કડકાઇથી મૌલિક બોલ્યો : 'હું આવો નીચ નથી. અને કોઇની છોકરી વિષે આવી વાતો કરવી એ શોભાસ્પદ નથી.'

'આમાં ઊંચનીચનો ક્યાં સવાલ છે, દોસ્ત?' સિગારેટ સળગાવતો સમીર બોલ્યો : 'પોતાના હિત માટે સૌ પ્રયત્ન કરે. છેવટે તો આપણે બધા ભણીએ છીએ ય પૈસા કમાવા જ ને? ભણતાં ભણતાં વગર મહેનતે એ પૈસા મળી જતા હોય તો એમાં ખોટુંય શું? અને પરણવાના તો કોઈ બીજાની છોકરીને જ છીએ ને? પછી એની વાત કરવામાં વાંધો ય શો?'

'**Nonsense!**' ચીડ સાથે મૌલિક બોલ્યો : 'સમીર બંધ કર આવી વાતો. તું ધારે છે...'

'તું નકામો ચીડાય છે, મૌલિક.' વચ્ચે જ સમીર બોલ્યોઃ 'હું તો ઊલટું તને અભિનંદન આપું છું અને માને તો સલાહ પણ આપું છું કે શિકાર ગુમાવવા જેવો નથી. જોકે...' સિગારેટની રાખ આંગળીથી ખંખેરતાં ત્રાંસી આંખે સમીરે ઉમેર્યું : 'જો કે એમાં હરીફો ઘણા હશે. **Be careful** મૌલિકઃ'

'સમીર, હવે તું...' કહેતાં બેઠા થઈ જતા મૌલિકને અધવચ્ચે જ અટકાવતાં સમીરે કહ્યું :

'હું હવે તારી દવા લેવા જાઉં છું મૌલિક, તું આરામ કર.' કહેતો શીશી ઉછાળતો સમીર ચાલ્યો ગયો.

'નથી લાવવી દવા,' કહેવાનું મૌલિકને મન થઈ ગયું પણ એ ગમ ખાઈ ગયો – વાત આટલેથી જ અટકે તેથી.

નીચે આવી સિગારેટનો છેલ્લો દમ જોરથી ખેંચી સમીરે એ નીચે ફેંકી અને એને પોતાના પગ નીચે કચરતો બબડ્યો : 'તો ભણેશરીભાઈ અલ્પાની પાછળ છે...હં...આ સમીરસિંહ સોરઠીયાએ હજી હાથ ધોઈ નથી નાખ્યા...ઠીક છે. અત્યારે તો તારી દવા લાવી આપું છું મૌલિક, પછીની દવા કેમ કરવી તે આ સમીર જાણે છે.' પછી એ દવાખાને ગયો. પણ ત્યારે ય રસ્તામાં એની ગણતરીઓ તો ચાલુ જ હતી!

સમીરને દવા લાવવા બોલાવ્યો અને તેમાંય માતાએ અલ્પાના ઘેર આવી મૂકી જવાની એને વાત કરી એ સારુ ન થયું એમ વિચારતો મૌલિક સમીરના ગયા પછીય એ વિચારોમાં ગુમ થઈ રહ્યો. 'કેવો નીચ છે સમીર!' એને થયું, 'ગમે તે છોકરી માટે ગમે તેમ વિચારતાં કે બોલતાં એને સંકોચ



નથી થતો. અલ્પા જેવી શાણી, કૉલેજમાં સૌથી અલિપ્ત રહેતી છોકરી માટે પણ કેવું બોલે છે! એને મારો શિકાર કહે છે! મેં મોટી માછલી પર જાળ બિછાવી છે એમ કહે છે. ની...ચ બધાંને પોતાના જેવા જ સમજે છે. કૉલેજની બધી જ છોકરીઓ જાણે એને માટે જ નિર્માઈ હોય એમ માને છે! એને શી ખબર કે 'સૌન્દર્ય પામતાં પહેલાં સુન્દર બનવું પડે?'નાલાયક છે સાવ, કોઈની બેન-દીકરી માટે કદી સારો વિચાર રાખતો જ નથી. પોતાની બેન માટે કોઈ આવો વિચાર કરે તો શું થાય એનો કશો ખ્યાલ જ નહિ આવતો હોય એને?'

આવા વિચારમાં ખોવાયેલા મૌલિકની આંખ ઠરી ગઈ અને એ સવાર એમ પૂરી થઈ. તે દિવસે બપોરે 'શું કરો છો માસી?' એમ કહેતી સમીરની બહેન પદ્માએ ઊંચાં પ્લેટફૉર્મવાળાં ચંપલ સાથે હાથમાં પર્સ લઈ પ્રવેશ કર્યો.

'કેમ માસી? મૌલિકભાઈની તબિયત ઠીક નથી કે શું?' રસોડામાં ડોકિયું કરી વિવેક પૂરતું એણે સવિતાને પૂછ્યું ત્યારેય એની નજર તો મૌલિકના રૂમ તરફ જ હતી.

'હા બેન, રાતનો તાવ આવ્યો છે.' રસોડામાંથી જ જવાબ દેતાં સવિતાએ પૂછ્યું : 'કોણે કહ્યું તને?'

'બજારમાંથી આવતી હતી ત્યારે સમીરભાઈ રસ્તામાં મળ્યા. એમણે વાત કરી. એટલે મને થયું કે ખબર લેતી જાઉં.' અને 'સૂઈ ગયા છે?' એમ પૂછતી એ મૌલિકના રૂમ તરફ વળી. શાંતિથી સૂવા-અંધારાપ માટે મૌલિકની માએ એ રૂમનો પડદો પાડી દીધો હતો, અન્ય બારી-બારણાં પણ બંધ રાખ્યાં હતાં.

'હા, પણ જાગતો જ હશે.' એમ સવિતાએ ઉત્તર આપ્યો ત્યાં તો પડદો ઊંચો કરી પદ્મા મૌલિકના રૂમમાં દાખલ પણ થઈ ગઈ! પાછળ સવિતા પણ મૌલિકની તબિયત જોવા ગયાં.

બપોરે સાડાત્રણ થવા આવ્યા હતા. સવિતાનો એ કથામાં જવાનો રોજનો સમય હતો. પણ મૌલિકને તાવવાળો એકલો મૂકીને જતાં એમનો જીવ ચાલતો નહોતો. બીજી બાજુ કથાનો દિવસ પડે એ ય એમને ગમતું

નહોતું. એટલે શું કરવું એના વિચારમાં જ એ હતાં. ત્યાં પદ્મા આવી એટલે એને સમય હોય તો બેસાડીને કથામાં જઈ આવવાની એમણે ગણતરી કરી. તેથી મૌલિકની તબિયત જોવા એ પણ પદ્મા સાથે રૂમમાં ગયાં. તેના કપાળે હાથ મૂકી પૂછ્યું ;

'બેટા, કેમ છે અત્યારે?'

મૌલિકને તાવ તો હતો જ. ઘેનમાં ઢળેલી આંખો ઊંચી કરી એણે કહ્યું : 'સારુ છે બા.'

'શું થયું મૌલિકભાઈ ઓચિંતું?' ના પ્રશ્ને ખબર પૂછતી પદ્મા પલંગ પાસે ઊભી રહી.

'અગાઉથી ખબર આપ્યા વિના જ તાવ આવી ગયો,' મૌલિકે મજાકમાં જાવાબ આપ્યો અને બધાં હસી પડ્યાં. સવિતાને ખાતરી થઈ કે મૌલિકને મૂકીને કથામાં જવામાં વાંધો તો નથી. એ સ્વસ્થ છે.

'ભાઈ,' બાળકને સમજાવતાં હોય એમ સવિતા બોલ્યાં : 'હું જરા કથામાં જઈ આવું? આ પદ્મા બેઠી છે અહીં.' પદ્માને સમય છે કે કેમ એ સવિતાએ પહેલેથી એને પુછી લીધું હતું.

'શાંતિથી જાવ બા,' મૌલિક બોલ્યો : 'અને પદ્માનો ય શા માટે સમય બગાડો છો? એ ય ભલે જાય. કોઈની જરૂર નથી. મને ઊંઘ આવે છે એટલે શાંતિથી સૂઈ જઈશ.'

'એમાં સમય શાનો બગડે છે?' પદ્માએ પોતાપણાના ભાવથી કહ્યું : 'અને મારે અત્યારે ઘરે કશું કામ પણ નથી. માસી, તમે શાંતિથી જાવ. હું બેઠી છું અહીં, તમારા આવતા સુધી.'

'ભલે બોન, લે બેઠી બેઠી આ ચોપડી વાંચ. છ વાગતા પહેલાં તો હું આવી પહોંચું છું.' કહેતાં સવિતા દાદર ઊતર્યા. અને ઉપરના પાર્ટીસનના બારણે સ્ટોપર મારી પદ્મા મૌલિકના ૭ : રૂમમાં ગઈ. આજે એ કેટલી બધી ખુશ હતી!

✦ ✦ ✦ ✦ ✦

અનુક્રમ

## ૭ : ધરમ તારો સંભાળ રે

પદ્મા મૌલિકના પડોશી સહાધ્યાયી સમીરની બેન હતી. સમીરના પિતાનું ખાનદાન તો સારુ હતું. પણ એમણે વેપારીને ત્યાં જીવનભર મહેતાજીનું કામ કરેલું એટલે મર્યાદિત આવકને કારણે મધ્યમ કક્ષાનું એમનું સામાજિક જીવન હતું. તેમાં ય હવે તો ઉંમરને કારણે નોકરીમાંથી નિવૃત્ત થવું પડ્યું હતું. અને એકમાત્ર પુત્ર સમીર તો હજી ભણતો હતો, એટલે થોડી બચત અને વતનમાંની જમીનમાંથી આવતું થોડું ઉત્પન્ન એ વડે ઘર ચાલતું હતું. એટલે સમીરથી મોટી એક દીકરીએ પોતાની જ્ઞાતિના જ એક યુવાન સાથે પરિચય વધતાં લગ્ન કરી લીધાં ત્યારે માતા-પિતાએ વિરોધ ન કર્યો એટલું જ નહિ, સંમતિ આપીને સાદાઈથી લગ્ન પણ કરાવી આપ્યાં. બીજી દિકરી પદ્મા સમીરથી દોઢ બે વર્ષ નાની હતી. પણ હવે પ્રથમ વીસી તો પાર કરી ચૂકી હતી. યૌવનનાં ચિહ્નો તો એના ઉન્માદી સ્વભાવમાં ક્યારનાં ય વરતાઈ ચૂક્યાં હતાં. એટલે માતાપિતાને એના હાથ પીળા કરી નાખવાની ઉતાવળ હતી. પણ પાસે પૈસો તો હતો નહિ. એટલે ચિંતા હતી. મોટી દીકરીની જેમ એ પણ અનુકૂળ છોકરો શોધી લે તો એમની મૂક સંમતિ હતી, એટલું જ નહિ, સમીરે તો બહેનને ઈશારો પણ આપી દીધો હતો કે મૌલિક જેવો છોકરો શોધ્યો નહિ જડે.

અને સરળતા ય હતી. એસ.એસ.સી.માં પદ્મા બે-ત્રણ વાર નાપાસ થઈ હતી. સમીર પોતે જ ઠોઠ, મહામુશ્કેલીએ પાસ થાય એવો વિદ્યાર્થી હતો અને વળી રખડેલ હતો ત્યાં બેનને શું ભણાવાનો હતો? પણ મૌલિક હોંશિયાર અને ડાહ્યો હતો, પડોશી હતો એટલે સમીરની સૂચનાથી અને માતાપિતાની અનુમતિથી એ એની પાસે ઘણી વાર ભણવા જતી. સ્વભાવથી જ બીજાને મદદરૂપ થવાની વૃત્તિવાળો મૌલિક પોતાને અનુકૂળ હોય એ સમયે, પોતાના અભ્યાસમાં મુશ્કેલી ન પડે એ રીતે એને બોલાવતો.

ભણાવતાં ભણાવતાં ક્યારેક પદ્માના હાથનો અજાણતાં ય સ્પર્શ થઇ જાય તો મૌલિકને સંકોચ થતો. પણ પદ્મા તો ત્યારે પોતાને ભાગ્યશાળી માનતી. એની પ્રથમ વીસીના પ્રવેશનો એ સમય હતો. એના ઘરના સંસ્કાર એનામાં ઊતર્યા હતા. એટલે સ્વભાવે એ લહેરી અને સ્વચ્છંદી હતી...અવનવી પદ્ધતિથી રોજ એ વાળ હોળતી, આંખોમાં સુરમો નાખી ભ્રમરને એ કૃત્રિમ રીતે લંબાવતી, હોઠે લિપસ્ટિક લગાવતી અને સાચાં ખોટાં ઘરેણાંનો ય શોખ કરતી. રંગે ઘઉંવર્ણી હતી, પણ એ કાળી કે કદરૂપી નહોતી. ઘાટીલી મુખાકૃતિ અને યૌવન પ્રવેશની મસ્તીના ભાવ એને પ્રથમ નજરે આકર્ષક બનાવતા. એની કામુક આંખોમાં ભલભલા યુવાનોને મહાત કરવાની શક્તિ હતી. વળી એની લટકમટક ચાલ અને કટાક્ષભરી વાણીથી એ પસાર થતી હોય ત્યારે લાલચુ નજરો એના પર જડાઇ રહેતી. પણ કશો બકવાટ કરતા લાલચુને રસ્તા વચ્ચે જ બે વેણ સંભળાવતાં એ અચકાય એવી નહોતી.

મૌલિક માટે આમે ય પદ્માને આકર્ષણ હતું. તેમાં વળી એ એની પાસે વારંવાર અભ્યાસની મુશ્કેલીઓ દૂર કરવા ભણવા જવા લાગી, એટલે એને માટેનો ભાવ વધ્યો. એટલે ભણવા કરતાં મૌલિકને જોવા, સાંભળવા અને એના સ્પર્શનું સુખ લેવામાં જ એને અધિક આનંદ આવતો. મૌલિકના ઘરમાં તો એની માતા એકલાં જ હતાં. મૌલિક પાસે એ ભણતી હોય ત્યારે એ તો પોતાના કામમાં હોય. એટલે મૌલિકના રૂમમાં એ બે જણ જ હોય. મૌલિક તો નિર્દોષ ભાવે જ એની સાથે હંમેશાં વર્તતો. પણ પદ્મા શક્ય એટલું એની નજીક બેસતી, એના શરીર સાથે ઇરાદાપૂર્વક ઘસાતી, પોતાનાં બારીક વસ્ત્રોમાંથી ડોકાતું યૌવનધન મૌલિક જોઇ શકે એમ બેસતી અને માનવસહજ રીતે કયારેક મૌલિકની નજર ત્યાં ઠરે તો એ ધન્યતા અનુભવતી. શીખવતાં શીખવતાં કોઇ પ્રશ્નનો એ ખોટો જવાબ આપે ત્યારે મૌલિક કદી હસતો હસતો 'મુરખ જ છે' કહી હળવી ટપલી મારે તો એ ખુશ ખુશ થઇ જતી. અને ઘેર પણ એવા પ્રસંગને વારંવાર યાદ કરી મનમાં ને મનમાં આનંદ માણતી. એક વાર સંધ્યાકાળે મૌલિક એને ભણાવતો હતો. પદ્મા મૌલિકે આપેલા કોઇ પ્રશ્નનો ઉત્તર લખતી હતી. ત્યારે એની સાડીનો છેડો ખભેથી નીચે સરી ગયો. લખવાની ધૂનમાં કે જાણી જોઇને હોય, પણ



એને સરખો કરવાની પદ્માએ દરકાર ન કરી. આથી સહજ રીતે જ મૌલિકની નજર એના પર પડી. ત્યારે એના ભરાવદાર ઉરપ્રદેશમાંથી ડોકાતા યૌવનને જોઇને મૌલિકની દૃષ્ટિ સ્થિર થઇ ગઇ. લુચ્ચી પદ્મા તરત એ પામી ગઇ અને પાસે સરી એણે મૌલિકનો હાથ પકડી લીધો, ત્યારે એની આંખોમાં પરવશતા વરતાતી હતી! પણ મૌલિક તરત સ્વસ્થ થયો.

પદ્મા, ચાલ જવાબ જલદી લખી નાખ, ઊભો થતાં તે બોલ્યો : 'હું આવું છું.' અને રસોડામાં જઇને અકારણ પાણી પી આવ્યો. પણ મૌલિકને ત્યારે પોતાની ઉપર ચીડ ચડી. એ રાત્રે એણે ઉપવાસ કર્યો. 'ભૂખ નથી, માટે ખાવું નથી.' કહી માતાને પરવારી લેવા એણે કહ્યું.

મૌલિક માણસ હતો. માનવસહજ ભૂલ ક્યારેક થઇ જાય ત્યારે એ આત્માના દરબારમાં ઊભો રહેતો અને પોતાની જાતને શિક્ષા પણ કરતો. જીવનને ઉન્નત કરવાનો એ જ તો સાચો માર્ગ છે. ભૂલ ન જ થાય એ તો આદર્શ સ્થિતિ છે. પણ ભૂલ થાય ત્યારે શક્ય એટલી વહેલી એ સુધારી લેવી અને થયેલી ભૂલ માટે જાતે શિક્ષા ખમવી એ ઉત્તમતા પામવાનો રાજમાર્ગ. પણ એ માર્ગે ચાલનારા કેટલા? મોટા ભાગના લોકો તો કાંટા-ઝાંખરાંમાં અટવાઇને જ અધોગતિ પામે છે! પણ મૌલિક સ્વહૃદયપરીક્ષા કરનાર હતો. માટે જ કૉલેજના કલુષિત વાતાવરણ વચ્ચે ય એ પોતાનું સ્વત્વ જાળવી શક્યો હતો.

એક વાર ટાઉનહૉલમાં કોઇ એન્ટરટેઇનમેન્ટ પ્રોગ્રામ હતો. મૌલિક પાસે બે વ્યક્તિનો પાસ હતો. બીજા કોને લાભ આપવો એવા વિચારમાં મૌલિક હતો ત્યાં જ એના ઘર પાસેથી પસાર થતા સમીરને જોઇ એનાથી કહેવાઇ ગયું : 'ટાઉનહૉલમાં પ્રોગ્રામ જોવા આવવું છે? એક પાસ છે વધારે.' સામાન્ય રીતે મૌલિક સમીરને આવી ઑફર કરે જ નહિ. પણ આજે વિવેક થઇ ગયો. સમીરે કહ્યું : 'જોઉં છું, સાંજે મળું છું.' પણ સમીરને બદલે સાંજ પડતાં પહેલાં પદ્મા આવી. એણે કહ્યું :

'સમીરભાઇને તો આજે જોવા આવાની અનુકૂળતા નથી...'

'ભલે, કાંઇ વાંધો નહિ.' મૌલિકે કહ્યું.

'પણ,' ધીરેથી ઊંચી આંખ કરી, નીચું મુખ રાખી શરમાતાં શરમાતાં પદ્માએ પૂછ્યું : 'પ...ણ હું જોવા આવું મૌલિક ભાઇ?'

મૌલિક ક્ષણભર વિચારમાં પડ્યો. પછી ઊઠ્યો. બુશકોટમાંથી એક પાસ લઈ આવી પદ્માને આપતાં કહ્યું :

'પદ્મા, લે, આ બે વ્યક્તિ માટેનો પાસ છે. મારી પણ જવાની ખાસ ઇચ્છા નથી. તું તારી કોઈ સાહેલીને લઈને જજે.'

'ના રે,' જરા પાછી પડી જતી પદ્મા બોલી : 'મારે લીધે તમે શા માટે જોવા ન જાવ? આ તો હું અમસ્તી જ પૂછતી હતી.'

'ખોટું ન લગાડતી પદ્મા,' એને સમજાવતાં મૌલિકે કહ્યું : 'પણ આપણે બે સાથે જઈએ એમાં મારા કરતાં તારુ વધારે ખરાબ દેખાય.'

'સાચી વાત છે તમારી,' કહેતી પદ્મા ફિક્કું હસી અને થોડી વારે ઘેર ગઈ. જો કે તાત્કાલિક એણે શરમિંદગી અનુભવી હતી. પણ ઘેર જઈને વિચારતાં એને મૌલિકની વાત સાચી લાગી હતી. પણ શરમ-સંકોચને લીધે હોય કે પોતે અપમાનજનક હાલતમાં મુકાઈ એથી હોય, પણ પછી થોડા દિવસ એ મૌલિકને ત્યાં ન ગઈ. ભણવાને બહાને વારંવાર આવતી પદ્મા આમ કેટલાક દિવસ સુધી દેખાઈ નહિ એટલે મૌલિકને પણ લાગ્યું કે તે દિવસે પોતે એની સાથે પ્રોગ્રામ જોવા જવાની ના પાડી તેથી જ માઠું લગાડીને એ આવતી નથી.

જો કે છેલ્લા થોડા સમયથી પોતાની સાથેની પદ્માની રીતભાતમાં આવેલ પલટો મૌલિકની ધ્યાનમાં આવ્યો હતો. એની આંખા ચાળા અને મનના ભાવ કોઈ જુદી જ વાત કહેતા હતા. એ મૌલિક ધીરે ધીરે સમજ્યો હતો. પદ્મા પોતાની તરફ આકર્ષાઈ છે, મિત્ર કે પડોશી કરતાં પોતાને એ કોઈ જુદી જ રીતે હવે જોતી થઈ છે એ વાત મૌલિક પામી ગયો હતો. પોતે એનો કશો પ્રતિભાવ નહોતો આપ્યો અથવા ક્યારેક પ્રતિકૂળ પ્રતિભાવ આપ્યો હતો. એટલે જ વહેતી નદી બંધ આગળ અટકે તેમ પદ્માની લાગણીનો આવેગ પ્રગટ થતો અટક્યો હતો એ પણ તે જાણતો હતો. કોલેજમાં સહાધ્યાયી વિદ્યાર્થીનિઓથી જાણી જોઈને અળગો ન રહ્યો હોત તો પદ્મા જેવી તો કેટલીય મિત્રો તે મેળવી શક્યો હોત અને એમના સંગે જીવન રંગીલું કરી શક્યો હોય એ વાત મૌલિક સમજતો હતો. પણ એમાં જ પોતાનું શ્રેય હતું એમ એ જાણતો હતો. એટલે પદ્માનો જાદુ એને સ્પર્શ ન કરી શક્યો. બાકી, કોઈ બીજો સામાન્ય યુવાન હોત તો ક્યારનોય ઘેલો બની ઘૂમતો હોત અને પદ્મામય બની પતીત પણ થઈ ચૂક્યો હોત. એવું વશીકરણ હતું ઊંઘ ઉડાવી મૂકે એવી પદ્માની બે આંખોમાં!



પદ્માની વૃત્તિ પામી ગયાં છતાં મૌલિકે એને એ વિશે કશી ચેતવણી ન આપી, કે એની પ્રત્યે કશો અણગમો ન બતાવ્યો, કારણ કે એ રીતે એ એને અપમાનીત કરવા નહોતો માગતો. વળી પોતે દ્રઢ અને નીતિવાન હતો એટલે ક્યારેય કશી મુશ્કેલી ઊભી થવાનું કારણ નહોતું એમ એ માનતો હતો. સમય જતાં પદ્માને પોતાની ભૂલ સમજાશે અથવા સમય આવે એને એની ભૂલ સમજાવી સુધારી શકાશે એવી એની ગણતરી હતી. સીધો બોધ કોઈને ગમતો નથી કે કોઈને ગળે એ ઊતરતો નથી. પણ પ્રસંગનો યોગ્ય ઉપયોગ કરી વ્યક્તિના જીવનને યોગ્ય વળાંક આપી શકાય એમ મૌલિક સમજતો હતો. યૌવનને ઉંબરે ઊભેલી, સ્વભાવે રંગીલી ને શરીરે મદીલી પદ્માની ઘઉંવર્ણી કાયા અત્યારે તો તપસ્વીઓના ય તપ ભંગ કરાવે એવી હતી, છતાં એનો એ દુરુપયોગ નહોતી કરતી એનું કારણ મૌલિક સમજતો હતો. 'જો એનું મન મારામાં ન હોત તો એ ક્યારનીય કોઈની કપટજાળમાં ફસાઈ ગઈ હોત' એમ એ સાચી રીતે માનતો હતો. જોકે પોતે તો અત્યારે પોતાના અભ્યાસમાં જ લીન રહેવા માગતો હતો, એટલે પદ્મા તો શું, કોઈનીય સાથે કોઈ રીતે બંધાવા ઇચ્છતો નહોતો. છતાં પોતાની પ્રત્યે આવો ભાવ રાખતી પદ્મા ઉપર એને ગુસ્સો કે તિરસ્કાર નહોતાં થતાં. ઊલટું,એની દયા આવતી હતી, માટે જ તો એની યુવાનીના આવેગને એ યોગ્ય મારગે વાળવા માગતો હતો.

તો પદ્મા પણ શરૂઆતમાં તો મૌલિક પર મોહ પામી એની કાંચનવર્ણી કાયાની મદહોશ માયામાં પડી હતી. અને પોતાની દેહભૂખ સંતોષે એવા પુરુષના સાંનિધ્યથી એ પોતાને ભાગ્યશાળી માનતી હતી. પણ ધીરે ધીરે મૌલિકનો સંપર્ક વધતાં, એના દેહનું અને આત્માનું સૌંદર્ય નજીકથી નીરખતાં તથા એની તેજસ્વી બુધ્ધિનું દર્શન કરતાં પદ્માને મૌલિક તરફ લાગણીભર્યો પ્રેમ થયો. જો કે એના પ્રેમમાં વિકાર કારણભૂત નહોતો એમ તો નહિ જ, પણ હવે મૌલિક એને માટે માત્ર સાધન નહિ, સાધ્ય પણ બન્યો હતો. હવે એને માત્ર પોતાના દેહનો જ નહિ, પણ દિલનો પણ સ્વામી બનાવવા પદ્મા માગતી હતી. હજી સુધી પોતાના મનની વાત એણે સ્પષ્ટપણે મૌલિકને કહી નહોતી એ ખરું, પણ એના અણસાર એને ઘણીવાર આપ્યા હતા. માટે જ તો હવે શક્ય હોય ત્યાં સુધી મૌલિકને 'મૌલિકભાઈ' કહેવાનું ટાળી એ 'સર' કહેતી હતી. સૌને ગમ્મતમાં લાગતું એ સંબોધન પદ્માએ ઈરાદાપૂર્વક પસંદ કર્યું હતું.

એક દિવસ ભણાવતાં ભણાવતાં પદ્માની મારકણી આંખોને અવલોકતાં મૌલિકે પૂછ્યું :

'પદ્મા, તને એક નવી નક્કોર ગાડીમાં બેસાડી સ્ટીયરીંગ પકડાવી દીધું હોય તો?'

પદ્માને થયું કે 'સર' પોતાની ઉપર વારી ગયા છે માટે આમ પૂછે છે. તેથી એણે જવાબ આપ્યો :

'તો મારી બાજુમાં તમે બેઠેલા હોવા જોઇએ, સર.'

મૌલિક એની સામે તાકી રહ્યો એટલે આંખો પટપટાવતી પદ્મા જરા ગંભીર બની જતી ધીરેથી બોલી : 'તમે...સર, ત...મે...'

'પછી?' મૌલિકે ય જરા ગંભીરતાથી પૂછ્યું.

'પછી' પોતાની શરતનો મૌલિકે સ્વીકાર કર્યો છે એમ જાણી ઉત્સાહમાં આવતી પદ્મા બોલી : 'પછી તો હું કાર સડસડાટ મારી મૂકું, સર, સ...ડ...સ...ડા...ટ!'

'પણ એ ગાડીને બ્રેક ન હોય તો, પદ્મા?' મૌલિકે ચોંકાવનારો પ્રશ્ન પૂછ્યો.

'તો!?' ચમકીને પદ્મા બોલી : 'બાપરે! તો તો ગાડીનો ભૂક્કો થઇ જાય અને હું તથા તમે...! આ...હ!' અને સાચે જ પદ્માથી ચીસ પડાઇ ગઇ! ઠીક થયું મૌલિકના માતા ત્યારે ઘરમાં નહોતાં.

'મતલબ કે ગાડીને બ્રેક હોવી જોઇએ, પદ્મા.' મૌલિક બોલ્યો : 'એ નવી હોય, એની સ્પીડ વધારે હોય ત્યારે તો બ્રેક ખૂબ સોલીડ હોવી જોઇએ,'

'તમે તો મને ગભરાવે એવી કલ્પના કરાવી દીધી, સર.' છાતીએ હાથ મૂકતી પદ્મા બોલી.

'યૌવનની ગાડીને પણ સંયમની બ્રેક હોવી જોઇએ પદ્મા,' મૌલિકે નાના બાળકને સમજાવતો હોય એ રીતે કહ્યું : 'નહિ તો એ ક્યાંક ભયાનક રીતે ટકરાઇ જાય.'

એનો અર્થ સમજી હોય તેમ ઊંડો શ્વાસ વઇ પદ્મા નયન નીચાં ઢાળી રહી. પણ વાતાવરણને હળવું કરવાં તરત જ મૌલિકે કહ્યું : 'ચાલ



જોઉં, આગળના પ્રશ્નોના જવાબ લખી નાખ તો. ત્યાં સુધી હું પણ મારું આ ચેપ્ટર વાંચી નાખું. પછી આજનો અભ્યાસ પૂરો.'

મૌલિક ખૂબ મમતાથી પદ્માને ભણાવતો. જો કે પદ્મા એનો ક્યારેક જુદો અર્થ કરતી. પણ શરૂના નિર્મોહી મૌલિકને સહવાસને કારણે એના માટે એક પ્રકારની લાગણી જરૂર જન્મી હતી. હા, એ લાગણીમાં કશો વિકાર નહોતો. બાકી, સહવાસથી તો એક શ્વાન માટેય માનવીના દિલમાં લાગણી જન્મે છે, તો પછી માણસ માટે ન જન્મે તો જ નવાઇ!

ઘણી વાર પોતાને ત્યાં આવતી હોવાથી સવિતાનું પણ પદ્મા સાથે સારું મન મળી ગયું હતું. વળી સ્વભાવથી મળતાવડી હોવાના કારણે પદ્મા બહુ જલદી સામાનું મન જીતી શકતી. એ જાય ત્યારે સવિતા કાંઇ કામ કરતાં હોય તો આગ્રહપૂર્વક એ એમાં મદદ કરતી જ. 'તમે કામ કરતાં હોય ત્યારે હું બેસી રહું તે સારું લાગે માસી?' કહી પદ્મા કામમાં ભાગ પડાવતી. અને 'બેસ ને હવે શાંતિથી ઘડી વાર.' એમ કહેતાં સવિતાને એ કહેતી :'તે તમને મદદ કરીશ તેથી હું થાકી જવાની છું?' આવા સ્વભાવથી અને લાંબા સહવાસથી પદ્મા સવિતાનું પ્રીતિપાત્ર બની હતી.

એટલે પોતે મૌલિકના તાવમાં એને એકલો મૂકી કથામાં શી રીતે જાય એવી મૂંઝવણમાં હતાં ત્યારે પદ્મા આવી પહોંચી એથી એમને આનંદ થયો. આવી પરિચિત પદ્માને તાવવાળા મૌલિકની સંભાળ માટે મૂકીને જવામાં એમને કશું અનુચિત ન લાગ્યું. એ એમના ભોળા સ્વભાવ માટે સ્વાભાવિક જ હતું.

સવિતા બે—એક કલાકમાં આવવાનું કહીને ગયાં અને દાદરના પાર્ટીસનની સ્ટોપર વાસી પદ્મા મૌલિકની રૂમમાં ગઇ ત્યારે એ ઘણી ખુશ હતી એ ખરું, પણ એ ખુશીમાં થોડો ડર પણ શાથી ડોકાતો હતો એ વાત પોતે સમજી શકી નહિ. કેટલા વખતથી આવી કોઇ તક એ ઝંખતી હતી! આજે મૌલિકના ઘરમાં—પોતાના પ્રિયતમના આવાસમાં—એ અને મૌલિક એકલાં જ હતાં. મૌલિકનાં માતા જ એને મૂકીને ગયાં હતાં એટલે કશો ડર રાખવાનું ય કારણ નહોતું. ઘણાં વખતથી ઝંખેલું એના મૌલિક સાથેનું મિલન—એકાંત મિલન—આજે શક્ય બન્યું હતું. આજે એ એનામાં ખોવાઇ જવા માગતી

હતી, એનામાં સમાઈ જવા ચાહતી હતી. આજે...હા, આજે બધું જ શક્ય હતું, બધી જ સગવડ હતી. બધી જ બારીઓના પડદા પડેલા હતાં. રૂમમાં આછો આછો ઉજાસ હતો. માત્ર દસ કદમ દુર પલંગમાં હટ્ટોકટ્ટો સુંદર યુવાન સૂતો હતો. એણે રજાઈ ઓઢી હતી. પણ ચંદ્ર સમું એનું મુખ અનેરું આકર્ષણ ધારણ કરી રહ્યું હતું. રજાઈની બહાર રહેલો એક હાથ જાણે કોઈનો સાથ ચાહતો હતો.

ધડકતા દિલે પદ્માએ એ તરફ ડગ દીધાં. એક...બે...ત્રણ...! આજ પિયા મિલનની પવિત્ર ઘડીએ દિલ આટલું બધું ધડકે છે કેમ? પદ્માએ હૈયા પર હાથ મૂક્યો. એ જોરથી ને ઝડપથી ધડકતું હતું ! મન મનાવી એ આગળ વધી. ચાર...છ...દસ ડગ...અને એ ઊભી હતી એના આરાધ્ય દેવ સામે. તાવના ઘેનમાં એ શાંતિથી સૂતો હતો. એની આંખો બંધ હતી, પણ હોઠ જાણે બોલતા હતા, બોલાવતા હતાં. એ હોઠનું બધું અમૃત એકી શ્વાસે ચૂસી લેવાનું પદ્માને મન થયું. એ સહેજ નમી.એના હોઠ પાસે પહોચવામાં જ હતી ત્યાં 'ટ...ન્‌ન્‌' નો ટકોરો થયો ને એ ચમકીને અટકી ગઈ. પાછળ જોયું તો ભીંત પરના ઘડીયાળે સાડા ચાર વાગ્યાના સમાચાર આપ્યા હતા. પદ્માએ એને સહેજ છાસીયું કર્યું. પણ એની આમન્યા જાળવવા હોય તેમ એ પાછી ફરીને સોફા પર બેસી ગઈ. ત્યાં પડેલા એક પુસ્તકના એ અકારણ પાનાં ફેરવી રહી. પણ એમ કરતાં કરતાં જ એણે હિંમત ભેગી કરી લીધી અને ઊઠી. જઈને એ મૌલિકના પલંગ પર એની પાસે ધીરે રહીને બેઠી. આંખો મીંચી સૂતેલા એના મુખને એ એકીટસે થોડી વાર જોઈ રહી. સહેજ વારે એણે મૌલિકના ગાલ ઉપર હળવેથી હાથ ફેરવ્યો. પાંચ ટનનું વજન ઉપાડતાં હોય તેમ મૌલિકની આંખનાં પોપચાં સહેજ ઊંચકાયાં અને કોઈના સમભાવને સરાહતાં હોય તેમ પૂરાં ખૂલ્યા વિના જ બીડાયાં. કેટલું ઘેન હતું એ આંખોમાં!

'સ...ર' પદ્માએ ખૂબ ધીરેથી ભાવભર્યો સૂર કાઢ્યો. અને મૌલિકના કપાળ પરની લટ એણે સરખી કરી.

મૌલિકે ફરીથી આંખો અરધી ખોલી અને ઘડીભર પદ્માના ચહેરા પર એ સ્થિર થઈ. પદ્મા પાસે બેસી, નીચી નમી એને વ્યાકુળતાથી જોઈ રહી હતી. મૌલિકની આંખોનાં પોપચાં સહેજ નીચાં ઢળ્યાં અને અધખુલી એ આંખો



પદ્માનાં ઉર પ્રદેશ પર અટકી ગઈ. અટકે જ. એની નાયલોનની સાડીનો છેડો ખભેથી સરી પડ્યો હતો અને મૌલિક પર અરધી ઢળેલી પદ્માના લુઝ બ્લાઉઝમાંથી પ્રફુલ્લ કમલયુગ્મ પર ભ્રમર જાણે ગુંજારવ કરતા હતા! મૌલિકનાં નયન તાવના ઘેનને કારણે ફરી બીડાયાં ત્યારે એ દ્રશ્ય એના અંતરમાં ઊતરી ગયું હતું. સહેજ વારે અર્ધ જાગૃત અવસ્થામાં જ મૌલિકે પાસું ફેરવ્યું ત્યારે એનો હાથ અજાણતા જ કોઈ ધડકતા રસ પ્રદેશ પર અફળાયો, અટક્યો! અને અત્યાર સુધી ભારે સંયમ રાખી બેસી રહેલી પદ્માને વીજળી સ્પર્શી ગઈ! એ સહસા નમી ને આવેશમાં આવી મૌલિકના હોઠને જોસથી ચૂસી રહી – ભૂખ્યું બાળક જાણે સ્તનપાન કરી રહ્યું! મૌલિકનો હાથ ત્યારે બંનેની છાતી વચ્ચે બફર બની ગયો હતો! આવેશમાં આવેલી પદ્માએ મૌલિકના હોઠ અને ગાલને ચુંબનોથી નવરાવી દીધા – એના તાવનું ઝેર જાણે અમૃત બનાવી એ ચૂસી લેવા માગતી હતી. ઘેનભર્યા મૌલિકને ય આ ગમ્યું જાણે! અર્ધ નિંદ્રિત અવસ્થામાં એ ચેનથી પડ્યો પડ્યો આ સ્નેહ–સુખ માણી રહ્યો!

શું મૌલિકના દેખીતા સંસ્કાર એ દંભનું આવરણ માત્ર હતું? એ શું એટલો બધો નિર્બળ મનનો હતો કે કોઈના આવા આવેશને વશ થઈ એને અનુકૂળ પ્રત્યાઘાત પાડે? શું એ પણ આવી જ કોઈ ઘડીની રાહ જોતો હતો?

આવી શંકાઓ સ્વાભાવિક છે. પણ માણસ છેવટે માણસ છે,એ દાનવ ન હોય ત્યારે ય દેવ તો નથી હોતો. એટલે એનું વર્તન પણ માનવીય જ હોય. તાવની ઘેન ભરી, અર્ધ નિંદ્રિત દશામાં, નમતી બપોરે, એક એકાંત ઘરના અંધારા ઓરડામાં કોઈ યુવાન પર કોઈ મદભરી યુવતી પ્રેમાવેશમાં એને ચુંબનોની ઝડી વચ્ચે આલિંગનથી ભીડી દે ત્યારે એ યુવાન પણ સામે એવો જ આવેશભર્યો અનુકુળ પ્રતિભાવ ન દર્શાવે તો નવાઈ. કદાચ એ જ અશક્તા. શક્યતા તો મૌલિકે કર્યું એ જ. છતાં મૌલિકે કશો જ આવેશ નહોતો બતાવ્યો. એ તો આનો વિરોધ ન કરતાં આ સ્નેહવર્ષાને અર્ધજાગૃતિમાં ઘડીભર માણી રહ્યો હતો એટલું જ. એણે ચુંબન સ્વીકાર્યાં હતાં, આલીંગન અનુંભવ્યાં હતાં એ ખરું પણ એણે ચુંબન કીધાં નહોતાં કે આલિંગન દીધાં નહોતાં. એ એનાં સંયમી સ્વભાવનું જ પરિણામ હતું. આવા સંજોગો છતાં હજી એનું પતન થયું નહોતું એ એનાં સંસ્કારનું જ પરિણામ હતું. પણ એ સૂતેલા સંસ્કારને જાગૃત કરવાની અત્યારે જરૂર હતી એ પણ નક્કી. સુપ્ત સંસ્કારબીજ ને અંકુરિત કરવાં કોઈકના કૃપા – વારિની અત્યારે જરૂર હતી જ. કોડિયામાં તેલ હોવા છતાં ક્યારેક દિવેટને વાટ બાઝી જાય

છે અને એ દીવો મંદ પડતો પડતો બુઝાવાની અણી પર પણ પહોંચી જાય છે. ત્યારે એ વાટને સંકોરનારની જરૂર પડે છે. સંજોગોને કારણે અત્યારે મૌલિકના સંસ્કાર દીપની વાટ પર મોગરો બાઝયો હતો. એટલે એને પણ સંકોરનારની જરૂર હતી.

મૌલિકના સદ્ભાગ્યે એ સંકોનાર અનાયાસ મળી ગયું. પદ્મા જ્યારે ભાવાવેશમાં આવી અર્ધજાગૃતિમાં સૂતેલાં મૌલિકને ચુંબનોથી નવરાવી રહી હતી અને જાણે – અજાણે એ સુખ મૌલિક માણી રહ્યો હતો ત્યારે ફળિયામાં એક ભિક્ષક જોડી – એક સ્ત્રી અને એક પુરુષ ભજન હાતાં ગાતાં ફરતાં હતાં. સ્ત્રીના હાથમાં મંજીરાં હતાં અને પુરુષને ગળે હારમોનિયમની પેટી લટકતી હતી. બન્નેનો કંઠ સારો હતો અને સંગીતનાં સૂરો સાથે ભજન કર્ણપ્રિય અને અસરકારક લાગતું હતું. જેસલ – તોરલનું જાણીતું ભજન તેઓ ગાઈ રહ્યાં હતાં. સ્ત્રીએ ગાયું :

'પાપ તારું પરકાશ જાડેજા ધરમ તારો સંભાળ રે....'

આ પ્રથમ પંક્તિએ જ મદહોશ અવસ્થામાં પડેલા મૌલિકના હૃદય તાર ઝણઝણાવ્યા. એવી અવસ્થામાં જ એના મનમાં પ્રશ્ન થયો :

'કોનો અવાજ આ...? અલ્પાનો કે શું?'

ભજનની બીજી પંક્તિ પેલી સ્ત્રીએ ગાઈ :

'તારી બેડલીને બૂડવા નહિ દઉં જાડેજા રે...

હે...એ...એ...એમ તોરલ કે'છે જી... ...

'મારો ધર્મ....! મારી બેડલી શું બૂડવા બેઠી છે?' મૌલિકના અચેત મનમાં પ્રશ્નો ઊઠ્યા. ત્યાં તો પેલાં પુરુષે પહાળી કંઠે ગાયું :

'લૂંટી કુંવારી નાર સતી રાણી લૂંટી કુંવારી નાર રે...

કાંઈ વનના તે મોરલા મારીયા... તોડાં દે રે...હે જી...'

એમ જેસલ કે'છે જી........'

હવે મૌલિક જાગૃત જેવો થયો હતો. 'લૂંટી કુંવારી નાર સતી રાણી, લૂંટી કુંવારી નાર રે....' – એના મનમાં આ પંક્તિ પડઘી રહી, વારંવાર પડઘી રહી.



'ખરેખર, હું શું કરી રહ્યો છું આજે? કોઈ કુંવારી નારને એની આબરૂને લૂંટી તો નથી રહ્યો ને હું?...' ત્યાં તો એના હાથને કોઈ મખમલી સ્પર્શ થયો. કોઈ પ્રેમથી આશ્લેષભરી એની સાથે સૂતું હતું.

ત્યારે પેલી ભિક્ષુક સ્ત્રી પુરુષની પંક્તીના અનુસંધાનમાં ભજનથી પંક્તિ ફરી ગાઈ રહી :

'પાપ તારું પરકાશ જાડેજા
ધરમ તારો સંભાળ રે.........'

મૌલિકને એમાં ખરેખર અલ્પાનો જ અવાજ સંભળાયો. કસોટીની વેળાએ પોતાને પોતાના ધર્મનું–ફરજનું ભાન કરાવવા અલ્પા રૂપે કોઈ અપ્સરાજાણે એને સાદ દઈ રહી. એ હવે સંપુર્ણ જાગૃત થઈ ચુક્યો અને એમ થતાં, પરિસ્થિતિનો પોતાને સાચો ખ્યાલ આવ્યા પછી તો પતનના માર્ગે એક પળ પણ ઊભો રહે એવો નિર્બળ મૌલિક હરગીઝ જ નહોતો એટલે 'તારી બેલડીને બૂડવા નહિ દઉં, જાડેજા રે, એમ જેસલ કે'છે જી....' ના દૂર જતા ધ્વનિનો તાર પકડી એ સફાળો બેઠો થઈ ગયો. જો કે પદ્માના બાહુની પકડને કારણે પહેલાં તો એ અર્ધોત્થ જ થઈ શક્યો પણ એ હાથની પકડ છોડાવતાં જ એ બોલ્યો :

'પદ્મા, આ શું બેન !'

'સર, પ્લીઝ!' કરતી પદ્મા ફરીથી મૌલિકને ગળે વળગી તેને પોતાની તરફ ખેંચવા ગઈ. કોઈ ક્ષુધાતુર જાણે ભોજન માટે કરગરી રહ્યું!

પણ મૌલિકે એને પોતાના હાથથી અટકાવી કહ્યું :

'પદ્મા, હોશમાં આવ, આ તું શું કરે છે?'

'સર, હું તમને...' કહેતી પદ્મા ઊંચી થઈ પોતાના બે હાથ મૌલિકને ગાલે ફેરવી એને ચુંબન કરવાં ગઈ. પણ એના અધૂરા વાક્યે જ મૌલિકે એના ગાલ પર એક તમાચો ચોડી દીધો ! અને ક્રોધ સાથે એ બોલ્યો:

'હું તારો 'સર' છું ને? તો તો હું ગુરુ થયો. અને ગુરુ ભોગવવા યોગ્ય નહિ, ભજવા યોગ્ય છે, સમજી?'

પદ્માના હોઠે આવેલો પ્યાલો ઢળી ગયો. કામાતુર બનેલી એ યૌવનાની વાસના અતૃપ્ત રહી ગઇ. અને વળી અપમાનિત થઇ એ જુદું. આ બધાં કારણોને લીધે એ છંછેડાઇ. એનો ક્રોધ પણ ભભુકી ઊઠ્યો ને પલંગમાંથી ઊભી થઇ જતી એ બોલી :

'સર, એકાંત અને યૌવન ભેગાં મળે ત્યારે જે પુરુષના મનમાં વિકાર ઉત્પન્ન ન થાય એ કાં નરદેવ હોય કાં...' પદ્મા સહેજ અટકી, પછી તિરસ્કૃત રીતે તીર છોડતી હોય તેમ બોલી :

'કાં નામર્દ. તમે શું છો એ હું સમજી શકતી નથી.' પણ આટલું કહેતાં કહેતાં તો ક્રોધ શમી ગયો અને એ ધ્રુસકે ધ્રુસકે રડી પડતી પાસેના સોફા પર ફસડાઇ પડી.

પદ્મા મૌલિકને ચાહતી હતી. એટલે તો અનેક યુવાનોના દિલ દઝાડતા એના યૌવનને એણે મૌલિક માટે અનામત રાખ્યું હતું. બાકી, એની મોટી બહેનની જેમ એ પણ ક્યારની કોઇની સાથે પરણી ગઇ હોત. એટલે આજે પોતાના પ્રિય પાત્રને આવા કટુ શબ્દો કહેવા બદલ એને દુઃખ થયું. અને એ કહેતાં કહેતાં જ એ રડી પડી. સ્નેહીજન પરનો ગુસ્સો અંતે રુદનમાં જ પરિણમે છે !

મૌલિકે એને થોડી વાર રડવા દીધી. એનો હૃદયભાર હળવો થવા દેવા માટે, પછી એ ઊઠ્યો ને પાણીનું પવાલું ભરી લાવ્યો. સોફા પર બેસી, આંખે હાથ દઇ હજીય પદ્મા ડૂસકાં ભરતી હતી. પાસેના ટેબલ પર પવાલું મૂકી મૌલિકે બે હાથ પકડી એને ઊભી કરી :

'પદ્મા..., બહેન' એણે સ્નેહભીના સંબોધનથી હડપચી પકડી એનું મુખ ઊંચું કર્યું. સહાનુભૂતીને કારણે પદ્માનો સંયમ વળી તૂટી ગયો અને એ ફરી રડી પડી.

'શાંત થા બેન. અને તારી મર્યાદા સમજ.' એને બોધ દેતાં મૌલિક બોલ્યો : 'તું જવાન છું, અને જગત ઝાંખરાં ભરેલું છે. એકાદ ખોટું પગલું પણ તારું જીવન ઝેર જેવું કરી નાખશે.'



'મને માફ કરો, ભાઇ !' કહેતી પદ્મા મૌલિકના પગે પડી એના ચરણ સ્પર્શ કરતાં બોલી : 'મેં તમને બહુ કટુ વચન કહ્યાં...મેં તમને ભારે અન્યાય કર્યો ભાઇ.' પદ્માના સંબોધનમાં પહેલીવાર વપરાએલો 'ભાઇ' શબ્દ એની બદલાએલી મનોવૃત્તિનો ધ્યોતક હતો. મૌલિક હવે પદ્મા માટે 'સર' મટી 'ભાઇ' બન્યો હતો!

મૌલિકે પગે પડેલી પદ્માને હાથ પકડી ઊભી કરી. પોતાના રૂમાલથી એનાં આંસુ લૂછી એણે એને પાણી આપ્યું. પછી 'જા, મોં ધોઇ આવ' કહી એ પલંગમાં બેઠો. પદ્માએ રસોડામાં જઇ મોં ધોયું. પાણી પી સ્વસ્થ થઇ અને મૌલિક માટે બીજા પવાલામાં પાણી લાવી. આવતાં આવતાં એ બારણું ખોલીને આવી હતી.

'લો ભાઇ,' મૌલિક સામે પવાલું ધરતાં એ બોલી. એનાં નયન તો ત્યારે નીચાં ઢળેલાં હતાં !

મૌલિકે એની સામે જોયું. એણે મનોમન સ્મિત કર્યું ને પાણીનું પવાલું લઇ, ઘૂંટડો પી પાછું આપ્યું. પદ્મા જઇને પવાલું મૂકી આવી. પછી સોફામાં બેસી નીચે નયને સંકોચ સાથે ધીમેથી બોલી :

'ભાઇ, મારા અવગુણ ભૂલી જજો. તમારા પ્રતાપે આજે હું નવો અવતાર પામી.'

'પદ્મા,' મૌલિકે ભાવભર્યા અવાજે કહ્યું : 'કોણ, ક્યારે કોના પ્રતાપે ઉગરી જાય છે એ તો કોણ કહી શકે ? હું આજે કસોટીમાંથી છેલ્લી ઘડીએ પાર ઉતરી શક્યો. એ બધો પ્રતાપ ભગવાનનો. આભાર તો આપણે બંનેએ એનો માનવો ઘટે.' કોઇ ચિંતનમાં હોય એમ સામેની દિવાલ પર ઊંચે નજર મૌલિક બોલતો હતો. પણ ત્યારે એને સ્વર્ગમાંથી પરી રૂપે ઊતરતી અલ્પા દેખાતી હતી. એને હજી યે લાગતું હતું કે પોતાના કસોટીના કાળે એણે જ એને સાદ દીધો હતો અને સાવધાન કરતાં કહ્યું હતું :

'પાપ તારું પરકાશ જાડેજા
ધરમ તારો સંભાળ રે.....'

એટલે ભગવાનનો આભાર માનતી વેળા પણ એ મનમાં તો અલ્પાને ય ધન્યવાદ આપી રહ્યો હતો. એણે જ એને 'ધરમ' ની યાદ આપી ઉગાર્યો હતો.

એ પછી થોડી વારે મૌલિકનાં માતા મંદિરેથી આવ્યાં ત્યારે બંને જણનો ક્ષોભ ઓછો થયો હતો અને તેમનાં હૃદય હળવાં ફુલ બન્યાં હતાં.

પ્રાયશ્ચિત રૂપે મૌલિકે રાત્રે માતાના આગ્રહ છતાં દૂધ પણ ન પીધું. તબિયત જલદી સારી થઈ જવાનું માતાને કારણ કહ્યું. પણ ખરું કારણ એ જાણતો હતો. પ્રભુ કૃપાએ આજે એની રક્ષા થઈ હતી એનો એને સંતોષ હતો.

અનુક્રમ

## ૮ : આ તે સપનું કે સાચું

મૌલિકને એને ઘેર પહોંચાડી, ત્યાં થોડું રોકાઈ અલ્પા ઘેર પહોંચી ત્યારે ધાર્યા કરતાં ઘણું વધારે મોડું થઈ ગયું હતું. કોલેજથી એટલી બધી મોડી એ ક્યારેય ઘેર નહોતી પહોંચતી. એટલે માતા - પિતાને સ્વાભાવિક રીતે જ ચિંતા થઈ. કોલેજની લાઈબ્રેરીમાં એ હોય તો તપાસ કરવા અને એને લેવા એના પિતા મોટર મોકલવાની તૈયારીમાં જ હતાં ત્યાં અલ્પા ઘેર પહોંચી અને સૌની ચિંતાં દૂર થઈ.

'બેન, આજે બહુ મોડું થયું કાંઈ!' માતાએ થયેલી ચિંતાનો નિર્દેશ આપતાં કહ્યું.

'હા બા, જરા થઈ ગયું,' ભૂલ સ્વીકારી લેતી હોય એમ અલ્પા બોલી : 'મને ખાતરી જ હતી કે તમે બન્ને અધીરાં થઈ ગયાં હશો.'

'છતાંય તેં એવું કર્યું, કેમ બેટા?' પિતાએ હસતાં હસતાં કહ્યું.

'કર્યું નથી બાપુજી, મેં કહ્યું કે થઈ ગયું,' લાડ કરતી અલ્પા બોલી : 'ક્યારેક કેટલી વાતો આપણા હાથમાં નથી હોતી. આપણે એ કરતાં નથી તો ય થઈ જાય છે.' મૌલિક સાથેનાં આજના પ્રણય પ્રસંગનો અલ્પાએ આમાં ગર્ભિત ઉલ્લેખ કર્યો. જો કે પોતાના સિવાય કોઈ એ સમજી શકે તેમ નહોતું. પણ એ વાતનું સ્મરણ અલ્પાને અનહદ આનંદ આપતું હતું. એટલે એ સ્મરણ થઈ જતું.

'એ બધાં શબ્દભેદ અમને ન આવડે બેટા.' રામદાસ શેઠ હસતાં હસતાં બોલ્યાં : 'અમે કાંઈ તારા જેટલું ભણેલાં થાડાં જ છીએ?'

'હું એમ નથી કહેતી બાપુજી,' વિવેકી છોકરી બોલી : 'તમે તો ભણેલાને ય ભૂલાવી દો એવા બુદ્ધિશાળી છો.'

'હવે બાપ–દીકરી એકબીજાનાં વખાણ કરવાનું બંધ કરી જમવા ચાલો.' પાર્વતી શેઠાણીએ કહ્યું : 'આપણે જમીએ તો બિચારો મહારાજે ય ખાવા ભેગો થાય.' પાર્વતી શેઠાણીની વાતથી સૌ હસી પડ્યાં અને 'આવું છું બા' કહેતી અલ્પા કપડાં બદલવા પોતાની રૂમમાં ગઇ.

જમતાં જમતાં મા–બાપ–દીકરીએ આનંદની ઘણી વાતો કરી. એમાં ખાસ કરી ને અલ્પાની પરીક્ષા અને એ પછીના ભાવિકાર્યક્રમની વાત મોખરે રહી. રામદાસ શેઠે તો સૂચન કરતાં હોય તેમ કહ્યું :

'અલ્પા બેટા, હવે તો આ વેપાર પણ બોજારૂપ લાગે છે. કોઇ એ બોજો ઉપાડનાર મળે તો હવે નિરાંતે પ્રભુ ભજન થાય. ઘણાં વરસ ધંધો કર્યો અને ધન કમાયા. હવે પરભવનું ભાથુંય થોડું બાંધીએને.'

'તો પિતાજી,' હસતી હસતી અલ્પા બોલી : 'આ પરીક્ષા પછી હું પેઢી પર નિયમિત આવતી થઇ જાઉં. છેવટે તો એ બધી જવાબદારી મારે જ સંભાળવાની છે ને?'

'હા દીકરી,' પાપડનો ટુકડો મોઢામાં મૂકતાં રામદાસ બોલ્યાં : 'તારે નહિ તો તારા વતી કોઇએ જરૂર સંભાળવાની છે આ જવાબદારી.'

'મારા વતી કોઇએ એટલે?' કૃત્રિમ ગુસ્સો કરતી અલ્પા બોલીઃ 'શું હું જાતે જ એ જવાબદારી સંભાળી શકું તેમ નથી?'

'એમ બૈરાં ધંધો સંભાળશે ત્યારે પુરુષો શું કરશે?' પાર્વતી શેઠાણી બોલ્યાં : 'એ તો જેનું કામ તે કરે.'

'એવું કોણે કહ્યું બા ?' અલ્પા બોલી : 'સ્ત્રીઓ ઘરની રસોઇ જ બનાવી જાણે એ ખ્યાલ હવે જૂનો થઇ ગયો. જોતાં નથી, હવે તો સ્ત્રીઓ રાજ પણ કરે છે!'

'એમાં કાંઇ ભલીવાર ના આવે બેન,' શેઠાણી બોલ્યાં : 'અને બૈરાં ગામનું ડહોળવા જાય તો ઘરનું ગુમાવી બેસે.'



પાર્વતી શેઠાણી શાંત, ધર્મનિષ્ઠ અને નિરાભિમાની સ્ત્રી હતાં. પણ વ્યવહારકુશળ ઘણાં હતાં. રામદાસ શેઠની પ્રગતિમાં એમણે ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હતો એમ શેઠ પોતે ય ઘણી વાર કહેતા હતા. દોરી–લોટો લઇને આવેલા 'રામભાઇ' ગાદી–તકીએ બેસતા રામદાસ શેઠ બન્યાં એમાં વ્યવહારકુશળ પાર્વતી શેઠાણીનો પરોક્ષ હિસ્સો ઘણો હતો. ઘરની કોઇ વાતે કશી ચિંતા તો રામદાસને રાખવી જ નહોતી પડતી. પણ વિષમ આર્થિક સંજોગોમાં પાર્વતીની નાની બચતની અંગત પુંજી અને જરૂર પડે પોતાનાં ઘરેણાં ને પલ્લુ સુધ્ધાં આપી દેવાની હિંમતે રામદાસને ઊભા રાખ્યા હતા, ચલાવ્યાં હતાં. અને એક વાર ગાડી ચાલી, પછી તો એ દોડવા લાગી હતી. પણ એ પહેલાં એકાદ દસકો આ દંપતીએ સારી એવી કસોટીઓ વચ્ચે કાઢ્યો હતો. એટલે પત્નીનાં ત્યારનાં હૂંફ અને સલાહ–સૂચન રામદાસ હજી ય ભૂલ્યા નહોતાં. માટે જ આજે પણ એમની સલાહને રામદાસ શેઠ વજન આપતા એટલું જ નહિ, પત્ની તરફનાં એમનાં માન–પ્રેમને કારણે અલ્પા પણ માતાના વચનો હંમેશાં આદરપૂર્વક સાંભળતી અને સમજવાનો પ્રયત્ન કરતી. પણ અત્યારે એ મજાકના મૂડમાં હતી એટલે માતાની વાતને સ્વીકારી લેવાને બદલે એને દોહરાવીને એણે પૂછ્યું :

'ઘરનું ગુમાવી બેસે એટલે?'

'એટલે બેટા એમ કે' રામદાસ શેઠે પત્ની વતી જવાબ આપતાં કહ્યું : 'વ્યવહારમાં વ્યવસ્થિત રહેવું અને ઘરનું સૂકાન સંભાળી એને સંજોગો પ્રમાણે સારી રીતે ચલાવવું એ સંસારીઓ માટે એક અગત્યનું કાર્ય છે. આ કામ સ્ત્રી જ સારી રીતે કરી શકે. જો એ એટલું કરે તો ય ઘણું છે. કારણ કે એથી પુરુષનો અડધો બોજ ઓછો થઇ જાય છે અને એ પોતાના કામને શાંત મને અને નિશ્ચિંત પણે કરી શકે છે, જેથી એ સફળ બને છે. બરાબરને ?' વાતના અંત ભાગમાં પત્ની તરફ જોઇ સંમતિ સૂચક પ્રશ્નથી રામદાસ શેઠે પુર્ણાહૂતિ કરી.

'હા,' પતિની વાતમાં હકાર ભણતાં શેઠાણી બોલ્યાં : 'માટે જ તો સ્ત્રીને સંસારરથનું એક ચક્ર કહી છે. અમે તો આમ સમજ્યાં છીએ બેટા, અને એ રીતે જીવ્યાં છીએ. હવે તમારો જમાનો જે કરે તે તમે જાણો.'

'અને છતાં અમારો સંસાર કદી નિર્માલ્ય, નિસ્તેજ કે નિષ્પ્રાણ નથી રહ્યો, ખરું ને?' રામદાસ શેઠે ફરીથી પત્નીને પુછ્યું – જો કે આ વેળા જરા મર્મમાં!

અને એ પ્રશ્નનો જવાબ પાર્વતી શેઠાણીના હસતા ચહેરે અને ઠપકા ભરી નજરે આપ્યો. એ નજર જાણે કહેતી હતી : 'તમે ય શું આટલાં વર્ષે દીકરીને સાંભળતાં આવી વાત કરો છો!'

પણ નજરનાં એ ભાવોએ રામદાસ શેઠની આંખો સમક્ષ બે વીસી પહેલાંનો એક પ્રસંગ પ્રત્યક્ષ કર્યો.

ત્યારે એ નવાસવા આ ગામમાં આવ્યા હતાં. પરણે હજી બહું વખત થયો નહોતો. ગામમાં નાનકડી હાટડી કરી એમણે જીવનપથ પર પા પા પગલી પાડવાનો પ્રારંભ કર્યો હતો. પૈસા ઓછા હતા, તો જરૂરીયાત પણ ઓછી હતી. સાદા જીવનમાં નવપરિણીત દાંપત્યની મુગ્ધતા હતી. બેઠી દડીની, મજબુત બાંધાંની સુંદર ને નમણી પાર્વતીની નાચતી આંખોમાંથી નીતરતાં સ્નેહ – નીરથી જ રામદાસનો આત્મા એવો ભીનો ભીનો થઇ જતો કે જગત આખાને એ ભૂલી જતો અને પોતાની નાની ઓરડીમાં જ એને સ્વર્ગ સમાયેલું લાગતું. દુકાને જતો ત્યારે ય એનું મન ઘેર રહેતું. એટલે એક દિવસ સાંજે વહેલા ઘેર આવેલાં પતિને જોઇ આશ્ચર્ય અનુભવતી પાર્વતીએ પુછ્યું :

'કેમ આટલી વહેલી દુકાન બંધ કરી? તબિયત તો સારી છે ને?'

'બિલકુલ સારી છે તબિયત, પણ આજે આપણે સરકસ જોવા જવું છે ને એટલે વહેલો આવ્યો.' રામદાસે સ્નેહભરી નજરે પત્ની સામે જોતાં કહ્યું.

'સરકસ જોવા જવા તમે દુકાન વહેલી બંધ કરી?' ઠપકા ભર્યા શબ્દોમાં છતાં પ્રેમભીની વાણીમાં પાર્વતીએ કહ્યું : 'વેપારી માટે સાંજનો સમય જ ઘરાકીનો. બે પૈસા કમાવાનો એ સમય છે એ તો જાણો છો ને?'

'હા, પણ આજે બસ એવું મન થઇ ગયું. પત્નીને પ્રેમ ભરી ટપલી મારતાં પતિએ કહ્યું: 'કે બસ, પારુ સાથે સરકસ જોઇ આવું.'



'નથી આવવું મારે જાવ,' કૃત્રિમ રીસ કરતાં પાર્વતી બોલી : 'ધંધો પહેલો કે મોજશોખ?' અને ત્યારે આવા જ ભાવ હતા પાર્વતીની આંખોમાં જેવા અત્યારે હતા. માટે જ રામદાસ શેઠને આ પ્રસંગ યાદ આવી ગયો. પછી પત્ની પોતાની સાથે સરકસ જોવા તો આવી હતી, પણ ત્યાર પછી ધંધામાં રામદાસ શેઠે કદી બેદરકારી નહોતી બતાવી. પાર્વતીની સતત પ્રેમભરી દેખભાળ અને ટકોરને કારણે જ પોતે આટલી બધી પ્રગતિ સાધી શક્યા હતા એ વાત રામદાસ શેઠ ક્યારેય ભૂલ્યા નહોતા. અને આ ઉંમરે ય માતા-પિતાનું પ્રસન્ન દાંપત્ય હવે સમજણી થયેલી અલ્પાને ય આશ્ચર્યમુગ્ધ અને આનંદ-વિભોર કરતું હતું!

મરમમાં હસતી માતાને અને અન્યમનસ્ક થયેલા પિતાને જોઇ અલ્પાએ કૃત્રિમ ગુસ્સાથી પૂછ્યું :

'તે આ રથ અને ચક્રની ખામી તરફ એ ધ્યાન ખેંચવા માગતી હશે બેટા,' રામદાસે લાડ કરતાં હોય એ રીતે પુત્રીને કહ્યું : 'એક ભેગી બીજી વાત કહી દેવાની તારી બામાં ખાસ આવડત છે.'

'તે બીજું ચક્ર હજી કારખાનામાં બને છે,' ભજિયું મોંમાં મૂકતી અલ્પા બોલી : 'તૈયાર થશે એટલે રથ જોડે જોડી દઇશું, હોં બા.'

'અને સૌ હસી પડ્યાં. ઇન્દ્રને ય ઈર્ષા આવે એવું નાનું, પ્રેમાળ, સુખી કુટુંબ હતું આ!'

થોડી વારે રામદાસ શેઠે જરા ગંભરીતાથી કહ્યું : 'બેટા અલ્પા, હવે અમે ખરેખર અમારા માથાનો બોજ હળવો કરવા ઇચ્છીએ છીએ હોં.'

'એટલે કે મને અહીંથી કાઢી મૂકવી છે એમ ને?' બનાવટી ગુસ્સાથી અલ્પાએ કહ્યું : 'હું જ તમને ભારે પડું છું, કેમ?'

'તને કાઢી નથી મૂકવી ગાંડી,' પાણીનો ગ્લાસ હાથમાં લેતા રામદાસ બોલ્યા : 'કોઇકને અહીં લાવવું છે.'

'અને દિવસે દિવસે તારો ભાર તો વધે જ ને?' મજાકમાં સત્ય કહેવાની આવડતવાળાં પાર્વતીએ કહ્યું : 'કાંઇ તું નાની થોડી જ થાય છે?'

'પણ તમે લોકો હજી ઘરડાં નથી થઇ ગયાં અને હું એવી યુવાન નથી થઇ ગઇ. પછી શું?' ટેબલ પર હાથ પછાડતાં અલ્પાએ દલીલ કરી.

'થયું છે બેટા, બન્ને થયું છે,' ગંભીર વાણીમાં રામદાસે કહ્યું : 'સાઠ વર્ષ વટાવી જનાર અમે હવે ઘરડામાં જ ગણાઇએ.'

'અને તું ય હવે પ્રથમ વીસીમાં તો પ્રવેશી બેન.' પાર્વતીએ પ્રેમથી કહ્યું.

'ઠીક છે બાપુજી, સાંભળો બા!' લટકો કરતી અલ્પા બોલી : 'હું હવે તમને લાંબો સમય ચિંતા નહિ કરાવું હાં?'

'મારી ડાહી દીકરી.' કહી પાર્વતીએ અલ્પાને માથે હાથ ફેરેવ્યો.

'રાત્રે વાંચવા બેઠી, પણ અલ્પાના મગજમાં કશું ઊતરતું નહોતું. પુસ્તક હાથમાં હતું પણ ચિત્ત ચકાવે ચઢ્યું હતું : 'કેવાં ભલાં છે મારાં માતા-પિતા! લગ્ન અંગે મને સંપૂર્ણ છૂટ આપી છે... જો કે મેં એમને ખાતરી આપી જ છે કે પસંદગી હું કરીશ પણ તમારી મંજૂરી મળ્યા પછી જ એ લગ્ન થશે. અને મારા સંસ્કાર અને શાણપણમાં શ્રદ્ધા રાખતાં માતા-પિતાએ મને પસંદગીની છૂટ આપી છે. ભાગ્યે જ કોઇ કન્યાને આવું ભાગ્ય સાંપડતું હશે. જો કે ગઇ-કાલ સુધી તો હું ય ચિંતામાં હતી. પસંદગી કરી લેવાનું તો મેં કહ્યું છે, પણ પસંદગી કરવી કોની? એ કાંઇ સાડી કે બ્લાઉઝ પીસ થોડાં જ ખરીદવાનાં છે કે વહોરી લઉં? જો કે મને તો એમાં ય ઘણી મૂંઝવણ થાય છે. આ સારું... તે સારું. રખડી રખડીને થાકું ને છેવટે કાંઇક લઇ નાખું. ત્યારે આ તો જીવનસાથીની પસંદગીનો પ્રશ્ન છે. બજારમાં માલ ઓછો છે. જે છે તે બધો ય થર્ડક્લાસ. અને પસંદગી ભારે કરવાની છે. કોઇ નજરમાં જ વસતો નથી ત્યાં હૈયામાં ક્યાંથી વસે? અને હૈયામાં વસ્યા વિના એને હાથ સોંપવાનું કેમ વિચારી શકાય? એના કરતાં માતા-પિતાને જ કહી દઉં કે તમે જ નક્કી કરી આપો. મને મંજૂર હશે. ગમે તેમ તો ય એ અનુભવી. આમાં આપણું કામ નહિ'... પણ અલ્પા હસી અને ફરી મનોમન કહેવા લાગી : 'પણ આ બધી તો ગઇ કાલ સુધીની મુંઝવણ. આજની તો હવે વાત જ જુદી છે. આજનો સૂર્ય શુકન જોઇને ઊગ્યો હશે, આજ કોઇ સારી વ્યક્તિનું મેં મોઢું જોયું હશે. કારણ કે આજે અણધાર્યું થયું, આ...જે અણકલ્પ્યું બન્યું. વેરાન વનમાં આજે ઓચિંતી વસંત ખીલી, તરસ્યા ચાતક પર આજે અચાનક મેઘ વરસ્યા મન મૂકીને. આજે રાધાને શ્યામ મળ્યા! અને તે ય સ્વપ્નમાં નહિ, સાચેસાચ.'

અલ્પાએ પુસ્તકનું પાન ફેરવ્યું. કશા ય કારણ વગર ! અને ફરી વિચારવમળમાં ઘૂમવા લાગી :



'રાધા ને શ્યામ...હા, અલ્પા ને મૌલિક...મૌ...લિ...ક, સુંદર નામ છે. અને જાતે ય કેવો સુંદર છે! ગોરો વાન, મજબૂત બાંધો. શાંત, ગૌર મુખાકૃતિ સાથે અડપલાં કરતાં કાળાં ઝૂલ્ફાં, વિનયી રીતભાત, યુવાનીની ઉચ્છૃંખલતા નહિ, પણ સજ્જનનો સંયમ... બોલે તો ધીરેથી - પોપટ જેવું મીઠું, હસે તો મધુરું - ગાલે ખાડા પડે. આવો યુવાન મને ગમ્યો તો મારાં માતા-પિતાને ગમશે જ. હવે એ ય અધીરાં બન્યાં છે. અને મને ચિત્તચોર મળી ગયો છે. તો પછી હવે શા માટે વાત લંબાવવી? માતા-પિતા દ્વારા સત્તાવાર પાકું જ કરાવી નાખું. નહિ...?...' બહાર કૂતરું ભસ્યું ને ગાય દોડી...થોડી હલચલ પછી શેરી પાછી શાંત થઇ. અલ્પાને થયું; 'જીવનની શાંતિનો કોઇ અચાનક ભંગ કરે અને બનેલી વાત બગાડી નાખે...હા, બગાડી ય નાખે આ દુનિયા તો. એને કોઇનું બનાવવામાં નહિ, બગાડવામાં જ આનંદ આવે છે ને? એટલે જ એ બગાડે તે પહેલાં હું નક્કી કરી લઉં...મૌલિક પણ કહેતો હતો કે એને હવે એક જ અનુભવ કરવો છે અને તે અલ્પાને...હા, મને...' એકલી એકલી ય જરા શરમાતાં શરમાતાં અલ્પા બોલી : 'મને ભવસાથી કરવાનો એક જ અનુભવ મૌલિકને કરવો છે..! કેવું અદ્ભુત ! આ તો સપનું કે સાચું!' અલ્પાએ આંખો ચોળી,. 'ના, ના, સપનું નહિ, તો સાચું?' અલ્પાએ જાણે સાશંક ભાવે પ્રશ્ન કર્યો અને ધડાક દઇને પુસ્તક બંધ કરી એ જરા મોટેથી બોલી ઊઠી : 'આ સાચું છે, સ્વપ્ન નથી. હું હવે જલદી મૌલિકને મારે ઘેર બોલાવી માતા-પિતાને એની ઓળખાણ કરાવી દઇશ. અને જલદી બધું જ...'

પણ સહેજ અટકી અલ્પાએ એની જાતને જરા ઠાવકાઇથી પૂછ્યું : 'બધું જ એટલે? લગ્ન પણ?'

અને જરા શરમાતે શરમાતે એણે ઉત્તર દીધો : 'હા, બધું જ એટલે લગ્ન પણ જલદી પતાવી નાખીશ. પછી...પછી...? પછી તો હું મૌલિકની, મૌલિક મારો... અને અમે બંને? અમે બંને પ્રેમી પંખીડાં પાંખમાં પાંખ પરોવી ઊડશું ગગન વિશાળ... ...'

આમ વિચારતી હરખઘેલી અલ્પા લાઇટ બંધ કરી, નાઇટ લેમ્પના આછા ઉજાસમાં પલંગમાં સૂતી ત્યારે ય એના હૃદયમાં તો પ્રશ્ન પડઘાતો હતો જાણે : 'આ તો સપનું કે સાચું!?'

અસામન્ય સત્ય હંમેશાં સ્વપ્નવત્ જ લાગે ને?

અનુક્રમ

## ૯ : સહાધ્યાયીનાં સોગઠાં

સમીરસિંહ સોરઠીયા મિત્રવર્તુળ અને પરિચિતોમાં સમીર નામે જ જાણીતો હતો. પણ કોઇને પડકારવો હોય ત્યારે એ એકલો એકલો ય પોતાની પાતળી મૂછ પર હાથ ફેરવતાં ફેરવતાં તીરછી આંખ કરી બોલતો : 'યાદ રાખજે, આ સમીરસિંહ સોરઠીયા છે...!' અને પછી આયના સામે ઊભો રહી એ સિગારેટ સળગાવતો. સિગારેટને બે હોઠ વચ્ચે મૂકવામાં, દીવાસળી ખેંચી સિગારેટ સળગાવવામાં, દમ મારવામાં અને ધુમાડાના ગોટા કાઢવામાં દરેક ક્રિયામાં એની પોતાની અદા હતી. પોતે ધારે તે કરી શકે છે, કરાવી શકે છે એવું એ માનતો.

આવો સમીર કૉલેજના પ્રથમ વર્ષથી જ મૌલિકનો સહાધ્યાયી હતો અને એથી ય પહેલાંનો પડોશી હતો. એટલે એ બંનેના કુટુંબોને સ્વાભાવિક રીતે જ પરિચય હતો. સમીર ભણવામાં જબરો નહિ, તો નબળો ય નહોતો. પણ ખરાબ સોબતને કારણે હવે રખડેલ બની ગયો હતો. કૉલેજમાં એ ભાગ્યે જ પીરિયડ ભરતો અને જયારે ભરતો ત્યારે એ પરીયિડમાં ભાગ્યે જ શાંતિ રહેતી. વર્ગમાં એની ગેરહાજરીનો કોઇ પ્રોફેસર વાંધો ન ઉઠાવતા એ તો ઠીક, ઊલટું એ ગેરહાજર હોય ત્યારે પ્રોફેસર રાહત અનુભવતા. બહાર મધ્યસ્થખંડનાં પગથિયાં પાસે એ અને એની મંડળી ઊભી હોય ત્યારે ત્યાંથી પસાર થવાનું સીધા પ્રોફેસરો તો ટાળતા. નહિ તો એ બિચારા મજાકનું સાધન બન્યા હોય! આમ સમીરથી પ્રોફેસરો થોડા ગભરાય પણ ખરા. કૉલેજમાં એ કદી નિયમિત નહોતો ! છતાં ય એ ક્યારેય નાપાસ પણ થયો નહોતો! પરીક્ષા સમયે પ્રશ્નપત્રો ફોડી લાવી. ચોરી કરી-યેનકેન પ્રકારેણ એ લખતો. અને બુહધા તો એ જેવું લખતો તેવાના પણ એને થોડા થોડા ગુણ મળી જતા. એટલે પ્રથમ વર્ગમાં ભલે ન આવે, પણ તૃતીય વર્ગમાં તો એ પાસ થતો જ. વળી એ નાપાસ થઇ વધુ વર્ષ રહે એ કરતાં એ પાસ થઇ જલદી વિદાય થાય એમાં જ પ્રોફેસરોને વધારે રસ હતો. એટલે અનાયાસે વૈરભાવે પણ એને કૃપાગુણ મળી જતા અને એ પાસ થઇ જતો! એની ટોળીને પણ વત્તેઓછે અંશે આવો લાભ થતો. આથી એમને વિશેષ ઉત્તેજન મળતું. છોકરીઓની મજાક કરવી, પોતાની સાથે ભણતી છોકરીઓ સાથે હરવું, ફરવું, હોટેલમાં જવું ને મજા કરવી, નાનાં નાનાં કારણોસર કૉલેજમાં હડતાલ પડાવવી, કોઇ પ્રોફેસરને પરેશાન કરવો - આવાં બધાં કામ સમીરની ટોળી સતત કર્યા કરતી અને એમાં જ એમની મજા હતી. પોતે ધારે તે છોકરીને પોતાની જાળમાં ફસાવી શકે છે એવો પોતાને માટે ઊંચો અભિપ્રાય સમીરને હતો જો કે અનેક છોકરીઓએ એને પૈસે લહેર કરી એને ઝૂલતો મૂક્યો હતો. એ વાત ક્યારેક યાદ આવી જતાં એ જોરથી સિગારેટનો દમ મારી નવા શિકાર પર એનું વેર વાળવાનો વિચિત્ર નિર્ધાર કરતો!

આવા સમીરની આંખમાં કેટલાય સમયથી એક સહાધ્યાયીની વસી હતી. એ હતી અલ્પા. અલ્પા કરતાં ય વધુ સુંદર છોકરીઓ પોતાની સાથે ભણતી હોવા છતાં ઘઉંવર્ણી અલ્પાનું વ્યક્તિત્વ રૂપરમણીઓને પણ હરાવે એવું હતું. એટલે સમીર સ્વાભાવિક રીતે જ અલ્પા તરફ એની રીતે આકર્ષાયો હતો. તેમાં ય વળી એણે જ્યારે જાણ્યું કે અલ્પા ધનિક પિતાની એક માત્ર પુત્રી છે અને એની સઘળી સંપત્તિની વારસદાર છે ત્યારે તો અલ્પામાં એનો રસ વધી ગયો. કંચન અને કામીની બંને એકી સાથે મળે એવો શુભ યોગ જતો કરે તો સમીર શાનો? અરે, હવે તો યેન કેન પ્રકારેણ અલ્પાને પોતાની બનાવવા એણે મક્કમ નિર્ધાર કર્યો. એને આકર્ષવા એણે અનેક પ્રયોગ કર્યા. પણ કોઇની તરફ ન ખેંચાનારી સૌમ્ય પ્રકૃતિની અલ્પા એના તરફ નજર પણ કરે ખરી કે?

સમીરે શરૂઆત તો સૌમ્યતાથી કરી. અલ્પાને આમંત્રવા જ પોતાને ત્યાં ક્યારે ય નહિ ને આ વર્ષે પોતાની 'બર્થ ડે પાર્ટી' ગોઠવી. પોતાની સ્ત્રીમિત્રો દ્વારા અને પછી જાતે મળીને એણે એ માટે અલ્પાને આમંત્રણ આપ્યું. પણ **'Happy Birth Day'** કહી 'મારે તે દિવસે જરૂરી રોકાણ છે' જણાવી અલ્પાએ વિવેકપૂર્વક હાજર રહેવામાંથી ઈન્કાર ભણ્યો. એક રજાના દિવસે મેટીની શોમાં એક સરસ અંગ્રેજી પિક્ચર માટે

ત્રણ સીટનું એડવાન્સ બુકીંગ કરાવી સમીરે કેટી દ્વારા અલ્પાને સાથે આવવા આમંત્રી. પણ 'ચલ ચિત્રો જોવામાં મને બહુ રસ નથી.' કહી અલ્પાએ એની અવગણના કરી. અલ્પાનો જન્મદિવસ ક્યારે છે એ કેટી દ્વારા વાતવાતમાં જાણી સમીરે એ દિવસે એક નવી પેન કૉલેજ ઉદ્યાનમાં બેઠેલી અલ્પાને **'Happy Birth Day to you'** કહી આપવાની ચેષ્ટા કરી. ત્યારે તો અલ્પા એકલી જ હતી અને સમીર પણ એ તકનો લાભ લઈ એકલો જ પહોંચી ગયો હતો. પણ અલ્પાએ **'I return it with many thanks'** કહી એને હાથ પણ ન અડાડ્યો અને ત્યાંથી ઊઠીને ચાલતી થઈ! સમીરે પોતાના વર્ગનાં છોકરા - છોકરીઓની એક ટૂરની યોજના કરી. પોતાની સ્ત્રીમિત્રો કેટી અને વીમ્મી દ્વારા અલ્પા ખાસ આવે એ માટે તેણે આગ્રહ કરાવ્યો. પણ અલ્પાએ તો આભાર માનતાં સ્પષ્ટ ભાષામાં કહી દીધું : 'કેટી, મને આમ રખડવામાં આનંદ આવતો નથી. મહેરબાની કરી આવીકોઈ વાતો મારી પાસે લાવવી નહિ.' કેટી ભલે સમીર સાથે ફરતી, અલ્પા સાથે એને ભલે ઓછો સહવાસ હતો, પણ અલ્પા માટે એને ખૂબ જ માન હતું. પોતાનો સ્વચ્છંદ ખોટો હતો અને અલ્પાનો સંયમ પ્રશંસનીય હતો એમ પણ એ સમજતી અને ઘણી વાર અલ્પા આગળ એ કબૂલ પણ કરતી. આવી એ નિખાલસ અને ભોળી હતી. અલ્પાની આવી અવગણનાથી ગુસ્સે થતો ત્યારે કેટી સમીરને ચોખ્ખું સંભળાવતી : 'એ રખડતાને હાથ ચડે એવું જંગલનું ફુલ નથી. એ તો બટમોગરો છે. એની મીઠી સુગંધ તો એના સાચા હકદારને જ મળે, સમજ્યા મિસ્ટર ?' એક વાર કેટી એ આમ કહ્યું ત્યારે ગુસ્સે થઈ સમીરે પૂછ્યું :

**'What do you mean?'**(તું શું કહેવા માગે છે?)

**'First deserve, then desire.'**(પહેલાં લાયક બનો, પછી ઈચ્છા રાખો) કેટીએ કહ્યું.

'એટલે શું હું નાલાયક છું?' સિગારેટનો દમ ખેંચતા સમીરે કહ્યું.

'કમ સે કમ અલ્પા માટે તો લાયક નહિ જ,' મોંમાં મસાલાવાળું પાન મૂકતાં કેટીએ કહ્યું અને ગોગલ્સના ઘેરા કાચમાંથી વીમ્મી તરફ જોઈ એણે આંખ ઝીણી કરી.



'નોનસેન્સ,' ગુસ્સે થઈ સમીરે કહ્યું : 'એ શું કાંઈ સ્વર્ગમાંથી ઊતરી આવી છે?'

'એ તો ભગવાન જાણે,' પર્સ પોતાની આંગળી પર ઘુમાવતાં વીમ્મી બોલી : 'પણ આપણી જેમ નર્કમાં જવા તો નથી જ આવી, કેમ કેટી?'

**'Exactly So'** (બરાબર એમ જ) સંમત થતી વીમ્મીએ કહ્યું: 'મારું માને તો સમીર, ફાંફાં મારવાનું છોડી દે ને થોડા દિવસ અમારી સાથે ફરીને સંતોષ માન.'

'અને પછી?' પાનના ગલ્લેથી બસ સ્ટેન્ડ તરફ ડગ માંડતી વીમ્મીએ સમીરને ચીડવવા વાત આગળ ચલાવવા પૂછ્યું.

'પછી વળી શું?' એની સાથે ચાલતી કેટીએ પાનની પીચકારી મારતાં કહ્યું : 'પછી સુરપંખા, તાડકા કે મંથરા જે કોઈ હાથ લાગે એની સાથે ચાર ફેરા ફરી ચાલીસ પચાસ વર્ષ ખેંચી કાઢવાનાં. એટલે જીવન પૂરું.' આવી ક્રુર મજાકથી ગુસ્સે થઈ સમીરે શેષ સિગારેટને પગ નીચે કચડતાં કહ્યું : 'તમે લોકોએ ધાર્યું છે શું આજે? અલ્પા કાંઈ બહુ વહાલી લાગે છે તમને?'

'તમને લાગે તો પછી અમને શા માટે ન લાગે? કેમ કેટી?' ત્રાંસી નજરે વીન્ની બોલી.

'હાસ્તો. અને વળી અમારી બહેનપણી છે,' ટોણો મારતી કેટીએ કહ્યું : 'અમારી એ ક્યારયે અવગણના કરે છે?'

'મારું ખાઈને મારું જ ભૂંડુ બોલો છો?' ગુસ્સામાં સમીરે કહી નાખ્યું.

'તે ખાઈએ એનું જ ગાઈએ ને?' વીમ્મીએ મજાકમાં કહ્યું : 'પણ કેવું ગાવું એ અમારે જોવાનું છે!'

'મારું ખાઈને એટલે તું શું કહેવા માગે છે?' સ્વમાની કેટીએ કહ્યું : 'અમે કાંઈ રસ્તાની ભિખારણો છીએ? એમ હોય તો આજથી તું તારા રસ્તે....'

'અને અમે અમારા રસ્તે.' પાસે આવેલી ડબલ ડેકરના પ્લેટફોર્મ પર પગ મૂકતાં વીમ્મીએ વાક્ય પૂરું કર્યું.

અને સ્ટેન્ડ પર ઊભેલો સમીર હજી તો કાંઇ સમજે એ પહેલાં વીમ્મીની પાછળ ચઢી કેટીએ ઉપડતી બસે તેને 'બાય' પણ કરી દીધી! બાઘા શો સમીર પોતાની બસની રાહ જોતો સ્ટેન્ડ પર ઊભો રહી ગયો અને મહેણાં ખાધા છતાં મિત્રો ગુમાવ્યાનો શોક કરવા લાગ્યો. એ આખો દિવસ એને કાંઇ ચેન પડ્યું નહી. જો કે બીજે દિવસે એણે હોટલમાં ઢોંસા ખવડાવતાં ખવડાવતાં કેટી અને વીમ્મીને મનાવી લીધાં હતાં. આ લંપટ પુરુષની નિર્બળતા જાણતી એની આ સ્ત્રીમિત્રો આમ એનાં 'ઢોંસા ખાતા જવું ને ઠોંસા મારતાં જવું' ની નીતિ અપનાવી એને સાચી વાતો ઘણી વાર કહેતી અને છતાં વળતર રૂપે બીજે દિવસે બેવળો પુરસ્કાર મેળવતી. જો કે સમીર પણ કાચો નહોતો. એ પણ એના ખેલમાં જ રમતો. માટે જ આ સ્વાર્થી ટોળી મૈત્રી નભાવી કોલેજ જીવનનો સ્વચ્છંદી લાભ લેતી. આ બધામાં અપવાદરૂપ હતાં અલ્પા અને મૌલિક. માટે જ સૌના આકર્ષણનું અને કેટલાંકની ઈર્ષાનું પાત્ર એ બન્યાં હતાં. જો કે એ બિચારાંને તો આની કશી ખબરેય નહોતી!

અલ્પાને પોતાની નજીક લાવવા માટે ઘડેલી સમીરની ટૂર યોજના પણ નિષ્ફળ ગઇ ત્યારે એ ખુબ ધૂંધવાયો. ભવિષ્યમાં પોલિસ સબ ઈન્સ્પેકટર બનવા માગતા સમીરનો મિજાજ આજેય ડી.એસ.પી. જેવો હતો, એટલે 'સીધી આંગળીએ ઘી નહિ નીકળે,' એમ વિચારી એણે હવે 'વાંકી આંગળીના' પ્રયોગ કરવાનું નક્કી કર્યું. યેન કેન પ્રકારેણ અલ્પા જો પ્રાપ્ત થાય તો જીવનનું દળદર ફીટી જાય એ એની ગણતરી ખોટી તો નહોતી જ. અલ્પાને પરણીને પોતે શહેરના પ્રતિષ્ઠિત નાગરિક રામદાસ શેઠનો જમાઇ બને, એની પેઢીનો પોતે વહીવટકર્તા બને અને પછી માલિક થાય એવા દીવાસ્વપ્નમાં રાચતો સમીર અલ્પાને પ્રાપ્ત કરવાની આશા એમ સહેલાઇથી છોડી દે એવો નહોતો. હવે અલ્પાની સહાનુભૂતી અને પ્રેમ પ્રાપ્ત કરવાં એણે એક બુદ્ધિપુર્વકની યોજના કરી. અલ્પાને લેવા કાટલીકવાર એની કાર આવતી. પણ વૈભવનું એવું પ્રદર્શન એને પસંદ નહોતું. એટલે મોટે ભાગે એ



બસમાં જ જતી આવતી. એનો બસ – રુટ, એને ઉતરવાનું સ્ટેન્ડ વગેરે સમીરે અવલોકનપૂર્વક, એની સાથે જ બસમાં બેસી ત્યાં જઇને જોઇ લીધું. અલ્પાના ઘરથી બસ સ્ટેન્ડ જરાં દૂર હતું અને વચ્ચે થોડું ઓછી અવર જવર વાળું ખુલ્લું મેદાન આવતું હતું. અલ્પા હમણાંની ત્રણ વાગે ઘેર પહોંચી જતી હતી. એટલે એવા બપોરના સમયે પેલા મેદાનમાં ભાગ્યે જ કોઇની આવ–જા હોય. એ સમયનો લાભ લેવા એક નાટક ગોઠવ્યું.

એક દિવસ બપોરે બસમાંથી ઉતરી અલ્પા ઘેર જતી હતી ત્યારે બે ગુંડા જેવા જુવાનીયાઓએ એનો પીછો કર્યો.

'એ ય લડકી, અકેલી ક્યોં જાતી હે? હમ હે ન સાથ.' એક જણે પેલા મેદાન પાસે જ શરૂઆત કરી. અલ્પાએ ધ્યાન આપ્યા વગર ચાલ જરા તેજ કરી.

'ચલો હમારે સાથ. બડા મઝા આયેગા,' કહી બીજાએ એનો હાથ પકડ્યો. પણ એક ઝાટકે હાથ છોડાવી અલ્પા ઝડપથી આગળ વધી.

'ક્યા અદા હે માશુક્કી!' પહેલાએ સીટી મારતાં કહ્યું. ત્યાં જ સામેથી સમીર આવતો દેખાયો. અલ્પાની થતી હેરાનગતિ જોઇ એ દોડતો આવ્યો ને પેલા ગુંડાઓને પડકાર્યાં :

'સાલે, લડકીયોંકો પરેશાન કરતેં હોં.'

'તું તેરા રાસ્તા માપ, નહિ તો.....' એકે સામનો કરવાનો પ્રયાસ કર્યો. પણ....

'નહિ તો ક્યા?' કહેતાં સમીરે એને એક લાફો ચોડી દીધો. બીજાએ એને પાછળથી પકડવાનો પ્રયત્ન કર્યો. પણ ઝડપથી પાછા ફરતાં સમીરે એને પણ એક ચોડી દીધી. આમ સામનો થતાં 'સાલે તુજે દેખ લેંગે' કહી બંને જણ ભાગી ગયા!

'અરે જા કુત્તે, તું ક્યા દેખેગા?' ની બડાશ મારતાં સમીરે ચાલવા માંડેલી અલ્પા પાસે જઇ પૂછ્યું :

'આ નાલાયકોએ કાંઇ હેરાન તો નથી કર્યાં ને તમને?'

'ના, તમે સમય સર આવી ગયા. આભાર,' કહી અલ્પાએ કૃતજ્ઞભાવ દર્શાવ્યો. કદાચ પહેલી વાર એણે સમીર જોડે આમ સમભાવથી વાત કરી. પોતાના પર ઉપકાર કરનાર સાથે અવિવેક બતાવે એવી તોછડી અલ્પા નહોતી. અત્યારે સમીર તેને ખરેખર સંત પુરુષ લાગ્યો હતો.

'મને તમારો તો ખ્યાલ જ નહોતો,' અલ્પાની સાથે અર્ધા અર્ધા થઈ જતાં સમીરે કહ્યું : 'છતાં કોઈ પણ સ્ત્રીની છેડતી હું જોઈ જ ન રહું.'

'તમે સારી હિંમત કરી,' અલ્પાએ એની તરફ જોયા વિના જ વિવેક ખાતર સમીરને વખાણતાં કહ્યું : 'એકલાં હોવા છતાં બે જણને ભગાડ્યા.'

'બાર હોય તોય શું?' પોતાના સાહસિક સ્વભાવનો પરચો આપવાની તક ઝડપતાં સમીરે કહ્યું : 'હું સારા કામમાં જાન હોડમાં મૂકતાં ય પાછો ન પડું.'

આમ વાત કરતાં કરતાં તો અલ્પાનું ઘર આવી ગયું. એટલે એ અટકી, સમીર ને ઘેર આવવાનું કહેવું કે નહિ એ અંગે ગુંચવાઈ. પણ એ સંસ્કારી છોકરી વિવેક કર્યા વિના રહી શકે ખરી? સમીર જેવા માણસને ઘેર લઈ જવો ઠીક નથી એમ માનતી હોવા છતાં એનાથી વિવેક થઈ જ ગયો :

'આવો, ચા પીને જાવ.'

'ઓહ!' કૃતિમ સ્મિત કરતાં સમીરે કહ્યું : 'ચા તો ઠીક છે, પણ તમે કહો છો તો ચાલો, સહેજ બેસીને જાઉં.'

સમીર માટે તો આ ધન્ય ઘડી હતી – અલ્પાને ઘેર એના આમંત્રણથી ચા પીવા માટે જવાની! પોતાનું નાટક એને સફળ થતું લાગ્યું, અલ્પા હવે એને હાથવેંતમાં લાગી, પોતાની બુદ્ધિ પર એ વારી ગયો!

પણ અલ્પા ચાલાક હતી. એ ક્યારનીય સમીરને એમ પૂછવા ઈચ્છતી હતી કે 'તમે અત્યારે અહીં ક્યાંથી?' પણ એની સાથે વાતો કરવાનું એને ગમતું નહોતું – એટલે એણે આવો પ્રશ્ન ન કર્યો. બાકી ક્યારે ય આ વિસ્તારમાં આવા ખરાબ લોકો કોઈએ જાણ્યાં નથી અને આવો ખરાબ



અનુભવ કોઈને થયો નથી ત્યારે આજના આવા પ્રસંગનું બનવું અને એ વેળા સમીરનું ઉપસ્થિત થવું એ બધું અલ્પા માટે આશ્ચર્યનો વિષય હતું.

પણ ચા – પાણી થતાં હતાં ત્યાં જ મારી મારીને અધમુવા કરી નાખેલા બે જણને પકડીને ઘરનો નોકર હનુમાન આવ્યો :

'બહનજી, યે સાલે આપકો પરેશાન કર રહે થે ન?'

'અરે,હા!' આશ્ચર્ય અનુભવતી અલ્પાએ કહ્યું : 'પણ તું આ નાલાયકોને ક્યાંથી પકડી લાવ્યો?'

'હું સામેથી આવતો હતો બહેનજી.' ભૈયો હવે ગુજરાતીમાં બોલવા માંડ્યો : 'ત્યાં મેં આ બેને નાસતાં જોયાં અને આગળ તમને જતાં જોયાં એટલે હું વાત પામી ગયો. સાલોકોં માર મારકે ઢોર બના દીયા. અબ આપ કહે સો કરે.'

પણ સમીરને અહીં ચા–નાસ્તો કરતો જોઈને પેલા બેના ક્રોધનો પાર ન રહ્યો.

'અમને માર ખાતાં મૂકીને તું અહિં ચા–નાસ્તો કરે છે?' એકે ગુસ્સાથી કહ્યું.

આ બે જણને જોયા ત્યારથી જ સમીરના તો હોંશકોંશ ઊડી ગયા હતા. પોતાના સાથીઓને ચૂપ રહેવા તેણે ઈશારા પણ કર્યા હતાં. પણ ભૈયાના હાથનો ભરપેટ મેથીપાક ખાનારા મિત્રો ચૂપ શાના રહે?

પણ સમીરે હવે નવું નાટક શરૂ કર્યું.

'કોણ છે તું? કોની સાથે વાત કરે છે?' અજાણ્યા થઈ ગુસ્સો કરતા સમીરે કહ્યું.

'કોની સાથે તે સમીરીયા સાથે.' બીજાએ ક્રોધથી કહ્યું : 'ઓળખતો નથી તું અમને?'

'ના, બિલકુલ ઓળખતો નથી.' છોભીલા પડ્યાં છતાં આબરૂ સાચવવા ફાફાં મારતા સમીરે કહ્યું : 'મેં તમને કદી જોયા પણ નથી.'

'શાનો ઓળખે ને શાનો જુએ!' એક જણ બોલ્યો : 'પોતાનો સ્વાર્થ સાધવા અમારી પાસે આ બહેનની છેડતી કરાવી...'

અલ્પાને આંચકો લાગ્યો, ભૈયાને ગુસ્સો થયો, સમીરને ચક્કર આવવા જેવું થયું!

'અને હવે એમને જ ઘેર આવીને ચા-પાણી કરવા માંડ્યો!'

'યહ સબ ક્યા ગરબડી હૈ બહનજી?' ગુંચવાતા ભૈયાએ પૂછ્યું.

'ભૈયાજી,' માર ખાનારામાંના એકે કહ્યું : 'અમને માર્યા એ તો ઠીક કર્યું. અમને અમારા પાપની સજા મળી. પણ ખરો તો આ સમીરીયાને મારવો જોઈએ. આ બેનને ફસાવવા આ દુષ્ટે જ બધો ખેલ ગોઠવ્યો હતો!'

અલ્પાના આશ્ચર્યનો પાર ન રહ્યો. એનાથી બોલી જવાયું : 'ખરેખર!'

'આ લોકો લુચ્ચા છે,' સમીર બોલ્યો : 'મને ખોટી રીતે ફસાવે છે.' જો કે એના ચહેરાનું નૂર તો ક્યારનું ઊડી ગયું હતું. ડૂબતા માણસની જેમ ગુંગળામણ તે અનુભવતો હતો.

'હા બેન,' બીજાએ કહ્યું : 'એ માટે અમને પાંચસો રૂપિયા આપ્યા છે. અને બે-ત્રણ દિવસથી રોજ અહીં લાવે છે.'

હવે ભૈયાનો પીત્તો ઉછળ્યો. તેણે સમીરની ફેંટ પકડતાં કહ્યું : 'સાલે ઠગ, અબ તેરી ભી ખબર લૂંગા.'

'અરે, પ...ણ, પ...ણ' કરતા સમીરના હોશકોશ ઊડી ગયા અને ભૈયાની પકડમાંથી છૂટવા એણે યાચનાભરી દૃષ્ટિથી અલ્પા સામે જોયું.

'જવા દે હનુમાન,' સમીર તરફ તિરસ્કારભરી નજર નાખતાં અલ્પાએ કહ્યું : 'એ આપણા મહેમાન બનીને આવ્યા છે.'

અલ્પાની આજ્ઞાથી ભૈયાએ એને છોડી દઇ ધક્કો મારતાં કહ્યું : 'નીકલો સાલે કુત્તે યહાં સે.'



અલ્પાએ તો આ વાત કૉલેજમાં કોઇને કરી નહિ. પણ સમીર અઠવાડિયા સુધી ક્ષોભને કારણે એની સામે પણ જોઇ શકતો નહોતો. પણ એ નફ્ફટ અને હઠીલો હતો. અલ્પાને મેળવવાની આશા હજી ય તેણે છોડી દીધી નહોતી. એટલે ઉપરનો બનાવ બન્યા પછી એકાદ અઠવાડિયા બાદ અલ્પા જ્યારે કૉલેજના બાગમાં એકલી બેઠી હતી ત્યારે એની પાસે જઇ એ બોલ્યો :

'હું દિલગીર છું, પણ તે દિવસના બનાવમાં થોડી ગેરસમજ થઇ છે.'

'હું તમારી સાથે વાત કરવા માગતી નથી.' ત્યાંથી ઊભી થઇ જતાં અલ્પા બોલી.

'પણ મારી વાત...'

'કશું સ્વમાન જેવું છે કે નહિ?' કહેતી અલ્પા ચાલી ગઇ. અપમાનિત સમીર શરમીંદો બની ઊભો રહ્યો!

પણ આશાવાદી સમીરે વળી એક પ્રયત્ન થોડા દિવસ પછી કરી જોયો. અલ્પા ત્યારે બપોરના સમયે લાયબ્રેરી તરફ જતી હતી. સમીરે એકાંતનો લાભ લઇ તેની સાથે થઇ જતાં હિંમતભેર આત્મનિવેદન કરી દેતાં કહ્યું :

'મને સમજવાનો પ્રયત્ન કર અલ્પા, હું તને સાચા દિલથી ચાહું છું.'

'કોઇ કૂતરીને ચાહો તો તમારું ઘર સાચવશે.' તિરસ્કારથી અલ્પાએ કહ્યું.

'મારા દિલને સમજવાનો પ્રયત્ન કર અલ્પા,' કાકલુદી કરતા સમીરે કહ્યું : 'હું તને ચાહું છું અને તને મેળવીને જ જંપીશ.'

પણ ત્યાં જ ઓચિંતુ, અણધાર્યું બન્યું. સમીર જેવા માથાભારે પુરૂષના ગાલ પર સટાક દેતો એક તમાચો પડ્યો. અણકલ્પ્યા હુમલાથી સમીર ડઘાઇ ગયો. 'કોનો હતો એ તમાચો?' તે ક્ષણભર વિચારી રહ્યો. પણ જવાબ શોધવા રાહ જોવી પડે તેમ નહોતી :

'નીચ, ખબરદાર મારી સાથે કદી વાત કરી છે તો!' કહેતી, આંખોમાંથી અગનતણખા વેરતી અલ્પા એની સામે જ ઊભી હતી. અરે હવે તો આટલું કામ પતાવી એ ચાલવા પણ લાગી હતી!

ગાલ પર હાથ ફેરવતો, 'કોઈ જોઈ તો નથી ગયું ને'ની ભીતિએ આસપાસ નજર ફેરવતો સમીર દાંત કચકચાવી બબડ્યો : 'આનો વ્યાજ સાથે બદલો લઈશ.'

પણ ત્યારે દૂર ઊભેલા બે-ચાર કૉલેજીયનોનું ખડખડાટ હાસ્ય સાંભળી એ પાછલે દરવાજેથી પલાયન થઇ ગયો!

આવા અનેક કટુ અનુભવ છતાં સમીર હાર્યા જુગારીની જેમ અલ્પાનો પીછો છોડતો નહોતો. કંચન અને કામિનીનો દુર્લભ યોગ સહેલાઈથી જતો કરે, એમાં આવતી નાની-મોટી મુસીબતોથી નાસીપાસ થાય એવો એ મૂર્ખ કે શીખાઉ ખેલાડી નહોતો. સ્વભાવે એ તીખો અને તોફાની હતો, પણ જરૂર પડે અપમાન ગળી જઇનેય કામ કઢાવી લેવા જેટલી વ્યવહાર-બુદ્ધિ એનામાં હતી. ભવિષ્યમાં પી.એસ.આઇ. બનવાની મહેચ્છા સેવતી વ્યક્તિએ જાડું ચામડું રાખવું જોઇએ અને હેતુ સિદ્ધ કરવા માટે જરૂર પડે ત્યારે ઘણું ભૂલી ય જવું પડે એવું દુન્યવી ડહાપણ એનામાં હતું. એટલે હજીય સ્વપ્રમાં તે રામદાસ શેઠની પેઢીની ગાદી પર તકીયે અઢેલીને સમીરસિંહ સોરઠીયાને બેઠેલો જોતો!

આવા સમીરને જ્યારે માંદા મૌલિકની માતાએ એની દવા લેવા જવા બોલાવ્યો અને વાતવાતમાં સવિતા પાસેથી એણે જાણ્યું કે અલ્પા ઘેર આવીને મૌલિકને મૂકી ગઇ ત્યારે એને આશ્ચર્ય અને ગુસ્સો થાય જ ને? એણે મૌલિકને કેવા અણગમતા શબ્દો કહ્યા : 'દેખાય છે તો તું સીધો સાદો, બાકી નજર તો મોટા શિકાર પર રાખે છે હોં!' વળી મૌલિકે શરૂમાં શાંતિથી અને પછી ગુસ્સા સાથે સાચી વાત સમજાવવાનો પ્રયત્ન કર્યો તોય એણે તો એની રીતે જ વાત ઘટાવી અને ટીકા કરી હતી : '..તારો દાવ સારો છે, જાળ તેં મોટી માછલી પર બિછવી છે. જો એ ફસાશે તો તને પરી જેવી પત્ની ને પાર વિનાનો પૈસો બંને મળશે.' અને આવી વાતોથી ચીડાયેલા મૌલિકને છોડી એ એની દવા લેવા ગયો ત્યારે નીચે ઉતરીને બબડ્યો પણ



હતો : 'તે ભણેશરીભાઈ અલ્પાની પાછળ છે...હું, આ સમીરસિંહ સોરઠીયાએ હજી હાથ ધોઇ નથી નાખ્યા... ઠીક છે, અત્યારે તો તારી દવા લાવી આપું મૌલિક, પછીની દવા કેમ કરવી તે આ સમીર જાણે છે...' આમ અલ્પાને પામવાની ગણતરીઓ કરતો જ એ દવાખાને ગયો હતો!

અને બીજે જ દિવસે એણે કૉલેજમાં પોતાનો નવો દાવ શરૂ પણ કરી દીધો. અલ્પા સીધી રીતે દાવમાં નથી આવતી અને પોતે જાણે મોટી સતી હોય એમ અભિમાન રાખી ફર્યા કરે છે એટલે કૉલેજમાં એની આ છાપ બગડે અને એની પ્રતિભા ખંડિત થાય તો એ પોતાના હાથમાં લાચાર બનીનેય આવે એવી ગણતરીથી સમીરે બીજે જ દિવસે કૉલેજમાં વાત ફેલાવી કે 'છોકરાઓથી અલિપ્ત રહેવાનો દેખાવ કરતી મિથ્યાભિમાની અલ્પાએ મૌલિક જેવા સીધા છોકરાને ફસાવ્યો છે ને વિધવા માના આશાસ્પદ છોકરાની કારકિર્દી એ બગાડવા બેઠી છે.' આવી વાતો એ કૉલેજ-કમ્પાઉન્ડમાં બધા સાથીઓ સાથે ખુલ્લી રીતે કરવા લાગ્યો. એમાંય ખાસ કરીને અલ્પા જતી હોય ત્યારે તો એ અચૂક આવી વાતો મિત્રો સાથે મોટેથી કરતો. એના સાથીઓ વળી વાતને જુદી રીતે બહેકાવતાં મોટેથી બોલતા :

'એ વેદિયાને ક્યાંથી પકડ્યો લા?'

ત્યારે એ જવાબ દેતો : 'ભાઈ, નબાપો, ને ઢીલો-પોચો છોકરો જ ઘર-જમાઇ થઈને રહે ને!'

'એ વાત મુદ્દાની હોં.' ત્રીજો સંમત થતો.

તો વળી ચોથો કહેતો : 'અલ્યા ભાઈ, મિલકત મળતી હોય તો આપણું ગોઠવી દેને, આપણે રહીશું 'કહયાગરા કંથ' થઈને.'

જો કે બધા જ કૉલેજીયનો આવા હતા એમ નહિ. આવા રખડેલોની ટોળી ને બાદ કરતાં બીજા સારા પણ ઘણા સહાધ્યાયીઓ હતા જેમને આવી વાતોથી નફરત હતી. કેટલાક સારા સાથીઓ તો આમની આવી વર્તણૂંક તરફ સ્પષ્ટપણે અણગમો પણ વ્યક્ત કરતા. પણ દૂધમાં ડૂબેલો રહેવા છતાં કોલસો ઉજળો થતો નથી, તેવું જ આ લોકોનું હતું.

પણ આવી નફ્ફટ ટોળીને અવગણતી અલ્પાને મૌલિક પર પણ ચીડ ચઢી. મનમાં એ ગુસ્સે થવા લાગી :

'મૌલિકે જ આ નાલાયકને વાત કરી હશે ને? બાકી, કાલે અમે મળ્યાં ને આજે જ આણે વાતો કરવા માંડી! શું આવી વાતો બીજાને કહેવામાં પુરૂષો પોતાનું ગૌરવ સમજતાં હશે? પણ મૌલિક જેવો શાણો છોકરોય આવો નાદાન હોઇ શકે? કે એણે પણ મને 'રીઝર્વ' કરી લેવાના એક દાવ તરીકે આવી વાત વહેતી કરી દીધી હશે? પણ...ના, ના. મૌલિક એવું તો ન કરે... પણ ત્યારે વાત બહાર કેવી રીતે આવી? અમારા વિના તો કોઇને ખબર જ નહોતી... ઠીક છે, મૌલિકને મળીને જ ખુલાસો મેળવીશ...'

આવા-વિચાર તરંગોમાં બે દિવસ પસાર થયા. સ્વાભાવિક રીતે જ મૌલિક બે દિવસ કૉલેજ ન ગયો. એની તબિયતની અલ્પાને ચિંતા તો હતી જ. પણ તાત્કાલિક જવું દુન્યવી દૃષ્ટિએ ઠીક ન લાગવાથી બે દિવસ તો એ મૌલિકને ત્યાં ન ગઇ. પણ ત્રીજે દિવસે એ ગયા સિવાય રહી ન શકી. કૉલેજથી રિક્ષા કરી સીધી એ એને ઘેર પહોંચી ને ઘરમાં જઇ 'નમસ્તે બા' કહી ઊભી રહી.

'આવો બેન, આવો.' કહેતી સવિતાએ હર્ષભેર આવકારતાં કહ્યું : 'બેસો.'

અલ્પાએ આસપાસ નજર નાખી. ઘરમાં કોઇ દરદી ન દેખાયું. શું પૂછવું ને કેવી રીતે પૂછવું એની એને જરા મૂંઝવણ થઇ. બેઠક રૂમમાં એને લઇ જતાં સવિતાએ પ્રેમપૂર્વક કહ્યું : 'આવો અંદર, બેસો બેન.' કહી એ પાણીનો ગ્લાસ ભરી લાવ્યાં. ત્યારેય અલ્પાની આંખો તો કોઇને શોધતી હતી.

'તમે શું કરવા તસ્દી લીધી બા, હું લઇ લેત પાણી.' કહેતી અલ્પાએ પાણીનો ઘૂંટ ભરી પૂછ્યું :

'કેમ બા, એકલાં છો ઘરમાં?'

'હા બેન,' સામેની ખુરશીમાં બેસતાં સવિતા બોલ્યાં : 'મૌલિક કાલે મુંબઇ ગયો છે.'

'મુંબઇ?' આશ્ચર્યથી અલ્પાએ પૂછ્યું : 'તો એમની તબિયત...'



'તબિયત તો બીજા જ દિવસથી સારી હતી બેન, છતાં એણે નક્કી કર્યા કરતાં એક દિવસ મોડો ગયો. નહિ તો તમે કૉલેજથી એને લઇને આવ્યાં ને તેને બીજે જ દિવસે એ જવાનો હતો. એનાં ભાઇ-ભાભીનો કાગળ હતો.' સવિતાએ એકી સાથ ઘણું કહી નાખ્યું. માણસ આનંદમાં હોય ત્યારે ઘણુંબધું ન પૂછેલું અને કેટલીક વાર તો સંદર્ભ વિનાનું પણ કહી દે છે. સવિતાની વાત પરથી લાગતું હતું કે આ વાતમાં તેમને આનંદ આપે એવું કાંઇક હતું.

'એમ કે?' અલ્પાએ જરા નિરાશ ભાવે વિવેક ખાતર વાતમાં રસ લેતાં કહ્યું. એ નિરાશા મૌલિકની ગેરહાજરીને કારણે હતી. એને તો આશા હતી કે આજે ત્રણ દિવસ બાદ એ એના પ્રાણાધારને જોશે. કારણકે આ ત્રણ દિવસ એને ત્રણ યુગ જેવા લાગ્યા હતા. છતાં તાત્કાલિક એને ઘેર નહિ જવાનું દુન્યવી શાણપણ એણે દાખવ્યું હતું ,પણ આજે તો બહુ ઉમંગપૂર્વક એ પોતાના પ્રિયતમના દર્શને આવી હતી. વળી એ પ્રિયતમ પણ પોતાને જોઇને ઘેલોઘેલો થઇ જશે, પથારીમાંથી ઊઠીને બેઠો થઇ જશે એની એને ખાતરી હતી. પ્રિયતમને પ્રેમભર્યો ઠપકો આપવામાં ય એક પ્રકારનો આનંદ હોય છે. જો કે પોતે ઠપકો કેવી રીતે આપશે એનો અલ્પાને કશો ખ્યાલ નહોતો.

પણ અલ્પાના 'એમ કે?' પશ્નના જવાબમાં સવિતાએ કહ્યું :

'હા બેન, તમારાથી શું છાનું છે? છોકરી જોવા ગયો છે મૌલિક.'

'છોકરી જોવા?' અપાર આશ્ચર્ય અનુભવતી અલ્પાથી પોતાના સ્વભાવ વિરૂદ્ધ પૂછી દેવાયું : 'કોના માટે?'

'એના પોતાના માટે બેન,' પોતાની જ ધૂનમાં મસ્ત સવિતા હરખાતાં હરખાતાં બોલ્યાં : 'માગાં ત ઘણાં ય આવ્યાં બેન, પણ મૌલિક માનતો જ નથી ને. 'હમણાં લગ્ન નથી કરવું,'ની જ હઠ લઇને બેઠો છે. એને તો નહિ બેન, પણ મારે ઉતાવળ ને. મારી તબિયત હવે ઠીક રહેતી નથી. આમ તો ઉપરથી કોઇને કાંઇ લાગે નહિ. પણ કોણ જાણે કેમ મને હવે દેહનો બહુ ભરોસો નથી. એટલે જતાં પહેલાં એની વહુને જોઉં તો મારે શાંતિ. પણ એ માનતો જ નથી. પરદેશથી અમારી નાતની એક છોકરી એનાં મા-બાપ સાથે આવી છે. મૌલિકના ભાઇ-ભાભીએ લખ્યું છે કે 'છોકરી બહુ સુંદર ને શાણી છે. વળી, લગ્નની પણ એ લોકો આપણા કહ્યા વિના ઉતાવળ

નહિ કરે. અને જવું હોય તો પરદેશ જવાની તક પણ મળશે. એટલે એક વાર આવીને છોકરી જો તો ખરો.' ભાઈ-ભાભીના આગ્રહથી ગયો છે તો ખરો બેન. હવે હા પાડી દે તો સારું.'

મૌલિક છોકરી જવા ગયો છે એ પોતાના હૈયાના હરખની વાત સવિતાએ કોઈને કરી નહોતી. એટલે આ હરખ અપ્રગટ જ રહ્યો હતો. અત્યારે અલ્પા આગળ વાત નીકળતાં એમણે એ હરખની વાત વિગતે કહીને સંતોષ અનુભવ્યો. પણ એમને બિચારાંને શી ખબર કે એમના શબ્દે શબ્દે અલ્પાનું અંતર ચીરાતું હતું એ શું કરવા આવી હતી અને એણે શું સાંભળ્યું! કોઈ નિર્ધનને મળતો ખજાનો ઓચિંતો જ લૂંટાઈ જાય ત્યારે એને જેવી લાગણી થાય એથી ય વિશેષ દુઃખની લાગણી 'મૌલિક પોતાને માટે છોકરી જોવા મુંબઈ ગયો છે' એ વાત જાણી ત્યારે અલ્પાએ અનુભવી. જો કે આવી લાગણી વ્યક્ત ન થઈ જાય એની એને કાળજી રાખવી હતી. છતાં કોઈની ચકોર દૃષ્ટિ હોય તો એ લાગણી છૂપી રહી શકે તેમ નહોતી. જો કે ભલાં સવિતાએ અલ્પાની નિરાશા કળી ખરી, પણ એમને આવો કશો ખ્યાલ આવ્યો નહિ. ઊલટું એમણે તો ભલામણ કરતાં અલ્પાને કહ્યું :

'બેન, તમે મૌલીકની સાથે ભણો છો. તમારા માટે એને માન છે એવું એની વાતો પરથી લાગે છે. તો તમે જરા સમજાવજોને એને કે આ છોકરી માટે હા પાડી દે અને હવે લગ્ન પણ કરી દે. આટલું મારા વતીનું કામ કરજોને બેન.'

'ભલે બા,' અલ્પાને કહેવું પડ્યું; 'મારું તો શાના માને? છતાં હું એમને સમજાવવાનો પ્રયત્ન જરૂર કરીશ.'

'બેન, તેમ જ કહો, પરદેશની છોકરીમાં શું કહેવાપણું હશે?'

'ખરી વાત બા,' હૃદય પથ્થરનું કરીને અલ્પા બોલી : 'એમને એ છોકરી ગમશે જ.'

'તમારા મોંમાં ગોળ બેન,' આનંદમાં સવિતા બોલ્યાં : 'અને સંબંધ સારો ન હોય તો મારો સરેન્દ્ર અને એની વહુ લખે જ નહિ ને.'

'ખરું છે બા.' અલ્પાએ વિવેક પૂરતું કહ્યું.



'અરે બેન, હું તો વાતોમાં ચા મૂકવાનુંય ભૂલી ગઈ.' ઊભાં થતાં સવિતા બોલ્યાં : 'બેસો હું ચા બનાવી લાવું'

'ના બા, અત્યારે ચા નથી પીવી. મારે ઘેર જવાનું મોડું થાય છે' કહેતી અલ્પા ઊભી થતાં બોલી : 'હું જાઉં હવે, બા.'

'બેન, બેસો તો ખરાં,' ઊઠીને ટેબલ તરફ જતાં સવિતા બોલ્યાં : 'હું ય કેવી ઘેલી છું? આજે બધું ભૂલી જ જાઉં છે. મૌલિકે તમારા માટે એક કાગળ આપ્યો છે.'

'મારા માટે?' જરા કુતૂહલપૂર્વક અલ્પાએ પૂછ્યું.

'હા,' પુસ્તકોની થપ્પીમાંથી એક બંધ કવર કાઢી લાવતાં સવિતા બોલ્યાં : 'કહેતો હતો કે અલ્પા કદાચ આવશે.'

'ક...દા...ચ આવશે.' નિઃશ્વાસ સાથે મનમાં બબડી અલ્પાએ સહેજ સંકોચપૂર્વક કવર લઈ, નોટમાં મૂકી કહ્યું : 'તો હું જાઉં બા?'

'તમારું સરનામું તો આપતાં જાવ બેન,' સવિતાએ કહ્યું : 'મૌલિક કહેતો હતો કે એણે તમારું ઘર નથી જોયું.'

'હા બા, આપું.' કહી અલ્પાએ નોટમાંથી એક કાગળ ફાડી એમાં પોતાનું સરનામું લખી આપ્યું અને સવિતાને એ આપતાં વિવેક કર્યો : 'ઘેર આવજો ને બા, મારાં બા-બાપુજીને આનંદ થશે.'

'ભલે બેન, આવીશ કોઈ વાર.' કહેતા સવિતા દાદર સુધી એને વળાવવા ગયાં અને 'આવજો બેન.' કહી પાછાં ફર્યા ત્યાર હજી સાંજના સાત જ વાગ્યા હતા છતાં શિયાળાની એ સાંજે ક્યારનુંય રાત્રિ સ્વરૂપ ધારણ કર્યું હતું.

દાદર ઊતરી અલ્પા સહેજ આગળ વધવા ગઈ ત્યાં જ સમીર સામો મળ્યો. મૌલિકની નજીક જ રહેતા સમીરે અલ્પાને એને ઘેર જતી જોઈ હતી. માટે જ એ રાહ જોતો ઊભો હતો. અલ્પાને શી ખબર કે આ દુષ્ટ પણ અહીં જ રહેતો હશે?

'હજીય પીછો છોડ્યો નથી આ વેદિયાનો?' એની અવગણના કરી આગળ જતી અલ્પાનો માર્ગ પોતાની હાથથી રોકતા સમીરે કહ્યું. રાતના અંધારાનો એ લાભ લેવા માગતો હતો. અલ્પાનો માર્ગ પોતાના હાથથી રોકતા સમીરે કહ્ય, અલ્પા અત્યારે જરા હતાશ તો થઇ જ હતી. તેમાં આવી હરકતોથી હતાશા ગુસ્સામાં પલટાઇ ગઇ અને એણે 'નાલાયક' કહી પગમાંથી ઝડપથી ચંપલ કાઢી અણધારી રીતે સમીર પર ઝીક્યું! પણ એટલી જ અણધારી રીતે કોઇ નાજુક હાથે એની કલાઇ પકડી એને રોકીને કહ્યું :

'જવા દે અલ્પા, માફ કર એને.'

'ઓહ, વૈશાલી તું?' એક વળાની સહાધ્યાયીને બત્તીના પ્રકાશમાં ઓળખતાં અલ્પા બોલી.

'હા બેન, જવા દે આને'

'આ દુષ્ટ...'

'આ દુષ્ટના મારી સાથે વિવાહ થયા છે બેન.' વૈશાલી બોલી : 'એટલે આગળની શિક્ષા હું કરીશ. ચંપલ પહેરી લે બેન.'

પછી વૈશાલીએ તેને વિદાય કરી ત્યારે શરમીંદો બની સમીર બાજુમાં ઊભો હતો! પોતાની બાજીનાં સોગઠાં એને મરતાં લાગતાં હતાં.

'શરમ નથી આવતી?' ગુસ્સામાં વૈશાલીએ ઠપકો આપતાં કહ્યું.

'અરે આ તો...'

'પોતાનો દોષ બીજા પર ના ઢોળો,' વચ્ચે જ એને અટકાવી વૈશાલીએ કહ્યું : 'એના જેવી ડાહી છોકરી મેં જોઇ નથી.'

અને બન્ને થોડી ચડભડ કરી છૂટાં પડ્યાં ત્યારે કાંઇક નિરાશ થઇ ઘેર જતા સમીરને એક નવો દાવ અજમાવવાનો વિચાર આવ્યો અને 'સવારે વાત' કહી એ સામેની પાન-બીડીની દુકાને ગયો. ત્યાં પાન ખાઇ સિગારેટ સળગાવતાં વળી એના મગજમાં પ્રકાશ પડ્યો અને 'સવારે વળી શું? શુભસ્ય શિઘ્રમ' બબડી જોરથી સિગારેટનો દમ ખેંચ્યો ને મૌલિકના ઘર તરફ ગયો. ત્યાં પહોંચી દાદર પાસે ફૂટપાથ પર સળગતી સિગારેટને પગ નીચે કચડી એ ઉપર ગયો.



'માસી,' દાદર ચઢતાં જ એણે બૂમ મારી. 'છે કે મૌલિક?'

'કોણ ભાઇ?' સવિતાએ ઉપરનું બારણું ખોલતાં કહ્યું : 'સમીર? આવ ભાઇ.'

'મને થયું કે મૌલિક કૉલેજ નથી આવતો તો એની તબિયત જોઇ આવું. કેમ છે એને હવે?'

'સારું છે ભાઇ, બેસ' કહી સવિતા ય એની સામે ખુરશી પર બેસતાં બોલ્યાં : 'એ તો મુંબઇ ગયો છે બે દિવસથી.'

'મુંબઈ?' વાત કઢાવવાના ઈરાદાથી આશ્ચર્ય વ્યક્ત કરતાં સમીરે પૂછ્યું : 'કેમ કાંઇ એકદમ?'

'કાગળ હતો અનો ભાઇનો.' સ્વાભાવિકતાથી સવિતા બોલ્યાં.

'સુરેન્દ્રભાઇનો?' સમીરે ચાલાકીપૂર્વક કહ્યુંઃ 'કાંઇ છે કે શું નવાજૂની માસી?''નવાજૂની તો શું ભાઇ?' સવિતા ભોળપણમાં બોલ્યાં : 'પણ હા, તેડ્યો છે તો એને કન્યા જોવા. પણ જો જે પાછો ઢોલ વગાડતો.'

'અરે માસી, સમાચાર તો ઢોલ વગાડવા જેવા જ છે ને?' આત્મીયતાના કૃત્રિમ ભાવ સાથે સમીરે કહ્યું : 'પણ તમે કહો છો તો હમણાં કોઇને નહિ કહું. પણ માસી, પેલી ચીબાવલીની જાળમાં ફસાયેલો મૌલિક હા પાડશે ખરો?'

'ચીબાવલીની જાળમાં ફસાયેલો?' આશ્ચર્યથી સવિતાએ પૂછ્યું, 'શું કહે છે તું સમીર? કોણ ચીબાવલી?'

'પેલી હમણાં આવી હતી તે, અ...લ્પા!' એક આંખ ઝીણી કરતાં સમીર બોલ્યો.

'અલ્પા?' સમીરને ઠપકો આપતાં હોય તેમ સવિતા બોલ્યાં, 'અરે, એ તો બહુ ભલી ને સંસ્કારી છોકરી છે. એના વિષે આવી વાત કેમ કરે છે?'

'મહાદેવના ગુણ પોઠિયો જાણે માસી,' સમીરે સોપારી ચાવતાં કહ્યું : 'એ કેટલી ભલી ને સંસ્કારી છે તે અમે જાણીએને? ચાર વર્ષથી સાથે ભણીએ છીએ અમે.'

'અને વળી મારો મૌલિક તો ભગવાન શંકર જેવો ભોળો છે.'

'એ ભોળો છે માટે જ તો તમને ચેતવું છું. માસી, આ અલ્પા ઉસ્તાદ છોકરી છે. પારકે પૈસે નાટક-સિનેમા ને હોટલ-બાગ કરવા એણે અત્યાર સુધીમાં ઘણા છોકરાઓને ઊંધે રસ્તે ચઢાવ્યા છે.' ધીરેથી બોલતાં સમીરે કહ્યું : 'માસી, હવે એની દાઢમાં આપણો મૌલિક ભરાયો છે. તે દિવસે એને મૂકવાને બહાને ઘેર આવી આજે કદાચ જોવા આવી હશે. માસી, ચેતજો, નહિ તો પૈસાનું પાણી કરાવશે અને મૌલિક જેવા હોંશિયાર છોકરાનો અભ્યાસ બગાડશે...'

'ભાઈ,' ભોળાં સવિતા બોલ્યાં : 'તું કહે છે પણ મારા મનમાં એ છોકરી વિષે આવી વાતો વસતી નથી. જો કે મારે શું? બાકી, છોકરી વિવેકી ને ગુણવાન લાગે છે. એમાં ના નહિ.'

'આતો તમને પોતાનાં માનું છું માટે કહું છું માસી, આત્મીયતા બતાવતાં સમીરે કહ્યું, 'બાકી મારે ય શું? માનશો? હમણાં જ નીચે મને મળી ત્યારે કહેતી હતી : 'ચાલ ને આજે એકાદ પિક્ચર જોઈ પાડીએ.'

'એમ!' ન માનવા છતાં સવિતાને આશ્ચર્ય થયું.

'હા, પણ આપણે તો એને નવ ગજના નમસ્કાર કરીએ છીએ માસી.' શાણપણ બતાવતો સમીર બોલ્યો : 'એ આપણને પોષાય નહિ.'

'બળ્યું સમીર,' કંટાળો બતાવતાં સવિતા બોલ્યાં : 'તું ક્યારેય કોઈની સારી વાત કરતો નથી. લોકોનાં મેલાં કપડાં ધોવામાં તને બહુ રસ છે.'

'અરે માસી, કેવી વાત કરો છો તમે?' સમીર જાણે સાહજિક ભાવે બોલ્યો : 'મૌલિક મારા માટે લોક છે? હું તો એનાં ઉજળાં કપડાં મેલાં ન થાય માટે તમને ચેતવું છું. પછી તમે જાણો.'

આવી વાતો દ્વારા સવિતાના કાનમાં અલ્પા વિરૂદ્ધ ઝેર રેડવાનો પ્રયાસ કરી સમીર ઘેર ગયો ત્યારે એને ખાતરી હતી કે મૌલિક ઇચ્છશે તો પણ સવિતામાસી હવે અલ્પા સાથે એના લગ્નની સંમતિ નહિ જ આપે. અને એમ થશે તો અલ્પા પછી બીજા કોને પસંદ કરશે? 'મને જ વળી,' સમીરના મને એને આવો પ્રોત્સાહક જવાબ દીધો અને એણે ચંપલી ઉગામ્યાન બદલો લીધાનો સંતોષ અનુભવ્યો.



સમીરની વાોત સવિતાએ સાચી તો ન માની પણ એમાં અર્ધ સત્ય તો હોઈ શકે એવો થોડો શક એમના મનમાં જરૂર પડ્યો. અને પછી શંકાશીલ મન અલ્પા સાથેના પ્રસંગોને આ વાતોના સંદર્ભમાં યાદ કરી રહ્યું. સૂતાં સૂતાં એમને વિચાર આવતા હતા :

'મારો મૌલિક તો ડાહ્યો છે. એ કોઈની માયામાં લપટાય એવો નથી. પણ આ છોકરી ય કુછંદી લાગતી નથી. ધીરી-શીરી, શાંત ને સંસ્કારી જણાય છે... જણાય છે શું? છે જ. મને 'બા બા' કહેતાં એનું મોં સૂકાય છે. મૌલિકની તબિયત સારી નહોતી ત્યારે ઘેર મૂકવા આવી. એ પહેલાં કદી ય આવી નથી. એવી મર્યાદાવાળી છે... મૌલીક જ કહેતો હતો કે સાથે ભણવા છતાં તેઓ એ જ દિવસે પહેલી વાર મળ્યાં... અને મારો મૌલિક જૂઠું બોલે નહિ. સમીરીયો તો મુઓ છે જ એવો. અપલક્ષણો તો એનામાં નાનપણથી છે અને પાછો બીજાના ચોખ્ખા દૂધમાંથી ય પોરા કાઢવાના પ્રયત્ન કરે છે...બાકી, મૌલિક આ છોકરી સાથે...હા અલ્પા સાથે પરણે તો ય મને તો કશો ય વાંધો લાગતો નથી. મારું મન સમીરીયાની વાતો માનતું નથી અને કહે છે : અલ્પા ખરાબ હો જ નહિ. દંભી હોય જ નહિ. એની આંખ જ કેવી નિર્દોષ છે. અને વાત કરતાં મોં પર જાણે શરમના શેરડા પડે છે. હં...કોઈની આવી કુંવારી કન્યા પર આળ ચઢાવતાં શરમાતો ય નથી સમીરીયો. અલ્પા ખરેખર ડાહી છોકરી છે...' આમ અલ્પાને નિર્દોષ ઠેરવતા અને સમીરને દોષિત માનતા આવા વિચારોમાં સવિતા ક્યારે ઊંઘી ગયાં એનો એમને ખ્યાલ ન રહ્યો. પણ રાત્રે સમીરની વાતોથી ભારે અને જરા શંકાશીલ થઈ ગયેલું મન સવારે હળવું અને શંકા રહિત થઈ ગયું હતું એ નક્કી. સારી વ્યક્તિ કોઈના વિષે કશું ખરાબ વિચારી કે માની શકે નહિ. અને સવિતા નિઃશંકપણે એક સદ્ગુણ સન્નારી હતાં. એમણે રાત્રે અનુભવેલા મંથનમાં અલ્પાને પવિત્ર જ જાહેર કરી. આમ સમીરનાં બધાં સોગઠાં મરતાં લાગાં હતાં!

પણ સવિતા પાસેથી નીકળી, સમીરને શિક્ષા કરી, અને વૈશાલી પાસે છોડી અલ્પા રિક્ષામાં ઘર તરફ જતી હતી ત્યારે સવિતાએ આપેલો મૌલિકનો પત્ર તો રિક્ષામાં વાંચી શકે એમ નહોતી, પણ એનું મન રિક્ષા કરતાં વધુ વેગે દોડતું હતું. એ વિચારતી હતી :

'મૌલિક મુંબઇ છોકરી જોવા ગયો છે એ વાત ખુદ એનાં માતાએ જ કહી છે એટલે સાચી જ હોય, તો પછી એ દિવસનું અમારું ઓચિંતુ મિલન, દિલની એકતા, પ્રેમની પરાકાષ્ઠા, આત્માની અભિજ્ઞતા, કાચા તાંતણાનું બંધન એ બધું શું અમારા હૃદયનો ક્ષણિક આવેગ હતો? ના, ના, મારા હૃદયનો તો એ આવેગ માત્ર નહોતો, પણ મૌલિકનું તો એવું જ ને? નહિ તો હવે છોકરી જોવા જાત જ શું કામ? તો શું ડાહ્યો, સંસ્કારી લાગતો મૌલિક પણ બીજા કૉલેજીયનોની નાતનો જ?...ના, ના, એમ હોય જ નહિ... તો શું હોય બીજું? ખુલાસો આ પત્રમાં હશે જે ઘેર જઇ વાંચીશ ત્યારે ખબર પડશે... પણ પત્રમાં પોતાની લાચારીનાં રોદણાં ને બહુ તો પ્રાર્થના વિના બીજું શું હશે હવે?...'

આવા અનેક વિચારોમાં લીન, પોતાની જાતે જ પ્રશ્નોત્તર કરતી અલ્પાને રિક્ષા પોતાના ઘર તરફ વળી ત્યારે જ ઘર આવી ગયાનો ખ્યાલ આવ્યો.

સવારથી 'થોડું મોડું થશે' એમ કહીને જ એ ગઇ હતી એટલે ઘેર કોઇને ચિંતા થવાનો તો પ્રશ્ન નહોતો. એટલે માતાને મળીને એ સીધી મેડા પર પોતાની રૂમમાં ગઇ અને જતામાં જ સોફામાં બેસી પર્સમાંથી મૌલિકનું કવર કાઢી, ઝડપથી તે ફોડી અંદરનો પત્ર કાઢી અધિરાઇથી, ધડકતા દિલે એ જરા મોટેથી વાંચવા લાગી :

'અલ્પા...'

'હું જાણું છું કે તું જરૂર આવીશ. માટે જ આ પત્ર મૂકતો જાઉં છું. એક અપરિચિત સહાધ્યાયીની તે જે કાળજી રાખી અને મદદરૂપ થઇ એથી પ્રભુ પ્રસન્ન થયા અને અલ્પ સમયમાં આપણી અપરિચિતતા અદૃશ્ય થઇ અને ઘનિષ્ઠતા કેળવાઇ ગઇ! એ દિવસે બધું જ અદ્ભુત બન્યું. બાકી આપણા જેવાં શાંત, શરમાળ સહાધ્યાયીઓ આમ એકાએક આત્માની એકતા કેવી રીતે અનુભવી શકે?'

'પણ આ બધી લાંબી વાતો પછી નિરાંતે. તે દિવસના તારા ઉપકાર બદલ હવે તો આભાર માનવાની કાંઇ જરૂર ખરી? આભાર પરાયાંનો હોય, પોતાનાંનો નહિ. ખરું ને?'

'તબિયત સારી થયા બાદ મારે તને મળવું જોઇતું હતું, એ સમજું છું. પણ કૉલેજ હું આવી શકું તેમ નહોતું ને તારું ઘર મેં જોયું નહોતું. (જોયું



હોત તો પણ ઘેર આવવાના ઔચિત્ય અંગે શંકા રહેત) એટલે કૉલેજમાં આવું ને મળું એ પહેલાં તને સંદેશો પહોંચાડવાની ઇચ્છાથી આ પત્ર લખું છું.'

'મુંબઇ જાઉં છું. જવું જ પડે એમ હતું. કેમ એ પછી. જલદી પાછો આવીશ. આવીને મળીશ. કશો ઉચાટ ન રાખીશ.'

'તારા અત્તરની સુવાસ હજીય નાક દ્વારા મનને પ્રફુલ્લિત કરે છે. અસર ઓછી થઇ છે, છતાં પૂમડું મેં જાળવી રાખ્યું છે. કોઇની સ્મૃતિને એમ ફેંકી થોડી જ દેવાય છે? પણ અત્તરની સુવાસ કરતાં ય કોઇનો માનવતાભર્યો સુખદ સ્પર્શ અંતરને મઘમઘતું કરી દે છે. આવી સ્મૃતિઓ જીવનભર સચવાઇ રહે છે.'

'કશું અઘટિત લખાયું હોય તો ક્ષમા...'

સપ્રેમ — મૌલિક'

પત્ર વાંચી અલ્પાએ હાશ અનુભવી. એની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. મૌલિક માટે – પોતાના મૌલિક માટે – કરેલા અવિશ્વાસભર્યા વિચારો બદલ એણે પોતાની જાતને ઠપકો આપ્યો અને પત્રને હૃદયસરસો ચાંપી બેઠી હતી એ સોફામાં જ ઘડીવાર માટે હર્ષાવેશમાં આડી પડી. ત્યારે એના હૈયા પર પડેલો મૌલિકનો પત્ર એના હૃદયની ધડકન ગણતો ઊંચો-નીચો થતો હતો! કેટલો પ્રિય હતો એ પત્ર-અલ્પાને! એણે એનું ખોવાયેલું વિશ્વ પાછું આપ્યું હતું!

સ્નેહી હૃદયમાં શંકા ને શાંતિ કેટલાં જલદી આવ-જા કરે છે!

અનુક્રમ

## ૧૦ : મેરે ઘર આયો રે ગોપાલા

મૌલક મુંબઈથી ત્રણ-ચાર દિવસમાં જ આવી ગયો. છોકરી જોવા ગયો હતો અને હવે ગમે તે કન્યા પસંદ કરી હા પાડી દે એવી સવિતાની તીવ્ર ઈચ્છા હતી એટલે કશું ય પૂછ્યા વિના પ્રથમ તો એ એના મનોભાવ વાંચવામાં પડી ગયાં. એમને લાગ્યું કે મૌલિક નાખુશ નહોતો લાગતો, એટલે કદાચ વાત પાટે ચઢી ગઇ હશે. નાહી-ધોઇ ચા-પાણી કર્યા બાદ સવિતાએ મૌલિકનું મન જાણવાનો પ્રયત્ન કર્યો :

'શું કરે છે ભાઇ-ભાભી?'

'મઝામાં છે બા,' મૌલિકે કહ્યું : 'અને તમને તેડ્યાં છે.'

'મારે હવે તારી ચિંતા મટે તો થોડો વખત ત્યાં જ રહેવું છે.' સવિતાએ મૂળ વાત પર આવતાં કહ્યું : 'ભાઇ તો ઘણીવાર ગમ્મતમાં કહે છે કે બા જાણે એકલા મૌલિકનાં જ છે. અમારે તો હંમેશાં એમનાથી દૂર જ રહેવાનું.'

'તે થોડો વખત એમની સાથે ય રહેતાં હો તો બા!' મૌલિકે સમજવા છતાં કહ્યું : 'મારી શી ચિંતા છે તમારે? હું કાંઇ નાનો કીકો છું?'

'ઘરડો ડોસો થયો,' માતાએ કૃત્રિમ રીસથી કહ્યું : 'નાનો કીકો નથી તો પરણવાની કેમ ના પાડે છે હજી?'

'બા તો દરેક વાત પરથી પરણવાની વાત પર જ આવી જશે.' મૌલિક હસતાં હસતાં બોલ્યો : 'બા, પરણતાં પહેલાં એ માટેની ઘણી તૈયારી કરવાની હોય છે. હવેનું જીવન પહેલાં જેવું સીધુંસાદું નથી. હવે તો જીવન-સંગ્રામની પૂરતી તૈયારી વિના સંસારમાં ઝંપલાવીએ તો આખી જિંદગી દુઃખ દારિદ્રયમાં સડીએ.'

'તેં તો મોટું ભાષણ આપી દીધું, હવે મૂળ વાત કરને. મુંબઇ જઇને શું કરી આવ્યો?'



'ભાઇ-ભાભીને મળી આવ્યો.' જાણી જોઇને અરધી વાત કરતાં મૌલિકે કહ્યું.

'એ તો બરાબર. પણ બીજા કોઇને મળ્યો કે નહિ?'

'મળ્યો ને.' મૌલિકે ગમ્મતમાં કહ્યું : 'મુંબઇ જેવા શહેરમાં જઇએ ત્યારે માત્ર એક-બે વ્યક્તિઓને જ થોડું મળાય?'

'હવે સીધી વાત કર,' સવિતાએ બનાવટી કડકાઈથી કહ્યું : 'જેને જોવા ગયો હતો એ છોકરી કેવી લાગી?'

'સુંદર. છોકરી ખરેખર ખૂબ સારી છે બા.' મૌલિકે કહ્યું : 'શાણી ને સંસ્કારી પણ લાગી. એનાં માતા-પિતા પણ ખૂબ સજ્જન છે. પરદેશમાં રહે છે, પણ કોઇનામાં અભિમાન કે આછકલાઈ ન મળે!'

'એમ?' ખુશ થતાં સવિતાએ આશાભર્યા સ્વરે પૂછ્યું : 'તો તો તેં હા પાડીને બેટા?'

'ના બા.' મૌલિકે ઠાવકાઈથી કહ્યું : 'એમ કાંઇ હા પાડી દેવાય?'

'ગાંડો છું કે શું?' નિરાશ થતાં સવિતા બોલ્યાં : 'તને છોકરી ગમી, એનાં માતા-પિતા સંસ્કારી લાગ્યાં પછી હા ન પડાય તો ક્યારે હા પડાય? તું જ કહે છે કે છોકરી સુંદર, શાણી ને સંસ્કારી છે. પછી કેમ હા ન પાડી?'

'બા, દુનિયાની બધી જ સુંદર ને સંસ્કારી છોકરીઓ સાથે હું થોડો જ પરણી શકું?' મૌલિકે ગમ્મત કરી.

'બધીને નહિ પણ એકને તો પરણે કે નહિ?' સવિતાએ આંખો કાઢતાં કહ્યું : 'આ તો જાણે કોઇને પસંદ કરી લીધી હોય એવી વાત કરે છે!'

'પરણીશ બા,' માતાને ખુશ કરવા મૌલિકે કહ્યું : 'એકને જરૂર પરણીશ.'

'પણ તે કોને અને ક્યારે? હું અહીંથી...' સવિતાનું મન ભરાઇ આવ્યું. એમને અધવચ્ચે જ રોકતાં મૌલિક બોલ્યો : 'મારા સમ બા,કશું બોલો તો. હું કોને પરણીશ એ થોડા જ વખતમાં તમને બતાવીશ, અને ક્યારે પરણીશ એ પણ કહીશ. હવે તમને બહુ રાહ નહિ જોવડાવું બસ?'

'જીવતો રહે દીકરા!' આંખના ખૂણા સાફ કરતાં સવિતાએ કહ્યું : 'કોણ જાણે કેમ પણ હવે મને આ દેહનો બહુ ભરોસો નથી. એટલે જ તારી વહુનું મોં જોવાની તાલાવેલી લાગી છે.'

'એમ ન બોલો બા,' મૌલિકે વાત હળવી કરવા મજાક કરતાં કહ્યું, 'છોકરાના છોકરાની વહુનેય જોવાનું ભાગ્ય છે તમારું તો.'

'તારા મોંમાં ગોળ,' સ્મિત કરતાં સવિતા બોલ્યાં, 'પણ છોકરાની વહુ પહેલાં એના ય છોકરાની વહુ ક્યાંથી આવી જવાની?'

'હવે છોકરાની વહુ આવી જ જાણોને બા!' મૌલિકે હસતાં હસતાં કહ્યું ને પૂછ્યું. 'કાંઇ ટપાલ છે બા?'

'હા,' કહેતાં સવિતા ઊભાં થયાં અને એલ. અઇ.સી.ની એક ટપાલ આપી. એની સાથે જ એમણે અલ્પાએ આપેલું એનું સરનામું હતું એ પણ આપ્યું. ને કહ્યું :

'લે આ સરનામું. અલ્પા આપી ગઇ છે.'

'અ...લ્પા!' આશ્ચર્યભરી નજર માતા પર ઠેરવી મૌલિકે પૂછ્યું : 'આવી હતી એ?' ત્યારે એના મુખ પર છવાયેલા આનંદના અવર્ણનીય ભાવ માતાથી છાના ન રહ્યા. સવિતાને આથી કાંઇક સમજ પડી. તે બોલ્યાં :

'હા, તારી ખબર લેવા આવી હતી. મેં એને તારો પત્ર આપ્યો હતો.'

'કેવી ભલી અને લાગણીવાળી છોકરી, કેમ બા?' મૌલિકથી કહેવાઇ-પૂછાઇ ગયું.

'હા બેટા, છોકરી તો મનેય ઘણી ભલી લાગે છે,' કહી સવિતાએ અચકાતાં અચકાતાં ઉમેર્યું : 'પ...ણ...' બાકીની વાત એ ગળી ગયાં. દીકારાને ભલી લાગી એ છોકરીની વિરૂદ્ધની કોઇ વાત કહી એને નિરાશ કરતાં માતાનો જીવ ચાલતો નહોતો.



'પણ શું બા?' મૌલિકે અધીરાઈથી પૂછ્યું : 'અટકી કેમ ગયાં તમે?'

પોતાના નક્કી કરેલા રાહમાં જાણે કોઇ વિઘ્ન આવી રહ્યું હોય એવું દુઃખ એટલી વારમાં તો એના મનમાં થયું. અધીરાઇ એ પ્રેમી હૃદયનું અનિવાર્ય લક્ષણ છે!

'ખાસ તો કાંઇ નથી બેટા,' પુત્રને આંચકો ન આવે એ રીતે રજુઆત કરતાં સવિતાએ કહ્યું : 'એ ગઇ પછી તરત સમીર આવ્યો હતો.'

'બા, મારું માનો તો એ દુષ્ટને ઘરમાં ન પેશવા દેશો.' ગુસ્સે થતાં મૌલિકે કહ્યું : 'કેમ આવ્યો હતો એ?'

'કેમ, તારે ને એને નથી બનતું બેટા?'

'એમ તો નહિ બા, પણ એનાં કર્મ સારાં નથી. મને લાગે લાગે છે કે જન્મીને એણે કદી કશું સારું કામ કર્યું નહિ હોય. હા પણ કેમ આવ્યો હતો એ?'

'કહેતો હતો કે અલ્પા નકામી છોકરી છે... મોજ... શોખ માટે કૉલેજમાં છોકરાઓને ફસાવે છે. હવે એણે મૌલિકને દાઢમાં ઘાલ્યો છે માટે જ તમારે ઘેર આવે છે. મૌલિકનો અભ્યાસ એ બગાડશે...' વગેરે જાણે આપણો હિતેચ્છુ હોય એ રીતે કહેતો હતો! સવિતાએ યાદ કરીને સમીરે કહેલી વિગતો કહી કે જેથી મૌલિકને કાંઇક વિચારવું હોય તો વિચારી શકે અને કદાચ ભૂલ થતી હોય તો સુધારી શકે.

'નાલાયક, દુષ્ટ!' દાંત કચડતાં મૌલિકે કહ્યું. પછી સહેજ શાંત થઇ એણે ખૂબ વિનમ્રતાથી પૂછ્યું : 'બા, તમે એની આ બધી વાતો સાચી માનો છો? તમને મારામાં...'

'ના રે ના બેટા,' પુત્રના પ્રશ્નમાં દુઃખનો ભાવ પારખી જતાં સવિતા બોલ્યાં : 'મેં એને એમ જ કહ્યું હતું કે અલ્પા તો બહુ ડાહી ને ભલી છોકરી લાગે છે...'

'લાગે છે નહિ, છે.' વચ્ચે જ દૃઢતાપૂર્વક મૌલિક બોલ્યો : 'બા, અલ્પા જેવી સંસ્કારી છોકરી લાખોમાં એક હોય. સમીર જેવા દુષ્ટ લોકો એનાં જુતાં સાફ કરવાને પણ લાયક નથી.'

'હા બેટા,' દીકરાને સ્વસ્થ કરવા માતાએ કહ્યું : 'તું કહે એ સાચું જ હોય. મને તારામાં સંપૂર્ણ શ્રદ્ધા છે. આ તો એણે કહ્યું તે તારી જાણ માટે કહ્યું. બાકી, હું એની વાતોમાં થોડી જ આવી જવાની હતી?'

'એ દુષ્ટને હું ખબર પાડીશ કે કોઈની પાછળ નિંદા કેમ થાય છે.'

'ના બેટા, એવા અક્કરમીનું નામ ના લઈએ,' પુત્રને સમજાવતાં માતાએ કહ્યું : 'કાદવમાં પથ્થર નાખીએ તો આપણને જ છાંટા ઊડે'

'બા, સાચી વાત તો એનાથી ઊલટી છે,' મૌલિકે માતાને ખાતરી કરાવતાં કહ્યું : 'સારા ઘરની છોકરીને ફસાવવાનો ધંધો જ એ નાલાયક કરે છે. કૉલેજમાં એ ક્યારેય ભણવા નથી આવતો. આવા ધંધા કરવા જ આવે છે.'

'ભોગ એના, તું તારે શાંતિથી ભણને,' કહી સવિતાએ ઊમેર્યું : 'બિચારી અલ્પા તારી ખબર લેવા આવી હતી. એને જઈને મળી આવજે.'

પુત્રની અલ્પા પ્રત્યે કુણી લાગણી છે એ સવિતા સમજી ગયાં હતાં. અલ્પાના થોડા અનુભવ છતાં એમનો પોતાનો પણ એને માટે ઊંચો અભિપ્રાય હતો. થોડીક કુશંકાઓ પેદા કરવાનો સમીરે પ્રયત્ન કર્યો હતો એ પણ મૌલિકની વાતોથી દૂર થઈ. પુત્રના ડહાપણ અને શાણપણમાં એમને સંપૂર્ણ શ્રદ્ધા હતી. મૌલિકે કદાચ અલ્પાને પસંદ કરી હોય તો ય એમને કશો વાંધો નહોતો. અરે, અલ્પા જેવી ડાહી, વિવેકી, નમણી છોકરી પોતાના મૌલિકની પત્ની બને તો સોનાનો સૂરજ ઊગે એમ અલ્પાને જોઈ ત્યારથી એમનું મન કહેતું હતું એટલે મૌલિકે જો અલ્પાને પસંદ કરી હોય તો ય સવિતા માટે તો એ ધન્ય ઘડી હતી. માટે જ એમણે સામેથી અલ્પાને મળી આવવા માટે પુત્રને કહ્યું. એ એની પસંદગી હોય તો પોતાની એમાં સંમતિ છે એમ પણ એથી કદાચ એ સૂચવવા માંગતા હોય.



અને એમનો એ હેતુ સર્યો પણ ખરો. સમીરે અલ્પા વિષે માતાને જે ખોટી વાતો કહી હતી એથી એને સમીર પર ક્રોધ ચઢ્યો હતો. પણ માતાએ આવી ખોટી વાતો સાચી માની લીધી હોય તો એ દુઃખકર બને તેમ હતું એટલે એ વ્યગ્ર પણ હતો. પણ સવિતાએ કહ્યું કે એ વાોત માની નથી અને વળી અલ્પાને મળી આવવા એમણે જાણે સૂચના કરી એથી મૌલિકને રાહત થઈ. છતાં માતાના સૂચનનો એણે જાણી જોઈને જરા ઠંડો પડઘો પાડતાં કહ્યું :

'ભલે બા, જોઈશ. બનશે તો જઈ આવીશ એને ઘેર.'

'એમાં બનશે તો શું વળી?' સવિતાએ મૌલિકને જવાનો સકારણ આગ્રહ કરતાં કહ્યું : 'કોઈ આપણી ચિંતા રાખી ધક્કા ખાય તો આપણે એટલો વિવેક પણ ન બતાવી શકીએ?'

'ઠીક બા, તમારી ઈચ્છા છે તો જઈશ.' કહી મૌલિકે માતાને સંતોષ આપ્યો. બાકી, માતાની ઈચ્છાં કરતાં ય અલ્પાને ઘેર પહોંચી જવાની ઊવળ એને ઓછી નહોતી.

તે દિવસે રવિવાર હતો. કૉલેજમાં તો કાલે મળાય. ત્યાં સુધી રાહ કેમ જોવાય? અને ત્યાં કાંઈ દિલ ખોલીને વાતો થોડી જ થાય? બપોરના ચાર વગાડતાં ય અઘરું પડ્યું મૌલિકને! કેમે ય કર્યો સમય જ ન જાય. દરમિયાન અનેક તર્ક-વિતર્ક ચાલતા રહ્યા :

'એના ઘેર જવામાં વાંધો તો નહિ ને? એનાં માતા-પિતા શું ધારે? હું તો ઠીક, પણ મારા જવાથી અલ્પા તો મુશ્કેલીમાં નહિ મુકાયને? પ...ણ...પણ એવું હોય તો એ સરનામું શા માટે આપે? અલ્પા જાતે સરનામું આપી ગઈ એનો અર્થ એને ઘેર જવાનું મને નિમંત્રણ જ ને? એમ હશે તો લાંબી વાતચીત કર્યા વિના ટૂંકમાં પતાવી આવતો રહીશ... જોઉં તો ખરો શું અનુભવ થાય છે? વળી અલ્પા જેવી છોકરીનાં માતા-પિતા કાંઈ ઓછાં સંસ્કારી નહિ જ હોય. ઘેર આવેલાને અવગણે કે પોતાની પુત્રી પર અવિશ્વાસ રાખે એવાં એ છિછરાં થોડાં જ હશે...જોઈએ, પડશે તેવાં દેવાશે. પણ જવું તો ખરું જ...'

આવા અનેક વિચારો પછી લગભગ ચાર વાગે એ અલ્પાને ભેર જવા તૈયાર થયો. અલ્પા ઘણીવાર પોતાની મોટરમાં કૉલેજ આવતી-જતી. વળી એણે સાંભળ્યું પણ હતું કે ઘણા સુખી ઘરની એ છોકરી છે. તેમાંય એનાં માતા-પિતાથી તો પોતે સાવ અપરિચિત જ હતો. એટલે જરા વધુ સારાં કપડાં-પેન્ટ, બુશકોટ, બૂટ-મોજાં – પહેરી આનંદ અને સંકોચના મિશ્ર ભાવ સાથે મૌલિક ઘેરથી નીકળ્યો. આ અભિસાર હતો? જવાબ હા અને ના બંનેમાં આવી શકે તેમ હતો. અલ્પાએ આપેલું સરનામું એ પ્રેમીકાએ આપેલો સંકેત ગણીએ તો જવાબ 'હા' માં આવે. આપેલા સરનામાને મિલનનો સંકેત ન ગણીએ તો જવાબ 'ના' માં આવે. જે હોય તે. પણ મૌલિક તો અભિસારિકાના હૃદયમાં ધબકતી મિશ્ર લાગણીઓ સાથે જ ઘેરથી નીકળ્યો. આ પ્રકારનો એનો આ પ્રથમ અનુભવ હતો. પણ આવા અનુભવો કાંઇ રોજ રોજ થોડા જ થાય છે? ક્યારેક થાય એવા અનુભવોનું જીવનમાં મહત્ત્વ છે. આજે આવો મહત્ત્વનો અનુભવ મૌલિકને થવાનો હતો.

ઘેરથી નીકળી એ બસમાં બેઠો. અમદાવદનો એ ભોમિયો તો હતો જ. એટલે કોઇને બહુ પૂછવાની જરૂર ન પડી. બસમાંથી ઊતરી એક ઓછી અવરજવરવાળી કેડી વટાવી એ આગળ વધ્યો. હવેલી હતી એટલે કોઇ સોસાયટીથી અલગ હશે એ તો નક્કી હતું. એની ધારણા પ્રમાણે થોડે દૂર હવેલી દેખાઇ. એની બાજુમાં સોસાયટી હતી. પણ એ બધી આધુનિકતા વચ્ચે પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરતી, માળાના મેર જેવી શોભતી એ હવેલી આગવી ભાત પાડતી હતી. પૂછતાં ખાતરી થઇ કે એ જ રામદાસ શેઠની હવેલી. મૌલિકને થયું : 'કૉલેજની બાહ્ય ઠઠારાવાળી ફેશનગ્રસ્ત છોકરીઓના કૃત્રિમ રીતે સજાવેલા સૌન્દર્ય કરતાં અલ્પાનું નૈસર્ગિક આત્મિક સૌન્દર્ય જેમ જુદુ પડે છે તેમ આસપાસની સોસાયટીઓના પાશ્ચાત્ય ટેકનીકથી બાંધેલા બંગલાઓની શોભા કરતાં અલ્પાની હવેલી જુદી જ તરી આવે છે. અહીં વૈભવ છે, પણ શાંત, સૌમ્ય. અહીં ઘણું છે, પણ એમાંનું થોડું જ બનાવવાની વૃતિ છે, જ્યારે ત્યાં–બંગલાઓમાં–છે થોડું પણ અનેક ગણું હોય એવું બતાવાવની પ્રદર્શનવૃત્તિ છે...!' આમ અલ્પાની હવેલી પણ મૌલિકને પ્રતીકાત્મક લાગી અને આવા વિચારોમાં લીન એ કોટનો દરવાજો ખોલી દાખલ થયો.



હવેલીની આસપાસ વિશાળ ખુલ્લી જગ્યા હતી. પ્રવેશદ્વારની સામે પણ ખુલ્લી જગ્યા હતી. એ પછી સુંદર બાગ હતો. આસપાસ ઊંચાં પાતળાં આસોપાલવનાં વૃક્ષો હતાં. થોડે થોડે અંતરે પાંચ-છ બીજાં વૃક્ષો હતા. હવેલીની પેલી બાજુ પર ચાર-પાંચ નાનાં મકાનોની હાર હતી. નોકરવર્ગ ત્યાં રહેતો હોય એમ એની આછીપાતળી વસ્તી પરથી મૌલિકને લાગ્યું. આ બાજુ મોટર-ગેરેજ અને બગીખાનું હતું. રામદાસ શેઠને મોટર હોવા છતાં ઘોડાગાડી–સીંગરામનો શોખ ગયો નહોતો એટલે એક બગી ને ઘોડો પણ એ રાખતા હતા. એમને પોષાય એવો એ વૈભવ હતો. હવેલીની પાછળની ખુલ્લી જમીનમાં લીલાં શાકભાજી ઉગાડવામાં આવતાં હોય એમ મૌલિકને લાગ્યું. હવેલી વિશાળ હોવા છતાં રંગાવેલી હતી. એના પ્રવેશદ્વાર પાસે એમ્બેસેડેર કાર પડી હતી. સુંદર લીલા રંગની એ કારને મૌલિકે કૉલેજમાં ઘણી વાર જોઇ હતી. અલબત્ત, એમાં બેઠેલી અલ્પાને પણ.

ત્રણ માળની મોટી હવેલી હતી. ઊભણી ઊંચી હતી એટલે પ્રવેશદ્વારે પહોંચતાં પહેલાં ચાર-પાંચ પગથિયાં ચઢવાં પડે. સામે બાગમાં માળી ફૂલ છોડની આસપાસ ખોદકામ કરી રહ્યો હતો. આવા વૈભવશાળી ઘરમાં એક અજાણી વ્યક્તિ તરીકે પ્રવેશતાં મૌલિકને થોડો સંકોચ થયો. પણ એના મને જ ઉત્તર દીધો : 'અરે, આ તો તારી અલ્પાનું ઘર છે, પછી સંકોચ શાનો?'

'મારી અલ્પા?... હા. હા મારી અલ્પા. તે દિવસે એણે મને પોતાનો બનાવી જ દીધો છે ને?'

આવા વિચારોમાં એ પગથિયાં ચઢી ગયો, દરવાજો ખુલ્લો હતો. છતાં એણે કોલબેલનું બટન દાબ્યું. બેલ થતાં એક નોકર બહાર આવ્યો.

'આવો, કોનું કામ છે, સાહેબ?' વિવેકથી એણે પૂછ્યું.

'અલ્પા બે...ન...' જરા ગૂંચવાતાં મૌલિક બોલ્યો.

'હા, આવો.' કહેતો નોકર મૌલિકને અંદર દોરી ગયો. પરસાળ ઓળંગી અંદરના રૂમમાં એક બેઠક રૂમ હતો. સ્વાભાવિક રીતે જ મૌલિક

સમજી ગયો કે આ 'વેઇટીંગ રૂમ' છે. એ નાનકડા 'વેઇટીંગ રૂમનું ફર્નિચર અને ગોઠવણ પણ છાપ પાડે તેવાં હતાં ગાદીવાળો નેતરનો સોફા સેટ, વ્યવસ્થિત ગોઠવેલી થોડી લાકડાની ખુરશીઓ, વચ્ચે મોટા ટેબલ પર ફૂલદાનીમાં શોભતાં ફૂલો, બીજી થોડી નાનકડી ટિપોય, સામી ભીંતે શોભતી શ્રી રામની મોટી છબી, બીજી દીવાલ પર અવાજ વિના સતત ગતિએ ચાલતું ઇલેક્ટ્રિક વોલ ક્લોક – મૌલિક બધું જોતો હતો ત્યાં જ બીજો એક નોકર સ્ટીલનો ગ્લાસ નાનકડી ડીશમાં મૂકી ફ્રિઝનું ઠંડું પાણી લાવ્યો. મૌલિક પાણી પીતો હતો ત્યાં જ પેલા નોકરનો અવાજ સંભળાયો :'

'બહેનજી, તમને કોઇ મળવા આવ્યું છે.'

'એ હા, આવું છું.' ઉપરને મજલેથી આવતો અલ્પાનો અવાજ મૌલિકે ઓળખ્યો. એને રોમાંચ થયો. ઘરના નોકરોનો પણ વિવેક ને વ્યવહાર જોઇ મૌલિકના મન પર ઊંડી છાપ પડી. ટેબલ પર ત્રણ-ચાર શિષ્ટ સામાયિકો પડ્યાં હતાં - વધુ વખત થાય તો આગંતુકનો સમય પસાર કરવા માટે જ તો. પણ મૌલિક એકે ય સામયિકને અડકયો નહિ. એ તો અચરજભર્યા ભાવોમાં એવો ખોવાઇ ગયો હતો કે પોતે એકલો છે એનું ય એને ભાન નહોતું. બે-ત્રણ મિનિટમાં જ અંદરથી નોકર આવ્યો અને સહેજ વાર પછી એની પાછળ અલ્પા આવી. શાંત મને આવતી માનુનીનાં મુખ પર મૌલિકને જોતાં જ આનંદ-સાગર લહેરાઇ ગયો એ વાત કોઇથી પણ પ્રથમ નજરે જ પરખાઇ જાત. પણ મૌલિક એને જુએ એ પહેલાં જ અલ્પાએ મૌલિકને જોયો એટલે એ સાગરનું દર્શન કોઇ કરી શક્યું નહિ.

'ઓ હો, તમે છો!' જાણે કોયલ ટહૂકી : 'આવો આવો, અંદર આવો.'

મૌલિક એને જોતાં જ ઊભો થઇ ગયો. ખુશ થઇ ગયો. 'નમસ્તે' ની કશી ઔપચારિકતા ઠીક ન લાગી. શું બોલવું તે સૂઝયું પણ નહિ.

'આવો અંદર,' ફરીથી સ્નેહભીની વાણીમાં અલ્પાએ કહ્યું.

મૌલિક બૂટ કાઢવા માટે દોરી છોડવા નીચે નમ્યો. પણ અલ્પાએ કહ્યું : 'ચાલશે.'



મૌલિક અલ્પાને અનુસર્યો.

'આવો ઉપર,' અંદરના રૂમમાં જઇ દાદર ચઢતી અલ્પા બોલીઃ 'ક્યારે આવ્યા મુંબઇથી?'

'આજે સવારે જ.' લાકડાના રંગીન પહોળા દાદર પર પથરાયેલી ચટાઇ પર અલ્પાની પાછળ આનંદભેર ચાલતા મૌલિકે કહ્યું. સ્વાભાવિક રીતે જ અહીં અવાય કે ન અવાય'ની એની મૂંઝવણ હવે દૂર થઇ ગઇ હતી.

અલ્પા એને પહેલે મજલે પોતાના ડ્રોઇંગરૂમમાં લઇ ગઇ.

'બેસો' પ્રેમથી એણે કહ્યું. તે દિવસે અલ્પા પરિચયે એકાએક સધાઇ ગયેલ આત્મીયતાને કારણે શરૂ થયેલો તુંકાર આજ હજી એકદમ હોઠ પર આવતો નહોતો. ન જ આવે. આમ તો આ બીજું જ મિલન હતું ને?

એ દીવાનખાનાની શોભા મૌલિક જોઇ રહ્યો. બે ડનલોપીલોના સુંદર સોફા સેટ, વચ્ચે સનમાઇકાનાં એક સરખાં ત્રણ ટેબલ, સામેની દીવાલ પર અંબાજીનો સુંદર મોટો ફોટો, બીજી દિવાલ પર 'ટક્ ટક્'ના અવાજ દ્વારા ખંડને જાગૃત રાખતું ઘડિયાળ, કાચું સુંદર શો-કેસ જેમાં વિવિધ રમકડાં કલાત્મક રીતે ગોઠવ્યાં હતાં, મધુર ધીમા અવાજે ગુંજતો આકર્ષક રેડિયો, સામે ડ્રેસીંગ ટેબલ, પાછળની ભીંતે સ્ટીલનાં બે કિંમતી કબાટો, માથા પર લટકતું કાચનું મોટું ઝુમ્મર, એક ભીંતમાંના કાચે મઢ્યા કબાટમાં ગોઠવેલાં પુસ્તકો બધું જ વ્યવસ્થિત, સુઘડ, સ્વચ્છ અને આકર્ષક! પાછળની ભીંતે મૌલિકે ત્રણ મોટી તસ્વીરો જોઇ. વચ્ચેની તસ્વીર તો મૌલિક ઓળખી જ ગયો. અલ્પા હતી એ તો. એની આસપાસ આધેડ વયનાં એક સ્ત્રી અને એક પુરૂષની છબીઓ હતી. એ એનાં માતા-પિતા છે એમ એ સમજી શક્યો.

'આ મારો રૂમ છે.' મૌલીકને નજર ફેરવતો જોઇ અલ્પાએ કહ્યું.

'નસીબદાર છો.' મૌલિકે ખુશી વ્યક્ત કરી.

'ભાગ્યે મારો કોઇ પુરૂષમિત્ર મારે ત્યાં આવતો હશે.' અલ્પાએ સામે બેઠક લેતાં કહ્યું : 'અને મારી ખાસ સહિયરોને જ હું અહીં લાવું છું.'

'તો તો હું પણ નસીબદાર છું' મૌલિકે મજાક કરવા કહ્યું.

'તમારો પત્ર મળ્યો હતો.' અલ્પા બોલી. એ હજી તટસ્થતા જાળવી વાતો કરતી હતી.

'અને તમારો સંદેશો પણ મળ્યો.' માલિક બોલ્યો.

'મારો સંદેશો!' અલ્પાએ આશ્ચર્ય વ્યક્ત કર્યુ : 'મેં કોઇ સંદેશો આપ્યો નથી.'

'તમે આપેલું તમારું સરનામું એ સંદેશો જ ગણાય ને?' મૌલિકે ખુલાસો કરતાં કહ્યું : 'આ સરનામે ઘેર આવજો એવો જ એનો સાર ને?'

'ના ના, એમ તો જરાય નહિ. સરનામું આપવાનો અર્થ ઘેર આવવાનું આમંત્રણ નથી થતો.' અલ્પાએ જરા મજાક કરવા કહ્યું.

'તો તો મારી ભૂલ થઇ.' અચાનક ગુસ્સામાં આવી મૌલિક બોલ્યો ને ઊભો થઇ ગયો. જો કે એને પોતાને ય પોતાના આવા વર્તનથી આશ્ચર્ય થયું.

'બેસો, બેસો' એના બે ખભા પકડી બેસાડતાં અલ્પા બોલી, 'માઠું લાગ્યું?'

'હું સ્વમાનહીન નથી.' મૌલિક હજી ગુસ્સામાં જ બોલ્યો.

'ન હોવા જોઇએ.' અલ્પાએ સ્મિત કરતાં કહ્યું. જો કે મૌલિકના ગુસ્સાથી એ થોડી છોભીલી પડી ગઇ હતી.'ઘેર આવેલી વ્યક્તિને તમે આ રીતે આવકારો છો?'

'મારો કશો ઈરાદો નહોતો, સિવાય કે ગમ્મત. છતાં માઠું લાગ્યું હોય તો ક્ષમા...'

'નહિ નહિ અલ્પા, **I am sorry,**' કહેતા મૌલિકે ઉમેર્યું. 'મારાથી જરા ગુસ્સે થઇ જવાયું. **I beg your pardon.** (હું ક્ષમા ચાહું છું.) મેં તમારું દિલ દુભાયું.' અલ્પાની લાચારીથી મૌલિકનું દિલ પીગળી ગયું. અને તેને પોતાના વર્તન માટે પશ્ચાતાપ થયો.

**'Not like that. I am proud of you'** (એમ નહિ. મને તમારા માટે અભિમાન છે.)



'ગેરસમજમાં મારાથી જરા અવિવેક થઇ ગયો.' મૌલિક હજી પોતાની ભૂલ માટે પસ્તાતો બોલ્યો.

'એ વાત ભૂલી જાવ,' અલ્પાએ મૃદુતાથી કહ્યું : 'હજી મારે તમને ઠપકો અને એક અભિનંદન આપવાનાં છે.'

'ઠપકો અને અભિનંદન? બે સાથે?'

'હા, બોલો પહેલાં શું આપું?'

'ઠપકો' મૌલિકે સસ્મિત કહ્યું : 'હું ભોજનની થાળીમાંથી ન ભાવતી વસ્તુ પહેલી ખાઉં છું.'

**'That's god.'** અલ્પાએ સ્નેહભર્યો ઠપકો આપતાં કહ્યું : 'એક કુંવારી કન્યા વિષે પોતાના પ્રેમોપચારની વાતો વહેતી મૂકવી એ કોઇ યુવાનને શોભે ખરું કે?'

'હરગીઝ નહિ,' મૌલિકે ઝડપથી પ્રત્યાઘાત પાડતાં કહ્યું : 'પણ એમાં હું ક્યાં આવ્યો?'

'આવ્યા,' શાંતિથી મર્માળુ હસતાં અલ્પા બોલી : 'તમારા મિત્ર સમીરે મારી-તમારી વાતો વહેતી મૂકી છે. બધે કહેતો ફરે છે કે મેં તમને ફસાવ્યા છે... તમારી કારકિર્દી હું બગાડવા બેઠી છું.'

સમીરનું નામ આવ્યું ત્યારથી જ મૌલિકના મુખ પર ક્રોધનો જ્વાલામુખી પ્રગટ થયો હતો. એ બોલ્યો :

'એ નાલાયક મારો મિત્ર શાનો? પણ અલ્પા, એને આકસ્મિક રીતે આપણા મળ્યાની ખબર પડી ગઈ. કારણ, મારાં બાએ એને મારી દવા લેવા જવા બોલાવ્યો ત્યારે એમણે ભોળપણમાં આ વાત એને કરેલી. એ દુષ્ટે એનો દુરુપયોગ કર્યો હશે. જો કે મારે ઘેર આવી એ મારાં માતાને પણ તારા વિષે વિચિત્ર વાતો કરી ગયો હતો. હવે એને સીધો કરવો પડશે. એણે જે વાત મારા નામે ફેલાવી હોય એ માટે હું દિલગીર છું.'

'એમ કરવાની જરૂર નથી. હું એને સારી રીતે ઓળખું છું તમને ખબર નથી પણ એ શ્રીમાન મારા રક્ષક બની અહીં પણ આવી ગયા છે.' અલ્પાએ કહ્યું.

'એમ? કેવી રીતે?' મૌલિકે આશ્ચર્યથી પૂછ્યું.

અને અલ્પાએ સમીરે ગુંડા રોકી પોતાની કેવી છેડતી કરાવી અને પછી અજાણ્યો થઇ કેવી રીતે રક્ષક બની આવ્યો. અને પોતાને ઘેર જ એનો કેવો ભાંડો ફૂટ્યો એની વાત વિગતે કરી. મૌલિક માટે આ બધી અજબ વાતો હતી. સમીરની નીચતાનો એને આટલો બધો ખ્યાલ નહોતો. અરે, કૉલેજના કંપાઉન્ડમાં અલ્પાએ એને કેવી ધોલ મારી દીધી હતી તથા મૌલિકના ઘર પાસે એના ચંપલ-મારમાંથી એ વૈશાલીના આવતા કેવી રીતે બચી ગયો એ બધી વાત અલ્પાએ કરી ત્યારે મૌલિકના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ બધી વાતો જાણી એનો સમીર માટેનો તિરસ્કાર અને અલ્પા માટેનું માન બંને વધ્યાં.

'તો તો અભિનંદન અલ્પાને ઘટે જેણે આવા દુષ્ટનો સફળ સામનો કર્યો અને એને ખુલ્લો પાડ્યો.' મૌલિકે અભિનંદનની વાત યાદ કરાવા જ કહ્યું : 'પણ મને શાનાં અભિનંદન?'

'કન્યા જોઇ આવ્યા તેનાં.' અલ્પાએ મૌલિક તરફ વેધક નજરે જોતાં પૂછ્યું : 'કેવી લાગી કન્યા?'

'કન્યા!' જરા આશ્ચર્ય પછી તરત જ આખી વાત પામી જતાં મૌલિકે કહ્યું : 'કન્યા તો સુંદર છે હોં. અને જેવી દેખાવડી એવી જ શાણી ને સંસ્કારી.' મૌલિકે જોયું કે આ વાત સાંભળતાં જ અલ્પાના ચહેરા પરથી નૂર ઊડી ગયું હતું!

'માટે જ તો હું અભિનંદન આપું છું.' નિરાશાભર્યા સૂરે અલ્પા બોલી. પણ ત્યારે એને મૌલિકના પત્રમાંના 'કશો ઉચાટ ન રાખીશ' શબ્દો યાદ આવ્યા અને કાંઇક આશા બંધાઇ.

'એ અભિનંદન હું સ્વીકારતો નથી.' મૌલિકે હસતાં હસતાં કહ્યું.

'કારણ જાણી શકું?' અલ્પાએ સૂચક પ્રશ્ન કર્યો.

'કોઇ કન્યાને જોવી, એ સારી લાગવી કે ગમવી એમાં અભિનંદન સ્વીકારવા જેવું શું છે?' મૌલિકે ભેદ ચાલુ રાખતાં કહ્યું.

'તમે તો જાણે કોઇ પ્રદર્શન જોઇ આવ્યા હો એવી વાત કરો છો.'



અલ્પાએ જરા વ્યગ્રતાથી કહ્યું : 'અરે, પ્રદર્શનમાંથી કોઇ ગમતી ચીજ પણ વેચાણ ચાલુ હોય તો માણસ ખરીદી લે છે.'

'પણ હું કોઇ ખરીદી માટે નહોતો ગયો.' મૌલિકે સ્વાભાવિક પણે કહ્યું : 'હું તો માત્ર ભાઇ-ભાભીના સંતોષ માટે જ ગયો હતો.'

'પણ જેને જોવા ગયા હતા, જે માટે ગયા હતા એ કન્યા પસંદ પડી પછી હા પાડી કે નહિ?' અલ્પાએ અકળાઇને પૂછ્યું.

'ના, હા ન પાડી.'

'કારણ?'

'કારણ કે એ કન્યા મોડી પડી. થોડીક જ મોડી.'

'કોના કરતાં મોડી?'

'જે વહેલી આવી એના કરતાં વળી.' મૌલિકે મજાકમાં કહ્યું.

'એ વહેલી આવનાર બડભાગી કન્યાનું નામ જાણી શકું?' અલ્પાએ અધીરાઇથી પૂછ્યું. એની અધીરાઇ સમજી શકાય તેવી હતી.

'કોઇની અંગત વાતો આમ ન પુછાય.' મૌલિકે ઠપકાની ભાષામાં મીઠાશથી કહ્યું.

'વાત તો સાચી, કોઇની વાતો ન જ પુછાય,' 'કોઇ' શબ્દ પર ભાર દેતી અલ્પા બોલી : 'પ...ણ...' જરા ગૂચવાઇને એણે કહ્યું. 'પણબણ કાંઇ નહિ, હું મર્યાદા ચૂકી એ સાચું છે. છતાં આમ ન પુછાય એટલે...?'

'આમ એટલે આ રીતે દૂરથી, સમજી?' મૌલિકે આજે આવ્યા પછી પ્રથમ વાર તુંકારનો પ્રયોગ કર્યો અને તે પણ પ્રેમસભર વાણીમાં!

એ 'સમજી' શબ્દે અલ્પાને પણ અચાનક ચઢાવી. એણે પૂછ્યું : 'તો કેમ થાય આવી વાતો?'

'આવી વાતો સાનમાં સમજાય કે...'

'કે?' વચ્ચે જ જાણી જોઇને અલ્પા કૂદી પડી.

'કે કાનમાં કહેવાય.' મૌલિકે વાક્ય પૂર્ણ કર્યું.

'તો લો, કાનમાં કહો,' કહેતી અલ્પા ઠસ્સા સાથે મૌલિકની પાસે જઈને બેઠી ને પૂછ્યું : એ વહેલી આવનાર બડભાગી કન્યાનું નામ શું છે?

'અ...લ્પા' ધીરેથી મૈલિકે એના કાનમાં શબ્દોચ્ચાર કર્યો. અને અલ્પાના મનનાં ઉપવનમાં ઓચિંતી વસંત ખીલી ઊઠી!

અને ત્યારે એક સાથે હજાર કોયલ ટહૂકી ઊઠે એવા મીઠા હરખભર્યા સ્વરે એ પૂછી ઊઠી :

'ખેરખર?'

'શંકા છે એમાં?' મૌલિકે અલ્પાની આંખમાં આંખ પરોવી પૂછ્યું.

'ના,' નાના બાળકની જેમ માથું ધુણાવી અલ્પાએ કહ્યું : 'તું કહે એમાં કશી ય શંકા મને નથી, મૌલિક!' હવે અલ્પાના સંબોધનમાં પણ આપમેળે તુંકાર આવી ગયો. વ્હાલમાં ઔપચારિકતા ને વિવેક આપોઆપ વિસરાઈ જતાં હશે!

ત્યાં જ ઈન્ટરકોલનું બઝર બોલ્યું એ અલ્પાએ રિસીવર ઉપાડ્યું. 'બોલો' એણે કહ્યું.

'હા, થોડી વારમાં જણાવું છું' કહી અલ્પાએ રિસીવર મૂકી દીધું અને મૌલિકને કહ્યું :

'આ બધી વાતોમાં હું તો ચા-પાણીનું પણ ભૂલી ગઈ.'

'અત્યાર સુધી તો મારા પર ગુસ્સામાં હોઈશ એટલે ચા પાણીનો ભાવ શાની પૂછે?' મૌલિકે ગમ્મતમાં ટોણો માર્યો.

'ના, ના, એમ નહિ,' અલ્પાએ સંકોચથી કહ્યું : 'પણ પોતાની જાતને ય ભૂલી જાય ત્યારે દુનિયાદારીનું ભાન ક્યાંથી રહ?'

'તો હું જાઉં હવે?' ઊભો થવાનો ચાળો કરતાં મૌલિક બોલ્યો : 'દુનિયાદારીના વિવેકની જરૂર નથી.'

'બેસ બેસ હવે છાનોમાનો,' શબ્દે શબ્દે પ્રેમ છલકાવતી અલ્પાએ કહ્યું : 'અહીંથી એમ કેમ જવાશે?'



'તો કેમ જવાશે? કોઈ ખાસ વિધિ છે કે શું અહીંથી જવાનો?' પગ લંબાવતાં મૌલિકે પૂછ્યું.

'હા છે, લાંબો વિધિ છે,' સામી બાજુ ઊભેલી અલ્પાએ ટેબલ પર બે હાથ ટેકવી મૌલિક તરફ નમતાં પૂછ્યું : 'પણ એ વાત પછી પહેલો એ બોલ કે ચા પીશ કે કૉફી?'

સામાન્ય રીતે હંમેશાં મર્યાદામાં રહેતી અલ્પા આજે આનંદ ઘેલી બની હતી. મૌલિક તરફ એ એવી રીતે ઢળી હતી કે એનું વક્ષઃસ્થલ એની યુવાનીની ચાડી ખાતું હતું એનોય એને ખ્યાલ ન રહ્યો! પણ નવાઈ તો એ વાતની હતી કે મૌલિક જેવા શરમાળ, શાણા યુવાનની નજર પણ ઘડી વાર માટે ત્યાં સ્થિર થઈ ગઈ. યાવનનાં આકર્ષણ અનેરાં હોય છે. એ આકર્ષણમાં ડાહ્યા ડહાપણ શાણા શાણપણ અને વિવેકી વિનય ગુમાવી બેસે છે. જેટલી ઓછી માત્રામાં એ ગુમાવે એટલાં એ સારાં જણ માનવાં!

'બોલને, બાવરો કેમ બની ગયો છે?' અલ્પાએ પોતાનો પ્રશ્નો દોહરાવતાં કહ્યું : 'ચા પીશ કે કૉફી?' પણ એ પૂછતાં પૂછતાં જ મૌલિક તરફ એણે જોયું અને એની નજર એ પામી ગઈ અને સફાળી ઊભી થઈ.

'લુચ્ચા!' ધીરેથી કહેતાં એણે સાડીનો છેડો ઠીક કર્યો અને બોલી : 'બોલતો કેમ નથી?'

પોતાની ભૂલ સમજતો મૌલિક શરમાઈને નીચું જોઈ ગયો હતો. એના ક્ષોભનું કારણ અલ્પા પામી ગઈ. એથી તો એને માટેનું એનું માન વધ્યું. કેવો વિવેકી! કોઈ પણ યુવાન કરે તેવા સ્વાભાવિક વર્તન બદલ એ શરમાય છે!

એને ફરીથી મૂડમાં લાવવા અલ્પા બોલી :

'બોલને, ચા પીશ કે કૉફી? ચૂપ કેમ છે?'

'ના, હું ચા...'

'નથી પીતો?' જાણીને જ અલ્પાએ વચ્ચે પ્રશ્ન કર્યો. બાકી મૌલિક ચા પીએ છે એ તો એ જાણતી જ હતી.

'પીઉં છું તો ખરો, પણ...'

'પણ ચા એકલી નથી પીતો, એમ ને?'

'એર, તું તો...'

'સમજી ગઇ.' કહી એણે ઇન્ટરકોલનું રિસીવર ઉપાડી બટન દબાવ્યું.

'પાણી લાવો શામજી,' કહી તેણે રિસીવર ઉપાડી બટન દબાવ્યું.

'થોડી જ વારમાં નાની ટ્રેમાં સ્ટીલના ત્રણ ચકચકીત ગ્લાસમાં ફ્રીઝનું ઠંડુ પાણી આવ્યું. આધેડ ઉંમરનો નોકર શામજીએ ભૂંટણ સુધીનું પાંચિયું અને અડધી બાંયનું અંગરખું પહેર્યાં હતાં. એના ખભે એક લાલ રૂમાલ હતો.'

'શામજી,' અલ્પા ધીરેથી બોલી ને 'જી' કહેતો નોકર અલ્પાનાં માન અને સ્થાન દેખાઇ આવતાં હતાં.

અલ્પાએ ધીરેથી કાંઇક વાત કરીને 'જી' કહી નોકરને પાણીના બે અરધા ને એક ભરેલો-ગ્લાસ લઇ નીચે ગયો.

અલ્પાની બુદ્ધિ માટે મૌલિકને માન હતું જ. આજે એ વધ્યું. વાતને પોતાને પક્ષે વાળી લેવાની એની આવડત અસામાન્ય હતી. આવા સુખી ઘરની છોકરી આટલી બધી સરળ, પ્રેમાળ અને વિવેકી હોય એવું ભાગ્યે જ બને એમ એ માનતો. માટે જ અલ્પાના આ ગુણોની તેને નવાઇ લાગી. અને છતાં સ્વમાની ને બહાદુર પણ કેવી? ભલભલા પુરૂષો જેનાથી ગભરાય એવા સમીરને ય તમાચો ચોડી દીધો! અને વૈશાલી ન આવી પડી હોત તો તે દિવસે ચંપલ પણ ચોડી જ દીધી હોત ને? આવી છોકરી મને પ્રેમ કરે છે. હું એને લાયક ખરો?... આવા મંથનમાં શાંત મૌલિકને જોઇ અલ્પા બોલી :

'કેમ ચૂપ થઇ ગયો છે? કાંઇ યાદ આવ્યું કે શું?'

'હા, કોઇની યાદ જ આવી છે.' મૌલિકે હકારમાં જવાબ આપાં કહ્યું.

'કોની?'



'એક છોકરીની.'

'એક છોકરી સામે બેસી કોઇ યુવાન બીજી છોકરીને યાદ કરે તો સ્ત્રીસહજ ઈર્ષાથી અમે એ સહન ન કરી શકીએ હોં.' અલ્પા જાણે ચેતવણી આપતી હોય એ રીતે બોલી.

'પણ જે છોકરીની સામે બેઠા હોય એને જ યાદ કરીએ તો?' મૌલિકે પૂછ્યું.

'તો પાગલમાં ખપાય.' અલ્પાએ મજાક કરી :

'જેની સામે બેઠા હોય એને વળી યાદ શું કરવાનું?'

'જગતમાં બધાં પ્રેમીઓ પાગલ જ ગણાયાં છે.' મૌલિકે જગવ્યવહાર કહ્યો.

'તો એમાં એકનો વધારો થયો એમ જ ને?' અલ્પાએ મજાક કરતાં કહ્યું અને બંને જણ હસી પડ્યાં.

એટલામાં નાસ્તાની ડીશો આવી. બે મોટી ડીશો ડ્રાય ફ્રુટની હતી - બદામ, કાજુ, પીસ્તાં, વગેરેની. બીજી બે ડીશ લીલી દ્રાક્ષ, ચીકુ, સફરજન, કેળાં વગેરેની બનાવેલી હતી. અને ત્રીજી બે ડીશમાં હતાં પેંડાં, હલવાસણ, લીલો ચેવડો અને બિસ્કિટ. નોકરે બધું અંદરના રૂમના ડાઈનીંગ ટેબલ પર ગોઠવ્યું. બીજો નોકર પાણીના ગ્લાસ મૂકી ગયો.

'આવ અંદર.' બધું ગોઠવાઇ ગયું એટલે અલ્પા ઊભી થઇને બોલી.

મૌલિક યંત્રવત્ ઊભો થઇ અલ્પાને અનુસર્યો અને અલ્પાએ ચિંધેલી ખુરશી પર એની સામે બેઠો.

'અરે, આ તો નાસ્તો છે કે જમણ!?' મૌલિકે આશ્ચર્ય અનુભવતાં કહ્યું.

'તું તો નાસ્તો કરતાં પહેલાં જમણનું સૂચન કરતો થઇ ગયો.' મશ્કરી કરતી અલ્પા બોલી : 'પણ એ વળી ક્યારેક ફરી ગોઠવીશું, અત્યારે તો આ નાસ્તાથી જ સંતોષ માન.'

'બોલવામાં તને પહોંચાય એમ લાગતું નથી.' પોતાની હાર કબૂલતાં મૌલિક બોલ્યો : ' અને તો ય હું વકીલ થવા ધારું છું.'

'ચિંતા ન કરતો. હું વકીલ નહિ થાઉં અને થઈશ તોય તારી સામે નહિ ઊભી રહું.'

'સામે નહિ તો સાથે ઊભી રહેજે...'

'સાથે તો હવે જીવનભર ઊભી રહેવાની છું. એટલે એની ચિંતા કર્યા વગર હવે ખાવાનું શરૂ કર.'

'પણ શું ખાવું ને શું ન ખાવું એની જ મૂંઝવણમાં છું.' કહેતા મૌલિકે સફરજનનો ટુકડો હાથમાં લીધો, ત્યાં જ એને રોકીને અલ્પા બોલી.

'થોભ, પહેલાં શુકનનો આ પેંડો ખા,' કહી એણે પોતાના હાથે મૌલિકના મુખમાં પંડો મૂક્યો.

'શાના શુકન કર્યા આ?' મૌલિકે ખાતાં ખાતાં પૂછ્યું ને પૂછતાં પૂછતાં એણે પણ અલ્પાના મુખમાં એક પેંડો મૂકી દીધો!

'જેના તેં કર્યા એના જ શુકન મેં પણ કર્યા.' મૌલિક સામે પ્રેમભરી નજર માંડતી અલ્પા બોલી.

મૌલિક ખાતો ખાતો ઓરડાનું અવલોકન કરતો હતો. એક બાજુ પલંગ હતો. એની બાજુના ઊંચા ટેબલ પર સુંદર આધુનિક ટેબલ-લેમ્પ હતું. ભીંતમાં કાચનું કબાટ હતું, જેમાં પુસ્તકો ગોઠવેલાં હતાં એ અલ્પાનો કૉલેજનો સામાન હશે એ સ્પષ્ટ હતું. પલંગની સામી ભીંતે રામ-સીતા અને પાછળ લક્ષ્મણજી ચાલતા હતા એવી વનવાસની મોટી મઢેલી છબી હતી. એક ભીંતે ગાંધીજી અને બીજી ભીંતે વિવેકાનંદની છબીઓ લટકતી હતી. સનમાઈકાના છ ખુરશીના સુંદર ડાઈનીંગ ટેબલ સેટમાં જમનારનું સ્પષ્ટ પ્રતિબિંબ પડતું હતું. એક ખૂણામાં વોશબેઝીન હતું, બીજા ખૂણાંમાં એટેચ્ડ બાથરૂમ જાજરૂ હોય એમ લાગતું હતું. રૂમમાં થોડેક અંતરે બે સીલીંગ ફેન હતા. મરક્યુરી ટ્યુબ તો અત્યારે પણ ઝળહળતી હતી. બધું જ સુઘડ ને વ્યવસ્થિત.



'આ બધું અહીં ખાઈને જ જવાનું છે. કાંઇ ઘેર નથી લઈ જવાનું તે ધીમે ધીમે આરોગે છે.' અલ્પાએ મૌલિકને ખાવા માટે પ્રોત્સાહિત કરવા કહ્યું.

'મંદિરમાંથી પ્રસાદ તો ઘેર લઈ જવાની છૂટ હોય છે.' મૌલિકે મજાક કરી.

'પણ આ ક્યાં મંદિર છે? આ તો...'

'મારા માટે તો મંદિર જ છે, અલ્પા.' વચ્ચે જ મૌલિક બોલ્યો.

'કારણ?' ભાવભરી વાણીમાં ધીમા સ્વરે અલ્પાએ પૂછ્યું.

'કારણ કે મારી દેવી અહીં વસે છે!' એવો જ ભાવવાહી ઉત્તર મૌલિકે આપ્યો.

'મૌલિક, હું દેવી નથી, દાસી છું. દેવ તો તું છે.'

'પત્નીને દાસી માનનાર પુરૂષ દેવ નહિ, દાનવ હોય. દાસત્વની ભાવના જ રાક્ષસી છે.'

'દાસત્વ લાદવું ને દાસત્વ સ્વીકારવું બેમાં ફેર છે, મૌલિક.'

'સાચાં પ્રેમ અને ભક્તિમાં દાસત્વ આપોઆપ આવે છે, એમ જ ને?' મૌલિકે પ્રશ્ન દ્વારા સ્પષ્ટતા પૂછી.

'હા,' માટે જ તો પ્રિયતમ-પ્રભુને મીરાંએ કહ્યું : 'મીરાં દાસી જનમ જનમકી' અલ્પાએ સાચા પ્રેમનું દૃષ્ટાંત રજૂ કરી પોતાના પ્રેમની ગહરાઈનો ખ્યાલ આપ્યો. અલ્પાની બુદ્ધિ માટે મૌલિકનું માન વધ્યું. પણ એ કાંઈ કહે એ પહેલા અલ્પા બોલીઃ

'અરે, પણ તું તો ખાતાં ખાતાં અટકી ગયો ચાલ શરૂ કર. આમ વાતોથી પેટ નહિ ભરાય.'

'મન ભરેલું હોય તો પેટનું ખાલીપણું સાલે ના અલ્પા.' આવી વાતોમાં જ સુખ માનતો હોય એમ મૌલિક બોલ્યો.

'અરે ગાંડા,' જાણે બાળકને કહેતી હોય એમ અલ્પા બોલી : 'ભુખે ભજન નહિ હોવત ગોપાલા,' એમ ભક્તો પણ કહે છે, એટલે છાનોમાનો ખાવા માંડ,' કહી એણે મૌલિકના મુખ સામે હલવાસનનું ચકતું ધર્યું. મૌલિકે એમાંથી બટકું ભર્યું એટલે બાકીનું અરધું હસતી અલ્પાએ પોના મુખમાં મૂકી દીધું. આમ અચાનક નિકટ આવેલાં બંને પ્રેમીઓ પોતાની ભૂખ-મનનીસ્તો-સંતોષવામાં જાણે એકબીજાને સાથ દેતાં હતાં!

પછી જરા ગંભીર બની અલ્પાએ કહ્યું : 'મૌલિક, એક વાત મારે કહેવી છે.'

'તારી હજાર વાત સાંભળતાં પણ હું થાકું નહિ.' હસતા મૌલિકે પ્રેમથી કહ્યું : 'પછી એક જ શા માટે?'

'એક અગત્યની વાત સમજી લઈએ, પછી હજાર વાત કરવાનાં દ્વાર ખુલશે.' અલ્પાએ કહ્યું : 'વાત જરા ગંભીર છે.'

'એવું તે શું છે અલ્પા? વિના સંકોચે બોલ. કાંઇ પૂછવું હોય તો પણ...'

'પૂછવું નથી, કહેવું છે મૌલિક, સાંભળ.' કહી અલ્પાએ જરા તિરસ્કારના ભાવથી કહ્યું : 'મૌલિક, મને પરણવા હજાર કૂતરા તડપી રહ્યા છે. તારો પેલો સમીર પણ એમાંનો એક કૂતરો છે. એવા તો ઘણાબધા પૂછડી પટપટાવે છે. પણ સૌને મેં ધુત્કાર્યા છે. કારણ, હું જાણું છું કે એમના દિલમાં પ્રેમ નથી. મારા યૌવનનાં કામણ, અને તેથી ય વિશેષ તો આ મિલકતનું આકર્ષણ હોવાથી તેઓ મારી પાછળ ભમે છે. એ હું સારી રીતે સમજું છું...'

'મિલકતનું આકર્ષણ? હું સમજ્યો નહિ અલ્પા.' વચ્ચે મૌલિકે પૂછ્યું.

'એક વાત તું નહિ જાણતો હોય,' કહી સહેજ અટકી એક નિઃશ્વાસ નાખતાં અલ્પા બોલી : 'મૌલિક, હું મારા પિતાનું એક માત્ર સંતાન છું.'

'કોઇ ભાઈ-બેન...'



'નથી, એ જ મારું કમભાગ્ય છે. ભાઇ વિનાના હોવું એ એક સ્ત્રી માટે કેવું દુઃખકર છે એનો ઘણા ખરા પુરૂષોને ખ્યાલ ન હોય...' અલ્પાની આંખમાં ઝળઝળિયાં આવ્યાં, એને ડૂમો ભરાયો, મૌલિકે પાણી ધર્યું. એ પીને સ્વસ્થ થઇ અલ્પા હસવાનો પ્રયત્ન કરતાં બોલી :

'માફ કરજે, હું જરા અંગત વાતમાં ઊતરી પડીને લાગણીવશ બની ગઈ. બાકી અમે-મારાં માતા-પિતાએ પણ-હકીકત-સાથે સમાધાન કરી લીધું છે.'

**'That's good'** (એ સારું છે) મૌલિકે કહ્યું : 'કોઇ પણ માણસને જીવનમાં બધું જ ભાગ્યે મળે છે.'

**'you are right** (તું સાચો છે) મૌલિક, એટલે હકીકત એવી છે કે મારા પિતાને સારો એવો મોટો ધંધો છે. એમના કહેવા પ્રમાણે મારા જન્મ પછી તો પ્રભુ કૃપાએ ધનની એમને કદી ખોટ પડી નથી. આ બધી મિલકતની હું-એક માત્ર હું-વારસદાર છું. એટલે નાત અને પરનાતના ઘણા પરિચિતો મને-અને એ દ્વારા આ મિલકતને - પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. પણ મારાં માતા-પિતા જુનવાણી કે રૂઢિચુસ્ત નથી. એમણે મારી મરજીનો છોકરો પસંદ કરવાની મને છૂટ આી છે. કારણ કે એમને હું એટલી બધી વહાલી છું કે મારા દિલને જરા સરખું પણ દુઃખ થાય એ તેમને માટે સહ્ય નથી.'

'સ્વાભાવિક છે અલ્પા,' એને એકધ્યાને સાંભળી રહેલા મૌલિકે કહ્યું : 'તું તો ગમે તેને વહાલી લાગે એવી છે. પછી તારાં માતા-પિતાને તો અતિ વહાલી હોય જ. પણ આ બધી વાતો મારા માટે નવી છે, એટલે તારા મનમાં કશી ગેરસમજ...'

'ગાંડા રે ગાંડા,' બાળકને કહે એવા વ્હાલથી અલ્પાએ કહ્યું : 'હું મારા મૌલિકને નથી ઓળખતી શું? એ થોડો મિલકતનો લોભી છે?'

'પણ...'

'એ બધું પણબણ પછી,' વચ્ચે જ અલ્પાએ આગ્રહ કર્યો : 'આ ડીશો બધી શોભા માટે નથી. ચાલ શરૂ કર.'

**'It's too much** અલ્પા, ઘણું ખાધું.'

'તારા કરતાં વધારે તો મેં ખાધું. આ ફ્રૂટ તો ખા થોડાં.' એમ કહી અલ્પાએ ઈન્ટરકોલનું બટન દાબ્યુ. અને કહ્યું : 'ચા લાવો શામજી.'

'અલ્પા, મારે પણ તને એક સૂચના કરવાની છે.'

'હવે તો એ તારી ફરજ છે, બોલ.'

'ક્યાંક તું ઉતાવળ તો નથી કરતીને અલ્પા?'

'ઉતાવળ? શાની ઉતાવળ?' આશ્ચર્ય પામતી અલ્પા હસતી હસતી બોલી : 'આજે ને આજે આપણે લગ્ન નક્કી કરી નાખવાનાં નથી.' અલ્પા ખૂબ હસમુખી હતી.

'લગ્ન એ ગંભીર વિષય છે, અલ્પા.' મૌલિકે ચીકુની ચીરી મોંમાં મૂકતાં કહ્યું : 'માટે જ તને કહેવા ઈચ્છું છું કે મારી પસંદગીમાં પણ તું ક્યાંક આવેશમાં આવી ઉતાવળ ન કરી નાખે...'

'**What do you talk?** (તું શું વાત કરે છે!' વચ્ચે જ અલ્પા બોલી ઊઠી.

'સાંભળ અલ્પા, માત્ર થોડી જ મિનિટોના પરિચયે આપણે એકદમ નિકટ આવી ગયાં અને દિલ ખોઈ બેઠાં. એક સ્ત્રી માટે કદાચ આ વાત જોખમી કહેવાય. મારા વિષે, મારા કુટુંબ વિષે તારે થોડી વધુ તપાસ કરવી જોઈએ અને પછી આવો ગંભીર નિર્ણય કરવો જોઈએ એમ નથી લાગતું તને?'

'ઓહ, તો તું તારી જાત માટે મારા મનમાં શંકા ઊભી કરે છે!' અલ્પાએ આશ્ચર્યથી કહ્યું.

'શંકા ઊભી નથી કરતો, પણ તને થોડી સાવધાન કરું છું, અલ્પા ઘણી વાર પીળું દેખાય એ બધું જ સોનું નથી હોતું.'

'પણ તને એ પણ ખબર હશે મૌલિક કે સાચો ઝવેરી સોના અને પિત્તળને તરત પારખી શકે છે.' અલ્પાએ વિશ્વાસથી કહ્યું.

'પણ એ ય થોડી કસોટી તો કરે જ.'



'તો તું શું એમ માને છે મૌલિક કે મેં તારી કશી કસોટી નથી કરી?'

'મારી જાણમાં તો નથી.'

'પરીક્ષાર્થીની જાણ બહાર કસોટી થાય એ જ સારી પરીક્ષા.' અલ્પાએ કહ્યું : 'અને મેં તને એકથી વધુ વાર ચકાસ્યો છે.'

'અને એ ચકાસણીઓમાંથી હું...'

'સાંગોપાંગ પાર ઊતર્યો છે તું'

'તો તો...' કહી મૌલિકે ગમ્મતમાં પોતાનો જ બરડો થાબડ્યો અને ઉમેર્યું : 'એમાંનું થોડું હું પણ જાણી શકું?'

'જો, વર્ષોથી આપણે કૉલેજમાં સાથે ભણીએ છીએ. ત્યારે તું એમ માને છે કે તારાં રીતભાત, રહેણીકરણી અને વિચાર વર્તનનું મેં અવલોકન નહિ કર્યું હોય?'

'શું વાત કરે છે! હું **under observation** (નિરીક્ષણ હેઠળ) હતો.' મૌલિકે મજાકમાં પૂછ્યું.

'મારા પિતાએ જ્યારે આ જવાબદારી મારે શિર નાખી છે ત્યારે હોય જ.' અલ્પાએ કહ્યું. ત્યાં ચા આવી.

'આ ડીશો લઈ જાવ શામજી.' ચા ટેબલ પર મૂકતા નોકરને અલ્પાએ ક્હયું. 'જી' કહી નોકર બધી ડીશો ટ્રેમાં મૂકી લઈ ગયો.

ચા પીતાં પીતાં અલ્પાએ આગળ વાત ચલાવી :

'બીજા બધા કૉલેજીયનો જયારે ટોળ-ટપ્પા ને મજાક કરતા કૉલેજના સેન્ટ્રલ હૉલના પગથિયાં ધસતા હોય ત્યારે એક છોકરો એવો હતો જે લાયબ્રેરીમાં જઈ જુદાં જુદાં સામયિકો કે પુસ્તકો વાંચતો હોય.'

'ઉં...મ' મૌલિકે ઠાવકાઈથી હુંકારો ભર્યો.

'બીજા કૉલેજીયનો જયારે છોકરીઓની મજાકમાં રાચતા હોય ત્યારે એક છોકરો મેં એવો જોયો કે જે છોકરીઓથી ય જાણે શરમાતો હોય...!'

'એ...મ?' ચાનો કપ હોઠે અડાડતાં મૌલિકે પૂછ્યું.

'હા.' અલ્પાએ ચાનો ઘૂંટ ભરતાં કહ્યું :

'આખું વર્ષ લહેર કરી પરીક્ષા વખતે જ્યારે બીજા રખડેલો પેપર માટે ફાંફાં મારતા કે પરીક્ષામાં ચોરીઓ કરતા હોય ત્યારે એક છોકરો હું એવો જોતી જે સ્વસ્થતાપૂર્વક પરીક્ષા આપતો હોય.'

'વાહ!'

'અને પરિણામને દિવસે માંડ માંડ ત્રીજા વર્ગમાં ઉત્તીર્ણ થતાં સ્વર્ગીય આનંદ અનુભવતા છીછરા છોકરાઓની વચ્ચે એક એવા જણને મેં જોયો જે શાંતિથી પરિણામ જોતો હોય અને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા છતાં જેના મુખ પર આનંદની થોડી રેખાઓ અંકાયા સિવાય કશો જ ફેર ન દેખાતો હોય.'

'કેમ એમ હશે?'

'કેમ કે એને પોતાનામાં અડગ શ્રદ્ધા હતી.'

'અચ્છા, આગળ કાંઈ?' મરકતા મુખે મૌલિકે પૂછ્યું.

'જ્યારે ઘણાખરા સહાધ્યાયીઓ હોટેલોમાં બેસી ગપ્પાં મારતાં હોય ત્યાર એક યુવાન ડીબેટીંગ સોસાયટીમાં માઈક પરથી દલીલોનું ખંડન-મંડન કરતો પોતાની આકર્ષક શૈલીમાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતો સભા ગજવતો હોય, એ પણ મેં જોયેલું.'

'તો તો એ યુવાન સર્વગુણસંપન્ન હશે?' મૌલિકે મશ્કરીમાં પ્રશ્ન કર્યો.

'પોતાની જાતનાં વખાણ કરતાં શરમાતો ય નથી?' અલ્પાએ પણ જરા જુદી રીતે મજાક કરી.

'એટલે શું એ ડાહ્યો ડમરો યુવાન હું જ હતો?'

'ડી...યો' અંગૂઠો બતાવતાં અલ્પાએ કહ્યું : 'એ તો હતો મારી આંખમાં વસેલો છતાં સદાય મારાથી દૂર રહેલો મારો એ સહાધ્યાયી નામે...'



'એ ખાલી જગ્યાને હમણાં ખાલી જ રહેવા દે.' મૌલિકે કહ્યું : 'પહેલાં એ કહે કે તારાથી દૂર રહેલો તારો એ સહાધ્યાયી તારી નજીક કેવી રીતે આવ્યો?'

'એની ગરજે સ્તો' છણકો કરતી હોય એમ અલ્પા બોલી : 'એક દિવસ એ ભાઈ રસ્તામાં માંદા પડ્યા. પછી મેં...'

'સારવાર કરી?'

'હું કાંઇ ડૉક્ટર થોડી જ છું તે સારવાર કરું? પણ સારવાર કરાવી... પછી હું એને એના ઘેર મૂકી આવી.'

'અને...'

'અને એ ટૂંકી રિક્ષા-સફરમાં અમે બંને એક-બીજામાં ખોવાઇ ગયાં!'

'જીવનસાથીની પસંદગી માટે આટલો પરિચય શું પૂરતો છે, અલ્પા?' માલિકે પૂછ્યું.

'મેં તને કહ્યું ના મૌલિક?' અલ્પા ગંભીરતાથી બોલી : 'છેલ્લાં ત્રણ વર્ષથી હું ધ્યાનથી તારું નિરીક્ષણ કરતી હતી. શરૂમાં કશું પ્રયોજન નહોતું, પણ સૌથી જુદો તરી આવવાને કારણે તેં ધ્યાન ખેંચ્યું હતું. રોજના નિરીક્ષણને કારણે તારા સંસ્કારનો દૂર રહ્યે રહ્યે પણ મને પરિચય થયો. મારા કૌટુંબિક સંજોગોને કારણે જીવનસાથીની પસંદગી જ્યારે મારે કરવાની હતી ત્યારે વિશેષ સાવધ રહી એ માટે હું ધ્યાન રાખતી હતી. ઉતાવળ કશી નહોતી, પણ મન ઠરે તો મારે પસંદગી કરી લેવી હતી...'

સહેજ અટકી અલ્પાએ મૌલિકની સામે જોયું. મૌલિક ધ્યાનથી, ભાવથી એને સાંભળતો હતો. એ કશું બોલ્યો નહિ. પણ એની આંખો જાણે પૂછતી હતીઃ

'પછી શું અલ્પા?'

અલ્પાએ સહેજ અટકી નયન નીચાં ઢાળી કહેવા માંડયું :

'મારું મન તારામાં ઠર્યું. તેવામાં તેં મને ડીબેટીંગ સોસાયટીની સેક્રેટરી બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. તે દિવસે મને મારા પ્રત્યેની તારી લાગણીનાં દર્શન થયાં. મને લાગતું હતું કે બધો ટ્રાફીક એકમાર્ગી છે. તારા તરફનો કશો પ્રત્યાઘાત નહોતો લાગતો. પણ ત્યારે મને એ પ્રત્યાઘાતનાં પ્રથમ દર્શન થયાં. કદાચ તને પણ ખબર હશે કે વચ્ચે વચ્ચે ક્યારેક આપણી આંખો તરામૈત્રક રચી દેતી હતી. ત્યારે આપણે બંને કેવાં શરમાઈને નયન ફેરવી લેતાં હતાં!'

'જાણે કોઇ ગુન્હો કર્યો હોય.' મૌલિકે સંમતિ સૂચક પૂર્તિ કરી.

'બરાબર એમ જ થતું.' અલ્પા બોલી : 'અને પછી તારી અસ્વસ્થ તબિયતને કારણે આપણે રિક્ષામાં સહપ્રવાસી બન્યાં ત્યારે સાબરમતીની શાખે જે થયું એ તો તું જાણે છે.'

'હું...અ' મૌલિકે હુંકાર ભર્યો.

'મૌલિક, એ આત્માની ઓળખ હતી. મારા આત્માએ તને ઓળખ્યો હતો. અને આંખોની ઓળખમાં ભૂલ થાય, પણ આત્માની ઓળખમાં કદી ભૂલ ન થાય,સમજ્યો?'

'સાચી વાત છે અલ્પા.' મૌલિકે સ્નેહસભર વાણીમાં કહ્યું : 'તારી જેવી જ વાત મારી પણ છે. સામાન્ય રીતે છોકરીઓથી સદા દૂર રહેતા મને કોણ જાણે કેમ પ્રથમ દર્શને જ તારામાં રસ જાગ્યો હતો. તું મને ગમતી હતી. પણ એમ કહેવાની તો શું, એનો ઇશારો પણ આપવાની મારી હિંમત નહોતી. એટલે તું કહે છે તેમ 'એકમાર્ગી રસ્તો' નહોતો. ઊલટું, હું મારા મનને ઠપકો આપતો હતો કે 'મૂર્ખ,ગગનના ચાંદને ઝંખે છે શા માટે?' પણ તારી વાત સાચી છે. આપણે એકબીજા માટે સર્જાયાં છીએ એ તે દિવસે સાબરમતીની સાખે આપણને ખાતરી થઇ ગઇ.'

થોડી વાર બંને શાંત થઇ ગયાં. કોઇ ગંભીર નિર્ણય લીધાની જવાબદારી પોતાને શિર છે એ સમજથી જાણે પોતાના અંતરના ઊંડાણમાં ઊતરી ગયાં ન હોય!

પછી મૌલિક બોલ્યો : 'પણ અલ્પા...'



'શું છે? કશા ય સંકોચ વગર બોલ મૌલિક, હું જાણું છું કે આપણે ગંભીર નિર્ણય લઇ રહ્યાં છીએ, એટલે તારે જે જાણવું પૂછવું હોય તો...'

'કશું ય જાણવું કે પૂછવું નથી અલ્પા' એને વચ્ચે જ અટકાવી મૌલિકે કહ્યું : 'પણ કહેવું છે.'

'ખુશીથી કહે.'

'મારે તો અલ્પા જોઇએ.'

'મતલબ?'

'મતલબ કે મારે અલ્પા અને માત્ર અલ્પા જ જોઇએ.'

'એટલે શું?' જરા ગુંચવાઇને અલ્પાએ કહ્યું : 'એ તો મળશે જ ને.'

'એટલે એ કે અલ્પા સિવાય બીજું કાંઇ ન જોઇએ. એના પિતાની મિલકત મારે ન જોઇએ.'

'મૌલિક, તું-અથવા આપણે-કશું માગીએ છીએ થોડાં? એ તો સ્વાભાવિકપણે જ મને એટલે કે આપણને-મળશે. મેં કહ્યું ને કે મારાં માતા-પિતાનું હું એક માત્ર સંતાન છું?'

'એનો બીજો પણ રસ્તો છે અલ્પા?' મૌલિક બોલ્યો.

'બીજો રસ્તો એટલે?' જરા આશ્ચર્યથી અલ્પાએ પૂછ્યું.

'આપણે એનું ટ્રસ્ટ કરી શકીએ. કોઇ સારી શાળા કૉલેજ કે દવાખાના માટે દાન આપી શકીએ અથવા એના વ્યાજમાંથી કોઇ પણ જનહિતનું કાર્ય ચાલ્યા કરે એવી વ્યવસ્થા ગોઠવી શકીએ. એથી તારાં માતા-પિતાનું નામ પણ અમર થશે. ને મીલકતનો સમાજના કલ્યાણ અર્થે સદુપયોગ થશે.' મૌલિકે યોજના કહી.

'મૌલિક, તને ખબર છે-જો કે મેં તને કહ્યું જ છે-કે આ મિલકત માટે લોકો કેવાં ફાંફાં મારે છે! મારી અને મારાં માતા-પિતાની એ કેટલી બધી ખુશામત કરે છે આ મિલકત માટે એ તું જાણે છે?' અલ્પાએ કહ્યું.

'હશે અલ્પા,' નિસ્પૃહ ભાવે મૌલિક બોલ્યો : 'લાલચુ, પરોપજીવીઓ, પોતાની શક્તિમાં શ્રદ્ધા નહિ ધરાવનારા નિર્બળ લોકો આમ પારકી મહેનતનું લેવાની ઈચ્છા રાખે જ. અને આવા લોકો સમાજમાં ઘણાબધા છે એ પણ હું જાણું છું. પણ આમ તૈયાર ભોજન જમવાનો મને શોખ નથી. અત્યોર ય આર્થિક રીતે હું દુઃખી નથી અને મારી શક્તિમાં મને અશ્રદ્ધા નથી. આપણે આપણી કમાણીનું જ ખાઈશું. શું તને એ નહિ ગમે?'

'મૌલિક,' અહોભાવથી અલ્પા બોલી : 'તારા નિઃસ્વાર્થ પ્રેમની તેં એક વધુ સાબિતી આપી! જે માટે લોકો બાધા રાખે એને તું સ્વેચ્છાએ ત્યાગે છે!'

'જે મેં મારી મહેનતથી મેળવ્યું નથી તે હું ત્યાગું છું એમ કેમ કહેવાય અલ્પા?' મૌલિકે નમ્રતાથી કહ્યું : 'પણ હું આપબળે ઊભો થવા માગું છું અને એ માટે મારામાં અખૂટ આત્મશ્રદ્ધા છે.'

'શાબાશ મૌલિક,' અલ્પા હર્ષમાં આવી બોલી : 'જીવનમાં પહેલીવાર કોઈ યુવક પ્રત્યે મેં ભીની લાગણીથી જોયું અને એ યુવક એવો તેજસ્વી નીકળ્યો કે એના તેજમાં હું ઝાંખી પડી ગઈ. ભગવાનની કેવી દયા મૌલિક, કે મેં અસામાન્યપણે સાચી પસંદગી કરી!' આમ કહેતાં કહેતાં અલ્પાની આંખમાં આંસુ આવી ગયાં. એ આંસુ હર્ષનાં હતાં!

'અલ્પા,' ઊઠીને એની પાસે જતાં મૌલિકે કહ્યું : 'અત્યારે આંસુ!' અને પોતાના રૂમાલથી એણે એ લૂછી નાખ્યાં.

'આ તો હર્ષના આંસુ છે, મૌલિક!' ઊંચે એની સામે જોતી ખુરશીમાં બેઠેલી અલ્પા બોલી : 'પણ મને ડર લાગે છે કે આટલી સહેલાઈથી સાંપડેલું આવું મોટું સદ્‌ભાગ્ય ક્યાંક ઝૂંટવાઈ તો નહિ જાય ને!'

'સ્નેહી હૃદય સદાય અધીરાં હોય છે અલ્પા,' એને ઊભી કરતાં સામી ભીંતે લટકતી તસ્વીર બતાવતાં મૌલિકે કહ્યું : 'આપણો પ્રેમ તો આ રામ અને સીતા જેવો પવિત્ર છે.'

'હા મૌલિક,' ઊભી થતી અલ્પાથી યંત્રવત્ મૌલિકનો હાથ પકડાઈ ગયો! એને પેલી તસ્વીર તરફ દોરી જઈ એણે કહ્યું : 'પણ આ તો રામ-સીતાનો વનવાસ છે!'



'જે મહેલમાં સાથે હતાં એ વનમાં પણ સાથે રહ્યાં અલ્પા,' મૌલિકે તસ્વીર તરફ તાકી રહેતા કહ્યું : 'એનું નામ જ સાચો પ્રેમ ને? માટે જ કહું છું અલ્પા કે આપણો પ્રેમ રામ-સીતાના પ્રેમ જેવો પવિત્ર અને સાચો છે!'

'હા મૌલિક,' ભાવવિભોર બની મૌલિકનો હાથ પોતાના હાથમાં રાખી તસ્વીર તરફ તાકી રહેલી અલ્પાએ કહ્યું : 'આપણો પ્રેમ રામ એન સીતા જેવો પવિત્ર છે, પ...ણ' અલ્પા જરા અટકી.

'પણ શું અલ્પા?' મૌલિકે એનો હાથ પોતાના બે હાથમાં રાખી તસ્વીર તરફ તાકી રહેલી અલ્પાએ કહ્યું : 'હજી ય તારા મનમાં કાંઈ શંકા છે?'

'પણ મૌલિક,' નજર ઊંચી કરી મૌલિક સામે તાકતાં અલ્પાએ કહ્યું : 'પણ અંતે તો રામે સીતાનો ત્યાગ કર્યો હતો.' અને પોતાની બે આંખોએ હાથ દઈ દેતી અલ્પા કોણ જાણે શાથી પણ એકદમ રડી પડી!

ફરીથી એનાં આંસુ લૂછતો મૌલિક બોલ્યો : 'એ તો દુન્યવી દૃષ્ટિએ અલ્પા, દિલથી નહિ. સીતા તો રામના હૃદયમાં સદાને માટે સમાયેલાં હતાં.'

અલ્પાએ સહેજ ઊંચું જોયું. ભિંજાયેલી આંખોમાં સહેજ મસ્તી લાવી સ્મિતભર્યા મુખે એણે પૂછ્યું :

'હતાં કે છે?'

એના પ્રશ્નના મર્મને સમજતાં મૌલિકે કહ્યું : 'ત્યારે હતાં અને અત્યારે ય છે.'

'અને ભવિષ્યમાં...?'

'રહેશે જ.' મૌલિક બોલ્યો. ત્યાં જ ઘડિયાળમાં છના ટકોરા થયા ને બન્નેએ ઘડિયાળ સામે જોયું.

'ઘણો સમય થઈ ગયો અલ્પા.' મૌલિક બોલ્યો : 'વાતોમાં સમયનો પણ ખ્યાલ ન રહ્યો. હવે હું જાઉં?'

'બેસને હવે, થોડી ચા પીએ.' કહેતી અલ્પાએ ચા લાવવા બઝર પર કહ્યું.

'અલ્પા,' બાજુના સોફા પર બેસતાં મૌલિકે કહ્યું : 'મહેમાનની મર્યાદા ચૂકી હું ઘણું બેઠો.'

'હુ,' મજાક કરતી અલ્પા બોલી : 'પોતાના ઘરમાં જ પોતાને મહેમાન માને છે!'

'પણ તારાં માતા-પિતાને કેવું લાગે?'

'તને ખબર નથી મૌલિક કે એમને મારામાં કેટલો વિશ્વાસ છે.' અલ્પાએ કહ્યું : 'આજ સુધી કદી કોઇ યુવકને મારી રૂમમાં મેં બેસાડ્યો નથી, એટલે મારાં બા તો કદાચ તારું મહત્ત્વ સમજ્યાં હશે અને પિતાજી તો અત્યારે પેઢી પર હશે. પણ હું ફોન કરી એમને બોલાવી લઇશ. હવે આવ્યો છું તો મારાં માતા-પિતાને મળીને જ જા.'

'અલ્પા, ઉતાવળ શીદ કરે છે?' મૌલિકે કહ્યું : 'ફરીથી શાંતિથી આવીશ.'

'કેમ? તારે જવાની તો ઉતાવળ નથી ને?'

'ઉતાવળ તો નહિ, પણ ફરી મળીશું એમ.'

'તને ખબર નથી મૌલિક,' અલ્પા બોલી : 'કેટલો આનંદ થશે મારાં માતા-પિતાને જ્યારે તેઓ તને જોશે અને મારો નિર્ણય જાણશે.' સમજી શકું છું અલ્પા, મૌલિકે કહ્યું. ત્યાં જ હળવા નાસ્તા સાથે ચાના બે કપ આવ્યાં. ડાઈનીંગ ટેબલપર ગોઠવી નોકર જતો રહ્યો.

'કેમ આજે આખો દિવસ ખવડાવાનો જ કાર્યક્રમ છે કે શું?' મૌલીકે હસતાં સહતાં પૂછ્યું, ત્યારે અલ્પાએ જુદી રીતે ખુલાસો કરતાં કહ્યુ :

'ગમે એટલું ખાઇએ તો ય મન જાણે ધરાતું જ નથી. આજે...'

'આ ખાવાથી મન ના ધરાય,' મૌલિક બોલ્યો : 'પેટ જ ભરાય.'

'એમ કે?' ડાઈનીંગ ટેબલ તરફ આવવા મૌલિકને ઈશારો કરતી અલ્પા બોલી : 'ચાલો, આજે નવું જ્ઞાન લાધ્યું મને.' આ મશ્કરીનો મૌલિકે વગર બોલે ખારી બિસ્કિટ અલ્પાના મોંમાં મૂકી દઈને જ જવાબ વાળ્યો.



ચા પીતાં પીતાં મૌલિકે કહ્યું : 'આજે જ પહેલી વાર હું તારે ઘરે આવ્યો...'

'તો શું કરું? ફૂલથી વધાવું?' વચ્ચે જ જાણે છણકો કરતી હોય એમ અલ્પાએ પ્રેમથી પૂછ્યું.

'દિલથી વધાવ્યા પછી ફૂલથી વધાવવાની શી જરૂર છે?' મૌલિકે કહ્યું, 'પણ વાત પૂરી સાંભળતી નથી ને વચ્ચે જ હુમલો કરે છે.'

'ઠીક, અકળાઈશ નહિ, ચાલ બોલ, શું કહતો હતો?' નાના બાળકને પટાવતી હોય એમ અલ્પાએ પૂછ્યું.

'એમ કહેતો હતો કે આજે પહેલી વાર આવ્યો છું ત્યારે તારાં માતા-પિતાને મળવું ને આવી ગંભીર વાત જણાવવી-પછી ભલે તું જણાવે તો પણ-એ ઠીક નથી. દરેક વાત માટે ભૂમિકા રચવી જોઈએ.'

'તારી વાત ખોટી નથી.' સંમત થતી અલ્પા બોલી : 'પણ જતાં જાં મારાં માતાને જરા ઔપચારિક રીતે મળજે તો ખરો.'

'ઠીક એમ કરીશું.' મૌલિકે ચાનો છેલ્લો ઘૂંટ ભરતાં કહ્યું : 'પણ હવે આજે કાંઇ સાંભળ્યા વિના જવાનો નથી હોં.'

'શું સાંભળ્યા વિના?' અલ્પાએ નવાઇ પામી પૂછ્યું.

'એટલે એ.' પીયાનો સામે આંગળી ચિંધતાં મૌલિક બોલ્યો, 'એકાદ ચીજ સંભળાવવી પડશે.'

હસતી અલ્પા ઊભી થઇ ને મૌલિકની પાછળ જઇ એને ગળે હાથ નાખી પૂછ્યું : 'શું સંભળાવું?'

'તને જે ઠીક લાગે તે.'

ને અલ્પાની આંગળીઓ પીયાનો પર ફરવા લાગી. જોતજોતામાં મધુર સૂરોની હેલી મચી રહી. ને મધુર કંઠે અલ્પા ઝૂમી ઝૂમીને ગાઈ રહી :

'મેરે ઘર આયો રે ગોપાલા,
ઘર આયો રી ગોપાલા ગોપાલા ગોપાલા,

મેરે ઘર......'

પોતાના હૃદયભાવોને પ્રગટ કરતું આ ભજન એવા દિલથી અલ્પાએ ગાયું કે એણે કદી બીજું કશું જ કહ્યું ન હોત અને મૌલિકના આગમન ટાણે માત્ર આટલા ભજનથી જ પોતાના હૃદયના પ્રત્યાઘાત પાડ્યા હોત તો પણ મૌલિક માટે એના હૃદયમાં રહેલા અસીમ પ્રેમનાં દશર્ન થાય. ભાવવિભોર બની અલ્પાએ એવી સ્વાભાવિકતાથી એ ભજન ગાયું કે જાણે સાચે જ મીરાંને ઘેર કૃષ્ણ પધાર્યા! મૌલિક શરૂમાં તો અલ્પાના કંઠની હલક અને મીઠાશ માણી રહ્યો પણ ધીરે ધીરે એ બાહ્ય અસર કરતાં ય અલ્પાના અંતરતમ ભાવે એના હૃદયને ઘેલું કરી મૂક્યું! ગાતાં ગાતાં અલ્પાની આંખમાંથી આંસુની ધારા વહી રહી. એને મૌલિકે રોકી નહિ. હર્ષનાં એ આંસુ વહેતા રહ્યાં. મૌલિક બાજુમાં બેઠો બેઠો એ લૂછતો રહ્યો ને અલ્પાને સાંભળતો રહ્યો! પંદરેક મિનિટના આવા હૃદય-ગાન પછી અલ્પાએ ધીરે ધીરે સૂરને શાસ્ત્રીય રીતે ધીમો, નીચો કરતે કરતે 'ઘર...આ...યો..રી...ગો..પા...લા' કરી પૂર્ણાહૂતિ કરી ત્યારે તંદ્રાવસ્થામાં એ પીયાનો પર ઢળી પડી! સાચા પ્રેમની લાગણી કેવી ઉત્કટ હોય છે! પોતાના માટે આવો પ્રમે રાખનાર પાત્રને જોઇ મૌલિકની આંખ પણ ભીની થઈ. અલ્પાની પીઠ પર હાથ મૂકી એ ધીરેથી બોલ્યો :

'અ...લ્પા.'

જવાબમાં અલ્પાએ આંખ સહેજ ઊંચી કરી. એ ઊંચકાયેલા પાંપણના પડદા પાછળનો પ્રેમ પારાવાર છલકાતો હતો! મૌલિક એ પ્રેમસાગરને મંત્રમુગ્ધ બની જોઈ રહ્યો - દરિયાકાંઠે ઊભેલું બાળક જે નિર્દોષ આશ્ચર્યથી ઊછળતાં મોજાંને જોઇ રહે તેમ- એ આંખોમાં રહેલા પ્રેમને અલ્પાએ પણ પોતાની પાંપણો ઊંચી કરી ત્યારે પારખ્યો ને એણે મૌલિકનો હાથ પકડી ધીરેથી એને પોતાની તરફ ખેંચ્યો-જાણે કોઇ દેવીએ પ્રસન્ન થઇ પાતોના પરમ ભક્તનો સ્વીકાર કર્યો!

'અ...લ્પા!' અંતરના ઊંડાણમાંથી એક ધીમો અવાજ નીકળ્યો.

'મૌલિક મારાં!' એવો જ ધીમો પડઘો પાડતા અવાજ સાથે અલ્પા મૌલિકને વળગી પડી :



પ્રેમ–શુદ્ધ નિર્વ્યાજ પ્રેમની સરવાણીઓ બંનેના હૃદયમાં વહેતી હતી. પૃથ્વી પર કદી ય ક્યાંય સ્વર્ગ હોઇ શકે તો અત્યારે અલ્પાના એ ઓરડામાં હતું જ્યાં આવા પ્રેમની સરવાણીઓનો સંગમ થયો હતો!

આવા સ્વર્ગીય સુખનો એકાદ ક્ષણ અનુભવ કર્યા બાદ અલ્પા સ્વસ્થ થઈ. અલ્પાની એ ખૂબી હતી. એ બહુ જલદી ભાવાવેશમાં આવી જતી. પણ એટલી જ જલદી એ કોઇ પણ સંજોગો વચ્ચે સ્વસ્થ થઇ જતી. સહેજ સ્મિત કરી એણે મોલિકને સોફા પર બેસવા સૂચવ્યું ત્યાં જ બઝર રણક્યું.

'એલાવ,' રિસીવર હાથમાં લઇ અલ્પા બોલી. એણે જે સાંભળ્યું એના જવાબમાં કહ્યું :

'બાને દસ-પંદર મિનિટ થોભવા કહો શામજી, હું મહેમાનને લઇને નીચે આવું છું. પછી એ મંદિરે જાય.' રિસીવર મૂકી એણે મૌલિકને કહ્યું.

'ચાલ, જઇશું નીચે?'

'હા, પણ મને બહુ ખોટી ન કરીશ હવે.' મૌલિકે ઊભાં થતાં કહ્યું.

બંને નીચે ગયાં. અંદરના રૂમમાં અલ્પા મૌલિકને લઇ ગઇ. એક ખૂણામાં ખાસ્સું મોટું મંદિર હતું જેમાં રાધાકૃષ્ણની મોટી મૂર્તિઓ હતી અને અત્યારે એ દીવા તથા વીજળીની રોશનીથી ઝળહળતું હતું. બીજી બાજુ એક સોફા સેટ અને થોડી ખુરશીઓ હતી.

'બા, આ છે...' અંદર દાખલ થતાં પરિચય કરાવવા અલ્પા કહેતી હતી ત્યાં જ મૌલિક બોલ્યો :

'નમસ્તે બા, મારું નામ મૌલિક'

'જીવતા રહો ભાઇ, આવો.' કહી પાર્વતી શેઠાણીએ મૌલિકને સોફા તરફ આંગળી ચિંધી કહ્યું : 'બેસો ભાઇ.'

સોફામાં બેસતાં મૌલિકે કહ્યું : 'હું અલ્પાની સાથે ભણું છું. બા.'

'બહુ આનંદની વાત છે.' કહી અલ્પા તરફ ફરી પાર્વતી બોલ્યાં : 'ક્યારથી સાથે ભણો છો દીકરી?'

'લગભગ ચાર વર્ષથી, બા.' અલ્પાએ ધીમું હસતાં કહ્યું. માતાની હાજરીમાં કાંઈક શરમાતી અલ્પાની આંખો કહેતી હતી કે એ અત્યારે એના સ્વાભાવિક મૂડમાં નહોતી. અલ્પામાં આટલી શરમ, આવી લજ્જા ને આટલો સંકોચ માતાએ કદી નહોતાં જોયાં! આ યુવકને અલ્પાએ પોતાની રૂમમાં બેસાડ્યો, આટલી વાર બેસાડ્યો અને વળી પોતાની સાથે પરિચય કરવા પણ લઈ આવી એટલે માતાની લાગતું જ હતું કે એના મનમાં કદાચ કાંઈક હશે. એની અત્યારની શરમ જોઈ એ વાત એમના મનમાં દૃઢ થઈ. એટલે અલ્પાનો જવાબ સાંભળી એ બોલ્યાં :

'ઓહોહો, ચાર વર્ષથી સાથે ભણો છો ત્યારે આજે ઘેર બોલાવ્યા!'

'આજે ય બોલાવ્યો નથી બા, હું મારી જાતે આવ્યો છું.' મૌલિકે મજાકમાં કહ્યું : 'અલ્પા કોઈને ઘેર બોલાવવામાં માનતી નથી.'

'એવી તો નથી મારી દીકરી,' હસતાં શેઠાણી બોલ્યાં : 'પણ થોડી શરમાળ જરૂર છે. એની ઘણી સખીઓને તો તેડી લાવે છે. પણ એ સાચું કે પુરૂષોમાં તમે કદાચ પહેલા છો ઘેર આવનાર.'

'એટલો હું ભાગ્યશાળી બા.'

'ભાગ્યશાળી તો અમે ગણાઈએ ભાઈ કે તમે અમારે ઘેર આવ્યા. બાકી, કોઈને ઘેર જવા કોણ નવરું છે?'

'હું નવરી છું બા,' અલ્પા ગમ્મત કરતી બોલી : 'વગર બોલાવે હું એમને ઘેર બે વાર જઈ આવી.'

'એમ?' આશ્ચર્યથી માતાએ કહ્યાં અને સહેજ અટકી પૂછ્યું : 'શું નામ છે ભાઈ તમારું?'

'આમ તો મૌલિક છે બા,' હસતા મૌલિકે કહ્યું : 'પણ દરેક કાર્યની પહેલ અલ્પા કરે છે, હું તો એને માત્ર અનુસરું જ છું'

'આગળ જવા કરતાં અનુસરવામાં જોખમ ઓછું છે બેટા,' મીઠાશથી પાર્વતી શેઠાણીએ કહ્યું. એમની બુદ્ધિનો ચમકારો મૌલિકને સ્પર્શી ગયો.



'ખુદ જિંદગી જ એક જોખમ હોય ત્યાં જોખમથી ડરી ડરીને ચાલવાની તો શી જરૂર બા?' મૌલિકે કહ્યું : 'પણ માનવ માનવ સાથેના સંબંધોમાં ય સામાજિક મર્યાદાનું ઉલ્લંઘન ન થાય એ સારું નહિ, બા?'

'જરૂર સારું બેટા,' પાર્વતી શેઠાણીએ હેતથી કહ્યું : 'આજના જુવાનિયા જો આ વાત સમજે તો સમાજનાં કેટલાંય દૂષણ અટકી જાય.' સહેજ અટકી તેમણે કહ્યું :

'પણ બેટા, હું તો વાતોમાં ભૂલી જ ગઈ! શું પીશો? ચા કે કૉફી?'

'કશું જ નહિ બા.' મૌલિક બોલ્યો : 'ઘણું ખાધુ પીધું આજે તો.'

'તો કાંઈ ઠંડુ લો.' કહી એમણે શામજી સામે જોયું.

થોડી વારમાં ફ્રિઝ-કોલ્ડ ફન્ટા આવી જે મૌલિકને કંપની આપવા અલ્પાએ પણ પીધી.

ફન્ટા પીને થોડી વારે મૌલિક ઊભો થયો.

'હું રજા લઉં બા.' પાર્વતી શેઠાણીને પ્રણામ કરતાં બોલ્યો.

'અલ્પા,' પાર્વતી બોલ્યાં : 'ડ્રાઈવરને કહેને એમને મૂકી આવે.'

'કોઈ જરૂર નથી બા.' મૌલિકે કહ્યું : 'હું બસમાં જતો રહીશ.'

'અરે, ગાડીને કાંઈ થાક લાગવનો છે?' પાર્વતી બોલ્યાં : 'એને કરવાની છે ય શું?'

'ચાલો, ગાડીમાં બેસાડું,' નાના બાળકને પટાવતી હોય એમ મશ્કરી કરતી અલ્પાએ મૌલિકને કહ્યું.

'ક્યારે આવશો પાછા?' પાર્વતી શેઠાણીએ પૂછ્યું. પણ જવાબ આપવામાં ગૂંચવાતા મૌલિકને જોઈ એમણે જ કહ્યું : 'ઠીક છે, હું જ તેડવા મોકલીશ.'

ત્યારે 'આવજો બા,' કહેતો મૌલીક શરમાઈને બહાર નીકળ્યો. પાર્વતી શેઠાણી કાંઈ સમજી ગયાં હતાં એ વાત મૌલિક સમજી ગયો. માટે જ એ શરમાયો.

'એને મોટરમાં બેસાડી પાછા વળતાં પહેલાં અલ્પાએ અત્તરનું પૂમડું ધર્યું.'

'ઓહ,' હાથ લંબાવતા મૌલિકે ક્હયું : 'એ માગવાનું તો હું ભૂલી જ ગયો.'

'તું માગવાનું ભૂલે, પણ હું આપવાનું ન ભૂલું ને.' અલ્પાએ જાણે ઠપકો આપતી હોય એમ કહ્યું.

'વગર માગે મળે એનું મહત્ત્વ હું સમજું છું.' પૂમડું કાનમાં ખોસતાં મૌલિક બોલ્યો. અને મોટર સ્ટાર્ટ થઇ.

'બાય' કહેતી અલ્પા ઘડીવાર ત્યાં જ ઊભી ઊભી જતી મોટર જોઇ રહી.

પછી ઘરમાં પ્રવેશી ત્યારે એના હૈયામાં આનંદના પૂર ઉમટ્યાં હતાં, કારણ કે એના કાનમાં હજી ય પેલા સૂર ગૂંજતાં હતા :

'મેરે ઘર આયો રે ગોપાલા.'

અનુક્રમ

## ૧૧ : વ્હાલો આવ્યાની વધામણી!

મૌલિકને વળાવી ઉપર પોતાના રૂમમાં જતી અલ્પાને માતાએ બોલાવી.

'કેમ બા?'

'બસ બેટા,' પોતાની બાજુમાં દીકરીને બેસાડતાં માતાએ કહ્યું : 'ખૂબ સંસ્કારી ને ચપળ છોકરો લાગે છે મૌલિક. તારી સાથે ભણે છે?'

અલ્પાએ નીચી નજરે માથું હલાવી હા પાડી. માતા સાથે આમ શરમાઇને અલ્પા કદી વાત ન કરતી. પણ આજની એની શરમનું કારણ સમજી ગયાં હતાં.

'શું કરે છે એના પિતા?'

'પિતા નથી. મોટાભાઇ મુંબઇમાં ડૉક્ટર છે. અહીં માતા સાથે એ રહે છે. જાતે વાણિયા છે. ભણવામાં ખૂબ હોંશિયાર છે. હંમેશાં પ્રથમ વર્ગમાં જ પાસ થાય છે.' અલ્પાએ ટૂંકમાં મૌલીક વિષે જરૂરી માહિતી આપતાં છેલ્લે ઉમેર્યું : 'વકીલ થવા માગે છે.'

'બહુ સરસ.' ખુશ થતાં પાર્વતી શેઠાણી બોલ્યાં : 'બેટા આજે હું કેટલી આનંદમાં છું! તારા પિતાને આ સમાચાર આપીશ ત્યારે એ કેટલા ખુશ થશે! અમારા માથા પરનો અરધો બોજો તેં ઉતારી નાખ્યો.'

અલ્પા શરમાઇને મરક મરક હસતી નીચું જોઇ રહી. એટલામાં મોટરનું હોર્ન વાગ્યું.

'ગાડી આવી બેટા. હું મંદિરે જઇ આવું, કહેતાં,' કહેતાં પાર્વતી શેઠાણી ઊભાં થયાં એમનું ભારે શરીર હલનચલન માટે બહુ અનુકૂળ નહોતું

અને લોહીના દબાણની હંમેશાં તકલીફ રહેતી. છતાં રોજ સાંજે મોટરમાં મંદિર નિયમિત જઇ આવતાં. એ માટે સાંજે છ વાગે રોજ પેઢીએથી મોટર આવી જતી.

'ભલે બા, જઇ આવો.' કહેતી અલ્પા ઓટલા સુધી એમની સાથે ગઇ.

રસ્તે મોટર ઊભી રખાવી પાર્વતી શેઠાણીએ ભગવાનને ધરાવવા એક કિલો પેંડા લીધા. આવા આનંદનો દિવસ આટલો જલદી આવશે એવો એમને ખ્યાલ નહોતો.

રાત્રે રામદાસ શેઠ પેઢી પરથી ઘેર આવ્યા ત્યારે આવતામાં જ શેઠાણીએ કહ્યું : 'લો, મોં મીઠું કરો.'

'શું છે તે મોં મીઠું કરાવે છે?' પત્નીના હાથમાંથી પેંડો લેતા રામદાસ શેઠ ગમ્મતમાં બોલ્યા : 'અલ્પાનાં લગન લીધાં કે શું?'

ગમ્મતમાં બોલાયેલું આ વાક્ય શેઠ-શેઠાણીના હૃદયભાવનો જ પડઘો પાડતું હતું. અલ્પાનાં લગ્ન થઇ જાય તો પેઢીનો ભાર એને સોંપી પોતે હવે હરિભજન કરવું હતું. એમ રામદાસ શેઠ કહેતા, જ્યારે પાર્વતી શેઠાણીને પોતાના સ્વાસ્થ્યમાં હવે ગરબડ દેખાવા લાગી હતી, એટલે દીકરીનાં લગ્ન કરી ચિંતા મુક્ત થવું હતું. એટલે પતિએ ગમ્મતમાં કહેલી વાતને વધાવી લેતાં એમણે કહ્યું :

'લગન હવે તમારે લેવાનાં.'

'એટલે?' લોંગ કોટનાં બટન કાઢતાં અટકી જઇ શેઠે પૂછ્યું : 'શું કોઇ છોકરો નક્કી કર્યો?'

'હા, કાળજું ઠરે એવો છોકરો છે. ચપળ છે, અલ્પાની સાથે ભણે છે... આજે આપણે ઘેર આવ્યો હતો... તમે જોશો તો ખુશ થઇ જશો.'

'અરે ભાઇ, હું તો જાણીને જ ખુશ થઇ ગયો.' ખીંટીએ કોટ લટકાવતા શેઠ બોલ્યા : 'પણ આ પસંદગી તારી છે કે અલ્પાની? કે બંનેની?'



'પસંદગી અલ્પાની ને મંજૂરી મારી.' હસતાં હસતાં શેઠાણી બોલ્યાં.

'એટલે કે ખરડો પેશ થયો અને લોકસભાએ એ મંજૂર પણ કરી દીધો. એમ જ ને?'

આ બંધારણીય શૈલીની ભાષામાં શેઠાણી જરા ગૂંચવાયાં, પણ ત્યાં જ રૂમમાં પ્રવેશ કરતાં જરા શરમાતી અલ્પાએ સસ્મિત પ્રવેશ કરતાં કહ્યું : 'પણ રાષ્ટ્રપતિની સહી બારી છે બાપુજી.'

'અરે બેટા, તમને બંનેને વધાઇ,' દીકરીને વાંસે હાથ ફેરવતાં પિતા બોલ્યા : 'લોક સભાએ પસાર કરેલા ખરડાને રાષ્ટપૃતિની મંજૂરી કયે દહાડે નથી હોતી? એમની સહી તો એક ઔપચારિક વિધી જ છે ને?'

'છતાં એ વિધિ સૌથી અગત્યની છે પિતાજી,' અલ્પાએ શરમાતાં શરમાતાં 'એ વિધિ' શબ્દો પર ભાર મૂકતાં કહ્યું.

'સાચી વાત છે બેટા' જવાબદારીના ભાનથી રામદાસ શેઠ બોલ્યા : 'પસાર થયેલા ખરડા પર પણ સહી કરતાં પહેલાં રાષ્ટ્રપતિએ એનાં સારાં-માઠાં બધાં પાસાંનો વિચાર તો કરવો જ જોઇએ. અરે જરૂર લાગે તો એ પોતાનાં સૂચનો સાથે ફરીથી લોકસભા પર વિચાર કરવા પણ એ બીલ ક્યાં નથી મોકલી શકતા?'

'તમે ય બંધારણના આટલા બધા નિષ્ણાત છો પિતાજી!' આશ્ચર્ય અનુભવતાં અલ્પા બોલી.

'નિષ્ણાત તો નહિ બેટા, પણ સામાન્ય જ્ઞાન તો હોવું જ જોઇએ ને?' રામદાસ શેઠે કહ્યું : 'લોકશાહી ટકાવવી હોય તો દેશના દરેક નાગરિકે જાગૃતિ અને સાવધાની રાખવી જોઇએ. પણ મારો કહેવાનો હેતુ જુદો છે બેટા!'

'મૂળ વત બાજુ પર રાખીને તમે ગાડી ઊંધે પાટે ચઢાવી દીધી.' પાર્વતી શેઠાણી બોયાં : 'ઘરની વાત કરતાં કરતાં દેશની ભાંજગડમાં ક્યાં ઊતરી પડયાં બાપ-દીકરી?'

'એમાં ય મેં ઘરની વાત જ કહી છે.' રામદાસ શેઠે સ્પષ્ટતા કરતાં કહ્યું. 'રાષ્ટ્રપતિએ દેશની, તેમ ઘરના વડાએ ઘરની અગત્યાની વાતો પર ધ્યાન રાખવું જ જોઇએ. સ્વતંત્રતામાં ય ગંભીર ભૂલોનું જોખમ રહેલું છે.'

'હજી આડીઆડી વાતો જ કરો છો તમે.' પાર્વતી શેઠાણીએ અકળાઇને કહ્યું.

'આડી નહિ, સીધી વાત જ કરું છું,' રામદાસ શેઠ બોલ્યા : 'હું એમ કહેવા માગું છું કે દીકરીને આપણે સ્વતંત્રતા અને એના ભાવિ અંગે નિર્ણય કરવાની છૂટ આપી છે એ બરાબર છે. છતાં એની પસંદગીને આપણે ચકાસવી તો જોઇએ જ.'

'એની કોણ ના પાડે છે?' પાર્વતીએ કહ્યું : 'તમે કહો ત્યારે છોકરાને બોલાવીએ.'

'તમારી વહેલી અનુકૂળતાએ,' શેઠે કહ્યું : 'તમે મા-દીકરી નક્કી કરીને કહેશો તે દિવસે આપણે તૈયાર.' પછી અલ્પાને ઉદ્દેશીને એમણે કહ્યું :

'દીકરી, ચિંતા ન કરતી હોં, તારી પસંદગી ખોટી નહિ જ હોય.'

શરમાતી અલ્પા ત્યારે નીચી નજરે સ્મિત કરતી હતી.

'જૂની પેઢીનાં હોવા છતાં અલ્પાનાં માતા-પિતા પુત્રી સાથે આવી છૂટથી વાત કરી શકે એવાં ઉદાર મતવાદી હતાં. કદાચ એકની એક દીકરીને એમણે ખૂબ લાડકોડમાં ઉછેરી હતી એટલે જ હશે.'

બધાંને જ આ વાત પાકી કરી નાખવાની આતુરતા હતી. એટલે વધુ દિવસ ન બગાડ્યા. એક દિવસ અલ્પાએ મૌલિકને કહ્યું :

'કાલે સવારે મારે ઘેર જમવા આવવાનું છે તારે.'

'કારણ?'

'મારા પિતા તને જોવા ઇચ્છે છે.'

'એટલે પ્રદર્શન છે મારું?'

'પ્રદર્શન નહિ, દર્શન કરવાનાં છે તારાં.'



'દર્શન વડીલોના કરવાનાં હોય ગાંડી, એટલે હું તો દર્શન કરવા આવી શકું, દેવા નહિ.'

'જે રીતે માને એ રીતે, પણ આવજે.'

'પણ એ માટે જમવાની શી જરૂર? એમ જ આવીશ, સાંજે.'

'દર્શન કર્યા પછી પરસાદ તો લેવો જોઇએ ને?' અલ્પાએ વાતનું અનુસંધાન કર્યું.

'પ્રસાદમાં ફળાહાર જ હોય. અન્નકૂટ નહિ, સમજી?' મૌલિકે કહ્યું.

'પણ તને કોણે કહ્યું કે અન્નકૂટ ભરાવાનો છે!'

'તારે ત્યાંનો નાસ્તો જમણ કરતાં ય ભારે હોય છે એનો મને અનુભવ છે, એટલે જમણ અન્નકૂટ જેવું જ હોય એ હું સમજી શકું છું.' મૌલિક બોલ્યો.

'તું કહે તે બાનાવીશું, બસ?' અલ્પા સમજાવતી હોય તેમ બોલી : 'બોલ, શું જમવું છે?'

'કાલે જમવું તો નથી જ,' મૌલિકે કહ્યું : 'સાંજે તારા પિતાજીને મળવા આવીશ.'

'પણ વાંધો શો છે જમવામાં?' અલ્પાએ આગ્રહ જારી રાખ્યો.

'તારા પિતાની કસોટીમાં નાપાસ થાઉં તો?' મૌલિકે હસતાં હસતાં કહ્યું.

'ગાંડા,' વ્હાલભરી વાણીમાં અલ્પા બોલી : 'આ અલ્પાની કસોટીમાંથી પાર ઊતરેલું કદી નાપાસ થાય જ નહિ, સમજ્યો?'

'વાહ, એવી કડક પરીક્ષા છે તારી કે સચોટ?'

'કડક નહિ, સચોટ. કસોટી—પથ્થર પર સોનું અને પિત્તળ પરખાતાં વાર લાગે નહિ, તેમ મારા સંપર્કમાં આવેલા માણસને સમજવામાં હું ભૂલ કરતી નથી. સમજ્યો?'

'વાહ રે વાહ! બહુ અભિમાન છે ને કાંઇ પોતાની બુદ્ધિ પર!' મશ્કરી કરતો મૌલિક બોલ્યો. જો કે એ પોતે જાણતો જ હતો કે અલ્પાની બુદ્ધિ અભિમાન રાખવા જેવી પ્રખર છે.

'અભિમાન નહિ, આત્મવિશ્વાસ.' નમ્રતાથી અલ્પાએ કહ્યું.

'સાચી વાત છે અલ્પા,' મૌલિકે પણ સહૃદયતાથી કહ્યું : 'તારાં આત્મવિશ્વાસ અને બુદ્ધિચાતુર્ય ખરેખર ગૌરવ લેવા જેવા છે.'

'તોય તું મને ગાંઠતો નથી' હસતી અલ્પા બોલી. ગમે તેવી ભારે વાત કે ગંભીર વાતાવરણને ક્ષણમાં જ હલકું કરી નાખવાની અલ્પામાં વિશેષતા હતી, મૌલિકના સાંનિધ્યમાં હોય તયારે ઘણી વાર પોતાના દુ:ખને પણ એ ક્ષણમાં ભૂલી જઇ કોઇ વાત દ્વારા વાતાવરણને હળવું બનાવી દેતી.

'તને ન ગાંઠું એવો જબરો તો હું નથી.' મૌલિકે કહ્યું : 'પણ ન ગાંઠે એવો જીવનસાથી મેળવવામાં જ અલ્પાનું ગૌરવ ગણાય, નહિ?'

અલ્પાએ માથું હલાવી હા પાડી-મૌલિકની શક્તિનો સ્વીકાર કરતી હોય તેમ!

મૌલિકની વાત અલ્પાએ માની. એને એમાં કાંઇ બહુ ફેર જેવું પણ ન લાગ્યું. ભલે મૌલિકે જમવાની ના કહી, પણ નાસ્તો કેવો કરાવવો એ તો એના પોતાની હાથની વાત હતી ને? વળી પ્રથમ આમંત્રણે જ જમવા આવવા જેટલો સસ્તો નહિ થઇ જવાની મૌલિકની કદાચ ગણતરી હશે એમ અલ્પાએ ધાર્યું એટલું જ નહિ, એવી ગણતરી એને સાચી પણ લાગી. એથી માતા-પિતાની દૃષ્ટિએ પણ મૌલિકની મહત્તા વધશે એમ એણે ધાર્યું.

નક્કી કર્યા પ્રમાણે બીજે દિવસે બરાબર ચારને ટકોરે મૌલિક અલ્પાને ઘેર પહોંચ્યો. અલ્પાએ તો પિતાની સૂચના પ્રમાણે તેને લેવા મોટર મોકલવાનું કહ્યું હતું. પણ મૌલિકે એનો ભારપૂર્વક ઇન્કાર કરી પોતે પોતાની જાતે જ આવશે એવો આગ્રહ રાખ્યો હતો. એ રીતે એ બસ દ્વારા સમયસર અલ્પાને ઘેર પહોંચી ગયો. બધાં રાહ જોતાં જ હતાં, એટલે નોકરે અંદર જઇ ખબર કરી કે તરત જ અલ્પા સામે લેવા ગઇ. પગથિયાં ચઢતાં મૌલિક તરફ એનાથી અનાયાસ હાથ લંબાઇ ગયો અને છેલ્લું પગથિયું ચઢતાં તો મૌલિકે એ હાથને સ્પર્શી એના આવકારનો ઉત્તર દીધો. બંને સ્મિત વેરતાં સાથે સાથે



ઘરમાં પ્રવેશ્યાં. અલ્પા સીધી મૌલિકને ડ્રોઇંગ રૂમમાં દોરી ગઇ જ્યાં એના માતા-પિતા મહેમાનની રાહ જોતાં બેઠાં હતાં.

'આ મારા પિતાજી છે.' અલ્પાએ પરિચય વિધિનો પ્રારંભ કર્યો.

'નમસ્તે' મૌલિકે વિનયથી હાથ જોડી કહ્યું.

'ઘણું જીવો બેટા.' કહી રામદાસ શેઠે હાથ લંબાવી બેસવા સંકેત કર્યો.

'મારાં માતૃશ્રીને તો તમે ઓળખો જ છો!' અલ્પાએ કહ્યું ત્યારે એ બંનેએ પરસ્પરને 'નમસ્તે' કરી લીધા હતા.

'અલ્પાનાં બાએ મને તમારે વિષે વાત કરી ત્યારથી મને મળવાની ઇચ્છા હતી.' રામદાસ શેઠે કહ્યું.

'જી, એ કારણે મને આપનાં દર્શનનો લાભ મળ્યો!' મૌલિકે વિવેકથી કહ્યું. રામદાસ શેઠને મૌલિકની પ્રતિભા તો સ્પર્શી જ ગઇ હતી, આ વિવેક પણ એમના મનમાં વસી ગયો.

'તમે ને અલ્પા સાથે જ ભણો છો, નહિ?' રામદાસ શેઠે પૂછવા ખાતર જ પૂછ્યું.

'જી, મારું એ સદભાગ્ય છે.'

'અને અલ્પાનું નહિ?' પાર્વતી શેઠાણીએ પ્રશ્ન દ્વારા મૌલિકને પ્રશંસ્યો.

મરક મરક હસતી અલ્પા ત્યારે બોલી : 'બીજાના સદ્ભાગ્યની નોંધ એ લેતા નથી'

'બેટા, ચંદનને થોડી જ ખબર હોય છે કે એ બીજાને ઠંડક આપે છે?' રામદાસ શેઠે બુદ્ધિપૂર્વક મૌલિકની વિશેષતાને વખાણી.

'હવે વાતો જ કરીશું કે મહેમાનને ચા-પાણી કરાવીશું?' શેઠાણીએ વાત બદલતાં અલ્પા તરફ જોઇને કહ્યું. અલ્પા ઊઠીને અંદર ગઇ.

'બેટા,' રામદાસ શેઠે મુદ્દાની વાત શરૂ કરતાં કહ્યું : 'અલ્પાને તમે કેટલા સમયથી ઓળખો છો?'

'આમ તો ચારેક વર્ષથી સાથે ભણીએ છીએ, પણ મુરબ્બી, અમારો નિકટનો પરિચય તો બહુ થોડા વખતો છે.' મૌલિકે થોડા સંકોચથી કહ્યું.

'શરમાવાની જરૂર નથી બેટા.' રામદાસ શેઠે આત્મીયભાવથી કહ્યું : 'સાચું હોય તે કહેજો. તમે ને અલ્પા પરણવા ચાહો છો?'

જૂના જમાનાના માણસ આવો સીધો સવાલ કરે એનું મૌલિકને આશ્ચર્ય થયું. ઘડીભર શેઠ સામે જોઇ થોડા સંકોચ સાથે એણે કહ્યું :

'આપની અનુમતિ હોય તો જ.' મૌલિકે આ રીતે પોતાની ઈચ્છા જણાવી એટલું જ નહિ, પોતાની ઈચ્છાનો અમલ એ વડીલોની રજા હશે તો જ કરશે એમ જણાવી પોતાના સંસ્કારનો પણ પરિચય કરાવ્યો.

'બેટા, લગ્ન જેવા ગંભીર વિષય માટે આટલો પરિચય ઓછો નથી લાગતો?' શેઠે પ્રેમથી પૂછ્યું : 'એકબીજાને હજી સારી રીતે ઓળખી લેવાની જરૂર નથી લાગતી તમને?'

'માણસને ઓળખતાં માણસને વાર લાગે બાપુજી, પણ આત્માને ઓળખતાં આત્માને વાર નથી લાગતી.' મૌલિકે આત્મીયતાભર્યું સંબોધન કરતાં કહ્યું. એ સંબોધને જ શેઠ-શેઠાણીને શેર લોહી ચઢી ગયું લાગ્યું. કારણ ત્યારે બંનેએ એકબીજા સામે જોયું હતું.

'સાચી વાત છે બેટા,' રામદાસ શેઠે સંમત થતાં કહ્યું. 'પણ ઓછો અનુભવ અને વધુ ઉત્સાહવાળી યુવનીને કારણે કેટલીક વાર ઉતાવળમાં ખોટા નિર્ણયો લેવાય છે, માટે જ હું આમ પૂછું છું.'

'આપની વાત ખોટી નથી.' મૌલીકે કહ્યું : 'માટે જ તો અમે વિચારપૂર્વક લીધેલા નિર્ણયમાં બંને પક્ષના વડીલોની પણ સંમતિ લેવાનું નક્કી કર્યું છે જેથી અમારી ભૂલ હોય તો સુધરી શકે.'



'ડહાપણનું કામ છે બેટા.' શેઠ બોલ્યા : 'અમારા પૂરતું તો અમે નિર્ણય લીધો જ છે કે અમારી અલ્પાની પસંદગી સાચી છે. પણ મારે એક બીજી વાત કહેવી છે.'

'વિના સંકોચે જે હોય તે કહો બાપુજી. અને મારા વિષે આપને કાંઇ પૂછવું હોય તો પણ ખુશીથી પૂછી શકો.'

'કશું જ પૂછવું નથી બેટા, મેં જાણ્યું છે એટલું પૂરતું છે.' રામદાસ શેઠ બોલ્યા : 'અને આજે તમને જોયા એટલે ઘણી બધી ખાતરી થઇ ગઇ. પણ મારે એ કહેવાનું છે બેટા, કે અલ્પા અમારું એક માત્ર સંતાન છે...'

'જાણું છું બાપુજી.'

'મારા ધંધાનો પથારો મોટો છે. જો કે હવે હું ધીરે ધીરે એ સંકેલીને મર્યાદિત કરી રહ્યો છું, છતાં મારી વૃદ્ધાવસ્થામાં કે ગેરહાજરીમાં આ ધંધો સંભાળે એવો તેજસ્વી જમાઇ મળે એમ અમે ઇચ્છીએ છીએ.' સહેજ અટકીને શેઠ બોલ્યા : 'પ્રભુ કૃપાએ તમારામાં એ બધી જ લાયકાત હું જોઉં છું.'

'મારે આ મિલકતની કાંઇ જરૂર નથી બાપુજી.' મૌલિકે કહ્યું : 'અમે અમારા પગ પર ઊભાં રહીશું. આ મિલકતનો બીજો કોઇ સારો ઉપયોગ કરી શકાશે.'

'એ બધું નિરાંતે વિચારીશું બેટા,' શેઠે કહ્યું : 'પણ મારા જીવનમાં બે વસ્તુનું પ્રાધાન્ય છે. એક અમારી દીકરી અલ્પા અને બીજી આ હવેલી.'

'હવેલી?' આશ્ચર્યથી મૌલિકે પૂછ્યું.

'હા બેટા, આ હવેલી પર અમને ખૂબ મમતા છે. લોકો અમને હવેલીવાળા શેઠ કહે છે. એ હવેલીમાં દીવો સદાય બળતો રહે એવી પણ મારી ઇચ્છા છે.'

'એટલે હું સમજ્યો નહિ, બાપુજી.'

'એટલે એમ બેટા, કે અમારા પછી આ હવેલીનાં દ્વાર બંધ ન થઇ જાય. એ ઉજડી ના જાય.'

'સમજ્યા,' ઠાવકાઈથી માથું હલાવતાં મૌલિકે કહ્યું : 'અમે અહીં જ વસીએ એમ આપ ઇચ્છો છો.'

'હા બેટા,' આશાભર્યા સ્વરે શેઠે કહ્યું : 'એમ જ!'

'મને હવેલીનો મોહ નથી બાપુજી.' મૌલિકે કહ્યું.

'પણ અમને છે ને બેટા,' શેઠ પ્રેમથી બોલ્યા : 'મેં કહ્યું નહિ બેટા, કે અમારા જીનવમાં બે વસ્તુને અમે પ્રાધાન્ય આપ્યું છે.એક દીકરી અલ્પા ને બીજી આ હવેલી. આ હવેલીમાં અલ્પા એના પતિ સાથે સુખે રહે અને એની લીલી વાડી થાય એથી વધુ કાંઇ અમે પ્રભુ પાસે માગ્યું નથી. બેટા, શું મારી આટલી વાત તમે નહિ માનો?'

શેઠનો યાચનાભર્યો સ્વર મૌલિકના દિલને સ્પર્શી ગયો. ત્યાં જ શેઠાણી પણ બોલ્યાં :

'અમારે તો દીકરી આપીને દીકરો લેવાનો છે બેટા.'

'તમે નિરાશ થાવ એવું કશું હું નહિ કરું.' મૌલિકે બંને તરફ જોઇ માનપૂર્વક કહ્યું.

'ઘણું જીવો બેટા,' શેઠ અને શેઠાણી લગભગ સાથે જ બોલી ઊઠ્યાં અને શેઠાણી તો આનંદમાં હસતાં હસતાં ઊભા થઇ અંદર જાતાં જતાં મોટથી બોલ્યાં :

'અલ્પા, ક્યાં ગઇ બેટા? બહુ વાર થઇને.'

નાસ્તાની વ્યસ્થા માટે અંદર ગયેલી અલ્પા જાણી જોઇને અંદર વધુ રકાઇ હતી કે જેથી આવી અગત્યની અને ગંભીર વાતની ચર્ચા પોતાની ગેરહાજરીમાં વધુ સારી રીતે થઇ શકે. આ વાત એનાં માતાપિતા પણ વગર કહે સમજતાં હતાં. એટલે ખરેખર તો વાતચીત પૂરી થઇ અને સૌને માટે સંતોષ અને આનંદના સમાચાર હતા એમ સુચવવા જ શેઠાણી અલ્પાને સંબોધતાં આનંદથી અંદર ગયાં હતાં.

અલ્પા આવીને બહાર બેઠી. થોડી જ વારમાં પેંડા ભરેલી ડીશ લઇને પાર્વતી શેઠાણી બહાર આવ્યાં. એમનો હર્ષ છૂપો રહે તેમ નહોતો. સ્મિત વેરતાં, માથાનો છેડો ઠીક કરતાં એ બોલ્યાં :



'લો, પહેલાં સૌ મોં મીઠાં કરો.'

'કેમ, મહેમાનને માત્ર પેંડા ખવડાવીને જ પટાવવના છે?' શેઠે ગમ્મતમાં પૂછ્યું.

'આ તો શુકન કરાવું છું.' શેઠાણી બોલ્યાં : 'તમે ય શું?'

'અને પેંડા કાંઇ પટાવવા જેવી સસ્તી કે સામાન્ય ચીજ નથી, બાપુજી.' અલ્પાએ મજાક કરી. એમ કહેતાં કહેતાં એ નીચી નજરે મૌલિક સામે જોઇ અર્થભૂર્યું હસતી હતી. જાણે પૂછતી હતી : 'કેમ, બરાબરને?'

અલ્પાની વાતથી સૌ હસતાં હતાં ત્યાં જ મેવા-મીઠાઇની, ડ્રાય ફ્રુટસની તાજાં ફળોની અને ફરસાણની દરેક માટે ચાર ચાર પ્રકારની ડીશો સાથે ત્રણ નોકરોએ પ્રવેશ કર્યો. બધું ડાઇનીંગ ટેબલ પર ગોઠવાયું અને શેઠાણીના સૂચનથી બધાં ત્યાં ગયાં.

'જમણમાં આથી વિશેષ શું હોય?' ખુરશી પર બેસતાં શેઠાણી તરફ જોઇ, છતાં અલ્પાને કહેતો હોય તેમ મૌલિક બોલ્યો.

શેઠાણી જવાબની ગૂંચવણમાં હતાં, પણ ત્યાં જ અલ્પાએ કહ્યું:

'એ તો જમીએ ત્યારે જ ખબર પડે ને?'

આ જવાબથી મોલિકને મૌન જ ધરવું પડે તેમ હતું.

પણ શેઠે વાત આગળ ચલાવતાં કહ્યું : 'તોહવે એક દિવસ પણ દૂર રાખવાની શી જરૂર છે, બેટા?'

શેઠે અલ્પાને કહ્યું કે મૌલિકને એની તો કોઇને ખબર ન પડી. પણ શેઠાણી શેઠ તરફ જોઇ બોલ્યાં :

'આપણે એક દિવસ મૌલિકભાઇનાં માતાને મળી આવવું પડશે.'

'બરાબર છે. આવા કામમાં વડીલોની સંમતિ પહેલી જોઇએ.' શેઠ બોલ્યા : 'આપણે જલદી સારો દિવસ જોવડાવી જઇ આવીશું તારા વે...વા...ણ પાસે.'

વાક્યનો ઉત્તરાર્ધ સાંભળી સૌ હસી પડ્યાં. આ ઉંમરે પણ રામદાસ શેઠ આનંદી અને રમૂજી સ્વભાવથી મૌલિકને નવાઈ લાગી અને ખુશી પણ થઈ.

ખૂબ આગ્રહપૂર્વક શેઠ-શેઠાણીએ મૌલિકને નાસ્તો કરાવ્યો. પછી નોકરો છ ગ્લાસ ભરીને 'મીલ્ક-શેઈક' લાવ્યા. તાજાં ફળોના રસમિશ્રિત દૂધની આ બનાવટ ખરેખર સ્વાદિષ્ટ હતી. મહેમાનને આગ્રહપૂર્વક બે ગ્લાસ પાવામાં આવ્યા. આમ દોઢ-બે કલાક આનદમાં વિતાવી મૌલિકે જવાની રજા માગી ત્યારે રામદાસ શેઠે ડ્રાઈવરને ગાડી કાઢવા કહ્યું. મૌલિકે કહ્યું :

'ગાડીની શી જરૂર છે? હું બસથી જતો રહીશ.'

'પણ ગાડીનો આથી વધુ સારો ઉપયોગ શો હોઇ શકે?' કહી રામદાસ શેઠે ગાડીમાં જ જવાનો આગ્રહ કર્યો.

ત્યારે વળી પાર્વતી શેઠાણીએ નવું જ સૂચન કરતા અલ્પાને કહ્યું :

'બેટા, ગાડી જાય છે ત્યારે તું પણ જઈને મૂકી આવને મહેમાનને.'

અલ્પાને માતાનું સૂચન ઘણું ગમ્યું. પણ વિવેક ખાતર પોતાના ગમાને દબાવી એણે આશ્ચર્ય દર્શાવી પૂછ્યું :

'હું?'

'હા બેટા.' રામદાસ શેઠે પણ પત્નીના સૂચનને આવકારતાં કહ્યું : 'અતિથિ તો દેવ કહેવાય. એમને વળાવવા જવું એ ધર્મ છે આપણો.'

'અરે આ બધું શા માટે?' મૌલિકે સંકોચ અનુભવતા કહ્યું : 'મારે કોઈના સાથનું શું કામ છે?'

'કેમ, તમે એકલા રેહવા ચાહો છો?' જરા ધીરેથી અલ્પાએ કહ્યું.

'અરે બેટા, સાથ માટે તો આ બધી માથાકૂટ છે.' રામદાસ શેઠે કહ્યું ને બધાં ઊઠતાં ઊઠતાં હસી પડ્યાં. શેઠે ફરીથી પોતાના રમૂજ સ્વભાવનો પરિચય આપ્યો.

મૌલિકની ઘણી 'ના' છતાં શેઠ-શેઠાણી મોટર સુધી વળાવવાં ગયાં. મોટર સ્ટમર્ટ થઈ અને સહેજ ચાલી એટલે અલ્પાએ ડ્રાઈવરને કહ્યું : 'લૉ ગાર્ડન'



'લૉ ગાર્ડન!' આશ્ચર્ય પામતાં મૌલિકે મજાકમાં કહ્યું : 'અરે, હું ત્યાં નથી રહેતો.'

'માટે જ તો ત્યાં જવાનું છે.' મરકતી અલ્પા બોલી.

'એટલે?'

'એટલે કે મારે ઘેરથી તારે ઘેર અને તારે ઘેરથી મારે ઘેર નો જ 'હાઈ-વે' રાખીશું કે વચ્ચે વચ્ચે ક્યારેક સાઈડ ટ્રેક કરી ઈન્ટીરીયરમાં પણ જઈશું?' અલ્પાએ 'હાઈ-વે' શબ્દનો પ્રતીકાત્મક ઉપયોગ કર્યો. વાતને આ રીતે રજૂ કરવાની એની કળાથી મૌલિક મલક્યો અને બોલ્યો :

'મને લાગે છે કે 'હાઈ-વે'ની મુસાફરીમાં જોખમ ઓછું.'

'ના. 'હાઈ-વે' પર થાય છે એટલા અકસ્માત ભાગ્યે જ બીજે થતા હશે. એટલે વચ્ચે વચ્ચે ગાડી જરા સાઈડમાં લઈ આરામ કરી લેવો સારો. એથી નવો ગ્રામ્ય પ્રદેશ પણ જોવા મળે અને આરામ તથા નવીનતાથી પ્રવાસ પણ રોચક બને.' અલ્પાએ જીવન સફરની સાચી રીતનો ખ્યાલ આપ્યો હસતાં હસતાં.

'તારી પાસે તો સફરની ચોક્કસ દૃષ્ટિ છે' જરા નવાઈ પામતાં મૌલિકે કહ્યું.

'તારી પાસે નથી એમ હું નથી માનતી.' પોતાનાં વખાણ ન ગમતાં હોય તેમ અલ્પા બોલી : 'પણ હું બોલીનાખું છું ને તું...' આટલું કહેતાં અલ્પાએ એવી તીરછી નજરે મૌલિક સામે જોયું કે બંનેએ બાકીની વાત એ નજરો દ્વારા જ કરી લીધી. એટલે અલ્પાએ ઉમેર્યું : 'વકીલ થવાનો છે ને એટલે ઓછું બોલે છે ને વધુ સાંભળે છે, કેમ?'

'તું બોલે છે ત્યારે એમ થાય છે અલ્પા.' ભાવવાહી સ્વરે મૌલિક બોલ્યો : 'કે સાંભળ્યા જ કરું, બસ સાંભળ્યા જ કરું. પછી બોલીને તને મૌન શા માટે કરું?'

'તે અમને તારું મૌન ગમે છે એમ ના માનીશ.' ઠપકો આપતી હોય એમ અલ્પા બોલી : 'અને હું કાંઈ સારી શ્રોતા નથી એમ નહિ, સમજ્યો?'

'હા સમજ્યો.' બાળકની જેમ માથું હલાવી મૌલિક બોલ્યો.

'શું સમજ્યો? બોલ જોઉં?'

'કે 'લૉ ગાર્ડન'આવી ગયો.' ધીમી પડતી ગાડીમાં તાલ પુરાવતાં મૌલિકે કહ્યું.

બંને 'લૉ ગાર્ડન'માં ગયાં. પેટ તો ભરેલું હતું. કોઇને કશું જ ખાવની રુચિ નહોતી. એટલે ખાણી-પીણીમાં પડેલાં અન્ય જુવાનિયાંઓથી દૂર જરા એકાંત શોધી બંને જણ લોન પર જઇને બેઠાં.

'અલ્પા, કેટલા બધા તારા છે આકાશમાં!' લોન પર લંબાવતાં મૌલિક બોલ્યો.

'એક જ!' અલ્પાએ ધારણાથી જુદો જવાબ આપ્યો.

'હેં! એક જ! આ આકાશમાં તને એક જ તારો દેખાય છે?' બંને હાથની કોણીના ટેકે અર્ધા બેઠા થઇ જતાં મૌલિકે પૂછ્યું.

'હા, મને તો એક જ તારો દેખાય છે મારા આકાશમાં.' હાથમાંના ફૂલને રમાડતી, જાણી જોઇને જરા બેપરવાઇ બતાવતી અલ્પા બોલી.

'તારા આકાશમાં એટલે?' મૌલિકે જરા ચીડાવવાનો દેખાવ કરીને પૂછ્યું : 'શું તારું આકાશ કાંઇ જુદું છે?'

'જી,' ડોકું જરા ગર્વભેર હલાવી અલ્પા જમણો હાથ પોતાની છાતી પર મૂકતાં બોલી : 'આ રહ્યુ મારું આકાશ-હ્રદયાકાશ. અને ત્યાં એક જ તારો છે. સમજ્યો?'

'સમજ્યો.' હસી પડતો મૌલિક પાછો આડો પડતાં બોલ્યો : 'ખીલવા માટે એ આકાશ પામનાર તારો પણ ધન્ય છે.'

'પોતાના નસીબનાં વખાણ ના કર. નહિતો આકાશના દેવો ય અદેખા હોય છે હોં.' અલ્પાએ ચેતવણી આપી.

'મને પણ એ જ ડર છે અલ્પા.' અર્ધોત્થ થઇ અલ્પાનો હાથ પકડી લેતાં મૌલિક ચિંતાભર્યા સ્વરે બોલ્યો : 'આપણો પ્રેમપંથ આટલો બધો સ્વાભાવિક અને સરળ રહ્યો છે, કુટુંબીઓની કે અન્ય કોઇની દખલ વિનાનો



નિર્વિઘ્ન રહ્યો છે કે જેથી મને ડર લાગે છે. દેવો અદેખા છે કે નહિ એની તો મને ખબર નથી, પણ પ્રેમીઓનો માર્ગ હંમેશાં કંટકભર્યો જ રહ્યો છે.'

'માટે જ એક વાર મેં લખ્યું હતું મૌલિક...' કાંઇક યાદ કરતી હોય તેમ અલ્પા આકાશ તરફ તાકી રહી.

'શું અ...લ્પા?' ધીરેથી મૌલિકે પૂછ્યું.

'અંતર એક જેનાં પ્રભુ, તે દૂર શાને સદા રહે?
'મિલન આ દેહો તણું, શું પ્રેમને હાનિ કરે?'

પોતાની લખેલી કાવ્યપંક્તિ અલ્પા ગંભીર બનીને બોલી-જાણે અત્યારે ભગવાન પાસે જવાબ માગતી હોય તેમ!

થોડી વાર બન્ને ગંભીર બની ગયાં, આનંદ કરવા આવ્યાં હતાં ને ગમગીન બની ગયાં! આ ગમગીની ખાસ કરીને મૌલિકની ઉદાસી અલ્પાને સાલી. ગંભીરતાને હળવાશમાં ફેરવી નાખવાનો મોટો ગુણ અલ્પામાં હતો. તરત તે બોલી :

'જાણે હું ખોવાઇ ગઇ હોઉં તેમ આમ ગમગીન કેમ થઇ ગયો છે?' અને એણે મૌલિકને પોતાની પાસે ખેંચ્યો-હિંમત આપવા. આસપાસ પણ જરા દૂર અનેક જવાન જોડીઓ ખાતી-પીતી આનંદ કરતી હતી. તેમની તરફ આંગળી ચિંધી અલ્પા બોલી :

'જો ને બધાં કેવાં આનંદ કરે છે?'

'એમને ખબર નહિ હોય અલ્પા,' મૌલિક ગંભીરપણે જ બોલ્યો : 'પણ મને ખબર છે કે એમનો આ આનંદ અલ્પ જીવી છે. તું માને છે કે આમાંનાં કોઇ **made for each-other** હશે?'

'કુદરતની લીલા અકળ છે મૌલિક, ન ધારેલું બને છે ને ધારેલું બગડે છે.'

'માટે જ તો...'

'આપણે ડરવાની કોઇ જરૂર નથી મૌલિક, શ્રદ્ધામાં મોટી શક્તિ છે.'

'આપણે અશ્રદ્ધાળુ તો નથી જ અલ્પા.'

'માટે જ મને શાંતિ છે. અને સાથે તને એક વિનંતી પણ.'

'હવે વિનંતીની વેળા પૂરી થઈ અલ્પા, તારે તો હક્કથી માગણી જ કરવાની હોય હવે મારી પાસે.'

'જે ગણે તે. પણ કાલે સવારે થોડો સમય કાઢવો પડશે.'

'કાંઇ કાર્યક્રમ? હજી મારે પરીક્ષા આપવાની છે હોં!'

'અને મારે નથી આપવાની? પણ તું કહીશ તો ય પછી તારા અભ્યાસમાં ખલેલ પડે એવું હું નહિ કરું.'

'બોલ બોલ અલ્પા,' ખુશ થતો મૈલિક બોલ્યો : 'તું કહે તો મરવું ય મીઠું લાગે.'

છણકો કરી હાથમાંનું ફૂલ છૂટું મારતાં અલ્પાએ અવળી ફરીને ઊભી રહેતાં કહ્યું : 'નથી બોલવું જા. ગમે તેમ બક્યા કરે છે તે.'

'રીસાઇ ગઇ?' અલ્પાને ખભે હાથ મૂકતાં મૌલિકે કહ્યું : 'નહિ બોલું હવે એવું બસ?' અને નીચે પડેલું ફૂલ ઉપાડી એણે અલ્પાના વાળમાં ખોસ્યું. હજી ય અલ્પા અવળું જોઇને જ બેસી રહી. ત્યારે મૌલિકે કહ્યું :

'હવે તો બોલ.' જાણે નાના બાળકની કાકલુદી!

અલ્પાએ તરત એનો હાથ પકડી લીધો ને પ્રેમથી ધમકાવતાં કહ્યું :

'તો પછી તારી જાત માટે ગમે તેમ કેમ બોલે છે?'

'કહ્યું ને નહિ બોલું? હવે ચલ કાલનો કાર્યક્રમ કહે.'

'અલિસબ્રિજ પેલા છેડે, વિક્ટોરિયા ગાર્ડનની લાઇનમાં સાબરમતીને કિનારે મહાલક્ષ્મી માતાનું મંદિર છે.'

'બરાબર.'

'ત્યાં કાલે સવારે આપણે દર્શન કરવા જવાનું છે.'

'બાધા છે?'

'બાધા તો નહિ, પણ મારી શ્રદ્ધા છે, મારાં બા-બાપુજીને પણ મહાલક્ષ્મીજીમાં અસીમ શ્રદ્ધા છે.'



'જરૂર જઈશું.'

'તો ગાડી લેવા મોકલું?'

'વાતવાતમાં ગાડી મોકલીને તમે મને પાંગળો બનાવી દેશો. હું તો મારી મેળે બસમાં આવીશ.'

'સમય બગાડવાની શી જરૂર છે?' અલ્પાએ કહ્યું : 'સાધન છે એનો ઉપયોગ થશે.' અને જવાબની રાહ જોયા વિના જ કહી દીધું : 'કાલે સવારે નવ વાગે ગાડી આવશે. તૈયાર હોઇશ ને?'

'અલ્પાની સેવામાં' કહેતા મૌલિકે એક હળવી ટપલી મારી એના ગાલમાં. ત્યારે હસતી અલ્પાએ એનો હાથ ચૂમી લેતાં પૂછ્યું :

'વાગ્યું તો નથી ને!'

જવાબમાં મૌલિકે માથું હલાવી ના પાડી : 'ઉંહું'

'ચાલ, હવે જઈશું?'

'હા.'

અને અરધા કલાકના એ ઉદ્યાન-મિલનનાં અનેક સંભારણાં હૈયામાં સંઘરી બંને પ્રેમી પાછાં વળ્યાં ત્યારે રાતરાણીની મહેકથી વાતાવરણ સભર હતું.

દરવાજા પાસે આવી મૌલિકે બે 'કોન' લીધા.

'બે નહિ, ત્રણ.' અલ્પાએ કહ્યું.

'સૉરી,' ત્રીજો 'કોન' લેતાં મૌલિકે કહ્યું : 'મને ડ્રાઈવરનો ખ્યાલ ન રહ્યો.'

પછી મૌલિકને એના ઘર પાસે ગાડીમાંથી ઉતારતાં મીઠાઈનું એક પેકેટ આપતાં અલ્પાએ કહ્યું :

'આ બા માટે.'

'જા, ગાંડી, હું નથી લઈ જતો.'

'હું આપવા આવત પણ...' સહેજ અટકી અલ્પાએ કહ્યું : 'પ્લીઝ.'

અને અલ્પાના મુખભાવ જોઈ મૌલિક ના ન પાડી શક્યો. પેકેટ સાથે અલ્પાએ અત્તરનું પૂમડું પણ આપ્યું.

'કાલે સાવરે...'

'નવ વાગે.' અત્તરની સુગંધ લેતાં મૌલિક બોલ્યો.

'બાય.'

'ચીઅર યુ.'

અને ગાડી ઊપડી. એ અદૃશ્ય થઈ ત્યાં સુધી મૌલિક એને ઊભો ઊભો જોઈ રહ્યો અને પછી હાથમાંના પેકેટ તરફ જોઈ શરમાતો સ્મિત કરતો ઘર તરફ વળ્યો.

અંતરમાં આજે આનંદ હતો. દાદરનાં પગથિયાં ચડતાં આજે એને લાગતું હતું જાણે સફળતાનાં એક એક શિખર એ સર કરતો હતો. જે નહોતું માગ્યું તે એને મળ્યું હતું. અને જે મળ્યું હતું તે એવું હતું જે હવે અનિવાર્ય લાગતું હતું મૌલિકને.

તો વળી ગાડીમાં ઘેર પાછી ફરતી અલ્પાનું અંતર મોટરની ગતિ સાથે કૂચ કરતું કરતું ગાતું હતું :

'આજની ઘડી રળિયામણી રે...'

હો જી મારો વ્હાલો આવ્યાની વધામણી રે.

માણસને ખુશ કરવાનું ભગવાન માટે કેટલું બધું સહેલું છે? થોડું આપે જ એ રાજી રાજી થઈ જાય છે! પણ ક્યારેક એ કંજૂસ ભગવાન થોડું ય નથી આપી શકતો! જો કે આજે અલ્પા માટે તો એ ઉદાર બન્યો હતો. માટે જ તો ઘરમાં પ્રવેશતી વેળાએ મનમાં 'વ્હાલો આવ્યાની વધામણી' ગાતી હતી!

✦ ✦ ✦ ✦ ✦

અનુક્રમ

## ૧૨ : સાબરમતીની સાખે

રાત્રે મૌલિક ઘેર પહોંચ્યો ત્યારે સવિતા એની રાહ જોતાં જ બેઠાં હતાં. હાથમાં પેકેટ લઈને જરા શરમાતો એ ઘરમાં પેઠો ત્યારે માતાએ સ્વાભાવિકતાથી જ પૂછ્યું :

'શું લાવ્યો બેટા?'

'ખબર નથી બા,' માતા સામે પેકેટ ધરી મૌલિક બોલ્યો : 'લો.'

'તું લાવ્યો ને તને ખબર નથી!' આશ્ચર્ય પામતાં માતા હાથમાં પેકેટ લેતાં બોલ્યાં : 'અરે, આ તો મીઠાઈ લાગે છે! કોણે આપ્યું આ?'

'તે દિવસે પેલી છોકરી આવી હતી ને બા?' કહી જરા અટકી મૌલિકે ઉમેર્યું : 'તે...ણે'

'છોકરી? કઈ છોકરી?'

'પે...લી, તે દિવસે... મને તાવ આવ્યો ત્યા...રે...' જરા મૂંઝાયેલો મૌલિક માતા સમજી જાય એમ ઈચ્છતો હતો અને સવિતા ખરેખર સમજી જતાં વચ્ચે જ બોલ્યાં પણ ખરાં :

'કોણ? અલ્પા?'

'હા બા, એ જ, અ...લ્પા, એણે આ પેકેટ આપ્યું છે.' માતા સાથે લાડ કરતો હોય એમ મૌલિક બોલ્યો : 'કહેતી હતી, બા માટે!'

'ત્યારે એમ કહેને,' મરમમાં મલકાતાં મલકાતાં માતા બોલ્યાં : 'આજે ત્યાં ગયો હતો?'

'હા બા,' હોંશથી પેકેટ ખોલતાં માતાને મૌલિકે કહ્યું : 'એના પિતાએ બોલાવ્યો હતો.'

'એમ વાત છે ત્યારે! મારાથી છાની છાની ગોઠવણ કરવા માંડ્યો છે એમ કહેને.' સવિતા એ રીતે કહેતાં હતાં કે અજાણ્યો ય સમજી જાય કે તેમને આ ગમતું હતું.

અને વાત સાચી હતી. મૌલિક તો હમણાં પરણવાનીજ ના કહેતો હતો. જ્યારે પોતાની નાદુરસ્ત તબિયતને કારણે સવિતા ઓછામાં ઓછું એટલું તો ઇચ્છતાં જ હતાં કે મૌલિક કોઇ છોકરી પસંદ કરી લે અને એના વિવાહ નક્કી થઇ જાય તો લગ્ન કદાચ પોતાની હયાતીમાં ન થાય તો ય પોતાના વ્હાલા પુત્રની ભાવિ પત્નીને જોયાનું સુખ અને એને કારણે શાંતિ તો મળે. અરે, એમની તો એવી ય ગણતરી હતી કે હવે તો કુંવારે માંડવે છોકરીઓ સાસરે ક્યાં નથી જતી-આવતી? એટલે સગાઇ થઇ જાય તો છોકરીને પોતાની પાસે બોલાવી દીકરાની બધી ટેવો, ખાસીયતોથી વાકેફ કરી પોતાની જવાબદારી હવે પૂરી થઇ જણાવી શાણી વહુના હાથમાં પુત્રને સોંપવાની પણ સવિતાની ઇચ્છા હતી, એટલે આજે જ્યારે મૌલિકનું અલ્પા સાથે ગોઠવાય છે એવું જાણ્યું ત્યારે એમના આનંદનો પાર નહોતો. જો કે એ આનંદને છૂપો રાખી પુત્રને પ્રેમથી ઠપકો દેવાની તક પણ એમને ચૂકવી નહોતી. તો ય ચતુર મૌલિક તો સમજતો જ હતો કે, 'બા ગમે તે કહે, હું કોઇ પણ છોકરી પસંદ કરી લઉં તો એમને આનંદ જ થાય. વળી અલ્પા તો એમને ઘણી ગમતી હતી એમ એમણે એકથી વધુ વખત કહી પોતે એને પસંદ કરી લે એમ પરોક્ષ રીતે સૂચવ્યું ય હતું. એટલે અત્યાર વાણીમાં ઠપકો ને આંખોમાં આનંદ સાથે મીઠાઇનું પૅકેટ એ તોડતાં હતાં ત્યારે એ કેટલાં ખુશ હતાં તે મૌલિક જોઇ-સમજી શકતો હતો, એટલે માથી છાનીમાની ગોઠવણની વાત સવિતાએ કહી ત્યારે એ બોલ્યો :

'બા, તારાથી કશું ય છાનું હું કરું?' એક બાળકની જેમ મૌલિકે એટલા બધા નિર્દોષ ભાવે માતાને આ પ્રશ્ન પૂછ્યો કે પુત્રવત્સલ સવિતા એને ચીઢવવા ખાતર પણ બીજું ન બોલી શક્યાં! એમણે ખૂબ વ્હાલથી કહ્યું :

'ના બેટા.'

'તો કેમ તું એમ કહે છે?' મોટો થયા બાદ મૌલિક સામાન્ય રીતે માતાને તુંકારતો નહિ. 'તમે' જ કહેતો. પણ જ્યારે માતા સાથે વહાલથી વાત



કરતો હોય ત્યારે એ બાળક બની જતો. અને 'તું' જ કહેતો, એટલે અત્યાર પણ એણે એ જ ભાવથી એ જ ભાષામાં માતાને પૂછ્યું.

'એ તો જરા અમસ્થું,' સવિતા બોલ્યાં : 'લે, આ મીઠાઇ ખા.'

'મેં તો બહુ ખાધું છે.' પેટ પર હાથ ફેરવતાં મૌલિક બોલ્યો, 'તું ખા બા.'

'ભલે, કાલે ખાજે. પણ અત્યારે લે આ પેંડો ખા મારા હાથે.'

મૌલિકે બાળકની જેમ મુખ ખોલ્યું અને માતાએ એક પેંડો તેમાં મૂકી દીધો.

'હવે તમે બધી જાતની મીઠાઇ ખાવ બા.' પેંડો ખાતો મૌલિક બોલ્યો.

'કાલે સાથે ખાઇશું.' સવિતા બોલ્યાં ત્યારે મૌલિકે હાથમાં એક પેંડો લઇ માતા તરફ ધર્યો, જે સવિતાએ મોં ખોલી સ્વીકારી લીધો.

'બા, એનાં માતા-પિતા તમને મળવા આવવાનાં છે.'

'ભલે આવે બેટા, ક્યારે આવવાનાં છે?'

'સારું મુહુર્ત જોઇને આવવાનું કહેતાં હતાં.'

'વ્યવહારકુશળ લાગે છે,' હરખાતાં સવિતાં બોલ્યાં : 'પણ બેટા, એ કોણ છે? શું ધંધો કરે છે. વગેરે કાંઇ કહે તો ખરો.'

પછી જમતાં જમતાં અલ્પાના કુટુંબ વિષે દીકરાએ માતાને ટૂંકમાં બધી વાતો કહી.

'જાતે વાણિયા છે... અલ્પા એમની એકની એક દીકરી છે, મોટા વેપારી છે... એલિસબ્રિજ વિસ્તારમાં જૂની જાહોજલાલીની યાદ અપાવતી મોટી હવેલી છે... અલ્પાનાં માતા-પિતા બંને હવે ઉંમરે પહોંચ્યાં હોઇ દીકરીને પરણાવી ધંધાની જવાબદારી પણ જમાઇને સોંપવા ઉત્સુક છે...' વગેરે વાતો મૌલિકે જણાવી. અલબત્ત, ઘણી વાતો તો માતાના પ્રશ્નોના ઉત્તર રૂપે જ એને કહેવી પડી. સવિતાએ આનંદથી બધી વાતો સાંભળી. પણ એમના મોંમાંથી અંતે નીકળી પડ્યું :

'અરેરે, બિચારીને ભાઈ નથી!'

સવિતાના 'અરેરે' શબ્દમાં એક સ્ત્રીના હૃદયનો લાગણીભર્યો સાચો ઉદ્‌ગાર હતો. 'ભાઈ નથી તો બધી મિલકત લઈને આવશે' એવો સ્વાર્થી વિચાર તો સવિતા જેવી સંસ્કારી અને સહૃદયી સ્ત્રીના મનમાં ક્યારેય ન આવે.

'બા, પણ એમણે તો મન સાથે સમાધાન સાધી લીધું છે.' માતાનો પ્રત્યાઘાત જોઈ મૌલિક બોલ્યો : માટે જ તો અલ્પાનાં માતા કહેતાં હતાં : 'અમારે તો દીકરી આપીને દીકરો લેવાનો છે.'

'એમને સ્વાભાવિક જ એમ થાય બેટા!' સવિતાએ સમભાવથી કહ્યું :'અલ્પા મારી દીકરી થઈને રહેશે. અને તું એમનો દીકરો.'

'અને તારો?' લાડમાં મૌલિકે પૂછ્યું.

'મારો તો હૃદયનો ટુકડો બેટા.' વ્હાલભરી માતાએ કહ્યું. મૌલિક ત્યારે મનોમન 'દેવલોકની દેવી' જેવી આ માતાને વંદી રહ્યો.

સવારે સાત વાગે તો એ નિત્ય નિયમ પ્રમાણે તૈયાર થઈ ગયો હતો. પછી વાંચવા બેઠો. ચિત્ત ચકડોળે ચડે એવા આનંદ અને રોમાંચના આ દિવસોમાંય મૌલિક અભ્યાસને બાજુએ મૂકતો નહોતો. એણે તો અલ્પાને ય એક વાર કહ્યું હતું : 'જોજે, અભ્યાસને ય ભૂલી જાય એવી ઘેલી ન થઈ જાય.' ત્યારે અલ્પાએ પડઘો પાડ્યો હતાઃ

'તું આમ કહે છે એટલે મને શાંતિ છે. કારણ કે આવી ચિંતા મને તારા માટે હતી. મારી તો ઠીક, પણ તારી કેરીયરનો સવાલ છે. તું હંમેશાં ફર્સ્ટ ક્લાસ લાવે છે, આ વખતે તો બી.એ.નું છેલ્લું વર્ષ છે, એટલે ફર્સ્ટ આવવો જોઈએ. તું નહિ તો જાણે છે શું થાય?'

'શું થાય?' મૌલિકે આંખો કાઢતાં પૂછ્યું હતું પણ ત્યારે આંખમાંથી પ્રેમ નીતરતો હતો.

'મારા પ્રેમને બટ્ટો લાગે,' કહેતી અલ્પાએ સહેજ અટકી નીચા મુખે, ઝીણી આંખો કરી ઉમેર્યું : 'સમજ્યો?'



એ અદાથી ઘાયલ થયેલા મૌલિકે મન પર કાબૂ રાખી સહેજ હસી લીધું હતું. બાકી ઉભરો તો એવો આવ્યો હતો કે જાણે એને પોતાના બાહુમાં જકડી લે. પણ સંયમી મૌલિકે એ ઊર્મિને દબાવી સહેજ વારે બાળક જેમ માથું હલાવતાં કહ્યું હતું :

'સમજ્યો. અને વચન આપું છું અલ્પા કે તારા પ્રેમને બટ્ટો લાગે એવું કશું હું ક્યારેય નહિ કરું.'

'મને ખાતરી છે મૌલિક, મારી જાત કરતાં ય તારા વિષે મને દરેક બાબતની વધુ ખાતરી છે.' કહેતી અલ્પાએ આભારવશતાથી મન ભરાઈ આવતાં મંદ અવાજે ઉમેર્યું હતું : 'જેણે તારા જેવો જીવનસાથી આપ્યો એ પ્રભુનો હું કેટલો પાડ માનું!'

આવી અલ્પાના પ્રેમમાં રત છતાં મૌલિકનું મન અભ્યાસથી વિમુખ નહોતું થયું. નવ વાગે પોતાને લેવા મોટર આવાની છે એ તો એને યાદ હતું જ. એ તૈયાર થઈને જ વાંચવા બેઠો હતો કે જેથી મોટર આવે કે તરત જ જવાય, પણ ત્યાં સુધી એક ધ્યાનથી વાંચ્યું. બરાબર નવ વાગે હોર્ન વાગ્યું. બહાર નીકળી એણે જોયું તો અલ્પાની મોટર હતી. હવે તો ડ્રાઈવર પણ એને ઓળખતો હતો. એણે ઊંચું જોયું ને મૌલિકે હાથના ઈશારે 'આવું છું' કહ્યું.

'અલ્પાની મોટર છે?' સવિતાએ હરખાતાં પૂછ્યું.

'હા, બા, મંદિરે જવાનું છે.' મૌલિકે જરા સંકોચથી કહ્યું.

'અલ્પા પણ આવી છે?' માતાએ કહ્યું : 'હોય તો બોલાવને ઉપર. કૉફી પીને જાય.'

'ના બા, નથી આવી. આવી હોય તો એ તમને મળવા આવ્યા વગર રહે જ નહિ.' મૌલિકે અલ્પાનો વિવેક જણાવતાં કહ્યું : 'કદાચ મારે જ...'

'ભલે બેટા, ભલે.' ભલાં સવિતા બોલ્યાં : 'તમે જેમ ગોઠવ્યું હોય તેમ જાવ. પણ એક વાર એને શાંતિથી મારી પાસે બેસવા જરૂર લઈ આવજે બેટા. હવે તો એને જોવાનું વિશેષ મન રહે છે.'

'જરૂર આવશે બા, આવશે જ ને.' કહેતો મૌલિક હસતો હસતો દાદર ઊતર્યો. હરખાતાં સવિતા અગાશીમાં નીકળી એને મોટરમાં બેસતો જોઈ રહ્યાં. પછી અંદર આવી ભગવાન શ્રી રામ અને એની બાજુમાં જ ગોઠવેલા પોતાના પતિના ફોટાઓને વંદન કરી આંખના ખૂણા એમણે સાફ કર્યા, પણ સ્મિત કરતાં કરતાં! હર્ષનાં આંસુ ય એક રીતે તો અત્યારે સુધી સંઘરી રાખેલા દુ:ખની જ કથા કહેતાં હોય છે!

ગઈકાલે અલ્પાથી છૂટા પડ્યા પછી મોલિકને પોતાની ભૂલ સમજાઇ હતી. મહાલક્ષ્મીજીના મંદિરે જવા ક્યાં મળવાનું છે એ તેને પૂછવાનું મૌલિક ભૂલી ગયો હતો. એટલે મોટર ચાલ્યા પછી એણે ડ્રાઈવરને પૂછ્યું :

'ક્યાં જવાનું છે આપણે?'

'સાહેબ, બહેને આપને ઘેર લઇ આવવાનું કહ્યું છે.' ડ્રાઈવર પણ હવે મૌલિકને સારી રીતે ઓળખતો હતો. અરે, એને ભવિષ્યનો પોનો શેઠ માનતો હતો. એટલે એના તરફ ખૂબ માનની નજરે જોતો હતો. જો કે આધેડ ઉંમરનો એ માણસ શેઠનો જૂનો અને વિશ્વાસપાત્ર ડ્રાઈવર હતો અને અલ્પા એને માનથી હિંમતકાકા જ કહેતી.

ગાડી ઘેર પહોંચી ત્યારે અલ્પા તૈયાર થઈને છજામાં ઊભી ઊભી રાહ જ જોતી હતી. વચ્ચે સેંથો પાડી હોળેલા કાળા ભમ્મર વાળની નાનકડી લટ એના ડાબા કાન પાસે ઊડતી હતી, પાતળી અણિયારી ભ્રમરો નીચે ભાવભીની મોટી આંખો વાદળમાંના ચંદ્રની જેમ શોભતી હતી, મોટા કપાળમાં લીલી કિનારીવાળો લાલ ચાંલ્લો ઉષા સમયે આકાશના ખોળામાં રમતા લાલ સૂર્યની યાદ આપતો હતો, ઘાટીલા નાકમાં કડીવાળું નાનું સફેદ નંગ કમલ-પત્ર પર પડેલા ઝાકળ બિંદુ જેમ મલકતું હતું. બંને કાનમાં નાનકડી ઘંટડીના આકારનાં મોતી લટકતાં સુવર્ણ કુંડલ-હળવે હળવે હાલી જાણે કોઈકને ઈજન દેતાં હતાં, લાંબી ડોકમાં પહોળાં ચકતાંવાળો મીનાકારી હાર પોતાનું મહત્ત્વ જાણતો હોય તેમ ગૌરવભરી સ્થિરતાથી સુંદર ડોકને શોભાવી પોતે ય શોભતો હતો, ગોળ આકારના ગળાવાળા જરા લુઝ બ્લાઉઝમાંથી ડોકાવા મથતા યૌવનને સફેદ પોતના લાલ લીલા રંગની ડિઝાઈનવાળી કિમતી ઓઢણીએ મર્યાદામાં રાખ્યું હતું, જમા હાથની બે



આંગળીઓ પર એક નંગની અને એક મીનાની નાજુક મુદ્રાઓ પોતાની હસ્તીની નોંધ લેવા સૂચવતી હતી, ડાબા હાથની તર્જની પર આછા ભુરા ચોરસ નંગની વિંટી લાંબી આંગળીઓની નજાકત વધારતી હતી, 'તમે તે તમે ને હું તે હું' એમ આંગળીઓને જાણે કહેતો હોય તેમ બંને હાથના અંગૂઠાઓના નખને લાલ રંગે રંગ્યા હતા, મોટા ઘેરવાળો કિંમતી ચણીયો સફેદ ટીલડીઓથી એવો શોભતો હતો જાણે અજવાળી રાતનું આકાશ! અને એ આકાશનો ચાંદ એટલે અલ્પાનું મુખ. લિપસ્ટીકની આછી લાલીથી ઓપતા મરકતા હોઠવાળી આવી લાવણ્યમયી લલનાને ઝરુખે ઊભી રહી કોઈની પ્રતીક્ષા કરતી તમે જુઓ તો ય ધન્ય બની જાવ! તો પછી એ તમારા જ ઇંતેજારમાં હોય તો તો પૂછવું જ શું?

મોટરમાંથી ઊતરી ઉપર નજર કરતાં જ એણે અલ્પાને જોઇ ત્યારે કેટલો આનંદ થયો હશે મૌલિકને? અને અલ્પા! ચંદ્રદર્શને પોયણું પ્રફુલ્લિત બને એમ એનું અંગેઅંગ હસી ઊઠ્યું! ક્ષણભર બંને સ્થિર થઇ એકબીજાને જોઇ રહ્યાં, પણ એ ક્ષણમાં તો બંનેનાં મન વીજળી વેગે ક્યાંનાં ક્યાંય ફરી આવ્યાં! પીંગળા માટે તડપતો ભરથરી, દમયંતી કાજે વ્યાકુળ નળરાજા ને વન વન સીતાને શોધતા વ્યથિત રામ અલ્પાને યાદ આવ્યા મૌલિકની એ નજરના ભાવ જોઇને! તો મૌલિકને પણ ઝરુખે અલ્પાની આંખોમાં દેખાઇ પતિ માટે વનમાં વલવલતી વૈદર્ભી, અશોક વાટિકામાં રામ વિરહે વ્યાકુળ સીતા ને મહેશ્વરને પામવા અહર્નિશ તપ કરતી ઉમા! પ્રેમના પારાવારમાં ડૂબેલાં આ ઘેલાં પ્રેમીઓએ એકાદ ક્ષણમાં જ આ બધું અનુભવ્યું. પણ એ વાત બુદ્ધિગમ્ય નથી, હૃદયગમ્ય છે. પ્રોષિતભર્તૃકાની વાતો મોલિકે વાંચી હતી, આજે નજરોનજર એવી સ્ત્રીને જોઇ!

સહેજ વારે જાણે દાડમની કળીઓ વેરાઇને એમાંથી અવાજ નીકળ્યો :

'આ...વ.'

અને કશા જ પ્રત્યાઘાતની રાહ જોયા વિના એ પાછી ફરી ને લગભગ દોડતી ઝડપથી દાદર ઊતરી નીચે આવી ને ઓટલાનાં પગથિયાં ઊતરતી એ બોલી :

'તમારા આવ્યાનો અણસાર લાગે છે,
ભર્યો ભર્યો આજ તો સંસાર લાગે છે!'

'એ...મ!'

'હા, આવ અંદર.'

'હવે ચાલને જઇએ,' મૌલિકે અલ્પા સામે તાકી રહેતાં કહ્યું ત્યારે એ એને અર્થનો કશો જ ખ્યાલ નહોતો, કારણકે એ તો મૂઢ, જેમ એને તાકી રહી એની સાથે પગથિયાં પણ ચઢવા લાગ્યો હતો!

'જઇએ છીએ, ચા-પાણી તો કર.' અલ્પાએ કહ્યું.

'કાંઇ કરવું નથી.'

'આવ તો ખરો...'

અલ્પા સીધી એને ડાયનીંગ ટેબલ પર જ લઇ ગઇ.

'મહારાજ.' એણે બૂમ મારી.

'જી,' કહેતો રસોયો બહાર આવ્યો ન મહેમાનને આવેલા જોઇ સમજી ગયો અને અલ્પાના ઇશારે 'હાજી' કહી પાછો વળ્યો અને તરત જ એક ડીશમાં ગરમ ગરમ પૂરી ને શિખંડની વાટકી લઇને આવ્યો.

'આ શું?' કાંઇક અણગમાના ભાવથી મૌલિકે કહ્યું : 'હું કાંઇ જમવા આવ્યો છું?'

'આ જમણ નથી,' એની બાજુમાં બેસતાં અલ્પાએ કહ્યું : 'જરા નાસ્તો, કોરેકોરું જ છે. મોડું થાય તો તને ભૂખ ન લાગે ને એટલે...' અને એમ કહેતાં અલ્પાએ એવી રીતે એની સામે જોયું કે મૌલિકનો અણગમો તો દૂર થઇ જ ગયો, ઉપરથી એણે પૂછ્યું : 'તું નહિ ખાય?'

'ખાઉં?' અલ્પાએ નાના બાળકના પ્રેમથી પૂછ્યું.

અને માત્ર માથુ હલાવી મૌલિકે હા પાડી. જાણે કહેતો હોય 'તું ખાય તો જ મને ભાવે ને?'



મહારાજ અલ્પા માટે પણ એવી જ ડીશો લાવ્યા. પછી ગરમ ગરમ ભજિયાંની બે પ્લેટ આવી. ટેબલ પર જુદી જુદી જાતનાં અથાણાંની બરણીઓનો સેટ પડ્યો હતો. અલ્પાએ બે ત્રણ જાતનાં અથાણાં મૌલિકની ડીશમાં મૂક્યાં. પછી બંનેએ પેટ ભરીને વાત કરતાં કરતાં પેટ ભર્યાં. અલ્પાએ પહેલી વાર આગ્રહપૂર્વક મૌલિકને જમાડ્યો.

'કેમ, આજે બા-બાપુજી નથી કે શું?' મૌલિકે વચમાં પૂછ્યું હતું.

'ના, બાપુજી પેઢી પર અને બા મંદિરે,' જવાબ આપતાં તીરછી નજર કરી અલ્પાએ ઉમેર્યું હતું : 'તમને મારે હવાલે સોંપીને.'

'એટલે તું મારા પર આટલો જુલમ કરે છે?'

'જુલમ?'

'નહિ તો શું? ખાવાની કોઇ હદ હોય કે નહિ?'

'એ હદ કેટલી છે તે પહેલી વાર પૂરો પ્રયોગ કર્યા વિના કેવી રીતે ખબર પડે મને?'

'પણ મને ખવરાવ્યું એનાથી અરધું ય તેં ખાધું છે? તું તો મારી સામે જ જોયા કરે છે?'

'એ પણ ખાવાની એક રીત છે. એનાથી મન ધરાય છે.'

'તો ધરાઇ ગઇને હવે?'

'ના, અનુભવે ઊલટું જ લાગ્યું.'

'એટલે?'

'આ તો જેમ ખાઇએ તેમ ભૂખ વધુ તેજ બને છે!'

'આ તો નવાઇ કહેવાય! એ કેવી ભૂખ?'

'એ તો પ્રેમની ભૂખ, ગાંડા,' કહેતી અલ્પાએ ત્યારે મૌલિકની વાટકીમાં એક ચમચો શિખંડ એવી રીતે નાખી દીધો કે મૌલિક જોતો જ રહી ગયો! એની સામે તાકી રહેતાં જ એ બોલ્યો :

'શું ધાર્યું છે તેં? મને...'

'ધરવી દેવો છે.' કશું અમંગળ મૌલિક બોલે એ પહેલાં જ અલ્પાએ કહ્યું.

'અને તારે ભૂખ્યા રહેવું છે?'

'મેં કહ્યું નહિ? મને ભાવતું હું ખાઉં છું.' આંખો પટપટાવતી અલ્પા બોલી.

'લુ...ચ્ચી!' કૃત્રિમ ગુસ્સાથી મૌલિક બોલ્યો : 'પણ આ શિખંડ બગડશે.'

'લે હું ખાવા લાગું,' કહી મૌલિકની વાટકીમાંથી શિખંડની ચમચી ભરી અલ્પા બોલી : 'બસ?'

ત્યારે અલ્પાના પ્રેમથી ધન્ય બની મૌલિક એની સામે જોઈ રહ્યો. બંનેની નજર મળી. ધીરેથી મૌલિક બોલ્યો :

'અ...લ્પા.'

ત્યારે આંખ ઉલાળી અલ્પાએ સ્મિત સાથે કહ્યું : 'ખા છાનો માનો, લુચ્ચા.'

'પણ તેં આ એંઠો શિખંડ ખાધો?' પ્રશ્ન દ્વારા મૌલિકે અલ્પાના પ્રેમને સાશ્ચર્ય પ્રશંસ્યો.

'એ એંઠું નથી,' પોતાને ધન્ય માનતી અલ્પા બોલી : 'પ્રેમભર્યો પ્રસાદ છે. મારા માટે તો. આજે...' એ અટકી. અન્યમનસ્ક શી સામેની ભીંત પરની ભગવાનની છબી સામે એ જોઈ રહી. જાણે એનો હૃદયપૂર્વક આભાર ન માનતી હોય!

'શું આજે, અલ્પા? અટકી કેમ ગઈ?'

'આજે હું ધન્ય બની પ્રભુ, આ સ્વાદ મને જીનવભર યાદ રહેશે.'કોણ જાણે કોને કહ્યું અલ્પાએ – પ્રભુને કે પ્રિયતમને!

થોડી વારે મહારાજે કહ્યું : 'બેનજી, ભાત-કઢી તૈયાર છે, લાવું?'



'હા, મહારાજ ચાખીએ થોડાં, કેમ?' પ્રશ્ન એણે મૌલિકને પૂછ્યો.

'છૂટકો છે?' છણકો કરતો મૌલિક બોલ્યો : 'હવે તો...'

અને એનો છણકો જોઈ અલ્પાએ એક સુંદર શેર સંભળાવ્યો :

'રીઝો તમે તો ત્રિલોકનું હું રાજ પામું,
રીસના છણકે ય તમારા, બસ પ્યાર જ પ્યાર લાગે છે!'

એવી મૃદુતાથી, મીઠાશથી અલ્પાએ પોાની લખેલી ગઝલનો આ શેર કહ્યો કે મૌલિક ખુશ ખુશ થઈ બોલી ઊઠ્યો : 'વાહ વાહ, દુબારા.'

'ફરી ક્યારેક,' હાથમાં વાટકો લેતાં મૌલિકને જોઈ અલ્પા બોલી : 'હમણાં આ કઢી પી.'

ખરેખર મૌલિકે ભાત ઓછો ખાધો, કઢી વધુ પીધી.

જમી રહ્યાં ત્યારે વગર કહે નોકરે પાન ધર્યું.

'હવે?' પાન મોંમાં મૂકતાં મૌલિકે પૂછ્યું : 'શી આજ્ઞા છે?'

'દેવીનાં દર્શને જવાની,' અલ્પાએ હાથ લૂછતાં કહ્યું.

'મને તો દર્શન થઈ જ ગયાં દેવીનાં.'

'એમ કે?' હસતી અલ્પા બોલી : 'હું તો માનતી હતી કે માત્ર મને જ મારા દેવનાં દર્શન થયાં છે.'

'ભગવાને કાંઈ બધી કલ્પનાશક્તિ માત્ર કવયિત્રીઓને જ નથી આપી દીધી, સમજી?'

'કદાચ મોટા ભાગની કલ્પનાશક્તિ ભગવાને વકિલોને જ આપી દીધી છે, જે સાચાનું ખોટું ને ખોટાનું સાચું કરી શકે.'

'દલીલ કરવામાં તો તું હોંશિયાર છું.'

'આખું જીવન જેને વકીલ સાથે કાઢવાનું હોય તેને માટે આટલું તો જરૂરી ખરું જ ને?'અલ્પાએ અત્યારથી જ પોતે મૌલિકની પત્ની થવાની છે એ રીતે વાત કરવા માંડી અને એમાં કશું ખોટું ય નહોતું. વાત પાકી જ હતી.

'તો હવે દેવદર્શન મુલતવી રાખ્યા?' મૌલિકે મૂળ વાત પર આવતા કહ્યું.

'અરે એમ કાંઇ હોય?' પાન ચાવતાં અલ્પા બોલી : 'દર્શન કાંઇ મુલતવી રખાય?'

'પણ આપણને બંનેને દર્શન તો થઇ ગયાં.'

'તને દેવીનાં દર્શન થયાં,મને દેવનાં દર્શન થયાં. તો......'

'તો હવે હું દેવનાં દર્શન કરું, ને તું દેવીનાં દર્શન કરે, એમ જ ને?' વચ્ચે જ મૌલિકે વાતનો દોર પકડતાં પુછ્યું.

'સારો વકીલ થઇશ. મારી અડધી જ વાતમાં સમજી ગયો.'

'હવે ઊઠીશું કે પછી એક બીજાનાં વખાણ જ કર્યા કરીશું?'

'ચાલ,' ઊભી થતાં અલ્પાએ કહ્યું : 'ગાડી તૈયાર છે.'

બંને ગાડીમાં બેઠા. અલ્પાએ સાથે શ્રીફળ અને પૂજાની વિવિધ સામગ્રી લીધાં હતાં.

'મહાલક્ષ્મીને મંદિર, એલિસબ્રિજ.' ડ્રાઇવરલે એણે કહ્યું.

'જી' કહેતાં ગાજી સ્ટાર્ટ થઇને થોડી વારમાં જ મંદિર પાસે આવીને ઊભી રહી.

'તમે ગાડી લઇને જાવ કાકા.' નીચે ઊતરી અલ્પાએ ડ્રાઇવરને કહ્યું.

'જી, ક્યારે લેવા આવું?' ડ્રાઇવરે વિનયથી પુછ્યું.

'જરૂર નથી. હું રિક્ષા કરીને આવી જઇશ.' અલ્પાએ કહ્યું.

'ભલે બેનજી.' કહી ડ્રાઇવરે ગાડી પાછી વાળી.

બધા જ નોકરો અલ્પાનું ખૂબ માન રાખતાં હતાં એ તો પ્રથમ પ્રસંગે મૌલિક જોઇ શક્યો હતો.



અલ્પાએ માથે ઓઢની ઓઢી ને પૂજાનો થાળ હાથમાં લઇ અંદર પ્રવેશી. મૌલિકે બુટ બહાર કાઢી એને અનુસર્યો. અલ્પાએ શ્રીફળ વધેરાવ્યું. પ્રસાદમાંથી ટુકડો મૌલિકને આપ્યો અને પોતેય ખાધો. મહાલક્ષ્મી આગળ એણે બદામ, કાજુ-દ્રાક્ષ વગેરે સુકો મેવો ભેટ ધર્યો, સાથે એકાવન રૂપિયાં મૂક્યાં અને સામે બેસી હાથ જોડી બંધ આંખોએ કેટલીવાર સુધી મનમાં કાંઇક પ્રાર્થના કરી. મૌલિકે ય દર્શન તો ખૂબ શ્રદ્ધાપૂર્વક કર્યા. પણ એની વિધિ તો બહુ જલ્દી પુરી થઇ ગઇ. બાકીનો સમય તો એ માનપુર્વક અલ્પાની શ્રદ્ધાને ને ભક્તિને જોઇ રહ્યો. મંદિરમાં એ સમયે બીજા દર્શનાર્થીઓની ઓછી અવરજવર હતી, એટલે દર્શન એ શાંતિથી કરી શક્યાં. થોડી વારે અલ્પાએ માથું નમાવી પ્રાર્થનાની પૂર્ણાહૂતિ કરી. આંખો ખોલી એણે ડાબી બાજુ જોયું. કેટલા ભાવથી મૌલિક એની તરફ જોઇ રહ્યો હતો! એણે શરમાઇને મીઠું સ્મિત કર્યું. મૌલિકે સંતોષનો શ્વાસ લીધો.

પુજારીને અલ્પાએ કહ્યું : 'મહારાજ, આ થાળી રહેવા દો, ફરી ક્યારેક લઇ જવાશે.'

'ભલે બહેન,' મહારાજે કહ્યું ને પુછ્યું : 'બાની તબિયત સારી છે ને?'

'હા મહારાજ, ઠીક છે.'

મૌલિકે જોયું કે પુજારી અલ્પાને ઓળખતા હતા, એટલું જ નહી, એને માટે ખૂબ માન હતું એમને.

'પૈસાનો બધે જ પ્રભાવ પડે છે'— મૌલિકના મનમાં એક વિચાર ઝબકી ગયો. પણ અલ્પાનો પ્રભાવ પડે, એને માન મળે એ મૌલિકને મન આનંદની જ વાત હતી.

બંને બહાર આવ્યાં.

'હવે?'અલ્પાએ પુછ્યું.

'આ સાબરને કિનારે જઇશું?' મૌલિકે પ્રશ્ન દ્વારા ઉત્તર આપ્યો.

'જરૂર,' કહેતી અલ્પા આગળ ચાલી ને ઢાળ ઉતરવા લાગી.

થોડી વાર બંને મૌન રાખીને ચાલ્યાં. પછી એનો ભંગ કરતાં અલ્પાએ કહ્યું :

'મૌલિક!'

'હં અ,' તંદ્રામાંથી જાગતો હોય એમ એ બોલ્યો.

'દર્શન કર્યાં માતાજીનાં?'

'હાં, કર્યાં જ ને? કેમ એમ પૂછે છે? હું અશ્રદ્ધાળુ નથી, હોં?'

'શું માગ્યું દેવી પાસે?'

'મેં? મેં તો...મેં તો ભગવાન પાસે અલ્પા માગી.' એક ભોળા બાળકની જેમ મૌલિકે કહ્યું. અને અલ્પા ખડખડાટ હસી પડી.

'કેમ હસે છે? કાંઇ ભૂલ કરી મેં માંગવામાં?'

'અરે ગાંડા,' હસતી હસતી અલ્પા બોલી : 'અલ્પા તો તને મળી જ ગઇ છે ને.'

'અલ્પા, તું હોંશિયાર છે જ . પણ ભોળી ય છે.'

'કેમ એમ લાગ્યું?'

**'There is much a silpu Between a cup and the lip'** 'અલ્પા, હોઠ અને પ્યાલા વચ્ચે ઘણું અંતર છે.'

'એટલે?' સચિંત થઇ અલ્પાએ પૂછ્યું. રેતીમાં ડગ ભરતી એ અટકી ગઇ. ત્યારે પાછળ ચાલતા મૌલિકે એનો હાથ પકડી એને પોતાની સાથે ચલાવતાં કહ્યું :

'અલ્પા, હોઠે આવેલા પ્યાલા ઘણીવાર ઝૂંટવાઇ નથી જતાં?'

'તને હજી ય આવી શંકા કેમ થયા કરે છે મૌલિક?'

'શંકા કાંઇ તારી પર થોડી જ થાય છે, અલ્પા? આ જગતના લોકો પર, એમના વ્યવહાર અને વિચાર પર થાય છે શંકા.'



'તને ભગવાનમાં શ્રદ્ધા નથી?' ઊભી રહી ગયેલી અલ્પાએ મૌલિકની સામે જોઇને પૂછ્યું.

'છે,' અલ્પાનો હાથ ખેંચી ચાલતા મૌલિકે આકાશ તરફ જોઇને કહ્યું : 'પણ ભગવાનને ય ક્યારેક સ્નેહીજનો કરતાં વિઘ્નસંતોષીઓને સાથ દેતો જોયો છે. માટે જ મેં માતા મહાલક્ષ્મી પાસે માગ્યું કે 'હે માં, હું તારી પાસે બીજું કશું જ માગવા નથી આવ્યો. બીજું બધું તો હું મેળવી લઇશ, અથવા બીજું કશું નહિ હોય તોય ચાલશે મારે. પણ મા, જો આપે તો મને સ્નેહભરી મારી અલ્પાનો સદાયનો સાથ આપજે. કારણ, એના વિના મારું જીવન એકડા વગરના મીંડા જેવું થઇ જશે....' જાણે દેવી સાથે વાતો કરતો હોય તેમ મૌલિક બોલી ગયો. એનો પોતાને માટેનો પ્રેમ જોઇ અલ્પાને સાનંદ આશ્ચર્ય થયું. એ એની સામે જોઇ જ રહી—પ્રેમથી, અહોભાવથી!

મૌલિકે એની સામે જોયું. બંનેની આંખો મળી. સાબરના એ વિશાળ રેતી—પટમાં ત્યારે ખાસ કોઇ વસ્તી નહોતી. ગાય—ભેંસ જેવા કોઇ પ્રાણી દૂર ધીમે ડગે ફરતાં હતાં કે આકાશમાં કોઇ પક્ષી આ પ્રેમી યુગલને જોઇ ખુશ થઇ એમને ખલેલ ન પાડવા દૂર ઊડી જતું હતું. હા, દૂર દેખાતા એલિસબ્રિજ પર મોટર, સ્કુટર કે સાઇકલ પર એકબીજાથી આગળ નીકળવાની હરીફાઇ કરતાં અમદાવાદીઓ દોડાદોડી કરતાં હતાં ખરાં. એ લોકો તો આમે ય પોતાના સ્વાર્થ સિવાય પોતાની સામે ઊભેલાંનીય ક્યાં નોંધ લેતાં હોય છે તે દૂર ઊભેલાં આ સ્નેહીઓ તરફ નજર ફેંકવાની ય કૃપા કરે!

સાબરના પટમાં ઊભેલાં, એકબીજાને અર્પિત થયેલાં, આ નિષ્કપટ સાચાં પ્રેમીઓને કોઇ જોતું નહોતું એ ય સારું હતું. બાકી, નજરે ચઢેલાં ક્યાં પ્રેમીઓને આ જગતના લોકો જતાં કરે છે? એકબીજાના હાથમાં હાથ રાખી, આંખોમાં આંખ પરોવી પરસ્પરમાં તન્મય આ યુગલ પર કોઇની દ્રષ્ટિ પડે તો નજર લાગે જ! મહાત્મા ગાંધીજીએ એના તટે આશ્રમ સ્થાપ્યો ત્યાર પછી કદાચ પહેલી વાર સાબરનો આ પટ આજે પાવન થયો હતો—બે સાચાં પ્રેમીઓના પદાર્પણથી!

સાબર! શુદ્ધ દિલનાં, પવિત્ર બે યુવાન હૈયાં વાત કહેવા અને તારી સાક્ષીએ પ્રતિજ્ઞાબદ્ધ થવા અત્યારે તારી પાસે આવ્યાં છે. એમને 'ભવનાં ભેરું' બનવાના આશીર્વાદ આપવા જેટલી શક્તિ છે તારી? તો દે આશિષ એમને. આવાં પ્રેમીઓ ભાગ્યે જ જોવા મળશે. અને આવી સારી તકો કાંઇ રોજ રોજ નથી આવતી. પુણ્યશાળી ધરતીમાં જ અલ્પા ને મૌલિક જેવાં પવિત્ર પ્રેમીઓ પાકે! કેવાં સમાધિસ્થ—અવસ્થામાં એ ઊભાં છે સાબર, તારા પટમાં! સાચા પ્રેમ વિના આવી સમાધિ સંભવે ખરી? તારા વરદાનથી એમને જાગૃત કર સાબરમતી!

જાણે સાબરનો સંદેશો લઇને આવ્યું હોય એમ એના પાણીમાં ચાંચ બોળી એક પક્ષી પાછું ફર્યું અને એમના માથા પરથી ઊડ્યું. એના ટરરર ટરરર અવાજથી અલ્પા—મૌલિક સભાન થયાં. બંને ઊંચે જોઇ મીઠું હસ્યાં ને આગળ ચાલ્યાં.

'પણ અલ્પા,' મૌલિકે વાતનો દોર પકડતાં કહ્યું : 'તેં શું માગ્યું મહાલક્ષ્મીજી પાસે એ તો તેં કહ્યું જ નહિ.'

'તેં ક્યારે પૂછ્યું ને મેં કહ્યું નહિ?' અલ્પા ફરી મનની સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત કરતાં બોલી. ગંભીર વાતાવરણને હળવું કરી નાખવાની અલ્પામાં આગવી શક્તિ હતી.

'સહદેવ જેવું છે કે શું તારે?' મૌલિકે મજાક કરતાં કહ્યું : 'પૂછે તો જ કહેવું?'

'કેટલીક વાતો પૂછે તો જ કહેવાય એવી હોય છે,સમજ્યો?' મૌલિકને બરડે ધીમો ધબ્બો મારતાં અલ્પા બોલી.

'એમ?' મૌલિકે બરડે હાથ ફેરવતાં કહ્યું.

'હા,' મૌલિકનો હાથ પકડી, એને ઝુલાવતી ચાલતી અલ્પા બોલી : 'અને કેટલીક વાતો પૂછે તોય ન કહેવાય એવી પણ હોય છે.'

'આ વાત કેવી છે? પૂછે ત્યારે કહેવાય એવી કે પૂછે તોય ન કહેવાય એવી?' એકદમ ઊભો રહી જતાં મૌલિકે પૂછ્યું.



'વગર પૂછે જ સમજી જવાય એવી.' એનો હાથ ખેંચતી અલ્પા બોલી.

'કેવી લુચ્ચી છે,' નાના બાળકની રીસથી મૌલિકે કહ્યું : 'મને પૂછી લીધું ને પોતે હવે પોતાની વાત કહેતી નથી.' અને એ રિસાઇને ત્યાં જ ઊભો રહી ગયો. અલ્પા જાણી જોઇને મરમમાં હસતી આઠ દસ પગલાં આગળ ગઇ. પણ મૌલિક હજી ય ત્યાં જ ઊભો હતો. થોડાંક ડગલાં દૂર જઇ એ ઊભી રહી. પછી જરા મોટેથી પૂછ્યું :

'માતાજી પાસે મેં શું માગ્યું એ જાણવું છે તારે?'

માથું હલાવી મૌલિકે હા પાડી.

'એક શરતે કહું.'

મૌલિકે હાથને ઈશારે જ પૂછ્યું : 'કઇ શરત?'

'મને પકડી પાડ તો કહું.' કહેતી અલ્પા નદીની વહેતી ધારા તરફ દોડવા માટે સાવધાન થઇ. રખે મૌલિક ઓચિંતો છાપો મારે!

પણ મૌલિક કોઇને અસાવધ રાખી હુમલો કરે એવો નહોતો. એણે હાથને ઈશારે અલ્પાને દોડવા સૂચવ્યું. બંને દોડ્યાં. સાબરની રેતીના ઢગમાં દોડવાનું તો શું, ચાલવાનું ય સરળ નહોતું. અલ્પા માટે તો એ વિશેષ કઠિન હતું. એટલે વહેલા ચાલવા જેવી જ એ દોડ હતી. હસતી, હાંફતી, પાછળ જોતી અલ્પા ઝડપથી ચાલી આગળ જવા કરતી હતી. પાછળ એનાથી વધુ ગતિએ મૌલિક 'દોડીને કેટલેક જઇશ?' કહેતો આવતો હતો. બંને વચ્ચેનું અંતર ધીરે ધીરે ઓછું થતું હતું. પણ સાબરના વહેતા પાણીની નજીક પહોંચતાં જરા ભેજવાળી નક્કર રેતીનો પટ આવ્યો, એટલે ત્યાં દોડતાં સારું ફાવ્યું. પણ એનો લાભ મૌલિકને વિશેષ મળ્યો. ખૂબ ઝડપથી દોડતાં આવી એણે અલ્પાની ઓઢણીનો ઊડતો છેડો પાછળથી પકડી લીધો. અલ્પા ખચકાઇ ને ઊભી રહી ગઇ. બીજો છેડો પોતાને હાથે પકડી એણે એની નજીક સરકતાં કાવ્યની ભાષામાં કહ્યું :

પ્રીતમ છોડોને પાલવ અમારો

આ તો ના સુજનની રીત.....

પણ અલ્પાના આશ્ચર્ય વચ્ચે એને પોતાની નજીક ખેંચતાં મૌલિકે એ જ ભાષામાં જવાબ વાળ્યો :

ગોરી લઈ લો ને ઓઢણ તમારાં

પાછી દઈને અમારી પ્રીત.....

અને 'વાહ વાહ' કહેતી અલ્પા ઉછળી પડી. આવેશમાં આવી એણે સૌ પ્રથમવાર મૌલિકના ગાલે ચુંબન ચોડી દીધું ને કહ્યું : 'ક્યા બાત કહી કવિરાજ!' આવું પ્રેમભર્યું દીર્ઘ ચુંબન અલ્પાએ કોઇને પહેલી વાર કર્યું!

'છી...ઇ...ઇ...ત!' નાકે આંગળી મૂકી સીસકારા બોલાવતાં મૌલિકે કહ્યું : 'હું કવિ નથી. મને કવિ કહી તું કવિઓનું અપમાન ન કરતી. આ તો જરા ઉત્સાહમાં જોડકણું થઇ ગયું.'

પણ અલ્પા તો એટલી બધી ખુશ થઇ ગઇ હતી કે એણે મૌલિકને બીજા ગાલે પણ ચુંબન કરી લીધું ને કહ્યું : 'બહોત ખૂબ.'

'અલ્પા,' જાણે સાવધ કરતો હોય એમ મૌલિકે પૂછ્યું : 'ડર નથી લાગતો કોઇ જોઇ જાય એનો?

'અહીં કોણ જોનાર છે?'જરા ક્ષોભ પામી શાંત થઇ જતી અલ્પાએ કહેવા ખાતર કહ્યું : 'અને જોવાનું ય શું છે અહીં? આપણે ક્યાં કશું પાપ કરીએ છીએ?'

'છતાં મર્યાદા આપણે સમજી લેવી જોઇએ, અલ્પા.' મૌલિકે વ્યવહારુ વાત કરી : 'આપણે હજી કુંવારાં છીએ.'

'તું હોઇશ કુંવારો,' નદીના પાણીમાં પગ પલાળતી અલ્પા બોલી : 'હું તો...'

'પરણી ગઇ?'

'હા,?'



'કોની સાથે?'

'એક છોકરા સાથે.'

'નામે?'

'મૌલિક,' હાથથી પાણી ઉડાડતી અલ્પા નીચું જોઇને જાણે શરમાઇને બોલી.

'પણ ક્યારે? મેં તો...'

'હમણાં જ, આ સાબરની સાખે.' નદી તરફ હાથ કરી અલ્પાએ કહ્યું :

'સાબરની સાખે સાજન
સોગન સાથે લઇએ રે,
ભવો ભવનાં ભેરુ આપણ
ભવ ભવ ભેગાં રહીએ રે'

'સાબરની સાખે?' અલ્પાનો હાથ પકડી લેતાં મૌલિકે પૂછ્યું : 'સાચું કહે છે અલ્પા?'

'તને શક છે ગાંડા!' અલ્પાએ પ્રેમપ્રચુર પ્રશ્ન કર્યો. જેના જવાબમાં એના માથે ઓઢણી ઓઢાડતાં મૌલિકે શિર ધૂણાવતાં કહ્યું : 'ના, નથી.'

ત્યારે નવોઢા શી દીપતી અલ્પા શરમાઇને નીચું જોઇ ગઇ. તેની હડપચી પકડી મોં ઊંચું કરી મૌલિકે કહ્યું :

'મારો પ્રશ્ન-માતાજી પાસે શું માગ્યું-તો હજી અનુત્તર જ રહ્યો હોં અલ્પા.'

'હજી ઉત્તર નથી મળ્યો તને?!'

ત્યારે એની આંખોના ભાવ વાંચતાં માલિકે કહ્યું :

'મળી ગયો. મારા પ્રશ્નનો ઉત્તર મળી ગયો અલ્પા!'

અને કમળદેવે જાણે બત્રીસ પાંખડીઓ ખોલી હોય તેમ અલ્પા ખીલખીલાટ કરતી હસી પડી ને બોલી : 'સાવ ભોળો,' અને હસતાં હસતાં

જ પૂછ્યું, 'મેં કહ્યું મૌલિક ને કે કેટલીક વાતો વગર પૂછે જ સમજી જવાય અવી હોય છે?'

'કહ્યું હતુંને,' સંમત થતાં મૌલિક બોલ્યો : 'માટે તો હું વગર પૂછે જ સમજી ગયો અલ્પા.'

પછી શિયાળાની સવારના ચઢતા સૂર્યની વેળાના સાબરના હૂંફાળા છીછરા જળમાં ઉઘાડે પગે આંટા મારતાં મારતાં કોણ જાણે એમણે શી ય વાતો કરી! અલબત્ત, એ બધી વાતો પ્રેમભીની હતી એનું સાક્ષી સાબરનું વેહતું જલ હતું.

વચ્ચે મૌલિક એના સ્વભાવ પ્રમાણે વિચારે ચઢી શાંત પડી ગયો ત્યારે અલ્પાએ પૂછ્યું :

'શું વિચાર કરે છે?' અલ્પાનો પગ ત્યારે પોતે બનાવતી હતી એ રેતીના દહેરામાં હતો.

પોતાના દહેરાને સમારોત મૌલિક એકદમ એની પાસે જઈને બેસી જતાં બોલ્યો :

'અલ્પા, આ અને પેલો – બંને કિનારા એક જ નદીના છે ને?'

'હાસ્તો,' દહેરાને થાપ દેતી અલ્પા બોલી : 'કેવો બાળક જેવો પ્રશ્ન કરે છે!'

કુદરતને ખોળે તો બહુધા પ્રૌઢો ય બાળક જ બની જતાં હશે. નહિ તો આટલી ઉંમરે આ બે કૉલેજીયનો રેતીના દહેરાં બનાવે ખરાં? જો કે અલ્પાને મૌલિકનો પ્રશ્ન બાળક જેવો લાગ્યો, પણ પોતાની રમત બાળક જેવી ન લાગી! બાળકો ય પોતાની રમતની દુનિયાને સાચી જ ગણતાં હોય છે!

'હું છું જ બાળક-બુદ્ધિનો અલ્પા,' એના દહેરાને ટીપવા લાગતાં મૌલિકે કહ્યું : 'એટલે મને બીજો પણ એક વિચાર આવે છે.'

'શો વિચાર આવે છે વળી પાછો?' દહેરામાંથી ધીરેથી પગ બહાર કાઢતી અલ્પાએ પૂછ્યું.



'કે આ એક જ નદીના બંને કિનારામિલન માટે કેવા મજબૂર હોય છે! બિચારા સદાય એકબીજાથી દૂર.'

'હં, બરાબર છે.' પોતાના દહેરાને છેલ્લો સ્પર્શ આપતી અલ્પા બોલી. પણ એણે દહેરું બરાબર છે એમ કહ્યું કે મૌલિકની વાત બરાબર છે એમ કહ્યું, એ સ્પષ્ટ નહોતું. પણ એવી શંકા વ્યક્ત કરનાર ત્યાં ત્રીજું કોઈ હાજર નહોતું એ સારું હતું.

'તો અલ્પા,' ગભરાયેલા બાળક જેમ અલ્પાનો હાથ પકડી લેતો મૌલિક બોલ્યો : 'મારી વાત તો સાંભળ.'

અલ્પાએ હવે જ દહેરામાંથી ચિત્ત ખસેડી મૌલિકની વાત તરફ ધ્યાન આપતાં કહ્યું : 'શું છે? કેમ પાછો આમ ગંભીર બની ગયો?'

'અલ્પા મને એમ થાય છે કે એક જ નદીના આ બે કિનારા જેમ મિલન માટે મજબૂર છે, જેમ એક બીજાથી સદા દૂર છે તેમ...'

મૌલિક અટકી ગયો. એની નજર દૂર ક્ષિતિજમાં જડાઈ ગઈ. કોઈ ગૂઢ ભાવિ જાણે એ જોઈ રહ્યો.

'તેમ શું મૌલિક?' એનો હાથ જોરથી પકડી અલ્પા પણ જાણે ભયભીત સ્વરે પૂછી રહી : 'તેમ શું?'

'તેમ એક જ જીવનનાં બે પાસાં જેવાં આપણે મિલન માટે મજબૂર બની એકબીજાથી સદાય દૂર તો નહિ રહીએ ને અલ્પા?' આમ પૂછતાં પૂછતાં તો મૌલિકની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં!

પ્રેમની પ્રગાઢતા કેવી કેવી શંકાઓ જન્માવે છે!

'એમ ન બોલ મૌલિક, પોતાના પાલવથી પ્રેમીનાં આંસુ લૂછતી રુંધાયેલા ગળે અલ્પા બોલી : 'જો આ સામે પુલ દેખાય છેને? બંને કિનારાને એ કેવો જોડે છે? જુદા ભલે રહ્યા, પણ આ સેતુ બંનેને સાંકળીને એમનો સંબંધ સાચવે છે. તેમ આપણી વચ્ચે પણ સ્નેહનો સેતુ તો છે જ ને?' આટલું બોલતાં બોલતાં તો અલ્પાની આંખ પણ રેલાઈ ગઈ!'

'એટલે શું આપણે કાયમ આવાં વિયોગી રહી પ્રેમના માધ્યમ દ્વારા જ જીવીશું અલ્પા?' અલ્પાનું મુખ પોતાના બંને હાથમાં લઈ મૌલિક પૂછી રહ્યો.

'ના, મૌલિક મારા, ના.' બાળકની જેમ એને હૃદય સરસો ચાંપતી અલ્પા બોલી : 'આપણી ઉપર તો માતાજીની કૃપા છે. જોતો નથી કશા ય વિઘ્ન વિના એણે આપણને એક કરી દીધાં. આપણાં લગ્ન એ તો હવે માત્ર ઔપચારિક વિધિ જ છે. બાકી એ થઈ જ ગયાં છે ને?'

'આ વ્યવહારડાહ્યા જગતમાં ઔપચારિકતા જ અગત્યની વસ્તુ છે અલ્પા,' મૌલિકે વાસ્તવિકતા સમજાવતાં કહ્યું : 'દુનિયાની નજરે લગ્ન દિલનાં દાનથી નથી થતાં ચોરીના ચાર ફેરા ફરવાથી થાય છે.'

'તો એય પતાવી નાખીશું આપણે.' — મૌલિકને આશ્વાસન આપતી હોય તેમ અલ્પા બોલી.

'ક્યારે? આ વર્ષે જ ને?' મૌલિકનો પ્રશ્ન સૂચવતો હતો કે એને લગ્નની ઘણી ઉતાવળ હતી. થોડા દિવસ પહેલાં જે માતા કે ભાઈ-ભાભીને લગ્ન તો શું, હમણાં પોતાના વિવાહ માટે પણ વિચાર ન કરવા કહેતો હતો એ યુવાન અત્યારે લગ્ન માટે આટલો ઉતાવળો બન્યો હતો!

'ડીયો!' મૌલિકના ગાલ પરનાં સુકાવા આવેલાં આંસુ લૂછતી, ડાબા હાથનો અંગૂઠો એને બતાવતી સ્મિત કરતી અલ્પા બોલી : ' તું વકીલ થઈ જાય પછી સ્તો. નહિ તો તારો અભ્યાસ બગડે તો આપણો પ્રેમ લજવાય.'

અલ્પા ખરખર ઈચ્છતી હતી કે પોતાને કારણે મૌલિકની ફર્સ્ટ ક્લાસ કેરીયરને વાંધો ન આવવો જોઈએ.

'અલ્પા, તું મારા જીવનમાં ન આવી હોત તો હું જીવનભર પરણવાનું નામ ન લેત.' અલ્પાના હાથ પર હાથ ફેરવતાં મૌલિક બોલ્યો : 'પણ હવે તું કહે છે એટલી ધીરજ રાખવાનું શક્ય નથી મારા માટે.'

'જોઈશું,' બાળકને રમકડાં માટે આશા આપતી હોય તેમ હસતી અલ્પા બોલી : 'વિચારીને યોગ્ય કરીશું.'



પછી ઊઠીને એણે મૌલિકનાં બૂટ-મોજાં એની પાસે લાવીને મૂકતાં કહ્યું : 'લે, આ પહેરી લે.'

મૌલિકે યંત્રવત્ એ પહેર્યાં એટલે અલ્પા બોલી :

'ચાલ હવે ઘેર જઈશું ને?' અને ઘડિયાળ તરફ જોઈ ઉમેર્યું : 'બે કાંટા ભેગા થયા.'

'ત્યારે આપણે જુદા પડવાનું?' લાચારીભર્યા અવાજે મૌલિકે પૂછ્યું.

'એમ કોણે કહ્યું?' પટાવતી હોય એમ અલ્પાા બોલી : 'ચાલને મારી સાથે ઘેર.'

'ઘેર તો તું આવે ને? તારે જ મારે ઘેર આવવું પડે ને?' મૌલિકે સ્વાભાવિક પ્રક્રિયા જણાવી.

'ગાંડા, તારે ઘેર મારે આવવાની વાર છે.' માતા બાળકને સમજાવતી હોય તેમ અલ્પા બોલી : 'થો...ઓ...ઓ...ડીક વાર, સમજ્યો?'

સ્ત્રી ગમે તે ઉંમરે ને સ્વરૂપે માતા તો છે જ. કોઈને સમજાવતી વેળા એ માતાની રીતે જ જાણે અજાણે પણ વાત કરે છે.

'ઠીક છે.' ઊભો થઈ કપડાં ખંખેરતો મૌલિક બોલ્યો : 'થોડી વાર હોય કે ઘણી, ધીરજપૂર્વક વિતાવે જ છૂટકો.'

'લે પકડ જોઈએ મને.' કહી કપડાં ખંખેરતાં મૌલિકને ટપલી મારી અલ્પા ઘર તરફ જવા દોડી. નિરાશ થયેલા મૌલિકને મૂડમાં લાવવાનો એનો આ પ્રયત્ન હતો.

'કેટલેક જઈશ.' કહી મોલિક પણ એની પાછળ દોડ્યો. પણ માંડ દસ-બાર ડગ દોડી હશે ત્યાં જ અલ્પા એકાએક અટકી ગઈ. ઝડપથી દોડતી કારને ઓચિંતી બ્રેક લાગે તેમ! અને એના મુખમાંથી 'હાય રામ!' જેવો ચિત્કાર નીકળી ગયો!

'શું થયું અલ્પા?' પાછળથી એના બે ખભા પકડી લેતાં મૌલિકે પૂછ્યું.

નિરાશ થયેલી અલ્પાએ પોતાના પગ નીચેની રેતી તરફ આંગળી ચિંધતાં કહ્યું :

'તારું ઘર-આ દહેરું- મારાથી તૂટી ગયું મૌલિક.'

'ઓ...હો,' વાતને હળવી ગણી કાઢતાં મૌલીક બોલ્યો, 'અરે, આ તો રેતીનું ઘર છે, તારાથી નહિ તો બીજા કોઈથી કે આ રીતે નહિ તો બીજી કોઈ રીતે એ તો તૂટવાનું જ હતું ને? અને અલ્પા, મારું ઘર તૂટી ગયું, પણ આ તારું ઘર તો હજી છે ને? હું એમાં રહેવા આવી જઈશ.' અલ્પાનું રેતીનું ઘર પાંચ-સાત કદમ પર અફાટ નદીપટમાં એકલું ઊભું હતું.

'સાચે જ?' પોતાના ખભા પરના મૌલિકના હાથને સ્પર્શ કરતાં અલ્પાએ નીચા ઢળેલા મુખની આંખો મૌલિક તરફ ઊંચી કરી પૂછ્યું. એનો જવાબ અલ્પાનો હાથ દબાવી ચાલવાનું શરૂ કરતા મૌલિકે માત્ર માથું હલાવી સ્મિત કરીને આપ્યો.

પણ પોતાને હાથે મૌલિકનું ઘર – દહેરું – તૂટી ગયું એથી અલ્પાનો મુડ જરૂર માર્યો ગયો. કોઈ અદશ્ય ભય એના હૃદયમાં પેસી ગયો. 'મૌલિકનું ઘર મારાથી તૂટ્યું એનો શો અર્થ? શું એ કશાક ભાવિનો સંકેત કરે છે?' આવા વિચારોમાં ડૂબેલી તે ગણી ગણીને રેતીમાં પગલાં ભરતી હીત. પણ એની આ વિચાર-તંદ્રા, એનું આ મૌન મૌલિક માટે અસહ્ય હતું. આ મૌનનું કારણ પોતે જાણતો હતો. એટલે અલ્પાને ખુશ કરવા મૌલિકે પોતાના ગજવામાંથી રોકડો રૂપિયો કાઢી અલ્પાને બતાવતાં પૂછ્યું :

'શું છે આ?'

'રૂપિયો વળી,' મોં મચકોડતી અલ્પા બોલી : 'એટલી ય અક્કલ નહિ હોય અમારામાં?'

'લે શોધી કાઢ જોઈએ,' કહેતા મૌલિકે આગળ રેતીમાં દસેક ફૂટ દૂર એ રૂપિયો ફેંક્યો. અને પોતે આગળ દોડી પણ ગયો. અલ્પા પણ પાછળ દોડી. પણ રેતીમાં આગળ ડગલાં ભરતા પગ પાછળ હઠતા હતા. એટલે ઝડપ કરવા જતાં નીચે પડી. પણ બે હાથ એણે રેતી પર ટેકવી દીધા. ત્યારે એ ચોપગા પ્રાણીની જેમ મૌલિક પાસે ચાર પગે ઊભી હતી અને રેતીમાં



લાંબા પગ કરી બેઠેલો મૌલિક નાના બાળકને પટાવતો હોય એમ હાથમાંનો રૂપિયો અલ્પાને બતાવી હસતો હતો. પણ એ વખતે ખભા પરથી ખસીને સાડીનો છેડો રેતી સાથે રમતો હતો એનો ખ્યાલ કૃત્રિમ ગુસ્સાથી મૌલિક તરફ તાકી રહેતી અલ્પાને નહોતો.

'મઝા પડીને તને?' હજી એ જ ચોપગી અવસ્થામાં ઊભેલી અલ્પાએ ઠપકો આપતી હોય તેમ મૌલિકને પૂછ્યું.

'હા, ઘણી જ.' હસતા મૌલિકે કહ્યું અને એના સ્વભાવથી વિરુદ્ધ મજાક કરવાનો વિચાર એના મનમાં ઝબકી ગયો.– અલ્પાના ચિત્તાકર્ષક પોઝને જોઈને સ્તો! અલ્પાએ ઘેર આપેલું અત્તરનું પૂમડું તેણે ઝડપથી કાનમાંથી કાઢ્યું અને નાની ગોળી બનાવી એને યૌવનની ચાડી ખાતા અલ્પાના વક્ષઃસ્થલ પર ફેંકી! અલ્પાને ત્યારે જ પોતાની સ્થિતિનું ભાન થયું અને એ ઝડપથી ઊભી થઈ ગઈ. સાડીનો છેડો ખભા પર સરખો કરતાં એ બોલી :

'લુ...ચ્ચા'

કેમ શું થયું? જાણે અજાણ્યો હોય એમ મૌલિકે પુછ્યું.

'શું જોતો હતો ચોરી છૂપીથી!'

'હું? હું તો ત...ને, આઈ મીન અલ્પાને જોતો હતો.'

'મને કે...?'

'કે શું?'

'કેવો લુચ્ચો છે તું!'

'લુચ્ચો હતો તો નહિ અલ્પા, પણ તને જોઈ ત્યારથી કદાચ થોડો થયો હોઈશ.'

અલ્પાના હાવભાવ કહેતા હતા કે અદર ખાને અને મૌલિકની આ લુચ્ચાઈ ગમતી હતી! પોતાના યૌવનને યુવાનો જુએ એવી ઈચ્છા યુવતીઓના હૃદયમાં ઊંડે ઊંડે રહેતી હશે. માટે જ તો નિત બદલાતી નવી નવી ફેશનોનાં

આટલાં નખરાં ચાલે છે! ગમે તેમ, અલ્પાને તો સાબરમતીના પટમાં મૌલિકે કરેલું પોાનું યૌવન દશર્ન ગમ્યું જ! કારણ કે એ પી બંને જણ એકબીજાને ખુશ જોઇ ખુશ થતાં થતાં રેતીના પટની બહર ગયાં.

પુલ પાસે જઇ બંને જણ એક રિક્ષામાં ગોઠવાયાં.

'પહેલાં...'

'તારે ત્યાં.' વચ્ચે જ મૌલિકને રોકી અલ્પા બોલી.

'મારે તને મૂકવા આવવું જોઇએ.'

'પાછા ફરતા મારે થોડું કામ છે એ પણ પતાવી શકીશ.' કહેતી અલ્પાએ રિક્ષાવાળાને રાયપુરની દિશા પણ સૂચવી દીધી.

રિક્ષા ઉપડી.

'હવે કોણ લુચ્ચું?' મૌલિકે પૂછ્યું.

'આપણે બંને.' મૌલિકનો હાથ પકડી એની આંખમાં આંખ પરોવી હસતી અલ્પા બોલી.

દોડતી રિક્ષામાં પરસ્પનું સ્પર્શસુખ અનુભવતાં આ બે પ્રેમીઓ મોટે ભાગે મૌન સેવવા છતાં એકબીજાને ઘણું કહેતાં હતાં એમની આંખો દ્વારા, એમના હોઠના સ્મિત દ્વારા અને છતાં બંનેના દિલમાં એક ધ્રાસ્કો હતો – હમણાં છૂટાં પડવું પડશે એવો. અને રિક્ષા થોડી જ વારે અટકતાં એ ધ્રાસ્કો સાચો પડ્યો – પડવાનો જ હતો. મૌલિકનું ઘર આવી ગયું.

'જાઉં ત્યારે?' મૌલિકે જાણે જવાનું ન ગમતું હોય એમ પૂછ્યું.

'આ પ્રસાદ બાને આપજે' જવાબમાં કોપરું ને માતાજીને ધરાવેલા સુકા મેવાનું પડીકું અલ્પાએ મૌલિકને આપતાં કહ્યું. 'જા' એમ તો એ કેમ કહી શકે?

'હવે પરીક્ષા નજીક આવી છે. અભ્યાસમાં ધ્યન આપજે હોં.' અલ્પાએ કહ્યું.



'અને તારી પરીક્ષા દૂર છે?'

'પરીક્ષા તો આપણા બંનેની સાથે જ છે ને?'

'તો ધ્યાન મારે એકલાએ રાખવાનું?'

'હું ય ધ્યાન રાખીશ.' અલ્પા બોલી ને પાછળથી ધીમે રહીને ઉમેર્યું : 'પણ તારું.'

'તું મારું ધ્યાન રાખીશ ને હું તારું ધ્યાન ધરીશ. સમજી?' કહેતા મૌલિકે અલ્પાને ગાલ પર હળવી ટપલી મારી ને ડ્રાઈવરને રિક્ષા ચલાવાનો ઈશારો કર્યો. મરક મરક હસતા રિક્ષાવાળાએ રિક્ષા ચાલુ કરી ત્યારે અલ્પાએ પૂછ્યું :

'હવે ક્યારે મળીશ?'

'બુધવારે ચાર વાગે તું ઘેર આવજે,' મૌલિકે કહ્યું : 'પછી પિક્ચરમાં જઇશું. હું ટિકિટ લાવી રાખીશ.'

'ભલે,' કહેતી અલ્પા રિક્ષામાં આગળ વધી.

પછી અદૃશ્ય થતી રિક્ષાની દિશામાંથી નજર ફેરવી મૌલિક ઘર તરફ વળ્યો.

અનુક્રમ

# ૧૩ : 'વહેલો આવજે હોં!'

અલ્પા અને મૌલિક બંને યુવાન હતાં. નવો નવો પ્રેમ હતો, પ્રેમની તદ્રુપતા હતી, કશી આડખીલી કે કોઈની રોકટોક નહોતી. ઊલટું બંનેનાં સ્વજનો ખુશ હતાં... એટલે પ્રણય ઘેલાં બની અભ્યાસમાંથી ચિત્ત ચલિત ન કરી બેસે તો જ નવાઈ. પણ પ્રણયની મસ્તી હોવા છતાં, એકબીજાને સ્વપ્રમાં દેખતાં હોવા છતાં ઘેલાં બની અભ્યાસને બાજુએ મૂકે એવાં બેમાંથી એકે ય નહોતાં. તેમાં ય અલ્પા તો પોતાના અભ્યાસ કરતાં મૌલિકની, ડીગ્રી લેવાના છેલ્લા વર્ષમાં એની પ્રથમ કક્ષાની કારકીર્દીની વિશેષ કાળજી રાખી એને અભ્યાસમાં વધુ ધ્યાન આપવા સતત સૂચવતી. ક્યારેક તો આને કારણે બંને વચ્ચે મીઠી ચડભડ પણ થતી જતી.

'હું શું નાનું છોકરું છું કે મને વારંવાર વાંચવાની સૂચના આપ્યા કરે છે તું?' મૌલિક પૂછી બેસતો.

'મારી આગળ તો નાનું છોકરું જ ને તું?' એક વડીલની અદાથી અને ચીડવવા અલ્પા કહેતી.

'વાહ રે! તો તું મારા કરતાં મોટી છું?'

'મોટી તો ખરી જ ને? ઉંમરમાં નહિ, અનુભવમાં નહિ, પણ...'

'પણ શું? કહે ને હવે કેમ લોચા વાળે છે?'

'તને સાયકોલોજીનું થોડું જ્ઞાન હોય તો...'

'તો...' જીભ બહાર કાઢી ચાળા પાળતાં મૌલિકે કહ્યું : 'તો શું?'

'તો તને ખબર હશે કે સ્ત્રીની બુદ્ધિ પુરૂષ કરતાં વહેલી પરિપક્વ થાય છે.'



'એટલે તું પક્વ બુદ્ધિની, અનુ હું...'

'કાચી બુદ્ધિનો,' મૌલિકના ગાલ પર ઓચિંતાં જ ચુંબન ચોડી દેતાં વચ્ચે જ અલ્પા બોલી! મૌલિક માટે આ નવો અનુભવ હતો. હા, એક વાર સાબરને કાંઠે આવો એક આસ્વાદ મળ્યો હતો ખરો. પણ એ સિવાય આજ સુધીમાં કોઈ સ્ત્રીએ એને ચુંબન કર્યું હતું કે કેમ એનો એને ખ્યાલ નહોતો. પણ એક વાત તો નક્કી હતી. આટલી બધી ઉષ્માથી, આવી આત્મીયતાથી તો કદી કોઈએ એને ચુંબન નહોતું જ કર્યું. ચુંબનના આ પહેલા આસ્વાદથી મૌલિક ચકિત થઈ ગયો! ચુંબનની શક્તિનો એને પેલી વાર ખ્યાલ આવ્યો. કોઈ સુંદર યુવતી તમને આવું સ્નેહ નીતરતું ચુંબન ચોડે ત્યારે તમે શું કરો, શું અનુભવો એ કલ્પનાનો વિષય છે. રસિક પ્રશ્ન છે અને એના વિવિધ પ્રકારના પરસ્પર વિરોધી છતાં સાચા જવાબો હોવાની શક્યતા છે. વાત સ્વલક્ષી **(Subjective)** છે અને આવ પ્રસંગે માણસના વર્તનનો આધાર એના તત્કાલિન માનસિક વલણ **(Mood)** પર રહે છે. કદાચ ત્યારે બુદ્ધિ બહુ કામ નહિ આવતી હોય. બાકી, અલ્પા જેવી શાંત, સંસ્કારી યુવતી લૉ ગાર્ડન જેવા જાહેર સ્થળે મૌલિકને આમ ઓચિંતી જ આવેશમાં આવીને ચુંબન ભરી લે ખરી?

સારું હતું કે ત્યારે રાત્રિના લગભગ દસનો સુમાર હતો, ઘણાં સહેલાણીઓ ત્યારે ઘર ભેગાં થઈ ગયાં હતાં, એટલે વસતી ઓછી હતી. વળી, શરૂથી જ નાસ્તાનાં પડીકાં લઈ અલ્પા-મૌલિક લોન ના એવા એકાંત ખૂણે જઈ બેઠાં હતાં કે ત્યાં અજવાળું ને આવનજાવન બંને ઓછાં હતાં. એટલે અલ્પાના ચુંબનને માત્ર મૌલિકે જ માણ્યું. સ્તબ્ધ બની જવાય એવું આશ્ચર્ય મૌલિકે જરૂર અનુભવ્યું, છતાં એ ચુંબનમાં એને મજા આવી ગઈ એ ય નક્કી. એ ઘડી પોતાના જીવનની એક ધન્ય, દુર્લભ ઘડી હતી એમાં મૌલિકને જરાય શંકા નહોતી. પણ એ અનુભવ ગમવા છતાં ય ત્યારે તો એનાથી બોલી જવાયું :

'અરે અલ્પા, શું કરે છે? કોઈ જોશે તો...'

પણ જવાબમાં પોતે ય નહોતી ધારી એવી ગઝલની શેરો રચાઈને અલ્પાના મુખમાંથી સરી પડી :

અલ્પા તારી જ છે મૌલિક, જોનારાં જખ મારે છે,
હવે સ્વની જ ક્યાં એ રહી? જોનારાં જખ મારે છે!

આ બાગનાં ફૂલો અને આ ઝાડવાં રૂબરૂ,
તને ચુંબન કીધું ગાલે, જોનારાં જખ મારે છે!

જીવનમાં માત્ર ચાહ્યો મેં તને મૌલિક ઓ મારા,
થઇ ગઇ આજ અભિવ્યક્તિ, જોનારાં જખ મારે છે!

સદાયે શાંત ને શાણી નજરમાં જે જગતની છે,
બની ગઇ પ્રેમ ઘેલી તે, જોનારાં જખ મારે છે!

છેલ્લી પંક્તિ બોલતાં બોલતાં તો અલ્પા મૌલિકને ભેટી પડી આંખમાં આંસુની ધારા સાથે!

'અલ્પા, આ શું?' હડપચી પકડી એનું મુખ ઊંચું કરતાં મૌલિકે પ્રેમથી કહ્યું અને પોતાના હાથે એનાં આંસુ લૂછી નાખ્યાં.

મૌલિકની નજરમાં નજર મીલાવી સ્મિત સાથે અલ્પાએ વગર બોલે જ કહી દીધું : 'કાંઇ નહિ, આ તો જરા...'

ને બંને ફરી ભેટી પડ્યા!

અલ્પા કવયિત્રી હતી એ મૌલિક જાણતો હતો. એના ચુંબનની જેમ જ એની આજની ગઝલ પણ ઓચિંતી જ સર્જાઇ હતી એ પણ એ સમજતો હતો. અને આ અણચિંતવી ઊર્મિઓમાં જ તો એને અલ્પાના પ્રેમની પરાકાષ્ટા દેખાઇ હતી.

અલ્પાને એને ઘેર પહોંચાડી. રાત્રે મૌલિક ઘેર પહોંચ્યો ત્યારે એનું આગમન સૂચવવા બાર ટકોરા પડોશીના ઘડિયાળમાં પડ્યા હતા. એ રાત્રિ મૌલિક માટે અલૌકિક સુખની રાત્રિ હતી. એમાં ઊંઘ ભલે ઓછી હતી, પણ આનંદની તો અવધિ હતી!

અલ્પા ને મૌલિક આમ અવાર-નવાર મળતાં. પરીક્ષા નજીક ન હોત તો રોજ મળતાં હોત, પણ જવાબદારી સમજતાં એ પ્રેમીઓ ફરજ ન ચૂકાય એનો ખ્યાલ રાખવા છતાં ચાર-પાંચ દિવસે તો એકાદ કાયક્રમ યોજી



જ દેતાં. મળે ત્યારે બંને જણ એકબીજાને પરીક્ષાની તૈયારી અંગે પૂછતાં. ભણવામાં બંને હોંશિયાર હતાં એટલે પાસ થવાનો સવાલ નહોતો. મૌલિકને પોતાની ફર્સ્ટ ક્લાસ કેરીયરને છેલ્લો ઓપ આપવાનો હતો, જ્યારે અલ્પા ય સેકન્ડ ક્લાસથી ઊણી તો નહોતી જ ઉતરવાની.

એક દિવસ બંનએ પિકચરનો કાર્યક્રમ નક્કી કર્યો. અલ્પાની ઇચ્છાથી ગુજરાતી ચિત્ર જોવાનું નક્કી કર્યું. 'સોન કંસારી' જોવા બંને ગયાં. ગીત ને ગરબાની રમઝટ તો માણી, પ્રેમની તીવ્ર લાગણીઓથી રોમાંચ અનુભવ્યો, પણ અંતે ભારે મન લઇને બંને બહાર આવ્યાં.

'કેમ ચૂપચાપ ચાલે છે?' અલ્પાએ મૌલિકને પૂછ્યું. જો કે કારણ એ સમજતી હતી!

'કાંઇ નહિં.' મૌલિકે આપવા ખાતર જ જાણે જવાબ આપ્યો.

'જાણું છું તારું દુઃખ,' મૌલિકનો હાથ પકડી લેતી અલ્પા બોલી : 'આખરે સોનને એના પ્રેમીનો વિયોગ જ સહેવો પડ્યો એથી ઢીલો પડી ગયો ને?'

'અ...લ્પા,' રિક્ષામાં પોતાની બાજુમાં બેઠેલી અલ્પાને પોતાની તરફ ખેંચતાં મૌલિક બોલ્યો : 'શું બધાં જ પ્રેમીઓને લલાટે વિરહ જ લખાયેલો હોય છે?'

'ગાંડા, આ તો બધી પૌરાણિક અને કેટલીક તો કાલ્પનિક વાતો. સુખી પ્રેમીઓ ય જગતમાં ઓછાં નહિ હોય. પ્રભુની કૃપાથી આપણે ય એવાં સુખી જ છીએ ને?'

'તો મારું મન આમ વારંવાર અધીરું કેમ બને છે, અલ્પા?' પોતાની તરફ અલ્પાને ખેંચતાં મૌલિક બોલ્યો : 'મને આ જગતના લોકોનો ભરોસો નથી. એમનાથી કોઇનાં સુખ, શાંતિ સહેવાતાં નથી. માટે જ મને થાય છે કે...'

'કશી જ શંકાઓ કરવાનું કારણ નથી ગાંડા,' વચ્ચે જ એને રોકતાં અલ્પા બોલી : 'તું વકીલ બની જા એટલી વાર. પછી આપણે જગતની આંખે ય એકબીજાનાં.'

'ના અલ્પા,' મૌલિક અધિરાઈથી બોલ્યો : 'બે વર્ષની ધીરજ ધરવાની મરી શક્તિ નથી. તું ન મળી હોત તો બાર વર્ષ એકલો રહ્યો હોત પણ હવે...'

'ઠીક છે હવે, બાર માસ તો કાઢે જ છૂટકો. હવે આ વર્ષે તો વેળા વીતી ગઇ, સમજ્યો?' કહેતી અલ્પાએ વળતી રિક્ષાના વળાંકથી પોતાની પાસે આવી ગયેલા મૌલિકના મુખ પર છાનું ચુંબન કરી લીધું. મૌલિકે ખુશ થતા બાળકની જેમ સસ્મિત એ સ્વીકારી લીધું.

એક રાત્રે અલ્પા વાંચતી હતી. હજી અગિયાર પણ વાગ્યા નહોતા. પણ એ કંટાળી ગઇ. વાંચવામાં ચિત્ત ન ચોંટ્યું. ત્યારે સ્વાભાવિક જ મૌલિક સાંભળ્યો. એ ઊઠી, ડ્રાઈવરને ગાડી કાઢવા કહ્યું. 'જરા આંટો મારીને એકાદ કલાકમાં ફ્રેશ થઈને આવું છું બા.' કહી એ ગાડી લઈને પહોંચી મૌલિકને ઘેર. એના ચોકમાં ગાડી ઊભી રખાવી ઉપર નજર કરી તો બત્તી બળતી હતી. હોર્ન માર્યું ને બારી ખૂલી. હરખાતો મૌલિક નીચે આવ્યો.

'કાંઇ અત્યારે!'

'**Surpirse visit**,' એની પાછળ જ વગર આવકારે દાદર ચઢતી અલ્પા બોલી : 'તું વાંચે છે કે ઊંઘે છે એ જોવા આવી છું.'

'પધારો ઈન્સ્પેક્ટર' કહી મૌલિક એને પોતાની રૂમમાં લઇ ગયો.

'શું કરતો હતો?' ટેબલ પર આડાઅવળા લીટા દોરેલા એક કાગળને હાથમાં લેતાં અલ્પાએ પૂછ્યું.

'હવે જરા કંટાળ્યો હતો,' મૌલિક બોલ્યો : 'એટલે...'

'એટલે કાગળમાં ચોકઠાં ચીતરી છોકરીઓનાં નામ લખતો હતો કેમ?' આડાઅવળા લીટા વચ્ચે 'અલ્પા' નામ ઘૂંટાયેલું જોતાં એણે પૂછ્યું.

'કોઇક નામોને ઘૂંટવામાં અજબ પ્રકારનો કેફ આવે છે અલ્પા.'

'કેફનું વ્યસન સારું નહિ હોં.'

'એક વખત વળગ્યા પછી વ્યસન વરદાનરૂપ લાગે છે અને એ છૂટતું તો નથી જ.'



'ચાલ, બહાર આંટો મારી આવીશું?' અલ્પાએ પૂછ્યું.

'તારો આંટો એટલે 'ટેકમોર' નો આઇસ્ક્રીમ.'

'ચાલ, એકાદ પ્લેટ ખાઇ આવીએ.' અલ્પાએ કહયું. ને બંને જણ મોટરમાં ગોઠવાયાં.

અડધે રસ્તે ગયાં ત્યારે મોટરની લાઇટના શેડમાં દૂરથી લડથડિયાં ખાતી બબડતી કોઇ વ્યક્તિ આવતી હતી. ડ્રાઇવરે ધીરેથી ગાડી બાજુમાંથી લીધી.

'ઓળખ્યો?' મૌલિકે પૂછ્યું.

'સમીરીયો જ હતો ને?' અલ્પાએ ઉત્તરમાં કહ્યું. મૌલીકે 'હા' પાડી ને બંને એકબીજાના હાથમાં હાથ નાખી નજીક સર્યા.

આમ કરતાં પરીક્ષા નજીક આવી ગઇ. જેમ જેમ એ નજીક આવી તેમ બંને જણ વધુ ને વધુ ગંભીરતાથી વાંચવા લાગ્યાં. ઘણી વાર દિવસો સુધી ન મળાય એવું ય બનવા લાગ્યું. પણ એ પછી ક્યારેક ઓચિંતો જ કોઇકને ઉભરો આવી જતો ને તે બીજાની પાસે પહોંચી જતું. પછી મળતાં ત્યારે એમનાં હૃદય બધા વિરહનો બદલો વાળી લેતાં.

બંનેએ સારી રીતે પરીક્ષા આપી. બંનેનાં ધારણા મુજબ ઘણાં સારાં પેપર ગયાં. મૌલિકને તો માત્ર પોતાના જ નહિ, અલ્પાના પણ ફર્સ્ટ ક્લાસની ખાતરી થઇ ગઇ. પરીક્ષા પૂરી થઇ એ દિવસે બંને દિલ દઇને મળ્યાં, ફર્યાં ન સુખી જીવનનાં મધુર સોણલાંમાં રાચવા લાગ્યાં. એ સ્વાભાવિક જ હતું. પૂનમની રાત્રે સાગરમાં ભરતી ન ચઢે તો જ નવાઇ!

હવે તો વેકેશન હતું. મૌલિકની ઇચ્છા તો અલ્પાને લઇને કોઇ હવા ખાવાના સ્થળે થોડા વખત માટે ઊપડી જવાની હતી. પણ સામાજિક દૃષ્ટિએ હજી એટલી બધી છૂટ લઇ શકાય તેમ નહોતું. વિવાહની વાત પાકી કરવા મૌલિકનાં માતાને મળવા અલ્પાનાં માતા-પિતાને જવું હતું. પરંતુ એ પણ કોઇ ને કોઇ કારણસર હજી શક્ય બન્યું નહોતું. તેમાંય થોડા સમયથી તો રામદાસ શેઠની તબિયત જરા અસ્વસ્થ હતી. અને ધંધામાં ય કાંઇક ચિંતાપ્રેરક સંજોગો લાગતા હતા, એટલે દીકરીના વિવાહનું નક્કી છતાં માત્ર

ઔપચારિક વાત અને વિધિ બાકી હતાં પણ એ કામ પતાવી શકાયું નહોતું. જો કે પરોક્ષ રીતે બંને કુટુંબોનો પરિચય તો થતો જ રહેતો હતો. અઠવાડિયામાં એકાદ વાર કાંઇ મીઠાઇ કે ભેટ સોગાદ રામદાસ શેઠને ઘેરથી મૌલિકની માતા પર ન ગયાં હોય એવું ભાગ્યે જ બનતું. અલ્પા અને મૌલિકને વિવાહની ઔપચારિકતાની કશી જ ઉતાવળ નહોતી. કારણ કે એ તો મનથી એકબીજાનાં થઇ જ ચૂક્યાં હતાં. વિવાહ કે લગ્ન તો એમને મન હવે માત્ર દુન્યવી વિધિ જ હતો.

પણ રજાઓમાં માતાને લઈને મૌલિકને મુંબઇ ભાઇ-ભાભીની પાસે જવાનું હતું. આમેય સામાન્ય રીતે દરેક વેકેશનમાં એમનો એ જ કાર્યક્રમ રહેતો. બે એક માસ બધાં મુંબઇ ભેગાં રહે અને આનંદથી રજાઓ ગાળી મૌલિક માતાને લઇ કૉલેજ ખૂલતાં પાછો આવી જાય. પાછાં આવવા નીકળે ત્યારે ભાઇ-ભાભીનેય ન ગમે અને સવિતા, મોલિકને પણ દુઃખ થાય. છતાં થોડા દિવસમાં પાછું બધું રાબેતા મુજબ ગોઠવાઇ જાય. મોલિકના ભાઇ ડૉક્ટર સુરેન્દ્રને તો દવાખાનું છોડી અમદવાદ રહેવા આવવું પોષાય તેમ જ નહોતું. અને પહેલેથી અમદાવાદ જ રેહલો હોવાથી મૌલિકને અને એથી ય વિશેષ તો સવિતાને મુંબઇ કાયમ માટે રહેવું ગમતું નહોતું. એટલે આ નાનું પ્રેમાળ કુટુંબ ઉનાળાની રજાઓ તો મુંબઇમાં સાથે જ પસાર કરતું. તેમાંય છેલ્લા થોડા સમયથી માતાની તબિયત અસ્વસ્થ રહેતી હોવાથી તેમને મુંબઇ ટ્રીટમેન્ટ માટે લઇ જવાની મૌલિકને ઉતાવળ હતી અને ભાઇનો એવો આગ્રહ પણ હતો.

પણ અલ્પાને મૂકીને જવાનું મૌલિકને કેમ રૂચે? એની ઇચ્છા હતી કે એ પણ એમની સાથે મુંબઇ જાય. ભાઇ-ભાભી ઘણાં ખુશ થશે એમ એણે અલ્પાને ક્યું હતું. વળી વાત વાતમાં પોતાની માતાને કાને પણ એણે આ વાત નાખી હતી. અને એથી એ ઘણાં ખુશ હતાં. એમ પણ એણે જાણ્યું હતું.

પણ અલ્પા શાણી ને સમજુ છોકરી હતી. વ્યવહારકુશળતા એને વારસામાં મળી હતી. એટલે પોતે મૌલિક સાથે મુંબઇ જવાનો પ્રસ્તાવ મૂકે તો મમતાને કારણે માતા-પિતા ના ન પાડે. એમ જાણતી હોવા છતાં અલ્પાને એ રીતે જવું ઉચિત ન લાગ્યું. તેણે કહ્યું :



'મર્યાદા એ સ્ત્રીની શોભા છે મૌલિક, એનું ઉલ્લંઘન કરે એટલી એની કિંમત ઓછી.'

'પણ એમાં વાંધો શો છે? આમ તો આપણે...'

'આપણે એક જ છીએ,' વચ્ચે અલ્પા બોલી : 'અને એક જ રહેવાનાં છીએ, છતાં દુનિયાની દૃષ્ટિએ આપણે કુંવારાં છીએ. અને કોઇ કુંવારી કન્યા કોઇ પુરૂષ સાથે એને ઘેર જઇને રહે તો બીજા તો ઠીક, એના ઘરનાં પણ એની કિંમત ઓછી જ આંકે. મોઢે ન કહે તો ય મનમાં તો એમ વિચારે જ. અને સાસરીમાં સ્ત્રીનું માન ઘટે તો સમાજમાં ય ઘટે જ. હું તારી સાથે આવું તો કોઇ વાંધો ન લે એ માની શકાય એમ છે, પણ બધાંને મન હું એટલી સ્વચ્છંદી તો લાગું જ.'

'તેં તો બહુ લાંબું વિચારી કાઢ્યું.' મૌલિકે જરા નિરાશ થતાં કહ્યું.

'ખાસ કરીને સ્ત્રીએ તો આવી બાબતોમાં વિચારવું જ જોઇએ. મૌલિક,' શાણી અલ્પાએ કહ્યું : 'મારી વિચારણા કાલ્પનિક નથી, વાસ્તવિક છે. લજ્જા, મર્યાદા, શરમ, સંકોચ – આ બધાં આભૂષણોથી જ સ્ત્રીનો આત્મા શોભે છે. અને એ શોભા જ એનું સાચું જીવન છે, મૌલિક, વળી અત્યારે પિતાજી ખરેખર ધંધાની રીતે થોડી ચિંતામાં છે. એની અસર એમની તબિયત પર પણ થઇ છે. બ્લડ પ્રેસર ઘણી વાર એબ્નોર્મલ થઇ જાય છે. આવા સંજોગોમાં હું અહીં હોઉં એ જરૂરી પણ ખરું. બાકી, તને લાગે છે મૌલિક કે હું તને નિરાશ કરું? ખરેખર તો તું જાય છે એ મને જ નથી રુચતું. તારા વિના મને કેમ ગમશે?'

આટલું કહેતાં તો અલ્પાનો કંઠ રૂંધાયો.

'તો હું પણ જવાનું બંધ રાખું, અલ્પા?' જે અનુકૂળ નહોતું તે કરવાની તૈયારી સાથે મૌલિકે પૂછ્યું.

'ના રે ના,' તરત જ સ્વસ્થ થતી સ્મિત વેરતી અલ્પા બોલી : 'એમ એકબીજા વિના થોડા દિવસ પણ ન રહી શકીએ એટલાં બધાં ઘેલાં શા માટે બની જવું? સખત ગરમી પછી આવતો વરસાદ જ અહ્‌લાદક લાગે છે ને મૌલિક! એમ થોડા વિરહ પછી થતા મિલનનો આનંદ કાંઇ અનેરો હોય છે. મેં એકવાર લખી નાખ્યું હતું :

'કેમ માણસો મિલન સુખ
સદાયે સાથ રહેશો તો?'

ખાવાનો આનંદ લેતાં પહેલાં ભૂખનું થોડું દુઃખ સહેવું જરૂરી ખરું જ. વળી, તારે તો બાની દવા કરાવવા જવાનું છે. એટલે ખાસ જવું જોઈએ, બરાબર ને? પોતાની તરફ અનિમેષ નજરે તાકી રહેલા મૌલિકને અલ્પાએ પૂછ્યું.

મૌલિક તો અલ્પાની વ્યવહારદક્ષતાથી એવો તો પ્રભાવિત થઈ ગયો હતો કે એના પ્રશ્નનો 'હા, બરાબર' જેવો બાળક જેમ જવાબ આપી ચૂપ રહ્યો!

સહેજ વાર મૌન છવાયું. બંનેના મન પરના ભારનું એ સૂચક હતું. પછી મૌલિકે કહ્યું :

'હું બને એટલો જલદી પાછો આવી જઈશ, હોં!'

'તું વહેલો આવે એ મને તો ગમે,' અલ્પાએ કહ્યું : 'છતાં જરૂર હોય એટલું શાંતિથી રહેજે. ખાસ કરીને બાની તબિયતને કારણે.'

'ભલે,' મૌલિકે કહ્યું : 'તું પણ બાપુજીની તબિયત સાચવજે. અને હવે ધંધો ઓછો કરી નાખવાનું કહે. શું કરવું છે હવે બહુ કમાઈ કમાઈને?'

'સાચી વાત છે મૌલિક.' અલ્પાએ ક્હયું : 'મને આપીને સુખ પામી શકે એટલું બધું તો બાપુજી પાસે છે જ. પણ નાનપણથી જે કર્યું છે એ ધંધો બાપુજીને વ્યસન જેવો થઈ પડ્યો છે. બાર મહિને પાંચ સાત લાખની ઊથલપાથલ તો અમથા અમથા કરી નાખે. એ વિના એમને ચેન જ ન પડે. કોઈ વિચાર આવ્યો નથી કે ટેલીફોન પર કોઈ સોદો-લે-વેચ-કર્યો નથી.'

'પેઢીનો ધંધો તો બરાબર છે અલ્પા,' મૌલિકે કહ્યોં : 'પણ શેર બજારના સટ્ટા હંમેશાં જોખમભર્યા હોય છે. એ ગાદી તકિયો અપાવે તો દોરી લોટો પણ પકડાવે. અને બાપુજીએ હવે શા માટે એ માથાકૂટ કરવી જોઈએ! એ તો સતત ચિંતામાં રાખતો ધંધો છે.'



'મેં કહ્યું નહિ મૌલિક,' અલ્પાએ હસતાં હસતાં કહ્યું : 'બાપુજીને એનું વ્યસન થઈ ગયું છે. અને એમને એવું લહેણું છે કે વેપારી દુનિયાની દૃષ્ટિએ એમનો ઊંધો સોદો ય છતો બની લાભ કરી આપે છે. બજારની રૂખ એ સારી રીતે પારખી શકે છે. અને હિંમત પણ એવી છે એમની મૌલિક, લાખોનું જોખમ હોય તો ય પકડ રાખતાં એમના પેટનું પાણી હાલતું નથી! અને મેં કહ્યું તેમ અંતે મોટે ભાગે તો ખોટનો સોદો ય એમના લાભમાં ઊતરે છે. જો કે હવે તો હું ને બા એમને આ ધંધો કાયમ માટે છોડી પ્રભુ સ્મરણ કરવાનું કહીએ છીએ. થોડા દિવસ પહેલાં જ અમે એમ કહ્યું ત્યારે કહે : 'હવે થોડોક વખત માટે જ તો આ શોખ કરવાનો છે. પછી અલ્પા અને મૌલિકને પેઢી સોંપી આપણે ગોવિંદ ગુણ જ ગાવાના છે ને!'

'બરાબર છે,' મૌલિકે સંમત થવા છતાં ચેતવણી આપતાં કહ્યું : 'હવે એમની ઉંમર થઈ કહેવાય. અને ધંધો તો દૂધ આપતી ગાય જેવો છે. ગાયનું દૂધ દહોણીએ પડે ત્યારે મીઠું તો બહુ લાગે, પણ દૂધારી ગાય ક્યારે લાત મારે તે કહેવાય નહિ હોં.'

'સાચી વાત છે મૌલિક,' અલ્પાએ કહ્યું : 'અમે - અને પિતાજી પોતે પણ - આ વાત સમજીએ છીએ. માટે જ અમે એમને હવે શેર-સટ્ટો સંપૂર્ણ બંધ કરવા આગ્રહ કરીએ છીએ. હવે તો એ પણ એ માટે સહમત થયા છે, પણ એ પહેલાં હમણાં એમણે બે-ત્રણ, મોટા સોદા કર્યા છે તે પતાવી દેવા માગે છે. પછી નવું કશું જ નહિ કરવાનું એમણે વચન આપ્યું છે. પણ પિતાજીના આ ધંધાના મોહનું ખરું કારણ તું જાણે છે મૌલિક?'

'ના, શું?'

'શેઠ ભગવનદાસનું નામ કદાચ તેં સાંભળ્યું હશે.'

'હા, એ પણ આ શહેરના મોટા શાહ સોદાગર ગણાય છે.' મૌલિકને થોડી ખબર હતી એટલે કહ્યું.

'એ ને પિતાજી ધંધાના બહુ જૂના હરીફો છે.' અલ્પાએ વિગત સમજાવતાં કહ્યું : 'આખી જિંદગી એમણે પિતાજીને પાછા પાડવા પ્રયત્ન કર્યો છે.'

'કેમ એમ?' આશ્ચર્યથી મૌલિકે પૂછ્યું.

'કારણ કે એ અમારી નાતના છે. બહુ દૂરના સગા પણ ગણાય અને તું જાણે છે કે દુનિયામાં જેટલી લેવાદેવા એટલી અદેખાઇ. માણસનો સૌથી મોટો વિરોધી કદાચ એની સૌથી નિકટનો સગો-સંબંધી જ હોય છે.' અલ્પાએ વ્યવહારની વાત કરી.

'સાચી છે તારી વાત.' મૌલિક સંમત થયો.

'અત્યારની અમારી આ હવેલી મારા જન્મ પછી એટલે લભભગ વીસેક વર્ષ પહેલાં પિતાજીએ હરાજીમાંથી વેચાતી લીધેલી.

'એમ!'

'હા, પણ એ હવેલી ત્યારે શેઠ ભગવાનદાસને પણ રાખવી હતી. એટલે એમને ન મળે એ માટે એમણે દસ પંદર હજાર રૂપિયા વધારે આપી પણ ખરીદવા પ્રયત્ન કરેલો.' અલ્પાએ રસિક ઇતિહાસ કહેવા માંડ્યો.

'એમ કે?' આશ્ચર્યથી મૌલિકે પૂછ્યું.

'હા, પણ પિતાજીનો નિશ્ચય હતો કે હવેલી પોતે જ રાખવી. એટલે હરાજીમાં શેઠ ભગવાનદાસ અને એ સામસામા ટકરાયા.'

'તો તો રંગ જામ્યો હશે!' મૌલિકે નવાઇ પામતાં કહ્યું : 'પણ હવેલી મૂળ હતી કોની?'

'કોઇ સરકારી કચેરી હતી. એટલે સરકારની માલિકીનું મકાન હતું.'

'પછી શું થયું?'

'પછી હરાજીમાં તો ખરો રંગ જામ્યો. લોકોને ય એવો રસ પડ્યો કે સેંકડોની સંખ્યામાં બધા ઉત્સુકતાથી ઊભા હતા.'

'પણ બીજા કોઇ હરીફ નહોતા?' મૌલિકે પૂછ્યું.

'હતા બે-ત્રણ.' અલ્પાએ કહ્યું : 'પણ ત્રણ ચાર બોલીમાં જ બધા આઉટ થઇ ગયા. પછી જંગ રહ્યો શેઠ ભગવાનદાસ અને શેઠ રામદાસ વચ્ચે.'



'વાહ, પછી?'

શેઠ ભગવાનદાસ બે હજાર વધે તો પિતાજી પાંચ હજાર વધે એમ કરતાં કરતાં આખરે શેઠ ભગવાનદાસ એક લાખ પરથી સીધા એક લાખ દસ હજાર રૂપિયા બોલ્યા. ધારણા કરતાં ઘણી મોટી રકમ હતી એ. બધાંને, ખુદ ભગવાનદાસને ય લાગતું હતું કે રામદાસ હવે ઠંડા પડી જશે. પણ ક્ષણના ય વિલંબ વિના પિતાજીએ કહ્યું :

'મારા સવા લાખ રૂપિયા.'

લોકોએ તાળીઓના ગડગડાટ કર્યા. હવે શેઠ ભગવાનદાસ આગળ વધી શકે તેમ નહોતા. ચૂપ રહ્યા. અને સવા લાખ રૂપિયામાં હવેલી ત્યારે અમને મળી.

'ઘણી મોંઘી પડી કહેવાય!' મૌલિકે પ્રત્યાઘાત આપ્યો.

'હા, મોંઘી તો ખરી જ,' અલ્પાએ કહ્યું : 'પણ પિતાજી કહે છે કે પૈસો તો ફરી કમાઇ લેવાય. પણ ભર બજારે નાક ને નોંખ જાય તો ફરી નથી મળતાં.'

'શેઠ ભગવાનદાસ તો છોભીલા પડી ગયા હશે ત્યારે!'

'હા, એમને પોતાનું ભારે અપમાન થયું લાગ્યું. ત્યારથી તો પિતાજી પર વિશેષ દ્વેષ રાખે છે. પાછળથી કોઇને મોઢે બોલી પણ ગયેલા.'

'આજે હવેલી ભલે રામદાસ લઇ ગયા. એક દિવસ એ મારી પાસે જ પાછી આવશે. એમ ન થાય તો આ ભગવાનદાસને ફટ કહેજો.'

'એમ!'

'હા, ઝેરીલો નાગ છે એ. ઉપરથી પિતાજી સાથે સંબંધનો દેખાવ કરે છે. ફોન દ્વારા ઘણી વાર ખબરઅંતર પણ પૂછે. મારા ઉપર તો ઘણો ભાવ હોય એમ ઘેર આવે તો જોઇને ગાંડાઘેલા થઇ જાય. ભૂતકાળ ભૂલી જવાનું પિતાજીને કહે અને 'અલ્પા તો મારી દીકરી છે.' એવી જ વાત કરે. પણ એ બધું એમની રમતનો જ એક ભાગ છે, એમ પિતાજી સારી રીતે સમજે છે.'

'શાની રમત! હવેલી પડાવવાની જ ને?' મૌલિકે નવાઈ પામતાં પૂછ્યું.

'હા, હવેલી તો એમને પડાવવી જ છે. કારણ કે 'રામદાસ શેઠની હવેલી'નો શબ્દ પ્રયોગ કરતા લોકોને એ સાંભળે છે ત્યારે એમના પેટમાં તેલ રેડાય છે. પણ ભગવાનદાસ બહુ ખંધા માણસ છે. એ બે ઘોડે સ્વારી કરે છે. જો ધંધામાં પિતાજી ગોથું ખાઈ મુશ્કેલીમાં આવી જાય તો હવેલી એમને મળે એવી એમની ગણતરી છે. એટલે એવાં સોગઠાં એ ગોઠવે છે અને લાગ જોઈને બેઠા છે. પણ એમનામાં બીજો એક વણિક-વિચાર પણ છે...' અલ્પા સહેજ અટકી.

'કયો વણિક-વિચાર?' મૌલિકને વાતમાં ખૂબ રસ પડ્યો હતો.

'શેઠ ભગવાનદાસને એક પુત્ર-રત્ન છે. એકનો એક પુત્ર છે લક્ષ્મીકાન્ત. સર્વ અવગુણ સંપન્ન છે એ. પણ ભગવાદાસના કહેવા પ્રમાણે તો લક્ષ્મીકાન્ત જેવો દીકરો દેવોને ય દુર્લભ. મારો પડતો બોલ ઝીલે છે. અને ધંધામાં તો મને ય ક્યાંય પાછળ મૂકી દે એવો પાવરધો અત્યારથી જ છે. એમ પણ એ ઘણીવાર પિતાજીને કહે છે.

'એમ કે?'

'હા,' અને પછી ધીરે રહીને પિતાજીને આશ્વાસન આપતા હોય તેમ ઉમેરે :

'રામદાસજી, તમારે દીકરો નથી ને મારે દીકરી નથી. હું તો અલ્પાને દીકરી જેવી જ માનું છું. તમે ય મારા લક્ષ્મીકાન્તને પુત્ર જેવો જ ગણજો. જ્યારે જરૂર પડશે ત્યારે તમારી સેવામાં હાજર રહેશે.'

'એટલે કે...'

'એટલે કે એ એમના સુપુત્ર માટે મારા હાથની માગણી કરે છે. એમ કરીને રામદાસ શેઠની દીકરી, હવેલી ને મિલકત - બધું જ હડપ કરી જવા માગે છે.'



'વાહ, પાકો વેપારી લાગે છે!'

'મીઠું ઝેર છે. એક બે વાર એમના પુત્ર-રત્નને લઈને પિતાજીનો પરિચય પણ કરાવી ગયા છે.' દાંત કચકચાવતી અલ્પા બોલી : 'પણ પિતાજી ય એના ગુરૂ છે. એકે ય મોરચે એને મચક નથી આપતા. એક વાર મારા અંગે વાત કરવાની એમણે શરૂઆત કરી ત્યારે પિતાજીએ કહ્યું હતું :

'ભગવાનદાસજીને ભલે ભગવાનમાં શ્રદ્ધા ન હોય શેઠ પણ, રામદાસને એના રામમાં શ્રદ્ધા છે.'

'પણ રામદાસજી, હવે છોકરાં મોટાં થયાં અને અપણી ઉંમર થઈ. જવાબદારી આપણે હળવી કરી નાખવી જોઈએ. લક્ષ્મીકાન્ત માટે સારા સારા ઘરના લોકો મારો જીવ ખાઈ જાય છે. તમે કહેતા હોય તો પછી...' ભગવાનદાસે કહ્યું હતું.

'ત્યારે શું જવાબ આપ્યો હતો પિતાજીએ?' જરા આતુરતાથી મૌલિકે પૂછ્યું.

'તારે ચિંતા કરવાની જરૂર નથી.' મજાક કરતી અલ્પા બોલી : 'ત્યારે તો તું મારા જીવનમાં દાખલ પણ નહોતો થયો. તોય પિતાજીએ કહ્યું હતું :

'ભગવાનદાસજી, આપણે સમોવડિયા મિત્રો જ રહીશું. તમારે ત્યાં કન્યાનું દાન કરી, હું દાતા બની તમને નાના દેખાડવા નથી માગતો.'

'વાહ, સરસ જવાબ.' ખુશ થતો મૌલિક બોલ્યો. 'પછી શું કહ્યું શેઠ ભગવાનદાસે?'

ગુસ્સામાં દંડો પછાડતા ઊભા થઈ જતાં બોલ્યા : 'રામદાસજી, હું તમને મદદરૂપ થવા માગું છું ત્યારે તમે મારી અવગણના કરો છો? આ મારું બીજી વારનું અપમાન છે તમારા હાથે. હું આ કદી નહિ ભૂલું. વખત આવે બતાવીશ.' અલ્પાએ ભગવાનદાસ શેઠની અદાથી જ એમના શબ્દો કહી બતાવ્યા. મૌલિકને બહુ મજા પડી.

'પછી?'

'પછી પાઘડી સંભાળતા એ ગયા તે ગયા.'અલ્પા હસતી હસતી બોલી : 'અને તું આવ્યો, સૌને ભાવ્યો એટલે પિતાજીનો બોજ હળવો થઈ ગયો. હવે શેઠ ભગવાનદાસ વેપારી બજારમાં ટક્કર લઈ પિતાજીને પછાડવા મથે છે.'

'એવાથી સાવધ રહેવું જોઈએ.' મૌલિકે કહ્યું.

'હા, ધંધાની રીતે પિતાજી વર્ષો પછી પહેલી વાર હમણાંના ચિંતામાં જણાય છે. માટે જ હવે અમે એમને ધંધો આટોપી લેવા કહીએ છીએ. હવે તો છેલ્લા બે-ત્રણ સોદાનો નિકાલ થયે નવું સાહસ નહિ કરવા માટે એ પણ સંમત થયા છે.'

'સારી વાત છે.'

'હા, પહેલી વાર પિતાજી ધંધો આટોપી લેવા સંમત થયા છે. અમારા માટે તો એ ય એક નવાઈ છે.'

'હવે કદાચ એમને જોખમનો ખ્યાલ આવ્યો હશે.' મૌલિકે કારણ જણાવ્યું.

'શક્ય છે કે એમ હોય. પણ જે હોય તે, એ એક સારો નિર્ણય છે એ નક્કી.'

'હા, પણ પ્રભુ એમને છેલ્લા બે-ત્રણ ઊભા સોદામાંથી આબરૂભેર બહાર કાઢે.' મૌલિકના મોઢામાંથી નીકળી ગયું.

'કેમ એમ બોલે છે, મૌલિક?' ચિંતાતુર ચહેરે અલ્પાએ પૂછ્યું : 'તેં કાંઈ મુશ્કેલીનું સાંભળ્યું છે કે શું?'

'ના રે ના,' નિખાલસતાથી મૌલિક બોલ્યો : 'વેપારની વાતોમાં મને શી ખબર? પણ આ તો તેં કહ્યું એ પરથી મને લાગે છે કે જોખમ સમજીને જ પિતાજી હવે ધંધો સમેટવા તૈયાર થયા હશે. સાગરના તરનારા ઘણીવાર કાંઠે પહોંચવાની તૈયારીમાં જ ડૂબે છે, અલ્પા.'



'એવું કાંઇ નથી મૌલિક,' અલ્પા બોલી : 'તું કશી ચિંતા ન કરતો. આવા તો કંઇ ખેલ પિતાજીએ જોયા છે. અને ભગવાનદાસ ખેલતા હોય ત્યારે મેદાન છોડી ભાગવું એ પિતાજીને ગમતું નથી. જૂના હરીફો છે ને એટલે! પણ આજે તો બહુ આડ વાતો પર ઊતરી ગયાં. ને કાલે તો તું જવાનો મૌલિક.' મૂળ વાત યાદ આવતાં અલ્પાએ કહ્યું.

'હા અલ્પા, પણ આ બધી વાતો બહુ રસિક અને જરૂરી હતી. હવે તો હું મુંબઈથી બને એટલો વહેલો આવતો રહીશ. જેથી જરૂર પડે તમને ઉપયોગી થઇ શકું.' મૌલિકે આત્મીયતાથી કહ્યું.

પછી આઈસ્ક્રીમ ખાઈ બીજે દિવસે મળવાનું નક્કી કરી બંને રિક્ષામાં બેઠાં. અલ્પાને એને ઘેર ઉતારી મૌલિક પાછો ફર્યો ત્યારે ભગવાનદાસની ખંધાઈ અને રામદાસ શેઠનાં હિંમત તથા બુદ્ધિચાતુર્યના વિચારો એના મનમાં ઘુમરાતા હતા. અલ્પાની આજની વાતો સાંભળી રામદાસ શેઠ માટેનું એનું માન ઘણું વધી ગયું. એક સફળ સાહસિક વપોરી અને એક પ્રેમાળ પ્રતિભાશાળી પિતાની છબી રામદાસ શેઠમાં એને દર્શન થયાં!

પણ એ રાતે ઊંઘતાં પહેલાં અલ્પાના મનમાં થોડો ઉચાટ હતો. તેને થયું : 'મૌલિકે એમ કેમ કહ્યું કે 'પ્રભુ એમને છેલ્લા બે-ત્રણ ઊભા સોદામાંથી આબરૂભેર બહાર કાઢે?' શુ પિતાજી ખરેખર કોઇ મોટી મુશ્કેલીમાં હશે? એ વાત શું મૌલિક જાણતો હશે?...ના, ના, એ જાણતો હોય તો તો મને બધી વાત કરે... પણ એણે એવી ચેતવણી આપી કે સાગર તરનારા ઘણી વાર કાંઠે પહોંચવાની તૈયારીમાં જ ડૂબે છે.' વાત સાચી છે મૌલિકની, પિતાજીએ જીવનભર ઘણા જોખમી વેપાર સફળતાપૂર્વક ખેડ્યા છે. પણ બધો સમય સરખો નથી હોતો. હવે એમને ઉંમર થઇ. અને ભગવાનદાસ જેવો ખંધો વિરોધી માથે હોય ત્યારે એમણે સાવધ રહેવું જોઇએ ને શેર-સટ્ટા બંધ કરવા જોઇએ. પિતાજીને પ્રિય બે ચીજ છે – પુત્રી અને હવેલી. અને એ બંને પર લુચ્ચા ભગવાનદાસ અને એના વ્યસની પુત્ર લક્ષ્મીકાન્તની મેલી નજર છે. માટે સાવધાની જરૂરી. નહિ તો મૌલિક કહે છે એમ સાગરખેડૂ કાંઠે જ ડૂબી જાય...!'

પણ અલ્પા બુદ્ધિશાળી અને હિંમતવાળી હતી. એટલે ભયભીત મનના આ તરંગોને તેણે મનમાંથી દૂર કર્યા અને પિતાજીને આખી પરિસ્થિતિ સમજાવી સચેત કરવાનું નક્કી કરી તે મૌલિકના મુંબઇ ગમનના વિચારો કરતી સૂઇ ગઇ, ઊંઘી ગઇ. હા, ક્યારેક ઊંઘમાં ય એનું મન મૌલિક પાસે જઇને એને મળી આવતું ખરું!

અલ્પા અને મૌલિકે નક્કી કરેલો બીજા દિવસની સવારનો કાર્યક્રમ તો એવો હતો કે સવારે નવ વાગે મૌલિક અલ્પાનાં માતા-પિતને મળવા આવે. પછી બંને જણ અલ્પા ને મૌલિક સવિતા પાસે જવાનાં હતાં. પણ મૌલિક અને એનાં માતાની તબિયત પણ સારી નથી, એ વાત જાણી રામદાસ શેઠ અને પાર્વતી શેઠાણીએ સવારમાં વહેલું એમને ત્યાં જવાનું નક્કી કર્યું હતું - ખાલી વિવેક ખાતર મળવા માટે જ. આમે ય વિધિસર વાત કરવા એમને કેટલાય દિવસથી જવું હતું, પણ શેઠ-શેઠાણી બંનેની પ્રકૃત્તિ હમણાંથી નરમ હતી એટલે જઇ શક્યાં નહોતાં. પણ આજે તો નરમ તબિયત છતાં જઇ આવવાનું બંનેએ નક્કી જ કર્યું હતું.

બંને જણ સેવા-પૂજા કરી સવારમાં વહેલાં તૈયાર થઇ આઠ વાગે તો નીકળી ગયાં. અલ્પાને સાથે લઇ જવાનું તેમને ઠીક ન લાગ્યું. એટલે કહ્યું :

‘બેટી, મૌલીકને અને એનાં માતાને મળીને અમે એકાદ કલાકમાં જ પાછાં આવીએ છીએ હોં.’

‘પણ બા, તમારી બંનેની તબિયત તો ઠીક નથી. તેમાં ય પિતાજીને તો બ્લડપ્રેશર ચક્કર જેવી તકલીફો છે.’ અલ્પાએ ચિંતા દર્શાવી.

‘વાંધો નહિ બેટા, અત્યારમાં તો તબિયત સારી છે,’ રામદાસ શેઠ બોલ્યા : ‘અમે એમને કોઇ દિવસ હજી મળી પણ શક્યાં નથી. પણ આજે એ જવાનાં છે ત્યારે જવું જ જોઇએ અમારે.’

‘ભલે બાપુજી, વહેલાં પાછાં આવજો’ કહી ગાડી ઉપડતાં અલ્પા ઘરમાં પાછી ફરી જરા મુશ્કરાતી. બા-બાપુજીનો વિવેક એને ગમ્યો. વળી આજે પ્રથમવાર કદાચ અનૌપચારિક રીતે પણ બા-બાપુજી મૌલિકનાં માતા સાથે પોતાના ભાવિની વાત કરશે એમ પણ તે સમજતી હતી.



રામદાસ શેઠે રસ્તામાં મીઠાઇની દુકાનેથી બે કિલો મીઠાઇ બંધાવી. મૌલિકનું ઘર તો ડ્રાઇવરે જોયું હત, એટલે દસેક મિનિટમાં જ મૌલિકને આંગણે જઇ ગાડી ઊભી રહી. ડ્રાઇવરે હોર્ન માર્યું. એ ટીપીકલ હોર્નથી મૌલિક પરિચિત હતો. એટલે એણે આતુરતાથી બારી બહાર ડોકિયું કર્યું. તો એના આશ્ચર્ય વચ્ચે મોટરમાંથી ઊતરી રામદાસ શેઠ અને પાર્વતી શેઠાણી ધીમે પગલે એને ઘેર આવતાં હતાં.

‘બા, બા!’ એણે ઝડપથી કહ્યું.

‘શું છે બેટા?’ સેવામાંથી હમણાં જ ઊભાં થતાં સવિતાએ પૂછ્યું.

‘બા, અલ્પાનાં માતા-પિતા આવે છે.’ તે ઉતાવળથી બોલતો નીચે જવા લાગ્યો.

‘એમ?!’ કહેતાં સવિતા પણ ઝડપથી ઘરમાં આઘું પાછું કરી દાદરમાં ઊભાં રહ્યાં.

‘આવી તબિયતે તમે શા માટે તકલીફ લીધી બાપુજી!’ કહેતો મૌલિક તેમને દાદર તરફ દોરી રહ્યો.

‘તમારાં બાને મળવા અમારે ના આવવું પડે બેટા?’ કહેતાં શેઠ-શેઠાણી ધીરે ધીરે દાદર ચઢ્યાં.

‘આવો, આવો,’ બંનેને આવકારતાં સવિતા બોલ્યાં, ‘બહુ આનંદ થયો. પણ આવી તબિયતે શા માટે તકલીફ લીધી?’

‘તમારાં દર્શન કરવાનું મન ન થાય?’ રામદાસ શેઠે વિવેકભર્યો જવાબ આપ્યો.

‘આમ તો અમે કેટલાય દિવસ પહેલાં આવવાનાં હતાં અને આવવું જોઇતું હતું.’ પાર્વતી શેઠાણીએ બેઠક લેતાં કહ્યું : ‘પણ કાંઇ ને કાંઇ મુશ્કેલી આવે ને...’

‘એ તો એમ જ ચાલે,’ સવિતાએ કહ્યું : ‘પણ આવી તબિયતે...’

‘તમને જોઇને આનંદ થયો એટલે હવે જલદી સારાં થઇ જઇશું.’

'ભગવાન બંનેને જલદી આરામ કરી દેશે.' સવિતા બોલ્યાં.

બીજી થોડી ઔપચારિક વાતો પછી રામદાસ શેઠ બોલ્યા : 'વિધિસર વાત કરવા તો અમે પછી આવવાનાં હતાં. પણ આવ્યાં જ છીએ ત્યારે દિલની વાત કહ્યા વિના રહેવાય પણ નહિ.'

'અમારા કહેતા પહેલાં તો અલ્પાને તમે ઓળખો છો.' પાર્વતી શેઠાણી બોલ્યાં.

'હા, ચિંતા ન કરશો.' સવિતાએ નિખાલસતાથી કહ્યું : 'એ તો મારી દીકરી બની ગઇ છે હવે.'

'તમને જ તો સોંપવાની છે એ.' પાર્વતી શેઠાણી બોલ્યાં.

'તમારા સોંપ્યા વગર જ મેં એને સ્વીકારી લધી છે.' સવિતાએ કહ્યું : 'એના ગુણ જ એવા છે.'

'સદ્‌ભાગ્ય અમારાં!' રામદાસ શેઠ બોલ્યા : 'કે અલ્પાને તમારા જેવાં સ્વજન મળ્યાં. હવે મુંબઇ જાવ છો તો ભાઇને પણ અમારા વતી વાત કરી નક્કી કરી લેજો.'

'તમે જરાય ચિંતા ન કરા,' સવિતાએ કહ્યું : 'આમે ય અમે તો મૌલિક પર જ આ પ્રશ્ન છોડ્યો હતો, એનાં ભાઇ-ભાભી તો આ જાણી ઘણાં ખુશ થશે.'

ડ્રાઈવર આવી મીઠાઇનું પડીકું આપી ગયો તે મૌલિકને આપતા રામદાસ શેઠ બોલ્યા :

'લો બેટા, આ મુંબઇ લઇ જજો.'

'પણ આની શી જરૂર?' સવિતાએ કહ્યું.

'અમારા સંતોષ માટે.' શેઠે કહ્યું ને શરમાતા મૌલિકે પેકેટ લઇ ટેબલ પર મૂક્યું.

ખૂબ આગ્રહ છતાં, ચા નાસ્તાનું તો શું? દીકરીના ઘરનું પાણી ય પીવાની બંને જણે ના પાડી. એ બાબતમાં સવિતાનો બધો આગ્રહ વ્યર્થ ગયો. બંનેએ ખૂબ વિવેકપૂર્વક એમને સમજાવી લીધાં.



અરધો એક કલાક બેસી, ખૂબ પ્રેમભરી વાતો આત્મીયતાથી કરી, પરસ્પરને તબિયત સાચવવાનું કહી શેઠ-શેઠાણી જવા ઊઠ્યાં ત્યારે પ્રથમ વાર મળ્યા હોવા છતાં કોઇ ચિરપરિચિત સ્વજનથી છૂટાં પડતાં હોય એવો દુઃખનો ભાવ ઉભય પક્ષે અનુભવ્યો! સાચા દિલનો નિઃસ્વાર્થ સ્નેહ માણસને કેટલાં જલદી નિકટ લાવી દે છે!

જતી વેળા શેઠાણીએ કહ્યું 'તબિયત સારી નથી, નહિ તો રાત્રે ગાડી પર જરૂર આવત.'

'જો જો એવું કરતાં,' સવિતાએ કહ્યું : 'અહીં આવા શરીરે બંને જણ આવ્યાં તે ઓછું છે?'

પછી નીચે ઊતરી મૌલિકને શેઠાણીએ કહ્યું, 'બેટા, ચાલોને ઘેર નથી આવવું થોડી વાર?'

મૌલિક સહેજ શરમાયો, પણ સવિતા બોલ્યાં :

'હા બેટા, જઇ આવને ત્યારે અત્યારમાં બીજું કામ પણ શું છે?'

હસતો મૌલિક પાછો વળી, જલદી કપડાં બદલી એમની સાથે ગયો. અત્યારે નવ વાગે અલ્પાને મળવાનો એનો વાયદો હતો જ.

તે દિવસે શેઠ શેઠાણીના આગ્રહથી મૌલિકને ત્યાં જમવું પડ્યું એ પછી અલ્પા અને મૌલિક બંને મૌલિકને ઘેર ગયાં. લગભગ એ આખો દિવસ અલ્પા મૌલિકને ઘેર જ રહી અને જવાની તૈયારીમાં સવિતાને એણે અનેક રીતે મદદ કરી પછી સ્ટેશન પર મળવાનો વાયદો કરી સાંજે લગભગ છ વાગે અલ્પા ઘેર ગઇ ત્યારે એનું હૃદય અત્યારથી જાણે વિરહની પીડા અનુભવતું હતું. વિદાયની વેળાની યાદે દિલ જેટલું જલતું હશે એટલું તો કદાચ વિદાયની ઘડીએ ય નહિ જલતું હોય! વિરહની સ્મૃતિ જ હૃદય વિદારક હોય છે!

અલ્પા જાણતી હતી કે મૌલિકનું ચાલે તો આ વર્ષે નહિ, તો આવતે વર્ષે તો લગ્ન કરી જ નાખે. જો કે અલ્પાએ તો કહ્યું હતું : 'વકીલ થઇ જા, પછી પતિ બનજે. હવે બે વર્ષનો તો સવાલ છે.' પણ મૌલિકની અધિરાઇ અલ્પા સમજતી હતી. એટલે આવતે વર્ષે તો એ લગન કરવા કહેશે

જ. જો કે બંનેનાં કુટુંબીઓને પણ એ માટે ઉતાવળ હતી, એટલે પણ લગ્ન તો આવતી સીઝનમાં થવાનાં જ. લગ્નની ઝંખના અલ્પાને ય નહોતી એમ નહિ. પણ મૌલિકની કેરીયરનો એ વિચાર કરતી. જ કે પરણીને પોતે એને એનો અભ્યાસ કરવામાં વિશેષ મદદરૂપ થઇ શકશે એમ પણ એ વિચારતી હતી. એટલે આ બધા વિચારોમાં લીન અલ્પાને ઘેર જતાં રસ્તામાં શહનાઇ સુર કાને પડ્યા ત્યારે ઘડીભર તો એ પાતોનાં લગ્ન મહાલી રહી જાણે! હા, એ તો રસ્તે જતો કોઇનો વરઘોડો હતો એ જાણતાં એને બહુ વાર ન લાગી.

રાત્રે ગુજરાત મેલ પર મૌલિકને વળાવવા ગયેલી અલ્પાએ ડબ્બામાં જઇને સવિતાની ચરણરજ લીધી.

'જીવતી રહે બેટા ને સુખી થજે.' આશિષ આપતાં સવિતાની આંખમાં ઝળહળિયાં આવી ગયાં.

'બા, તબિયત સાચવજો અને વહેલાં પાછાં આવજો.'

'ચિંતાના કરતી બેટા, જલદી આવી જઇશું અમે.' કહી સવિતાએ એને ચૂમી લીધી.

પછી બહાર પ્લેટફૉર્મ પર એ મૌલિક સાથે ઊભી રહી. બંનેનાં મન ભારે હતાં. એકાદ માસ માટે જુદા પડવાનું હતું, પણ જાણે વિદેશ જવા વિદાય આપતાં હોય એટલું દુઃખ હતું. થોડીક આ તે વાત કરી, પણ કોઇથી ખાસ કશું બોલાયું નહિ. અંતે ગાડી ઉપડવાનો સમય થયો ત્યારે ફર્સ્ટ ક્લાસના ડબ્બાની બારી પાસેથી મૌલિકને વિદાય આપતાં અલ્પાની આંખો રેલાઇ રહી.

'અલ્પા, આ શું?' રૂંધાયેલા ગળે મૌલિકે કહ્યું : 'એકાદ માસમાં તો હું પાછો આવી જઇશ. તું કહેતી હોય તો એથી ય વહેલો આવું.'

'ના રે,' આંખો લૂછતી છતાં ધીમું મુશ્કરાતી અલ્પા બોલી : 'આ તો મનની વાતો કહી દેવાની આંખોની ટેવ. શાંતિથી રહેજો ને બાની સારી ટ્રીટમેન્ટ કરાવી પાછા આવજો.' અને 'લે' કહી તેણે અત્તનું પૂમડું ધર્યુ. અત્તરનું પૂમડું લઇ એકવાર ઊંડો શ્વાસ લઇ મૌલકે એ સુંગંધને હ્રદયમાં સમાવી લીધી. પછી પૂમડું કાનમાં ખોસતાં કહ્યું : **'Thanks!'** 'આભાર.'



'ઔપચારિકતા મૂક છાનોમાનો.' એનો હાથ દાબાવી અલ્પા બોલી.

ત્યાં વ્હીસલ વાગી ને ગાડી સ્ટાર્ટ થઇ. અલ્પાના દિલને જાણે ધક્કો વાગ્યો. મૌલિકના હાથને ધીમેથી સ્પર્શી ગાડી સાથે ચાલતી ચાલતી એ રૂંધાયેલા કંઠે ધીરેથી બોલી : 'વહેલો આવજે હોં. તારા વિના હું વધુ સમય એકલી રહી શકું નહિ.'

'જરૂર વહેલો આવીશ અલ્પા,' કહી મૌલિકે એને આશ્વાસન આપ્યું ત્યારે તો ગાડીએ વેગ પકડ્યો હતો. પ્લેટફોર્મ પર ઊભી ઊભી અલ્પા ડબ્બામાંથી ડોકાતા મૌલિકને એ દેખાય ત્યાં સુધી જોતી અને એના તરફ હાથ હલાવતી ઊભીરહી.

પછી એણે રૂમાલથી આંખો સાફ કરી.

દૂર ઊભેલા વૃદ્ધ નોકર સીતારામે ત્યારે 'ચાલો બેટી' કહી એને સ્વસ્થ કરવા પ્રયત્ન કર્યો.

'હા કાકા, ચાલો.' કહેતી અલ્પા સ્વસ્થ થઇ સીતારામ સાથે પ્લૅટફૉર્મ બહાર નીકળી!

✦ ✦ ✦ ✦ ✦

અનુક્રમ

## ૧૪ : ઘેલાં બે જણ!

મૌલિકને વળાવી અલ્પા સ્ટેશન બહાર આવી. રાત્રિનો સમય હતો એટલે એણે ડ્રાઈવર અને સાથે નોકર સીતારામને પણ લીધો હતો. જો કે બંને ડ્રાઈવર હિંમતસિંહ અને નોકર સીતારામ એ ઘરના જૂના, વિશ્વાસુ અને સાઠી વટાવી ચકેલા વફાદાર સેવકો હતા.

સીતારામ સાથે પોતાની ગાડી પાસે પહોંચી ત્યારે એને આશ્ચર્ય થયું. ડ્રાઈવર હિંમતસિંહ સાથે પાછલી સીટમાં લાંબા પગ કરી, પાછળ માથું ઢાળી હાથમાં ફેલ્ટ ફેરવતો સમીરસિંહ ગપ્પાં મારતો હતો! એને જોઈ અલ્પાને આશ્ચર્ય થયું. અને એથી વધુ તો ગુસ્સો થયો. અલ્પાને જોઈને ડ્રાઈવર બહાર નીકળ્યો. એ સાથે સમીરસિંહ પણ માથું નીચું નમાવી બહાર નીકળતાં બોલ્યો :

'હલ્લો મિસ અલ્પા, મૂકી આવ્યાં મૌલિકને?' નોકર અને ડ્રાઈવરે ધારેલું કે અલ્પાનો એ કોઈ પરિચિત મિત્ર હશે. ડ્રાઈવર સાથે તો એણે એ રીતે જ વાત કરી હતી. બાકી, હિંમતસિંહ એને મોટરમાં બેસવા દે ય ખરો કે? પણ એને તરત પોતાની ભૂલ સમજાઈ. કારણ, એણે જોયું કે સમીરને જોતાં જ અલ્પાએ આંખ બદલી હતી. એટલે 'મૂકી આવ્યાં મૌલિક ને?' ના એના પ્રશ્નનો એણે ગુસ્સે થઈ જવાબ વાળ્યો :

'નોનસેન્સ! તારે શી લેવા દેવા એ વાત સાથે?'

'વાહ,' નફફટ બોલ્યો : 'તમારામાં, આઈ મીન તારામાં મને રસ ન હોય? તારું અહિત થતું હોય તો હું જોઈ શકું? તું માને કે ન માને અલ્પા, પણ તું ભૂલ કરતી હોય ત્યાં તને ચેતવવાની મારી ફરજ છે અને એ હું સદાય બજાવીશ.'

'મતલબ?' આંખોથી આગ વરસાવતી અલ્પાએ પૂછ્યું.

'મતલબ એ જ કે અનેક સુંદર છોકરીઓનાં માંગાંને ઠુકરાવનાર આ વેદિયા મૌલિકની નજર તારી મિલકત પર છે. એ તને નહિ, તારી મિલકતને, તારા પિતાના પૈસાને ચાહે છે. સ્વાર્થ પૂરો થતાં એક ચૂસાઈ ગયેલા ગોટલાની જેમ તને ફેંકી દેતાં એ જરા ય અચકાય એવો નથી. હું વર્ષોથી એનો પડોશી છું, એટલે સારી રીતે ઓળખું છું એને. તારા હિત માટે હું કહું છું. સમજે તો સારું છે. નહિ તો...'

અને 'તો' આગળ અટકી ત્રાંસી નજર કરી, પોતાની ફેલ્ટ૦ એ આંગળી પર ફેરવી રહ્યો.

'નહિ તો શું?' ક્રોધથી અલ્પાએ પૂછ્યું. આમ તો આવા નાલાયક સાથે આટલી વાતચીતમાં ય એ ઊતરે નહિ, પણ એ આ દુષ્ટને, એના વિચારો અને યોજનાઓને સમજી લેવા માગતી હતી, જેથી એ પોતે સાવધ રહી શકે અને મૌલિકને સાવધ રાખી શકે.

'નહિ તો ય તને કૂવામાં પડતી તો હું જોઈ શકું નહિ ને?' હવે સમીર પોતાપણાનો ભાવ બતાવા ઈરાદાપૂર્વક અલ્પાને તુંકારતો થઈ ગયો હતો.

'એટલે?' માથું ઘુમાવી અલ્પાએ પૂછ્યું.

'એટલે એમ કે એ કાંટાને હું તારા માર્ગમાં દૂર કરીને જ રહીશ.' પાન ચાવતા સમીરે ધમકીની ભાષામાં કહ્યું.

'મારા માર્ગમાંથી કે તારા...?'

'તું તો સમજું છે અલ્પા, તારા માર્ગમાંથી જાય એ કાંટો મારા માર્ગમાંથી ય આપોઆપ જ જાય ને? ખરેખર તો એ વેદિયો આપણા બંનેના માર્ગનો કાંટો છે. પોતાના સ્વાર્થ ખાતર મારી વિરૂદ્ધ એણે જ તને ભરમાવી છે એ હું જાણું છું. માટે જ તો તારો કશો વાંક મારા મનમાં વસતો નથી. એ

કાંટો જાય પછી આપણો રસ્તો ફૂલની પથારી જેવો સાફ, સુવાળો ને સુગંધભર્યો. પછી તો...'

'ચૂપ મર નાલાયક,' અલ્પા ખૂબ ગુસ્સામાં આવી બોલી : 'કાંટો તો તું છે, જે ફૂલોને ચૂમવા મથે છે.' કહેતી અલ્પા ડ્રાઈવર તરફ ફરી બોલી : 'હિંમતકાકા, આ દુષ્ટ તમારો મિત્ર છે?'

'નહિ રે બેન.' હિંમતસિંહે જરા શરમિંદા બની જતાં કહ્યું : 'હુ તો એને દીઠે ય ઓળખતો નથી.'

'તો ગાડીમાં બેસીને તમારી સાથે વાતો કરતો હતો ને!'

'બહેન, એ તો તમારા સ્ટેશનમાં ગયા પછી તમારે વિષે આવીને પૂછવા માંડ્યો અને કહે : 'મારાં ખાસ મિત્ર છે અલ્પાબેન, એટલે સ્ટેશન, પરથી આવે એટલે મળીને જઇશ, જરા જરૂરી કામ છે.' એટલે મેં અંદર બેસવા દીધો એને. બાકી હું એને ઊભો ય રાખું કે?' હિંમતસિંહે સાચી હકીકત કહી.

'તે મેં જે ક્હયું એ સાચું જ છે ડ્રાઈવરકાકા,' સમીરસિંહ બોલ્યો : 'આ તમારાં બહેનજી તો તમારા દેખતાં નાટક કરે છે હોં.'

પછી અલ્પાને કહે : 'અલ્પા, મારે તારા હિત ખાતર થોડી જરૂરી વાત કરવી છે. પ્લીઝ, ચાલને જરા સામે લોન પર બેસીને સમજી લઇએ એકબીજાને.'

'જા જા નાલાયક, હું તારું મોં જોવા નથી માગતી.' કહેતી અલ્પા ગાડીમાં બેઠી ને કહ્યું : 'કાકા, ગાડી ચલાવો.'

'તો તો ઊભાં રહો બેન, એને જરા પ્રસાદ આપી દઉં,' કહેતા હિંમતસિંહ નીચે ઊતર્યા અને એક ફેટ મારી સમીરને નીચે ફેંક્યો.

'કાકા, છોડો એને ને ગાડી ચલાવો.' અલ્પા બોલી. હિંમતસિંહ 'સાલા, કૂત્તા.' કહેતો પાછોફર્યો. પણ ઊભા થવા જતા સમીરને ગાડી પાસે



ઊભેલા સીતારામે છાતીમાં એક લાત મારી ફરી ગબડાવ્યો. લોકો ત્યાં ટોળે વળશે એ ડરે અલ્પાએ સીતારામને પણ તરત પાછો બોલાવી લીધો ને હિંમતસિંહે ગાડી સ્ટાર્ટ કરી. હું...ઉ...ઉ...ઉ...કરતી એમ્બેસેડરે પાછળ છોડેલા ધુમાડાને કારણે આંખો ચોળતો સમીરસિંહ ઊભો થતો હતો ત્યારે પાછળથી અવતા એક મવાલીએ એને પોતાના જેવો જ ધારી, દયા લાવી નીચે પડેલી ફેલ્ટ એના હાથમાં આપતાં ટોણો માર્યો :

'મૂરખ, મોટર વાલીયોંકા નામ ઈસ તરહ ઔર ઐસી જગહ પર લીયા જાતા હૈ? અપના ધંધા ભી નહીં જાનતા? હં, નયા નયા લગતા હૈં!'

એની તરફ ખાસ ધ્યાન આપ્યા વિના ચાર ડગ ચાલી સમીરસિંહે સિગારેટ સળગાવી. અને જોરથી દમ ખેંચી, ગયેલી મોટરની દિશામાં જોતો બોલ્યો : 'આ સમીરસિંહ સોરઠીયા એમ હિંમત હારી મેદાન છોડી જાય એવો નથી. જોઇએ કોણ જીતે છે, કોણ હારે છે! આપણે તો હારીએ તો કશું ખોવાનું નથી અને જીતીએ તો લાભ જ લાભ.' પછી બબડતો બબડતો એ બસની લાઈનમાં જઇને ઊભો રહ્યો!

અલ્પા રાત્રે સૂતી, પણ સહેલાઇથી ઊંઘ શાની આવે? મૌલિક ગયો એનો ભાર તો મન પર હતો જ. પરંતુ સમીરસિંહે તો એનું મગજ બગાડી નાખ્યું હતું. એનું મન વિચારોના વમળમાં અટવાતું હતું :

'આ નાલાયક હજી મારો પીછો નથી છોડતો, કેટલી વાર અપમાન કર્યું એનું! પણ બેશરમ છે.' નાલાયક, કેવું કહેતો હતો મારા મૌલિક વિષે : 'એ કાંટાને તારા માર્ગમાંથી ખસેડીને જ જંપીશ. શું ખરેખર એ દુષ્ટ મૌલિકને કશું નુકસાન કરવાનો ઈરાદો રાખતો હશે?' અલ્પાને ચિંતા સતાવી રહી :

'એની નજીકમાં જ રહે છે એટલે સહેલાઇથી એમ કરી કરાવી શકે. એ દુષ્ટ ગમે તે કરતાં પાછો પડે એવો નથી.' પછી એણે સાવચેતીના ઉપાય વિચારવા માંડ્યાં :

'મૌલિકને મુંબઈથી આવતાં જ ચેતવી દઈશ. અને લગ્ન પછી તો મૌલિકને અને એની માતાને બંનેને અહીં રહેવા લઈ આવીશ. આટલી વિશાળ હવેલી કેવી સુની સુની લાગે છે! મૌલિકના આવતાં જ એ ભરી ભરી બની જશે. મને તો થાય છે, આજ લગી મૌલિક વિના ચાલ્યું જ કેમ? આવતી સાલ તો લગ્ન કરી જ લઈશું. મૌલિક સાચું જ કહે છે, બહુ સહેલાઈથી મળેલું સુખ છીનવાઈ ન જાય તો જ નવાઈ. માનવ કે કુદરત કોઈના સુખનાં હંમેશાં શત્રુ બને છે. હું અને પ્રેમની ઉત્કટતાની અધીરાઈ કહેતી હતી. પણ હવે મને ય લાગે છે કે અમારો સ્નેહ એવો સહજમાં થયો છે... અમારું મનમંદિર એવી સરળતાથી રચાયું છે કે કોઈ અદેખાઈ કરી એમાંના દેવને જ ઉપાડી જાય તો ય નવાઈ નહિ! મને તો થાય છે કે મૌલિકને મળ્યા વિનાનો આ એક માસ પણ કેમ જશે?' અને એ સાથે એણે પડખું ફેરવ્યું. ત્યારે તે જરા જુદી રીતે વિચારી રહીઃ

'હું જેની યાદમાં પાસાં ફેરવું છું એ મૌલિક તો અત્યારે ચેનથી ગાડીમાં ઘોરતો હશે. અત્યારે તો એની ગાડી નર્મદા નદી ય પાર કરી ગઈ હશે. અને એ ભાઈ સાહેબ ગાડીની લોરી સાંભળતા સાંભળતાં નીંદ્રાદેવીને ખોળે પોઢી ગયા હશે.' અને પછી પોતાની જાતને પ્રેમભર્યો ઠપકો દેતી હોય તેમ મરકતી મરકતી બોલી :

'ત્યારે તું શું કામ ઉજાગરા કરે છે? શાંતિથી સૂઈ જાને વરઘેલી!' અને એકલી એકલી શરમાઈને ત્યારે એ આંખો મીંચી ગઈ. પણ એ મીંચાયેલી આંખોમાં ય મૂર્તિ તો મૌલિકની જ હોય ને?

પણ અલ્પા ભલે ધારતી હોય કે મૌલિક આરામથી ઊંઘતો હશે. બાકી, સ્નેહીજનને છોડીને દૂર જતું કોણ રસ્તે ચેનથી સૂતું છે કે મોલિક સૂએ? અલ્પાની આંખના આંસુ અને ઉપડતી ગાડીએ ભરાયેલા ગળે લાગણીસભર રીતે એણે કહેલા શબ્દો 'વહેલો આવજે હોં' – માલિકનું હૃદય હચમચી ગયું હતું. આથી- એને ક્ષણભર તો થયું : 'કાં તો હું નીચે ઊતરી જાઉં



અથવા અલ્પાને ગાડીમાં બેસાડી દઉં : જૂઠી દુન્યવી રસમોને નિભાવવા આવી વ્યથા શા માટે સહેવી?' – પણ ગાડી ઊપડી ચૂકી હતી. અને પોતે માતાની સારવાર માટે મુંબઈ જતો હતો, એટલે ઉતરવાનું શક્ય નહોતું. પોતે નિર્બળતા બતાવી અલ્પાને સાથે ન લીધી. એ માટે એને પોતાની જાત પર રીસ ચઢી. અલ્પા પ્લૅટફૉર્મ પર ઊભી ઊભી દેખાય ત્યાં સુધી હાથ હલાવતી હતી. અને પોતે યે એને એ રીતે જ વિદાય આપતો હતો ત્યાં સુધીનો વખત તો એ ક્રિયામાં ગયો. પણ બંને એકબીજાને દેખતાં બંધ થયાં અને પોતે અંદર ડોકું લીધું ત્યારે બીજા સાથી ઉતારૂઓની મર્યાદા સાચવવાનો પ્રયત્ન કરવા છતાં ધીરે રહીને એને પોતાની આંખના ખૂણા સાફ કરવા પડ્યા. એ પછી જરા સ્વસ્થ થઈ એ માતા પાસે જઈને બેઠો. પુત્રના મનનો ભાર માતા સમજતાં હતાં. એમને થયું : 'ગઈકાલે સુધી પરણવાની ના પાડતો હતો, એ પુત્ર હવે કેવો પરણ્યાં પહેલાં જ વહુઘેલો પતિ બની ગયો છે!'

પુત્ર વિષે આવું વિચારતાં સવિતા થોડાં શરમાયાં પણ વધુ તો મનમાં ને મનમાં જ મલકાયાં અને ખુશ થયાં. 'પ્રભુ એમની જોડી અખંડ રાખે' એવી મૂંગી આશિષ પણ એમણે આપી. પછી કહે : 'ભાઈ, સૂઈ જઈશું હવે?'

'હા બા,' મૌલિકે કહ્યું : 'તમે હમણાં મારી સીટ પર આવી જાવ. હું તમારું બેડીંગ પાથરી દઉં.'

માલિકે પહેલાં માતાનું બેડીંગ પાથરી એમને સુવાડ્યાં. પછી પોતાનું બેડીંગ પાથર્યું. પછી વૉટર બૅગમાંથી માતાને થોડું પાણી પાયું, પોતે ય થોડું પીધું. પછી 'હે પ્રભુ' કહી આડે પડખે થતાં સવિતા બોલ્યાંઃ 'બેટા, સૂઈ જા હવે.'

'હા, બા, તમે આરામથી સુવો અને કામ હોય તો જગાડજો મને.'કહેતા મૌલિકે પણ મુખ્ય બત્તી બંધ કરી, ડીમ લાઈટ કરી અને

પોતાની સીટ પર લંબાવ્યું. તાત્કાલિક ઊંઘ આવવાનો તો પ્રશ્ન જ નહોતો. અને સૂતેલા માણસને ઊંઘ ન આવે એના જેવું બીજું કોઇ દુઃખ નહિ. એ સ્થિતિમાં કોઈક જ શાંત ચિત્તે સૂઈ શકે. બાકી, મોટા ભાગનાંને તો વિચારો જ સતાવે, અને અત્યારે મૌલિકને સતાવનારા વિચારો તો અલ્પાના જ હોય ને?

ચાલતી ગાડીના અવાજમાં મૌલિકને 'વહેલો આવજે હોં'ના શબ્દો સંભળાતા હતા. 'પણ વહેલો એટલે ક્યારે?' એને થતું : 'બે-પાંચ-દસ દિવસે?' કે મહિને? વહેલાની શી વ્યાખ્યા? વહેલા આવ્યા કોને કહેવાય અને મોડા આવ્યા કોને કહેવાય? પણ વિરહઘેલાંની 'વહેલા'ની વ્યાખ્યા તો મૌલિકને હજી અનુભવે સમજાવાની હતી. દસ દિવસનો વાયદો કરીને ગયેલો પ્રેમી દસ કલાકમાં જ પાછો આવે તોય પ્રેમઘેલી તો એમ જ કહે : 'કેટલા મોડા આવ્યા તમે!!!'

મૌલિક તો માનતો હતો કે અલ્પા આરામથી ઘેર પહોંચી સૂઈ ગઈ હશે. એને શી ખબર કે સ્ટેશનમાંથી બહાર નીકળતાં જ એનો દુષ્ટ પડોશી અને સહાધ્યાયી એના મનની શાંતિને હણવા ઊભો હશે? એ દગાખોરે હજીય એની આશા નહિ છોડી હોય અને હજી આમ પીછો કરતો હશે એનો મૌલિકને શો ખ્યાલ? મૌલિકને એક વાતની ખાતરી હતી કે જેમ અત્યારે પોતે અલ્પાની યાદમાં 'ગુજરાત મેલ' માં પડખાં ફરવે છે તેમ અલ્પા ય પોતાની યાદમાં 'રામદાસ શેઠની હવેલી'માં સૂતી જાગતી હશે. પણ 'રામદા શેઠની હવેલી' યાદ આવતાં વળી મૌલિકના મનમાં બીજાં અનેક વમળો પેદા થયાં : 'ગઈકાલે જ અલ્પાએ કેટલી બધી વાતો કહી હતી! હવેલી ખરીદી...અદેખાઈ... રામદાસ શેઠની હવેલી માટેની મમતા, ભગવાનદાસ શેઠની બૂરી દાનત... રામદાસની હવેલી ને પુત્રી બે ય પડાવવાની એ ખંધા વેપારીની દાનત... પુત્ર ન હોવાથી વેપારમાં રામદાસ શેઠને કોઈની મદદનો અભાવ.. શેર બજારનો શોખ અને એકલે હાથે ઉઠાવવી પડતી જવાબદારી એમને પછાડવાની ભગવાનદાસની યુક્તિઓ...'



આ બધી બાબતો પર સૂતાં સૂતાં વિચારે ચઢેલા મૌલિકને એક વાતનો સપષ્ટ ખ્યાલ આવી ગયો કે 'અલ્પાના કહેવા પ્રમાણે રામદાસ શેઠ છેલ્લા થોડા સમયથી જો ચિંતામાં રહેતા હોય તો એનું કારણ એ જ હોઇ શકે કે શેર બજારમાં એ અત્યારે ઊંડા પાણીમાં ઉતરેલા હોવા જોઇએ અને કોઇ ભારે જોખમ ઉઠાવી રહ્યા હોવા જોઈએ. એની અસર જ એમની તબિયત પર થઇ હોવી જોઈએ... અલ્પાના કહેવા પ્રમાણે એ એક સાહસિક સફળ વેપારી જરૂર હશે. પણ યુવાનીમાં જે જોખમ ઉપાડી શકાય અને ઘા પડે તો જીરવી શકાય તે વૃદ્ધાવસ્થામાં સહેલાઈથી ન બને... રામદાસ શેઠને સલાહ આપવાનું મારું તો ગજું નથી, પણ.. પણ શું મારે કોઇ રીતે એમને મદદરૂપ ન થવું જોએ? છેવટે તો હું એમનો...' અને...

'ભાવિ જમાઈ છું' વિચારતાં મૌલિક મનોમન શરમાયો છતાં મુશ્કરાયો અને કશા ય કારણ વિના એણે પડખું ફેરવ્યું.

આમ એક હવેલીમાં ને બીજું આગગાડીમાં એકબીજાની યાદે પડખાં ફેરવતાં હતાં ત્યારે તાપીના નીરમાં નાહવા પડેલા આકાશના તારા એકબીજાને પકડવા મથતા હતા. સરતી સવિતાના જલમાં ય એ સ્થિર છતાં અસ્થિર હતા. આ 'ઘેલાં બે જણ'ની મનોદશાને શું એ પ્રતિબિંબિત કરતાં હશે? મૌલિકે જરા બેઠા થઈને બારી બહાર નજર નાખી : 'તાપીમાં દૂર દૂર તરતી કોઈ નાવના ટમટમતા દીવડા એમના અસ્તિત્વની ઝાંખી કરાવતા હતા. ક્યાં જતી હશે એ નાવો અત્યારે? કિનારે કે મઝધારે?' અત્યારે અંધારામાં અટવાતી એ નાવોને શું કિનારો લાધશે? સુકાની સાવધ હશે તો લાધશે.નારી જીવન નૈયા પણ અત્યારે આવી જ ડગુમગુ છે ને? મઝધારે ડોલતી એ નાવ કિનારે પહોંચશે તો ખરી ને? શાંત સાગરમાં ક્યારે મોજાં ઉછળે ને ક્યારે નાવને ડૂબાડી દે એ શું કહેવાય? ટંડેલે તો કિનારે પહોંચતા સુધી સદાય સાવધ રહેવું જોઈએ. હું સાવધ રહીશ.' મૌલિકે નિર્ણય કર્યો : 'અલ્પાને પામતા સુધી સાવધ રહીશ. આ જાતના લોકો તો ભયાનક જલચરો કરતાં ય બદતર છે. હું આંધળો વિશ્વાસ રાખી 'સબ સલામત'ની ભાવનાથી સૂતો નહિ રહું.' એણે ફરી વિચાર દોહરાવ્યો : 'હું સાવધ રહીશ.'

ત્યારે અલ્પાએ ય વિચારોને અંતે મનને શાંતિ આપવા નિર્ણય કર્યો : 'હું પેલા દુષ્ટ સમીરીયાથી મૌલિકને સાવધ કરીશ!'

જુદા જુદા સ્થળે સૂતેલાં આ 'ઘેલાં બે જણ' કેવાં એક જ દિશામાં વિચારતાં હતાં! અંતરોની એકતા બધા જ અંતરને કાપી નાખે છે!

✦ ✦ ✦ ✦ ✦

અનુક્રમ

## ૧૫ : રામદાસ શેઠની હવેલી

રામદાસ શેઠની હવેલીનો ઈતિહાસ અલ્પાથી ટૂંકમાં અનાયાસે જ મૌલિકને કહેવાઇ ગયો હતો. એનો એવો કોઇ ઈરાદો નહોતો પણ વાત વાતમાં એ વિષય નીકળી ગયો અને વાત થઇ ગઇ. જો કે ત્યારે મોલિકે પણ કહ્યું હતું : 'સારું થયું તેં આ બધી વાત કહી.' અને પછી અલ્પાને પણ થયું હતું કે મૌલિકે આ બધી વાતો જાણવી તો જોઇએ જ. જો કે એમાં ઘણી ખરી વાતો આવી ગઇ હતી, પણ ભગવાનદાસ શેઠ વિષેની ઘણી વાતો હજી અપૂર્ણ અને ઉપરછલ્લી હતી. વાતવાતમાં જેટલું યાદ આવ્યું અથવા મૌલિકે પૂછ્યું એટલું અલ્પાએ કહ્યું હતું.

અમદાવાદ શહેરમાં રામદાસ શેઠનું નામ બહુ આદર સાથે લેવાતું. 'હવેલીવાળા શેઠ' થી એ જાણીતા હતા અને 'રામદાસ શેઠની હવેલી' તો એ વિસ્તારમાં કોઇને ઘેર જતા આવતા લોકો માટેનું ઓળખસ્થાન હતું. કોઇ વ્યક્તિના ઘર કે સોસાયટીના ચોક્કસ સ્થાનનો નિર્દેશ કરવો હોય તો લોકો એમ જ કહેતા : 'રામદાસ શેઠની હવેલી પૂછજો, એની નજીકમાં જ છે એ સ્થળ.' આવી જાણીતી એ હવેલી હતી અને એથી ય વધુ માનીતું હતું રામદાસ શેઠનું નામ !

શૅર બજાર સાથે સંકળાયેલા રામદાસ શેઠ લાખોની ઊથલપાથલ કરતા, પાંચ-પચીસ હજારના લાભાલાભની તો એમને ખાસ ગણતરી નહોતી. એ તો સવાભાવિક ક્રમમાં ગણાતું. જો કે એનું મુખ્ય કારણ રામદાસ શેઠનો ઉદાર સ્વભાવ, મોટું મન અને અપૂર્વ હિંમત હતાં. નાનપણથી જ ધંધામાં એ પલોટાયેલા હતા. અને આપ બળે આગળ વધેલા હતા એટલે ઘણી તડકી-છાંયડી એમણે જોઇ હતી. અને એથી એ ટેવાઇ ગયા હતા. કેટલીક વાતો રોજની બની જાય ત્યારે એમાંથી નવાઇ, ડર, ચિંતા, આતુરતા બધું જ જતું રહે છે. કેટલાક બનાવો ક્યારેક જ બને છે, માટે જ એની કોઇ

પણ પ્રકારની સારી કે માઠી અસર થાય છે. એટલે થોડી મૂડી આઘીપાછી થાય તો રામદાસ શેઠના મન પર એની ખાસ કશી અસર વરતાતી નહિ. નફામાં એ ભગવાનની કૃપા માનતા અને નુકસાન જાય ત્યારે કહેતા : 'એ તો એમ જ ચાલે ને? બધે સમયે ને સ્થળે માત્ર આપણું નસીબ જ થોડું હોય છે? ભગવાનને બીજા કોઈની પણ ચિંતા તો હોય જ ને?'

આવા મોટા મનના રામદાસ શેઠ માત્ર પૈસો કમાઈ જ નહોતા જાણતા. કમાવા કરતાંય વધુ સારી રીતે પૈસો એ ખરચી જાણતા હતા. એમને ઘેર કોઈપણ જાહેર કે ધાર્મિક કામ માટે ગયેલા ખાલી હાથે પાછા નથી ફર્યા. ટીપમાં કદાચ સૌથી સારી રકમ એમણે જ ભરી હોય. શાળાઓ, મંદિરો અને એવાં બીજાં લોકોપયોગી કામોમાં રામદાસ શેઠે કરેલાં દાનની કુલ રકમ લાખો પર પહોંચી હશે. વર્ષમાં નિયત દિવસોએ ત્રણચાર વાર સાધુ-સંતો અને ગરીબોને એમને ત્યાં અચૂક સમૂહ ભોજન મળતું. ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકો, ફી કે કપડાં માટે એ પૈસા આપતા. જે જાણતું તે એમને ત્યાં જતું, ને જે જતું તે કદી નિરાશ થઈને પાછું ન ફરતું. શેઠ ઘેર ન હોય તો ઘણી વાર અલ્પા પણ આવી યોગ્ય મદદ તો આપી દેતી. જો કે આનો ઘણીવાર દુરુપયોગ પણ થતો. સારી સ્થિતિ છતાં કેટલાક લોકો આવા પૈસા લઈ જઈ મોજ-શોખમાં વાપરતા. આ બધું રામદાસ શેઠ સમજતા હતા. છતાં, પાપડી ભેગી ઈયળ ન બફાઈ જાય, એટલે શેઠ તો થોડી પ્રાથમિક પૂછપરછ કરી પૈસા આપી દેતા. જો કે હવે એમણે વિદ્યાર્થીઓ માટે એક ટ્રસ્ટ કરી વ્યવસ્થિત રીતે એનો વહીવટ ચાલે તેવી યોજના કરવાનું નક્કી કર્યું હતું. ઘણી વિધવાઓ, ત્યક્તાઓ અને ગરીબ સ્ત્રીઓને તો પાર્વતી શેઠાણી એવી રીતે મદદ કરતાં કે કોઈને ખ્યાલ પણ ન આવે અને લેનારને પણ લેતાં ક્ષોભ કે સંકોચ ન થાય. આમ આખું કુટુંબ-માત્ર ત્રણ જ તો વ્યક્તિઓ હતી ઘરમાં – પરદુઃખભંજન અને ઉદાર દિલ હતું. પણ રામદાસ શેઠની – અરે આખા કુટુંબની – વિશેષતા તો એમની સમૃદ્ધિ છતાં સાદગીમાં હતી. લક્ષ્મીના ખોળામાં લેટવા છતાં કોઈનામાં અભિમાનનો ઓછાયો નહોતો. હા, સ્વમાન અને જરૂર પડે વટ જાળવવામાં પાછી પાની ન કરે એવો સ્વભાવ રામદાસ શેઠનો અને અલ્પાનો ખરો. પાર્વતી શેઠાણી તો આવી બાબતમાંય મોટું મન કરનારાં ભલી બાઈ હતાં. એમનાં ઘણાં દાન એવાં થતાં જે જમણા હાથે કરેલું ડાબો હાથ પણ ન જાણે.



આવા આ કુટુંબ માટે જે જાણતા એમને સ્વાભાવિક રીતે જ માન હતું. જે ન જાણતા તે એમના વૈભવથી પ્રભાવિત થઈ અહોભાવ અનુભવતા. પણ લોકો એક વાત ઘણીવાર દુઃખપૂર્વક કરતાં. આવા પરગજુ શેઠ-શેઠાણીને ભગવાને એક દીકરાની ખોટ રાખી હતી. કેટલાક ઉપકારવશ કે સમભાવી લોકો તો શેઠને ત્યાં પુત્ર અવતરે એની મનોમન ભગવાનને પ્રાર્થના કરતા. જો કે રામદાસ શેઠે અને પાર્વતી શેઠાણીએ શરૂથી જ પુત્રી અલ્પામાં પોતાનું સુખ શોધી લીધું હતું. અને એના સુખમય ભાવિ સિવાય એમને કશી ઈચ્છા નહોતી. ભગવાન સામે એમને કશી ફરિયાદ નહોતી. એ તો માનતાં કે 'ભગવાને આપણે ત્યાં લક્ષ્મી રૂપે જ રહેવા નક્કી કર્યું હશે, માટે જ એમણે માત્ર પુત્રી-રત્ન આપ્યું છે. પુત્રીને લાડકોડથી ઉછેરવા છતાં એને સારા સંસ્કાર અને કેળવણી મળે એની માતા-પિતાએ શરૂથી જ કાળજી રાખી હતી. અલ્પા નાનપણથી જ દેખાવે જેવી મનમોહક હતી એવી જ શાણી, સમજુ, નમ્ર, છતાં ચાલાક અને સ્વાભિમાની હતી.'

આવા રામદાસ શેઠની પ્રતિષ્ઠા શેઠ ભગવાનદાસને આંખમાંના કણાની જેમ ખૂંચતી હતી. રામદાસે ક્યારેય એમનું કશું અહિત નહોતું કર્યું. પણ રામદાસ જ્યાર વેપારમાં નવા નવા હતા અને પા પગલી ભરતા થયા હતા ત્યારે ભગવાનદાસ તો ઘણા આગળ વધી ગયેલા, સ્થિર થયેલા અને પૈસેટકે સુખી હતા. શરૂમાં ક્યારેક જરૂર પડે એમણે રામદાસને થોડો ટેકો પણ કર્યો હશે – પોતાના ઉપકાર તળે એમને રાખવાની દૃષ્ટિથી. પણ રામદાસની નેક વૃત્તિ, એમનો ખંત અને પ્રભુની કૃપાને કારણે ધીરે ધીરે એ ધંધામાં જામી ગયા. શેઠ ભગવાનદાસને એ પોતાના હરીફ નહોતા માનતા. 'સૌ સૌના કર્મનું ખાય છે.' એ જ એમનો સિદ્ધાંત હતો. વળી કોઈનાથીય મોટા દેખાવું એ એમના સ્વભાવમાં નહોતું. પણ પોતાની નજર સામે ઊગીને ઊભા થયેલા રામદાસની પ્રગતિ અને પછી તો પ્રતિષ્ઠાએ શેઠ ભગવાનદાસના મનમાં કુદરતી રીતે જ તેજોદ્વેષ ઉત્પન્ન કર્યો અને એ રામદાસને પોતાના પ્રતિસ્પર્ધી ગણતા થઈ ગયા. એને કારણે છૂપો દ્વેષ એમના મનમાં ઘર કરી ગયો અને જ્યારે પણ તક મળે ત્યારે-સીધી કે આડકતરી રીતે એ રામદાસને ધંધામાં પછાડવા જ મથતા. ધીરે ધીરે રામદાસ શેર બજાર અને સોના ચાંદીના સટ્ટામાં પણ પડ્યા. શેઠ ભગવાનદાસ તો

પહેલાંથી જ ધીરધાર, વ્યાજ વટાવ ઉપરાંત આવા બધા સોદા કરતા જ હતા. જો કે એમાં રહેલા જોખમનો ખ્યાલ હોવાથી એમણે કદી મોટું સાહસ ખેડ્યું નહોતું. થોડે નફે એ સંતોષ માની લેતા ને થોડા નુકસાને એ સોદો સમેટી લેતા. એટલે આવા જોખમી શેર-સટ્ટામાં રામદાસ પણ પડ્યા એ ભગવાનદાસને બહુ ગમ્યું! 'કોઈ દિવસ સીધો થઈ જશે, અરે સાફ થઈ જશે.' એવા કુવિચારથી સ્તો ! પણ ગ્રહદશા સારી હોય ત્યારે માણસ ઊંધું કરે તો ય પરિણામ એના લાભમાં આવે! રામદાસ માટે પણ કાંઈક આવું જ બન્યું. શેર બજારે એમને શરૂથી જ ખૂબ યારી આપી. લોકોની નજરે એમનો ખોટો સોદોય સરવાળે સાચો સાબિત થવા લાગ્યો. જ્યાં ભલભલા અનુભવી શેર બજારીયાઓ ખત્તા ખાઇ જતા ત્યાં રામદાસ જેવો 'નવો નિશાળીઓ' પાંચ પૈસા પેદા કરતો. જો કે રામદાસ શેઠ પોતે એમાં પોતાની હોંશિયારી નહિ, ઈશ્વરની કૃપા જોતા. પણ સાથી વેપારીઓ એમ સમજતા થઈ ગયા કે રામદાસના હાથમાં બજારની પકડ આવી ગઇ છે, એટલે એની ધારણાઓ સાચી પડે છે. કેટલાક તો પછી રામદાસ શેઠ શું કરે છે એ જોઈને તદ્ અનુસાર પોતાનો ધંધો કરવા લાગ્યા ને એમાં ફાવ્યા ય ખરા. તો કેટલાક તો વળી એમની સલાહ પણ માગતા. આમ જોતજોતામાં રામદાસ શેઠ વેપારના ક્ષેત્રમાં નામ ને નાણાં બંને કમાયા. હવે જૂના વપોરીઓ એમના તરફ કૌતુક કે મજાકથી નહિ, માનથી જોવા લાગ્યા, ને કમને ભગવાનદાસ પણ! સફળતાના સૌ સાથી હોય છે, નિષ્ફળતામાં પોતાનાંય પરાયાં બની જાય છે!

એ પછી હવેલીની હરાજીમાં રામદાસ શેઠ અને ભગવાનદાસ શેઠ સામસામે આવી ગયા. ભગવાનદાને રામદાસના ગજાનો અને એ કરતાંય એમની હિંમતનો સચો ખ્યાલ નહિ. એટલે પોતાના પૈસાના જોરે થોડી જ વારમાં એમને મેદાનમાંથી હઠાવી દેવાશે એ ખ્યાલે એમણે બોલી તો બોલવા માંડી, પણ રામદાસ શેઠ જુદી માટીના માનવી નીકળ્યા. એમણે ધાર્યા કરતાં વધુ હિંમત બતાવી અને વધુ કિંમત આપી હરાજીમાંથી ભગવાનદાસને હઠાવી દીધા અને હવેલી પોતે ખરીદી લીધી. કોઈ અભિમાનની ભાવનાથી પ્રેરાઈને નહિ, પણ વસ્તી, વિસ્તાર અને ઈમારત પોતાને ગમી ગયાં હતાં, એટલે બને ત્યાં સુધી હવેલી જવા નહિ દેવી એવી હરાજી પહેલાં જ રામદાસ



શેઠે મનમાં ગાંઠ વાળી હતી. ભગવાનદાસ શેઠ હરીફાઈમાં સામે હતા એટલે મનમાં તો એમનેય થોડો ડર હતો કે હવેલી હાથ લાગવી અઘરી છે. પણ ધારણા કરતાં થોડીક વધુ કિંમત આપવી પડી, છતાં ધાર્યા કરતાં વહેલા ભગવાનદસ શેઠને હઠાવી શકાયા એમ રામદાસને ત્યારે લાગેલું. હવેલીની ખરીદીમાં રામદાસ શેઠે જ સફળતાથી હરીફાઇ કરી એથી જ એ વિસ્તારના લોકો ત્યારે એમને ઓળખી ગયા. કારણ, આ હરાજી માટે વર્તમાન પત્રોમાંય સારી એવી જાહેરાત કરવામાં આવી હતી. એટલે આ વિશાળ હવેલી કયો બડભાગી ખરીદે છે એમાં લોકોને રસ જાગ્યો હતો!

મનથી જેને પોતાનો હરીફ માનતા હતા એ રામદાસ આમ જાહેરમાં પોતાનું નાક કાપી ગયા એનો ભગવાદાસને ઓછો ખટકો નહોતો. પણ એ માણસ જમાનાનો ખાધેલ હતો. એમના ગોળી જેવા મોટા પેટમાં ઘણી વાતો સમાઇ શકતી અને સચવાઈને પડી રહેતી. જરૂર પડે અમાંથી ક્યારે કઈ વાત બહાર કાઢવી એ ભગવાનદાસ બરાબર સમજતા. બોલીને બગાડવામાં એ માનતા નહિ. કોઈને મારવું એ એમનો સિદ્ધાંત હતો. એમ થવાથી પોતાને નુકસાન ન થાય અને મરનાર મરતાં મરતાંય પોતાને તો નિર્દોષ જ જાણે એવા બેવડા લાભનો ભગવાનદાસને ખ્યાલ હતો, એટલે હવેલીની હરાજીમાંથી પોતે હઠી ગયા ત્યારે એમણે સીફતપૂર્વક કહેલું :

'શાબાશ રામદાસભાઈ, તમે હિંમતવાળા માણસ છો. મારે તો આ હવેલીને શું કરવી છે? મારું અત્યારનું મકાન જ મોટું પડે છે ને મને. અને તમારે ખરેખર જગાની સંકડામણ છે. એટલે હવેલી તો મારે તમને જ અપાવવી હતી. આ તો કોઈ ત્રીજો માણસ વચ્ચે ફાચર ન મારે માટે જ મેં તમારી સામે બોલી બોલવાનો દેખાવ કર્યો. હવેલી તમે એમાં સુખેથી રહો. મારી શુભેચ્છા છે. અને તમારી હવેલી એ મારી જ છે ને!'

આ મીઠાશમાં રહેલો મર્મ રામદાસ નહોતા સમજતા એમ તો નહિ. પણ એમણે તો ત્યારેય નિરાભિમાનપણે આભાર માનતાં કહેલું :

'તે હું ક્યાં નથી સમજતો તમારો ભાવ ભગવાનદાસભાઇ, બાકી, તમારી સામે હરિફાઇ કરવાનું મારું ગજુંય ખરું કે?'

પછી બંને એકબીજાને ભેટીને છૂટા પડેલા ! મોટા ભાગની આવી ભેટમાં પ્રમાણિકતા કે પ્રેમ નથી હોતાં, બહુધા તો એમાં પ્રણાલિકા કે પાખંડ જ વધુ હોય છે!

મનની આંટી મનમાં રાખી ભગવાનદાસે શેઠ રામદાસ સાથે ઉપરથી તો સારા સંબંધ જાળવ્યા. બંને જણની શરાફી પેઢીઓ પણ હતી. એકબીજાને જરૂર પડે રૂપિયાની લેવડ-દેવડ પણ રહેતી. મીઠા ભગવાનદાસ મોઢે સાકર વાટતા અને કહેતા : 'રામદાસભાઈ, જરૂર પડે મારા પૈસા તમારા જ માનજો. ધંધો કરતાં ગભરાવું નહિ, એમાં પૈસાની ક્યારે કેટલી જરૂર પડે એ કાંઇ કહેવાય નહિ, પણ હું બેઠો છું, પછી તમારે શી ફીકર? તમારા માટે અરધી રાત્રે ય મારી પેઢીનાં દ્વાર ખુલ્લાં માનજો...'

રામદાસ શેઠ આ મીઠાશનો મર્મ સમજતા હતા. એટલે એ પણ હસીને જવાબ દેતા : 'આભાર તમારો ભગવાનદાસભાઈ, તમે મોટા છો અને મોટા મનના છો, પણ ધંધાની રીતે ક્યારેક તમારે ય મારા જેવા નાના માણસનો ખપ પડે તો મને પારકો ના માનશો.'

રામદાસ શેઠના મનમાં આમ કહેતી વેળા કોઇ કપટનો ભાવ નહોતો. પણ ભગવાનદાસ ઉપકાર નીચે બને ત્યાં સુધી રહેવું નહિ એમ તો એ માનતા જ, કારણ કે એમને ખબર હતી કે વ્યાજ ખાઉં માણસની મીઠાશમાં પણ એકના ત્રણ કરવાની ગણતરી જ હોય છે. છતાં બંને પેઢીઓએ જરૂર પૂરતા વ્યાપારી સંબંધો જાળવ્યા હતા.

પણ ભગવાનદાસ એમની રમતમાં હતા. શરૂમાં રામદાસ પ્રત્યેના દ્વેષને કારણે એમને કેમ પાછા પાડવા એન પોતાના હાથમાંથી ઝુંટવાઇ ગયેલી હવેલી કેમ કરીને પાછી મેળવી લેવી એ ગણતરી હતી, એટલા માટે રામદાસને મોટો આર્થિક ફટકો પડે એની રાહ જોતા હતા. માટે જ તો ક્યારેક સોદો કરવામાં વગર પૂછ્યે એ રામદાસને સલાહ આપતા-અલબત્ત, અવળી સલાહ! પણ રામદાસનો સ્વભાવ એવો હતો કે સાંભળવું સૌનું, પણ કરવું મનનું. એમે પારકી સલાહથી પરદેશ ખેડે એવા એ કમઅક્કલ નહોતા. વળી કુદરતી રીતે જ અમનામાં હૈયા ઉકલત સારી હતી. એટલે જ્યારે જરૂર પડે ત્યારે પોતાની જાતે વિચારી તે ઝડપી નિર્ણય લઇ શકતા અને તરત એનો અમલ પણ કરી શકતા.



વર્ષો સુધી પોતાની જાળમાં નહિ ફસાયેલા રામદાસ માટે પાછળથી શેઠ ભગવાનદાસની વિચારધારા બદલાઇ હતી. એમનામાં સદ્‌બુદ્ધિનું પ્રાગટ્ય થયું હતું એટલા માટે નહિ, પણ પોતાની સ્વાર્થ બુદ્ધિને કારણે!

શેઠ ભગવાનદાસનું કુટુંબજીવન છતે પૈસે આનંદદાયક નહોતું. જો કે કુટુંબ બહુ નાનું હતું. એક દીકરી હતી જેને ધામધૂમથી પરણાવી સાસરે વળાવી દીધી હતી. એક પુત્ર હતો. સુખી ઘરમાં જન્મેલા એકના એક પુત્રમાં હોવા જોઇએ એવા બધા જ દુર્ગુણ લક્ષ્મીકાંતમાં નાનપણથી હતા. આળસુ ને પ્રમાદી. મોડો સૂએ ને મોડો ઊઠે. વર્ષો પછી માંડ માંડ એસ.એસ.સી. પાસ થયેલો અને લહેર કરવા ખાતર એકાદ વર્ષ કૉલેજમાં આંટો મારી આવેલો. દેખાવે ગોરો છતાં ઋક્ષ અને સ્વભાવે સ્વચ્છંદી અને શુષ્ક, કામ હોય એની સાથે જ બોલે. અને વળી વિશેષ કામ તો એને સ્ત્રીઓનું જ પડે! પૈસાની કમી નહોતી, એટલે એ વાપરવામાં સાથ આપે એવા મિત્રો હતા જ. શરાબ અને સુંદરીનો શોખીન. રાત્રે મોડો જુગારના અડ્ડેથી કે ગાયિકાના કોઠેથી ઘેર આવે. શરૂમાં ભગવાનદાસે એને ટોકવા અને કુમાર્ગે જતો રોકવા પ્રયત્ન કરેલો. વળી દાણચોરીના ધંધે વળેલો હોઇ ક્યારેક ફસાઇ જશે માટે સીધી રીતે પોતાની પેઢી સંભાળવા સુચવેલું. પણ ઓછી મહેનતે ઘણું કમાઇ લેવાની વૃત્તિ અને વિલાસી જીવનની આદતને કરણે લક્ષ્મીકાંત હવે એ માર્ગેથી પાછો વળી શકે એમ નહોતો. જો કે ધીરે ધીરે એ પેઢી પર ક્યારેક આંટામારી આવતો થયો હતો. પણ એ ય મોટે ભાગે તો ખીસ્સું ખાલી હોય ત્યારે બે-પાંચ હજાર લેવા માટે જ. બાકી એ ધંધામાં એને બહુ ઓછો રસ હતો. કલાકો સુધી એક જગ્યાએ બેસી રહેવાનું એના સ્વભાવમાં જ નહોતું. એનું ચંચળ મન હંમેશાં નવા નવા આનંદ વિલાસ જ શોધતું રહેતું.

પુત્રનાં આવાં લક્ષણનું કારણ ચંપા શેઠાણી જાણતાં હતાં. લક્ષ્મીકાન્તના જન્મ પછી ચંપા શેઠાણી કાયમ બીમાર અને ઘણું ખરું પથારીવશ રહેતાં. એટલે પુત્ર ઉછેરમાં અને સંસ્કાર ઘડતરમાં એ ખાસ ધ્યાન આપી શકેલાં નહિ. શેઠ ભગવાનદાસને તો એ પરવડે એમ હતું જ નહિ. એટલે નોકરો અને કામવાળીઓના હાથ નીચે લક્ષ્મીકાન્તનો ઉછેર થયો. પલંગમાં પડ્યાં પડ્યાં ચંપા શેઠાણી કામવાળી પાસે છોકરાની કાળજી રખાવતાં, પણ રાખી શકતાં નહિ. શેઠ ભગવાનદાસ આમે ય જરા રસિયો

જીવ હતા. અને પત્નીની સતત માંદગીએ તો એમનો રસ ફરજિયાતપણે બીજા માર્ગોએ વળી ગયો હતો. એટલે પહેલાં જે ક્યારેક થતું એ હવે રોજીંદુ થઇ ગયું હતું.પહેલાં જે માટે શરમ આવતી તે હવે ધરમ જેવું સ્વાભાવિક થઇ ગયું હતું. લક્ષ્મીકાન્ત તો ત્યારે નાનો હતો. પણ રાત્રે રોજ 'શરબત' પીતા પિતાજીનું ચિત્ર એના ચિત્તમાં જડાઇ ગયું હતું. શેઠાણીની સારવાર માટે અને રસોઇ તથા ઘરકામ માટે શેઠ ભગવાનદાસ જે નોકરાણીઓ રાખતા એ બધી એમને શેઠાણીની ગેરહાજરી ન સાલવા દે એવી કહ્યાગરી રહેતી એ ખુદ ચંપા શેઠાણી જાણતાં અને જોતાં હતાં. છતાં એ આંખ ખાડા કાન કરતાં! એમ કરે જ છૂટકો હતો. બાકી, ભગવાનદાસ બીજી બધી રીતે એક સારા પતિ હતા. માંદાં શેઠાણીની દવામાં કશી કસર તેઓ રાખતા નહિ. સારા સારા ડૉક્ટરની સલાહ પ્રમાણે એમની સારવાર થતી અને એક બાઇ ખાસ એમની સેવામાં સતત હાજર રહેતી. પોતે પણ જ્યારે ઘેર આવે ત્યારે પત્નીની ખબર લેતા, એની પાસે થોડું બેસતા, ખબર અંતર પૂછતા અને બીજી સામાજિક વાતો પણ કરતા. એટલે શેઠ માટે ચંપા શેઠાણીને બીજી કોઇ રીતે અસંતોષ નહોતો. બાકી, પોતાને દવા અને દુઆ તથા શેઠને દારૂ તથા દાસીઓ જ જીવતાં રાખી શકે એમ છે એ વાત શેઠાણી સારી રીતે સમજતાં હતાં. એમની એક મોટી ચિંતા પુત્રીને પરણાવવાની હતી, એ તો એમના જીવતાં જ શેઠે દૂર કરી દીધી હતી. દીકરીના સદ્‌ભાગ્યે વર અને ઘર બંને સારાં મળ્યાં હતાં, પણ લક્ષ્મીકાન્તની ચિંતા તો રહી જ. પિતાની ઉપર ચાર ચપટી ભભરાવે એવા એમનાં પુત્રનાં લક્ષણોથી જ્ઞાતિવાળા અજાણ્યા નહોતા. એટલે કોઇ સારા ઘર-કુળની કન્યા લક્ષ્મીકાન્તને મળે એમ લાગતું નહોતું. પૈસો હતો. પણ પૈસાને જાળવનાર સંસ્કારી પુત્ર નહોતો, એ વાતનો વસવસો ચંપા શેઠાણીને કાયમ માટે રહી ગયો.

એટલે એ વસવસા સાથે અને ઘરમાં પુત્રવધૂ ફરતી જોવાના કોડ અધૂરા મૂકી ચંપા શેઠાણીએ કાયમ માટે વિદાય લીધી ત્યારે શેઠ ભગવાનદાસના ઘરમાં કોઇ મોટો બનાવ બન્યો હોય એમ લાગ્યું નહિ! વર્ષોથી નિશ્ચિતપણે શઠાણી મૃત્યુની નજીક ઘસડાતાં હતાં, એ એમના સહિત સૌ કોઇ જાણતું હતું. જીવાદોરી દવાના જોરે જ લંબાતી હતી. એટલે આશ્વાસન આપનાર લોકો કહેતાં એ સાચું જ હતું કે શેઠાણી સારું જીવ્યાં, બાકી માંદગીને બિછાનેથી આટલાં વર્ષ ખેંચી કાઢવાં એ ઓછા ભાગ્યની



વાત છે? તો કોઇ એ વાતની પૂર્તિ કરતાં કહેતું : 'ખરું છે. બધું પતાવીને, લીલી વાડી મૂકીને ગયાં છે. આટલા લક્ષ્મીકાન્તનાં લગ્ન જોઇને ગયાં હોત તો... ત્યારે વળી ત્રીજું અધવચ્ચે બોલી ઊઠતું : 'હવે લક્ષ્મીકાન્ત તો પરણશે જ તો. ભૂંકતું ગધેડું ક્યાં ચોરીએ જવાનું છે? એમ કહો ને પુત્રીને પરણાવીને ગયાં!' અને 'ખરી વાત છે' કહી સૌ એમાં સુર પુરાવી શેઠને આશ્વાસન આપ્યાનો સંતોષ લેતાં!

પણ મોટા ભાગના લોકો જેમ આશ્વાસન આપવા ખાતર જ આપતાં હતાં, તેમ શેઠ ભગવાનદાસ લોકો પાસેથી પણ લેવા ખાતર જ એ લેતા હતા. બાકી, શું થયું, એમાં કેટલું ખોટું થયું અને હવે પછી શું કરવું એ બધું ભગવાનદાસ સારી રીતે સમજતા હતા. એટલે એમણે શાંતિપૂવક પત્નીની ઉત્તરક્રિયા સંપૂર્ણ ધાર્મિક વિધિથી પતાવી. સામાજિક રીતે સારો ખર્ચ કર્યો, તો ધાર્મિક રીતે પણ ઘણું સારું પુણ્ય-દાન કર્યું. ટૂંકમાં, એક સ્નેહાળ પતિ કરે એવી બધી જ ક્રિયાઓ મૃત પત્નીના આત્માને શાંતિ મળે એ રીતે ભગવાનદાસે કરી. પુત્રી પણ ભવિષ્યમાં કોઇની ઓશિયાળી ન રહે એ માટે એના નામ પર સારી એવી રકમ એમણે બેંકમાં મૂકી દીધી. જેથી એના વ્યાજમાંથી એને દર વર્ષે નિયમિત રીતે એનાં કપડાં વગેરે માટે પૈસા મળી રહે. આમ વ્યવહાર ડાહ્યા ભગવાનદાસે બધું વિચારપૂર્વક વ્યવસ્થિત કરવા માંડ્યું.

લાંબો સંસાર તો હતો નહિ. એટલે માંદી પત્નીની વર્ષો સુધી પ્રેમ અને પૈસાથી સેવા કર્યા બાદ એ સ્વર્ગે સિધાવી ત્યારે એની ઉત્તરક્રિયા પણ એવી જ રીતે દિલપૂર્વક કરી ભગવાનદસે પતિ-ધર્મ પૂરો કર્યો. પછી પુત્રીનાં કપડાં વગેરેની વ્યવસ્થા પણ એમણે કાયમ માટે કરી લીધી. જો કે એ ઉપરાંત પણ પુત્રી માટે તો એ સારું ઘસાતા જ. આ તો ભવિષ્યનો વિચાર કરીને જ એમણે એના નામે થાપણ મૂકી હતી. હવે એમની એક માત્ર, પણ મોટી ચિંતા હતી લક્ષ્મીકાન્તની. એટલે હવે એમણે એ દિશામાં વિચારવા માંડ્યું.

રામદાસ શેઠ હવેલી આંચકી ગયા ત્યારનો ખટકો તો એમના મનમાં હતો જ. એ હવેલી પોતાની પાસે આવે એ માટે એ દાવ શોધતા હતા. રામદાસ ક્યારેક ધંધામાં ફસાઇ પડે તો જ એ દાવ આવે એમ હતો. પણ નસીબદાર રામદાસ પીછે હઠને બદલે પ્રગતિ જ કરતા ગયા એટલે

ભગવાનદાસનો ઘાટ બેઠો નહિ. એ હવેલી જેવાં મકાનો શહેરમાં ન જ મળે એમ નહિ, પણ સવાલ વટનો હતો. પણ ભગવાને ત્યારે અને અત્યાર સુધી ય વટ ભગવાનદાસનો નહિ, રામદાસનો રાખ્યો હતો, અને ભગવાનની ઈચ્છા વિના તો કોનો વટ રહ્યો છે કે ગયો છે?

પણ પત્નીના મૃત્યુ પછી ભગવાનદાસે વિચાર અને વ્યૂહ બંને બદલ્યાં. જો કે વિચારબીજ તો એમના મનમાં કેટલાક સમય પહેલાંથી રોપાયેલું હતું. એટલે જ તો રામદાસને ઘેર અવર-જવરનો સંબંધ એમણે સાચવ્યો હતો. એ અવર-જવરને કારણે જ અલ્પા એમની નજરમાં વસી ગઇ હતી.

એટલે પત્નીના મૃત્યુ ભગવાનદાસે વિચાર્યું : ‘રામદાસે મારું શું બગાડ્યું છે જે હું એનું બુરું ઈચ્છું? માણસ સંબંધ તોડવાને બદલે સંબંધ જોડવા જેવો છે... એને એક દીકરી છે. સંસ્કારી, શાણી, ભણેલી ને હોંશિયાર છોકરી છે. રૂપ તો એનામાં છે જ. પણ એથી ય સારા એના ગુણ છે. હું રામદાસ પાસે જાઉં છું ત્યારે કેટલા વિવેકથી ‘કાકા’ કહી સ્વાગત કરે છે! પાછી શરમાળ અને મર્યાદાવાળી છે. આજની છોકરીઓ જેવી ઉદ્ધત કે આછકલી નથી. જે ઘરમાં જશે તે ઘરને વગર દીવે ય અજવાળશે.’

અને એમાંથી જ ભગવાનદાસના મનમાં વિચાર ઝબક્યો :

‘મારા ઘરમાં એ આવે તો? મારા લક્ષ્મીકાન્ત જોડે અલ્પાનું ગોઠવાય તો?’

અને પોતાના આ વિચાર બદલ પોતાની જાતને ધન્યવાદ આપતા શેઠ એકલા એકલા બોલ્યા :

‘તો તો ભગવાનદાસ તમારાં ને તમારા કુપુત્રનાં ભાગ્ય ઊઘડી જાય.’

સહેજ વાર ઊંડા ચિંતનમાં હોય એમ આંખ મીંચી પછી એ મનમાં જ બોલ્યા :

‘આજ સુધી મને આવો વિચાર ન આવ્યો, અથવા મેં એ માટે પ્રયત્ન ન કર્યો એ જ નવાઈની વાત છે. આ તો કાખમાં છોકરું ને ગામમાં



ઢૂંઢવા નીકળ્યા જેવું થયું! કદાચ રામદાસ પ્રત્યેના દ્વેષને કારણે મારી આંખોએ પડળ આવ્યાં હશે. પણ હવે જાગ્યા ત્યારથી સવાર. અલ્પા જો મારા ઘરમાં આવે તો કેટલા બધા લાભઃ એના પિતાની એકની એક દીકરી છે, એટલે આમે ય બધી મિલકતની વારસ એ જ છે, એટલે જે હવેલીને હું ઝંખું છું એ હવેલી તો મારે ત્યાં આવશે જ, પણ સાથે સાથે એની બધી મિલકત પણ આવશે. વળી રામદાસ શેઠ સાથેના સંબંધો સાચા પ્રેમભર્યા બનશે એ વિશેષ લાભ. પણ...’ ભગવાનદાસ શેઠ સહેજ અટકીને બોલ્યા :

‘સૌથી મોટો લાભ તો એ કે મારા લક્ષ્મીકાન્તને જો અલ્પા જેવી શાણી ને સંસ્કારી પત્ની મળે તો એને ય સુધારી દે. એનાં શરાબ, જુગાર ને લંપટતા બધું જ છોડાવી શકે એવી સંસ્કારી ને પ્રતિભાશાળી છોકરી છે. અરે, એને સંપુર્ણ રીતે સુધારી ન શકે તો એને વશમાં રાખે તો ય ઘણું. અને એટલું તો એ જરૂર કરી શકશે. વળ, પેઢીનો વહીવટ સંભાળી ધંધો ચલાવી શકે એવી ભણેલી ગણેલી ને ચાલાક છે. એ આ ઘરમાં આવે તો મારે તો ગયેલો દીકરો ઘેર આવ્યા જેવો લાભ થાય! અને વળી રામદાસ જેવા કુળવાન માણસની કન્યા ઘરમાં આવે તો મારી સામાજિક પ્રતિષ્ઠા ય કેટલી બધી વધે!’ આમ પોતાના પુત્રને રામદાસ શેઠની દીકરી અલ્પા સાથે પરણાવી શકાય તો બધી જ રીતે લાભ જ લાભ છે એમ વિચારતા વિચારતા ભગવાનદાસ શેઠને તો સ્વર્ગ મળ્યાનો આનંદ થયો. અને પોતાની સ્વર્ગસ્થ પત્નીને સંબોધીને એમણે કહી પણ નાખ્યું :

‘શેઠાણી, તમને લક્ષ્મીકાન્તની ફિકર હતી ને? એને માટે સારી વહુ જોઈતી હતી ને તમારે ? તો જુઓ, હવે એને એવી જગાએ પરણાવું છું કે તમે ત્યાં રહ્યાં રહ્યાં ય આનંદસાગરમાં ડૂબી જશો...’

શેઠાણી તો ડૂબતાં ડૂબશે, પણ આ વિચારે ભગવાનદાસ શેઠ તો ખરેખર આનંદ સાગરમાં ડૂબી જ ગયા. કોઈ નિર્ણય કર્યા પછી એના અમલમાં ભગવાનદાસ હંમેશાં ઝડપ કરતા. એટલે રામદાસ શેઠના ઘર સાથે સંબંધ બાંધવાની વાત અને એથી થનાર અનેક પ્રકારના લાભ સૌ પ્રથમ તો એમણે એમના પુત્ર લક્ષ્મીકાન્તને ઘરના એકાંત ખૂણે બેસી વિગતે સમજાવ્યો. સામાન્ય રીતે પિતાની બધી વાતો માનવા કે સ્વીકારવા તૈયાર થાય એવો

લક્ષ્મીકાન્તનો સ્વભાવ કે મિજાજ નહોતાં. પણ જીવનમાં પહેલીવાર આજે પિતાએ કહેલી વાતનો એકેએક મુદ્દો લક્ષ્મીકાન્તને સાચો, સારો અને લાભકારક લાગ્યો! અલબત્ત, 'અલ્પા તારા બધા દુર્ગુણો દૂર કરી દેશે, અને તને સાચો તથા સારો માણસ બનાવશે,' એ વાત ભગવાનદાસે બુદ્ધિપૂર્વક આ રીત કહી :

'સુશીલ પત્ની ઘરમાં હોય તો પુરૂષ પણ શાંત, સ્વસ્થ, સુવિચારી અને સન્માર્ગે ચાલનારો બને છે. એમાં ય અલ્પા તો રૂપ અને ગુણનો ભંડાર છે...

એ પછી પોતે વિચારેલા બીજા બધા લાભો પણ એમણે લક્ષ્મીકાન્તને ગણાવ્યા. પિતાએ કહેલા બધાય લાભ એને ગળે ઊતર્યા. પણ વિશેષ તો પેલી વાત એને ગમી : 'અલ્પા રૂપનો ભંડાર છે...!'

'તો..તો...' અને લંપટ લક્ષ્મીકાન્તે અલ્પાને જોયા વિના ય હોઠ પર જીભ ફેરવી!

પુત્રને સમજાવી અને એની સંમતિ મેળવ્યા પછી શેઠ ભગવાનદાસે આગળની ક્રિયા ચાલુ કરી.

શેઠાણી પાછળ એમણે સ્ટીલની મોટી પવાલીઓનું લહાણું કર્યું. ખાસ્સી મોંઘી પવાલીઓ હતી. ખાસ સંબંધીઓને જ શેઠે એ આપી હતી. રામદાસ શેઠને ઘેર એક પવાલી પહોંચી ગઇ. અર્થાત્ રામદાસ શેઠ એમના ખાસ સંબંધીની યાદીમાં આવી ગયા !

થોડા દિવસ પછી ભગવાનદાસે રામદાસ પર ફોન કર્યો...થોડી ઔપચારિક વાતચીત પછી એમણે પૂછ્યું :

'સાંજે ઘેર છો રામદાસભાઇ?'

'હા, બોલો, કાંઇ કામ છે?' રામદાસે સહાનુભૂતિથી પૂછ્યું. ઘરભંગ થયેલા ભગવાનદાસ માટે રામદાસનાં ઘરનાંને ખરેખર થોડી સહાનુભૂતિ થઇ હતી! કોઇને મુશ્કેલીમાં જુએ ત્યારે સજ્જનના દિલમાં સ્વાભાવિક જ સમભાવ પ્રગટે.



'જરા એક બાબતમાં સલાહ લેવાની છે તમારી.' ભગવાનદાસ બોલ્યા.

'હા, ખુશીથી આવો.' રામદાસે કહ્યું : 'અને કહો તો હું ઘેર આવું'

'એમ તો કેમ કહેવાય મારાથી' ભગવાનદાસે વિવેકથી કહ્યું : 'મારે કામ છે એટલે મારે જ આવવું જોઇએ.'

'અરે એવું તે હોય? હું ને તમે કાંઇ જુદા છીએ?' રામદાસે કહ્યું : 'કાંઇ પણ કામ હોય તો મારા પર હક્ક છે તમારો, અને એ કરવું એ મારી ફરજ છે.'

'તમારી લાગણી બદલ આભારી છું. રામદાસભાઇ.' ભગવાનદાસ નમ્રતાથી બોલ્યા : 'પણ આજ તો હું જ આવીશ. શેઠાણીની પાછળ એક સારું ટ્રસ્ટ કરવું છે એમાં તમારી સલાહ લેવી છે મારે.'

'ટ્રસ્ટ કરવાનો વિચાર ઉત્તમ છે. એમાં સમાજની સેવા છે ને પૈસાનો સદુપયોગ છે. તમને તો ભગવાને ઘણું આપ્યું છે, પછી આવો સારો વિચાર આવે જ ને?'

'હા, અને મારા કરતાં ય અમારા લક્ષ્મીકાન્તની ખાસ ઇચ્છા છે,' ભગવાનદાસે યુક્તિપૂર્વક કહેવા માંડ્યું : 'કહે છે કે બાની પાછળ એક સારી રકમનું ધર્માદા ટ્રસ્ટ કરવું છે.'

'સુપુત્રો તો એમ જ કરે ને?' રામદાસે અનુકૂળ પ્રત્યાઘાત પાડ્યો. ભગવાનદાસ શેઠ એથી ખુશ થયા. પુત્રની પ્રશંસા એમણે યુક્તિપૂર્વક કરી લીધી હતી.

'એટલે આજે એને ય સાથે લેતો આવીશ,' ભગવાનદાસે કહ્યું : 'જેથી તમારી સલાહ અમે બંને સાથે સમજી લઇ શકીએ!'

'જરૂર પધારો.' રામદાસે સજ્જનતાથી કહ્યું : 'ઘર તમારું છે.'

'તો સાંજે છ વાગે આવીશું.'

'ભલે, હું ઘેર જ છું.'

રિસીવર નીચે મૂકતાં ભગવાનદાસ શેઠને થયું : 'વાત યોગ્ય રીતે ધાર્યા પ્રમાણે જ આગળ વધે છે. ભગવાન કરશે તો ગાડી પાટે ચઢી જશે.' અને એમણે સામે લટકતી શ્રીનાથજીની તસ્વીરને પ્રણામ કર્યા.

ખરેખર તો આવું મોટું ટ્રસ્ટ કરવાની ભગવાનદાસની કોઇ યોજના જ નહોતી. અને લક્ષ્મીકાન્તને તો સ્વપ્નમાં ય એવો સારો વિચાર ન આવે. પણ રામદાસ શેઠ પર પોતાની અને એથી ય વિશેષ તો પુત્રની સારી છાપ પાડવા, એમના નિકટના સમાગમમાં લક્ષ્મીકાન્તને લાવવા અને એ રીતે અલ્પા માટેના આ મુરતિયા માટે રામદાસનું ધ્યાન ખેંવા જ ભગવાનદાસે ટ્રસ્ટના આ પ્રકારના વિચાર માટે આજની મુલાકાત ગોઠવી હતી!

સાંજે નિયત સમયે ભગવાનદાસ શેઠ પોતાની કારમાં પુત્ર સાથે રામદાસને ઘેર પહોંચ્યા.

રામદાસે પ્રેમથી આવકાર્યા. ચા-નાસ્તો થયાં, પછી રામદાસ બોલ્યા :

'બોલો ભગવાનદાસભાઇ, શી યોજના વિચારી છે ટ્રસ્ટની?'

'મારાં માતુશ્રીની સ્મૃતિમાં પચીસેક હજારનું એવું ટ્રસ્ટ કરવું છે કાકા કે જેના વ્યાજમાંથી આપણી જ્ઞાતિના ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે દર વર્ષે આર્થિક સહાય આપી શકાય.' પિતાએ ઘેર સમજાવ્યું હતું એ લક્ષ્મીકાન્તે કહ્યું. જો કે લક્ષ્મીકાન્ત પોતે કુવ્યસની છતાં બુદ્ધિશાળી હતો. એટલે કોઇની સાથે તર્કબદ્ધ વાત કરવામાં એ ગુંચવાય કે ગભરાય એવો નહોતાર્થ

'બહુ સારો વિચાર છે બેટા,' રામદાસ શેઠે ભાવપૂર્વક કહ્યું : 'પૈસાનો આથી સારો બીજો કયો ઉપયોગ હોઇ શકે? સ્વર્ગસ્થનું સ્મરણ પણ એથી કાયમ માટે સચવાઇ રહેશે.'

'તમે આ સિવાય બીજી કોઇ યોજના સૂચવો છો રામદાસ ભાઇ?' ભગવાનદાસે આત્મીયતા બતાવતાં પૂછ્યું.

'દાનની યોજનાઓ તો ઘણી વિચારી શકાય ભગવાનદાસભાઇ, તમારો વિચાર એવો સારો છે કે એમાં કશો સુધારો સૂચવવાનું મન નથી થતું.' રામદાસે સમજાવતાં કહ્યું : 'વિદ્યાદાન એ શ્રેષ્ઠ દાન છે.'



'તો એ ટ્રસ્ટમાં તમારે ટ્રસ્ટી તરીકે રહેવું પડશે કાકા!' લક્ષ્મીકાન્તે માનપૂર્વક કહ્યું.

'અરે બેટા,' રામદાસ શેઠે નિસ્પૃહતાથી કહ્યું, 'બીજા ઘણા સારા માણસો છે આપણામાં પછી મારી શી જરૂર?'

'અમારે મન તમે બીજા કરતાં ઓછા સારા નથી હોં કાકા,' લક્ષ્મીકાન્તે કહ્યું : 'બલકે વધારે સારા છો.'

રામદાસે હસતાં હસતાં ભગવાનદાસ સામે જોયું ત્યારે ખંધુ હસતાં એ બોલ્યા, 'લક્ષ્મીકાન્ત સાચું કહે છે.'

'ભલે ત્યારે બેટા,' સ્વીકાર કરતાં રામદાસે કહ્યું : 'સારા કામમાં સાથ આપતાં મને જોર પણ શું પડવાનું છે?'

'આભાર કાકા.' લક્ષ્મીકાન્ત બોલ્યો.

હેં હેં હેં હેં, ખંધુ હસતા ભગવાનદાસ બોલ્યા : 'લક્ષ્મીકાન્તને તમારે માટે બહુ માન છે રામદાસભાઇ.'

'એ એમની મોટાઇ છે!' રામદાસે લક્ષ્મીકાન્તને યશ આપતાં કહ્યું : 'સારા માણસો હંમશાં બીજાને જ મહત્તા આપે છે.'

ભગવાનદાસનો એક મુદ્દો હજી બાકી હતો. અલ્પા અને લક્ષ્મીકાન્ત એકબીજાને જુએ એ એમની ખાસ ઇચ્છા હતી. અલ્પા તો લક્ષ્મીકાન્તને ન ગમવાનો કોઇ પ્રશ્ન જ નહોતો. પણ જેવો છે તેવો લક્ષ્મીકાન્ત જો અલ્પાની નજરમાં વસી જાય તો પોતાનો બેડો પાર થઇ જાય એ વાત એ જાણતા હતા. જો કે લક્ષ્મીકાન્ત અલ્પાની નજરમાં વસી જાય એવી બહુ શક્યતા ભગવાનદાસને દેખાતી નહોતી. છતાં યુવાની અને લક્ષ્મીનું તેજ અત્યારે છે એટલે લક્ષ્મીકાન્ત 'દીઠો ન ગમે એવો' તો નહોતો જ, એમાં વળી જો થોડી કચાશ હોય તો માતાપિતાની સમજુતીથી મેળ બેસી જાય. આ બધી ભગવાનદાસની ખોટી ન ગણાય એવી ગણતરીઓ હતી. વળી લક્ષ્મીકાન્તની આંખોય પિતાએ વર્ણવેલી રામદાસ શેઠની પુત્રીને છૂપી છૂપી ક્યારની શોધતી હતી એ ય ભગવાનદાસની ધ્યાન બહાર નહોતું,

એટલે છેવટ સુધી અલ્પા નજરે ન જ પડી ત્યારે ભગવાનદાસે પિતાતુલ્ય ભાવથી પૂછ્યું :

'કેમ બેટી અલ્પા નથી કે શું ઘરમાં?'

'છે ને,' રામદાસ બોલ્યા. 'બેઠી બેઠી કાંઇક વાંચતી હશે.' કહી એમણે બટન દબાવ્યું. નોકર આવ્યો. એને કહ્યું : 'અલ્પાબેનને બોલાવ.'

હેં હેં હેં હેં પોતાની રીતે હસતા ભગવાનદાસ બોલ્યા, 'કોણ જાણે કેમ પણ મને એ છોકરી બહુ વહાલી લાગે છે.'

'દીકરી છે ને તમારી.' રામદાસે યોગ્ય પડઘો પાડતાં વિવેક કર્યો.

'ખરેખર રામદાસભાઇ, અલ્પાને જોઇને મને મારી દીકરી લીલા જ યાદ આવે છે. એને જોઇને મને લીલાને જોયા જેટલો સંતોષ વળે છે.' ભગવાનદાસે અલ્પાને પુત્રીતુલ્ય વર્ણવી. માણસના પેટમાં પેસી જવાની આવડત હતી એમનામાં!

એટલામાં અલ્પા આવી. રૂમમાં દાખલ થાં જ એણે માથે ઓઢ્યું. નમ્ર છતાં પ્રતિભાવાન, શાંત અને શરમાળ છતાં સ્વસ્થ અને સુંદર એવી અલ્પાએ સૌનું ધ્યાન ખેંચ્યું.

'મને બોલાવી બાપુજી?' કહેતાં એણે પ્રવેશ કર્યો.

'હા બેટા, આ ભગવાનદાસકાકા તને યાદ કરે છે.' રામદાસે સ્નેહનીતરતી વાણીમાં કહ્યું.

'નમસ્તે કાકા,' કહેતી અલ્પાએ ભગવાનદાસના ચરણ સ્પર્શ કર્યા.

'જીવતી રહે બેટા,' એના માથે હાથ મૂકતાં ભગવાનદાસ બોલ્યા : 'અને ખૂબ સુખી થા.'

એ પછી સહેજ સંકોચાઇને બાજુમાં ઊભેલી પુત્રીને વિવેક ખાતર રામદાસે કહ્યું :

'બેટા, આ ભગવાનદાસકાકાના દીકરા લક્ષ્મીકાન્ત છે.'



'નમસ્તે.' લગભગ ત્યારે જ સહેજ વાર એની સામે જોઇ અલ્પાએ કહ્યું :

'નમસ્તે,' જડાઇ ગયેલી મુર્તિ જેવા લક્ષ્મીકાન્તે બે હાથ ઊંચા કરી અલ્પાની સામે સ્મિત કરતાં કહ્યું. એ તો એને જોઇ ત્યારથી જ સ્વપ્નની દુનિયામાં ખોવાઇ ગયો હતો જાણે! પહેલીવાર એને પોતાના પિતામાં ડહાપણનો ભંડાર દેખાયો.'શું નજર છે મારા બાપુજીની!' એ વિચારી રહ્યો : 'અપ્સરા શોધી રાખી છે મારા માટે!'

'બસ બેટા, જા હવે જવું હોય તો,' પરિચય વિધિ પૂરો થતાં રામદાસ શેઠે પુત્રીનો સંકોચ દૂર કરવા કહ્યું.

'જી બાપુજી,' કહી ભગવાનદાસને 'આવજો કાકા'નો વિવેક કરી અલ્પા પાછી વળી ગઇ.

'હા બેટા, આવજે હોં.' મીઠાશભરી વાણીમાં ભગવાનદાસે બને એટલો ભાવ ભરી દઇ કહ્યું.

થોડા ઔપચારિક વિવેક બાદ પછી બધા છૂટા પડ્યા.

રસ્તે મોટરમાં જ ભગવાનદાસે બાજુમાં બેઠેલા પુત્રને પૂછ્યું,

'બેટા, છોકરી કેવી લાગી?'

'બાપુજી,' જાણે વિવેકનો સાગર હોય તેમ લક્ષ્મીકાન્ત બોલ્યો : 'તમે જે કરો એ મને મંજૂર છે.'

ત્યારે હેં હેં હેં હેં હસતા ભગવાનદાસે ગૌરવપૂર્વક હાથ ફેરવી પોતાની મૂંછો પસારી. જાણે સૂચવતા હોય : 'તારો બાપ કાંઇ કમ છે? હવે ખ્યાલ આવ્યોને તને?'

દોડતી મોટરમાં ભાગતા મનવાળા ભગવાનદાસ શેઠને ત્યારે રામદાસ શેઠની હવેલી અને લક્ષ્મીકાન્તને એમની દીકરી હાથવેંતમાં દેખાયાં! હવે એ પ્રાપ્ત કરવા બંને આશાવાદી અને તેથી કૃતનિશ્ચયી બન્યા!

પણ એમના ગયા પછી અલ્પા તો પિતાજી પર અકળાઇને બોલી ઊઠી : 'બાપુજી, તમે આવા લોકોની વચ્ચે મને શા માટે બોલાવો છો?'

'બેટા,' વ્હાલથી રામદાસ બોલ્યા : 'કોઇ નામ દઇને યાદ કરે ત્યારે મારે એટલો વિવેક તો બતાવવો પડે ને?'

'તો ઠીક છે.' પાર્વતી શેઠાણી બોલ્યાં :'મેં તો માન્યું કે ભગવાનદસ એમના નબીરાને સાથે લઇને આવ્યા છે તે તમે કાંઈ....' બાકીનું વાક્ય શેઠાણીએ વગર બોલે આંખોના ભાવથી જ પૂરું કયું.

'ના રે ના,' મા-દીકરીની ચીડનું કારણ સમજી જતા રામદાસ બોલ્યા : 'એમ કાંઈ આપણી દીકરી રસ્તામાં પડી છે. અને હવે તો આપણે બીજી કશી પસંદગીનો સવાલ જ ક્યાં છે?' છેલ્લા વાક્યમાં રામદાસે મૌલિકની એમણે સૌએ કરેલી પસંદગીનો ઉલ્લેખ પરિણય હતો. કારણ કે ત્યારે અલ્પા-મૌલિકનો પરિણય શરૂ થઈ ગયો હતો.

ત્યારે સોફામાં બેઠાં બેઠાં પાર્વતી શેઠાણી મર્મ પામતાં મરક મરક હસી રહ્યાં ને શરમાતી અલ્પા હોઠોમાં હસતી હસતી રસોડા તરફ જતી રહી.

પુત્રની પહેલી મુલાકાત કરાવતી વખતે ભગવાનદાસે વિવાહ અંગે વાત નહોતી છેડી એ કાંઈ ભૂલમાં નહી. કોઇ પણ વાતને વ્યવસ્થિત રીતે કેમ આગળ વધારવી એ ભગવાનદાસને શીખવવું પડે એમ નહોતું. બી વાવવામાં જ ઝાડ ઊગી જાય અને ફળ મળી જાય એમ માની ઉતાવળ કરનારા મૂરખ જેવા ભગવાનદાસ બુદ્ધિહીન નહોતા. વાવણી, નિંદણી અને લણણીને એના યોગ્ય ક્રમમાં જ અનુસરવું પડે એ ભગવાનદાસ બરાબર સમજતા હતા. એ પછી થોડા દિવસ બાદ એમણે માણેકલાલને પોતાને ત્યાં બોલાવ્યા.

માણેકલાલ એમની ન્યાતનો જ, એમના પ્રમાણમાં નાનો વેપારી હતો. કયારેક જરૂર પડે ભગવાનદાસ એને થોડો ટેકો પણ કરતા. બંને જણ કાંઈક દૂરના સગા પણ ગણાય. વેપાર કરતાં ય વ્યવહારમાં વધારે કુશળ માણેકલાલ પોના પંચાયતીપણાને કારણે પાંચમાં પૂછાતા. ન્યાતનાં ઘણાં છોકરાં-છોકરીઓનો એમણે પાટો ગોઠવી દીધેલો. પણ વાંકું પડે તો કોઇના જોડેલા વિવાહ તોડાવી નાખવામાં ય માણેકલાલ પાછા ન પડે. એટલે સૌ એમનું મન રાખતા ને માન જાળવતા !

'કેમ યાદ કર્યો આજ ભગવાનદાસભાઈ?' ઘરમાં પેસતાં જ માણેકલાલે પૂછ્યું.



'આવો માણેકલાલ.' ભગવાનદાસે ક્હયું : 'તમને તો યાદ કરવા જ પડે ને ગામમાં રહેવું હોય તો.'

'લ્યો, હવે તમે ય મારી મજાક કરવા લાગ્યા?' કહેતા માણેકલાલ ભગવાનદાસની જોડે તકીયે ગોઠવાયા. આ વાત કરતાં કરતાં ચા આવી. એ પીતાં પીતાં જ ભગવાનદાસે વાત શરૂ કરી.

'એક વાતમાં તમારી સલાહ લેવાની છે માણેકલાલ.'

'ભગવાનદાસ શેઠને સલાહ આપવા જેટલો હું બડભાગી છું એ તો આજે જ જાણ્યું.' કપમાંથી રકાબીમાં ચા રેડતાં રેડતાં માણેકલાલ બોલ્યાઃ 'છતાં પૂછો તો ખરા. આવડશે એવું કહીશું.'

'વાત જાણે એમ છે કે આપણા લક્ષ્મીકાન્ત માટે ઘણા લોકો મને પૂછ્યા કરે છે.'

'તે ના પૂછે? પણ નામ ગણાવોને પૂછનારાઓનાં, એટલે એમાંથી કયું પકડી લેવું એ હું કહી દઉં.' ચતુર માણેકલાલે કહ્યું. કપાતરને કોઇ પૂછતું નહોતું એ માણેકલાલ જાણતા હતા!

'ના, પણ મારો વિચાર જરા જુદો છે.' ભગવાનદાસ બોલ્યા.

'તે કહો ત્યારે ખબર પડે ને.'

'આ... શેઠ રામદાસ ખરા ને?'

'હા, એમની એક દીકરી છે.' ભોમિયા માણેકલાલે કહ્યું.

'એનું લક્ષ્મીકાન્ત સાથે ગોઠવાય તો કેવું?' ભગવાનદાસ મોંમાં પાણી લાવતા બોલ્યા.

'કથીરમાં કંચન ભળે એવું. પણ પૂછ્યું છે એમણે?' આખાબોલા માણેકલાલે કહ્યું.

'ના, જાણે પૂછ્યું તો નથી.' ગૂંચવાતા ભગવાનદાસ બોલ્યા : 'પણ ઈચ્છા છે.'

'કોની? રામદાસની કે તમારી?' માણેકલાલે સીધું જ પૂછ્યું.

'મારી તો જાણે ખરી જ, પ..ણ એમની ય છે.' જરા ગૂંચવાતા ભગવાનદાસ બોલ્યા.

'તો પછી કરો કંકુના.' માણેકલાલ બોલ્યા : 'વાટ શાની જુઓ છો ને સલાહ કોની લો છો? ફાટેલી નોટો આપી સો ટચનું સોનું લેવાનું છે.' બેઠી દડીનો આ ભાંજગડીયો ભગવાનદાસે ધાર્યું હતું એ કરતાં વધારે સ્પષ્ટભાષી નીકળ્યો.

'પણ વાત જાણે એમ છે માણેકલાલ...'

'જે હોય તે સ્પષ્ટ કહો ભગવાનદાસ શેઠ, તમારે ત્યાં પોતાની દીકરીના વિવાહ કરવાની એમની ઈચ્છા રામદાસે કોની આગળ વ્યક્ત કરી?'

'એમ તો નહિ, પણ જાણે...'

'ત્યારે સીધી જ વાત કરોને ભલા માણસ કે તમારી જ ઈચ્છા છે એમની દીકરી સાથે લક્ષ્મીકાન્તના વિવાહ કરવાની.'

'એ તો જાણે ખરું જ.'

'અને તમારા જેવો ગણતરીબાજ માણસ આવી ઈચ્છા રાખે એ સ્વાભાવિક જ છે. કારણ કે રામદાસને ઘેર દીકરો પરણાવો તો તમને રતન જેવી કન્યા મળે, રામદાસ શેઠની મિલકત મળે અને હાથથી ગયેલી હવેલી બારણાં ખખડાવતી તમારે ઘેર આવે.' આખાબોલા માણેકલાલે સ્પષ્ટ કહી નાખ્યું. ભાંજગડીયા કેવા હોય એનો પરચો ભગવાનદાસને આજે થયો.

જરા શરમિંદા બની ગયેલા ભગવાનદાસ ક્ષોભ ઓછો કરવા બોલ્યા :

'તમે તો વિચક્ષણ છો માણેકલાલ, પણ મેં આમાં કન્યા સિવાય અન્ય કોઈ લાભની ગણતરી રાખી નથી. હા, અલ્પા જેવી સુશીલ કન્યાનો મને મોહ ખરો.'

'સો વાતની એક વાત હવે.' પાન મોંમાં મૂકતા માણેકલાલ બોલ્યા : 'આ માટે મારે પ્રયત્ન કરવાનો છે એમ જ ને?'

'હા. તમે તો ઘરના છો એટલે તમને જ આ કામ સોંપાય.'



'એ તો છે જ ને? તમારું કામ એ મારું જ.' પોતાપણું બતાવતાં માણેકલાલ બોલ્યા : 'આજે જ વાત આગળ ચલાવું.'

'તમને તો કાંઈ કહેવું પડે એમ નથી માણેકલાલ.' ભગવાનદાસે સાવચેતીનો સૂર કાઢતાં કહ્યું : 'પણ જો જો કાચું ન કપાય હોં.'

'કાચું તો હું કાપું એવો નથી શેઠ.' માણેકલાલ બોલ્યા : 'પણ રામદાસ કાંઈ કાચા માણસ નથી. એ સો ગરણે ગાળીને પાણી પીએ એવા છે.'

'માટે જ તો કામ તમને સોંપ્યું છે ભલા માણસ.' આત્મીયતા બતાવતા ભગવાનદાસ બોલ્યા.

અને 'હરિ કરશે તો સૌ સારું થશે.' કહી માણેકલાલ ઊઠ્યા ત્યારે સીધા દેખાતા આ ચાલાક માણસ તરફ ભગવાનદાસ આશ્ચર્યથી જોઈ રહ્યા!

'મારો બેટો જબરો છે.' તે બબડ્યા : 'મને ય બે-પાંચ સંભળાવતો ગયો, પણ ઠીક છે, ભગવાનદાસ જરૂર વખતે બધું સહી લઈ શકે છે.'

એ જ સાંજે માણેકલાલ પહોંચ્યા રામદાસને ઘેર.

'આવો આવો માણેકલાલ.' રામદાસે ઉત્સાહપૂર્વક આવકાર આપતાં કહ્યું : 'આજે કાંઈ આ તરફ ભૂલા પડ્યા!'

'સંસારની ધમાચકડીથી કંટાળું છું ત્યારે તમારા જેવા કોઈ મોટા માણસના દર્શને નીકળી જાઉં છું રામદાસભાઈ.' માણેકલાલે બેઠક લેતાં કહ્યું : એથી નવી સ્ફૂર્તિ ને પ્રેરણા મળે છે.

'હું દર્શન કરવા યોગ્ય તો નથી માણેકલાલ, પણ તમે મને મળવા આવો એ ઓછા આનંદની વાત નથી.'

થોડી વારે નોકર ચા-નાસ્તો લાવ્યો. રામદાસ શેઠને ત્યાં ગયેલું ભાગ્યે કોઈ ચા જ નહિ, નાસ્તા વિના પણ પરત જતું હશે!

ત્યારે માણેકલાલને ભગવાનદાસે સવારે પાયેલી ચા યાદ આવી. 'બળ્યો એનો પૈસો,' એ મનમાં બોલ્યા : 'ખાનદાની તો અહીં છે.'

થોડીવાર પછી ચા પીતાં પીતાં માણેકલાલે વાત ઉપાડી :

'રામદાસભાઇ, દીકરી તો... શું નામ? હવે મોટી થઇ છે.'

'કોની, મારી અલ્પાની વાત કરો છો?'

'હા હા, અલ્પા બેટીની સ્તો.'

'હા, વીસ વર્ષ પૂરાં થયાં એને.'

'સમય જતાં કોઇ વાર લાગે છે? આજકાલની વાત, આપણે ય હવે ઉંમરે પહોંચ્યાં.' માણેકલાલે કહ્યું.

'હા, હું તો તમારા કરતાં ય મોટો માણેકલાલ, પાંસઠ ઉપર નીકળી ગયાં.' ખાંસી ખાતા રામદાસ બોલ્યા : 'હવે તો તબિયત પણ ઠીક નથી રહેતી.'

'દેહનો ધર્મ દેહ બજાવે જ,' માણેકલાલે ધીરેથી કહ્યું : 'તો દીકરીનું કાંઇ ગોઠવ્યું કે વિચાર્યું છે?'

'ના રે ના, ગોઠવ્યું હોય તો તમને ખબર ન હોય?' રામદાસ બોલ્યા : 'તમે ઘરેઘરની વાત જાણો!'

'ઠીક છે રામદાસભાઇ એ તો,' પોતાના જ્ઞાતિજ્ઞાનને સામાન્ય ગણતાં માણેકલાલ બોલ્યા : 'પણ હવે સારું મળે તો ગોઠવી દેવું જોઇએ એમ નથી લાગતું?'

'મારી ય એ જ ચિંતા છે માણેકલાલ,' જાણી જોઇને ખોટી વાત ચલાવતાં રામદાસે કહ્યું : 'તમારી ધ્યાનમાં કોઇ સારું ઘર હોય તો સૂચવજો, વિચારીશું.' પુત્રીનું લગ્ન પતે ત્યાં સુધી કશી વાતનો કોઇને વહેમ ન જાય તેથી રામદાસ હેતુપૂર્વક આવી વાત કરતા હતા.

'અરે ઘર ને વર બંને સારાં બતાવું,' માણેકલાલે કહ્યું : 'તમારા જેવાને માટે એક કહેતાં અગિયાર ઘર મળે.' પછી નજીક સરી ધીરેથી ઉમેર્યું : 'ભગવાનદાસ શેઠનો એકનો એક દીકરો છે. ધંધામાં પાવરધો છે ને દેખાવે ય આંખ ઠરે એવો છે. ન જોયો હોય તો લઇ આવું એક દિવસ.'

'ના રે, જોયા છે.' રામદાસે બહુ રસ ન બતાવતાં કહ્યું.

'કેવો લાગ્યો?' તરત માણેકલાલે તક ઝડપી.



'ખોટો નથી.' ટૂંકમાં પતાવવા રામદાસે કહ્યું.

'તો વાત હું પાકી કરી લઉં? આમ તો ભગવાનદાસ સહેલઈથી હાથ મૂકવા દે એવા નથી. પણ તમે ચિંતા ન કરશો. તમારા માટે અને તે ય વળી મને એ ના નહિ પાડી શકે.' માણેકલાલે વાત પાકી જ કરી નાખવા માંડી.

'જોઇશ માણેકલાલ,' રામદાસે તાત્કાલિક વાત ટાળવા કહ્યું : 'એવી ઉતાવળ શી?'

'કશી જ નહિ,' ટેબલ પર ધીરેથી હાથ અફાળી માણેકલાલ બોલ્યા. 'આ કાંઇ માટલાંનો સોદો નથી કરવાનો, સાત પેઢીનો સંબંધ બાંધવાનો છે. એટલે શાંતિથી વિચાર કરીને મને જણાવજો. કહો તો બે દિવસ પછી હું આંટો ખાઇ જાઉં. મને પારકો ન માનશો.' માણેકલાલની મીઠાશ ભલભલાને સ્પર્શી જાય એવી હતી!

'તમને પારકા ગણું તો પોતાના કોને માનું?' રામદાસે ય એટલી જ મીઠાશથી કહ્યું : 'પણ તમારે ધક્કો ખાવાની જરૂર નથી. વિચાર હશે તો હું જ બે-ચાર દિવસમાં તમને સંદેશો મોકલીશ.'

'ભલે, આ તો મને થયું કે રામદાસભાઇને કોઇ નજીકનું સગું નથી તે બિચારા આવી બાબતોમાં મુંઝાય. એટલે વાત નીકળી ત્યારે સૂચન કર્યું. બાકી, આપણે એમાં કાંઇ સ્વાર્થ નથી હોં રામદાસભાઇ.' બંને હાથ ખભા તરફ ઊંચા કરતાં માણેકલાલે સફાઇ કરી.

'અરે એમ તે કેમ કહેવાય માણેકલાલ?' રામદાસ બોલ્યા : 'તમારી લાગણી હું નથી સમજતો એવું થોડું છે?'

થોડીવારે માણેકલાલ ઘેર જવા નીકળ્યા ત્યારે રામદાસે વિવેકથી વિદાય આપી. પછી રાત્રે વિચાર કરતાં એમને ભગવાનદાસ અને માણેકલાલની વાતોનો તાગ મળતો લાગ્યો. પોતાને ત્યાં સંબંધ જોડવા ભગવાનદાસ યોજનાબદ્ધ રીતે આગળ વધે છે એમ એ વિચારી શક્યા.

પાર્વતી શેઠાણીએ આ વાત જાણી. અલ્પાએ ય જાણી. પાર્વતી શેઠાણી તો સમજતાં હતાં, પણ અલ્પા અકળાઇ : 'બાપુજી, શા માટે તમે એમની કોણીએ ગોળ વળગાડી રાખો છો? એક ને એક બે કેમ નથી કહી દેતા?'

'કારણ કે એક ને એક અગિયાર પણ થાય બેટા,' હસતા રામદાસે ગમ્મત કરી : 'બે એકડા સાથે લખી જો જોઈએ.'

'બાપુજીને તો આમાં ય ગમ્મત પડે છે.' કૃત્રિમ અકળામણ બતાવતી અલ્પા બોલી.

'અને મારી દીકરીનો જીવ કપાય છે.' પાર્વતી શેઠાણીએ ય હસતે હસતે મજાક કરી.

'એને ડર લાગતો હશે કે કદાચ આમ કરતાં કરતાં ક્યાંક પાકું થઈ જાય તો.' હસતા રામદાસે કહ્યું : 'ખરું ને બેટા?'

'ડી...યો.' જમણા હાથનો અંગૂઠો બતાવતી અલ્પાએ લાડમાં જવાબ દીધો ને પછી બોલી : 'બા, બાપુજીને કહી દે કે આવી વાત ચલાવ્યા ન કરે. ફટ લઈને ના પાડી દેતાં શું થાય છે?'

'બેટા, ના કહેવાની પણ રીત હોય છે.' ઠાવકાઈથી રામદાસે કહ્યું : 'ગોળથી પતતું હોય તો ઝેર શા માટે વાપરવું? હવે વાત આગળ ચલાવવા આવશે ત્યારે જરા યુક્તિપૂર્વક ના પાડી દઈશ. તું જરાય ચિંતા ન કરીશ.'

એ પછી ચાર-પાંચ દિવ્સ ગયા. રામદાસને મળીને બીજે જ દિવસે માણેકલાલે ભગવાનદાસને કહેલું કે 'ઈચ્છા હશે તો વિચાર કરીને રામદાસભાઈ બે-ત્રણ દિવસમાં જણાવશે. એટલે ચાર-પાંચ દિવસ સુધી કાંઈ સમાચાર ન આવ્યા ત્યારે પોતાને ત્યાં પુત્રીના વિવાહ કરવાની રામદાસની ઈચ્છા નથી એમ ન સમજી જાય એવા ભગવાનદાસ ભોટ નહોતા. પરંતુ હવે માણેકલાલ દ્વારા છેવટનો જવાબ મંગાવવો એ પણ ઠીક નહોતું. કારણ કે એમને જો 'ના' નો જવાબ મળી જાય તો પોતે પછી રામદાસ સાથે એ અંગે વાત કરી શકે નહિ, એટલે પાંચમે દિવસે ભગવાનદાસે રામદાસ પર સીધો ફોન કર્યો.'

'કેમ છો રામદાસભાઈ?'

'કોણ ભગવાનદાસભાઈ?'

'હા.'



'બોલો શેઠ, શું ખબર છે. મઝામાં ને?' રામદાસે પૂછ્યું.

'મઝામાં રામદાસભાઈ, ઘેર બધાં ખુશીમાં ને?' મધ ઝરતી વાણીમાં ભગવાનદાસે પૂછ્યું.

'મઝામાં બધાં જ. બોલો કાંઈ કામકાજ?'

'કામ તો ખાસ કાંઈ નથી. પ...ણ..,' જરા ગૂંચવાતા ભગવાનદાસે શરૂઆત કરી : 'ચાર પાંચ દિવસ પર માણેકાલ છે ને...તે ઘેર આવ્યા હતા.'

'બરાબર,' રામદાસે ફોનની દોરી હાથમાં રમાડતાં કહ્યું : 'મને ય એ મળ્યા'તા ખરા.'

'હા, તે કાંઈ એવું કહેતા હતા કે...કે તમારી ઈચ્છા અલ્પાના વિવાહ મારા લક્ષ્મીકાન્ત સાથે કરવાની છે.' ધીરે રહીને ભગવાનદાસે માણેકલલને નામે વાત મૂકી.

'વાત જાણે એમ છે ભગવાનદાસભાઈ...'

'જુઓ રામદાસભાઈ' જાણી જોઈને વચ્ચે જ ભગવાનદાસ બોલ્યા : 'હું તમને એક વાત કહી દઉં. તમે મારાથી કશો જ જુદાગરો ન રાખશો. હું તો તમને મારા પોતાના જ માનું છું. એટલે તમે કશો સંકોચ ન રાખશો...'

'એમ નહિ, પણ...'

'હવે પણ ને બણ,' રામદાસને બોલવાની કશી જ તક આપ્યા વિના ભગવાનદાસે કહ્યું : 'જુઓ, રામદાસભાઈ, લક્ષ્મીકાન્ત માટે તો ત્રણ ચાર પાર્ટીઓ મારો જીવ ખાય છે, પણ તમારી ઈચ્છા છે તો પછી બીજા કોઈનો મારે વિચાર જ નહિ કરવાનો. તમે મારે મન પહેલા. એટલે એ બાબતમાં તમે હવે નિશ્ચિંત રહેજો. હું હવે બીજા બધાંને ચોખ્ખી જ ના પાડી દઈશ.'

'તમારી લાગણી બદલ આભાર ભગવાનદાસભાઈ, પણ...'

'અને તમે એવું ના માનતા રામદાસભાઈ કે મને તમારી મિલકતનો મોહ છે,' ફરીથી વચ્ચે ઝંપલાતાં ભગવાનદાસ બોલ્યા : 'એ તમે ગમે તેને કૃપણાર્પણ કરી શકો છો. મને તો તમારા ઘરની કન્યા આવે છે

એનો જ આનંદ છે. પણ સૌથી મોટી વાત એ છે કે અલ્પાને હું મારી દીકરી જેવી ગણું છું. એ મારે ઘેર આવે છે પછી મારે બીજું શું જોઇએ? તમે જાણો છો કે મને ભગવાને ઘણું આપ્યું છે. એ બધું અલ્પાનું જ છે ને?'

ભગવાનદાસે સામાની વાત સાંભળ્યા વિના યુક્તિપૂર્વક ચોંટી પડીને બધી જ વાત કહી નાખી અને જાણે વિવાહ નક્કી થઇ ગયા હોય એવી વાત કરી કે જેથી રામદાસ બીજું કશું બોલી જ ન શકે. ફોન પરની આ વાત વખતે પાર્વતીશેઠાણી અને અલ્પા પણ હાજર હતાં. એટલે રામદાસ શેઠના જવાબ પરથી એ પણ વાતનો તાગ તો પામી જ ગયાં. ભગવાનદાસે છેલ્લી વાત પૂરી કરી એટલે રામદાસે કહ્યું :

'ભગવાનદાસભાઇ, તમારો આટલો બધો ભાવ છે એ માટે હું તમારો આભારી છું. પણ માણેકલાલને મેં કહ્યું નથી. એમણે સામેથી મને પૂછ્યું હતું ત્યારે મેં ઇચ્છા હશે તો જણાવીશ.' એટલું જ કહેલું. એટલે આમાં તમારી કશી ગેરસમજ થાય છે.

'તારી માનો માણેક, ત્યારે મને બનાવી ગયો!' પોતાનું ખરાબ ન દેખાય એ માટે માણેકલાલ પર દોષ ઢોળતાં ભગવાનદાસ બોલ્યા, 'આવા છે લોકો. પણ હવે એની વાત છોડો. પણ તમારી ખરેખર શું ઇચ્છા છે એ તો કહો, જેથી મને સમજ પડે.' છેલ્લા વાક્યમાં ભગવાનદાસના સૂરમાં કડકાઇ વરતાતી હી.

'ભગવાનદાસભાઇ,' નમ્રતાથી રામદાસે કહ્યું : 'માફ કરજો, પણ હમણાં આ અંગે અમારી કશી જ ઇચ્છા નથી.'

'અલા ભઇ, તમેય ખરા છો તો. હમણાં અટલે આજ ને આજ આપણે ક્યાં લગન લઇ લેવા બેઠા છીએ?' પ્રયત્ન ચાલુ રાખતાં ભગવાનદાસે ક્હયું : 'વાત પાકી કરી લઇએ પછી વરસ વંટોળ બેસી રહેવામાં આપણને શો વાંધો છે? આ તો તમારી ઇચ્છા હોય તો જ હાં. બાકી...'

'બરાબર છે ભગવાનદાસભાઇ, પણ અમારી ઇચ્છા જ નથી. કારણ કે એ બાબતમાં અમે કશું વિચાર્યું જ નથી.'



'તો તમારી મરજી ભાઇ,' જાણે ગરજ ન હોય એવો દેખાવ કરતાં ભગવાનદાસે કહ્યું : 'આ તો મારો બેટો માણેકીયો મને બનાવી ગયો!'

'માઠું ન લગાડશો હાં ભગવાનદાસભાઇ.' રામદાસે કહ્યું.

'ના રે, એમાં માઠું શાનું? આ તો પેલો માણેકલાલ જૂઠું બોલી બનાવી ગયો એટલે જ મેં પૂછ્યું. બાકી હું દીકરાનો બાપ સામે ચાલીને પૂછું ય ખરો કે?' વટ સાચવવા ભગવાનદાસે કહ્યું :

'સાચી વાત છે શેઠ, તમારે કન્યાની શી ખોટ છે? પણ સૌ સૌના લેખની વાત છે.'

'બરાબર છે. લો આવજો ત્યારે.'

'હા જી આવજો ને કામકાજ કહેજો.' કહેતાં રામદાસે ફોન મૂક્યો ને પત્ની તથા પુત્રી તરફ જોઇ, 'હાશ, શું દુનિયા છે.' કહી હસ્યા ને કહ્યું : 'લો, ના કહી દીધી ભગવાનદાસને. હવે તો શાંતિને મા-દીકરીને?'

પણ અહીં શાંતિની વાત કરતા રામદાસને શી ખબર કે ભગવાનદાસના મનમાં કેવી અશાંતિ જાગી હતી? પોતાની યોજના ઊંધી વળી ગઇ અને ઉપરથી અપમાનિત થવું પડ્યું એટલે રિસીવર નીચે મૂકતાં જ કડક ચહેરે ભગવાનદાસ એકલા એકલા બબડ્યાઃ

'રામદાસ, આ મારું બીજી વારનું અપમાન છે. પણ હું તને એમ છોડું નહિ. ભગવાન કરશે તો તારી છોકરી ભગવાનદાસને ઘેર જ આવશે. અને તારી હવેલી! એ પર તો મારી નજર સતત રહે છે. એ હવેલી મારો તેજોવધ કરે છે, એટલે એને તો હું વહેલો કે મોડો મેળવીને જ રહીશ.'

પછી સ્ફુર્તિમાં આવવા ભગવાનદાસે પ્યાલી હાથમાં લીધી તયારે એમાં ય એમને રામદાસ શેઠની હવેલી જ દેખાવા લાગી! એ હવેલીને જુસ્સા ને ગુસ્સા સાથે ભગવાનદાસ ગટગટાવી ગયા!

આમ રામદાસ શેઠની હવેલી ને પોતાની કરવા ભગવાનદાસે

મનમાં ક્યારનીયે ગાંઠવાળી હતી, તો ના પાડ્યા છતાં ય એમના બત્રીસ લક્ષણા પુત્ર લક્ષ્મીકાન્તને સ્વપ્નમાં યે હવે રામદાસ શેઠની દીકરી દેખાતી હતી! જેટલો રસ ભગવાનદાસને રામદાસની હવેલીમાં હતો, એથી ય વિશષ રસ અલ્પાને જોયા પછી લક્ષ્મીકાન્તને રામદાસ શેઠની એ દીકરીમાં હતો. અને એ માટે પ્રયત્ન ચાલુ રાખવામાં બંને બાપ દીકરો સંમત હતા.

અને પોતાનું ધ્યેય પાર પાડવા માટે ભગવાનદાસ કોઇ પણ પગલું લેતાં અચકાય એમ નહોતા!

અનુક્રમ

## ૧૬ : આંધીમાં અટવાયાં

સંપૂર્ણ શાંત વાતાવરણ હોય, આકાશ ખુલ્લું ને સ્વચ્છ હોય, સૂર્ય સોળે કળાએ પ્રકાશતો હોય ત્યારે જ કદાચ આંધી આવે છે! આંધી કશા સંકેત નથી આપતી, આંધી કશી ચેતવણી નથી આપતી, આંધીની આગાહી નથી થઇ શકતી, આંધી ઉપાય યોજવાની કશી તક નથી આપતી. અચાનક જ, અણધારી આવે એનું નામ જ આંધી. ઊંઘતા નહિ, જાગતા ઝડપે એનું નામ જ આંધી. પ્રણય અને પ્રકૃત્તિમાં આવી આંધી ક્યારેક આવે છે. જગતમાં અને જીવનમાં આવી આંધી કદીક આવે છે. અને આવે છે ત્યારે –

આંધી આવે છે ત્યારે હતું ન હતું કરી નાખે છે. આંધી સર્જનનું વિસર્જન કરી નાખે છે. સ્વચ્છ, નિર્મલ આકાશને આંધી ધૂળભર્યું કરી દે છે. પ્રકાશિત સૂર્યને ઢાંકીને આંધી અંધકાર ફેલાવે છે. ઘડીવારમાં આંધી કલ્પનાતીત વિનાશ કરી નાખે છે. દગાખોર સૈન્યની જેમ આંધી ત્રાટકે છે અને બધું છિન્નભિન્ન કરી નાખે છે. બુદ્ધિનો ઉપયોગ કરવાની તક આપે તો આંધી શાની? વિચારવાનો અવકાશ આપે તો આંધી શાની? તોતીંગ વૃક્ષોને મૂળીયામાંથી ઉખેડીને ફેંકી દે કે આલિશાન ઇમારતોને ધરાશયી કરી દે એવી આંધી હોય છે તો અલ્પજીવી, પણ એ પોતાની પાછળ દીર્ઘકાળ સુધી અસર કરે એવી વિનાશક અસરો મૂકતી જાય છે. પ્રકૃતિમાં આવતી આંધી તો જાન-માલનું નુકસાન કરે છે અને ઝટ ફેંસલો લાવી દે છે, પણ સંસારમાં ઊઠતી આંધી તો માનવીને જીવતાં મારી નાખે છે. મૃત્યુથી દુઃખદ કશું નથી, પણ આંધી ક્યારેક જીવનને મરણથી ય વધુ કરૂણ બનાવી દે છે! મરવું સહેલું નથી, પણ ક્યારેક જીવન મૃત્યુથી ય કડવું, કઠોર, કરૂણ બની જાય છે-જો એ આંધીથી ઘેરાય તો!

આવી જ આંધી રામદાસ શેઠની હવેલીને એકાએક ઘેરી વળી! મૌલિકને મુંબઇ ગયે ચારપાંચ દિવસ થયા હતા. અલ્પાને તો જો કે ચાર યુગ

વીત્યા હોય એમ લાગતું હતું. મૌલિક ત્યાં હતો ત્યારે રોજ નહોતા મળતાં એ સાચું, પણ મળવું હોય ત્યારે અનુકૂળતા હતી એ ય ઓછું નહોતું. આ ચાર પાંચ દિવસનો વિરહ કઠ્યો હતો, છતાં સહજીવનનાં મધુર સંસ્મરણોને સ્મરતાં સ્મરતાં અને મિલનના દિવસોને ગણતાં ગણતાં વિરહ દુઃખ મધુરું પણ લાગતું હતું. અલ્પાને ત્યારે પોતાની લખેલી પંક્તિઓ જ યાદ આવતી :

શી રીતે માણશો મિલન-સુખ
સદાયે સાથ રહેશો તો?

મિલનનું સુખ માણવા માટે વિરહની વેદના સહવી પડે એ અલ્પા જાણતી હતી. વર્ષાનાં વારિની આહ્લાદકતા અનુભવતાં પહેલાં ગ્રીષ્મના ધોમમાં ધખવું પડે એની અલ્પાને ખબર હતી. એટલે જ એ વિરહ દુઃખ સહ્ય બન્યું હતું એટલું જ નહિ, એને ક્યારેક એ મીઠું પણ લાગતું હતું.

પણ એ મીઠાશ અલ્પજીવી નિવડી. ચાર પાંચ દિવસમાં જ એ મીઠાશ અદૃશ્ય થઇ ગઇ. જ્યારે છેલ્લા થોડા દિવસથી રામદાસ શેઠ જેની ચિંતામાં હતા એ સોદામાં એમના પાસા ખરેખર અવળા પડેલા સાબિત થયા ત્યારે સરકારી નીતિને કારણે શેર બજારમાં અને સોના-ચાંદીના ભાવમાં એકાએક ભારે પલટો આવ્યો. શેર બજારનો ધંધો સમેટી લઇને હવે માત્ર પેઢી સંભાળીને જ બેસી રહેવા માગતા રામદાસ શેઠના આ બધા છેલ્લા સોદા હતા. એ પતી ગયા પછી આવી કશી નવી જવાબદારી ઊભી નહિ કરવાનું એમણે પોતાની પુત્રી અલ્પાને વચન આપ્યું હતું. ઉંમર અને અનારોગ્યને કારણે હવે એ જરૂરી હતું એમ એમણે પણ સ્વીકાર્યું હતું. પણ સાગર તરી જનાર કાંઠે આવીને ડૂબી ગયો! વર્ષો સુધી શેર બજાર અને સોના-ચાંદીના સટ્ટામાં- સફળાપૂર્વક લાભદાયક સોદા કરનાર ધૈર્ય, બુદ્ધિ ને હિંમતવાળા રામદાસશેઠ માયા સમેટતી વેળા છેલ્લા સોદાઓમાં ફસાઇ ગયા. શઢ સંકેલતી વેળા જ કિનારા પર વહાણ ડૂબશે એવો ખ્યાલ ખલાસીને ક્યાંથી હોય? પણ માણસને ખ્યાલ ન હોય એવું જગતમાં બનતું નથી એવું થોડું છે? ન ધારેલું બને એનું નામ જ નવાઇ. અને નવાઇ, આશ્ચર્ય, કલ્પનાતીતતા, આકસ્મિકતા એનું નામ જ જીવન!



ભાવોમાં એવી ઊથલપાથલ થઇ ગઇ કે રામદાસ જેવા અનુભવી અને હિંમતવાળા માણસની બુદ્ધિ પણ એમાંથી બહાર નીકળવાનો માર્ગ ન શોધી શકી! છતાં એમણે ધીરજ રાખી બાજી સંભાળવાનો પ્રયત્ન તો કર્યો. પણ બગલાની જેમ તાક મારીને બેઠેલા ભગવાનદાસે તક ઝડપી લીધી. એક લાખ રૂપિયા એમના પોતાના રામદાસની પેઢીમાં જમા હતા. થોડાક દિવસથી જ એમણે જાણી જોઇને એ રહેવા દીધા હતા. એની એમણે ત્યારે કટોકટીમાં ઉઘરાણી કરી. પણ રામદાસ શેઠે થોડો વખત થોભી જવા કહ્યું, ત્યારે મોટો ઉપકાર કરતા હોય એ રીતે ટોણો મારતાં ભગવાનદાસે કહ્યું : ‘ઠીક છે રામદાસ, હું તમારા જેવો નથી થતો. તમને ડૂબાડવામાં મને રસ નથી.’ જો કે ખરેખર તો આમ કરવામાં ભગવાનદાસની ભલમનસાઇ નહિ, પણ એમનો દાવ હતો. પણ બિચારા રામદાસ એ દાવ અત્યારે શી રીતે સમજે? એમણે તો ભગવાનદાસનો આભાર માન્યો. ફૂલ નીચેના સાપ ઓળખવા સહેલા નથી!

પછી ભગવાનદાસે વાત વહેતી મૂકી : ‘રામદાસની પેઢી કાચી પડવામાં છે. જેનું જે હોય તે સંભાળી લો...’ અફવાને મા-બાપ હોતાં નથી, એ કયાંથી ઉદ્‌ભવી તે કોઇ જાણું નથી. પણ જન્મ થતાં જ અફવા ચાલવા નહિ, દોડવા લાગે છે! પવનની ગતિ તો એક દિશામાં હોય છે પણ અફવા દશે દિશાઓમાં દોડે છે. એટલે ભગવાનદાસે વહેતી મૂકેલી અફવા કર્ણોપકર્ણ આખા શહેરમાં પ્રસરી ગઇ! પછી તો –

જે લોકો આગ્રહપૂર્વક જરૂર ન હોય તો પણ રામદાસ શેઠની પેઢીએ થાપણો મૂકી જતા એવા લોકો ય ભૂખ્યો ભિખારી ભોજન માટે દોડે તેમ રામદાસ શેઠની પેઢીએ દોડી ગયા ને પોતાની થાપણ પાછી માગવા લાગ્યા. શરૂમાં તો પેઢીએ નાણાંચૂકવવાનો પ્રયત્ન કર્યો, પણ જોતજોતામાં તો દેણદારોની કતાર લાગી ગઇ! એકી સાથે એ જ વખતે તો બધાંને નાણાં આપી શકાય એમ હતું નહિ. કોઇ પણ વેપારી ન આપી શકે. રામદાસ શેઠે સૌને અફવા નહિ માનવા અને ધીરજ રાખવા ખૂબ સમજાવ્યા, ધીરે ધીરે થોડાક જ દિવસમાં બધાંના નાણાં ચૂકવાઇ જશે એમ કહ્યું, પણ અધીરા લોકો માનવા તૈયાર નહોતા. ‘આજે ને અત્યારે જ પૈસા જોઇએ, નો એમનો

આગ્રહ હતો. વાત તો એટલી હદે વંઠી ગઈ કે રામદાસ શેઠને પાછલે બારણેથી પોલિસ રક્ષણ નીચે ઘર ભેગા કરી દેવા પડ્યા! જે લોકો ગઈકાલ સુધી પોતાને સલામો ભરતા હતા, પોતાની પેઢી પર જે લોકો 'આટલા પૈસા તો તમારે રાખવા જ પડશે.' કહીને થાપણો મૂકી જતા હતા, જેમની ઉપર રામદાસે ઘણીવાર ઘણા ઉપકાર કર્યા હતા એવા લકો આજે મુખ ફેરવી બેઠા હતા એ રામદાસે જોયું! એમને ઊંડો આઘાત લાગ્યો. છતાં એમણે હિંમત રાખી. એમને હિંમત રાખવી પડી. કારણ કે આ વાત જાણી ત્યારથી જ પાર્વતી શેઠાણી તો ઢગલો થઈને પડ્યાં હતાં. એમને ગભરામણ થવા લાગી. ડૉક્ટર આવ્યા. હાર્ટએટેકનું નિદાન થયું ને તાબડતોબ એમને દવાખાનામાં દાખલ કરવાં પડ્યાં. એટલે રામદાસ શેઠ હવે હિંમત હારે તો ચાલે તેમ નહોતું. અચાનક આવી પડેલી આ બેવડી આફતથી અલ્પા તો એવી મૂંઝાઈ ગઈ કે એને જોઈને રામદાસ શેઠનું શેર શેર લોહી બળી જતું. પુત્રીને આશ્વાસન આપતાં પિતાએ કહ્યું :

'બેટા, તું ગભરાઈશ ના હોં. બધું જ થોડા દિવસમાં ઠીક થઈ જશે.'

ત્યારે દવાખાનાના 'ઈન્ટેસીવ કેર' વોર્ડમાં બેભાન માતા તરફ જોઈ આંસુ સારતી અલ્પાએ રુંધાયેલા સ્વરે પિતાને પૂછ્યું :

'બાને પણ...?'

'હા, બેટા,' આંખમાં આવતાં આંસુ મહા પરાણે રોકી રામદાસે કહ્યું : 'તારાં બાને પણ ઠીક થઈ જશે. તું ચિંતા ના કરતી.'

પણ ત્યારે પત્નીની બિમારી ગંભીર હતી એ વાત રામદાસ શેઠ જાણતા હતા. ડૉક્ટરોએ આશાના પચીસ અને નિરાશાના પંચોતેર ટકા જણાવ્યા હા. રામદાસે ડૉક્ટરોને કહ્યું હતું :

'સાહેબ, ખર્ચની કશી પરવા ન કરશો. શક્ય તે બધા જ ઉપાય કરજો. પછી તો અમારું નસીબ.'

અને ખરેખર પત્ની માટે રામદાસ શેઠ પાણીની જેમ પૈસો ખર્ચતા હતા!



પણ જવા બેસે છે ત્યારે કોઈના પ્રાણને પૈસા બચાવી શકતા નથી. રામદાસ શેઠના પૈસા ને પ્રેમ, અલ્પાનાં આંસુ ને ઉજાગરા તથા ડૉક્ટરોના અનેક ઉપચારો છતાં પાર્વતી શેઠાણીની મીંચાયેલી આંખ સદાને માટે મીંચાયેલી જ રહી! બે દિવસ પછી અભાન અવસ્થામાં એમણે છેલ્લા શ્વાસ લીધા ત્યારે ભાંગી પડેલા રામદાસ શેઠ ચોધાર આંસુએ રડતી અલ્પાને આશ્વાસન આપવાનો વ્યર્થ પ્રયત્ન કરતા હતા. પાર્વતી શેઠાણી એવાં ભલાં ભોળાં ને લાગણીવશ હતાં કે પતિને વેપારમાં પડેલો ભારે ફટકો અને આ ઉંમરે એમની પ્રતિષ્ઠાને લાગેલા ધક્કાનો આઘાત એ જીરવી શક્યાં નહિ. આમે ય એમનું હૃદય નબળું તો હતું જ. આ આઘાતથી હૃદય પર હુમલો થયો જે જીવલેણ નીવડ્યો. જીવનભર ફૂલની માફક જાળવેલી પત્નીના મૃત્યુ માટે પોતે જવાબદાર છે એવું રામદાસને લાગ્યું. અને એથી એમને ઊંડી ચોટ લાગી. એક તરફ વેપારમાં પડેલો અસહ્ય ફટકો અને એને કારણે પેઢી પર પડેલો લોકોનો દરોડો-હવે તો કેટલાક ઘેર પણ ઉઘરાણી આવી રહ્યા હતા-આથી સ્વબળે મેળવેલી અને જીવનભર જાળવેલી પોની પ્રતિષ્ઠાને પહોંચેલી હાનિ તથા બીજી તરફ જ્યારે આશ્વાસનની ખરી જરૂર હતી ત્યારે જેણે જીવનની શરૂઆતના સંઘર્ષમાં ખૂબ સાથ આપ્યો હતો એવી વ્હાલસોયી પત્નીની વિદાય! શેઠ રામદાસને માથે ઓચિંતું આભ ફાટ્યું હતું! આ ઉંમરે અને આવી તબિયતે આ આઘાતો સહવા એ એમને માટે સહેલું નહોતું.

પણ ત્યારે અલ્પાએ અજબ હિંમત ધારણ કરી. માતાની અકાળે થયેલી ચિર વિદાય એ એને માટે એક કારી ઘા હતો. એના કલ્પાંતે તો ભેગાં થયેલાં સૌ સ્નેહી સંબંધીઓનાં દિલ હલાવી નાખ્યાં હતાં. અરે, રામદાસ તો એ વેદનાથી ત્યારે થોડીવાર માટે બેહોશ બની ગયા હતા! એટલે જ અલ્પાને ભાન થયું : 'માતા તો ગયાં જ છે, પણ જો હું આમ કરીશ તો કદાચ પિતાજી પણ...' અલ્પા આગળ વિચારી ન શકી. બેહોશ પિતાને ભાનમાં લાવવાના પ્રયત્ન થતા હતા ત્યારે એણે સૌના દેખતાં તો છેલ્લી વાર જ રડી લીધું. પછી

એ સ્વસ્થ થઈ માતાની વિરહ વેદનાને મનમાં જ સમાવી એણે પિતાજીની સંભાળ લેવા માંડી. નિર્બળતા ફગાવી દઈ એ પિતાજીને હિંમત અને આશ્વાસન આપવા લાગી :

'મારાં બા તો ધન્ય બની ગયાં બાપુજી, ચૂડી ને ચાંદલાભેર એ ગયાં. સ્ત્રી માટે એથી મોટું સૌભાગ્ય કયું હોય?'

'પણ બેટા, તારાં લગ્ન...' તકીયે અઢેલી પલંગમાં બેઠેલા નિર્બળ લાગતા રામદાસ શેઠ વાક્ય પૂરૂ ન કરી શક્યા. એમનુ ગળુ રૂંધાયું.

'મારાં  લગ્નની એને હવે કશી ચિંતા ક્યાં રહી હતી બાપુજી?' પિતાજીને હિંમત આપતી પુત્રી કહેતી : 'એ તો હવે ઊકલી ગયા જેવું જ છે એ જોઈને તો ગયાં છે.અને તમારામાં એમને ઓછો વિશ્વાસ ક્યાં હતો? '

'બેટા,લાગે છે કે હું ય હવે થોડા દિવસનો મહેમાન...' અલ્પાએ રામદાસ શેઠને મોઢે હાથ દઈ દીધો.

'મારા સમ આવું કશું બોલો તો બાપુજી, મારો તો વિચાર કરો તમે.' કહેતી અલ્પાની આંખ ભીની થઈ ગઈ.

રામદાસ શેઠને નિકટનું કોઈ સગું તો હતું નહીં. એક દૂરનાં બહેન હતા જેમની ગરીબ સ્થિતિને કારણે રામદાસે જીવનભર એમને સાચવ્યાં હતાં અને આર્થિક રીતે મદદરૂપ રહ્યાં હતાં. આ કપરા કાળમાં એ આવીને રહ્યાં હતાં. અલ્પા માટે આ ફોઈ અત્યારે આશીર્વાદ રૂપ હતાં. અત્યારે તો ઘરમાં સલાહ,સૂચન અને વાતચીત માટેનું એ જ એક સ્થાન હતું. ફોઈ તરફથી હિંમત અને આશ્વાસન મળતાં એ ય ઓછું નહોતું.

આ સ્થિતિમાં અલ્પાને મૌલિક ક્યારનોય સાંભળ્યો હતો. 'એ અહીં હોત તો બધી રીતે કેવો મદદરુપ રહેત. પિતાજીને પણ મોટા સહારારૂપ લાગત' અલ્પા એમ વિચારતી હતી.



પણ માતાની બીમારીને કારણે કાયમ દવાખાને રહેતી હતી એટલે અને મન પર ભારે બોજ હોવાને લીધે અલ્પા મૌલિકને કશું જણાવી શકી નહોતી. પણ મૌલિકે મુંબઈનો પોતાના ભાઈનો ફોન નંબર આપ્યો હતો એટલે માતાના મૃત્યુના ત્રીજા દિવસે અલ્પાએ કોલ કર્યો. નોકરે ફોન લીધો ને અલ્પાની સૂચનાથી મૌલિકને આપ્યો.

'હલ્લો મૌલિક.'

'હા, કોણ અલ્પા? કેમ છે? **I am sory.** હું તને...'

'મૌલિક, જરા ધીમા અવાજે અલ્પા બોલી : 'મારે ખરાબ સમાચાર આપવાના છે તને.'

'કેમ શું થયું? શું થયું અલ્પા?' ચિંતાતુર અવાજે મૌલિકે પૂછ્યું, 'બધાં મઝામાં તો છો ને?'

'મૌલિક, બે દિવસ પહેલાં બા આપણને કાયમ માટે છોડીને ગયાં!' અલ્પાનો રડમસ અવાજ મૌલિકે સાંભળ્યો.

'અરે ભગવાન, શું થયું ઓચિંતું એમને?'

'હાર્ટ એટેક.'

'**My God!** બહુ ખરાબ થયું અલ્પા. પણ...પણ હવે તું હિંમત રાખજે. મારે તરત ત્યાં આવવું જોઈએ. હું આવું જ, પણ...ઓહ ગોડ.' મૌલિક ગૂંચવાતો બોલતો હતો. પણ અલ્પાએ હિંમત રાખી પૂછ્યું :

'શું છે મૌલિક? કેમ આમ ગભરાયેલો છે તું?'

'અલ્પા, મારે ય તને દુઃખની જ વાત કહેવાની છે. હલ્લો... મારાં બાને પણ દવાખાનામાં દાખલ કર્યાં છે. ગઈકાલ સાંજથી તો કોમાની સ્થિતિમાં, આઈ મીન બેભાન છે. ડૉક્ટરે બોત્તેર કલાકની મુદત આપી છે. એટલું ખેંચી કાઢે તો કેસ આશાજનક...' ગળું રૂંધાયું ને મૌલિક અટક્યો.

'અરે રામ! મૌલિક તું તો સમજુ છે,' અલ્પા આશ્વાસન આપી રહી : 'આમ ઢીલો શું થઇ જાય છે? હિંમત અને ભગવાનમાં શ્રદ્ધા રાખજે. બાને-આપણા બાને મૌલિક જરૂર સારું થઇ જશે. હવે તો મારે એમની વિશેષ જરૂર છે મૌલિક... ભગવાન આપણી વાત સાંભળશે જ. અહીંની કશી ચિંતા ના કરતો ને શાંતિથી બાની સારવાર કરજે.'

'હલ્લો અલ્પા, ખરેખર મારે અત્યારે તારી પાસે આવવું જોઇએ. પણ હું...'

'ગાંડો છું?' અલ્પા અસલ મૂડમાં આવી આશ્વાસન આપવા લાગી : 'હું ને તું જુદાં છીએ? એક બા ગયાં મૌલિક, હવે બીજાં બાને સંભાળ,' કહેતી ઢીલી પડેલી અલ્પાએ ઉમેર્યું : 'દિલગીર છું કે હું ત્યાં આવી શકતી નથી.'

આમ ફોન પર આશ્વાસન લઇ-દઇ અલ્પા રિસીવર મૂકીને સ્વગત બોલી :

'કેવી અકળ લીલા છે ભગવાનની! કસોટીના કાળમાંય પોતાનાંની પડખે નથી રહી શકાતું!'

ફોન મૂકી અલ્પા એના પિતા પાસે ગઇ. છેલ્લા કેટલાક દિવસથી રામદાસ શેઠની તબિયત નરમ તો હતી જ. વળી પોતે કરેલા સોદાનું જોખમ એ સમજતા હોવાથી થોડી ચિંતામાં પણ હતા જ. પછી તો બજારમાં ઊથલપાથલ થઇ અને એમની પેઢી લગભગ ભાંગી ગયા જેવી થઇ ગઇ, અને એની સાથે જ પાર્વતી શેઠાણીની ગંભીર માંદગી આવી અને જોતજોતામાં તો આ વ્હાલસોયી પત્નીએ બેભાન અવસ્થામાં જ, છેલ્લે એક પણ શબ્દ બોલ્યા વિના જીવનલીલા સંકેલી લીધી! ઉપરાઉપરી આવી પડેલા આ આઘાતોને કારણે શેઠ રામદાસનું હૃદય નબળું પડી ગયું. માનસિક રીતે પણ એ હતાશ થઇ ગયા. એટલે અત્યારે એ બીજી ખાસ શારીરિક તકલીફ ન હોવા છતાં માંદગીને બિછાને જ હતા. ફોન મૂકી અલ્પા એમની પાસે ગઇ ત્યારે એમણે પૂછ્યું :



'કોનો ફોન હતો દીકરી?'

'મુંબઇ મૌલિકને કોલ કર્યો હતો બાપુજી.'

'અરે હા બેટા, હું તને કહેવાનો જ હતો કે એમને ખબર નથી આપવી? બધા સમાચાર કહ્યા તેં?'

'હા બાપુજી, પણ એનાં બાની તબિયત પણ સારી નથી. ત્યાં દવાખાનામાં દાખલ કર્યાં છે.' અલ્પા બોલી. ગંભીર માંદગીની વાત એણે પોતાના પિતાને જાણી જોઇને ન કરી કારણ કે એ સમજતી હતી કે પિતાજીની તબિયત નાજુક હતી ત્યારે એમના દિલને ધક્કો લાગે એવા સમાચાર ન આપવા જોઇએ. મૌલિકના સંજોગોનો આ રીતે વિચાર કરીને જ એણે વેપારમાં પિતાજીને લાગેલા ધક્કાના સમાચાર નહોતા આપ્યા.

'અરે પ્રભુ,' પ્રત્યાઘાત આપતાં રામદાસ બોલ્યા : 'એ ય બિચારા મુશ્કેલીમાં મુકાયા? આપણી ગ્રહદશા જ ખરાબ લાગે છે, બેટા!'

'ચાલ્યા કરે બાપુજી,' પિતાજીને રાહત આપવા અલ્પા બોલી : 'સુખદુઃખના વારાફેરામાં જ જીવનનો સાચો આનંદ છે, કેમ ફોઇ?'

'હા બેટા, સાચી વાત છે.' રામદાસના પલંગ પાસે ટેબલ પર બેઠેલાં અલ્પાનાં ફોઇએ કહ્યું : 'દુઃખ તો રાજા હરિશ્ચન્દ્રને ય ઓછું પડ્યું'તું? પછી આપણે તે શી વિસાતમાં? ચાલ્યા કરે એ તો.'

જો કે પિતાને આવું આશ્વાસન આપતી અલ્પા એકલી પડતી ત્યારે માતાના ફોટા પાસે જઇ ચોધાર આંસુએ રડી પડી ને હૈયું ઠાલવતાં કહેતી :

'બા, તારી વ્હાલસોયી દીકરીને આમ એકલી મૂકીને ઓચિંતા જતા રહેતાં તારો જીવ કેવી રીતે ચાલ્યો? કૉલેજથી મને આવતાં ક્યારેક મોડું થતું તો ય તારો જીવ ઊડી જતો. એવી અધીરી તું મને કાયમ માટે છોડીને કેવી રીતે જઇ શકી?... અલ્પાને પરણાવવાના કેટલા બધા કોડ હતા તારા અંતરમાં! એ અધૂરા મૂકીને તું કેમ જતી રહી? મારે ભાઇ તો નથી, હવે તું ય ન રહી, ત્યારે મને લાડકોડથી કોણ પરણાવશે બા? ગઇ તો ગઇ, પણ જતાં પહેલાં એક શબ્દ પણ બોલી નહિ! એકદમ રીસાઇ ગઇ અમારાથી? તારી અલ્પાની કોઇને સોંપણી ન કરી તેં? અને બા, જેના સુખ દુઃખમાં જીવનભર

સાથે રહી એવા મારા પિતાજીની વૃદ્ધાવસ્થા ને નરમ તબિયતનો ય કશો વિચાર ન કર્યો તેં? આવેલા સંકટથી તું ગભરાઇ ગઇ કે ગુસ્સે થઈ? બધા જ સંબંધ ઓચિંતા કાપી નાખ્યા! બધી જ સ્નેહ સરવાણીઓ એકાએક સૂકાઈ ગઈ! આઠે અંગ સજાવી, અલંકારોથી આભૂષિત થઈ, ડરતી, હસતી, શરમાતી મૌલિકને વરવા ચોરી તરફ ડગ દેતી અલ્પાને જોવાની તને કેવી હોંશ હતી! એ હોંશ, એ ઉમંગ, એ ઈચ્છાઓ બધું જ હૃદયમાં સંઘરીને તું અમને હાથતાલી આપી ગઈ! એમ કેમ થયું બા? એમ કેમ થઈ શક્યુ? બા, તું ગઇ કે તારે અનિચ્છાએ જવું પડ્યું એ તો કહે!...'

આવો ઘણો વિલાપ કરી, માતાની તસ્વીરને વંદતી અલ્પા કોઇનો પગરવ થતાં જ આંસુ લૂછી સ્વસ્થ થઇ જતી ને પિતાજીની સંભાળ લેવા મેડા પર ચક્કર મારી આવતી.

તો બીજી બાજુ અલ્પા સાથે ફોન પર વાત કર્યા બાદ મૌલિક પણ બેચેન બન્યો. અલ્પાને છોડીને માતા સાથે એ મુંબઇ ગયો. ત્યારે ચિત્ર કેવું સુખદ હતું! ભાઈ-ભાભી એમના જવાથી ખુશ થઇ ગયાં એ જ દિવસે સવિતાએ મોટા દીકરાને અને વહુને અલ્પાની વાત કરી. અલ્પા મૌલિકનો કેવો મનમેળ થયો એ જણાવી એમણે અલ્પાના સૌંદર્યનાં અને એના સદગુણનાં ખૂબ વખાણ કર્યા. અને મોટી વહુને કહ્યું :

'જેવી સુરેન્દ્ર અને મૈલિકની જોડી છે એવી જ તારી અને અલ્પાની જોડી થશે હોં'

'બા, એ બધો તમારો પુણ્ય-પ્રતાપ છે.' પોતાનાં વખાણ જેમાં વણાઈ ગયા છે એવી કુટુંબ માટેની કલ્યાણકારી વાત સાંભળી મોટી વહુ-સુલતાએ નીચાં નયને નમ્ર વાણીમાં કહ્યું.

વાત ખરેખર સાચી હતી. સવિતાનું પુણ્ય જ પાંગરતું હતું. એક વિધવાના બે સંસ્કારી દીકરા. મોટો ડૉક્ટર અને નાનો આશાસ્પદ કૉલેજીયન. ગુણિયલ મોટી વહુ અને એવી જ ગુણિયલ નાના પુત્રની ભાવિ પત્ની. બધા જ સવિતાનો પડ્યો બોલ ઝીલનારાં. અધેડ ઉંમર વટાવી ચૂકેલી



એક સાત્ત્વિક વૃત્તિની વિધવાને આથી વિશેષ શું જોઇએ? સવિતા સાચે જ સુખી હતાં. પ્રભુમાં ચિત્ત રાખતા અને શ્રદ્ધા ધરાવતાં જેણે પોતાના વૈધવ્યનો કપરો કાળ ગુજાર્યો હતો એવાં સવિતાને હવે એકમાત્ર ઈચ્છા હતી : 'મૌલિકને પરણાવવાની અને અત્યાર સુધી લગ્ન માટે ઉતાવળ નહિ કરવાનું કહેતા મૌલિકે પણ સ્વેચ્છાએ સૌને અનુકૂળ ઉત્તમ પસંદગી કરી લીધી હતી. એટલું જ નહિ, ખુદ એને જ વકીલ બનતા પહેલાં પરણી જવાની તાલાવેલી હતી, એટલે સવિતાની એ ચિંતા પણ ટળી ગઇ હતી. દુઃખમાં ય શ્રદ્ધા અને સંતોષથી જીવનારને આટલા સુખમાં તો પ્રભુની અસીમ કૃપા જ દેખાય ને?'

આખરે મૌલિકે માત્ર પોતાને જ નહિ, કુટુંબને ય અનુકૂળ થાય એવી પસંદગી કરી લીધી છે એ જાણી સુરેન્દ્રને અને સુલતાને બહુ આનંદ થયો.

સુલતાએ તો તરત જ દિયરની મજાક કરતાં કહ્યું : 'ના ના કરતા હતા તે આવી ગયાને ઠેકાણે?'

'શું કરું ભાભી?' મરકતા મૌલિકે કહ્યું : 'તમે લોકો બહુ પાછળ પડ્યાં'તાં એટલે મારે સમજવું પડે ને!'

'અહાહાહા, બહુ આજ્ઞાંકિત!' મજાક કરતી સુલતા બોલી : 'અરે અમારું માન્યું હોત તો તો બા ક્યારનાં ય દાદીમા બની ઘોડિયું હિંચોળતાં હોત મૌલિકભાઈ. એમની તબિયતને કારણે તમને પરણાવવાની બાને ઓછી આતુરતા હતી?'

સુલતાએ કરેલી મજાકનો એવો જ પડઘો પાડતાં મૌલિકે કહ્યું :

'વાહ રે વાહ ભાભી, જવાબદારીમાંથી છટકી જતાં સારું આવડે છે તમને! પણ ભૂલી ગયાં હો તો યાદ કરાવું કે હું તમારો જેઠ નહિ પણ દિયર છું.'

'મતલબ?' આંખો પટપટાવતાં સુલતાએ પૂછ્યું.

'મતલબ એ કે બાને દાદીમા બન્યાનો લહાવો આપવાની પહેલી ફરજ તમારી છે, મારી નહિ, સમજ્યાં ભાભી સાહેબ?' મૌલિકે અર્થસભર મજાક કરી અને સૌ ખડખડાટ હસી પડ્યાં. ભાઈ-ભાભીએ સ્વેચ્છાએ માતા-પિતા થવાનું હજી સુધી ટાળ્યું હતું એટલે એમને કોઈ સંતાન ન હતું એ તરફ મૌલિકે ઈશારો કર્યો હતો. એની વાત સાંભળી હોઠોમાં હસતી, ત્રાંસી નજરે જોતી, દિયરને ઠપકો દેતી સ્નેહભરી ભાભી બોલી :

'ખરા છો તમે તો, બાની તો શરમ રાખો જરા.'

ત્યારે માતાને વાતના પ્રવાહમાં ખેંચવા મૌલિકે કહ્યું : 'બા સાચું બોલો, પહેલી શરમ ભાભીએ છોડી કે મેં?'

પણ એના જવાબમાં સવિતા તો સુરેન્દ્ર; સુલતા ને મૌલિક તરફ નજર ફેરવતાં માત્ર હસી જ રહ્યાં, ત્યારે મૌલિકે સુરેન્દ્ર તરફ ફરીને કહ્યું :

'મોટા ભાઈ, બા તો ભાભીની વિરુદ્ધ નહિ બોલે. પણ તમે જ ન્યાય કરો, વાંક મારો છે કે ભાભીનો? સાચું બોલજો હોં ભાઈ.'

ત્યારે હસતા સુરેન્દ્રએ મજાકમાં વધારો કરતાં સત્ય ઉચ્ચાર્યું :

'તમારા બેમાંથી કોઈનોય વાંક નથી ભાઈ, ખરું પૂછો તો મારો જ વાંક છે. બાકી, તારી ભાભી તો...'

અને બાકીની વાત ડૉક્ટરે હસતાં હસતાં છોડી દીધી. પણ બધાં સમજી તો ગયાં જ કે ડૉક્ટરે જ અત્યાર સુધી કુટુંબ નિયોજનનો દૃઢ આગ્રહ સેવી સુલતાને માતા બનવા દીધી ન હતી. અલબત્ત, સુલતાને પણ બહુ ઉતાવળ તો નહોતી જ. પતિની વાત સાંભળી કૃત્રિમ ગુસ્સાથી સુલતાએ કહ્યું :

'તમે તો મૌલિકભાઈને માથે ય ચાર ચપટી ભભરાવો એવા છો. શરમ વગરના.'



'એ વાતની આટલા વર્ષે ખબર પડી ભાભી?' વળી મૌલિકે ભાભીની ગમ્મત કરી ત્યારે હસતી શરમાતી સુલતા ચા-નાસ્તાની તૈયારી માટે રસોડા તરફ ગઈ.

આમ મૌલિકના મુંબઈ ગયા પછી આ કુટુંબ આનંદ કલ્લોલમાં ડૂબ્યું હતું, ત્યાં જ સવિતાની તબિયત એકાએક બગડી અને એમને દવાખાનામાં દાખલ કરવાં પડયાં. વળી બાકી હતું તે અલ્પાએ ફોનમાં એથી બુરા સમાચાર-એની માતાના મૃત્યુના સમાચાર - આપ્યા. આથી મૌલિક વધુ બેચેન બન્યો. એને થયું :

'જ્યારે અલ્પાની પાસે રહી એને આશ્વાસન અને હિંમત આપવાં જોઈએ ત્યારે જ લાચારીપૂર્વક એનાથી દૂર રહેવું પડે છે મારે. નસીબના ખેલ કેવા ન્યારા છે!'

પણ નસીબના ખેલનું ન્યારાપણું બિચારી અલ્પા તો હવે નિત અનુભવી રહી.

લેણદારોને યથાશક્તિ આપી રામદાસે પોતાની તિજોરી લગભગ ખાલી કરી નાખી, બેન્ક બેલેન્સ નહિવત્ કરી નાખ્યું, આમ પ્રમાણિકપણે તેમણે દરેક લેણદારને લગભગ પંચોતેર ટકા પૈસા તો ચકવી દીધા. પોતાની પરિસ્થિતિનો સૌને ખ્યાલ આપી બાકીના પૈસા પણ પોતે સમય સુધરે વહેલી તકે ચૂકવી દેશે એમ જણાવ્યું. નજીકના મિત્રો અને સંબંધીઓએ તો એમને બધી જ મૂડી સલામત રહે અને કાયદેસર રીતે લેણદારો કાંઈ જ ન કરી શકે એમ પેઢી નામફેર કરી નાખવાની સલાહ આપી. એ થઈ શકે એમ પણ હતું, પરંતુ રામદાસે એ માટે સ્પષ્ટ ના પાડી અને કહ્યું :

'મેં જીવનભર ભગવાનને માથે રાખીને ધંધો કર્યો છે. મારે કોઈનો પૈસો ડૂબાવવો નથી. હું ભલે ભિખારી થઈ જાઉં, પણ કોઈના વિશ્વાસનો ઘાત નહિ કરું અને કોઈને દગો નહિ દઉં. જે છે તે સૌને વહેંચી આપીશ અને બાકી રહેશે તે પણ કમાઈ કમાઈને ભરપાઈ કરતો રહીશ.'

અને ખરેખર રામદાસે પોતાની રોકડ રકમ ઉપરાંત સોનાચાંદીના દાગીના વેચીને પણ મોટા ભાગનું દેવું ચૂકતે કરી દીધું! અલ્પાની પણ આ બાબતમાં સંપૂર્ણ સંમતિ હતી એટલું જ નહિ, આમ ન કરવા રામદાસને સમજાવવાનું કહેતાં સ્નેહી સંબંધીઓને એણે સ્પષ્ટ કહી દીધું હતું :

'અપ્રમાણિકપણે મળતાં અમન-ચમન કરતાં પ્રમાણિકપણે જીવન જીવવામાં પડતાં કષ્ટો અમને વધુ મીઠાં લાગશે. અમે ઘણું સુખ ભોગવ્યું છે, થોડું દુઃખ પણ ભલે આવતું. ફટ્ થઈને જીવવા કરતાં ધન્ય બનીને મરવાનું અમને વધુ ગમશે. તમે સૌ અમને એ માટે સાથ, સહકાર અને પ્રેરણા આપો.'

અલ્પાની વાત સાંભળી સ્નેહીઓ આશ્ચર્ય પામ્યાં, રામદાસની પ્રમાણિકતા જોઈ અધીરા લેણદારોએ અહોભાવ અનુભવ્યો. અહીં એક ખાનદાન કુટુંબ પોતાની સાચી ખાનદાનીનાં દર્શન કરાવતું હતું! શહેરમાં જેણે જેણે આ વાત સાંભળી તે સૌને આનંદ-આશ્ચર્ય થયું. કોઈકે તો કહ્યું : 'આ દેશમાંથી હરિશ્ચન્દ્ર ક્યારેય મરશે નહિ, આ ધરતીની ધૂળ એવી પવિત્ર છે કે કોઈ ને કોઈ સ્વરૂે જીવશે જ!'

રામદાસ શેઠે પોતાની મૃત પત્નીના દાગીના સહિત બધું જ સોનું વેચવા કાઢ્યું હતું ત્યારે અલ્પાએ ખૂબ આગ્રહપૂર્વક પોતાનાં ઘરેણાં પણ વેચી દેવા પિતાને જણાવ્યું હતું. પણ ત્યારે પલંગમાં પડેલા રામદાસ શેઠે સજળ નયને દીકરીને કહ્યું હતું :

'બેટા, આ બાપની પાસે-એનો અંતકાળ નજીક છે ત્યારે દીકરીના દાગીના વેચી ખાવા જેવું અધમ કૃત્ય શા માટે કરાવે છે? તારી માએ કેટલી હોંશથી તારા માટે એ ઘરેણાં ઘડાવ્યાં છે! એ મૃત પત્નીનો પણ તું મારી પાસે દ્રોહ કરાવવા માગે છે?'

ત્યારે લાચાર બની અલ્પાએ પોતાના દાગીના પાછા કબાટમાં મૂકી દેતાં કહ્યું હતું :



'તમે તો ખરા છો બાપુજી, નાની વાતને કેટલું મોટું રૂપ આપી દો છો! મને દાગીના પહેરવાનો શોખ નથી માટે જ કાઢી નાખવા કહેતી હતી. છાં તમારું દિલ દુઃખાય છે તો લો, પાછા મૂકી દઉં છું, બસ?'

પુત્રીના ડહાપણ અને ચાલાકીથી ત્યારે રામદાસ શેઠની રડતી આંખ પણ હસી ઊઠી હતી!

પૈસાની જરૂર હતી તેથી અને એથી ય વિશેષ તો આ સંજોગોમાં ન શોભે એવી વિલાસની ચીજ હતી તેથી મોટર કાઢી નાખવાનું રામદાસ શેઠ વિચારતા હતા. આ બધી કટોકટીમાં એમને સતત  સાથ અને સલાહ આપનાર એમની પેઢીના જૂના ને વિશ્વાસુ મુખ્ય મુનીમ જાનકીદાસને એમણે આ જણાવ્યું પણ હતું. પરંતુ આથી અલ્પાને ઘણું ઓછું આવશે એમ રામદાસ માનતા હતા. કારણ કે અલ્પાએ જન્મથી જ આ ઘરમાં સુખ-વૈભવ જોયાં છે અને માણ્યાં છે. જન્મથી જ એણે છાંયડો જોયો છે, તડકો નહિ. એટલે મોટર વેચવાના પ્રસંગે એના કોમળ દિલને કેવું દુઃખ થશે એ વિચારે રામદાસ શેઠ આ અંગે નિર્ણય કરતાં મુંઝાતા હતા. અલ્પાએ આ વાત જાણી એટલે એક દિસ રામદાસના પલંગ પાસે જાનકીદાસ અને ફોઈ બેઠાં હતાં ત્યારે પિતાજીને દવા આપતાં આપતાં અલ્પાએ મહેતાજીને કહ્યું :

'દાસકાકા.' અલ્પા એમને 'દાસકાકા'ના હુલામણા નામે સંબોધતી હતી.

'બોલ બેટા!' વ્હાલથી વૃદ્ધ મહેતાજી બોલ્યા.

'આ મોટર અત્યારે બીનજરૂરી છે ને આપણે? પિતાજીની તબિયત સારી નથી એટલે હમણાં બહાર જવાનો પ્રશ્ન નથી. મારે ય કૉલેજ પૂરી થઈ ગઈ છે. જુઓને કેટલાય દિવસથી વપરાયા વગર જ પડી રહી છેને? યંત્રો તો વપરાય તો જ સારાં રહે. તો હમણાં મોટર કાઢી નાખી હોય તો? જોઈએ ત્યારે ફરી ક્યાં નથી લેવાતી?'

'તારી વાત તો સાચી છે દીકરી.' મહોજીએ અનુકૂળ પ્રત્યાઘાત પાડતાં કહ્યું : 'ખરું પૂછે તો મેં ય શેઠને એકવાર આમ કહ્યું હતું.'

સાચી વાત પોતે સમજતા હોય તેમ દવાનો (?) કડવો ઘૂંટડો ગળે ઉતારતા, કિસ્મતના કટાક્ષ પર જરા હોઠ મલકાવતા, નેપકીનથી હોઠ લૂંછતા અનુભવી વૃદ્ધ રામદાસે લાંબી લપછપ વિના કહ્યું :

'તમને બંનેને એમ ઠીક લાગતું હોય તો મને કશો વાંધો નથી જાનકીદાસ, મોટર ભલે કાઢી નાખો. પણ હિંમતસિંહ અને સીતારામ...'

જીવનભરના વિશ્વાસુ ને વફાદર ડ્રાઈવર હિંમતસિંહ અને નોકર સીતારામનો ઉલ્લેખ કરતાં શેઠનું હૃદય ભરાઇ આવ્યું. બંને પાસે જ ઊભા હતા.

હિંમતસિંહે કહ્યું : 'શેઠજી, આપ મન નાનું ન કરો. આપ અમને કાઢવાના નથી એ તો ઠીક, પણ આપ કહો તો ય અમે ક્યાં ય જવાના નથી. જીવનભર તમારું લૂણ ખાધું છે તે આવી વેળાએ તમને છોડીને જતા રહીશું? અમારા ઘરતી અમારે ફિકર કરવી પડે એવું નથી શેઠજી, અને આપ અમારી ફિકર ન કરો. ઘેર ખાઈને ય અમે અહીં આવીને બેસીશું. મોટર ભલે આપને છોડી જતી, એનો ડ્રાઈવર તો અહીં જ રહેશે.'

'હાં શેઠજી,' હાથ જોડીને ઊભેલા સીતારામભૈયાએ હિંમત સિંહની વાતમાં સૂર પૂરાવતાં મિશ્ર જબાનમાં કહ્યું : 'આપ હમરી જરા ભી ફિકર ન કરો. હમે આપકી સેવા કે બિના કુછ નહિ ચાહિયે.' કહેતા કહેતાં તો ભૈયાની આંખો ભરાઇ આવી! શેઠની સેવા માટે અહીં નોકરોનું યુનિયન હતું, પગાર વધારા માટે નહિ!

આવાં દુઃખદ છતાં સુભગ પ્રસંગો ત્યારે રામદાસ શેઠની હવેલીમાં દષ્ટિગોચર થતાં. આંધીમાં અટવાયેલા આ કુટુંબને ત્યારે માણસની કૃતઘ્નતા અને કૃતજ્ઞતાનાં વિરોધી સ્વરૂપો જોવા મળ્યાં. સુખમાં સાથે રહીને દુઃખમાં મોં ફેરવી જનારા સ્વાર્થી જીવો એણે જોયા, તો સુખ કરતાં ય દુઃખમાં અધિક નિકટ આવીને ઊભા રહેનાર સાચાં સ્વજનોને પણ એણે જાણ્યાં. દુનિયાના કહેવાતા મોટા



માણસોની અલ્પતા એણે નિહાળી, તો જગતની નજરે નાના ગણાતા સામાન્ય જનોની મોટાઈનાં પણ એણે દર્શન કર્યાં.

આંધી હોય છે તો દુઃખદાયક. પણ જગત અને જીવનનાં સાચાં દર્શન માટે એ ઉપકારક પણ બને છે! સુખ-સમયનાં મૃગજળનું સાચું દર્શન આંધી જ કરાવે છે! માટે જ, આંધીને આમંત્રણ ભલે ન દઈએ, પણ એ આવે ત્યારે એમાં અમુઝાઈને અટવાઈ પણ ન જઈએ. શાંતિ અને સ્વસ્થતાપૂર્વક એમાંથી પાર ઉતરવાનો પ્રયત્ન કરીએ તો આંધી કદાચ ભવિષ્ય માટે નવાં ને સાચાં દિશાસૂચન આપી રહે!

✦ ✦ ✦ ✦ ✦

અનુક્રમ

## ૧૭ : ભલાઈની ભીતરમાં

થોડા દિવસ પહેલાં અલ્પાએ કોલ કરી પોતાની માતાના મૃત્યુના સમાચાર મૌલિકને આપ્યા હતા. એથી ખૂબ દિલગીર થયેલા મૌલિકે પણ એનાં બાને બેભાન અવસ્થામાં દવાખાનામાં દાખલ કર્યાનું અને સ્થિતિ ચિંતાજનક હોવાનું જણાવ્યું હતું. માટે જ એ આ સમાચાર સાંભળી અમદાવાદ અલ્પા પાસે ન જઈ શક્યો. જો કે એથી એને ઘણું દુઃખ થયું. પણ માતાની કટોકટીભરી હાલતમાં એમને મૂકીને જઈ પણ કેમ શકાય? જો કે અલ્પાએ તો ત્યારે એને કશી ચિંતા ન કરવા અને 'બાની બરાબર સારવાર કરજે' એમ જ જણાવેલું. એની ચિંતામાં વધારો ન થાય તેથી વેપારમાં પિતાજીને લાગેલા ધક્કાની વાત એણે ત્યારે મૌલિકને કરી ન હતી.

મૌલિકનાં માતાની તબિયતની ગંભીરતા ધાર્યા કરતાં વધુ લંબાઈ. ડૉક્ટરે આપેલી ત્રણ દિવસની મુદત પૂરી થઈ તો પણ એમાં સુધારો ન જણાયો કે ખાસ વધુ બગાડ પણ ન વર્તાયો. એવી ગંભીર અભાન અવસ્થામાં એ લગભગ દસ દિવસથી હતાં. એટલે અલ્પાની ઘણી ચિંતા અને એને મળવાની આતુરતા છતાં એ મુંબઈ છોડી શકે તેમ નહોતો. આ દોડાદોડી અને વ્યગ્રતામાં એ કાગળ પણ લખી શકાયો નહિ.

તો બીજી બાજુ અલ્પાની પરિસ્થિતિ તો એથી ય ખરાબ હતી. માતા અચાનક જતાં રહ્યાં એ દુઃખ તો હતું જ, પણ એના મૂળ કારણરૂપ પિતા પર આવી પડેલી આર્થિક આંધીની અસર તો વધારે ઘેરી બનતી ગઈ. લેણદારોને શક્ય એટલાં નાણાં ચૂકવવા અને પ્રતિષ્ઠા બચાવવા રામદાસ શેઠે પોતાની પાસેનાં બધાં નાણાં ખર્ચી નાખ્યાં એ તો ઠીક, દાગીના અને મોટર પણ છેવટે કાઢી નાખ્યાં! આ બધી વ્યગ્રતાઓ વચ્ચે અલ્પા પણ મૌલિકનાં માતાની ખબર પૂછવા ન કોલ કરી શકી કે ન પત્ર લખી શકી. પણ આજે તો



નક્કી જ કર્યું : 'કાલે સવોર જ મૌલિકને કોલ કરીશ. સવારમાં એ ઘેર પણ મળશે.' આવો વિચાર કરી રાત્રે આઠેક વાગે પિતાજી માટે દૂધ લઈ એ મેડા ઉપર જતી હતી ત્યાં જ ટેલિફોનની ઘંટડી રણકી : ટનનન...ટનનન. દૂધનો પ્યાલો ટેબલ પર મૂકી, ઢાંકી, અલ્પાએ રિસીવર ઉપાડ્યું.

'હ...લ્લો.'

'કોણ અલ્પા?'

'હા'

'હું મૌલિક બોલું છું.'

'બોલ મૌલિક, કાલે સવારે જ તને કોલ કરવાની હતી. કેમ છે બાને?'

'સારું ય નથી ને ખરાબે ય નથી અલ્પા, 'જૈસે થે' ની સ્થિતિ છે, માટે જ તો તારી પાસે આવી શકતો નથી.'

'એવી ચિંતા કરવાની શી જરૂર છે ગાંડા? અત્યારે બાની સારવાર કર. એમને આરામ થાય એટલે શાંતિથી આવજે.' અલ્પા હિંમત વાળી યુવતી હતી.

'કેમ ચાલે છે ત્યાં? પિતાજીની તબિયત કેમ છે?'

'ઠીક ચાલે છે, બાના જવા ઉપરાંત થોડી ધંધાકીય મુશ્કેલીઓ હતી. પણ હવે બધું થાળે પડવા આવ્યું છે. તું કશી ફીકર ન કરતો.'

'અલ્પા, હું કેવો કમનસીબ છું કે દુઃખના સમયે તને સાથ નથી આપી શકતો.'

'સાવ બાળક જેવો છે તું તો, આપણાં સુખદુઃખ કાંઈ જુદાં છે? અત્યારે બે મોરચે દુઃખનો સામનો કરવાનો છે આપણે એક મોરચો તું સંભાળે છે, બીજો હું સંભાળું છું. એમાં વળી સાથ નહિ આપી શકવાની વાત ક્યાં આવી? અને મુશ્કેલીના વખતમાં જ તો માણસના ખમીરનું માપ નીકળે છે

મૌલિક, ધીરજ રાખ, આ સમય પણ જતો રહેશે.' અલ્પાની સ્વસ્થતા ગજબની હતી!

અલ્પાએ આ કપરા કાળમાં ખરેખર અજબ ધૈર્ય અને હિંમતનાં દર્શન કરાવ્યાં હતાં. આ સંજોગોમાં હતાશ થઇ ગયેલા એના પિતાને પણ ખરેખર એણે જ હિંમત આપી ટકાવી રાખ્યા હતા. મૌલિકને પણ એણે ફોન પર એવું જ બળ આપ્યું ને બીજી થોડી વાતો કરી 'બાય' કહી રિસીવર મૂક્યું ત્યારે એનાથી ઊંડો શ્વાસ લેવાઇ ગયો. સહેજ વાર આંખો બંધ કરી એણે મૌલિકને પ્રત્યક્ષ કર્યો ને એ દર્શનથી તૃપ્ત થઇ, દૂધનો પ્યાલો લઇ એ પિતાજીની પાસે મેડા ઉપર ગઇ. ફોઇ સાથે મંદ સ્વરમાં વાતો કરતા, તકીયે અઢેલીને બેઠેલા પિતાને એણે દૂધ સાથે બે ટિકડી આપી ત્યારે રામદાસ શેઠ બોલ્યા :

'બેટા, આ તો તારી કસોટી થઇ રહી છે.'

'તમે તો જ્યારે હોય ત્યારે આવી જ વાતો કરો છો બાપુજી,' કહેતી અલ્પા પિતાજીને ઠપકો દેવા સાથે લાડ કરતી તેમના ઓશીકા પાસે બેઠી.

'પણ દીકરી, હવે બધું થાળે પડવા આવ્યું છે હોં, ચિંતા ન કરતી. ભગવાનદાસ સિવાય બધા જ લેણદારોના બાર આની પૈસા ચૂકવાઇ ગયા. બધાંને આપણી પ્રમાણિકતા અને નિષ્ઠાની ખાતરી થઇ ગઇ. એટલે હવે કોઇ ઉઘરાણી નહિ આવે. હવે ધીરે ધીરે ફરી ધંધો કરીશું, ને ભગવાન કરશે તો જલદી વેળા વળી જશે બેટા.'

'તે ભાઇ, આ દિવસ કાંઇ કાયમ થોડો જ બેસી રહેવાનો છે? તમારાં તો એવા પુણ્ય છે કે બહુ જલદી હતા એથી ય મોટા થઇ જશો.' બહેને આશ્વાસન આપતાં કહ્યું. પણ ભગવાનદાસના પૈસા બાકી છે એ જાણી અલ્પાને ફાળ પડી.

'શું કહ્યું બાપુજી?' ચિંતાથી એણે પૂછ્યું, 'ભગવાનદાસકાકાના પૈસા લેણા છે આપણી પાસે?'



'હા બેટા, એ એકલા જ બાકી રહ્યા છે.'

'કેટલાક છે?'

'લાખ રૂપિયા, અને વ્યાજ જુદું. જો કે એ પેટે ગયા અઠવાડિયે એમને જરૂર હતી એટલે વીસ હજારનો ચેક આપ્યો છે. પણ ચિંતા ન કરતી બેટી, આપણે ધારતાં હતાં એ કરતાં ભગવાનદાસ જુદી જ જાતના માણસ નીકળ્યા. કેવા સજ્જન! આટલી બધી ઊથલપાથલ થઇ, પણ એમણે પોતાના પૈસાની કદી ચિંતા નથી કરી! અરે, એ અંગે ઇશારો સરખોય નથી કર્યો. વીસ હજારનો ચેક તો એમણે ન છૂટકે જ માગ્યો. ભલા માણસને આપણે આજ સુધી ખંધો સમજી અન્યાય કર્યો. ખરેખર સારો માણસ હાં બેન.' દીકરીને કહેવી શરૂ કરેલી વાત રામદાસે બહેનને સંબોધીને પૂરી કરી.

'એમ કે?' બેને અહોભાવથી પૂછ્યું.

'હા, અરે, ઉપરથી એક દિવસ મને કહે : ચિંતા ન કરશો રામદાસ, પતે એટલું પતાવો પછી હું બેઠો છું.'

'વાહ!' બેને આશ્ચર્ય અનુભવવ્યું.

પણ અલ્પાના મનમાં આ વાત જાણી ત્યારથી ઉચાટ શરૂ થયો હતો. ભગવાનદાસના થોડા પરિચય પરથી જ એ કોણ જાણે કેમ પણ એમને જાણે ઓળખી ગઇ હતી. મધ ઝરતી એમની વાણીની મીઠાશ જ એને કડવી લાગતી હતી! પિતાજીએ એક વાર કહેલું રાત્રે સૂતેલી અલ્પાને યાદ આવ્યું :

''હરાજીમાં એ હારી ગયા અને હવેલી મેં લીધી ત્યારે ય ભગવાનદાસે મીઠાશથી કહ્યું હતું : 'હવેલીમાં સુખેથી રહો... તમારી હવેલી એ મારી જ છે ને.' આવા સમય પારખુ માણસ છે ભગવાનદાસ.''

અલ્પાને બીજું પણ યાદ આવ્યું : 'ભગવાનદાસે પિતાજી પાસેથી અવર-જવર વધારી ટ્રસ્ટ માટે સલાહ લેવાને બહાને એમના પુત્રને અહીં તેડી લાવી અંતે માણેકલાલ દ્વારા યુક્તિપૂર્વક મારું માંગુ કરાવ્યું! શા માટે? મને, મારા પિતાની મિલકતને અને આ હવેલીને પ્રાપ્ત કરવા માટે જ ને?'

અલ્પાએ પાસું ફેરવ્યું. આજે વળી પાછી એની ઊંઘ ઊડી ગઇ હતી. એનો વિચાર-દોર આગળ લંબાયો :

''પિતાજીએ આજે કહ્યું તેમ ભગવાનદાસે નસીબની આવી ઊથલપાથલમાં ય ભલમનસાઇ બતાવી પોતાના લાખ રૂપિયાની એમણે કદી ઉઘરાણી નથી કરી. પણ ત્યારે તે દિવસે ઘેર લેણદારોનાં ટોળાં ઉભરાતાં હતાં ત્યારે મેં જ એક જણને કહેતાં સાંભળ્યો હતો : 'અરે ભગવાનદાસે જ મને કહ્યું ને કે જે હોય તે લઇ લેવામાં ઝડપ કરો, રામદાસ ડૂબે છે!'—આ શું ખોટું?... બીજાને પૈસા ઉપાડવા પ્રેરતા ભગવાનદાસ પોતાના જ એક લાખ રૂપિયાની ઉઘરાણી ન કરે એ શું સૂચવે છે? માનો ન માનો, ભગવાનદાસ કોઇ ઊંડી રમતમાં છે! અને એમની રમત એટલે પૈસો પણ એ તો હવે છે નહિ, પણ રામદાસ શેઠની હવેલી એ જ એમનું નિશાન હોય. આ હવેલી જે વર્ષો પહેલાં પિતાજીએ અમની પાસે ન જવા દીધી. આ હવેલી જે રામદાસ શેઠના નામ સાથે જોડાઇને લોકજીભે રમતી થઇ ગઇ અને જેણે જીવનભર પોતાનો તેજોવધ કર્યો છે એમ ભગવાનદાસ માનતા હશે તે હવેલી પડાવવાનો એમનો દાવ હશે. મિલકત વિનાની રામદાસની પુત્રીમાં તો એમને રસ નહિ હોય, પણ આ હવેલીમાં જરૂર રસ હશે. પિતાજી તો પોતાની જેમ જ બધાંને શુદ્ધ દિલનાં ધારે છે, પણ હું સમજું છું : 'દગલબાજ દોઢા નમે...' આવા વિચારોમાં પલંગમાં પાસાં ફેરવતી અલ્પાને ઊંઘ ક્યાંથી આવે? પણ એ કહે તો કોને કહે? માતા સ્વર્ગમાં, પિતા માંદગીમાં ને મૌલિક મુંબઇમાં! અંતે 'સવારે તપાસ કરીશ' નું આશ્વાસન લઇ એ ઊંઘી તો ખરી, પણ એ ઊંઘે ય બેચેની ભરી જ ને?''

સવારે લગભગ નવ વાગે મુનીમ જાનકીદાસ આવ્યા. અલ્પા એમને નીચે જ મળી, બોલી :

'દાસકાકા.'



'હાં બેટા, કેમ છે શેઠજીની તબિયત?' – જાનકીદાસે ચિંતાથી પૂછ્યું.

'સારી છે કાકા,' અલ્પાએ કહ્યું : 'પણ દાસકાકા, એક વાત પૂછું?'

'કહેને બેટા, એમાં રજા શેની માગે છે?'

'ભગવાનદાસ શેઠના આપણી પાસે કેટલા રૂપિયા બાકી છે?'

'લાખ રૂપિયા બેટા, કેમ શું છે તેનું?'

'કાંઇ નહિ, પણ...'

'એમાં ચિંતા કરવા જેવું નથી, શેઠજી કહેતા હતા કે ભગવાનદાસે એ રૂપિયાની ઉતાવળ નથી એમ કહ્યું છે.'

'હં...મ' કાંઇક વિચારમાં હોય એમ અલ્પા બોલી : 'એમને ગયે અઠવાડિયે વીસ હજારનો ચેક આપ્યો છે, કેમ?'

'મને ખબર નથી બેટા,' જરા આશ્ચર્યથી જાનકીદાસ બોલ્યા : 'કોણે શેઠજીએ કહ્યું?'

'હા, બાપુજી રાત્રે એમ કહેતા હતા ખરા.'

આ સાંભળી જાનકીદાસ પણ વિચારમાં પડ્યા. થોડા ચિંતામાં પણ. એટલા બેં બેલેન્સની એમને શંકા હતી, છતાં એમણે બેફીકરાઇ બતાવવાં અલ્પાને કહ્યું :

'એ તો બધું હું જોઇ લઇશ બેટા, તું વ્યાધિ ના કરતી.'

ઉપર જઇ શેઠ સાથે અડધો એક કલાક બેસી જાનકીદાસ ગયા. એ પછી અલ્પાએ પણ ઉપર જઇ પિાજીને દવા અને દૂધ આપ્યાં અને એમની સાથે વાતો કરતી બેઠી. રામદાસ કોઇ રીતે ચિંતા કે વિચારમાં ન પડે માટે અલ્પા કે એનાં ફોઇ એક સાથે કે વારા ફરતી એમની પાસે બેસી આ - પેલી

વાત કરી એમને આનંદમાં રાખતાં. આ એમને માટે બહુ જરૂરી હતું, એમ ડૉક્ટરે કહ્યું હતું.

પણ એટલામાં જ નીચેથી ફોઇએ બૂમ મારી :

'અલ્પા.'

'આવી ફોઇ.' કહેતી અલ્પા નીચે આવી :

'કેમ ફોઇ?'

ફોઇએ આંગળી ચિંધતાં કહ્યું : 'આ કોઇ ભાઇ આવ્યા છે.'

'સમન્સ છે બેન,' આવનારે કહ્યું : 'શેઠ રામદાસભાઇના નામનો.' આગંતુકે ધોતિયું, ખમીશ, કોટ અને કાળી ટોપી પહેર્યાં હતાં.

'બેસો,' સામેની ખુરશી તરફ આંગળી ચિંધતાં અલ્પાએ કહ્યું : 'બેલીફ છો?'

'હા બેન,' ખુરશી પર બેઠક લેતાં બેલીફે સહી લેવા માટેનો ચોપડો કાઢતાં કહ્યું : 'મારે શેઠજીને મળવું પડશે.'

'એમની તબિયત સારી નથી,' ગંભીર વદને અલ્પાએ કહ્યું : 'એમના વતી હું સહી કરી આપું છું.'

શેઠની જ સહી લેવાનો એક બે વાર બેલીફે આગ્રહ રાખ્યો ત્યારે અલ્પાએ જરા કડકાઈથી પૂછ્યું :

'કોઇ માણસ માંદુ હોય તો એના વતી એનાં ઉંમર લાયક જવાબદાર સંતાન સહી ન કરી શકે એવો કાયદો છે? માંદગીને કારણે મારા પિતાશ્રીને કોઇને પણ મળવા દેવાની ડૉક્ટરે મનાઇ ફરમાવી છે, માટે તમે એમને નહિ મળી શકો. તમે પાછા જઇ શકો છો.'



અલ્પાના કડકાઈભર્યા જવાબથી બેલીફ નરમ પડી ગયો. રામદાસ શઠને જ સમન્સ આપવાનો ભગવાનદાસનો આગ્રહ હતો. એ માટે બેલીફને દસની નોટ એમણે પહેલેથી જ પકડાવી દીધી હતી. એ રીતે રામદાસના ભાંગેલા મનને ધક્કો પહોંચાડી એમને વધુ નરમ બનાવી દેવાની ભગવાનદાસની ગણતરીપૂર્વકની સાચી ચાલ હતી. પણ અલ્પાના વલણે બેલીફને લાચાર બનાવ્યો અને એણે નમ્રતાથી કહ્યું :

'ભલે બેન, તમે સહી કરો. મેં તો એટલા માટે આગ્રહ રાખ્યો હતો કે એ બહાને શેઠને મળાય.'

'કોઇ જરૂર નથી એવી કૃપા કરવાની,' કહી સહી કરી અલ્પાએ સમન્સ અને દાવા અરજીની નકલ લઇ લીધાં અને બેલીફને વિદાય કર્યો. ફોઇ તો બિચારાં સ્તબ્ધ બની આ બધું જોઇ રહ્યાં હતાં. હા, અલ્પાની નિડરતાએ એમને ખુશ પણ કર્યાં.

'શું છે બેટા આ બધું?' બેલીફના ગયા પછી એમણે પૂછ્યું.

'કાંઇ ચિંતા કરવા જેવું નથી ફોઇ,' અલ્પાએ સ્વાભાવિકતાથી કહ્યું : 'પણ બાપુજીને આવી કશી વાત ન કરતાં.'

'ના રે બેન, એટલું તો હું ક્યારની ય સમજી ગઇ છું' કહી એમણે ઉમેર્યું : 'ચાલ ત્યારે, હું ઉપર ભાઇ પાસે જઇને બેસુ છું. એ એકલા જ છે.'

'ભલે ફોઇ, તમે જાવ, હવે હું રસોઇ શરૂ કરું.' અલ્પાએ કહ્યું. અલ્પાએ હવે રસોયાને પણ રજા આપી હતી!

અલ્પા ક્યારની ય સમજી ગઇ હતી એ જ નીકળ્યું. વ્યાજ સહિત પોતાના લેણા નીકળતા એક લાખ સાત હજાર રૂપિયા માટે ભગવાનદાસે દાવો કર્યો હતો અને રામદાસની મિલકતમાં હવે માત્ર હવેલી જ રહી હોવાથી એ રૂપિયા ભરપાઇ ન થાય ત્યાં સુધી હવેલી વેચવા ઉપર એમણે સ્ટે આણ્યો હતો!

વિગત વાંચી, ઊંડો શ્વાસ લઇ અલ્પા બોલી : 'ભગવાનદાસ, ધન્ય છે તમારી ભલમનસાઇને. મારા વિશ્વાસુ પિતા ન સમજી શક્યા, પણ હું તો તમારી રમત સમજી ગઇ હતી. પણ મેં જાણ્યું મોડું.'

'હવે શું કરવું' નો વિચાર કરતી અલ્પા આ આઘાતમાંથી બહાર આવે એ પહેલાં તો બારણે પોલીસ આવીને ઊભી રહી. અલ્પા આશ્ચર્યથી જોઇ રહી. આ વળી કોઇ નવ આફત આવી કે શું?

હા, એ આફત જ હતી. જીપમાંથી બે પોલીસ અને એક ઈન્સ્પેક્ટર ઊતર્યા અને પગથિયાં ચઢી ઓટલા પર આવ્યા.

'શેઠ રામદાસજી કા ઘર યહ હૈ ન?' એમને ખબર હતી છતાં પ્રારંભ કરવા એક પોલીસે પૂછ્યું.

'હાં, ક્યા બાત હૈ?' અલ્પાએ બારણા પાસે જઇને કહ્યું.

'એમની ધરપકડનું વોરંટ છે બેન.' બીજા પોલીસે ગુજરાતીમાં વાત શરૂ કરતાં કહ્યું.

'ધરપકડનું વોરંટ?!' આશ્ચય અને આઘાત અનુભવતાં અલ્પાએ પૂછ્યું : 'શું બાબત છે?'

'વીસ હજારનો ખોટો ચેક આપી છેતરપિંડી કર્યાની એમની સામે ફરિયાદ છે. ફોજદારી ગુન્હો છે.' ઈન્સ્પેક્ટરે જરા કટાક્ષમાં કહ્યું.

'જાણતી તો નથી, પણ અનુમાન કરી શકું છું,' ધીરા પણ રોષભર્યા અવાજે અલ્પાએ કહ્યું. પછી ઓટલા પર પડેલી ખુરશીઓ બતાવતાં કહ્યું : 'બેસો.'

'આભાર,' હાથમાંની સ્ટીક રમાડતા ઈન્સ્પેક્ટર બોલ્યા : 'પણ અમે બેસવા નથી આવ્યા, ફરજ બજાવવા આવ્યા છીએ. શેઠ તો ઉપર હશે?' છેલ્લો પ્રશ્ન પૂછતાં ઈન્સ્પેક્ટરની આંખો ત્રાંસી થઇ.



અને એ પ્રશ્ન ખરેખર ડરામણો હતો. અલ્પા ગભરાઇ. છતાં ગભરાટ દેખાઇ ન જાય એ રીતે બોલી :

'પણ એ તો માંદા છે ઈન્સ્પેક્ટર,'

એ જ વખતે એક એમ્બેસેડર આંગણામાં આવીને ઊભીરહી. અલ્પાના આશ્ચર્ય વચ્ચે એમાંથી શેઠ ભગવાનદાસ અને એમનો પુત્ર લક્ષ્મીકાન્ત ઊતર્યા અને પગથિયાં ચઢી ઉપર આવ્યા. અલ્પાએ એમના પર એક રોષપૂર્ણ નજર નાખી ને આંખ ફેરવી લીધી.

એક હાથમાં વોરંટનો કાગળ અને બીજા હાથમાં સ્ટીક રાખી ઊભેલા ઈન્સ્પેક્ટરને ભગવાનદાસે પૂછ્યું :

'શું વાત છે ઈન્સ્પેક્ટર સાહેબ?'

'શેઠજી માંદા છે એમ કહે છે.' ઈન્સ્પેક્ટરે જરા મર્મમાં હસતાં કહ્યું.

'તે માંદા કેદીની સારવાર કરાવવાની વ્યવસ્થા જેલમાં હોય છે ને?' ભગવાનદાસે કટાક્ષમાં પૂછ્યું.

'જરૂર હોય છે,' કહેતા ઈન્સ્પેક્ટરે અલ્પા તરફ ફરીને કહ્યું : 'બેન, માંદા હશે તો અમે સારવાર કરાવીશું, જરૂર હશે તો દવાખાનેય દાખલ કરાવીશું, પણ અત્યારે અમારે શેઠ રામદાસને કોર્ટમાં તો રજૂ કરવા જ પડશે. આ ફોજદારી કેસ છે.'

અલ્પા એકલી હતી. અત્યારે કોઇનાં સલાહ-સહકાર કે હિંમત મળે તેમ નહોતાં. હવેલી વસ્તીથી થોડે દૂર અને આસપાસ દિવાલ વાળા કમ્પાઉન્ડમાં આવેલી હોવાથી કોઇ પડોશી પણ નહોતું કે અત્યારે આવીને ઊભું રહે. એ મુંઝાઇ. લક્ષ્મીકાન્તને ત્યારે ખરેખર એની દયા અવી. પણ પિતાએ એને બરાબર ભણાવીને આણ્યો હતો, એટલે એમની સૂચના પ્રમાણે જ અત્યારે તો એણે વર્તવાનું હતું.

અલ્પાને મોટો ડર એ હતો કે આવી કશી પણ વાતની જો પિતાને ખબર પડશે તો એમના નિર્બળ થઈ ગયેલા હૃદયને ભારે ધક્કો પહોંચશે. અને તો કદાચ.... આગળની કલ્પનાથી અલ્પાના શરીરમાં ધ્રુજારી આવી ગઈ. એણે આસપાસ ઊભેલા સૌને માપી લેવા તેમના પર એકનજર ફેરવીને ભગવાનદાસને એણે પૂછ્યું :

'કાકા, શું ધાર્યું છે આ બધું? અને શા માટે?'

'મેં ક્યાં કશું ધાર્યું છે બેટા?' મીઠી વાણીમાં ભગવાનદાસ ઓચર્યા : 'આ તો ઊલટું, મારા જેવા વિશ્વાસુ માણસને ખોટી રીતે છેતરવામાં આવ્યો છે. બાકી, હું ક્યાં તમારે ઘેર ક્યારેય ઉઘરાણી આવ્યો હતો.'

'મારા પિતાજીની પ્રમાણિકતા તો તમેય જાણો છો કાકા,' અલ્પાએ નમ્ર અવાજે કહ્યું : 'પણ સંજોગોની ભીંસ ને કારણે આવેલી માનિસક અસ્વસ્થતા અને નરમ તબિયતને કારણે એમનાથી ભૂલથી બેલેન્સના ખ્યાલ વગર ચેક અપાઈ ગયો હશે. એ માટે હું દિલગીર છું. તમારા પૈસા જરૂર આપીશું. પણ થોડી ધીરજ રાખો ને સમય આપો.'

'દીકરી, એ બધી વાતો અમે રામદાસભાઈ સાથે કરીશું. તું તો છોકરૂ કહેવાય. તારે આમાં શી લેવાદેવા?'

'શી લેવાદેવા ?' ગુસ્સાથી અલ્પા બોલી : 'કાકા, એક પિતાની આબરૂનું લિલામ થતું હોય ત્યારે એની પુત્રીને શી લેવાદેવા એમ પુછો છો તમે ?

'એવું લીલામ તો તારા બાપે વર્ષો પહેલાં મારી આબરૂનુંય કર્યું હતું, દીકરી! ત્યારે તો તું હોઈશ તો ય બહુ નાની હોઈશ. એટલે તને શી ખબર ?' ભગવાનદાસે ભૂતકાળ કહ્યો.



'ખબર છે કાકા, એની ખબર છે. અને મને એની ય ખાતરી છે કે આ હવેલી ખરીદવાની હરીફાઈમાં તમે મારા પિતા સામે હારી ગયા એ વેરની આગમાં તમે વર્ષોથી જલ્યા કરો છો. એટલે ગમે તેમ કરી તમારે આ હવેલી આંચકી લઈને તમારા વૈરાગ્નિને શાંત કરવો છે.' અલ્પા સહેજ અટકી ને આગળ વધીઃ 'એ માટે જ તમારા પુત્રને મારી સાથે પરણાવવાનો પણ તમે થોડા વખત પહેલાં પાસો ફેંક્યો હતો. મારા પિતાએ એનો ઈન્કાર કર્યો એટલે તમારા વૈરાગ્નિને વિંઝણો ઢોળાયો હશે અને એ વધુ પ્રજ્વલિત થયો હશે. એ વેરની આગને હોલવવા જ તમે આજે આ ધરપકડનું વોરંટ લઈને આવ્યા છો એ હું સમજું છું.'

'ઈન્સ્પેક્ટર સાહેબ,' ભગવાનદાસે કહ્યું : 'આ બધી વાતો તો વખત બગાડવાની યુક્તિ છે. કદાચ આરોપી બીજે રસ્તે....'

'હાં હાં સચ બાત હૈ, હઠો બહન, હમે હમારા ફર્જ અદા કરને દો, વરના...' કહેતા ઈન્સ્પેકટરે ઘરમાં પ્રવેશ કર્યો. અને દાદર તરફ જવા લાગ્યા. પાછળ બે પોલીસ હાથમાં દોરડા સાથે હતી !

'ઠહરો ઈન્સ્પેક્ટર,' જરા ગુસ્સાથી અલ્પાએ કહ્યું. ઈન્સ્પેક્ટર જરા અટક્યા ત્યારે અલ્પા ભગવાનદાસ તરફ ફરી અને ઊંચા સ્વરે પૂછ્યું :

'કાકા, શું આ એક જ રસ્તો છે તમારા વેરને શાંત કરવાનો ?'

'વેર જેવું કશું જ નથી દીકરી,' ભગવાનદાસ મરકતા મરકતા બોલ્યા : 'તને અમસ્તું જ એમ લાગે છે. હા, તો પણ આ ગુંચવાયેલા કોકડાને ઉકેલવાનો બીજો ઉપાય છે તો ખરો.' વાક્યનો ઉતરાર્ધ બોલતાં એમની આંખો ખંધાઈમાં ત્રાંસી થઈ.

'શો ઉપાય છે?' કડકાઈથી જ અલ્પાએ પૂછ્યું. જાણે અત્યારે– ગુનેગાર ભગવાનદાસ હોય એવી અદાથી !

'મેં તો તને પહેલેથી જ ઘરની માની છે દીકરી, માટે જ તો મેં તારા હાથની મારા લક્ષ્મીકાન્ત માટે માંગણી કરી હતી.' હેં હેં હેં હેં-હસતા ભગવાનદાસે ઉમેર્યું : 'નહિ તો મારા દીકરા માટે કન્યાઓની ક્યાં ખોટ હતી ?' અને પછી ધીરેથી કહ્યું : 'તારી ઈચ્છા હોય તો એ માગણી હજી ઊભી જ છે. સ્વીકારી લે, ને મારા ઘરની માલિક બનીને રહે. પછી તો રામદાસની આબરૂ એ મારી આબરૂ.'

'આ તમારો આખરી નિર્ણય છે?' જરા ગુસ્સામાં અલ્પાએ પૂછ્યું.

'નિર્ણય નહી, વર્ષોથી સેવેલું સ્વપ્ન છે.' ભગવાનદાસે ભારપૂર્વક કહ્યું.

'ઠીક છે,' દાંત નીચે નીચલો હોઠ દબાવતાં અલ્પાએ કહ્યું : 'પણ એ માટે મારે તમારી સાથે અને તમારા પુત્ર સાથે એકાંતમાં થોડી વાત કરવી પડશે.'

'અત્યારે જ બેસીએ દીકરી,' ભગવાનદાસ મલકતા બોલ્યાં : 'તું કહે તો આ ઈન્સ્પેક્ટર સાહેબને તકલીફ આપીએ. થોડીવાર બહાર બેસવાની એમને વિનંતી કરીએ. સારા માણસ છે એ. આપણી વિનંતી સ્વીકારશે એ.'

'એટલે પોલીસ પહેરા નીચે સોદો કરવો છે તમારે ?'અલ્પાએ કટાક્ષ કર્યો.

'સોદો ક્યાં છે દીકરી ? આ તો સગપણ કરવાની વાત છે.' ભગવાનદાસે કહ્યું. છતાં અલ્પાએ વિચાર કરવાનો સમય માગતી થોડી ચર્ચા કરી. પણ ભગવાનદાસ ન માન્યા. અંતે ઈન્સ્પેક્ટર બોલ્યો :

'અમે થોડી વાર આસપાસ આંટો મારી આવીએ છીએ શેઠ, દરમિયાન તમે વાતચીત પતાવો. અમે થોડી વારમાં પાછા આવીએ છીએ.'

'ઠીક, છે આ વાત?' લક્ષ્મીકાન્તે પહેલી વાર અલ્પાને પૂછ્યું.

'ભલે,' અલ્પાએ નિર્લેપ ભાવે કહ્યું ને ઈન્સ્પેક્ટર પોતાના પોલીસો



સાથે બહાર નીકળ્યા. પોલીસવાળાના ગજવામાં વજન ક્યારનું ય પડી ગયું હતું. એટલે પોતાને એ અનુકૂળ થવાના જ હતા એની ભગવાનદાસને ખાતરી હતી !

'આવો અંદર, બેઠક રૂમમાં.' પોલીસના ગયા પછી અલ્પાએ કહ્યું ને પોતે આગળ થઈ. એના અવાજમાં હવે નિરાશા સાથે ગુસ્સાના ભાવ અને કડકાઈ સ્પષ્ટ વરતાતાં હતાં.

અલ્પાને અનુસરતા ભગવાનદાસે પાછળ આવતા પુત્રના કાનમાં ધીરેથી કહ્યું :

'જરૂર પડે એટલું જ બોલજે. બાકી બધું મારી ઉપર જ છોડજે.'

'વાંધો નહીં,' કહી પુત્ર પિતાને અનુસર્યો. અત્યારે એ ઉદ્ધત અને સ્વચ્છંદી છોકરો મટી આજ્ઞાંકિત અને ડાહ્યો દીકરો બની ગયો હતો!

✦ ✦ ✦ ✦ ✦

અનુક્રમ

## ૧૮ : પ્રેયસીની પ્રતિજ્ઞા

જે આંધી છેલ્લા થોડા દિવસથી રામદાસ શેઠની હવેલીને ઘેરી વળી હતી એની આજે પરાકાષ્ઠા હતી એ વાત અલ્પા ક્યારનીય સમજી ગઇ હતી. આ આંધી એની વ્હાલસોઇ માતાને ભરખી ગઇ હતી. રામદાસ શેઠના ઘરની લક્ષ્મીને – પત્ની અને ધન બંનેને – આ આંધીએ આંચકી લીધાં હતાં, એમની પ્રતિષ્ઠાને આ આંધીએ મોટો ફટકો માર્યો હતો. રામદાસની – એના પિતાની – તંદુરસ્તી ય આ આંધીએ ગંભીર રીતે બગાડી હતી, અને હવે આ આંધી એમનો જાન લેવા આગળ વધતી હતી કે શું? અલ્પાને ધ્રાસ્કો પડ્યો હતો. પોતાના પૈસા માટે ભગવાનદાસે દાવો કર્યો છે એની જાણ જો પિતાજીને થાય તો એમની તબિયતની નાજુક હાલતમાં એથી ગંભીર અસર થાય એ અલ્પા જાણતી જ હતી. માટે તો સમન્સ લઈને આવેલા બેલીફને એણે નીચેથી જ પાછો વાળ્યો હતો. પછી વકીલની સલાહ લઇ, ધીરે રહીને યોગ્ય રીતે એ વાત એમને કહી શકાશે એમ અલ્પાએ સાચી રીતે વિચાર્યું હતું. પણ આ વિચાર–વર્તુળમાંથી એ પોતે બહાર નીકળે ત્યાં તો એના પિતાની ધરપકડના વોરંટ સાથે પોલીસ આવી અને એ આગ પર પેટ્રોલ છાંટવા માટે પાછળ ભગવાનદાસ એમના પુત્ર સાથે આવ્યા! ધરપકડના વોરંટની જાણ જ પિતાજી માટે આત્મઘાતક નિવડે! કદાચ ધરપકડ થતાં પહેલાં જ પિતાજી...! આ કલ્પના જ અલ્પા માટે ભયાનક હતી. માટે જ એ સમજી ગઇ કે આંધી આજે એની પરાકાષ્ઠાએ હતી એટલે આ હવેલીમાં એ અકલ્પ્ય એવી ભારે ઊથલપાથલ મચાવી દેશે! અલ્પા બુદ્ધિશાળી હતી, હિંમતવાળી હતી. છતાં આ તોફાન તો ભલભલા ભડવીરોનાં ય હાંજા ગગડાવી નાખે, એમને હતવીર્ય અને હતબુદ્ધિ કરી નાખે એવું ભારે હતું! આવી વેળાએ તો આપ્તજનોના સાથ, સહકાર, સલાહ અને હૂંફ જોઇએ. ત્યારે ઊલટું આવી કટોકટીની વેળાએ તે એકલી હતી! ભર રણમાં ભયાનક



આંધી વચ્ચે અટવાઇ પડેલી કોઇ અબળા ગમે એટલી હિંમતવાળી, બુદ્ધિમાન અને ધૈર્યવાન હોય તોય એ શું કરી શકે? એ આંધી એને જીવતી દાટી જ દે. રેતીની એ કબરમાં જીવતાં પોઢી ગયા સિવાય ત્યારે અન્ય કોઇ ઉપાય જ નહિ! એવી જ દશા અત્યારે અલ્પાની હતી. ભવરણમાં આંધી વચ્ચે એ સપડાઇ હતી. એવી આંધી જેમાં જીવતાં દટાયે જ છૂટકો હતો !

કોઇની સલાહ લેવાનો સમય નહોતો, વિચાર કરવાની વેળા નહોતી. આંગણે આવીને ઊભેલા આ દૈત્યના મનમાં દયા નહોતી. બાકી, એણે પૂછ્યું હતું :

‘કાકા, મને વિચાર કરવા થોડા દિવસનો સમય આપો.’

‘અરે બેટી’ ખંધા હાસ્ય સાથે ત્યારે ભગવાનદાસે કહ્યું હતું : ‘એમાં વિચાર કરવા જેવું છે જ શું? હું તો એક સ્વજનની જેમ તારા સુખની વાત કરું છું. આ લગ્નની વાત તું સ્વીકારી લે તો બધી જ આધિવ્યાધિ ટળી જાય, તું સુખી થાય અને બિચારા રામદાસભાઇ પણ આ સંજોગોમાં આવી આફતમાંથી બચી જાય, એટલું જ નહિ, એમની તો તારા તરફની ચિંતા ય ટળી જાય. બાકી, આ ઉંમરે અને આ સંજોગોમાં મા કે ભાઇ વિનાની ઉંમરલાયક દીકરીની એમને ઓછી ચિંતા હશે? એ બધું સમજીને જ તો મેં મારા લક્ષ્મીકાન્ત સાથેના લગ્નનો તારી સમક્ષ પ્રસ્તાવ મૂક્યો છે. આપણાં બે પ્રતિષ્ઠિત કુટુંબો આવા સંબંધથી જોડાય તો કેવી સુવાસ ફેલાય એનો તો ખ્યાલ કર, દીકરી. આ તો સોનામાં સુગંધ ભેળવવા જેવી વાત છે. એમાં વળી વિચાર શો કરવાનો છે?’

બારણામાં ઊભા ઊભા ઇન્સ્પેક્ટરની હાજરીમાં આવું લાંબુ મધઝરતું ભાષણ ત્યારે ભગવાનદાસે આપેલું. છતાં અલ્પાએ છેલ્લી વાર વિનંતી કરી જોઇ હતી :

‘તો પણ થોડા દિવસનો સમય તો આપો કાકા, એટલામાં શું ખાટું-મોળું થઇ જવાનું હતું?’

ત્યારે એ જ ખંધા હાસ્યથી ભગવાનદાસે કહેલું :

‘દીકરી, કાયદો તો એનું કામ સમયસર કરે જ. એ જો અવસર ચૂકે તો ખાટુંમોળું જ નહિ, કયારેક કડવું પણ થઇ જાય. અને હાં, આ પોલીસવાળા કાંઇ આપણા નોકર થોડા જ છે કે કહીએ ત્યારે આવે ને કહીએ ત્યારે જાય? આ તો ઠીક થયું કે હું અચાનક આવી ચઢ્યો તો આટલો રસ્તો સૂચવ્યો. બાકી એ તો અત્યારે ક્યારના ય રામદાસભાઇને પકડીને...બળ્યું, બોલતાં મારી જીભે ય નથી ઉપડતી... કેમ ઇન્સ્પેક્ટર સાહેબ?’

‘અરે શેઠજી, આપને આકર નાહક વિલંબ કર દીયા, નહિ તો ઇતની દેર મેં તો હમ આરોપીકો લેકર કબકે કોર્ટમેં પહુંચ ગયે હોતે.’ ઇન્સ્પેક્ટરે ભગવાનદાસને અનુકૂળ જવાબ આપ્યો હતો. માટે જ અલ્પાએ પોલીસને વિદાય કરાવી બાપ-દીકરાને અંદર બેઠકરૂમમાં બોલાવ્યા હતા.

એટલે વાતચીત શરૂ કરતાં પહેલાં અલ્પાની સામે ચિત્ર સ્પષ્ટ હતું. અચાનક આવી પડેલો આઘાત સહન ન થતાં માતાએ ચિર વિદાય લીધી હતી. પિતાજી તો એવા બધા વિપરીત સંજોગોના વમળમાં ફસાઇ ગયા હતા કે હવે એક નાનું સરખું મોજું જ તેમને ડૂબાડી દે એમ હતું! પિતાજીના જીવનને બચાવવાનો, એમને કમોતે મરતા અટકાવવાનો, જીવનભર એમણે આપેલા લાડ-પ્યારનો એમની અસહાય, નિરાધાર વૃદ્ધાવસ્થામાં બદલો ચૂકવવાનો અલ્પા પાસે એક જ માત્ર એક જ ઉપાય હતો. અને એ ઉપાય હતો ભગવાનદાસના પ્રસ્તાવને સ્વીકારી લેવાનો!–એમની પુત્રવધુ બની જવાનો!

કેટલો ભયંકર ઉપાય હતો! એના કરતાં આપઘાત કરી પોતાના જીવનનો અંત આણવાનું અલ્પાને વધારે ગમ્યું હોત. જીવતાં મરી જવું એના કરતાં મરીને જીવવાનું એ વધારે પસંદ કરત. પણ એમ કરતાં તો પિતાજીને ઊલટું મોટા દાવાનળમાં એકલા એકલા જલવા માટે હડસેલી મૂક્યા જેવું થાય. તો શું મૌલિકને છોડી દેવો? એના પ્રેમને છેહ દેવો? અરે, પોતાના આત્માને ય કચડી નાખવો શું?



મૌલિક વિના અન્ય કોઇને જીવનસાથી બનાવાનું અલ્પા કલ્પી શકતી નહોતી, એના વિનાનું જીવન શક્ય જ નહોતું એમ એ માનતી હતી. અરે, એના વિના એ જીવવા જ નહોતી ચાહતી. સ્નેહભર્યા, સુંદર, સુખી ભાવિ જીવનનાં કેવાં મધુર સ્વપ્નો સેવ્યાં હતાં! મૌલિકને દિલ દીધું હતું, એનું દિલ લીધું હતું. કેવો કાંચન શુદ્ધ પ્રેમ હતો એમનો! કશો સ્વાર્થ નહોતો, હતો માત્ર પવિત્ર પ્રેમનો પારાવાર! એ પારવારમાં બે આત્માઓએ એક બની વિહરવું શરૂ કર્યું હતું અને જીવનભર એ રીતે એકબીજાની સાથે, એક બીજાને માટે વિહરતાં વિહરતાં અંતે એમાં જ સાથે ડૂબી જવાના બંનેના મનોરથ હતા. એવા કોલ દીધા-લીધા હતા. અને એમાં કશી અડચણ પણ નહોતી. બધું અનુકૂળ હતું, બધું નક્કી ય હતું. માત્ર થોડા સમયનો જ તો સવાલ હતો. પણ ત્યારે એ સવાલે જવાબ ન દેવાય એવી જટીલતા ઊભી કરી અલ્પા સામે! વિષમ સંજોગોનું કાળકરાળ કટક આવ્યું અને તે પણ એક એકલી અટુલી કીડી સામે! કેમ ટકી શકાય?

‘બેસો કાકા, આવું છું.’ કહી ભગવાનદાસ અને લક્ષ્મીકાન્તને બેઠક રૂમમાં બેસાડી અલ્પા અંદરના ઓરડામાં ગઇ. બંને રૂમ વચ્ચેનું બારણું કાયમ બંધ રહેતું. અંદરનો ઓરડો વિશાળ હતો, ચારે પાસ બારીઓ હતી એટલે હવા-ઉજાસ સારાં હતાં. પાર્વતી શેઠાણીનો ખાટલો કાયમ આ રૂમમાં રહેતો. એની દીવાલોએ શ્રીનાથજી, અંબાજી, રામ-સીતા અને બુદ્ધ જેવાં દેવ-દેવીઓની મોટી છબીઓ ટાંગેલી હતી. આ ઘરમાં તો રોજ દેવ-દેવીઓની પૂજા થતી, એટલે અલ્પાને તો દેવ યાદ આવે જ. બાકી, એ વિના પણ દુઃખમાં માણસને દેવ સાંભરે છે. અલ્પા તો આ કસોટી વેળા એકલી હતી, એની સામે વિકટ સમસ્યા હતી અને સમય પણ ખૂબ ઓછો હતો, કારણ કે એ અંદર ગઇ ત્યારે ય ભગવાનદાસે કહ્યું હતું : ‘જલદી કરજે બેટા, અમને જે તે નિર્ણય જણાવ. સમય બહુ ઓછો છે, પેલા પોલીસ ઇન્સ્પેક્ટર બહુ રાહ જુએ એવા નથી, સ્વભાવના જરા કડક માણસ છે.’

આ મનોસ્થિતિમાં અલ્પા અંદર ગઇ હતી - નિર્ણય કરવા. એક બાજુ, જીવન માટે સેવેલાં ને સાકાર થવા માટે જ સર્જાયાં હોય એવાં સ્વપ્નોનો પાતાને હાથે જ ભંગાર કરી નાખવાનો નિર્ણય હતો, તો બીજી

બાજુ પ્રતિષ્ઠિત પિતાની ધરપકડ દ્વારા આબરૂ તો ધૂળમાં મળી જ જવાની હતી. પણ એથી ય વિશેષ તો એ આઘાત ન જીરવી શકતાં પિતાના જીવનનો અકાળે કરૂણ અંત આવવાની પૂરી દહેશત હતી! અલ્પાને વધારે દયા તો મૌલિકની આવતી. પોતાનું તો જે થવાનું હશે તે થશે, પણ મૌલિકનું શું થશે એની એને ચિંતા હતીઃ 'બિચારો કેવો નિર્દોષ, પ્રેમાળ ને વિશ્વાસુ છે! મારા માટે કેટલી બધી લાગણી છે એના અંતરમાં! એના વિશ્વાસનો ઘાત કરું? એના હૃદયને કેવો ધક્કો લાગે! મારા વિના એ...કેવી હૃદય વિદારક કલ્પના! હું બીજે પરણું તો મૌલિકનું શું થાય? પણ બીજો પર્યાય પણ ક્યાં રાખ્યો છે આ ખંધા વેપારીએ? તો શું કરું?'

આમ મુંઝાતી અલ્પા બુદ્ધની તસ્વીર સામે તાકી રહી. બોલી, 'તમે તો બુદ્ધ છો, જ્ઞાની છો. મારી મૂંઝવણનો ઉપાય બતાવો સિદ્ધાર્થ.' અને અલ્પાની નજર આગળ બુદ્ધના ગૃહત્યાગનો પ્રસંગ સાકાર થયો :

પ્રિય પુત્ર અને વહાલસોયી પત્નીને ત્યાગીને જતાં સિદ્ધાર્થ મનોમંથન અનુભવતા હતા. એમને છોડીને ત્રણ વાર બારણા સુધી ગયા ને ત્રણ વાર પાછા આવ્યા. અંતે મન મજબૂત કર્યું ને નિર્ણય કર્યો : માનવ જાતના કલ્યાણ અર્થે પ્રિયજનોનો ત્યાગ કરવો જ રહ્યો. અને એમણે એ ત્યાગ કર્યો.

અલ્પાને થયું : 'તો શું મારે પણ પિતાની ઉત્તરાવસ્થામાં એમનું જીવન કરૂણ ન બની જાય માટે મારા પ્રેમીને ત્યાગવો?'

આમ વિચારતાં એની આંખો છલકાઇ ગઇ. આંસુ લૂછી એણે ઊંચે જોયું તો એની નજરે રામ-સીતાની છબી પડી. શ્રીરામે જાણે કહ્યું :

'ભાવનાથી કર્તવ્ય ઊંચું છે.' અલ્પાને થયું : 'હા, માટે તો રામે પવિત્ર પ્રેમાળ સીતાનો ત્યાગ કર્યો, પોતાનું રાજા તરીકેનું કર્તવ્ય નિભાવવા. તો મારે પણ પુત્રી તરીકેનું કર્તવ્ય નિભાવવા મારા પ્રેમનું બલિદાન આપવું, એમ જ ને?'



અલ્પા ખૂબ જ રડી. પણ અંતે સ્વસ્થ થઇ. આંસૂ લૂછી નાખ્યાં, મન મક્કમ કર્યું અને નિર્ણય લીધો :

'પિતાજીની પ્રતિષ્ઠા અને એમનું જીવન મારે બચાવવાં જ જોઇએ. હું એ બચાવીશ. પણ હું મારા પ્રેમને પણ કલંક નહિ લગાડું. મૌલિક સાથે મેં પ્રેમ કર્યો છે, એ કોઇ સોદો નથી કે એમાં બાંધછોડ કરી શકાય. મારો-અમારો-પ્રેમ સાચો, શુદ્ધ દિલનો છે. એ પ્રેમ નિભાવીશ. એ પ્રેમને હું બટ્ટો નહિ લગાડું. એની શાન જાળવીશ. અરે, જગતને બતાવીશ કે તમારા લાખ પ્રયત્નો છતાં તમે સાચા પ્રેમનો છેદ નહિ ઉડાવી શકો. સ્વાર્થી અને ગણતરીબાજ લોકોને હું ખાતરી કરાવીશ કે પ્રેમ અમર છે...!'

અલ્પાની વિચારાધારા સહેજ અટકી ને પછી એ જરા મોટેથી બોલી :

'મૌલિક, મારા મૌલિક, મને માફ કરજે, હું તારી ન બની શકી, પણ હું તારી મટી શકું પણ નહિ.' અને ફરીથી એની આંખો છલકાઇ ગઇ!

થોડી વાર પછી મોં ધોઇ, પાણી પી એ ગંભીર વદને પણ મક્કમ પગલે બહાર ગઇ ત્યારે આતુરતા અને અધિરાઇથી ઊંચાનીચા થઇ રહેલા ભગવાનદાસનો જીવ હેઠો બેઠો.

બેઠકરૂમમાં એક સોફા પર શેઠ ભગવાનદાસ અને એમનો પુત્ર લક્ષ્મીકાન્ત બેઠા હતા. વચ્ચે એક નાનું ટેબલ હતું જેના પર સુંદર ફ્લાવર વાઝ હતું. તાજાં ફૂલો એમાં શોભતાં હતાં. ટેબલની બીજી બાજુ પર આરામથી બેસાય એવી ગાદી અને હાથાવાળી ઢળતી ખુરશીઓ હતી. ભગવાનદાસ બેઠા હતા એની સામી બાજુ ભીંત અડતો બીજો સોફાસેટ હતો. બંને દીવાલો પર એક એક કુદરતી સૌન્દર્યની અને એક એક ઇષ્ટ દેવતાઓની મોટી છબીઓ હતી. ઝાંખા શેડમાં બંને દીવાલો પર ટ્યુબ લાઇટ બળતી હતી અને ધીમો પંખો માથા પર ફરી રહ્યો હતો. અલ્પા આવીને ભગવાનદાસની સામેના સોફા પર બેઠી.

'બોલો કાકા, શું વાત છે?' કોઇ ધીર વિષ્ટિકારની જેમ પણ નિસ્પૃહ ભાવે અલ્પાએ પૂછ્યું.

'વાત તો કહી જ ને દીકરી,' ભગવાનદાસ મીઠી વાણીમાં બોલ્યા : 'બહુ સહેલી વાત છે. તું ને લક્ષ્મીકાન્ત લગ્ન કરી લો એટલે હું ને રામદાસભાઇ-બંને મિત્રો-શાંતિથી હરિ સ્મરણ કરીએ. બીજું શું?'

'શું ફાયદો થશે એથી?' અલ્પાએ ગંભીર છતાં કાંઇક કટાક્ષભાવથી પૂછ્યું.

'ફાયદો? હેં હેં હેં હેં' કૃત્રિમ રીતે હસતા ભગવાનદાસ બોલ્યા : 'પછી કાંઇ મારા વેવાઇ પર દાવો કે ધરપકડનું વૉરન્ટ કશુંય કાંઇ થોડું જ રખાવાનું છે મારાથી?'

'એ તો અમારો ફાયદો થયો, પણ એથી તમને શું લાભ થશે કાકા?' અલ્પા જાણે ઉલટ તપાસ લેતી હતી.

'તમે બે સુખી થાવ એ જ મારો લાભ,' કહેતા ભગવાનદાસ આત્મીય ભાવથી ધીરેથી બોલયા : 'દીકરી તું મારે ઘેર જરા ય દુઃખી નહિ થાય. પરણીને તું ઘરમાં પેસીશ તે ઘડીએ જ તિજોરીની ચાવી મારે તને આપવાની છે. તું તો જાણે છે કે મારા ઘરમાં નાનું-મોટું બીજું કોઇ નથી. ઘર તારે જ સંભાળવાનું છે. અને મારે ઘેર... બેટા, કશાની ખોટ નથી. તારા પિતાને ઘેર જે છે... એટલે કે હતું...એનાથી જરાય ઓછું મારે ઘેર નથી હોં. તું નાની હતી ને બેટા, ત્યારથી જ મને તારા ઉપર ભાવ. એટલે તું સુખી થાય એ જોવાનું ય મને ગમેને? વળી એથી મારા મિત્ર રામદાસભાઇનો બોજો ય વૃદ્ધાવસ્થામાં ઓછો થાય એ પણ મારા માટે ઓછા આનંદની વાત છે? હેં હેં હેં હેં...'

'કાકા, હજી ય વિનંતિ કરું છું કે જો મારા પર તમને ખરેખર ભાવ હોય તો મને આ બંધનમાં ન નાખો, બાકી, તમારા પુત્રને તો તમે ગમે ત્યાં બીજે પણ પરણાવી શકશો.'



'અરે ગાંડી,' ભગવાનદાસ શેઠ જરા આકરા થઇ બોલ્યા : 'બીજે પરણાવવો હોત તો આ બધી દોડધામ શીદ કરત? લાખ તારા એક ચંદ્રની બરાબરી કરી શકે ખરા? ક્યાં રામદાસભાઇનું કુળ અને...' થોડીક વાત ગળી જઇ ભગવાનદાસે કહ્યું : 'તું મારા ઘરમાં આવે તો મારા કુળની પ્રતિષ્ઠા કેટલી બધી વધે!'

'સમજી કાકા,' અલ્પા જરા તીરછી નજર કરી બોલી : 'તમારે તમારા કુળની પ્રતિષ્ઠા વધારવી છે, રામદાસ શેઠની હવેલી લઇ વર્ષો પહેલાં ઘવાયેલા તમારા અહમ્‌ને પોષવું છે અને...' જરા અટકી વાત ફેરવતાં અલ્પાએ કહ્યું : 'કાકા થોડી ધીરજ ધરો તો મારા પિતાની અનુપસ્થિતિમાં હવેલી હું તમારે હવાલે કરી દઇશ. મારા પિતાની મારા પર છે એટલી જ મમતા હવેલી પર ન હોત તો આજે જ હું આ હવેલી સોંપી દેત. પણ...'

'હવેલી તો હું આજે લઇ શકું એમ છું,' જરા અકળાઇને ભગવાનદાસ બોલ્યા : 'પૈસા નીકળે છે ને મારા. પણ આ તો તને સુખી કરવાની વાત છે દીકરી. પછી તું જાણે. ઠીક ન લાગતું હોય તો અમને અમારી રીતે એ પતાવવા દે.' પછી જરા નરમ સ્વરે એમણે ઉમેર્યું : 'બેટા, સાચું કહું છું, મારી પુત્રવધૂ બનીને મારા ઘરનું રાજ કર.'

'કાકા,' જરા ગંભીર બની અલ્પાએ પૂછ્યું : 'આ તમારો આખરી નિર્ણય છે?'

'નિર્ણય નહિ બેટા, કહ્યું તો ખરું કે વર્ષોથી સેવેલું સપનું છે મારું.' ભગવાનદાસે જરા ઉત્સાહમાં આવીને કહ્યું.

'તમારા સેવેલા સ્વપ્રને કારણે તમે કોઇનાં સિદ્ધ થવા આવેલાં સવપ્ન રોળી રહ્યા છો એનો તમને ખ્યાલ નથી કાકા.'

'બાપુજી,' આખી વાતચી દરમિયાન અદ્‌ભુત સંયમ રાખી મૌન સેવી રહેલા લક્ષ્મીકાન્તે પહેલી વાર મોં ખોલ્યું : 'આ બધી શી ડાચાકૂટ? આ પાર કે પેલે પારનો ફેંસલો કરી નાખોને.'આ પાર, કે પેલે પાર, – લક્ષ્મીકાન્તનો આ શબ્દપ્રયોગ જરા જુદી રીતે અલ્પાના મગજમાં ઝબક્યો. તેણે સ્વગત કહ્યું :

'મારે ય હવે એવા નિર્ણયની ઘડી આવી : આ પાર રહેવું, પેલે પાર જોવું...આ પાર હું, પેલે પાર મૌ...લિ...ક!'

લક્ષ્મીકાન્ત હવે અકળાયો છે એ વાત ભગવાનદાસ સમજી ગયા. એ અકળાય ત્યારે વાતનું વતેસર કરી નાખે એ હકીકત એ જાણતા હતા. અત્યાર સુધી એણે જે ધીરજ ધરી એની જ એમને તો નવાઇ લાગતી હતી. એટલે પુત્ર બાજી બગાડી નાખે એ પહેલાં જ એમણે ફરીથી વાતનો દોર હાથમાં લઇ લેતાં ઊભા થવાનો દેખાવ કરવા લાકડી હાથમાં લેતાં કહ્યું : 'સાચી વાત અલ્પા,' અમારું કાંઇ દબાણ થોડું જ ચાલે તારી ઉપર? તારી ઇચ્છા ન હોય તો અમને અમારે રસ્તે જવા દે.' ભગવાનદાસે પહેલી જ વાર 'દીકરી' કે 'બેટા' ને બદલે 'અલ્પા' નામથી સંબોધન કર્યું. પોતાને બહુ ગરજ નથી એમ સૂચવવા જરા દૂરતા બતાવી એમણે આ સંબોધનથી.

'તો તમારો નિર્ણય પાકો છે?' અલ્પાએ એ જ પ્રશ્ન જરા જુદી રીતે દોહરાવ્યો.

'પાકો, સોએ સો ટકા પાકો,' ભગવાનદાસ બોલે એ પહેલાં જ લક્ષ્મીકાન્તે કહ્યું : 'હવે તમારો નિર્ણય જણાવી દો એટલે અમે ચાલીએ.'

'તો સાંભળો મુરબ્બી,' ભગવાનદાસ તરફ જોઇ અલ્પા બોલી : 'મારા પિતાની પ્રતિષ્ઠા ખાતર, એમની ઉત્તરાવસ્થા કરૂણતામાં સરી ન પડે અને એમને 'બાપડા' ને 'બિચારા' થઇને ન જીવવું પડે એ ખાતર હું તમારા પુત્ર સાથે પરણીશ.' અલ્પા અટકી. એના સંબોધનમાંથી પહેલી વાર 'કાકા' શબ્દ અદશ્ય થયો હતો અને હવે 'મુરબ્બી' શબ્દ વપરાયો હતો. આ સાંભળી ભગવાનદાસ તો ખુશ ખુશ થઇ ગયા. હારેલા રાજાને જાણે ગયેલું રાજ્ય પાછું મળ્યું! લક્ષ્મીકાન્તના ચહેરા પર પણ સ્મિતની રેખાઓ અંકાઇ ને આજે પહેલીવાર અલ્પાના તસતસતા યૌવનને એ ભૂખી નજરે જોઇ રહ્યો! જાણે હવે એ એનો અધિકારી કાં ન હોય! પણ અલ્પાએ તો હૃદય પર પથ્થર મૂકીને આ વાત કહી હતી. એ કહેતાં કહેતાં તો એને ગળે ડૂમો ભરાઇ આવ્યો.

'શાબાશ બેટા,' ખુશ થતા ભગવાનદાસ બોલ્યા : 'તારા જવી કુટુંબવત્સલ દીકરી પાસેથી આવી જ અપેક્ષા રહે. તેં રામદાસભાઇના સંસ્કાર શોભાવ્યા!'



'પ...ણ...' અલ્પાએ સહેજ અટકી ગળું સાફ કર્યું.

'પણ શું બેટા?' વ્હાલથી ભગવાનદાસ બોલ્યા : 'જરાય મૂંઝાઇશ નહિ, જે હોય તે કહે ને જે જોઇએ તે માગી લે. હવે તારી બધી ય મૂંઝવણ મારી, ને મારી બધી ય મિલકત તારી.' ભગાવનદાસે આ વાત દિલથી કહી હતી. એમાં કશું કપટ નહોતું. કારણ કે અલ્પાનાં ડહાપણ અને બુદ્ધિમાં એમને એટલી બધી શ્રદ્ધા હતી કે એ પોતાની પૂત્રવધુ બનીને આવે તો લક્ષ્મીકાન્તના બધાય દુર્ગુણ કદાચ દૂર થઇ જાય અને પોતાનાં પ્રતીષ્ઠા તથા પૈસો સલામત રહે એની એમની ખાતરી હતી. માટે જ તો આટલી માથાકૂટ કરી એ અલ્પાને પુત્રવધૂ બનાવવા માગતા હતા!

'પ...ણ' અલ્પા વળી સહેજ અટકી અને એક ઊંડો શ્વાસ ખેંચ્યો એણે.

'મુરબ્બી, આ લગ્ન તો હું કરીશ. પણ એક શરતે.' અલ્પાએ નિરાશ વદને છતાં મક્કમ સૂરે કહ્યું.

'કઇ શરત છે દીકરી? જે હોય તે કહેને, હું ને લક્ષ્મીકાન્ત બંને અહીં હાજર છીએ. પછી મૂંઝાય છે શાને?'

'મુરબ્બી, તમે બંને જણ સાંભળી લો,' અલ્પા દઢતાથી બોલી : 'તમારી ઇચ્છા છે તો તમારા ઘરની પ્રતિષ્ઠા વધારવા આ અલ્પા દુનિયાની નજરે તમારી પુત્રવધૂ બનશે. કારણ કે એને એના પિતાની પ્રતિષ્ઠા અને આ હવેલી પરના એમના મમત્વને નિભાવવાં છે... કારણ કે એને એના પિતાના અંતિમ દિવસો સુધારવા છે.'

'સાચું છે દીકરી, એમ જ હોય.' ભગવાનદાસે એને જાણે પ્રોત્સાહિત કરવા કહ્યું.

'પ..ણ'

'પણ શું બેટા?'

'પણ જાણી લો બંને જણ કે આ અલ્પએ એનું દિલ કોઇ બીજાને ક્યારનું ય દઈ દીધું છે!'

ભગવનદાસ જરા ચમક્યા. લક્ષ્મીકાન્તના મુખ પર પણ આશ્ચર્યના થોડા ભાવ ઉપસ્યા. પણ આ વાતને વિશેષ મહત્ત્વ ન આપતાં વેપારી બુદ્ધિવાળા શેઠ બોલ્યા :

'વાંધો નહિ બેટા, જવાનિયાંઓથી એવું તો ક્યારેક થઇ જાય, પણ એથી શું?'

'વાંધો તમને નહિ હોય મુરબ્બી, પણ મને છે.' 'મને' શબ્દ પર ભાર મૂકતાં અલ્પાએ કહ્યું.

'એટલે?' ભગવાનદાસે જરા આશ્ચર્યથી પૂછ્યું. એમને થયું કે 'કે છોકરી ધાર્યા કરતાં ય વધારે ચતુર છે.'

'એટલે એમ કે દિલ એકને અને દેહ બીજાને આપે એવી પામર છોકરી અલ્પા નથી.' જરા મર્યાદા લોપીને પણ અલ્પાએ સ્પષ્ટ વાત કરી.

'મતલબ?' અધીરાઇથી લક્ષ્મીકાન્તે પછ્યું.

'મતલબ એ કે દુનિયાની નજરે અલ્પા ભગવાનદાસ શેઠની પુત્રવધૂ બનશે, પણ એ બેનો હાથ પકડ્યાનો જ દોષ ગણાશે!' અલ્પા સહેજ અટકીને પિતા-પુત્રના મુખભાવ વાંચી રહી. કાંઇક વિચારી સમજી ભગવાનદાસે જરા ગૂંચવાતાં ગૂંચવાતાં પૂછ્યું :

'એ...ટ...લે...કે...?'

'એટલે એમ કે દુનિયાની દૃષ્ટિએ એના પતિ ગણાતા પુરૂષને અલ્પા ક્યારેય એનો દેહ અર્પણ નહિ કરે!' અલ્પા જરા જુસ્સાથી બોલી ગઈ અને ઉમેર્યું : 'પણ મુરબ્બી, જાણી લો કે અલ્પાનો પ્રેમ જેવો પવિત્ર છે એવો જ એનો દેહ પવિત્ર છે. હું તમારા ઘરની પ્રતિષ્ઠા વધારવા આવું છું, તો ક્યારેય એને એબ લાગે એવું નહિ કરું. મારા પ્રેમેની કે પ્રતિજ્ઞાની વાત દુનિયા નહિ જાણે. મારા પ્રેમીને હૃદયમાં પધરાવી હું તમારા ઘરમાં જલકમલવત્ રહીશ.'



'આ તો મીરાં જેવો ઘાટ.!' ભગવાનદાસ આશ્ચર્યથી તાકી રહેતાં બોલ્યા.

'હા, લગભગ એવો જ' અલ્પાએ કહ્યું : 'ફેર માત્ર એટલો જ કે સાધુ-સંતોને ભેગા કરી મારે મારા મનમોહનને ભજવો નથી, એટલે તમારી સામાજિક પ્રતિષ્ઠાને આંચ નહિ આવે. એટલે અંશે તમે મેવાડના રાણા કરતાં વધુ સદ્ભાગી.' અલ્પાના વાક્યમાં કડવો કટાક્ષ હતો.

પિતા-પુત્રે ગૂંચવાઇને એકબીજાની સામે જોયું અલ્પા સમજી. એ શાણી હતી. કહ્યું :

'હું ચા બનાવીને લાવું. ત્યાં સુધી તમે બંને વિચાર કરી લો.' આવી વૈચારિક કટોકટી વેળાએ અલ્પાએ વિવેક દર્શાવ્યો. એથી જરા વાતાવરણ હળવું બને અને પિતા-પુત્ર વિચાર કરી લઇ શકે એ પણ એની ગણતરી હતી.

ભગવાનદાસે ચાની ના પાડી. છતાં 'તમે વિચારી લો. હું આવું છું' કહી અલ્પા અંદર ગઇ. અકથ્ય વ્યથાથી એનું અંતર વલોવાતું હતું. પોતે મૌલિકને છેહ દઇ રહી છે એમ એને પળે પળે લાગતું હતું. પણ બીજો રસ્તો ય કયો હતો? ચા માટે એણે ગેસની સગડી સળગાવી હતી, પણ એની હૈયા-સગડી તો એથીય અધિક જ્વાલાએ જલતી હતી.

બહાર ડગુમગુ દિલવાળા પુત્રને ભગવાનદાસે કહ્યું : 'બેટા ચિંતા ના કરતો. પરણતાં પહેલાં આવું તો ઘણી ય છોકરીઓ કરતી હોય છે. પણ પછી ઊભરો શમી જતાં બધું ઠેકાણે પડી જાય છે... અરે, પરણવાની જ ના પાડતાં છોકરાં-છોકરીઓ પરણ્યા પછી એવાં પાગલ થઇ જાય છે કે એક ના વિના બીજાને ચેન ન પડે!'

'પણ બાપુજી, આ છોકરી કાંઇ આવેશમાં આવીને બોલે છે એમ નથી લાગતું. માનો કે એ એની પ્રતિજ્ઞા પર અડગ રહે...'

'તો તને બીજું લગ્ન કરાવનારો હું કેવો બેઠો છું!' પોતાની મૂંછ પર હાથ ફેરવતા ભગવાનદાસ બોલ્યા : 'હઠ કરશે તો જીવન એનું બગડશે.

આપણે શું? આ નોખનો-વટનો-સવાલ છે. ગામ વચ્ચે એના બાપે મારું નાક કાપ્યું હતું. એથી વર્ષો સુધી હું જલતો રહ્યો. આજે એ આગને શાંત કરવાની ઘડી આવી છે. માટે તક આપણે ચૂકવી નથી. વળી, એ સિવાય પણ છોકરી ખૂબ શાણી ને સંસ્કારી છે. આ સંજોગો સિવાય આવા ખાનદાનની કન્યા મળવી સહેલી ય નથી. સમજ્યો?'

'ભલે બાપુજી, આગે બઢો.' લક્ષ્મીકાન્તે એની રીતે લીલી ઝંડી બતાવી. એટલામાં ચા લઈને અલ્પા આવી.

'ખોટી તસ્દી લીધી બેટા.' ભગવાનદાસે વિવેક કર્યો.

'રામદાસ શેઠના ઘરમાંથી પૈસો ભલે ગયો મુરબ્બી, ખાનદાની ને વિવેક ગયાં નથી.' ટેબલ પર ચા મૂકી સામે સોફા પર બેસતાં અલ્પાએ ખુમારીપૂર્વક કહ્યું.

'બહુ સાચી વાત છે દીકરી, માટે જ તો અમને મોહ છે એ ખાનદાનનો.' અલ્પાની વાત સ્વીકારતાં ભગવાનદાસે કહ્યું.

પણ આ જવાબ સાંભળી અલ્પાના કવિહૃદયને કલાપીની પંક્તિઓ યાદ આવી ગઈ :

'જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી.'

એના હૈયામાંથી નિઃશ્વાસ નીકળી ગયો :

'હાય, આ ખાનદાને જ મારા પ્રેમનો ભોગ લીધો. જે ચળકાટ આગિયાનો ભોગ લે છે એ જ ખાનદાનના ચળકાટે આજે મારા સ્વપ્નને રોળી નાખ્યું...'

પિતા-પુત્ર વગર બોલે ચા પીતા હતા ત્યારે અલ્પા આમ વિચારલીન થઈ અન્યમનસ્ક બની ગઈ હતી. પણ ટેબલ પર કપ-રકાબી મુકાવાના અવાજે તેની તંદ્રા તૂટી. ઊભી થઈને એ કપ-રકાબી અંદર મૂકી આવી ને પાછી પોતાની જગા પર બેસતા બોલી :

'બોલો મુરબ્બી, શું નક્કી કર્યું?'



'તારી વાત અમે સ્વીકારીએ છીએ બેટી,' ભગવાનદાસ યુક્તિપૂર્વક બોલ્યા : 'પણ તારું મન શાંત થયે આ વિષે તું ભવિષ્યમાં ફેર વિચારણા કરજે.'

'રખે ભ્રમમાં રહેતા વડીલ, તમે બંને બરાબર સમજી લો કે આ કોઈ અબળાનો વ્યર્થ પ્રલાપ નથી કે કોઈ ભગ્નહૃદયી યુવતીનો હૃદયનો ક્ષણિક આવેગ નથી. આ એક પ્રેયસીની પ્રતિજ્ઞા છે. સમજી વિચારીને એ પ્રતિજ્ઞા એણે કરી છે અને તે પાળવા માટે જ કરી છે. જે શરતો તમે સ્વીકારો છો એનો અર્થ અને અનર્થ બંને સમજી લેજો. આ શરત તમે સ્વીકારતા હો તો લગ્નની તમારી માગણી મને મંજૂર છે. નહિ તો તમારે જેટલા દાવા કરવા હોય એટલા કરો, ને જેની ધરપકડ કરવી હોય તેની ધરપકડ પણ કરો. હું આથી આગળ વધી શકું તેમ નથી. હું પ્રેમીને છોડીશ, પણ એના પ્રેમને તો નહિ જ છોડું.' અલ્પા અડગ આત્મવિશ્વાસથી બોલી ગઈ, ને અંતમાં ફરી કહ્યું : 'મારી પ્રતિજ્ઞા હું પ્રાણાન્તે ય પાળીશ.'

'અમે બધો વિચાર કરી લીધો છે,' લક્ષ્મીકાન્તે કહ્યું : 'તમારી શરત અમને મંજૂર છે.'

'તો સાંભળો, જે ઘડીએ આ શરતનો ભંગ કરવાનો પ્રયાસ થશે તે જ ઘડીએ શરત ભંગ કરનાર મારા હાથે આ દુનિયામાંથી વિદાય થશે.' એક વીરાંગનાની અદાથી અલ્પા બોલી : 'આ આણને લોપવાનો પ્રયત્ન અલ્પા કદી પણ સાંખી નહિ લે. એના શયનખંડના દ્વારની લક્ષ્મણ રેખાને ઓળંગનારના હાલ રાવણ જેવા જ થશે. અલ્પાની સોડમાં સદાય કટાર સૂશે. અને શરતભંગ વેળા એ કટાર કોઈની શરમ નહિ રાખે. આણ લોપવાની ઘડીએ અલ્પા કાલાવાલા નહિ કરે પણ કટાર ઉપાડશે. ત્યારે એ પતિની દયા યાચે નહિ કે દયા રાખે ય નહિ.એ એના પ્રાણ લેશે. બાકી તો એ શાંત, સંસ્કારી ગૃહિણીની જેમ તમારું ઘર શોભાવશે. બોલો, છે કબૂલ?'

એકી શ્વાસે અલ્પા બોલી ગઈ. એના વાક્યે વાક્યે એની દૃઢતા ને આત્મવિશ્વાસ પ્રગટતાં હતાં, અને પિતા-પુત્રનું આશ્ચર્ય વધારતાં હતાં!

'કબૂલ છે,' પોતાનું પાણી રાખવા ભગવાનદાસે કહ્યું : 'પણ તો તું પણ એ જાણી લે અલ્પા કે મારો પુત્ર ફાવે ત્યારે બીજું લગ્ન કરવા મુક્ત હશે!' જો કે આમ કહેતી વખતે ય એમને તો ચોક્કસ ખાતરી હતી કે લગ્ન પછી બહુ જલદી અલ્પા આ બધા તરંગો ભૂલી જશે.

'રોજ એક નવું લગ્ન ભલે કરે, તમારા પુત્ર,' બેફિકરાઈથી અલ્પાએ કહ્યું : 'અલ્પાને એમાં શો વાંધો હોઈ શકે? એ તો સદાય એના હૃદયનાથ સાથે અંતરથી મહાલતી રહેશે. પણ મુરબ્બી, મારી વિનંતી છે કે હવે લગ્નનો વિલંબ ન કરશો. મારું મન નબળું પડે ને આ વાત ફગાવી દે એ પહેલાં લગ્ન પતાવી નાખો ને સંતોષ પામો. કાલે કદાચ મારું મન ડગી પણ જાય.'

'અરે બેટા, કાલે લગ્ન લઈ લઈએ,' ખુશ થતા ભગવાનદાસ બોલ્યા : 'તું કહે પછી લગ્નની વાર શી?'

'હા મુરબ્બી, જેટલું વહેલું એટલું સારું.'

'એ હું સમજું છું. તો બેટા...' અલ્પા તરફ અર્થસભર નજરે જોતાં ભગવાનદાસે પૂછ્યું : 'રામદાસભાઈને આ વધામણી આપીશું ને?'

'હા...સ્તો,' નિરાશ વદને અલ્પા બોલી : 'બાપુજી ઉપર છે. તમે વાત શરૂ કરો. હું આવું છું. પણ મુરબ્બી, બીજી કશી જ વિગત એમને જણાવવાની નથી હોં. એ માટે તો મેં આ ઝેરનો કટોરો પીધો છે. તમારાં વૉરન્ટ ને દાવા કે મારી પ્રતિજ્ઞા ને શરત...'

'અરે હોય દીકરી, એમના દિલને ધક્કો લાગે એવું કશું ય હવે હું કરું ખરો કે? હવે તમારી બધી ચિંતા મારે જ માથે.' આપ્તજનની જેમ ભગવાનદાસે કહ્યું : 'અને બેટા, અનુભવે તું જોઈશ કે તેં ઝેર નહિ, અમૃત પીધું છે. હું તને મારી દીકરીની જેમ જ રાખીશ હોં.'

ભગવાનદાસ ખરેખર વિરોધી ગુણોના સરવાળા જેવા આદમી હતા. પત્ની માંદી પડી ત્યારે એ ચારિત્ર્યના શિથિલ જરૂર થયા હતા. પરંતુ



માંદી પત્નીનીય એમણે કદી ઉપેક્ષા કરી નથી, એની સારવાર અને દેખભાળ તો સારી રીતે થતી જ, પણ રોજ એની પાસે બેસી પ્રેમથી ચાર વાતો કરી એને કશું જ ઓછું ન આવે એ રીતે પત્ની તરફ હંમેશાં ભાવથી વર્તી એમણે એક સારા પતિ તરીકે ફરજ બજાવી હતી. રામદાસ સાથે હવેલીની હરાજી વખતથી જે આંટી પડી ગઈ હતી એ એમના મનમાં જીવનભર રહી અને એનો બદલો લેવા એ જરૂર ચાહતા હતા, પણ એક વાર રામદાસ પોતાના સગા થાય તો પછી એમને પોતાની તરફથી તો ઠીક, કોઈનીય તરફથી કશી તકલીફ ન પડે એ જોવાની અથવા એમના સુખ-દુઃખમાં સાથે રહેવાની એમના દિલમાં સાચી ભાવના હતી, એમાં કશી બનાવટ કે ચાલાકી નહોતાં. અલ્પા પોતાની પૂત્રવધૂ બને એ પોતાને અનેક રીતે લાભદાયી હોવાથી એ માટે એમણે ઘણા બધા પ્રયત્નો કર્યા, પણ એકવાર એ પોતાની પુત્રવધૂ બનીને ઘરમાં એ, પછી એને સંપૂર્ણ સુખ અને સંતોષ મળે એ રીતે જ વર્તે એવા સદ્‌વિચારવાળા એ હતા. પોતાના પુત્ર લક્ષ્મીકાન્તના દુર્ગુણો એ સારી રીતે જાણતા હતા, એટલે એની પત્ની બનીને પોતાને ત્યાં આવ્યા પછી અલ્પાને કશી મુશ્કેલી ન પડે કે કશી ઊણપ ન લાગે એ જોવાનો એમનો નિશ્ચય હતો. એ માટે લક્ષ્મીકાન્તને પણ જે કાંઈ કહેવું, સમજાવવું પડે એ કરવાની એમની તૈયારી હતી જ. માટે જ તો એમને વિશ્વાસ હતો કે અલ્પા જેવી પત્ની મળ્યા પછી લક્ષ્મીકાન્તના કુછંદો ઘટાડવાનું બહુ સરળ બનશે. ભૂખ્યો માણસ એંઠા રોટલા માટે ય બહાર ભટકે, પણ ઘેર મિષ્ટાન્ન હોય તો એ બીજે નજર પણ ન નાખે એમ એ સમજતા હતા! વળી અલ્પાના ડહાપણ અને પોતાની સમજુતીથી લક્ષ્મીકાન્તને જરૂર સુધારી શકાશે એમ એ માનતા હતા. આ લગ્ન કરાવવાના આગ્રહ પાછળનું આ પણ એક અગત્યનું કારણ હતું.

માટે જ રામદાસ શેઠને વધામણી આપવા જતા ભગવાનદાસે અલ્પાને કશી જ ચિંતા ન કરવાની સાચા દિલથી ધીરજ આપી.

ભગવાનદાસે રામદાસ પાસે જતાં પહેલાં બહાર જઈ પોલીસ ઈન્સ્પેક્ટરને મળી લીધું. અને ફરીથી કાંઈ ભેટ પણ ધરી એને વિદાય કર્યો.

પછી લક્ષ્મીકાન્ત સાથે એ રામદાસની પાસે પહોંચ્યા ત્યારે એ પલંગમાં તકીયે અઢેલીને બેઠા હતા અને એમનાં બેન પાસેની ખુરશી પર બેઠાં હતાં.

'આવો ભગવાનદાસભાઇ,' ધીમા અવાજે રામદાસે કહ્યું : 'શું કામ વારંવાર જોવા આવવાની તસ્દી લો છો?' ભગવાનદાસની તસ્દીનું સાચું કારણ માંદા રામદાસ શું જાણે?

'જોવા તો આવવું જ પડે ને રામદાસભાઇ,' હરખાતા હરખાતા ભગવાનદાસ બોલ્યા : 'તેમાં ય આજે તો વળી તમને એક વધામણી આપવાની છે.'

'શાની વધામણી?' હસતાં હસતાં રામદાસે પૂછ્યું : 'લક્ષ્મીકાન્તના વિવાહ કર્યા કે શું?' રામદાસે તો સ્વાભાવિકપણે જ આ પ્રશ્ન પૂછ્યો હતો, પણ એથી ભગવાનદાસને વાત કરવાનો સરસ મોકો મળી ગયો. એનો લાભ લેતાં એમણે જવાબ આપ્યો :

'હા, હા, એમ જ છે રામદાસભાઇ, લક્ષ્મીકાન્તના વિવાહની જ વધામણી છે. તમે તો સહદેવ જોષી જેવા છો.'

'સહદેવ તો શું, હું તો સામાન્ય જોષી ય નથી. આ તો તર્ક સાચો પડી ગયો.' રામદાસ ગમ્મત કરતા બોલ્યા : 'એ તો ઠીક, પણ ક્યાં કર્યો વિવાહ? તમે કોઇ સામાન્ય ઘેર તો વિવાહ ન જ કરો.'

'હા, અસામાન્ય ઘેર જ કર્યો છે,' ભગવાનદાસે ભેદ સાચવતાં કહ્યું : 'મે જાણશો તો આનંદ અને આશ્ચર્ય બંને અનુભવશો.'

'અરે ભાઇ, હવે મગનું નામ મરી તો પાડો,' રામદાસે પોતાપણાનો ભાવ દર્શાવતા કહ્યું : 'ક્યાં કર્યો લક્ષ્મીકાન્તનો વિવાહ?'

'તમારે ઘેર!' ભગવાનદાસે ભ્રમ ભાંગ્યો.



'હેં! શું કહો છો તમે?' આ મજાક પોતાને ન રૂચી હોય એવા સ્પષ્ટ ભાવથી રામદાસ બોલ્યા.

'સાચું કહું છું રામદાસભાઇ,' ભગવાનદાસે ઠાવકાઈથી કહ્યું : 'લક્ષ્મીકાન્તના વિવાહ આપણી અલ્પા સાથે નક્કી કર્યા.'

'ભગવાનદાસભાઇ, પૈસા જવાથી હું તમારી મજાકનું પાત્ર બન્યો છું એમ તમે માનો છો?' કડવાશથી રામદાસ બોલ્યા : 'પણ તમારે જાણી લેવું જોઇએ કે ગરીબી આવવાથી હું ગરજાઉં બની મારી દીકરીનું દિલ કદી નહિ તોડું.'

'રામદાસભાઈ, તમે એમ માનો છો કે હું તમારી મજાક કરું? અને તે ય તમારા જ ઘરમાં બેસીને?' નમ્રતાથી ભગવાનદાસ બોલ્યા : 'હું જે કહું છું તે સાચું કહું છું.'

'એમ હોય તો મારી દીકરીના વિવાહ મને પૂછ્યા વિના કોણે નક્કી કર્યા?' રામદાસે જરા ઉશ્કેરાટમાં કહ્યું.

'તમારી દીકરીએ જ નક્કી કર્યા પિતાજી,' ઓરડામાં પ્રવેશ કરતી અલ્પા વિષાદ-ઘેરા અવાજે બોલી : 'આપની અનુમતિની અપેક્ષાએ મેં જ આ વિવાહ નક્કી કર્યા છે!'

'અલ્પા, આ તું શું કહે છે બેટા?!' દુઃખદ આશ્ચર્યથી રામદાસે પૂછ્યું,

'સાચું કહું છું પિતાજી,' રામદાસની સામે નીચું માથું કરી ગુન્હેગાર જેમ ઊભેલી અલ્પા બોલી : 'મેં સ્વેચ્છાએ આ સંબંધ સ્વીકાર્યો છે.'

ભગવાનદાસ અને લક્ષ્મીકાન્તના મુખ પર આનંદના ભાવ રમી રહ્યા. 'છોકરી વચનની સાચી છે,' ભગવાનદાસને થયું.

'પણ આ બધું ચક્કર ક્યારે અને કેમ દીકરી?' દુઃખ અને આશ્ચર્ય સાથે રામદાસ બોલ્યા.

થોડી ક્ષણો મૌન છવાયું. પણ એ મૌનનો ભાર રામદાસ અને અલ્પા માટે અસહ્ય હતો. એટલે રામદાસે મૌન તોડતાં ધીરેથી કહ્યું :

'બેટા, મૌ...લિ...ક...?' આટલું કહી એ અટકી ગયા. પણ એમાં બધું જ પૂછાઇ જતું હતું.

'બાપુજી,' દુઃખના ભાર નીચે દબાયેલા અવાજે અલ્પાએ કહ્યું : 'હવે આપણે એને ભૂલવો પડશે.'

'પણ બેટા, થયું શું એ તો કહે?' અકળાતા રામદાસ બોલ્યા.

અલ્પા ગૂંચવાઇ. શું કહેવું? પણ એને કહેવું પડ્યું :

'બાપુજી, એ લગ્નની ના પા...ડે...છે.' જવાબ સાંભળી ભગવાનદાસ રાજી થયા, પણ આટલું કહેતાં તો અલ્પાનું લોહી ઊડી ગયું. પોતાના નેક દિલ પ્રેમી માટે એને કેવું બદનામીભર્યું અસત્ય ઉચ્ચારવું પડ્યું! મૌલિકને પોતે ત્યાગ્યો અને છતાં પિતા પાસે બિચારાને... એમ વિચારતાં અલ્પાની આંખમાં મન ઘણું મજબૂત કર્યા છતાં ઝળઝળિયાં આવી ગયાં.

'શું કહ્યું બેટા?' આશ્ચર્યથી પહોળી આંખ કરી રામદાસે જરા ગુસ્સાભર્યા અવાજે પૂછ્યું : 'મૌલિક તારી સાથે લગ્નની ના પાડે છે?' સહેજ અટકી એમણે ઉમેર્યું : 'તો આપણી કથળેલી આર્થિક સ્થિતિના સમાચાર એને મળી ગયા, એમ?' સાચું જ કહ્યું છેઃ

'સર સુકે પંછી ઊડે ઔરન સરે સમાહી'

'સરોવરનું પાણી સુકાતાં કિનારે રહેતાં પંખીઓ બીજે સરોવર ઊડી જાય છે બેટા!'

'એમ ન બોલો બાપુજી!' ખૂબ દુઃખ કરતી અલ્પા બોલી : 'એમ કહી મૌલિકને અન્યાય ન કરો.' વાક્ય પૂરું કરતાં તો એની આંખમાંથી આંસુ ખરી પડ્યાં.

'તો વાત શું છે બેટા?' અકળાતા રામદાસે પૂછ્યું.



'હકીકત એમ છે બાપુજી કે એના ભાઇના કહેવા પ્રમાણે હજી ચારેક વર્ષ એ લગ્ન કરી શકે તેમ નથી,' મન મજબૂત કરી અલ્પા બોલી : 'અને બાપુજી, બાના ગયા પછી હવે મને કાંઇ ગોઠતું નથી. તમારી ઉંમર થઇ છે ત્યારે તમારે માથેથી બોજો હળવો કરવો જોઇએ એમ વિચારી મેં જ આ નિર્ણય કર્યો છે.'

'તે બેટા, તું મારે મન બોજારૂપ છે એમ માને છે તું?' દુઃખી દિલે રામદાસે પૂછ્યું.

'એમ નહિ બાપુજી, પણ તમારી જવાબદારી ઓછી થાય તો તમારી તબિયત પણ સારી રહે.'

'તો હવે પુત્રી પણ પિતાનું ઘર છોડી જવા ચાહે છે, કેમ દીકરી?'

'ના બાપુજી, ના,' પિતાના ખોળામાં માંથું મૂકી રડી પડતી અલ્પા બોલી : 'એમ ન બોલો, તમને મૂકીને હું ક્યાંય નહિ જાઉં. પરણું તો પણ નહિ. આ તો...'

'મન એમ નાનું ન કરો રામદાસભાઇ,' આશ્વાસન આપતા ભગવાનદાસ બોલ્યા : 'આપણે બંને જણ મિત્રો હતા તે આજથી વેવાઇ બનીએ છીએ. લગ્ન પછી અલ્પા જરૂર હશે ત્યાં સુધી અહીં રહેશે. અથવા સારું તો એ છે કે તમે પણ આપણે ત્યાં જ આવી જજો. બંને વૃદ્ધો ખાઇ-પીને આનંદ કરીશું. મને ય તમારી સોબતને કારણે આનંદ આવશે ને આપણા બંનેનું એકલવાયાપણું ટળશે.'

'આભાર તમારો ભગાવનદાસ ભાઇ,' સ્વસ્થ થઇ અલ્પાને માથે હાથ ફેરવતા રામદાસ બોલ્યા : 'મારે તો હવે કેટલાં વરસ કાઢવાં છે? પણ મારી અલ્પા...' અને ફરીથી ડૂમો ભરાઇ આવતાં એ આગળ ન બોલી શક્યા. એમના બહેને ઊઠીને રામદાસને અને અલ્પાને પાણી પાયું.

'અલ્પા માત્ર તમારી જ નહિ રામદાસભાઇ, મારી પણ દીકરી જ છે,' ભગવાનદાસે ભાવથી કહ્યું : 'તમારે ત્યાં મળે છે એથી જરા ય ઓછાં સુખ કે ઓછાં માન એનાં મારે ત્યાં નહિ મળે એની ખાતરી રાખજો. અરે,

હવે તો તમારાં સુખદુઃખો પણ હું મારાં જ સમજું છું. તમારી પાસેથી કશુંય ઓછું થયું છે એમ રખે માનતા રામદાસભાઇ, હવે તો રામ અન ભગવાન એક થયા.'

ભગવાનદાસનું છેલ્લું વાક્ય સાંભળી આવી ગમગીનીમાં ય રામદાસના મુખ પર સ્મિત ફરક્યું. તે બોલ્યા : 'તમે ખરેખર મોટામનના માણસ છો ભગવાનદાસભાઇ, પણ હરિની ઇચ્છા બળવાન છે. તમે જ્યારે સામે ચાલીને મને પૂછાવતા હતા ત્યોરે જેની મેં હા નહોતી પાડે તે આજે...'

'તે આજેય મેં સામે ચાલીને જ પૂછ્યું છે હોં રામદાસભાઇ.' ભગવાનદાસે ઉદાર દિલે રામદાસને ઓછું ન આવે એટલે જરા જુદી રીતે સાચી વાત કહી : 'આ તો તમને પૂછતાં પહેલાં નીચે અલ્પા બેટી મળી ગઇ ત્યારે એનો જરા અભિપ્રાય પૂછી લીધો એટલું જ.'

રામદાસ વ્યવહારકુશળ હતા. પોતાની કથળેલી પરિસ્થિતિ એ સ્પષ્ટપણે જોઇ શકતા હતા. હજી ભગવાનદાસનું દેવું ય માથે હતું તે એ જાણતા હતા. તેમાંય મૌલિકે હમણાં લગ્ન કવાની ના પાડી છે ત્યારે પોતાની નબળી તબિયત અને ઉંમરનો એમને વિચાર આવ્યો, રખેને પોતાને કાંઇ થાય તો અલ્પાને અનિશ્ચિત ભાવિમાં કોને સહારે છોડી જવી? લક્ષ્મીકાન્તના થોડા દુર્ગુણ વિષે તો એમણે સાંભ્યું હતું પણ ધનિક પિતાના યુવાન પુત્રમાં આમ હોવું સ્વાભાવિક હતું. લગ્ન પછી એ ઠરીઠામ થઇ જશે એમ એમણે વિચાર્યું. તેમાં ય વળી જ્યારે અલ્પા પોતે જ સ્વખુશીથી આ લગ્ન કરવા ચાહે છે ત્યારે આવા સમૃદ્ધ ઘરમાં એનું ગોઠવાય તો ખોટું નહિ જ એમ રામદાસને લાગ્યું.

ઘણીવાર માણસ સંજોગોથી લાચાર બની કોઇ કાર્ય કરે ત્યારે તેનું મન એને અનુકૂળ દલીલો કરી એ કાર્ય યોગ્ય જ થયું છે કે થાય છે એમ વિચારે છે! માટે જ રામદાસને પણ અલ્પા માટે પહેલાં જે સંબંધ અયોગ્ય લાગતો હતો તે બધું વિચારતાં યોગ્ય, અનુકૂળ અને હિતકારી લાગવા માંડ્યો! માટે જ એમણે આશીર્વાદ આપતાં કહ્યું :



'તમે બંને સુખી રહો બેટા.' ને બેનને કહ્યું :

'બેન, બધાનું મોં તો ગળ્યું કરાવો.'

મીઠાઇ લેવા નીચે જતાં ફોઇની સાથે જ અલ્પા પણ ઊઠીને એમની પાછળ ગઇ. આજ એણે એવો કડવો ઘૂંટડો પીધો હતો કે જેની કડાવશને જગતભરની મીઠાઇઓ પણ દૂર ન કરી શકે!

'અલ્પા, બેટા,' નીચે જઇ ફોઇએ અલ્પાને ક્હયું : 'કેવી શાણી છે તું! ઘણો સારો નિર્ણય કર્યો તેં. તમે ઉપર આવ્યાં ત્યારે ભાઇ મારી સાથે તારી જ વાતો કરીને ચિંતા કરતા હતા ને જીવ બાળતા હતા. ભગવાને એમની વાત જલદી સાંભળી. આજે તારાં બા હોત તો એમને કેટલો આનંદ થાત!'

બાને આનંદ થાત કે આઘાત લાગત એ અલ્પા જાણતી હતી. પણ એણે જવાબમાં તો એટલું જ કહ્યું : 'ખરી વાત છે ફોઇ.'

પછી મીઠાઇની ડીશો લઇને ફોઇ ઉપર ગયાં ત્યારેએકલી પડેલી અલ્પાએ મૌલિકની છબીને ચૂંબનોથી નવરાવી નાખી ને અશ્રુથી ભિંજવી દીધી!

અલ્પાની ઉતાવળનું કારણ જુદું હતું - એને પોતાના મનનો ભરોંસો નહોતો એ. પણ સૌને પોતપોતાને કારણે એ અનુકૂળ હતું એટલે ઘડિયાં લગ્ન લેવાયાં. થોડા જ દિવસમાં રામદાસ શેઠની હવેલીમાં શરણાઇ ગૂંજી ઊઠી. એ ગૂંજન અલ્પાના અંતરને ચીરી નાખતાં હતાં. છતાં સહો છૂટકો હતો. અલ્પાના આગ્રહથી બને એટલી સાદાઇથી લગ્ન કરવાનું નક્કી થયું.

પણ અલ્પાની સૌથી મોટી મૂંઝવણ તો એ હતી કે મૌલિકને આ વાતની ખબર કેવી રીતે આપવી? આવા આઘાતજનક સમાચાર એને કઇ રીતે કહેવા? ક્યારે કહેવા?

પણ એની મૂંઝવણનો અચાનક અંત આવ્યો. લગ્નને આગલે જ દિવસે મૌલિકનો કૉલ આવ્યો.

'હલ્લો મૌલિક, બાની તબિયત કેમ છે?'

'અ...લ્પા,' ભારે અવાજે મૌલિકે કહ્યું : 'બા તો ગઈકાલે ગયાં!'

'હેં! અરે ભગવાન...મૌલીક, શી રીતે તને આશ્વાસન આપું?... પણ મૌલિક, ભગવાન આગળ માણસ લાચાર છે, ધીરજ રાખજે.'

'એ સિવાય બીજો ઉપાય પણ શું છે અલ્પા? પણ હવે ભાઈ, ભાભી મને અહીં જ રહીને ભણવાનું કહે છે, વાતે ય સાચી, બા વિના હવે ત્યાં એકલા રહેવું ય કોની સાથે...?'

મૈલિકે ધારેલો પ્રત્યાઘાત ન પડ્યો. 'મારી સાથે, મારા ઘેર રહે,' એમ અલ્પાએ ન કહ્યું એનું મૌલિકને આશ્ચર્ય થયું.

'છતાં અલ્પા, તારે લીધે મારું મન અહીં માનતું નથી. ગમે તેમ, થોડા દિવસમાં તને મળવા હું ત્યાં આવીશ.'

'મૌલિક, હમણાં અહીં ન આવીશ.' અલ્પાએ ભારે હેયે કહ્યું.

'ન આવું? હ...લ્લો, કેમ એમ કહે છે અલ્પા?'

'કાંઈ નહિ મૌલિક, પ...ણ, પ...ણ, આજે હું તને એક પત્ર લખું છું. મૌલિક, બે-ત્રણ દિવસમાં તને એ મળશે. એમાં બધી વાત વિગત વાંચજે મૌલિક.'

'પણ મોઢે જ કહેને... હલ્લો, વાત શું છે?'

'આટલો અધીરો કેમ થાય છે ગાંડા?' અલ્પાએ છેલ્લીવાર ફોન પર મૌલિકને વ્હાલ કરતાં કહ્યું : 'પુરૂષ થઈને દરેક વાતે ગભરાઈ શાનો જાય છે?'

'અલ્પા તારા વિના હું ખરેખર પાંગળો છું,' મૌલિકે કહ્યું : 'માટે જ તો જલદી ત્યાં આવી તને મળવા માંગું છું.'



'ગાંડા કહીંના' એમ ફોન પર હસતાં હસતાં કહેતી અલ્પાની આંખમાંથી કેવાં આંસુ નીતરતાં હતાં એ મૌલિક થોડો જોવાનો હતો?

ફોન મૂક્યો ત્યારે અલ્પા લગભગ ભાંગી પડી હતી! અંતે હિંમત કરી એ ઊઠી. મોં ધોયું ને કાગળ પેન લઈ મૌલિકને પત્ર લખવા બેઠી. આજે પત્ર લખી જ નાખવો જોઈએ. કાલે તો એનાં લગ્ન હતાં!

અનુક્રમ

## ૧૯ : વાહ રે કિસ્મત!

અલ્પાને મૂકીને માતા સાથે મૌલિક મુંબઇ ગયો ત્યારે એ ખુશ નહોતો. અલ્પા સાથે અચાનક ગાઢ પરિચય થયો અને એ બહુ જલદી સાચા પ્રેમમાં પરિણમ્યો. બંને થોડો સમય મળ્યાં, હર્યાફર્યા અને સુખદ ભાવિ જીવનનાં સ્વપ્નો ઘડ્યાં. પરંતુ પરીક્ષાને કારણે બંને જણ મન મૂકીને સંવનન કાળના એ સમયને માણી શક્યાં નહિ. પરીક્ષા પછી દર વર્ષે મૌલિક માતાને લઇને મુંબઇ ભાઇ-ભાભી પાસે જતો. ત્યાં બધાં બે એક માસ સાથે રહી આનંદ કરતાં. કોઇ હવા ખાવાના સ્થળે પણ થોડો વખત બધાં જઇ આવતાં. એક વાર કાશ્મીર પણ જઇ આવેલાં. આમ દર વખતે આનંદથી રજાઓ ગાળી મૌલિક કૉલેજ ઊઘડે ત્યારે માતા સાથે મુંબઇથી પાછો અમદાવાદ આવતો. આટલો વખત સાથે રહી આનંદ કર્યા પછી જાણે આવવાનું ય મન ન થતું. પણ આ વખતે મુંબઇ જતાં એવું નહોતું. કારણ કે આ વખતે મૌલિક પાછળ કોઇક મૂકીને જતો હતો. એ કોઇ એવું હતું જે થોડા જ સમયથી એના જીવનમાં આવ્યું હોવા છતાં જાણે એ પુરાણી પહેચાનવાળું હતું! માટે જ એને અમદાવાદ મૂકીને મુંબઇ જતી વેળા એ ખુશ નહોતો.

એ કોઇકે એને ગાડી ઉપડતી વેળા 'વહેલો આવજે હોં.' એમ કહ્યું હતું. માટે તો એને વહેલાં અમદાવાદ પાછું જવું હતું! પણ એ વહેલો ન જઇ શક્યો. મુંબઇ ગયા પછી એની માતાની તબિયત બગડી. દવાખાનામાં એમને દાખલ કરવાં પડ્યાં. ઠીક થયું. ઘેર આવ્યાં. હવાફેર માટે માતાને લઇને બધાં માથેરાન ગયાં. પણ ત્યાં ફરીથી તબિયત બગડી. બધાં તાત્કાલિક પાછાં આવ્યાં. અને ફરી સવિતાને-મૌલિકની માતાને - દવાખાનામાં દાખલ કરવાં પડ્યાં. આ વખતે એમની તબિયતે ગંભીર ઊથલો ખાધો. મૌલિકના મોટા ભાઇ ડૉક્ટર હતા, એટલે બધા ડૉક્ટરો એના પરિચિત હતા, જેથી સારવારમાં તો કશી જ ખામી નહોતી. પણ ખુદ સવિતાને આ વખતે ભાવિનો અણસાર આવી ગયો હતો. એટલે એમણે પત્ર લખાવીને પુત્રીને



પણ સાસરેથી તેડાવી લીધી. આમ તો સવિતાને કોઇની ચિંતાનું કારણ નહોતું. બધાં સંતાનો સંસ્કારી ને સુખી હતાં. માત્ર મૌલિકનાં લગન ન કરી શકાયાં એનો થોડો રંજ હતો. પરંતુ એને માટે અલ્પા જેવી સુંદર, સંસ્કારી કન્યાની પસંદગી થઇ ગઇ હતી અને લગ્નની 'ના' કહેતા મૌલિકે જ એ પસંદગી કરી હતી, એટલે હવે એ બાબતની પણ એમને ચિંતા તો નહોતી જ, છતાં મૌલિક પોતાનાં બધાં સંતાનોમાં સૌથી નાનો હતો. વળી એ હંમેશાં પોતાની પાસેજ રહ્યો હતો. હજી ભણતો હતો. અને કુંવારો હતો. અનુભવની દુનિયાથી હજી એ અજાણ હતો; ભલો, પ્રેમાળ અને ભાવુક હતો. એટલે સવિતાને એને મૂકીને જવાનું વિશેષ દુઃખ હતું. એટલે તો એમણે આંખ મીંચાવાના બે જ દિવસ પહેલાં મોટી દીકરી તથા મોટા પુત્ર અને એની પત્નીને પાસે બેસાડી મૌલિકની સોંપણી કરી હતી.

'મૌલિકભાઇ અમારે મન પારકા છે તે તમારે એમની ચિંતા કરવાની હોય બા?' મૌલિકની ભાભી સુલતાએ કહ્યું હતું.

'જાણું છું બેટા,' ધીરા અવાજે સવિતાએ કહ્યું : 'તું મારા ઘરની લક્ષ્મી છે અને મારા કરતાં ય મૌલિકની વધારે કાળજી રાખે એવી છે. માટે જ તો મને છેલ્લી ઘડીએ ય આટલી શાંતિ છે.'

'બા, તું અમથી આવું બધું બોલે છે,' લાગણીભર્યા સ્વરે દીકરીએ કહ્યું : 'થોડા દિવસમાં જ તને સારું થઇ જશે.'

'હા બા,' બેનની વાતમાં સમજીને ખોટી સાક્ષી પૂરતાં સુરેન્દ્રએ કહ્યું : 'તને જરૂર આરામ થઇ જશે.'

'ડૉક્ટર થઇને ખોટું આશ્વાસન શા માટે આપે છે બેટા?' ફિક્કું હસતાં સવિતા બોલ્યાં : 'અને હવે મને જવામાં વાંધો ય શો છે? તમે બધાં બેન-ભાઇઓ ઠેકાણે પડ્યાં છો, સુખી છો, શાણાં છો. હવે તો મને તમારા પિતા પાસે જવા દો.'

છેલું વાક્ય બોલતાં સવિતા ગળગળાં થઇ ગયાં. કદાચ પહેલી વાર છોકરાં આગળ આ રીતે એમણે સ્વર્ગસ્થ પતિને સંભાળ્યા! વાતાવરણ ભારે થઇ ગયું. બધાં સંતાનોની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં—મૃત પિતાની યાદે ને જતી માતાના વિષાદે!

'કોઇ રડશો ના બેટા,' ધીરા અવાજે સવિતા બોલ્યાં. 'જવાનું તો સૌને છે, મારું તો સદ્ભાગ્ય છે કે તમને સૌને સુખી જોઇને જાઉં છું... બેટા,' સુલતા તરફ એમણે મોં કર્યું એને કાંઇ કહેવાની ઇચ્છાથી.

'હાં બા, શું છે?' સાસુના મુખ પાસે નમી વહુએ પૂછ્યું.

'બેટા, હવે મૌલિકને અમદાવાદ એકલો ન રાખશો...' સહેજ થાક ખાઇ સવિતાએ ક્હયું : 'એને વકીલ થવું છે, એટલે બાકીનું અહીં તારી પાસે રાખીને ભણાવજે બેટા.' સવિતાની આંખમાં પાણી ભરાયાં.

'બા આવું બધું તમારે અમને કહેવાનું હોય?' સુલતાએ લાગણીભર્યા અવાજે કહ્યું.

'ના હોય બેટા,' વિશ્વાસુ માતૃહૃદય બોલ્યું. 'તોય કહેવાઇ જાય છે. પણ હવે કશું નહિ કહું દીકરા, તમે સૌ સુખી રહેજો, ભગવાન તમારું કલ્યાણ કરે.'

એટલામાં મૌલિક દવા ને મોસંબી લઇને આવ્યો. એને કશો ખ્યાલ ન આવે માટે બધાં સ્વસ્થ થઇ ગયાં.

'કેમ છે બાને?' આવતાં જ એણે બધાંની સામે જોઇ પૂછ્યું.

'ઘણું સારું છે મૌલિકભાઇ.' સુલતાએ કહ્યું : 'હમણાં તમને જ યાદ કરતાં હતાં બા.'

'કેમ ?'

'એમ કહેવા કે ભાઇ-ભાભીની આજ્ઞામાં રહેજે.'- હસતાં સવિતાએ હળવેથી કહ્યું.

'કેમ, ભાભીએ કશી ફરિયાદ કરી મારા વિષે?' કૃત્રિમ રીસથી મૌલિકે પૂછ્યું.

'ફરિયાદ તો કરું જ ને? ગઇકાલે છાના છાનાકેમ રડતા હતા?' કહેવું ન હતું તો ય સુલતાથી કહેવાઇ ગયું.



'બેટા,' સવિતાએ મૌલિક સામે જોઇને કહ્યું : 'સુખ દુઃખ, વિરહ-મીલન એ બધું તો જીવન સાથે જડાયેલું છે. માટે ગમે તેવા સંજોગોમાં ય હિંમત ન હારીએ. હું હવે જાઉં તો ય તમે કોઇ નાનાં ક્યાં છો? ખરેખર તો તમે બધાં સુખી છો અને નજર સામે છો ત્યારે મારે જવાનો આ યોગ્ય સમય છે.'

'એવું ન બોલો બા, એવું ન બોલો.' કહેતો મૌલિક સવિતાની છાતી પર માથું મૂકી બાળકની જેમ રડી પડ્યો! ત્યારે કોઇ પોતાનાં આંસુ ખાળી ન શક્યું.

એટલામાં ડૉક્ટર આવ્યા. દર્દી પાસે આ રીતે બધાંને રડતાં જોઇ એમણે આશ્ચર્યથી કહ્યું :

**'Dr. Surendra, you too...?'** (ડૉક્ટર સુરેન્દ્ર તમે પણ...?)

**'Excuse me doctor'** (ડૉક્ટર મને માફ કરજો) કહી આંસુ લૂછી સુરેન્દ્રએ મૌલિકને ઊભો કર્યો.

એ રાત્રે જ સવિતાની સ્થિતિ કટોકટીભરી બની. ડૉક્ટરોએ શક્ય એટલા બધા જ ઉપચાર કર્યો. કદીક સહેજ આશાનું ચિહ્ન દેખાય ખરું પણ એ નિરાશ કરવા માટે જ. અભાન અવસ્થામાં રહી લગભગ દસમે દિવસે સવારે સવિતાએ છેલ્લા શ્વાસ લીધા ત્યારે દીકરી, દીકરો ને વહુ ઘણું રડ્યાં, પણ મૌલિકના રૂદને તો સૌનાં હૈયાં હચમચાવી નાખ્યાં! એ હંમેશાં એમની પાસે રહ્યો હતો. માતા, પિતા, બેન, ભાઇ અને ભાભી સૌનો સ્નેહ એને માતાએ આપ્યો હતો.

અંતિમ વિધિ પછીનો આખો દિવસ ખૂબ ગમગીનીમાં પસાર થયો. સૌનું ધ્યાન મૌલિકમાં હતું. પોતે દુઃખી હોવા છતાં ઘરનાં બધાં એને જ આશ્વાસન અને હિંમત આપતાં હતાં. હવે મૌલિક મુંબઇ જ ભણશે એવી વાત પણ ઘરમાં થઇ ગઇ હતી. હવે બા વિના અમદાવાદના ઘરમાં રહેવાની કલ્પના ય મૌલિક કરી શકતો નહોતો. એટલે મુંબઇ રહેવું જ એને પણ યોગ્ય લાગતં હતું. પણ એક વાત હતી. અલ્પાને મૂકીને આવતાં એનો જીવ કેમ

ચાલે? તો પરણ્યા વિના હમણાં એને મુંબઇ પણ થોડી જ લવાય? વળી હવે તો અલ્પાના પિતા ય એકલા હતા. તો પોતે અલ્પાને ઘેર ન રહી શકે? મૌલિકના મનમાં વિચાર ઝબકી ગયો. કદાચ અલ્પા જ એમ કહેશે – મૌલિકે વિચાર્યું.

આવી મૂંઝવણમાં બીજે દિવસે સવારે એણે અલ્પાને કોલ કર્યો. અલ્પાએ સૌ પ્રથમ ખબર સવિતા વિષે પૂછી ત્યારે એમના અવસાનના સમાચાર મૌલીકે ભારે હૈયે આપ્યા. અલ્પાએ આશ્વાસન આપ્યું, પણ પોતે મુંબઇ રહેશે એમ મૌલિકે કહ્યું ત્યારે એની ધારણા પ્રમાણે અલ્પાએ એને પોતાને ત્યાં રહેવાનું ન કહ્યું, ઊલટું એ વાતમાં લગભગ સંમતિ આપી! મૌલિકને એથીય મોટું આશ્ચર્ય તો એ વાતનું થયું કે પોતે એને મળવા થોડા દિવસમાં અમદાવાદ જશે એમ એણે કહ્યું ત્યારે અલ્પાએ કહ્યું : 'હમણાં ન આવીશ. આજે તને હું પત્ર લખું છું જે તને બે-ત્રણ દિવસમાં મળશે. એમાં બધી વિગત વાંચજે...'

અને પછી અલ્પા પત્ર લખવા બેઠી હતી. એ લક્ષ્મીકાન્ત સાથેનાં એનાં લગ્નનો આગલો દિવસ હતો! પણ બિચારા મૌલિકને કશી વાતની શી ખબર?

ફોન પર વાત થાય પછી ત્રીજે દિવસે, એટલે કે અલ્પાના લગ્નને બીજે દિવસે મૌલિકને એનો પત્ર મળ્યો. પોતાની રૂમમાં જઇ એણે ખૂબ આતુરતાથી કવર તોડ્યું : 'એવું તે શું લખ્યું હશે, અલ્પાએ?' કવર તોડતાં એ વિચારતો હતો 'કે જે એ મને ફોન પર ન કહી શકી!' સાશંકભાવે એણે પત્ર વાંચવો શરૂ કર્યો :

'મૌલિક મારા,'

'પણ હવે તો મારો શાનો? છતાં મારે મન તો સદાય મારો જ. મારી નજરે તો તું મારો હતો, છું અને રહીશ.'

'પણ મૌલિક, દુનિયાની નજરે બાજી બદલાઇ ગઇ છે. માટે હૃદય કઠણ કરીને, મન મજબૂત કરીને આ પત્ર વાંચજે. હું જે લખું છું એ તું સાચું નહિ માને, કોઇ ન માને. હું લખું છું છતાં હું ય એ હજી સાચું નથી માનતી!



પણ મૌલિક, ભાગ્ય ક્યારેક એવા ખેલ બતાવે છે જે માન્યામાં ન આવે એવા હોવા છતાં સાવ સાચા હોય છે! તને શું લખું ને કેવી રીતે લખું એ ય મારે માટે તો મોટી મુંઝવણ છે, તને શી ખબર મૌલિક કે વિધિએ કેવી ક્રૂર મજાક કરી છે મારી! બાકી મારા બા ગયાં, તારાં, આપણાં બા ગયાં ત્યારે આજે આપણે સાથે રહી એ દુઃખમાં સહભાગી ન બનીએ? પણ કેમ નથી બની શકતાં એ દુર્ભાગ્યની-મારા જીનવનની સૌથી કરૂણ કથા લખું છું. ધીરજ રાખી વાંચજે...'

પછી અલ્પાએ માલિકના મુંબઇ ગયા પછી પિતાને ધંધામાં કેવું મોટું નુકસાન થયું ને લાચાર દશામાં આવી જવું પડ્યું, એ આઘાતમાં જ માતાનો કેવી રીતે સ્વર્ગવાસ થયો, પિતાની આર્થિક - શારીરિક અવદશાનો ગેરલાભ ઉઠાવી શેઠ ભગવાનદાસે દીવાની અને ફોજદારી કેસો દ્વારા કેવી ભીંસ આણી અને પિતાની ઉત્તરાવસ્થામાં એમની આબરૂ ન રોળાય, એમને કેદ ન થાય, આઘાતમાં એમનો કરૂણ અંત ન આવે એ માટે કેવા વિકટભર્યા સંજોગોમાં એને શેઠ ભગવાનદાસની માગણી સ્વીકારી એમના પુત્ર લક્ષ્મીકાન્ત સાથે લગ્ન કરવાની ફરજ પડી છે એ બધું વિગતે લખ્યું હતું. પોતે કઇ શરતે આ લગ્ન કરી રહી છે એ પણ એણે લખ્યું હતું અને અંતે ઉમેર્યું હતું :

'મૌલિક વ્હાલા, આવો દિવસ કોણે કલ્પ્યો હશે? તું કહેતો હતો એ સાચું જ પડ્યું : ખૂબ સરળતાથી મળી ગયેલા આપણા સુખની ભગવાનને ય અદેખાઇ આવી. જેવી અણધારી રીતે એણે આપણને મેળવ્યાં અને ભેળવ્યાં એવી જ અણધારી રીતે એણે આપણને અલગ કર્યાં! હવે જીવન માટે કશી જ મહેચ્છા નથી મૌલિક, સિવાય કે તું મોટો વકીલ બની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે અને કોઇ સદ્‌ભાગી નારીના સહવાસમાં સુખે રહે એ જોવાની. હું તો મારી ટેક પાળીશ. દિલ તને દીધું છે, દેહ કદી અન્યને અર્પણ નહિ જ થાય. લગ્ન પૂર્વેની મારી આ શરત છે અને પ્રાણાન્તે ય એનું પાલન થશે. મૌલિક, થોડા સમય પહેલાં તું મુંબઇ એક છોકરી જોવા ગયો હતો. એ ખૂબ સુંદર હતી, તને ગમી હતી, સૌને ગમી હતી. ત્યારે થોડા સમય પહેલાં જ તારા જીવનમાં જો હું ન આવી હોત તો તારી અને તારાં ભાઇ-ભાભીની પસંદગીને કારણે તથા

કુટુંબીજનોના આગ્રહને કારણે તેં એ છોકરી સાથે લગ્ન કરવાની હા પાડી હોત. પણ ત્યારે તારા જીવનમાં હું આવી ગઈ હતી. એટલે તારા જેવા પ્રેમાળ, નિષ્ઠાવાન, પ્રમાણિક યુવાનને બીજો કશો વિચાર કરવાનો અવકાશ જ નહોતો. પણ મૌલિક, સંજોગોએ વિવશ કરેલી તારી અલ્પા હવે તારા જીવનમાંથી ખસી જાય છે, એને ખસવું પડે છે. ત્યારે મારી વિનંતી છે કે એ છોકરી માટે જ હવે નક્કી કરી નાખ. 'જીવન એક નાટક છે,' એવી વ્યાખ્યા સ્વીકારી જીવનને એવું સામાન્ય અને હળવે હૈયે લેવા જેવું હું માનતી નથી મૌલિક, પણ નાટકની પેઠે એમાં કેવાં રોમેન્ટિક 'એન્ટ્રિ'ને 'એક્ઝીટ' થાય છે એનો મેં દુઃખદ અનુભવ કર્યો. મેં તારા જીવનમાં અને તેં મારા જીવનમાં પ્રવેશ કર્યો, પણ ખેલ પૂરા જામે એ પહેલાં તો ખલ પાત્રો વિજયી થયાં ને મારે તારા જીવનમાંથી ખસી જવું પડ્યું. મારા જીવનમાં નવાં પાત્રોનો પ્રવેશ થયો. હવે તારે ય નવાં પાત્રોને પ્રવેશ આપવો જ પડશે ને? કેવી કરૂણતા આપણા જીવનની!'

'મને ભૂલી જેજે મૌલિક, સદાને માટે ભૂલી જઇશ તો ય માઠું લગાડવાનો મને હક્ક નથી. પણ તારા દિલને હું જાણું છું, એટલે તું સહેલાઈથી એમ નહિ જ કરી શકે એની મને ખબર છે. પણ હું શું કરું? હવે તો 'તું સુખી છું' એટલું જ જાણવા હું આતુર રહીશ. મેં તો તપશ્ચર્યાભર્યા જીવનપથ પર કઠિન યાત્રા આરંભી છે. માર્ગમાં માત્ર કાંટા જ આવશે તે હું જાણું છું, છતાં બિચારી બની જીવ્યા વિના એ માર્ગે દૃઢતાપૂર્વક ડગ દેતી રહીશ. હારીશ, થાકીશ તયારે તને સંભારીને, તારો ફોટો જોઈને પ્રેરણા પામીશ. ફરી તને જોવાનો હકક દુન્યવી દૃષ્ટિએ મેં ગુમાવી દીધો છે. પણ દિલ એ હક્ક ક્યારેય જતો કરશે ખરું? એ તો મીરાં જેમ સદાય એના કનૈયાના દર્શન માટે તડપતું જ રહેશે. પ્રભુને એટલું પ્રાર્થું છું કે તારા સુખી દાંપત્ય જીવનની ઝાંખી એકાદ વાર પણ મને કરાવે. હવે તો અલ્પા માટે એ જ પરમ સંતોષ અને સૌભાગ્ય હશે.'

'મેં તને દગો દીધો છે એમ તો નહિ માનેને મૌલિક? એટલો બધો અન્યાય મને ન કરતો. મને સંજોગોએ દગો દીધો છે અને મેં તો ખરેખર મારી જિંદગીને દગો દીધો છે. દુનિયાની નજરે જીવતી જાગતી અલ્પા એને



પોતાને માટે તો...! વધુ શું લખું મૌલિક? કાંઇ સમજ પડતી નથી. અત્યારે મારા લગ્નની શહનાઈના સુર મારા કાનના પડદા ચીરી રહ્યા છે. હૃદયને એ ચીરી કાઢે તો કેવું સારું? પણ એ ચીરાય તો ય એમાં સ્થપાયેલી મારા મૌલિકની મૂર્તિને કશી આંચ ના આવે એ રીતે જ એણે ચીરાવું જોઇએ. મૌલિક, એકવાર મેં લખ્યું હતું :'

હૃદય છે એક જેનાં પ્રભુ,
તે દૂર શાને સદા રહે?
મિલન આ દેહો તણું
શું પ્રેમને હાનિ કરે?

લખ્યું ત્યારે તો કોઈ મૂડમાં આવીને આ મુક્તક લખી નાખ્યું હતું. પણ ત્યારે કોને ખબર હતી કે મારે માટે જ એ સાચું પડશે?

'મારી તો વસંત પાનખર બની ગઇ મૌલિક, પણ તું રખે તારા જીવન પ્રત્યે બેદરકાર બની જતો. કાંઇ નહિ તો તારી અલ્પાને ખાતર પણ પરણજે અને સુખી થજે. મને યાદ ભલે ન કરે, પણ માફ તો કરીશ ને? જે કરે તે કરજે, પણ તું સુખી થજે ને સુખથી રહેજે. તારો શાપ પણ મને તો આશિષ રૂપ લાગશે.'

તારા દર્શનની અભિલાષા સાથે, ક્ષમા યાચના સહ

તારી અપરાધિની

અલ્પા.

કાગળ વાંચતાં વાચતાં સતત આંસુ સારતો મૌલિક અંતે લગભગ ભાંગી પડ્યો. પોતાના કરતાં ય એને વધુ દુઃખ અલ્પાની અવદશાનું થયું! 'સ્નેહાળ, સુંદર, અરમાનોભરી અલ્પા કાળના ચક્કરમાં કેવી કરૂણ રીતે ફસાઇ ગઇ! વસંતને ખરેખર પાનખર આભડી ગઇ! પૈસાના જોરે નાલાયકોએ એક અરમાનોભરી નગરીને આગ લગાડી દીધી! હવે શું રહ્યું દુનિયામાં? શા માટે આ અન્યાયી જાલિમ જાતીનો નાશ ન કરી નાખવો? ...બા ગઇ...! અલ્પા ય ગઇ! હવે હું કોને આધારે જીવીશ? અને કોને માટે જીવીશ?'

મૌલિક એટલો બધો લાગણીવશ બની ગયો કે નાનપણથી હર મુશ્કેલીની પળોમાં જેમ બોલી ઊઠતો તેમ આજે પણ એ ચીસ પાડી ઊઠ્યો : ‘બા...આ!’

અવાજ સાંભળી બીજા રૂમમાંથી ભાભી દોડી આવ્યાં. ત્યારે મૌલિકે યંત્રવત્ પત્ર ગજવામાં મૂકી દીધો.

‘મૌલિકભાઇ,’ દિયરનાં આંસુ લૂછતાં ભાભી બોલ્યાં : ‘આ શું નાનાં છોકરાં જેવું કરો છો! બા તો લીલી વાડી મૂકી સંતોષથી ગયાં. એમના જેવું ભાગ્ય તો કોઈ ભાગ્યશાળીનું જ હોય. લો, પાણી પી લો અને ચાલો પેલા રૂમમાં, અહીં એકલા બેસવાનું નથી...’

મૌલિક પર નવી આવી પડેલી આફતની ભાભીને બિચારીને શી ખબર? એણે પાણી આપ્યું તે પીધું. છતાં મૌલિકનું મન હળવું બન્યું નહોતું. ભાભીના સ્નેહને કારણે એ વધુ ગદ્ગદીત થઇ ગયો ને બોલ્યો :

‘ભાભી, બા તો ગયાં, પણ...’ એ અટકી ગયો.

‘પણ શું ભાઈ? અમે છીએને?’ સ્નેહાળ ભાભી બોલી.

‘લો ભાભી, આ વાંચો,’ કહી આંસુ સારતા મૌલિકે અલ્પાનો પત્ર આપ્યો. દરમિયાનમાં સુરેન્દ્ર, એની બેન વગેરે પણ ત્યાં આવી પહોંચ્યાં. પત્ર વાંચી બધાંએ હકીકત જાણી. સૌને દુઃખ થયું. મૌલિકને એક સાથે બે પ્રિયજનોનો વિયોગ થયો. પણ ઉપાય નહોતો. આવા સંજોગોમાં સૌને અલ્પાની પણ દયા આવી. પણ સાથે સાથે એની મહત્તા અને મહાનતા પણ સૌએ સ્વીકારી.

‘મૌલિકભાઇ,’ સુલતા બોલી : ‘તમારા કરતાં ય બિચારી અલ્પાની સ્થિતિ તો વધારે દુઃખકર બની ગઇ. તમે પુરૂષ છો, હિંમત રાખો ને પ્રભુમાં શ્રદ્ધા રાખો...’

બધાંએ જુદી જુદી રીતે આશ્વાસન આપી મૌલિકને શાંત કરવાનો પ્રયત્ન કર્યો. હવે તો એલ.એલ.બી. ના અભ્યાસ માટે એને મુંબઇ જ



રાખવાનું નક્કી થયું. મૌલિકને પણ હવે મુંબઇ રહેવું જ યોગ્ય લાગ્યું. થોડા દિવસમાં બી.એ.નું પરિણામ આવ્યું. ફર્સ્ટ ક્લાસમાં એ પાસ થયો. અલ્પાનોય સેકન્ડ ક્લાસ આવ્યો. મૌલિકે મુંબઇની લૉ કૉલેજમાં એડમીશન લઇ લીધું. વચ્ચે એક વાર અમદાવાદ ગયો હતો. ત્યારે રામદાસ શેઠની હવેલીએ ગયેલો. અલ્પા તો ન હોય, પણ રામદાસ શેઠને મળવા એ ગયેલો. પરંતુ એને જાણવા મળ્યું કે અલ્પાના લગ્ન પછી એક અઠવાડિયામાં જ શેઠ ગુજરી ગયા હતા! હવે હવેલી તો લગભગ બંધ રહેતી હતી! જે હવેલીને ઝરુખે અલ્પા તે દિવસે એની રાહ જોતી ઊભી હતી એ ઝરુખા તરફ મૌલિકની નજર ગઇ. એ ઝરુખો ય જાણે આંસુ સારતો હતો. ભારે હૈયે મૌલિક પાછો ફર્યો. અલ્પાના અસીમ દુઃખની એ કલ્પના ય કરી શકતો નહોતો. અલ્પાની નવી સાસરીની તો ખબર નહોતી. પ્રયત્ન કરે તો ખબર મેળવી શકાય. પણ ત્યાં જવાય? એથી અલ્પા મુશ્કેલીમાં ન મુકાય? એને થયું કે અલ્પાને ખાતર ત્યાં ન જવું જોઇએ. એ ન ગયો. અલ્પાની સ્મૃતિઓ જ્યાં સચવાઇ હતી એ લૉ કૉલેજના ફુવારા પાસે મૌલિક આંટા મારી આવ્યો, આંસુ સારી આવ્યો ને આખરે વિધિના ખેલથી વિસ્મીત થયેલો એ મુંબઇ જવા અમદાવાદ સ્ટેશને જતો હતો ત્યારે ય એ માનવ મહેરામણ વચ્ચે એની આંખો તો અલ્પાને જ શોધતી હતી. આ શહેરે એનું પોતાનું કોઇ પચાવી પાડ્યું હતું. પોતાના દેહને એ મુંબઇ ઘસડી જતો હતો, પણ દિલને તો અહીં અમદાવાદમાં – મૂકીને જ જતો હતો. અમદાવાદ સ્ટેશનથી ગાડી ઊપડી ત્યારે એના કાનમાં કોઇના પ્રેમભર્યા લાગણીસભર શબ્દો પડઘી રહ્યા : ‘વહેલો આવજે હોં!’

મૌલિકથી નિઃશ્વાસ નખાઇ ગયો. સીટ પર બેસવા જતાં એના જેવા કર્મવાદીથી ય બોલી જવાયું : ‘વાહ રે કિસ્મત!’

અનુક્રમ

## ૨૦ : લક્ષ્મણ રેખા

અલ્પાએ ખૂબ સાદાઈથી લગ્ન કર્યાં. પિતાએ પોતાના વ્યવહાર સાચવવા જે કંકોત્રીઓ લખી એ જ. એણે પોતે તો કોઈને કંકોત્રી લખી જ નહિ. પોતે ન છૂટકે લગ્ન કરે છે એમ જાણી પિતાને દુઃખ ન થાય એટલે એણે ખૂબ ઓછાં ઘરેણાં પહેર્યાં. બાકી, પહેર્યા કરતાં વધુ તો એની પેટીમાં પડી રહ્યાં. ઘેર આવેલા મહેમાનો અને સખીઓના ખૂબ આગ્રહને કારણે હાથે પગે સાદી મહેંદી મૂકી. બાકી, સતત આંસુ સારતી એની આંખોમાં દુઃખ સિવાય બીજું શું દેખાતું હતું? મૌલિક સાથે લગ્ન ન થઈ શકવાનું દીકરીને દુઃખ છે એ વાત રામદાસ સમજતા હતા. પણ એમાં મૌલિકનો કશો વાંક નથી, અલ્પાએ જ હાથે કરીને પિતાનાં સુખ, આબરૂ માટે આમ કર્યું છે એની એમને ક્યાં ખબર હતી? એ તો આ માટે મૌલિકને જ જવાબદાર માનતા હતા. માટે જ દીકરીને આશ્વાસન આપતાં એમણે કહ્યું :

'બેટા, આજકાલના યુવાનોનો આટલા માટે જ ભરોસો કરવા જેવો નથી હોતો, પણ મૌલિક માટે હું આમ નહોતો ધારતો. એને માટે મારો અભિપ્રાય બહુ ઊંચો હતો. પણ એ ય...'

'ના બોલો બાપુજી એવું કશું જ ના બોલો,' વચ્ચે જ આંસુ સારતી આંખોએ અલ્પાએ કહ્યું : 'મૌલિકને કશો જ દોષ ન દો બાપુજી, દોષ મારો કે મારા કિસ્મતનો છે. બાકી, મૌલિક જેવો પ્રેમી જગતમાં હજી જન્મ્યો નથી.'

'હજી ય તારા મનમાં એને માટે આટલી બધી લાગણી છે બેટા!' રામદાસે કહ્યું : 'ઠીક, તને દુઃખ થાય છે તો હું એ અંગે કશું નહિ બોલું, બસ? ભગવાન એને ય સુખી રાખે.'

લગ્નના દિવસો દરમિયાન અલ્પાને માતાનો અને મૌલિકનો વિરહ સતત સાલતાં રહ્યાં અને એની આંખો શ્રાવણ-ભાદરવો વરસાવતી





રહી. પિતાજી પોતાનું દુઃખ ન જાણી જાય કે પોતાને રડતી ન જોઈ જાય એટલી કાળજી અલ્પા હંમેશાં રાખતી. પિતાની આબરૂ ખાતર, એમની પ્રાણપ્રિય હવેલીનું લીલામ થતું અટકાવવા માટે અને ફોજદારી કેસમાં એ ન સંડોવાય એ કારણે અલ્પાએ આ લગ્ન કરવાનું સ્વીકાર્યું હતું. જો કે રામદાસ શેઠને આવી કશી ગંધ આવી હોત તો પોતાનું જે થવાનું હોત તે થાત પણ દીકરીનું દિલ તૂટે એવું કદી ન બનવા દેત. પણ અલ્પાના પિતૃભક્ત હૃદયે પોતાના જીવનની આહૂતિ આપી પિતાનું વૃદ્ધત્વ સાચવવાનો પ્રયાસ કર્યો. જો કે અલ્પાના લગ્ન પછી રામદાસ શેઠ થોડા દિવસના જ મહેમાન રહ્યા. છતાં આઘાતજન્ય મૃત્યુમાંથી તો પોતે પિતાને બચાવી શકી એટલો સંતોષ અલ્પાને રહ્યો ખરો.

લગ્નની શરણાઈઓ વાગતી હતી ને અલ્પાનું દિલ ચીરી એ સૂર આસપાસના લોકોને રામદાસ શેઠની એકની એક દીકરીના લગ્નના સમાચાર આપતા હતા. રામદાસ શેઠની પ્રખ્યાત હવેલી રોશનીથી ઝળહળતી હતી. પિતાની ઈચ્છાને સંતોષવા અલ્પાએ એ રોશની કરવા દીધી હતી. પણ રોશની જાણે અલ્પાના જલતા જીગરનું પ્રતીક બની રહી હતી! મહેમાનોથી ઘર ઉભરાતું હતું, પણ ભર્યાભર્યા ઘરમાં અલ્પા એકલી હતી. એની આંખો માતાને શોધતી હતી અને હૃદય મૌલિકને ઝંખતું હતું. પણ બેમાંથી એકેય મળવાની કોઈ શક્યતા નહોતી એ અલ્પા સારી રીતે જાણતી હતી. માટે જ તો હંમેશની સ્વસ્થ, સચેત, તેજસ્વી બુદ્ધિ પ્રતિભા ધરાવતી, તરવરાટભરી અલ્પા અસ્વસ્થ અચેત, યંત્રવત્ બની બ્હાવરીશી ફરતી હતી! આ ઉદાસીનતાથી એ ત્રાસતી ત્યારે પોતાની રૂમનું બારણું બંધ કરી મૌલિકની તસ્વીર કાઢી એની સાથે રડતાં રડતાં વાતો કરતી કહેતી હતી :

'આટલા માટે આપણે મળ્યાં મૌલિક? કેટલીક સ્વાભાવિકતાથી મળ્યાં, ભળ્યાં ને ચાહ્યાં આપણે એકબીજાને! પણ એટલી જ અસ્વભાવિકતાથી છૂટાં પડ્યાં આપણે. છૂટાં પડતી વેળાય કોઈને ક્યાં ખ્યાલ હતો કે પ્રેમી તરીકેની આ પહેલી ને છેલ્લી વિદાય છે! કોઈનો સંવનનકાળ પણ બે-ચાર વર્ષનો હોતો હશે મૌલિક, આપણે તો બે-ચાર માસમાં જ મનનો માંડવો ઊભો કર્યો ને એ છોડીય નાખ્યો! જો કે એમાં તારો જરાય દોષ નથી,

ગણે તો એ પિતાવત્સલ પુત્રી-હૃદયનો વાંક છે. કવિ કાન્તનો પેલો ચક્રવાક સાચું જ કહે છે : 'આ ઐશ્વર્યે પ્રણય-સુખની હાય આશ જ કેવી?' મારા મૌલિક, કોણ માનશે કે આપણી વચ્ચે પ્રેમ હતો? અથવા હતો તો આપણે બંને એક દિલ અને નેક દિલ હતાં એમ કોણ સ્વીકારશે? પ્રેમ થયાની કોઈને જાણ પણ થાય એ પહેલાં તો આપણો પ્રેમ ભંગ થયો... પણ ખરેખર આપણા પ્રેમનો ભંગ થયો? ના, ના, મૌલિક દુનિયા માને કે ન માને, અને મારે ક્યાં કોઈને મનાવવું છે? પણ મેં તને ચાહ્યો હતો, ચાહું છું અને ચાહીશ. આપણો પ્રેમ હું મરતા સુધી નિભાવીશ... એકની વફાદાર પત્ની બની રહેવા છતાં બીજાની વફાદાર પ્રેમીકા પણ બની શકાય એ વાત મને જાણનાર અને સમજનાર સ્વીકારશે. અને નહિ જાણે કે નહિ સ્વીકારે તો ય મારે શું? હું ક્યાં જગતમાં કોઈ આદર્શ સ્થાપી અમર બનવા ઈચ્છું છું? મારી તો એક માત્ર ઈચ્છા છે મારા મૌલિકનો પ્રેમ નિભાવવાની. અને તે ય મારા પોતાના માટે. એ વિના હું જીવી શકું જ નહિ. મૌલિક, તારો પ્રેમ મારા જલતા જીવનની શીતળતા હશે, તારો પ્રેમ મારી વેરાન જિંદગીની વસંત હશે, તારો પ્રેમ મારા મર્ત્ય અવતારની અમરતા હશે. મેં તને છોડ્યો છે એમ જગત ભલે માને મૌલિક, કદાચ તુંય એમ માને, બાકી મેં તો તને મારા હૈયામાં પધરાવી દીધો છે, એટલે હું જ્યાં જઈશ ત્યાં તું સાથે જ રહેવાનો મૌલિક! હું તપ, ત્યાગ અને બલિદાનના વિકટ પથ પર ડગ દઈ રહી છું, કોઈનો સાથ કે સહવાસ નથી. એક અબળાને જબરા અને જાલિમ જગત સામે ઝઝૂમવાનું છે મૌલિક, છતાં મારાં ટેક અને તપમાં હું અડગ રહું એવા આશીર્વાદ મને આપ. મૌલિક, ભવસાગરના વમળમાં ફસાયેલી મારી નૈયાનો તું જ નાવિક છે, તું જ...'

દિલની આવી અનેક યાતનાઓ મૌલિકની તસ્વીરને કહેતી અલ્પા ધ્રુસકે ધ્રુસકે રડી હૈયું હળવું કરવાનો વ્યર્થ પ્રયત્ન કરી લેતી! આમ એના લગ્ન અગાઉના દિવસો વીત્યા. લગ્નને આગલે દિવસે એણે આવી બધી વાતો સમજાવતો પત્ર મૌલિકને લખ્યો અને બીજે દિવસે સવારે અગિયાર વાગે જગતની દૃષ્ટિએ રામદાસ શેઠની દીકરી અલ્પા ભગવાનદાસ શેઠના દીકરા લક્ષ્મીકાન્ત સાથે પરણી એની પત્ની બની ગઈ! એક અંગે લગભગ અપંગ જેવા થઈ ગયેલા રામદાસ શેઠ આંગણે આવેલી જાનને સત્કારવાય



જઈ શક્યા નહોતા. સગાં સંબંધીઓ અને મુનીમોએ જ પ્રસંગ ઉકેલ્યો હતો. પરણી ઊઠીને પિતાને પગે લાગવા ગઈ ત્યારે તો અલ્પા છૂટે મોઢે જ રડી પડી. પિતાને ભેટી પડી ને નાના બાળકની જેમ એ ધ્રુસક ધ્રુસકે રડવા લાગી. રામદાસ શેઠ પણ વ્હાલસોઈ દીકરીને આશીર્વાદ આપતાં આપતાં ચોધાર આંસુ સારતા સારતા ત્રુટક ત્રુટક બોલ્યા :

'બેટા, આજ તારી મા... મારા ઘરની લક્ષ્મી આજે જશે બેટા, હવે હું કોને આધારે...! તને કદી ફૂલને ડીટેય દુભવ્યાનું યાદ નથી દીકરી, છતાં ક્યારેક કાંઈ કહેવાઈ ગયું હોય તો... માફ.., અલ્પા વિના આ ઘરમાં મરાથી કેમ રહેવાશે દીકરી...?'

વાક્યે વાક્યે પિતા-પુત્રી એટલાં ડૂસકાં ભરતાં કે એ જોનાર-સાંભળનાર કોઈ પણ ત્યારે રડ્યા વિના ન રહી શક્યું! રૂદનને મહાપરાણે ખાળી અલ્પાએ ભાંગીતૂટી વાણીમાં કહ્યું :

'બાપુજી, તમને એકલા મૂકીને હું ક્યાંય નહિ જાઉં... કાલે જ હું પાછી આવીશ અને તમારી પાસે જ રહીશ... તમે તો હૈયું નીચોવી મને હેત દીધું છે બાપુજી, તમારી દીકરી હોવું એ તો સ્વર્ગના સુખથીય અધિક છે... તમે જરાય ઓછું ન આણશો...ફોઈ, બાપુજીની સંભાળ–'

સૌ સ્નેહીજનોએ પિતા-પુત્રીને આશ્વાસન અને હિંમત આપ્યાં. ભગવાનદાસ શેઠે પણ રામદાસ વેવાઈને કહ્યું :

'રામદાસભાઈ, અલ્પા આજ સુધી માત્ર તમારી પુત્રી હતી. હવે એ મારી પણ પુત્રી છે. તમે જરાય ચિંતા ન કરશો.'

અલ્પા પરણીને સાસરે ગઈ. ખરેખર પહેલે જ દિવસે ભગવાનદાસ શેઠે એને ઘરની તીજોરીની ચાવીઓ સોંપતાં કહ્યું :

'બેટા, હવે આ ઘર તારું છે, ભગવાનની દયાથી અહીં કશાની ખોટ નથી. આ તિજોરીમાં પૈસા ને દાગીના છે, તારી ઈચ્છા પ્રમાણે એનો ઉપયોગ કરજે. સામેના કબાટમાં કિંમતી સાડીઓ અને બીજાં કપડાં છે. પેલો અનાજનો કોઠાર છે. ઘરકામ માટે નોકર છે ને રાંધવા માટે રસોયો છે. છતાં કશી પણ તકલીફ હોય તો વિના સંકોચે જણાવજે. લક્ષ્મીકાન્તમાં થોડા

દુર્ગુણ છે, સોબતને કારણે એમ થયું છે. પણ એ દુષ્ટ કે ક્રુર નથી. એનામાં ભારોભાર માણસાઈ છે. એટલે એને સુધારવો સહેલો છે. મને ખાતરી છે બેટા, કે તારા જેવા પારસમણિના સ્પર્શથી એનું રૂપાંતર થશે જ.'

અલ્પાએ ત્યારે નમ્રતાથી કહ્યું : 'વડીલ, આટલો મોટો ભાર સંભાળવા હું હજી ઘણી નાની છું. તિજોરીની ચાવીઓ આપની પાસે રાખો એ જ શોભે; મારે કશી જરૂર નહિ પડે, અને પડશે તો આપ છો જ ન? મારા પ્રત્યેની મમતા અને વિશ્વાસ બદલ આભારી છું. પણ આપ જાણો છો, મારા પિતાજી એકલા છે અને ઉત્તરાવસ્થાના અંતિમ દિવસોમાં હું એમને એકલા રાખી શકું નહિ, મારે હમણાં એમની પાસે રહેવું પડશે. કાલે એમની પાસે જવા હું આપની રજા માગું છું.'

'એ માટે તું સ્વતંત્ર છું દીકરી.' ભાવપૂર્વક ભગવાનદાસ બોલ્યા : 'પણ મારી ઈચ્છા તો રામદાસભાઈ માને તો એમને અહીં લઈ આવવાની છે.'

'એ કદી ન માને,' અલ્પાએ કહ્યું : 'દીકરીના ઘરના રોટલા એમને ગળે ઊતરેય ખરા કે? વળી એમના સ્વમાની જીવને તમે તો ઓળખો છો વડીલ?'

'હા, ભારે સ્વમાની ને સજ્જન માણસ. ભલે દીકરી, તારે જવું હોય ત્યારે જજે ને અનુકૂળ લાગે ત્યારે આવજે. પણ જો, કાંઈ પણ કામ હોય તો જરાય મૂંઝાતી નહિ. તરત ફોન કરી દેજે. હું હાજર થઈશ. હવે તો એ મારા વેવાઈ છે.'

'હા, અને હું તમારી પુત્રવધુ,' અલ્પાએ કટાક્ષ કરતાં કહ્યું : 'તમારી ઈચ્છા પ્રમાણે થયું. સમાજમા કદાચ એથી તમારી પ્રતિષ્ઠા વધી હશે વડીલ, પણ માફ કરજો, રામદાસ શેઠની હવેલી માટેના આપના તેજોદ્વેષે કોઈનાં પવિત્ર મન મંદિરીયાંને તોડી નાખ્યાં.'

'બેટા, તારી ભૂલ છે,' કોઈ ગુનેગારની નમ્રતાથી ભગવાનદાસ બોલ્યા : 'સ્ત્રીનું મંદિર તો એના પતિનું ઘર, અને એ ઘરમાં તો સ્ત્રી લગ્ન પછી જ પ્રવેશ કરે છે. એ પહેલાં અજાણતાં કશી ભૂલ થઈ ગઈ હોય તો એ સુધારી લેવામાં જ સાચો સ્ત્રીધર્મ છે.'



'હવે દલીલબાજી નકામી છે વડીલ,' મર્યાદા સાચવવા છતાં બુદ્ધિના તણખા વેરતી અલ્પા બોલી : 'પણ વાત નીકળી છે તો કહી દઉં કે સ્ત્રી કોઈ લાકડાની નિર્જીવ ઢિંગલી નથી કે જેથી કોઈ ઢિંગલા સાથે ઈંટ-ચૂનાની ચાર દીવાલો વચ્ચે ગોઠવી દેવાથી એનું મંદિર રચાઈ જાય અને પછી એમાંથી પ્રેમનો પવિત્ર પ્રવાહ વહેવા માંડે. પ્રેમને હ્રદય સાથે સંબંધ છે, દેહ સાથે નહિ.'

'તું તો બુદ્ધિશાળી ને શાણી છે બેટા, ધીરજ રાખ, સમય જતાં બધું થાળે પડશે.' ભગવાનદાસે આશ્વાસન દીધું-લીધું.

અલ્પાને નહોતું કહેવું છતાં વાતવાતમાં પોતાના દિલની વાત કહેવાઈ ગઈ અને લગ્ન પૂર્વેની શરતની યાદ અપાઈ ગઈ. વળી એ માટે પોતાનો જે રોષ હતો એ પણ અજાણતાં જ વ્યક્ત થઈ ગયો.

પણ ભગવાનદાસ તો અલ્પાએ લગ્ન પહેલાં શરત મૂકી ત્યારે અને અત્યારે ખરેખર માનતા હતા કે — આ તો યુવાનીનો પ્રલાપ છે. કોઈની જોડે ફરતાં જુવાનિયાં આજની ફિલ્મોને ચાળે ચઢી આવાં નખરાં કરતાં હોય છે, પણ વખત જતાં બધું ઠેકાણે પડી જાય છે અને ગાડી પાટા પર આવી જાય છે.

માટે જ તો એમણે રામદાસ જેવા કુળવાનની અલ્પા જેવી સુશીલ કન્યા અને જીવનભર પોતાનો તેજોવધ કરતી હવેલીના લોભમાં અલ્પાની આકરી શરત સ્વીકારી હતી ને? પુત્ર લક્ષ્મીકાન્તને પણ એમણે આમ જ સમજાવ્યું હતું. વળી શેરબજારની ઊથલપાથલને કારણે કોડીની થઈ ગયેલી રામદાસ શેઠની મિલકત કઈ રીતે બચાવવી એની આંટીઘૂંટીય ભગવાનદાસ જાણતા હતા. એટલે કુળ, કન્યા ને હવેલી મળવા છતાં કોઈ ગરીબને ઘેર પોતે પુત્રને નથી પરણાવી રહ્યા એનીય એમને ખબર હતી. અલ્પાની પ્રતિજ્ઞા તો સાસરીનાં સુખ અને પતિનો પ્રેમાળ સ્પર્શ થતા સુધી જ ટકી રહેશે એની ભગવાનદાસને ખાતરી જ હતી. એટલે આ લગ્નથી એ તો ખૂબ ખુશ હતા.

જ્યારે લક્ષ્મીકાન્ત તો લોક નજરે પરણવું પડે માટે પરણતો હતો. બાકી, સુરા ને સુંદરીનો સહવાસ કરતાં એ કોઈથી ય કશો સંકોચ અનુભવતો નહોતો. ઘરમાં એક બૈરું હોવું જોઈએ તો ભલે હોય એમ માની

એ પરણવા તૈયાર થયો હતો. બાકી, અપરિણીત જીવનની કશી ખોટ એને સાલે એમ નહોતી. એ તો કાયમ રંગ-રાગ કરી મોડી રાતે ડોલતો ડોલતો ઘેર આવતો ને આવતો એવો પલંગમાં પડતો તે સવારે નવદસ વાગે ઢીલો ઢબ પડી જઈ મુશ્કેલીથી અમળાતો અમળાતો ઊઠતો.. આવા વિલાસી લક્ષ્મીકાન્તને અલ્પાની શરત બહુ આકરી લાગે એવી નહોતી. જો કે અલ્પા એને ગમી હતી. એના વિલાસી જીવનને કેફ ચઢાવે એવી એની જુવાનીથીય એ લલચાયો હતો. આકર્ષક અને નયનાભિરામ અલ્પાના બાહુપાશમાં લપેટાવાનું મળે તો અખંડ રાતના જાગરણ પણ અઘરાં કે અકારાં ન લાગે એ ય તે જાણતો હતો. એટલે આજે એણે નશો નહોતો કર્યો. પણ સોહાગ રાતના નશામાં એ હરખાતો હરખાતો શયનખંડ તરફ જતો હતો.

પણ સોહાગરાતે સજાવેલા શયનખંડના બધા શણગાર અલ્પાએ ઉતારી લીધા. મીણબત્તીઓ એણે બુઝાવી નાખી, સુગંધીત અગરબત્તીઓ ઓલવી નાખીને ફૂલમાળાઓ ફેંકી દીધી! માત્ર પોતાનું પ્રિય અને હવે તો મૌલિકને અતિપ્રિય અત્તર 'રાતરાણી' જે એની પાસે સદાય રહેતું એ પોતાના પલંગ પર છાંટી એ અલંકાર રહિત સાદા વેશે બેઠી ને જે ધન્ય દિવ મૌલિક સાથે ઉજવવાના અરમાન સેવ્યા હતા એની વિફલતાની યાદમાં આંસુ સારી રહી! એના શ્વસુરગૃહમાં ય માત્ર એ, એના પતિ ને શ્વસુર ત્રણ જ જણ હતાં. મહેમાનોને તો બીજે ઉતારો આપેલો હતો. એટલે મેડા પરના પોતાના વિશાળ શયનખંડનાં દ્વાર બંધ કરી એ એકલી જ બેઠી હતી ને મૌલિકની યાદમાં ડૂબેલી હતી ત્યારે રાત્રે લગભગ દસ વાગે લક્ષ્મીકાન્તે બારણે ટકોરા માર્યા. એના હૃદયના ધબકારા વધ્યા, છતાં આંસુ લૂછી એ ઊભી થઈ. કદાચ આજે જ ખરાખરીનો ખેલ ખેલવો પડશે એમ એ માનતી હતી. નારીની એકલતાનો પતિ બનેલો પુરુષ લાભ ન લે એમ બને જ નહિ એ વાત એ જાણતી હતી... લગ્ન પહેલાં કરેલી કોઈ શરત-અને એ ય આવી આકરી શરત-કોઈ પણ પતિ પરણ્યા પછી પાળે એ વાતમાં એને શ્રદ્ધા નહોતી. છતાં એ મક્કમ હતી. વિનય અને વિનંતીથી કામ ન પતે તો મારીને કે મરીને પણ પોતાના શિયળનું રક્ષણ કરવા એ કટીબદ્ધ બની એટલે ઓશીકે મૂકેલી કટાર એણે જમણી બાજુની કમરમાં ખોસી, સાડીનો છેડો સરખો કર્યો ને બારણા પાસે જઈ સ્ટોપર ખોલી ને ધીરેથી બારણું ઉઘાડ્યું. આજે લક્ષ્મીકાન્ત નશામાં નહોતો. વળી તે શરાબી હતો, લંપટ પણ હતો,



પરંતુ દુષ્ટ નહોતો. વચનનોય એ પાકો હતો. અલ્પાને એની ઈચ્છા વિરુદ્ધ, સંજોગોવશાત વિવશ કરી એના પિતાએ-ભગવાનદાસે-પોતાની સાથે પરણાવી છે એ વાત તે જાણતો હતો, એટલે અલ્પા માટે એને સમભાવ અને સહાનુભૂતિ પણ હતાં. એટલે બારણું ખૂલ્યું ત્યારે નિરાશ મને છતાં મક્કમ અને ગુસ્સાભર્યા મુખભાવ સાથે સામે ઊભેલી પત્નીને જોઈ એણે વિનયપૂર્વક પૂછ્યું :

'અંદર આવી શકું હું?'

'આપણી શરત તો યાદ છે ને?' જરા કડકાઈથી અલ્પાએ પૂછ્યું.

'બરાબર યાદ છે. માટે તો રજા માંગું છું.' લક્ષ્મીકાન્તે શાંતિથી કહ્યું.

'મારે ક્યાં સુવાનું છે?' અલ્પાએ નિર્લેપ ભાવે પૂછ્યું.

'તું તારા શયનખંડમાં જ તો છે.' લક્ષ્મીકાન્તે સસ્મિત કહ્યું.

'તો તમારે ક્યાં સૂવાનું છે?' અલ્પાના પ્રશ્નમાં ગુસ્સો વરતાતો હતો.

'તું ચાહે તો અહીં, નહિ તો આ બંગલો ઘણો વિશાળ છે. ગમે ત્યાં સૂઈ જઈશ.' લક્ષ્મીકાન્તના વર્તનમાં સ્વસ્થતા ને શાંતિ હતાં.

'કોઈ પણ યુવાન સ્ત્રી-પુરુષ રાત્રિના એકાંતમાં એક જ રૂમમાં સૂવે તે સારું નહિ.' અલ્પાએ મનની વાત કહી.

'અલ્પા,' વિનમ્ર ભાવે લક્ષ્મીકાન્ત બોલ્યો : 'આપણે હવે માત્ર સ્ત્રી-પુરુષ નથી, પતિ પત્ની છીએ.'

'એ તો દુનિયાની નજરે.'

'અને તારી નજરે ?'

'માઠું ન લગાડશો. પણ મારી નજરે તમે પર પુરુષ જ છો. અને હું દિલથી અન્ય કોઈને વરી ચુકેલી સ્ત્રી છું. મારે કશું જ છુપાવવાનું નથી. મેં લગ્ન પહેલાં જ બધી સ્પષ્ટતા કરી છે.'

'એટલે તું...?' જરા સાશંક ભાવે લક્ષ્મીકાન્ત પૂછવા જતો હતો ત્યાં વચ્ચે જ સ્વમાની અલ્પાએ ઝૂકાવી દીધું : 'હું પવિત્ર છું, અણિશુદ્ધ પવિત્ર છું. અમારો પ્રેમ કોઇ કામ-વાસનાનો કીડો નહોતો અને નથી. એ તો શબ્દના સાચા અર્થમાં પ્રેમ હતો. એક કુમારિકાની જ અસ્પર્શ કાયા છે. કદાચ એને હવે કોઈ સ્પર્શે પણ નહિ. કારણ એને સ્પર્શવાનો હક્ક મેં બીજા કોઇને આપી દીધો છે.'

'તારો નિર્ણય...?'

'અફર અને આખરી છે.' મક્કમતાથી અલ્પા બોલી : 'હજી ય તમને જરૂર લાગે ત્યારે અલ્પાના પ્રાણ લઇ શકો છો, પણ એના પ્રાણનાથ તો નહિ બની શકો. મને આશા છે કે તમે તમારું વચન પાળશો અને મારા હાથે કશું દુષ્કૃત્ય નહિ કરાવો.'

ઉંબરાની બહાર ઊભેલા, એક પણ ડગ આગળ વધવા પ્રયત્ન ન કરનાર લક્ષ્મીકાન્તમાં અલ્પાને થોડી શ્રદ્ધા જાગી હતી. અને ખરેખર શ્રદ્ધાને સાચી પાડતો હોય તેમ લક્ષ્મીકાન્ત બોલ્યો :

'અલ્પા, હું વ્યસની છું, પણ બેવચની નથી, કુછંદી છું, પણ કુવિચારી નથી, કામી છું, પણ કામાંધ નથી. સ્ત્રીઓની મારે ખોટ નથી. ધારું તો બીજી પત્ની ય કરી શકું. તેં પણ તે છૂટ આપી છે. પણ હું એમ નહિ કરું. પત્ની તું એકલી જ રહીશ. તારા દિલમાં એક આદર્શ છે, તો આજથી મારા જેવો કુછંદી પણ એક આદર્શ સ્વીકારે છે : અલ્પા, પતિભાવે કે પતિદાવે હું કદી તારી પાસે કશી અયોગ્ય માંગણી નહિ કરું. નજરથી દૂર એવા કોઇને માટે તું તડપે છે, તો હું નજર સામે છે એવા કોઇના માટે સ્વેચ્છાપૂર્વક તડપીશ. હું આદર્શ પુરુષ તો નથી જ. એટલે બીજું બધું કરીશ. પણ તારી મર્યાદા કદી નહિ લોપું, અને અલ્પા, કદાચ ક્યારેક નશામાં મારાથી એવી મર્યાદા ભંગ થવાની ઘડી આવે તો ક્ષણના ય વિલંબ વિના તારી આબરૂની રક્ષા ખાતર જે કરવું પડે એ કરજે. બીજી પણ એક વાત તને કહી દઉં ,તું આ ઘરની લક્ષ્મી છે. તારાં માન, મોભો પૂરી રીતે જળવાશે. આ ઘરનો વ્યવહાર હવે તારે ચલાવવાનો છે. હું કેવો છું એ તો મેં કહ્યું. માટે જ પિતાની ઇચ્છા છે કે આપણા વ્યાપાર અને કારોબાર પર તું નજર રાખે. તારી આવી શક્તિમાં એમને પહેલેથી શ્રદ્ધા છે. હવે તો મને ય એવી ખાતરી થઇ છે.



એટલે ઘેર બેઠાં તું એટલું જોતી રહેજે. બાકી, બીજા કોઇ દુન્યવી સુખની તારે ખામી નહિ રહે.'

'તમારો ખુબ ખુબ આભાર.' કહી અલ્પાએ દ્વાર બંધ કર્યાં.

અલ્પા સૂતી, પણ ઊંઘ કેમ આવે? પોતાની સોહાગ રાત શું આવી હોય? આજે તો એ સોળે શણગાર સજી સુશોભિત શયનખંડમાં પોતાના પલંગ પર ઘૂંઘટમાં મુસ્કરાતી, શરમાતી બેઠી હોય, ધીર પગલે પ્રવેશ કરી, દ્વાર બંધ કરી મૌલિક એની પાસે આવીને બેસે ને ધીમો પ્રેમભર્યો મધુર ટહુકો કરે : 'અલ્પા!' જવાબમાં પોતે માત્ર મીઠું હસે, પછી ધીરે રહી મૌલિક એનો ઘૂંઘટ ઉપાડે અને બંનેની નજરો મળે... અને એમ થતાં જ પ્રેમના ઘોડાપૂરમાં તણાઈ બન્ને પરસ્પરને ભેટી પડતાં મંદ રવે બોલી પડે : 'અ...લ્પા!'...'મૌલિક મારા!' ને એ પ્રેમ જ્યોત જલતાં જ શયનખંડની બધી બત્તીઓ બુઝાઇ જાય. પછી દિલ દિલને વાત કહે, પણ મૌન રહીને! અને પછી આખી રાતનો મીઠો મીઠો ઉજાગરો. એ એક રાતમાં આખું આયખું સમાઇ જાય!...

આવી સોહાગરાતની કલ્પનામાં રાચતી અલ્પાની આંખ ઠરી જતી ત્યારે ય એને આવાં મધુર સ્વપ્નો જ સતાવ્યા કરતાં. જે રાત ખૂબ ટૂંકી લાગે, એ રાત ખૂટતી ય નહોતી!

અલ્પા પલંગમાં પાસાં ઘસતી હતી. દર્દ અને ડરભર્યા દિલે વૈદર્ભી જાણે નળ માટે વનમાં વલવલતી હતી!

લગ્નને બીજે જ દિવસે અલ્પા પોતાની ઇચ્છા અને સાસરીયાંની સંમતિ પોતાના પિતા પાસે રહેવા ગઇ હતી. આમે ય રામદાસ શેઠની તબિયત તો નરમ હતી જ. પુત્રીને વળાવ્યા પછી એ હવેલી એમને જાણે ખાવા ધાવા લાગી. એમનું હૈયું જ ભાંગી ગયું. એ ઘડીથી જ એમના હૃદદયને એવો ધક્કો લાગ્યો જેની ખરાબ અસર ડૉક્ટરોના અનેક પ્રયત્નો છતાં, અલ્પાના પાછા ત્યાં આવીને રહેવા છતાં અને વેવાઇ ભગવાનદાસની અનેક રીતની હિંમત છતાં ન જ ગઇ. ડૉક્ટરોએ ઘણા ઉપાય કર્યા, અલ્પાએ દિન-રાત જોયા વિના ખડે પગે સેવા કરી, છેલ્લે તો દવાખાનામાં ય દાખલ કર્યા, પણ રામદાસ શેઠે અલ્પાના લગ્ન પછી આઠ-દસ દિવસમાં જ સદાને માટે આંખ બંધ કરી. અલ્પાના વિલાપનું પૂછવું જ શું? લક્ષ્મીકાન્ત અને થોડા

સમય પહેલાંના રામદાસના વિરોધી ભગવાનદાસ પણ દ્રવી ગયા. બધી ઉત્તરક્રિયા પતાવતાં સુધી અલ્પાનાં ફોઇ ત્યાં રહ્યાં. પછી અલ્પા ભગવાનદાસ અને લક્ષ્મીકાન્તની સાથે પિતાની હવેલીને તાળું મારી આંસુભરી આંખે સાસરે ગઇ. પછી ક્યારેક એ પોતાની કામવાળી બાઇ અન્નપૂર્ણાને સાથે લઇ હવેલીની મુલાકાતે જઇ સાફસુફ કરી આવતી ત્યારે સુખદ ભૂતકાળનાં મીઠાં સ્મરણોથી એની આંખો છલકાઇ જતી.

અલ્પાનાં સાસરીયાં માટે હવેલી બીજનરૂરી હતી, કારણ એમનું ઘર ઘણું મોટું હતું અને માણસો થોડાં હતાં. વળી ભગવાનદાસને હવે હવેલીનો મોહ રહ્યો નહોતો, એટલે એ બંધ જ રહેતી. પણ અલ્પાની ઇચ્છા ને યોજના હતી—પોતે માનસિક રીતે સ્વસ્થ થાય પછી એ હવેલીમાં માતા-પિતાના નામે એક શાળા શરૂ કરવાની. એથી એક સારી પ્રવૃત્તિ થાય અને પોતાનો સમય પણ સારી રીતે જાય. પણ એ હતી ભવિષ્યની વાત. અત્યારે તો અલ્પા મૌલિક સાથેના ભૂતકાળને વાગોળીને દિવસ કાઢતી હતી!

અનુક્રમ

## ૨૧ : લક્ષ્મીકાન્તની લીલા

પરણ્યાની પ્રથમ રાતે પત્નીએ પોતાને જે રીતે જાકારો આપ્યો એથી લક્ષ્મીકાન્તને પોતાને અપમાનિત થયા જેવું ન લાગ્યું કે દુ:ખ પણ ન થયું. લગ્ન પૂર્વેની અલ્પાની શરતને કારણે શરૂઆતમાં આવું થોડુંક થવાની અપેક્ષા હતી જ. છતાં એ પોતે પણ માનતો હતો એ સમય જતાં અલ્પાનો ઘા રૂઝાશે અને બધું ઠીક થઇ જશે. છતાં કદાચ અલ્પા પોતાની પ્રતિજ્ઞા પર દૃઢ રહેવા માગતી હોય તો પણ પોતે કશો જ વાંધો ન લેવો જોઇએ એમ લક્ષ્મીકાન્ત માનતો હતો, કારણ કે લગ્ન પહેલાંની એ શરતને પોતે મંજૂર રાખી હતી. વ્યસની અને વિલાસી લક્ષ્મીકાન્તમાં કેટલાક સુદ્‌ગુણ હતા જ. દિલથી એ દયાળુ ને માનવતાવાદી હતો, વચન પાલનમાં એ માનતો હતો, એ આત્મરત હતો એટલે કોઇની વાતોમાં કદી માથું મારતો નહિ, પડોશમાં કદી કોઇની સાથે એણે ઝઘડો કર્યો નહોતો કે કોઇ સ્ત્રી પર કુદૃષ્ટિ કરી નહોતી, એટલે એ એક સારો પડોશી ગણાતો, કોઇ ગરીબને એ કદી ખાલી હાથે કાઢતો નહિ, જાહેર ફંડોમાં એ વિના માથાકૂટે યથાશક્તિ દાન જે લેવા આવે તેને આપી દેતો. એ ઓછું બોલતો ને લોકો સાથે ઓછું ભળતો. એનો ચહેરો જરા કરડો હતો અને જોનારને વાત કરવા એકદમ જીભ ન ઊપડે એવો એ અતડો હતો. છતાં કોઇને અપમાનિત કરવાનું એના સ્વભાવમાં નહોતું એ પરિચિતો જાણતા.

લક્ષ્મીકાન્તનું ઘર ઘણું મોટું હતું. ઉપર ત્રણે બાજુ ફરતો ઝરુંખો હતો અને વચ્ચે મોટો ખુલ્લો ચોક હતો. ઘરના પ્રવેશ દ્વાર સામે જ મેડા ઉપર વિશાળ રૂમ હતો જે હવે અલ્પાનો અંગત ઓરડો હતો .કામવાળી સિવાય ત્યાં ભાગ્યે જ કોઇ જતું. કારણ કે ઘરમાં બીજી કોઇ સ્ત્રી હતી જ નહિ, અને ભગવાનદાસ તો બીજા દાદરથી સીધા જ જવાતા ત્રીજા માળની પોતાની

રૂમમાં બારોબાર જ અવર-જવર કરતા. લક્ષ્મીકાન્તનો મુકામ નીચે ભોંયતળિયે રહેતો. પ્રવેશતાં ડાબી બાજુની ચાર રૂમોમાંથી એકમાં લક્ષ્મીદાસની ઑફિસ હતી. બીજો બેઠક રૂમ હતો, જેનો એના અંગત મહેમાનો આવે તો ઉપયોગ કરાતો હતો, ત્રીજો રૂમ એનો રીટાયરીંગ રૂમ હતો જ્યાં કાયમ બે પલંગ વ્યવસ્થિત પાથરેલા પડ્યા રહેતાં. એક કબાટમાં એનાં કપડાં અને બીજામાં બીયર, વ્હીસ્કી વગેરે અનેક પ્રકારનાં પીણાં પડ્યાં રહેતાં. રાત્રે એ રૂમ લક્ષ્મીકાન્તનો રંગ મહેલ બની જતો. બહારથી મોડો ઘેર આવે ત્યારે એની સાથે એકાદ સ્ત્રી-મિત્ર હોય જ. પોતાના રંગમહેલમાં આખીરાત શરાબ અને સુંદરી સાથે વિતાવી લક્ષ્મીકાન્ત વહેલી સવારે તેને જવા દેતો અને પછી સવારે મોડે સુધી પોતે પડ્યો રહેતો. ચિત્રા નામની એક સ્ત્રી તો લક્ષ્મીકાન્તની કાયમની રખાત હતી. અઠવાડિયામાં બે-ત્રણ વાર એ લક્ષ્મીકાન્ત સાથે રાત વિતાવતી. કોઇ નવો શિકાર હાથ લાગે તો એ લક્ષ્મીકાન્તને એનો લાભ આપતી. અકેવાય છે કે લક્ષ્મીકાન્તે ચિત્રાને સોને મઢી હતી. એની બધી જરૂરિયાત, મોજ-શોખ લક્ષ્મીકાન્ત પુરા કરતો. અને એ પણ લક્ષ્મીકાન્તને એટલી વફાદાર હતી કે એના પરિચયમાં આવ્યા પછી એણે કદી અન્ય પુરૂષનું પડખું સેવ્યું નહોતું. લગ્ન પછી લક્ષ્મીકાન્ત પોતાને છોડશે અથવા ઓછું મહત્ત્વ આપશે એવો એને ખ્યાલ હતો. જો કે એનું એને દુઃખ પણ નહોતું. કારણ કે સ્વભાવથી ચિત્રા દુષ્ટ નહોતી, અને કોઇના સુખી સંસારમાં એ આગ ચાંપવા પણ ઇચ્છતી નહોતી. એટલે લક્ષ્મીકાન્તને લગ્નની વધાઇ આપી આવ્યા પછી ચાર-પાંચ રાત એ દેખાઇ નહિ ત્યારે લક્ષ્મીકાન્ત એને ત્યાં ગયો.

'બાબુજી, હવે તો તમે પરણ્યા, પતિ થયા. હવે તમારે પત્ની ધર્મ પાળવો જોઇએ.' ચિત્રાએ આશ્ચર્યકારક સલાહ આપી લક્ષ્મીકાન્તને સદપંથે વાળવા પ્રયત્ન કર્યો.

'તું પણ હવે મને ધર્મનો બોધ આપવા લાગી?' લક્ષ્મીકાન્તે કટાક્ષ કર્યો.



'કેમ, હું સ્ત્રી નથી? મારામાં સ્ત્રીનું હૃદય નથી?' ઘવાયેલી માનુની જેમ ચિત્રા બોલી : 'બાબુજી, સંજોગોએ મને હું જે છું તે બનાવી છે. એટલે આપની નજરમાં ભલે હું નીચ હોઉં. બાકી, પોતાનો પુરૂષ પર સ્ત્રી સાથે રાતો ગુજારે છે એમ કોઇ પત્ની જાણે તો એના દિલને કેટલું દર્દ થાય એ હું જાણું છું. માટે જ હું તમારાં પત્નીને એવું દુઃખ પહોંચાડવા ઇચ્છતી નથી. એટલે વિનંતી કરું છું બાબુજી, કે આજ સુધીની બધી રમત ભૂલી જાવ અને હવે સારા ગૃહસ્થીની જેમ રહો.'

'મારા નસીબમાં ગૃહસ્થી લખાઇ નથી ચિત્રા,' નિઃશ્વાસ નાખતાં લક્ષ્મીકાન્તે કહ્યું.

'એમ કેમ, બાબુજી?' આશ્ચર્યથી ચિત્રાએ પૂછ્યું : 'શું નવાં શેઠાણી...'

'છે તો એ સતી ને પતિવ્રતા,' લક્ષ્મીકાન્તે જવાબ આપ્યો : 'પણ...'

'પણ શું?' પાન ધરતી ચિત્રા બોલી : 'તમારી રહેણીકરણી માટે નફરત હશે એમને!'

'ના ચિત્રા, વાત જરા વિચિત્ર છે.' કહી લક્ષ્મીકાન્તે એને વિગતે વાત સમજાવી.

'તો તો એ દર્શન કરવા જેવાં દેવી કહેવાય બાબુજી,' ચિત્રા આશ્ચર્ય અનુભવતાં બોલી : 'કેવો અદ્‌ભુત પ્રેમ!' અને સહેજ અટકી એણે કહ્યું : 'તો બાબુજી, તમે જાણીને આ લગ્ન કર્યું એ બહુ મોટું પાપ કર્યું.'

'હવે તો મને પણ લાગે છે, ચિત્રા,' લક્ષ્મીકાન્તે ઉદાસ ચહેરે કહ્યું : 'કે અલ્પાના પ્રેમનાં પારખાં લેવા જેવાં નહોતાં. અમે તો માનતા હતા કે આ પ્રલાપ કે મોહ લગ્ન પછી પૂરાં થઇ જશે, પણ અલ્પાની મક્કમતા પરથી લાગે છે કે એ પોતાની ટેક નિભાવશે.'

'બાબુજી, આ તો મીરાં જેવો ઘાટ થયો!' ચિત્રાએ અજાણી અલ્પા તરફ અહોભાવ દર્શાવતાં કહ્યું : 'અમે તમને ખુશ કરવા ખાલી ખાલી ગાઈએ છીએ : મીરાં પ્યાસી જનમ જનમકી - પણ શેઠાણી તો સાચે જ આવું જીવન જીવે છે!'

'વાત તો એવી જ છે ચિત્રા,' ભૂલથી પસ્તાતો હોય એમ લક્ષ્મીકાન્ત બોલ્યો.

'બાબુજી, મારી સલાહ માનો તો તમે રાણાની જેમ ઝેરના પ્યાલા ના ભરશો શેઠાણી માટે.'

'ભગવાન મારી સદ્‌બુદ્ધિ કાયમ રાખે ચિત્રા,' લક્ષ્મીકાન્તે કહ્યું : 'અત્યારે તો મારા તરફથી કશી જ દખલ વિના અલ્પાને એની રીતે જીવવાનું સ્વાતંત્ર્ય છે.'

'બાબુજી, હું એક દિવસ શેઠાણીને મળું?' ચિત્રાએ નવાઈ ભર્યો પ્રશ્ન કર્યો.

'મને શો વાંધો છે?' લક્ષ્મીકાન્તે કહ્યું : 'પણ શું તું એને સમજાવવા માગે છે?'

'ના રે બાબુજી,' ચિત્રા પોતાની અલ્પતા સમજતી હોય એમ બોલી : 'એ મારું ગજું નહિ. અને સાચી વાત તો એ છે કે એવું પાપ હું કરું પણ નહિ.'

'પાપ?' આશ્ચર્યથી લક્ષ્મીકાન્તે પૂછ્યું.

'હા બાબુજી, પાપ, કોઈને તપ ભંગ કરવાનો પ્રયત્ન કરવો એ પાપ નહિ તો બીજું શું?'

'ચિત્રા, અલ્પાની ઘલછાને તું પણ શું એક તપ માને છે?' નવાઈ પામી લક્ષ્મીકાન્તે પૂછ્યું. પોતે જેને એક સામાન્ય બજારું સ્ત્રી માનતો હતો એ ચિત્રામાં એને આજે સંસ્કાર-બુદ્ધિનાં દર્શન થયાં!

'બાબુજી, જો એ ઘેલછા હશે તો તમારા વૈભવ, વિલાસ અને



યુવાનીના સાદથી થોડા જ વખતમાં એ દૂર થઈ જશે. પણ જે શરતે એમણે તમારી સાથે લગ્ન કર્યાં છે અને લગ્ન પછી જે રીતે એ વર્તે છે એ પરથી મને ખાતરી છે કે એ ઘેલછા નથી. એ એક સતી સ્ત્રીની સાધના છે. એ માટે જ હું તમને વિનંતી કરું છું કે એ પવિત્ર સ્ત્રીની સાધનામાં તમે હાડકાં ના નાખશો.'

ચિત્રાની વાતમાં લક્ષ્મીકાન્તને રસ પડ્યો. એણે જાણી જોઈને પ્રશ્ન કર્યો : 'પોતાના પતિને છોડીને પર પુરુષને ભજે એને તું પવિત્ર સ્ત્રીની સાધના કહે છે, ચિત્રા?'

'બાબુજી, જેણે લગ્ન પહેલાં તમને પ્રમાણિકપણે સત્ય હકીકત જણાવી એ સ્ત્રીને તમે સામાન્ય સ્ત્રી માનો છો? આવી હિંમત પુરૂષ પણ કરી શકે નહિ. બીજાની વાત જવા દો, તમે પુરુષ છો, છતાં ત્યારે તમારાં દુષકૃત્યોનો એકરાર તમારાં ભાવિ પત્ની સમક્ષ તમે કરી શક્યા હતા? વળી જેને મજબુર કરી તમે બાપ-દીકરાએ તમારી સાથે લગ્ન કરવાની લગભગ ફરજ પાડી એ સ્ત્રી તમને પોતાના પતિ તરીકે ન સ્વીકારે તો એમાં એનો શો વાંક? ફક્ત દુનિયાની નજરે જ એ તમારી પત્ની રહેશે એમ તો એમણે લગ્ન પહેલાં જ શરત કરી છે. પછી તમે એમનો કઈ રીતે વાંક કાઢી શકો? બાબુજી, મને તો લાગે છે કે નવાં શેઠાણી એ સિદ્ધ કરશે કે આ દેશમાં યુગે યુગે કૃષ્ણ જન્મે છે તો યુગે યુગે રાધા પણ જન્મે છે!'

જેને પોતે એક સામાન્ય કક્ષાની સ્ત્રી ગણી એની સાથે ભોગ વિલાસ કરતો હતો એ ચિત્રાને લક્ષ્મીકાન્તે આજ એક નવા સ્વરૂપે જોઈ. ચિત્રા તેને કોઈ યોગભ્રષ્ટ આત્મા જેવી લાગી! તો પોતાની પત્ની આવી ઉચ્ચ ભૂમિકાની પ્રેયસી છે એ જાણી એને આનંદ પણ થયો. એના પિતા ભગવાનદાસ રોજ સ્નાન કરીને બોલતા શ્લોકનો ખંડ એને યાદ આવ્યા : 'સંભવામિ યુગે યુગે. ચિત્રાના કહેવા પ્રમાણે માત્ર શ્રી કૃષ્ણ (ભગવાન) જ નહિ, રાધા જેવી સાચી પ્રેમિકા પણ યુગે યુગે જન્મે છે. શું અલ્પા અવી યુગો

પછી જન્મતી કોઇ સાચી પ્રેયસી છે? તો તો પોતે સાચા પ્રેમીઓને વિખૂટા પાડવાનું મોટું પાપ કર્યું કહેવાય.' પણ તરત જ એને થયું : 'રાવણ વિના સીતાની કિંમત થાત?' પોતાને સાચા સ્વરૂપમાં જોઇ શકવા જેટલી તટસ્થતા લક્ષ્મીકાન્તમાં હતી જ. ગમે તેમ એણે ત્યારે જ નિર્ણય કર્યો કે અલ્પાના પવિત્ર, ત્યાગમય અને પ્રેમમય જીવનમાં પોતે ક્યારેય આડખીલી રૂપ નહિ બને.

'શા વિચારમાં પડી ગયા બાબુજી?' ચિત્રાએ લક્ષ્મીકાન્તને વિચારભગ્ન કરતાં પૂછ્યું.

'કાંઇ નહિ ચિત્રા, વિધિના ખેલ વિચારું છું. કેવા કેવા રંગ બદલાય છે જીવનના!' લક્ષ્મીકાન્તે કાંઇક નિરાશભાવે કહ્યું.

'એ ખેલ તો ન્યારા જ છે બાબુજી,' ચિત્રા બોલી : 'ખેલાડીના ખેલ સમજાઇ જાય તો તો લોકો જુએ જ શાના? કેટલીક મજા રહસ્યમાં જ હોય છે!'

'સાચી વાત છે.' કહી લક્ષ્મીકાન્ત ચૂપ કહ્યો ને થોડીવારે ઘેર ગયો. આજે ચિત્રા દ્વારા અલ્પાનું એને નવું દર્શન થયું હતું!

એ જોતો હતો : અલ્પા રોજ વહેલી સવારે ઊઠી જતી. પ્રાતઃ વિધિ પતાવી એ દેવ સેવા કરતી. નોકરો-ચાકરોને પણ વહેલા ઊઠવાની હવે આદત પડી ગઇ હતી. શેઠાણી ઊઠે તો એમનાથી કેમ સૂઇ રહેવાય? ઘણીવાર તો શેઠાણીના ધીમા મધુર કંઠે ગવાતાં ભજન-પ્રાર્થનાના મીઠા સૂરોથી જ તેઓ જાગી જતાં. એક નોકર, એક બાઇ અને એક રસોયો આટલાં તો કાયમ ત્યાં જ સૂતાં, એમને ય હવે પોતાના કામમાં ય જાણે રસ પડતો હતો. સેવા-પૂજા પરવારે ત્યાં રસોયો ચા-નાસ્તો તૈયાર કરતો. લગભગ અલ્પા માટે જ એક નોકર બાઇ હતી. અલ્પાના રૂમમાં એ ચા-નાસ્તો પહોંચાડતી. અલબત્ત, અલ્પા ઘરની સંભાળ રાખતી જ. પોતાના સસરાને સમયે સમયે ચા-પાણી, નહાવા, જમવાની સગવડમાં કશી ખામી ન રહે તે એ જોતી. પતિનું જીવન-



સૂવા, ઊઠવા, ખાવા-પીવાનું અનિયમિત હતું. છતાં એને જે જ્યારે જોઇએ તે ધ્યાનરાખીને નોકરો પહોંચાડે તેની એ કાળજી રાખતી. ક્યારે શું રસોઇ કરવી, કોને માટે શું નાસ્તો બનાવવો, ઘેર આવતા મહેમાનનું યોગ્ય સ્વાગત કરવું. આ બધી વ્યવસ્થા અલ્પાએ આપમેળે સંભાળી લીધી હતી અને એ માટે એ નોકરોને વખતો વખત જરૂરી સલાહ-સૂચનો પણ આપતી. ધીરે ધીરે અત્યાર સુધીના અનિયમિત અને આળસુ નોકરો પણ અલ્પાની નિયમિતતા, દેખરેખ, સ્નેહભર્યાં સલાહ-સૂચનો અને જરૂર પડે થોડી કડકાઇને કારણે નિયમિત અને કામગરાં થઇ ગયાં હતાં. શેઠાણીના આવવાથી ઘરની વ્યવસ્થામાં અને રહેણીમાં જે ફેર પડ્યો હતો એ સૌને ગમ્યો હતો. શેઠ ભગવાનદાસ પણ પુત્રવધૂની કાબેલીયત અને ઘર માટેની કાળજી તથા લાગણીથી ખુશ હતા. લક્ષ્મીકાન્ત પણ ઉઘાડે-છોગે સ્ત્રીઓને ઘેર બોલાવી જે લીલા કરતો હતો તે કોઇના ય કહ્યા વિના એમ કરતો હવે ધીરે ધીરે બંધ થઇ ગયો હતો એનું સૌને સુખદ આશ્ચર્ય હતું! બહાર એ જે કરતો હોય તે, પણ ઘરમાં તો એ હવે ગૃહસ્થની જેમ રહેવા લાગ્યો હતો. એ પ્રભાવ અલ્પાના સાત્ત્વિક જીવનનો હતો એ સૌ સમજતાં હતાં. માટે જ ભગવાનદાસને શ્રદ્ધા હતી કે અલ્પા ધીરે ધીરે પોતાના પુત્રની સાચી પત્ની બનીને જ રહેશે.

અલ્પાને ખાસ કામ તો હતું જ નહિ. એટલે એ બાકીનો સમય કોઇ ધર્મપુસ્તક કે સાહિત્યનાં સારાં પુસ્તકો વાંચતી. કવિતાઓ લખવાનો એનો શોખ તો હવે બમણો થયો હતો. એ કાર્ય તો હવે એના જીવનનો એક ભાગ બની ગયું હતું જાણે! એટલે મૂડ આવે ત્યરે એ લખવા બેસતી. ક્યારેક લખતી લખતી વિચારતી, વિલાપતી અને આંસુ સારતાં નેત્રે મૌલિકનું સ્મરણ કરતી. જો કે એનું રટણ તો એના દિલમાં અહર્નિશ ચાલુ રહેતું, એ સક્રિયપણે એ અંગે ન વિચારતી હોય ત્યારે પણ ! અલ્પાની સેવામાં રહેતી અન્નપૂર્ણા બાઇ આધેડ ઉંમરની હતી. ધીરી, શાંત અને શાણી અન્નપૂર્ણા પહેલાં લક્ષ્મીકાન્તની માતાની સેવામાં હતી એટલે આ ઘરની સારી ખોટી ઘણી વાતોની એ જાણકાર હતી. બધાં એને 'અન્ના'ના ટૂંકા નામે જ બોલાવતાં. અલ્પા માટે અન્નાને ખાસ લાગણી અને માન હતાં. એની ટેકથી

એ પરિચિત હતી. સહાનુભૂતિ છતાં અન્નાને થતું કે શેઠાણીનું જીવન આમ તો કેમ જાશે? કેટલીકવાર આંસુ સારતી અલ્પાને એ જોઇ જતી ત્યારે એને પારાવાર દુઃખ થતું અને આવી પવિત્ર સ્ત્રીનો પ્રેમ-ભંગ કરનાર શેઠ પર એને ગુસ્સોય થતો. પણ હવે શું થાય? અલ્પાનો એવો પ્રભાવ હતો, એના સાચા પ્રેમની એવી અસર બધાં પર હતી કે એને 'બધું ભૂલી હવે લક્ષ્મીકાન્ત સાથેના સંસારમાં મન પરોવો' એમ કહેવાની કોઇ હિંમત કરી શકતું નહિ! પ્રેમના પવિત્ર માર્ગથી આવી સ્ત્રીને ચલિત કરવી એ પાપ છે એમ સૌને લાગતું!

એક દિવસે બપોરે અન્નપૂર્ણા બાઇની સાથે ચિત્રા અલ્પાને મળવા આવી. બંનેનો ટૂંકમાં પરિચય કરાવી અન્નપૂર્ણા પાછી વળી ગઇ ત્યારે ચિત્રા બોલી :

'બહેનજી, આમ તો હું તમારી સામે આવવા માટે લાયક ન ગણાઉં, છતાં તમારાં દર્શનની ઇચ્છ ન રોકી શકતાં આવી છું.'

'ભલે આવ્યાં બેન, માણસ પાસે તો માણસ આવે જ ને? પણ મળવા આવ્યાં છો એમ કહો. હું દર્શન કરવા યોગ્ય તો નથી જ.'

'બહેન, હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ. પણ તમે દર્શન કરવા યોગ્ય છો એવું મારી જેમ ઘણાં માને છે અને એ સાચું છે.'

'એમ ન કહો બેન, હું પણ તમારા જેવી જ સામાન્ય સ્ત્રી છું.' અલ્પા નમ્રતાથી બોલી.

'અરરર બેન, મારી સાથે તમારી તુલના કાં કરો? હું તો એક પતીતા છું.' અને પછી તેણે લક્ષ્મીકાન્ત સાથેના પોતાના સંબંધોની આંસુભરી આંખે વિગતે વાત કહી ઉમેર્યું : 'બેન, તમે તો કળીયુગનાં સીતા છો. માટે જ તમારી પાસે માફી માગવા અને મારાં પાપ કબૂલવા આવી છું જો કે એક વાર હું ય...' અને તે એકદમ અટકી ગઇ. પછી એ નિઃશ્વાસ નાખી બોલી : 'જવા દો એ વાત. પણ બેન તમારો માર્ગ સરળ નથી એ તમે તો જાણતાં જ હશો. જગત ઘણું અધમ છે અને સ્ત્રીની જાતને ડગલેપગલે ડર છે!'



'જાણું છું બેન, પણ સોનું તપે તેમ અધિક ઉજળું બને. ચંદન ઘસાય તેમ વધુ સુગંધમય થાય, તેવી જ રીતે માનવી કસાય તેમ એનું સાચું સ્વત્વ પ્રગટે. કાંટાળી કેડી પર મારે જીવનભર ચાલવાનું છે એ હું જાણું છું, પણ ફૂલ વીણવામાં એક આનંદ છે તો કોઇ સદ્ હેતુ માટે કાંટા ખાવમાં બીજો આનંદ છે. હું મારા પ્રેમની પવિત્રતા સાચવવા અને એની સચ્ચાઇ સિધ્ધ કવા જીવનભર રડતી આંખે છતાં હસતા હૃદયે કાંટા ખાતી રહીશ.'

'ધન્ય છે, બહેનજી, તમારી પાસેથી અવા જ જવાબની આશા રાખી શકાય. મારી ધારણા કરતાં ય તમે મહાન છો, તમારો પ્રેમ શુદ્ધ ને સાચો છે. મેં તો તે દિવસે જ બાબુજીને કહ્યું હતું કે યુગે યુગે માત્ર કૃષ્ણ જ નહિ, રાધા પણ જન્મે છે.'

'ઘણું મોટું માન મને આપ્યું બેન, એને હું લાયક થાઉં એટલી જ અત્યારે તો ભગવાનને પ્રાર્થના.'

'તમારો શુદ્ધ સ્નેહ અને મજબૂત મનોબળ તમને સફળતા જ અપાવશે બેનજી.' ચિત્રા બોલી, અને અલ્પાની સૂચનાથી અન્નપૂર્ણા ચા લાવી તે પીને અંતે અલ્પા માટેના અહોભાવ સાથે એ વિદાય થઇ.

અલ્પા પોતાના પથ પર આગળ વધતી રહી. લક્ષ્મીકાન્તે પણ અલ્પા સાથેના વ્યવહારમાં તો ખરેખર અદ્‌ભુત સજજનતા સાચવી.એનો પોતાનો એટલો સદ્‌ગુણ, અલ્પાનાં પ્રભાવ અને નિષ્ઠા અને ચિત્રાની ખરી સલાહ જેવાં અનેક કારણો આમાં નિમિત્ત રૂપ હશે. જે હોય તે, પણ લક્ષ્મીકાન્તે આ બાબતમાં બોલ્યું પાળ્યું હતું. અલ્પા ઘરની દેખરેખ રાખતી અને સૌની સંભાળ રાખતી એથી ય લક્ષ્મીકાન્ત તો ખુશ હતો. એને તો આવી ભલી બાઇનો ભવ બગાડવા બદલ ઘણીવાર પશ્ચાતાપ થતો અને અલ્પાની દયા ય એને અવાતી હતી. તો બીજી બાજુ લક્ષ્મીકાન્તના સદ્‌વર્તનને કારણે અલ્પાને એના તરફનો અણગમો ઓછો થયો હતો. અને હવે તો ક્યારેક ઘરના કામસર એ એની સાથે બહાર પણ જતી. અલબત્ત, ક્યારે ય એ પર પુરુષની જેમ એનો સ્પર્શ પણ ન થવા દેતી અથવા એથી પોતે હવે એનો પતિ તરીકે સ્વીકાર કરે છે એમ લક્ષ્મીકાન્તને ન લાગે એની એ સતત કાળજી

રાખતી. આમ ચોમાસે છલકાતી ને ઉનાળે સૂકાતી સાબર વહેતી રહી ને સમય પસાર થતો ગયો. બે વરસ અલ્પાની તપશ્ચર્યાને વીત્યાં. ભગવાનદાસે પેઢીના વહીવટથી માંડીને પૈસાની લેવડ-દેવડ, બેંક બેલેન્સ, શેર સર્ટિફિકેટો વગેરે નાની મોટી દરેક વાત અને વહીવટથી અલ્પાને માહિતગાર કરી હતી. લક્ષ્મીકાન્ત આમાં થોડો રસ લેતો હતો, પણ ભગવાનદાસને એનામાં, સકારણ બહુ શ્રદ્ધા ન હતી. માટે જ તો અલ્પાને એમણે બધી રીતે જાણકાર કરી હતી. અલ્પા નિર્લેપ ભાવે છતાં ફરજ માનીને આ કરતી હતી.

એક દિવસ પોતાના ઘર પાસે જ રોડ ઓળંગતાં ટેક્સી સાથે ભગવાનદાસને ભયંકર અકસ્માત થયો. બેભાન અવસ્થામાં જ એમને દવાખાનમાં દાખલ કરવામાં આવ્યા. ઘણું લોહી વહી ગયું હતું અને કેસ ગંભીર હતો. ડૉક્ટરોને પણ બહુ આશા નહોતી. ઘણા પ્રયત્નોને અંતે એમણે આંખ સહેજ ઊંચી કરીને સામે ચિંતાતુર વદને બેઠેલાં લક્ષ્મીકાન્તને અને અલ્પાને જોયાં. મહામુસીબતે એ બોલ્યા :

'બેટા અલ્પા...મને...મા...ફ...કરજે.'

'એમ ન બોલો બાપુજી,' હૃદય કઠણ કરી અલ્પાએ કહ્યું : 'હું તો તમારું બાળક છું.'

'બેટા, આ લક્ષ્મીકાન્ત...તને સોંપું... છું.' કહી ભગાવનદાસે સદાને માટે આંખો મીંચી દીધી. એમને ઘણું કહેવું હતું એમ લાગતું હતું. પણ વધુ કશું જ ન કહી શક્યા. મહામહેનતે એમણે અલ્પાને છેલ્લી બે વાતો કહી.

પિતાજીના અકાળ અવસાને લક્ષ્મીકાન્તને આઘાત પહોંચાડ્યો. માતા ગયાં હતાં. પિતા ગયા, પત્ની હતી પણ હૈયાની હૂંફ આપી શકે એવા એના સંજોગ નહોતા. બંને સાથે રહેતાં અને છતાંય જુદાં હતાં! આ સંજોગોમાં એનું પોતાનું કહી શકાય એવું સંસારમાં હવે કોઈ નહોતું રહ્યું! જો કે અલ્પાએ ઘરનો બધો વહીવટ સંપૂર્ણપણે સંભાળ્યો હતો. સસરાના મૃત્યુ પછી મિલકત અને ધંધાની ગોઠવણ પણ એણે યોગ્ય રીતે કરી હતી. પોતાના પિતાની પેઢીના જૂના ને વિશ્વાસુ મુનીમ જે પોતાને પિતાતુલ્ય જ હતા તેમને તો એણે ભગવાનદાસ હતા ત્યારથી જ પોતાની પેઢીમાં રખાવ્યા હતા, એટલે અલ્પાને



ધંધા તરફની બહુ ચિંતા કરવી પડે તેમ નહોતું. વળી ભગવાનદાસ હતા ત્યારે ય લક્ષ્મીકાન્ત ધંધામાં થોડો રસ તો લેતો જ હતો. હવે અલ્પાએ તેને બધો ધંધો સંભાળવા ખુબ આગ્રહથી સમજાવ્યું. ત્યારે એણે મનની વાત કહી :

'અલ્પા, મારે ને તારે ખાવા માટે તો ઘણું છે. હવે કોને માટે વધુ કમાઈને ભેગું કરવું છે?' જો કે લક્ષ્મીકાન્તનો આ સ્મશાન વૈરાગ્ય હતો. બાકી, એ પૈસા કમાવા માટે તો દાણચોરીના ધંધામાં પણ પડ્યો હતો.

'મેં તમને ક્યારનું ય કહ્યું છે અને હજીય કહું છું. તમેબીજા લગ્ન કરી લો. મારી કશી ચિંતા કરશો નહિ. કારણે કે અમુક હદથી વધુ હું પણ તમારી ચિંતા કરી શકું એમ નથી.' અલ્પાએ સાચા દિલથી કહીને ઉમેર્યું : 'મારું તો જે થવાનું હતું તે થયું. પણ તમારો સંસાર શા માટે બગાડો છો?'

'એમ તો કદી નહિ જ બને અલ્પા,' લક્ષ્મીકાન્તે પણ દિલની વાત કહી : 'અન્યનું જીવન ઉજાડનારને પોતાનું જીવન સજાવવાનો અધિકાર નથી. પણ હું તને એક વાત કહેવા માંગું છું. હવે તો મારા પિતાજી ગયા. એ હોત તો કદાચ હું આમ ન કહી શકત, કારણ, એ માટે એ સંમત ન થાત. પણ હવે શક્ય છે. માટે કહું છું કે આમ જીવનભર તડપ્યા કરી તું દિવસો કાઢે એના કરતાં જેને તું ચાહે છે એની સાથે લગ્ન કરી લે. હું તને મુક્ત કરવા તૈયાર છું. પણ યાદ રાખ, આ હું મારા સુખ માટે નહિ, તારા સુખ માટે જ કહું છું. બાકી, મને તો બધી જ મર્યાદાઓ છતાં આ ઘરમાં તારું હોવું અનિવાર્ય લાગે છે. આ ઘરનો કારોબાર તારા વડે જ ચાલે છે અને ચાલી શકે. આ ઘરની પ્રતિષ્ઠા તારે કારણે જ છે. કારણ હું એ રાખી શકું તેમ નથી, છતાં મારા સુખ માટે તારો ભવ બગાડવો યોગ્ય નથી એમ હવે મને લાગે છે.'

અલ્પાને પરણ્યાની રાતે લક્ષ્મીકાન્તમાં માનવતાનાં દર્શન થયાં હતાં. એ પછીનું એનું વર્તન પણ એને માટે માન વધે એવું રહ્યું હતું. પણ આજની એની વાતે તો એના હૃદયની ઉદારતા અને બુદ્ધિની સતર્કતાનાં અલ્પાને દર્શન થયાં. એ પહેલાં ધારતી હતી એવા નીચ સ્વભાવનો એનો પતિ નહોતો એની એને ખાત્રી થઈ. હા, એનાં કેટલાંક કૃત્યો જરૂર અસામાજિક હતાં, પણ પતિ તરીકે લક્ષ્મીકાન્તે કદી કટુ અનુભવ નહોતો કરાવ્યો. એની આજની વાત તો વિશેષ માન ઉપજાવે એવી હતી.

'શું વિચારે છે અલ્પા?' લક્ષ્મીકાન્તે અલ્પાને ચૂપ જોઈ કહ્યું : 'હું સાચું કહું છું. તને તારી ઈચ્છ પ્રમાણે લગન કરવા દેવા હું તને મુક્ત કરવા તૈયાર છું. કારણ કે તારું કઠણ જીવન મને ડંખે છે!'

'એવું કશું વિચારવાની જરૂર નથી તમારે.' અલ્પાએ નમ્રતાથી કહ્યું : 'તમારી ઉદારતા માટે ધન્યવાદ. પણ મારો સ્નેહ સંસાર સુખ પુરતો જ સીમાબદ્ધ નથી. સંસાર સુખ તો સાચા સ્નેહનું એક ફળ હોઈ શકે, કારણ નહિ. વળી સમાજ અને ધર્મની દૃષ્ટિએ હું તમારી પત્ની છું એટલે પત્ની તરીકેની આ ઘર પ્રત્યેની સામાજિક ફરજો હું ચૂકવા નથી ઈચ્છતી. વળી, જતાં જતાં તમારા પિતાએ મને આ ઘરની કુળવધૂ તરીકે તમારી સોંપણી કરી છે. એ જવાબદારી પણ હું ઠુકરાવવા નથી ચાહતી. આ તબક્કે તમે કહો છો તેમ કરું તો તો મારો સ્નેહ લાજે. તો તો એ સ્નેહ સ્નેહ નહિ, વાસના ગણાય. મારો સ્નેહ વાસનાથી પર છે. ગમે તે સંજોગોમાં પણ એ પવિત્ર રહેવા સર્જાયો છે. વળી એ અમર છે. સંસારના તાપ એ અમૃતઝરાને કદી સૂકવી નહિ શકે. અને હવે તો આ દુઃખ જ મારે મન સુખ થઈ ગયું છે. મિલનની મીઠાશ જેવી વિરહની વેદના મને હવે ભાવી ગઈ છે. એટલે મારી ચિંતા ન કરશો.'

ખરેખર તો લક્ષ્મીકાન્તે જ્યારે પત્નીને બીજાં લગ્ન કરવાની છૂટ આપી ત્યારે ય એવું ઈચ્છતો હતો કે એની એ ઉદારતાથી હવે અલ્પાનું હૃદય પીગળે અને પોતાને માટે સદ્‌ભાવના જાગે, જેથી એ ઘડીએ જ એ એવું કાંઈક કહી દે કે 'તમારી મોટાઈથી હું ખુશ છું... હવે હું બધું ભૂલી ગઈ છું... હવે હું સંપૂર્ણપણે તમારી છું.'

પણ અલ્પા પ્રેમનગરની કોઈ આડપેદાશ થોડી જ હતી કે જે પ્રેમપંથને પરહરી સંસાર-સુખમાં ડૂબી જાય?

પિતાના ગયા પછી એ આઘાતનું દુઃખ ભૂલવા અને એકલતાને દૂર કરવા લક્ષ્મીકાન્ત ધીરે ધીરે વધુ પીતાં અને રાત્રે વધુ બહાર રહેતો થઈ ગયો હતો. અલ્પા સમજતી હતી કે અત્યારે કોઈ પત્નીની હેતાળ હૂંફ મળે તો એ



સુધરી શકે તેમ હતો. પણ એ પોતે તો લાચાર હતી. લક્ષ્મીકાન્ત પ્રત્યે સહવાસ થવાને કારણે જે લાગણી એના દિલમાં હતી એ જ. બાકી, એના હૃદયનો સ્વામી તો મૌલિક જ હતો, જેને એ શ્વાસે શ્વાસે રટતી હતી. એ પોતાને આ ભવમાં તો પતિ તરીકે મળી શકે એમ હતું જ નહિ, છતાં બીજા ભવમાં ય એ મળે તો પોતાનું અહોભાગ્ય હશે એમ એ માનતી હતી અને એ માટે તપતી હતી. એ માટે જીવનભર તપવાએ તૈયાર હતી!

છેલ્લા થોડા વખતથી લક્ષ્મીકાન્ત દાણચોરીના ધંધા તફ વળ્યો હતો. એમાં કમાણી વધુ થતી અને સહેલાઈથી થતી. શરૂમાં ઘડિયાળો ને ટેપરેકર્ડરો જેવી વસ્તુઓની દાણચોરી કર્યા પછી ધીરે ધીરે આ ધંધાવાળાઓ સાથે પરિચય વધ્યો અને એમાંથી સોનાની દાણચોરીમાં એ સામેલ થયો. આવા કામમાં પોલીસ ખાતાને સાથે રાખવું જ પડે. છેલ્લા છએક માસથી જ નવો આવેલો ફોજદાર (પી.એસ.આઈ.) સમીરસિંહ સોરઠીયા એના લત્તાની પોલીસચોકીના ચાર્જમાં હતો. સમીરસિંહ બે નંબરના ધંધામાં બહુ પ્રવિણ હતો અને પૈસા કમાવા પાછળ પડ્યો હતો. એટલે અસામાજિક તત્ત્વો સાથે ભળેલો હતો. જુગારના અડ્ડાવાળાઓએ ને દારૂનાં પીઠાંવાળાએ એને પોતાનો ભાગીદાર બનવી દીધો હતો, જેથી એમનો ધંધો નિર્વિઘ્ને ચાલે. લક્ષ્મીકાન્તના દાણચોરીના ધંધાની એને ખબર પડી. એટલે મૈત્રી બાંધવા શરૂમાં વેરભાવે દરોડો પાડવાને બહાને એને મળ્યો. અને એમાંથી બંનેનો પરીચય થયો અને બંનેની ધંધાકીય મૈત્રી પણ જામી ગઈ. સોનાની દાણચોરીમાં બંને સહભાગી થયા. લક્ષ્મીકાન્તની ઘરની ઑફિસ પર એ ઘણીવાર આવતો જતો થઈ ગયો. એકબીજાની હૂંફ અને મદદથી બંને જણ ધંધામાં સારું કમાતા. એટલ એમની સ્વાર્થી મૈત્રી સારી જામી.

સમીરસિંહનો ઈતિહાસ પહેલીથી સારો નહોતો. લક્ષ્મીકાન્તને ખબર નહોતી, પણ એ અલ્પા ને મૌલિકની સાથે જ કૉલેજમાં ભણતો હતો, મૌલિકનો તો વળી પડોશી હતો. અલ્પાને એની બનાવવા અને રામદાસશેઠના જમાઈ બની એમની મિલકત-હવેલીના માલિક બનવા એણે ઓછા પ્રયત્નો નહોતા કર્યા. અલ્પાને ત્યારે કેટલીક વાર એની સાથે ટક્કર

થઇ હતી અને અલ્પાએ એને હડધૂત પણ કર્યો હતો. મૌલિકથી અલ્પાને વિખૂટી પાડવા પણ એણે ઘણા હિન પ્રયત્નો કર્યા હતા. છેલ્લે મુંબઇ જતા મૌલિકને મૂકીને સ્ટેશનની બહાર આવેલી અલ્પાની મોટર પાસે પણ એણે અલ્પાને છેડી હતી, અને એના નોકરને હાથે માર ખાધો હતો. પણ લધી હઠ એ છોડે એવો નહોતો. એ નફફટ હતો અને અપમાનોને ઘોળીને પી જઇ શકતો. કૉલેજની રખડુ ટોળીનો આ આગેવાન સમીરસિંહ જેમ તેમ બી.એ.પાસ થઇ ગયો. પછી પી.એસ.આઇ.ના સીલેક્સનમાં એ પાસ થયો અને દોઢ વર્ષ માટે નાશિક ટ્રેઇનીંગ માટે પણ જઇ આવ્યો.

ત્યાંથી એની નિમણૂક સીધી અમદાવાદમાં થઇ અને લક્ષ્મીકાન્તના નિવાસ સ્થાનના વિસ્તારની ચોકીનો ચાર્જ એણે સંભાળી લીધો. નાનપણથી જ ગમે તેવું હલકું કામ કરવામાં એને શરમ નહોતી, તેમાંય વળી હવે તો પોલીસ ખાતામાં હતો અને પી.એસ.આઇ. જેવા હોદ્દા પર હતો. પછી જોવાનું જ શું? શરાબ અને સુંદરીનો એનો શોખ તો સંતોષાતો જ. પણ હવે તેને પૈસા પણ સારા મળતા હતા. લક્ષ્મીકાન્ત સાથે એટલે તો એને મૈત્રી જામી હતી!

મિત્ર તરીકે સમીરસિંહ લક્ષ્મીકાન્તને ત્યાં આવતો ત્યારે એને એ ખબર નહોતી કે એની કૉલેજની સહાધ્યાયીની અલ્પા લક્ષ્મીકાન્તની પત્ની છે. જો કે એક દિવસ અલ્પા એને જોઇ ગયેલી અને થોડા પ્રયત્ન પછી ઓળખ શકેલી, કારણ કે એ પી.એસ.આઇ.ના ગણવેશમાં હતો. પછી એણે લક્ષ્મીકાન્તને ચેતવણી પણ આપી હતી કે એ માણસ વિશ્વાસ કરવા જેવો નથી. પણ 'વાંધો નહિ' કહી લક્ષ્મીકાન્તે એ વાત ટાળેલી. કારણ કે એના પોતાના ધંધા જ ક્યાં વિશ્વાસ કરવા જેવા હતા?

પણ એક દિવસ સમીરસિંહે અલ્પાને ત્યાં જોઇ અને લક્ષ્મીકાન્તની પત્ની છે એવો ખ્યાલ એને આવી ગયો. થોડા દિવસમાં એને એવી બાતમી મળી કે પતિ-પત્ની વચ્ચે મનમેળ નથી. એને એ વાત અનુકૂળ લાગી. કૉલેજકાળમાં જે અલ્પાને એ પોતાની ન બનાવી શક્યો એને પોતાની કરવાની ભગવાને આ એક તક આપી છે એમ એ માનવા લાગ્યો. નહિ તો



મૌલિકની પ્રેયસી આવા વ્યસની અને વ્યભિચારી લક્ષ્મીકાન્તને પ્રાપ્ત થાય, એ બે વચ્ચે મનમેળ ન હોય અને પોતે લક્ષ્મીકાન્તનો વિશ્વાસુ મિત્ર હોય, એવા બધા અનુકૂળ સંજોગો કયાંથી ભેગા થાય? તેમાં ય વળી હવે તો પોતે પી.એસ.આઇ. હતો, એટલે અલ્પા સાથે સંબંધ ગોઠવાવની ઘણી અનુકૂળતા હતી. જો કે પોતે પરણી તો ક્યારનો ય ગયો હતો. પણ અલ્પા જેવી ઉપપત્ની મળે તો વર્ષોની ઇચ્છા સંતોષાય. અલ્પાને જોઇ ત્યારથી એનો અજંપો વધી ગયો. પોતાની ખુરશીમાં બેઠો બેઠો સિગારેટના ધુમાડા કાઢતો સમીરસિંહ વિચારે ચઢયો :

'આટલાં વર્ષે ય અલ્પા હજી એવી જ સુંદર છે. અરે, કૉલેજ કાળમાં જે કળી હતી એ હવે પ્રફુલ્લિત પુષ્પ બની ગયું છે. એને મારા બાહુપાશમાં સમાવીને જ રહીશ...'

સમીરસિંહની વાત તો સાચી હતી. માનસિક પરિતાપને કારણે અલ્પાની કળા જરા ઝાંખી પડી હતી, છતાં બ્રહ્મચર્યનું તેજ એના મુખ પર વિલસતું હતું. તપશ્ચર્યાભર્યા પ્રેમમય નૈતિક જીવનને કારણે એનાં મન ને તન હજી ય એવાં જ સ્વચ્છ, સુંદર અને તેજોમય હતાં. સૌષ્ઠવભર્યું એનું દેહ લાવણ્ય, આકર્ષક મુખાકૃતિ ને સાદગીભર્યો પહેરવેશ અનોખું આકર્ષણ ઊભું કરતાં હતાં.

સમીરમાં આમેય નૈતિકતા જેવું તો પહેલેથી જ નહોતું. એમાંય વળી હવે તો પી.એસ.આઇ. થયો એટલે એના બધા દુર્ગુણ પોષાતા હતા. હવે તો એ લક્ષ્મીકાન્તનો વિશ્વાસુ મિત્ર હતો. અને પતિ-પત્ની વચ્ચેના તંગ સંબંધ વિષે એ જાણતો હતો. એટલે બધી રીતે ઘૂસવાના અનુકૂળ સંજોગો હતા. એ તો હવે એટલી નીચી કક્ષાએ વિચારતો હતો કે જો અલ્પા પ્રેમી તરીકે પોતાનો સ્વીકાર કરે તો નિઃસંતાન લક્ષ્મીકાન્તનું કાટલું કાઢી નાખી એની પત્ની ને મિલકત બેય ભોગવવાં! આ વાત એને અશક્ય નહોતી લાગતી.

પણ પછી સમીરસિંહે જાણ્યું કે અલ્પા તો હજી ય 'મૈં તો મેરે શ્યામકી'ની જેમ મૌલિકની જ રઢ લગાવીને જીવે છે, ત્યારે એને નવાઇ

લાગી. 'કહેવી પડે પ્રેમદીવાની!' એ સ્વગત બબડ્યો. પછી ખીસ્સામાંથી સિગારેટ કાઢી એને દિવાસળી ચાંપતો માથું ધુણાવી બબડ્યો : 'ઠીક છે, આ સમીરસિંહ સોરઠીયા એનોય ઉપાય કરશે. એના હાથ ઘણા લાંબા છે. એ કાં તો અલ્પાને મેળવશે. કાં એને બરબાદ...!' અને ઝીણી આંખ કરી મરકતા એ પી.એસ.આઇ. એ જોરથી સિગારેટનો દમ ભર્યો. જાણે જગત આખાને એ પી શકતો કાં ન હોય!

દુષ્ટો સદાય દુષ્ટતાથી જ વર્તે છે. પ્રેમ, દયા કે સહાનુભૂતિના એ સદાના દુશ્મન હોય છે. એ કોઇને આબાદ તો કરી શકતા નથી, પણ બીજાની બરબાદીમાં જ એમને આનંદ આવે છે. પોતાની ઈચ્છા પાર ન પડે તો એ ગમે તેવી નીચી કક્ષાએ પણ જઇ શકે છે. સમીરસિંહ જીવતી જાગતી દુષ્ટતા હતો. એ રાહુ હજીય ચંદ્ર જેવી શુદ્ધ અને શીતળ અલ્પાની પાછળ પડ્યો હતો. એ એને ગ્રસીને જ રહેશે કે શું?

✦ ✦ ✦ ✦ ✦

અનુક્રમ

## ૨૨ : પુનર્મિલન

મૌલિક બી.એ. થયો એ જ વર્ષે એની માતાનું મુંબઇ અવસાન થયું હતું. એ વેકેશન દરમિયાન માતાની માંદગીના સમયે એ મુંબઇ હતો ત્યારે ય એનું મન તો અલ્પામાં જ હતું. અને એણે 'વહેલા આવવાનો' અલ્પાને કૉલ દીધો હતો. પણ માતાની માંદગીને કારણે એ જલદી જઇ ન શક્યો. એ દરમિયાન અમદાવાદમાં અલ્પા કુટુંબની દશા કફોડી થઇ ગઇ. રામદાસ શેઠ શેર બજારમાં તૂટી ગયા, એ આઘાતમાં અલ્પાની માતા ગુજરી ગયાં, માંગનારાઓનો ઘસારો, પત્નીનો સ્વર્ગવાસ અને આબરૂને પહોંચેલા ધક્કાથી રામદાસ શેઠની નરમ તબિયત વધુ નરમ બની અને એમાં ય ભગવાનદાસ શેઠે રમત રમી રામદાસ પર કરેલ ફોજદારી કેસ, ધરપકડનું વૉરન્ટ અને એના દબાણ નીચે અલ્પા પાસે પોતાના પુત્ર લક્ષ્મીકાન્ત સાથે પરણવાનું વચન લેવું તથા અંતે બહુ જલદી થયેલ એ લગ્ન, લગ્ન પૂર્વેની અલ્પાની માત્ર દુન્યવી નજરે લક્ષ્મીકાન્તની પત્ની રહેવાની આકરી શરત અને એ પ્રમાણે પોતાના પ્રિયતમ મૌલિકની સતત આરાધના અને છેલ્લે રામદાસશેઠનું અવસાન જેવા ઘણા ઝડપી દુ:ખદ બનાવોની હારમાળા સર્જાઇ ગઇ હતી. ફરજિયાત લગ્ન કરવું જ પડે એવી પોતાની દશા અલ્પાએ મૌલિકને પત્ર લખી વર્ણવી હતી. મૌલિકને એથી ઘણો આઘાત થયો હતો પણ પત્ર મળ્યો ત્યારે તે અલ્પાનાં લગ્ન પણ થઇ ગયાં હતાં!

એટલે પછી એલ.એલ.બી. થવા માટે અમદાવાદ જવામાં મૌલિકને કશો રસ રહ્યો નહિ. માતા વિનાનું ઘર અને અલ્પાના સાથ વિનાનું અમદાવાદ શહેર એને ખાવા ધાશે એમ એ જાણતો હતો. વળી ભાઇ-ભાભીએ પણ એને મુંબઇ રહી ભણવાનો જ આગ્રહ કર્યો. એટલે મૌલિક

પછી મુંબઈ જ રહ્યો. પણ એ વેળા શરૂમાં એ અમદાવાદ ઘર ખાલી કરી સામાન લેવા એકવાર ગયો હતો. ત્યારે સ્વાભાવિક રીતે જ રામદાસ શેઠની હવેલીએ એણે આંટો માર્યો હતો. પણ એ બંધ હતી. મૌલિકને ત્યારે થયું હતું કે 'અલ્પાએ જાણે એનાં હૃદયનાં દ્વાર પોતાને માટે બંધ કરી દીધાં છે.' લૉ ગાર્ડનના ફુવારા પાસે જઈ એ જૂનાં સ્મરણો તાજાં કરી આવ્યો હતો. ને એકલો એકલો આંસુ સારી આવ્યો હતો. સામાન બાંધવામાં મદદ કરવા એનો સહાધ્યાયી ને પડોશી છતાં અલ્પાને પામવા મથતો હોવાને કારણે દિલથી એનો વિરોધી સમીર આવ્યો હતો. મૌલિકે મનથી એનો આભાર માન્યો હતો, પણ એને શી ખબર કે ઉસ્તાદ સમીર બદલો લીધા વિના કશું ય કરતો નથી? સામાન બાંધતાં બાંધતાં અલ્પાનો મૌલિક પર લખેલો એક પત્ર અને અલ્પા-મૌલિકના ભેગા ફોટાની નાની એક કોપી સમીરના હાથમાં આવ્યાં જે એણે મૌલિકની જાણ બહાર પોતાના ગજવામાં મકી દીધાં હતાં - 'ક્યારેક કામ લાગશે.' એવા એના ભાવિ પોલીસના ભેદી માનસને કારણે. એ બંને ચીજ હજીય એણે પોતાની પાસે સંગ્રહી રાખી હતી. સમય પાણીના રેલાની જેમ સરી ગયો અને બીજાં બે વર્ષમાં મૌલિક એલ.એલ.બી. થઈ પછી એડવોકેટ થયો અને એક જાણીતા વકીલને ત્યાં થોડો વખત એણે કામ કર્યું. પોતાની બુદ્ધિ પ્રતિભા, કાયદાનો ચીવટપૂર્વકનો અભ્યાસ, સારું કામ અને નામ કરવાની ધગશ અને ખંતને કારણે બહુ જ થોડા વખતમાં મૌલિક ક્રિમીનલ સાઈડનો ઘણો જ સારો વકીલ બની ગયો. પછી પોતાની સ્વતંત્ર પ્રેક્ટીસ કરવા માટે એણે અમદાવાદ પર પસંદગી ઉતારી. જો કે મુંબઈમાં એને સારી તક હતી જ. પોતાની હોંશિયારી અને ભાઈના સારા સંબંધોને કારણે એ ત્યાં પણ સારી રીતે સ્થિર થઈ જાત, પણ અમદાવાદ એની કર્મભૂમિ હતી. માતા સાથે ઘણાં વર્ષ એ ત્યાં રહ્યો હતો. વળી જેના વિરહનો આઘાત ઉપરથી હવે ઓછો લાગવા છતાં હૃદયમાં ઊતરી ગયો હતો અને જેની સ્મૃતિ હજી ય પોતાના સ્મરણપટ પર એવી જ તાજી હતી એવી એની અલ્પા અમદાવાદમાં જ ક્યાંક વસતી હતી, એટલે ય અમદાવાદનું એને



આકર્ષણ હતું. એટલે ભાઈ-ભાભીના મુંબઈ રહેવાના આગ્રહ છતાં મૌલિકે મુંબઈ છોડી અમદાવાદ જવાનું અને ત્યાં જ પ્રેક્ટીસ કરવાનું નક્કી કર્યું અને ગયો. દરમિયાન ઘણી સારી સારી કન્યાઓનાં એને માટે માગાં આવ્યા હતાં. પણ મૌલિકની હઠને કારણે બધાંને જ ના પાડવી પડી હતી. ભાઈ અને વિશેષ તો ભાભીએ એને હવે પરણી જવા માટે ઘણું સમજાવ્યો હતો. ભાભીએ તો કહ્યું હતું :

'મૌલિકભાઈ, અલ્પા બીજા સાથે લગ્ન કરી અમનથી રહી શકે તો તમે શા માટે લગ્ન ન કરી શકો?'

'ભાભી,' ભાભી પ્રત્ય માનની ભાવના સાથે મૌલિક કહેતો : 'અલ્પાએ લગ્ન કર્યાં નથી, એને લગ્ન કરવાં પડ્યાં છે. અને એ અમનથી રહેતી હોય એ વાત હું કદી માનું નહિ. હું એને સારી રીતે ઓળખું છું.'

'એ જે થયું તે ખરું, પણ હવે તમે કુંવારા રહીને ય શું કરશો? હવે એ થોડી તમને પરણી શકવાની છે બિચારી?' ભાભીએ કહ્યું હતું.

'ભાભી, કશો પણ અંતિમ નિર્ણય કરતાં પહેલાં હું એને એક વાર જરૂર મળીશ. જો કે પરણવું એ મારા માટે અનિવાર્ય નથી. છતાં પછી જોઈશું.' કહી મૌલિકે ત્યારે એ વાત પૂરી કરી હતી.

મૌલિક અમદાવાદ રહેવા ગયો ત્યારે એના દિલમાં ઊંડે ઊંડે શ્રદ્ધા હતી કે અલ્પા કદી કોઈ બીજાની બની શકે નહિ. એ એની હતી, છે, અને રહેશે. 'જેણે મેળવ્યાં હતાં એણે જ વિખૂટાં પાડ્યાં છે, તો હવે ફરીથી મેળવશે પણ એ જ' એવો એને દ્રઢ વિશ્વાસ હતો. વળી એને મળવાનો કે મેળવવાનો પ્રયત્ન કરતાં કદાચ અલ્પા જ પોતાના પ્રેમનું મૂલ્ય ઓછું આંકે એવો ય ડર એને હતો. પણ સૌથી મોટો ડર તો એ હતો કે કદાચ એમ કરતાં અલ્પાના સુખી સંસારમાં હોળી પ્રગટે, કદાચ એનો પતિ એને જુદી રીતે જુએ. અને વહેમનું તો ઓસડ શું?

અમદાવાદ ફરી વસવા ગયો ત્યારે શરૂમાં શાહીબાગ વિસ્તારમાં એણે ફ્લેટ ભાડે લીધો અને રસોયો તથા નોકર રાખી ગૃહસ્થાશ્રમી જમાવી. ફોજદારી સાઇડમાં વકીલાત શરૂ કરી. ત્યારે શરૂમાં પંદર દિવસ ભાઇ-ભાભી એની સાથે રહ્યાં હતાં. ઘરની બધી જરૂરી ગોઠવણ કરી ભાભી ગયાં હતાં. જતાં જતાં એમણે કહ્યું હતું :

'કશું દુઃખ ન વેઠશો મૌલિકભાઇ, અને જરૂર હોય ત્યારે તરત જ કોલ કરી દેજો. હું તરત આવી જઇશ.'

'ભલે ભાભી ભલે,' હસતો મૌલિક બોલ્યો : 'હવે હું કાંઇ નાનો બાળક નથી જે તમે આટલી બધી ચિંતા કરો છો.'

'પુરુષ પરણે નહિ ત્યાં સુધી બાળક જ' હસતાં હસતાં ભાભીએ કહ્યું હતું : 'મોટા થયા હો તો પરણી જાવ હવે.'

'ભાભી, એમ હોય તો હું નાનો જ સારો, જેથી તમારાં જેવાં ભાભી ચિંતા તો કરે મારી.' સ્નેહથી મૌલિકે કહ્યું હતું : 'પરણીને પીડા વહોરવાની જરૂર પણ શી છે ભાભી !'

'તો તમારા ભાઇએ મને પરણીને પીડા વહોરી છે એમ ને મૌલિકભાઇ ?'

'ભાઇ એમાં અપવાદરૂપ લાગે છે ભાભી, છતાં એમની વાત તો એ જાણે, પણ મારા માટે તો.... ભાઇએ પ્રેમભીની ભાભી વહોરી છે હોં.' મૌલિકે અહોભાવથી પોતાના દિલની વાત કહી હતી.

આવી પ્રેમભીની ભાભીને સ્ટેશનેથી મુંબઇ જવા વિદાય આપી ત્યારે સૂના પ્લેટફોર્મ પર ઊભેલો મૌલિક ધીમેથી બોલ્યો હતો : 'ભાભી હો તો આવી હજો, મોંના સાટાં ભાંગે એવી છે....! '

અને ભાભીને વળાવીને ઘેર આવ્યો ત્યારે ઘર એને કેવું સુનું સુનું લાગતું હતું! પણ ધીરે ધીરે મૌલિક એકલો રહેવાથી ટેવાઇ ગયો હતો અને પછી તો એને વકીલાતનું કામ પણ એવું પહોંચતું ને મોડા સુધી બ્રિફો જોયા પછી એ એવો થાકી જતો કે સુતામાં જ ઊંઘ આવી જતી. સદભાગ્યે વૃદ્ધ



નોકર માધવ એને એવો વફાદાર હતો કે માલિકને કશી તકલીફ ન પડે એની એ પોતે તો કાળજી રાખતો જ, પણ એમને ક્યારે ચા, દૂધ કે નાસ્તો જોઇશે અને ક્યારે કેટલું, કેવું જોઇશે એ બધી કાળજી રાખી રસોયા પાસે પણ એ રીતે એ બધું તૈયાર કરાવતો. એટલે મૌલિકને હવે ઘરની કશી ચિંતા નહોતી.

જોતજોતામાં તો મૌલિકની પ્રતિષ્ઠા બંધાઇ ગઇ. શહેરના ક્રિમીનલ સાઇડના સારા વકીલોમાં એની ગણના થવા લાગી. સદભાગ્યે શરૂમાં જ એને ચકચાર જગાવેલ બે-ત્રણ ખૂની કેસ મળી ગયાં અને એમાં એ સફળ થયો, એટલે તો એના પાસા પોબાર પડી ગયા! 'ખૂન કરીને ય નિર્દોષ છૂટવું હોય તો મૌલિક મહેતાને વકીલ તરીકે રોકો' એવી વાતો લોકો કરતાં થઇ ગયાં ! યશ, માન અને પ્રતિષ્ઠાભર્યા જીવનનો પ્રારંભ થયો. બહુ જલદી એણે એ જ વિસ્તારમાં પોતાનો બંગલો ખરીદી લીધો અને કાર પણ લઇ લીધી. અને ત્યારે થોડા વર્ષો પહેલાનો અમદાવાદનો એક અલ્લડ કોલેજીયન આજે અમદાવાદનો એક આગેવાન એડવોકેટ બની ગયો !

અલ્પાએ એકવાર વર્તમાન પત્રમાં એક સનસનાટીભર્યા કેસના સમાચારમાં વાંચ્યું : 'બચાવ પક્ષના યુવાન ધારાશસ્ત્રી શ્રી મૌલિક મહેતાએ જોરદાર અને ધારદાર દલીલો કરતાં જણાવ્યું કે...'

'મૌલિક મહેતા...! યુવાન ધારાશાસ્ત્રી...!' અલ્પાની આંખો આતુરતાથી પહોળી થઇ. એ સહેજ વિચારી રહી અને પછી સ્વગત બોલી : 'હા એ જ આ યુવાન ધારાશાસ્ત્રી મૌલિક મહેતા. એ જ મારા મનમંદિરનો માલિક મૌલિક... વાહ, એ અહીં છે ! તો મને મળવા પણ ન આવ્યો ?...કેવી રીતે આવે?હવે તો મને ભૂલી ગયો હશે...ભૂલી જ જાયને ? હવે તો પરણી પણ ગયો હશે...પરણી જ જાય ને ? : મેં એના માટે કશો ઉપાય જ ક્યાં રાખ્યો હતો. સીધા મારા પરણી ગયાના સમાચાર જ આપ્યા હતા ને એને? પછી એ બીજું કરે પણ શું ?...પણ મને એ ભૂલ્યો હશે તો ય એ મારો જ છે...એ પરણ્યો હશે તો ય એ મારો છે. મૌલિક મારો હતો, છે અને રહેશે. એના પર પહેલો હક્ક મારો જ છે. એના વિના હું દિવસ રાત તડપી છું અને તડપું છું. એના વિનાની એક એક ઘડી મને દિવસ જેવી, એક એક દિવસ

માસ જેવો અને એક એક માસ વર્ષ જેવાં લાંબાં લાગ્યાં છે... એ પરણ્યો હોય તોય ભલે પરણ્યો, મને એમાં જ આનંદ છે. અને હું ક્યાં એને કોઈની પાસેથી ઝૂંટવી લેવા માગું છું ? પારકી ચીજને ઝુંટવવી પડે. પોતાની ચીજ કાંઈ ઝુંટવવી થોડી જ પડે છે ? મારો મૌલિક તો મારા હૃદયમાં સમાઈ ગયો છે, એને ત્યાંથી કોઈ લઈ જઈ શકવાનું નથી...તું મારો જ છે મૌલિક, મારો જ છે તું...હવે તો તને મળવા, કમસે કમ દૂરથી તારાં દર્શન કરવા દિલ અધિરું બન્યું છે, ક્યારે મળીશ મૌલિક મારા ?...'

બાઈ અન્નપુર્ણા ત્યારે ચા લઈને ન આવી હોત તો કોણ જાણે અલ્પાની સ્વગતોક્તિ કેટલીય ચાલત.

મૌલિક પણ અમદાવાદમાં આવ્યો ત્યારથી અલ્પાને મળવા ઝંખતો હતો. પણ શોધીને, સામે ચાલીને એને જવું ન હતું. અલ્પા ક્યાંક મળી જાય અને બોલે તો મળવું, બોલાવે તો જવું એવો એનો ઘણાં ઉચિત કારણોસર કરેલો નિર્ણય હતો. એને થતું 'અલ્પા કેટલી નજીક, છતાં કેટલી દૂર !' ક્યારેક સાબરમતીને કાંઠે જઈ એ ઊભો રહેતો ને કહેતો : 'સાબર, તારી સામે અમે કેવી પ્રતિજ્ઞા કરી હતી એ યાદ છે ને ? મને યાદ છે, તને ય યાદ હશે સાબર, પણ અલ્પા એ ભૂલી ગઈ હશે?...અહીં જ, તારી રૂબરૂ એણે મારું ઘર-રેતીમાંથી બનાવેલું ઘર-ગમ્મતમાં તોડી નાખ્યું હતું. ત્યારે નિરાશ થઈ ગયેલી અલ્પાને ખુશ કરવા મેં કહ્યું હતું : મારું ઘર તૂટી ગયું, પણ તારું ઘર તો છે ને અલ્પા ? હું એમાં રહેવા આવી જઈશ,' ત્યારે 'સાચે જ ?' પુછતી અલ્પા કેવી ખુશ થઈ ગઈ હતી. સાબર ! મેં ત્યારે અલ્પાને પૂછ્યું હતું : 'અલ્પા, આ એક જ નદીના બે કિનારા મળવા માટે કેવા મજબૂર છે ! શું એક જ જીવનના બે પાસા જેવાં આપણે પણ આમ મિલન માટે મજબુર તો નહી બનીએ ને?' અને ત્યારે અલ્પાએ પેલો એલિસબ્રિજ બતાવતાં કહેલું : 'આ સેતુ બે કિનારાને એક રખે છે ને મૌલિક ?આપણા બે વચ્ચે પણ સ્નેહનો આવો સેતુ છે જ ને ?'...ખરેખર સાબર, આજે એ સાચું પડ્યું, અમે બંને એકબીજાને મળવા માટે કેવાં મજબૂર છીએ ! માત્ર સ્નેહનો-સેતુ જ...' અને મૌલિકની આંખમાં ત્યારે આંસુ આવી ગયાં હતાં !



આમ કોઈને ય ખબર ન હોય એ રીતે, અરે, એકબીજાની ય જાણ બહાર આ બંન્ને પ્રેમીઓ એકલાં એકલાં આવો વિલાપ-પ્રલાપ કરતાં હતાં. કદાચ પ્રેમનો એ જ ખોરાક હશે !

મૌલિકે વકીલાત શરૂ કર્યા પછી એનો જૂનો સહાધ્યાયી અને પડોશી સમીર ક્યારેક કોર્ટમાં મળતો. હવે તો એ પોલીસ સબ ઈન્સ્પેક્ટર હતો. એટલે ઘણા કેસમાં એને સાક્ષી તરીકે આવવું પડતું. અને ક્યારેક વકીલ મૌલિક પોતાના અસીલ વતી એની ઉલટ તપાસ લે એમ પણ બનતું. બંને પ્રથમ વાર મળેલા ત્યારે બંનેને આનંદ થયેલો અને જુનાં સ્મરણો એમણે તાજાં કરેલાં. જો કે હવે બંને 'તું તા' ભૂલી એકબીજાને વિવેકથી બોલાવતા. દરમિયાન પી.એસ.આઈ. સમીરસિંહ અલ્પાના પતિ લક્ષ્મીકાન્તનો દાણચોરીનો ભાગીદાર મિત્ર પણ બની ગયો હતો એટલે અલ્પા લક્ષ્મીકાન્ત સાથે પરણી હતી એ વાત એ જાણતો થઈ ગયો હતો. અને પછી તો હજી ય કોઈ પણ રીતે લક્ષ્મીકાન્તનું કાટલું કાઢી નાખીને ય અલ્પાને પોતાની કરવાની એની મલિન ઈચ્છાને પૂરી કરવા એ કૃતનિશ્ચયી હતો. અલ્પા પ્રત્યેનું જૂનું આકર્ષણ અને એના દ્વારા પોતે પામેલાં અપમાન બંને હજી એના મનમાં હતાં, એટલે એ એવા કોઈ દાવમાં જ હતો. ત્યાં વળી મૌલિક એને કોર્ટમાં વકીલ તરીકે મળતો થયો. કોણ જાણે કેમ પણ કુદરત કેટલાંકના મનમાં કોઈને માટે અમુક પૂર્વગ્રહો જ પેદા કરે છે ! સમીરને મૌલિક જેવા માણસ માટેય સારો ભાવ નહોતો. સાથે ભણતા હતા ત્યારથી જ ખાસ તો અલ્પા મૌલિકને ચાહતી હતી એ કારણે—એ એનો વિરોધી હતો. એ વિરોધી-ગાંઠ મનમાંથી હજી આજે ય ઓગળી નહોતી. મૌલિકનાં ધન-માલ વધેલાં જોઈને તો સમીરની ઈર્ષા ઊલટી જલદ બની હતી ! એટલે ઘાટ બેસે તો મૌલિકને ય કશામાં ફસાવી પાડતાં એ પાછો પડે એમ નહોતો. વળી કાવાદાવા અને છળકપટમાં નિષ્ણાત સમીર જ્યારે ખેલે ત્યારે એક કાંકરે ઓછામાં ઓછાં બે કે ત્રણ પંખી મારવાનો જ દાવ ખેલે ! આવા જ એક દાવની ગોઠવણ કરતાં એ એક દિવસ બપોરે કોર્ટમાંથી રીસેસના સમયે આગ્રહ કરીને મૌલિકને હોટલમાં ચા પીવા લઈ ગયો. થોડી આડી અવડી વાતો કર્યા પછી ચાનો ઘૂંટડો ભરતાં ભરતાં એણે પૂછ્યું :

'મૌલિકભાઇ, અલ્પા યાદ નથી આવતી?'

'અ...લ્પા?' હોઠોમાં જ બોલતા મૌલિકનો ચાનો કપ ઘડી વાર માટે એના હાથમાં જ રહી ગયો. ચતુર સમીરસિંહ પામી ગયો કે અલ્પા માટેની પ્યાસ આ એડવોકેટના મનમાં છે ખરી! 'તો તો પાસા પોબાર' વિચારી મૌલિકને વધુ પ્રોત્સાહિત કરવા એણે કહ્યું :

'હા હા અલ્પા, આપણી-સાથે ભણતી હતી તે. હં, તમને કાંઇ થોડું જ યાદ દેવડાવું પડે એના વિષે?'

'વીતી વાતોને યાદ કરે શું ફાયદો સમીરસિંહ?' નિઃશ્વાસ નાખી મૌલિક બોલ્યો.

'મૌલિકભાઇ,' જાળ ફેલાવતાં સમીરે કહ્યું : 'અલ્પા અહીં જ છે... બીજાને પરણી છે એટલું જ, બાકી બિચારી ભજન તો તમારું જ કરે છે, કહો તો મુલાકાત ગોઠવી દઉં.'

મૌલિકે તરત પોતાની જાતને સંભાળી લીધી. એ હોંશિયાર વકીલ હતો, સમીરનો ભૂતકાળ એ જાણતો હતો. અને વળી હવે તો એ પોલીસ ખાતામાં હતો એટલે સુધરવા કરતાં બગડ્યો વધુ હશે એનો ય એને ખ્યાલ આવ્યો, એટલે એની વાતોમાં ન આવી જવું જોઇએ એમ એ તરત સમજી ગયો. વળી ગમે તેમ તો ય અલ્પા એક પરિણીત સ્ત્રી હતી. એના વિષે કોઇની સાથે વાત કરવી એ ઠીક નહિ. એમ પણ એ સમજતો હતો, એટલે પોતાના મોભાને છાજે એ રીતે તે બોલ્યો :

'ના, ના, કોઇ પરણેલી સ્ત્રીના સંસારમાં હું પડવા માગતો નથી સમીરસિંહ, ભૂતકાળ હું ભૂલી ગયો છું.'

'તો તમારી મરજી,' સમીરસિંહે પોતાને જાણે કાંઇ લેવાદેવા ન હોય એ રીતે કહ્યું : 'બાકી એનો પતિ મારો મિત્ર છે અને મોટો દાણચોર છે.' મૌલિકને બાળવા સમીરે કહ્યું.



પણ મૌલિક જરા ગુસ્સામાં આવી બોલી ઊઠ્યા : **'How am I cencerned with all these things samir?'** (આ બધી વાતો સાથે મારે શી લેવાદેવા સમીર?) અને ઊભા થતાં ઉમેર્યું : **'Let's go'** (આપણે હવે જઇએ.)

'ઓહ યસ, કમ ઓન.' કહી સમીર પણ ઊભો થઇ હાથમાં સ્ટીક હલાવતો આગળ થયો અને મૌલિકના ઘણા આગ્રહ છતાં બિલ એણે ચૂકવ્યું.

છૂટા પડીને મૌલિક કોર્ટમાં ગયો. અને સમીર બસમાં બેસવા સ્ટેન્ડ પર ગયો. ત્યાં ઊભો ઊભો એ વિચારતો હતો :

'મારો બેટો પ્રેમમાં ય વકીલાત કરે છે! જેને હજી ય ચાહે છે એને ભૂલી ગયો હોવાનો ડોળ કરે છે. પણ એને ય ખબર નથી કે હું ય પોલીસ ખાતાનો માણસ છું. હવે, આગે આગે ગોરખ જાગે.'

આ બંનેની મુલાકાન ગોઠવવામાં સમીરની ગણતરી અલ્પા અને મૌલિક બંનેની બદનામી કરવાની અને લક્ષ્મીકાન્તના મનમાંથી અલ્પાને નીચી પાડવાની હતી. વળી લક્ષ્મીકાન્ત અને અલ્પાના શાંત સંસારમાં અશાંતિ ઊભી થાય તો જ પોતે કાંઇક એમાં ઘૂસીને અલ્પાને ઉપકારવશ કરી શકે અથવા એમ ન થાય તો અલ્પા પરની જૂની દાઝ હોલવી શકે. વળી આવું કાંઇક કરતાં જ લક્ષ્મીકાન્તનું કાટલું કાઢી નાખી દાણચોરીના ધંધાનો બધો જ નફો હડપ કરી જવાય અને બને તો ગુન્હો મૌલિક કે અલ્પાને માથે ઓઢાડી શકાય!

આવા આવા અનેક સાચા-ખોટા તર્ક સમીર કરતો હતો ત્યાં જ સામેથી બસ આવતી જોતાં એણે સિગારેટનો જોરથી દમ મારીને ફેંકી દીધી ને ધૂમાડાના ગોટા કાઢતો ઝીણી આંખ કરી ધીરેથી બોલ્યો : 'દેખા જાયેગા, સમીરસિંહકી જેબમેં બહુત પત્તે હૈં!'

પણ અલ્પા હવે મૌલિકને મળવા અધીરી બની હતી. આપોઆપ ક્યાંક મળી જવાય એવા ગ્રહ સીધા હોત તો એ વિયોગ જ શાને કરાવત? માટે હવે પ્રયત્નપૂર્વક મળવા ગયે જ છૂટકો. માટે અલ્પાએ નક્કી કર્યું : 'હવે જ્યારે મૌલિક જેમાં વકીલ હોય એવો કોઇ કેસ ચાલતો હોય ત્યો કોર્ટમાં જ

જવું. ચકચારભર્યા કેસોમાં તો વકીલોનાં નામ અને એમની દલીલો સાથેની વિગત આવે છે અને દિવસો સુધી એવા કેસો ચાલે છે. એટલે મૌલિકની દલીલો ચાલતી હશે ત્યારે ખબર તો પડશે જ. ત્યારે એક દિવસ જઇશ. એવા કેસ સાંભળવા તો ઘણા લોકો જાય છે. હું ય જઇશ. એને મળું નહિ. એની નજરે ય નહિ પડું. છાનીમાની એક ખૂણામાં બેસી રહીશ અને એનાં દર્શન કરીશ. બસ એ જ મારી ધન્યતા હશે. એથી વિશેષ મારો અધિકાર પણ શો? દેવ તો દૂરથી જ દર્શન દે ને? અરે, ભગવાનનાં દર્શન દૂરથી થાય તો ય ભક્તનાં ધન્યભાગ્ય...!'

પણ અલ્પાને એ ખબર નહિ હોય કે પ્રેમ સાચો હોય તો ભગવાન ભક્તની પાસે જાતે જ આવે છે! મીરાંની પાસે એનો શ્યામ નહોતો આવ્યો? અલ્પાને એવી ખબર ન હોય એમ તો કેમ બને? પણ ભક્ત પોતાના ભગવાનને પોતાની પાસે ન બોલાવે, પોતે જ ભગવાન પાસે જાય એવી એનામાં નમ્રતા હોય છે. ભગવાન સાચા પ્રેમને ઓળખે છે. અને એવો પ્રેમ હોય તો એ જાતે જ ભક્ત પાસે પહોંચી પણ જાય છે.

અહીં પણ એવું જ બન્યું. અલ્પા કોર્ટમાં જઇ એના દેવનાં દર્શન કરે એ પહેલાં એનો દેવ જ એને આકસ્મિક રીતે મળી ગયો!

એક દિવસ સંધ્યા સમયે માણેકચોકના ભરચક વિસ્તારમાં એક ફેશનેબલ યુવક અત્તરવાલાની દુકાને ઊભો રહી જુદી જુદી જાતનાં અત્તરો જોઇ પસંદગી કરવામાં પ્રવૃત્ત હતો ત્યાં જ એની બાજુમાં કોયલ ટહુકી :

'સારું અત્તર હોય તો બતાવોને!'

અને ત્યારે પેલો યુવક ચમક્યો. કોનો અવાજ! સ્ત્રીનો તો ખરો સ્તો. પણ કઇ સ્ત્રીનો? કોઇ પરિચિત ધ્વનિ હતો એ તો... ભૂતકાળમાં ખેંચી જાય એવો મધુર રણકો હતો એમાં તો. આકસ્મિક રીતે જ પોતાની બાજુમાં આવીને ઊભી રહેલી, ચોકલેટ રંગની વુલી સાડીમાં સજ્જ, હાથમાં પર્સ રાખી, આંખથી ગોગલ્સ ઉતારી ટહુકેલી ઊંચી પાતળી એ આકર્ષક યુવતી તરફ સ્વાભાવિક રીતે જ મૌલિકે સજ્જનને શોભે એવી મર્યાદાભરી નજર નાખી. અને ત્યારે પાસો ઊભેલા કોટ પેન્ટમાં સજ્જ એ યુવાન તરફ



માનવસહજ વૃત્તિથી પેલી યુવતીએ ય એક અછડતી નજર નાખી. અને ક્ષણભર બંને નજરો એક થઇ. પણ ક્ષણભરના એ નજર-મિલને તો ચમત્કાર સર્જ્યો. એ મિલનથી બંને જણ આશ્ચર્ય, આનંદ, ઉત્તેજના અને વેદનાના વિવિધ ભાવો એકી સાથે અનુભવી રહ્યાં. અને એક સાથે ધીમાં પણ હૃદય વલોવી નાખે એવા વેદનાસભર સંબોધન સરી પડ્યાં :

'અ...લ્પા!'!

'મૌ...લિ...ક!'

બંને હૃદયમાં લાગણીનો સાગર ઉમટ્યો. પણ ગમે એટલી ઉત્કટતા છતાં સાગર પોતાની મર્યાદા ઓળંગતો નથી. વર્ષોના વિરહ પછી મળેલાં આ એક દિલના બે ટુકડા જેવાં યુવાન પ્રેમીઓએ પણ મર્યાદા સાચવી. હૃદયનાં વેદના અને લાગણી પ્રગટ કરવાનાં એ સ્થળ અને સમય નહોતાં, એટલે 'રાતરાણી'ની શીશી પર્સમાં મૂકી, થોડે દૂર ઊભેલા પતિ તરફ સાવધાની ભરી નજર નાખતી અલ્પાએ ધીરેથી કહ્યું : 'કાલે આ જ સમયે લૉ ગાર્ડનના ફૂવારા પાસે મળીશ!' અને જવાબની રાહ જોયા વિના એ ગઇ અને પાણીના રેલાની જેમ જનપ્રવાહમાં ભળી ગઇ! સ્તબ્ધ બની ઊભેલા મૌલિકને ત્યારે અત્તરવાલા ચાચાએ સ્વસ્થ કરતાં 'અત્તરની જેમ કેટલીક વ્યક્તિઓ જીવનમાં આવે છે અને અદૃશ્ય થાય છે. પણ સુવાસ પાછળ મુકતી જાય છે સાહેબ, એ સુવાસને જ શ્વાસમાં સંઘરીને જીવવું જોઇએ.' એવા ભાવાર્થનું આશ્વાસન આપ્યું.

પછી 'ખરી વાત છે' કહી મૌલિક ઘેર તો ગયો પણ શાંતિ કે સ્વસ્થતા ક્યાંથી હોય? હવે નજર આગળથી અલ્પા થોડી જ ખસે? એના જ વિચારો! રસોયો થાળી પીરસી લાવ્યો. મૌલિકની જ સૂચનાથી બનાવેલાં રસ-રોટલીમાં એને ત્યારે રસ ન પડ્યો! થોડું ખાઇને ઊભો થઇ ગયો... વૃદ્ધ નોકર માધવને આશ્ચર્ય થયું કે 'સાહેબ આજે બ્રીફો જોયા વિના રોજ કરતાં ઘણા વહેલા સૂઇ ગયા. કોઇ આવે તો સાવારે મળેની સૂચના સાથે.' સાહેબ સૂઇ જતાં માધવ પણ નીચે બાંકડા પર સૂતો ને પોતાનું નિતનું ભજન ગણગણવા લાગ્યો :

'મીરા કહે પ્રભુ કબ રે મિલોગે...'

પણ માધવને શી ખબર કે આજે એના સાહેબને 'નીંદડી વેરણ' થઇ છે અને એના ભજનમાં એમને પોતાની મીરાંની વિરહ વેદના સંભળાય છે?

અલ્પાના વિચારોમાં ખોવાઇ ગયેલા સાહેબ ક્યારના ય પલંગમાં પાસાં ઘસી રહ્યા છે એવો ખ્યાલ માધવને ક્યાંથી હોય? એટલે એણે તો પોતાને ઊંઘ આવતા સુધી રોજ કરતો હતો તેમ મીરાંનું બીજું ભજન ઉપાડ્યું :

'મને લાગી કટારી પ્રેમની...'

આ ભજને વળી મૌલિકની નજર સમક્ષ અલ્પા સાથેનું પ્રથમ મિલન પ્રત્યક્ષ કર્યું એન પ્રેમની કટારીના ઘા તાજા કર્યા. અને પછી તો કેટલી બધી સ્મૃતિઓ સળવળી ઊઠી! અલ્પા સાથેનું પ્રથમ મિલન... આકર્ષણ...પ્રેમ...સાથે હરવું...! ફરવું... સાબરમતીની સાખે સ્નેહભરી વાતો કરવી... લગ્નનું નક્કી થવું અને પછી પોતાનું થોડા દિવસ માટે મુંબઇ જવું... કાયમનો વિરહ... અલ્પાનાં અન્ય સ્થળે લગ્ન... અને આજે આ આકસ્મિક મિલન! કેવી ઘટમાળ!

આ ઘટમાળને વિચારતાં, ક્યારેક જાગતાં, ક્યારેક ઊંઘમાં અનેક વિચિત્ર સ્વપ્નો જોતાં રાત્રિ પૂરી થઇ. સવારે થોડી બ્રીફો જોઇ ને કાયદાનાં થોથાં ગોડવ્યાં. પણ કામમાં આજે દિલ ક્યાં હતું? કોર્ટમાં ય એક-બે અગત્યના કેસોનું કામ પતાવી બીજાં કામોની તારીખ માગી લીધી અને રોજના કરતાં વહેલો ઘેર પહોંચ્યો. 'આજે સાંજે અલ્પાએ મળવા બોલાવ્યો છે તો એ શું કહેશે, કેમ બોલાવ્યો હશે..? માફી માગવા?... કે પોતાને અપ્રિય લગ્ન-બંધનમાંથી મુક્તિ અપાવી પોતાને ફરીથી અપનાવી લેવાની વિનંતી કરવા?... પોતાનું દુઃખ-દર્દ કહેવા?.... કે માત્ર ખાલી મળીને મન હળવું કરવા?...' આવા અનેક વિચારોમાં અટવાતો મૌલિક આતુર અને કાંઇક ઊચાટભર્યા મને સાંજના ઇન્તજારમાં હતો. આજે કાંઇક નવું બનવાનું હતું, સારું કે ખોટું એ



તો ભગવાન જાણે, પણ ઉપરથી માંડ શાંત થયેલા જીવન-સાગરમાં ફરીથી વમળો શરૂ થવાની આગાહી તો મૌલિક કરી શકતો હતો! જે થાય તે, પણ અલ્પાને-અચાનક-વિખૂટી પડેલી પોતાની અલ્પાને-વર્ષો પછી મળવાનો આનંદ મૌલિક માટે અલૌકિક હતો.

અલ્પાએ કહેલા સમય કરતાં ય પંદર મિનિટ વહેલો મૌલિક ગાડી લઇને લૉ ગાર્ડન પહોંચી ગયો. ગાડી બહાર પાર્ક કરી ફુવારા પાસે એ આંટા મારી રહ્યો. પ્રેયસીના ઇન્તજારમાં આંટા મરવામાં ય અદ્‌ભુત આનંદ હોય છે. 'આ આવે છે તે હશે... ના, એ નહિ...પેલી? ના, ના, એની ચાલ એવી ક્યાં છે?... પેલી લાલ સાડી...? ના રે ના... આ બાજુ... એ તો કોઇ પુરુષ સાથે છે... કેટલા વાગ્યા?... ઘડિયાળે ય ખરું છે! હજી સાતમાં બે મિનિટ કમ બતાવે છે.. શું બે મિનિટમાં આવી પહોંચશે? ગઇકાલે મળ્યાં ત્યારે લગભગ આ જ સમય હતો... અરે, લીલી સાડીમાં સજ્જ, ધીરે પગલે, અધીર મને પેલું કોણ આવે છે સામેથી? એ...જ. એ જ મારી અલ્પા! બરાબર સમય સર આવી. પહેલેથી જ નિયમિત છે એ...'

અધિરો મૌલિક ચાર ડગ સામો ગયો... આતુર અલ્પા જરા ઝડપથી ચાલી. ને બંને મળ્યાં... અલ્પાથી બે હાથ સહેજ લાંબા થઇ ગયા, મૌલિકે એ હાથ પકડી લીધા. સરિતાને જાણે સાગરે સ્વીકારી લીધી!

'મૌ...લિ...ક!'

'અ...લ્પા!'

પણ અલ્પા જરા સહમી ગઇ, હાથ જરા પાછા ખેંચાયા.

'મૌલિક, અહીં સેંકડો લોકો છે, કોઇ જોઇ જશે... ગભરાટભરી અલ્પા બોલી. પણ એને શી ખબર કે ત્યારે એ કોઇના કેમેરામાં પુરાઇ પણ ચૂક્યાં હતાં!'

'તો ચાલ, કોઇ ન હોય ત્યાં જઇએ,' મૌલિકે સૂકાતા ગળે કહ્યું.

'કોઇક તો બધે જ હોય... ક્યાં જઇશું?' અલ્પાએ પૂછ્યું.

'મારે ઘેર.' મૌલિકે સૂચવ્યું.

'તારે... ઘેર?'

'હા, હા, ખરેખર તો એ તારું જ...'મૌલિકે સ્વજનતાથી કહ્યું.

'તારે ઘેર કોઇ નહિ હોય?' સાશંક ભાવે અલ્પાએ પૂછ્યું.

'મારે ઘેર કોણ હોય, તારા વિના?' મૌલિકે પોતાપણાના ભાવથી કહ્યું.

'તારી પ...ત્ની?' આતુર આંખોએ અલ્પાએ પૂછવા પ્રયતન કર્યો.

બે અશ્રુ ટપક્યાં મૌલિકની આંખમાંથી! બે શબ્દો સર્યા એના મુખમાંથીઃ

'તારે પતિ છે અલ્પા, પણ મારે પત્ની નથી!' એણે નિઃશ્વાસ નાખતાં કહ્યું.

'તને બધું જ કહેવાનો હક્ક છે મૌલિક,' અલ્પાની આંખ ભીની થઇ, 'પણ જરા એકાંતમાં..' લાચાર અલ્પા બોલી.

'તો ચાલ.'

'હા ચાલ'

એમ્બેસેડર ઊપડી - બે વિરહઘેલાંને લઇને. ભૂખ્યો બાળક મીઠાઇ સામે જોયા કરે તેમ બાજુમાં બેઠેલી અલ્પા તો જોઇ જ રહી મૌલિકને.

'શું ડ્રાઇવીંગ છે એનું! અને કેવો આકર્ષક યુવાન લાગે છે હવે! આ મારો મૈલિક હવે મારો મટી ગયો! ના, ના, ક્યાંથી મટી જાય! મારો છે એ, મારો જ છે ને. એને મારો કોણ મીટાવી શકવાનું છે...?'

ત્યારે વળી અનેક લોકો અને વાહનોની વચ્ચેથી પૂરપાટ ગાડી સરકાવે જતા મૌલિકની નજર પોતાની બાજુમાં બેઠેલી પોતાની છતાં પરાયી શી મનમોહક કામણગારી એ કામીની તરફ વારંવાર આંટાફેરા કરી આવતી.



બંનેને ઘણું કહેવું હતું, છતાં કોઇથી કશું બોલાતું નહોતું. સિવાય હળવી વાતો—

'જો જે, જમણી બાજુથી બસ આવે છે,' અલ્પાથી અદ્ધર શ્વાસે કહેવાઇ જતું. મૌલિકનું ડ્રાઇવીંગ અત્યારે એને બીનજરૂરી જોખમ ખેડતું લાગતું હતું.

'કેમ, જીવ બહુ વહાલો છે?' તીરછી નજરે મૌલિકે પૂછ્યું.

'હાસ્તો,' આંખો પટપટાવતી અલ્પા બોલી : 'પણ મારો નહિ, તારો.'

'મારા જીવને કોના માટે વ્હાલ કરે છે?'

'મારા માટે વળી, એ વિના હું જીવી જ કેમ શકું?'

'વાહ, હું તારા માટે જીવું અને તું...'

'હું તો જીવતી જ નથી મૌલિક, શ્વસું છું એટલું જ, બાકી પળેપળ હું મરી મરીને જીવું છું.'

'કાંઇ કારણ?'

કટાક્ષમાં થયેલો આ પ્રશ્ન અલ્પા ન સમજે એવી ભોટ થોડી જ હતી?

'બહુ ગુસ્સો આવે છે મારા પર, નહિ મૌલિક?' ઢીલા અવાજે અલ્પાએ કહ્યું : 'સ્વાભાવિક છે, પણ ઘણી કરી છે તો એક વધુ કૃપા કરીશ મારી ઉપર?'

'કૃપા કરવાનું તો મારું ગજું નથી, પણ સેવા તારી ગમે તે કરીશ.'

'તો ગાડીને એલિસબ્રિજ લઇ લે.'

'કારણ?'

'એના ઉપરથી મને સાબરમતીમાં પધરાવી દે. એને જ લાયક છું હું.'

ટર્ ર્ ર્ ર્ ર્ ર્! ઓચિંતી બ્રેક લાગી ગાડીને! પાછળ આવતી રિક્ષાને એકદમ ધીમી પડી વળાંક લેવો પડ્યો.

ગંભીર વદને મૌલિકે અલ્પા સામે જોયું. બોલ્યો :

'બંને જણ સાથે પડીએ તો?'

મૌલિકને ખભે માથું ઢાળી અલ્પા રડી પડી! લાચાર પ્રેમદા બીજું શું કરે?

મૌલિકે અલ્પાને માથે લાગણી સભર હાથ મૂક્યો ને ગાડીની ચાવી ફેરવી.

થોડી વારે એક બંગલાના કંપાઉન્ડ બહાર ઊભી રહી ગાડીએ હોર્ન માર્યું. એક વયોવૃદ્ધ નોકર દોડી આવ્યો. ટૂંકી પોતડી, જાડું બાંડીયું, માથે ઓછા સફેદ વાળ અને ખભે લાલ અંગોછો નાખેલા એ વૃદ્ધની આંખોમાંથી માન અને પ્રેમ નીતરતાં હતાં એ અલ્પા જોઇ શકી. એણે દરવાજો ખોલ્યો, ગાડી અંદર ગઇ ને દરવાજો બંધ થયો.

મોટરમાંથી ઊતરીને શાહીબાગના એ આધુનિક કલાત્મક બંગલાને અલ્પા જોઇ રહી–પોતાપણાના ભાવથી!

'કમ ઓન,' આગળ વધી પગથિયાં ચડતો મૌલિક બોલ્યો. કૂતરી 'સ્વીટી' ત્યારે દોડતી આવી ને મૌલિકના પગ સુંઘી લાડ કરી નવાગંતુક સામે વિચિત્ર નજરે જોઇ રહી.

'સ્વીટી, **it's Alpa, my...** (સ્વીટી, એ અલ્પા છે, મારી...') કહી મૌલિકે અલ્પા સામે નજર નાખીને કહ્યું :

સહેજ સ્મિત સાથે કર્યું. 'આવ.'

બંને દીવાનખાનામાં ગયાં જ્યાં માધવે લાઇટ કરી રાખી હતી. સુંદર સોફા સેટ, સંખેડાના ચિતરામણવાળી જૂની પદ્ધતિની નવી ફેશનવાળી ખુરશીઓનો સેટ, એક ખૂણામાં સ્ટીલનું ટેબલ, એના પર થોડાં પુસ્તક અને



મેગેઝીન, ઉપર લટકતાં પ્રકાશ રેલાવતાં ત્રણ ઝુમ્મર, સામી ભીંતે સાથે સાથે લટકતી આધેડ સ્ત્રી પુરૂષની છબીઓ જે મૌલિકના માતા-પિતાની છે એમ અલ્પા સહેજે સમજી ગઇ, બધું જ વ્યવસ્થિત. અલ્પાએ સારાં દીવાનખાનાં નહોતાં જોયાં એમ નહિ, પણ અહીંની વ્યવસ્થા અને અદ્યતનતા એના દિલમાં વસી ગયાં.

'બંગલો તૈયાર લીધો કે બંધાવ્યો?' આ વૈભવ પરથી ભાડાનો નહિ જ હોય એમ માનીને અને વળી અપમાનજનક લાગે એટલે અલ્પાએ સીધો આવો જ પ્રશ્ન પૂછ્યો.

'તૈયાર લીધો,' અલ્પાની બાજુમાં સોફા પર બેસતાં મૌલિકે કહ્યું : 'બંધાવવાની આવડત મારામાં નથી. પણ કેવો છે?'

'સરસ, તારા જેવો.'

'હજી ય તું મને સરસ કહે છે?'

'એ સિવાય હું ક્યારે ય બીજું વિચારીશ એમ માને છે?'

ત્યાં જ માધવ ફ્રીઝ-કોલ્ડ પાણી લાવ્યો ને 'હવે ચા-પાણી?' ની પ્રશ્નસૂચક નજરે એણે સાહેબ સામે જોયું. એ નજર મૌલિક પણ સમજી ગયો ને બોલ્યો :

'હા, માધવ, નાસ્તો લાવો ને ચા મૂકો.'

'જી.'

'પ્લીઝ મૌલિક, જરૂર નથી કશી.' અલ્પાએ વિવેક કર્યો. પણ માધવ તો વ્યવસ્થા કરવા ગયો.

'કેમ, એટલો ય હક્ક નથી રાખ્યો મારા પર?'

'તારા પરનો મારો હક્ક તો કોઇ ક્યારે ય છીનવી શકવાનું નથી મૌલિક,' ગર્વપૂર્વક અલ્પા બોલી : 'તારી પત્ની પણ...'

'મારી પત્ની?' ભાવિમાં નજર નાખતો હોય એમ આકાશ સામે જોઇ મૌલિક ધીરેથી ગણગણ્યો.

'અરે મૌલિક,' અલ્પા એકદમ બોલી ઊઠી : 'હું તો તને પૂછવાનું જ ભૂલી ગઇ, તેં લગ્ન તો કરી લીધાં ને?'

'તેં કર્યાં એ ઓછું છે?' મૌલિકે જાણે મહેણું માર્યું.

ચેવડો, પેંડા, વેફર, બિસ્કિટ વગેરેથી ભરપૂર બે ડીશ માધવ લાવ્યો. બે ગ્લાસ પાણી પણ મૂકી ગયો.

'મૌલિક, તને મારા પર ગુસ્સો થાય એ સમજી શકું છું,' ખૂબ ઢીલી પડી જઇ અલ્પા બોલી : 'પણ મેં તને સંપૂર્ણ વિગત તો લખી હતી. એક બીમાર પિતાની લાચાર પુત્રીના એ સમયના વિષમ સંજોગોનો તું ખ્યાલ તો કર. અને છતાં મેં મારા પ્રેમની પ્રતિષ્ઠા જાળવી છે. મૌલિક, મારી પ્રતિજ્ઞા તો તું જાણે છે...'

'શું અલ્પા, હજી ય એ પ્રતિજ્ઞા...!'

'અતૂટ અને અકબંધ છે મૌલિક,' ગર્વપૂર્વક અલ્પા બોલી : 'હું આર્ય નારી છું, સીતા મારો આદર્શ છે. હરણ કરીને લંકામાં લઇ ગયા છતાં દશાનન સીતાને પામી શક્યો હતો? મારા દુન્યવી પતિ પણ મને કદી પામી શકે એમ તું માને છે?'

'અદ્‌ભૂત કહેવાય અલ્પા!' અહોભાવથી મૌલિક બોલ્યો : 'પણ આવી પ્રતિજ્ઞા નિભાવવી લગભગ અશક્ય છે.'

'ઇતિહાસ સાક્ષી પૂરે છે મૌલિક, કે ભારતની નારીએ ઘણી અશક્યતાઓ શક્ય કરી બતાવી છે. નહિ તો પાંચ પતિની પત્ની દ્રૌપદીને સતી કોણ કહેત? કેવી રીતે કહેત?'

'પણ તારા પતિ...'

'એમને ન્યાય આપવા મારે કહેવું જોઇએ કે રાવણ નથી. ઘણા અવગુણ એમનામાં છે, પણ એ ખરેખર માન ઉપજાવે એવા વચનનિષ્ઠ છે. માટે જ તો હું જીવી રહી છું. નહિ તો ક્યારનીય મૌલિકને સ્મરતી સ્વધામ પહોંચી ગઇ હોત.'



માધવ ચા લાવ્યો. 'અરે સાહેબ, હજી આપે કોઇએ નાસ્તો નથી કર્યો!'

'કરીએ છીએ માધવ,' મૌલિક સ્મિત કરીને બોલ્યો : 'જરા વાતોમાં ખોવાઇ ગયાં હતાં.'

'ગુસ્તાખી માફ સાહેબ,' હાથ જોડી માધવ બોલ્યો : 'પણ આ ઉંમર અને સમય જ ખોવાઇ જવાય એવાં છે. આપ આવા ખોવાઇ જાવ એ તો આનંદની ઘડી કહેવાય.' અને હસતો હસતો એ વૃદ્ધ સ્નેહાળ નોકર ખભા પરના અંગુછે હાથ લૂછતો લૂછતો જતો રહ્યો. માલિકના પ્રત્યાઘાતની રાહ જોવા ય ન રહ્યો – કદાચ એ એમને ન યે રૂચ્યું હોય એવા ડરે. એના ગયા પછી અલ્પા સામે જોઇ મૌલિકે સ્મિત કર્યું.

'બહુ પ્રેમાળ છે માધવ' એ બોલ્યો : 'મારી ખૂબ કાળજી રાખે છે. માતા અને પત્નીની બેવડી ભૂમિકા ભજવે છે મારા માટે એ.'

'એનાં ધન્યભાગ્ય મૌલિક.' અલ્પા બોલી : 'કે એ તારી સેવા કરી શકે છે. મારા નસીબમાં એ સુખ ન લખાયું.' અલ્પા ઢીલી થઇ ગઇ.

'ચાલ, પહેલાં નાસ્તો શરૂ કર.' મૌલિક બોલ્યો. અને એક બિસ્કિટ એણે અલ્પાના મોં તરફ ધર્યું.

'પહેલાં તું.' અલ્પા બોલી.

'ના, મહેમાન તું છે.'

'જા જા હવે મહેમાનવાળા, મને પારકી બનાવી દેવા માગે છે? હું તો મારા ઘરમાં જ બેઠી છું. લે ખા.' કહી અલ્પાએ એક પેંડો મૌલિકના મુખ તરફ ધર્યો. મૌલિકે અડધો ખાધો, મૌલિકના દાંતનાં નિશાનવાળો બાકીનો અડધો અલ્પા ખાઇ ગઇ. અને એણે સંતોષનો ઊંડો શ્વાસ લીધો.' કેટલા દિવસે આવું સુખ મળ્યું એમ એને મનમાં થયું.

'અલ્પા, આટલો બધો પ્રેમ અને હક્ક છે મારા ઉપર, તો પછી ચાર-પાંચ વર્ષ તેં કેવી રીતે કાઢ્યાં?' મૌલિકે પેંડો મમરાવતાં પૂછ્યું.

જવાબમાં પોતાની હેન્ડબેગમાંથી એક નોટ કાઢી અલ્પા બોલી : ‘લે, આમ તો બ્રીફો વાંચવામાંથી તેને સમય નહિ મળતો હોય, પણ ક્યારેક સમય મળે, હું યાદ આવું કે રાત્રે ઊંઘ ન આવે ત્યારે આ વાંચજે, મારી સ્થિતિનો કાંઇક ખ્યાલ આવશે તને.’

‘શું છે?’ પાનાં ફેરવતાં મૌલિક બોલ્યો : ‘ઓહ, તારી કવિતાઓ?’

‘એમાં કવિતા કેટલી છે એ તો ખબર નથી, પણ મારા હૃદયની લાગણીઓ તો સંગ્રહાઇ જ છે.’ લાગણીભર્યા સ્વરે અલ્પા બોલી : ‘મૌલિક, કોઇને કહું તો ઘેલી લાગું, પણ મેવાડના રાજમહેલમાંની મીરાંના અનુભવોનો હું સાક્ષાત્કાર કરી રહી છું. પત્ની એકની બનવું અને ચાહવું બીજાને એ વિષમ સ્થિતિ સ્ત્રીઓ માટે તો અસહ્ય છે.’

‘એટલે તું પણ મીરાંની જેમ ઝેર પીવા માગે છે, અલ્પા?’ લાગણીના આવેશમાં આવી મૌલિક બોલી ઊઠ્યો.

‘ઝેર તો હું પ્રત્યેક પળે પીઉં છેં, મૌલિક.’

‘પણ હું કૃષ્ણ ભગવાન નથી કે તારા ઝેરનું અમૃત કરી નાખીશ અલ્પા, હું તો એક સામાન્ય...’

‘જ્યાં જ્યાં સાચો પ્રેમ છે ત્યાં ત્યાં બધે જ મીરાં ને કૃષ્ણ છે, મૌલિક! સાચો પ્રેમ ઝેરનેય અમૃત બનાવી દે છે એ જ તો મીરાંનો સંદેશ છે.’ અલ્પાએ વિશ્વાસપૂર્વક કહ્યું.

‘પણ અલ્પા, આમ તું તારા જીવનને વેડફી દે એના કરતાં બહેતર છે કે તું છૂટાછેડા લઇ લે. પછી આપણે લગ્ન કરી શકીશું.’

‘જેનાં દિલ છૂટાં છે એના છેડા છૂટા જ છે ને મૌલિક, અને જેનાં દિલ બંધાયેલાં હોય એ એકબીજાને લગ્નની બેડીથી ન બાંધે તો ય શું? પ્રેમ આવી દુન્યવી ઔપચારિકતામાં થોડો જ સમાયો છે, મૌલિક?’

મૌલિકને અલ્પાની વાણીમાં કોઇ દૈવી શક્તિનો ભાસ થયો. છતાં અત્યારે એ અલ્પાના વેડફાતા જીવનને કારણે એવો આવેશમાં હતો કે કશી લાગણીને ગણકાર્યા વિના બોલી ઊઠ્યો :



‘તો શું વિરહની આગમાં જલીને જીવનને ખાખ કરી નાખવામાં પ્રેમ સમાયો છે?’

‘તું ય આમ પૂછે છે મૌલિક?’ જરા આશ્ચર્યથી અલ્પાએ પૂછ્યું.

‘હા. અલ્પા.’ જરા આવેશમાં જ મૌલિક કહ્યું : ‘હું પૂછું છું કે જે આગમાં જલે એને જ પ્રેમ કહેવાય?’

‘તો સાંભળ મૌલિક,’ અલ્પા પણ દૃઢતાથી બોલી : ‘પ્રેમ એને જ કહેવાય જેમાં જલીને જીવાય છે. દીપક માટે પ્રાણ અર્પી દેનાર પતંગનો પ્રેમ જ સાચો પ્રેમ ગણાયો છે; કમળના ફૂલમાં બિડાઇને પ્રાણાર્પણ કરનારા ભ્રમર જ સાચો પ્રેમી મનાયો છે, સૂકાતા સરોવરને ત્યાગ્યા વિના ત્યાં જ મરી જનારાં માછલાંના પ્રેમની જ નોંધ લેવાય છે.’

‘એવા કોરા આદર્શવાદમાં મને રસ નથી અલ્પા.’

‘કારણ કે હવે તું વકીલ છું. માટે જ તો કહું છું મૌલિક, કે તું પરણી જા.’

ઠ ન્ ન્ ન્ ન્...!

મૌલિક જોરથી ટિપોય પર હાથ અફાળતો ઊભો થઇ ગયો. ટિપોયના કાચમાં ય તિરાડ પડી ગઇ, નાસ્તાની ડીશો ધ્રૂજી ઊઠલ, ને ઘડીભર અલ્પા ય સ્તબ્ધ બની ગઇ!

‘નોનસેન્સ,’ તે જોરથી બરાડી ઊઠ્યો : ‘હું એવો નીચ, સ્વાર્થી, અધમ માણસ છું, જે પરણીને સુખી થવા માગું છું એમ તું ધારે છે?’

‘એમ નહિ મોલિક.’ છોભીલી પડી ગયેલી અલ્પા બોલી.

‘એમ નહિ તો કેમ? અને પરણી જાઉં તો કોની સાથે? અલ્પા વિના કોઇ બીજાની સાથે એમ ને? તો તો ક્યારનો ય પરણી ગયો હોત અલ્પા, ક્યારનો ય પરણી ગયો હોત હું. પણ હું તને સુખી કરવા ચાહું છું. અલ્પા, જો

તું તારા પતિને ત્યાં સુખી હોત તો મેં કદી આવી વાત કરી ન હોત.' મૌલિક ગુસ્સામાં બોલી ગયો. જાણે કોર્ટમાં દલીલો કરતો હોય! ને પછી સોફામાં ફસડાઇ પડ્યો.

અલ્પા ઊઠીને એની પાસે ગઇ, એની બાજુમાં બેઠી. એનો હાથ હાથમાં લીધો ને બોલી :

'માફ કરજે મૌલિક, ભૂલ થઈ મારી.'

મૌલિક ચૂપ રહ્યો. માત્ર પોતાના હાથમાં હતો તે અલ્પાનો હાથ તેણે સહેજ દબાવ્યો.

'તારી લાગણી હું નથી સમજતી એમ નહિ મૌલિક, મારા માટે તું પરણ્યો નથી એ તો અસામાન્ય વાત છે. પણ વિચાર કરજે મૌલિક, હું છૂટાછેડા લઉં અને આપણે પરણીએ એમાં તને આપણા પ્રેમની મહત્તા દેખાય છે? જગત એને પ્રેમ કહેશે કે મોહ ગણશે? માટે જ હું તને કોઇ સારી યુવતી સાથે પરણી જવાનું કહેતી હતી. અને...'

એના વાળની લટ સમારતાં અલ્પા બોલી :

'તું કોઇને પરણે એથી મારો થોડો જ મટી જવાનો છુ?'

'મને માફ કર અલ્પા, હું તારા પર ગુસ્સે થયો, અને તે ય મારે ઘેર બોલાવીને,' મૌલિક ગળગળો થઇ બોલ્યો. હવે એનો ગુસ્સો પશ્ચાતાપમાં પરિણમ્યો હતો.

'જા જા હવે.' અલ્પા જરા વટથી બોલી : 'અહીં તારે ઘેર કોણ આવ્યું છે? હું તો મારા ઘરમાં બેઠી છું. મારા મૌલિકના ઘરમાં. હં, આવ્યો મોટો ઘરવાળો!' કેવો આત્મીય ભાવ અલ્પાનો.!

મૌલિકને મૂડમાં લાવવાની, એનું દુઃખ ઓછું કરવાની અલ્પા પાસે એવી આગવી કળા હતી...!

'અલ્પા, લુખ્ખાં આશ્વાસનોથી જીવનની નક્કર વાસ્તવિકતાઓ



બદલાતી નથી. તું કેવી સોહામણી, બુદ્ધિશાળી નારી છે! તારા જેવી સ્ત્રી પોતાનું જીવન આવા કોરા આદર્શવાદમાં વેડફી નાખે એ તો જેણે જીવન દીધું એ ભગવાન સામેનો અપરાધ છે. માનવજન્મ એ ભગવાનની એક દેન છે. એનો યોગ્ય ઉપયોગ કરી એને સાર્થક કરવો ઘટે. તું તો...'

મૌલિકને અધવચ્ચે જ રોકી મૃદુતાથી અલ્પા બોલી : 'મૌલિક, ખેડૂત ખેતરમાં બીની વાવણી કરે છે ત્યારે શું તે એ બીને વેડફી નાખે છે એમ કહેવાય? એ તો એમાંથી એવા બીજા હજારો કણ પેદા કરવા એમ કરે છે. એક સદ્‌વિચાર ફેલાવીએ, એક સદ્‌કૃત્ય કરીએ તો બીજા હજારોને એ પ્રેરણારૂપ ન બને શું? સીતાનો પતિપ્રેમ, રામનું એ પત્નીવ્રત, આ ધું શું કોરા આદર્શો છે? કે અનુકરણીય ઉદાહરણો? પ્રેરણા કોની પામવા યોગ્ય – રાવણની કે રામની?'

'તો જગતમાં એક આદર્શ મૂકી તારે અમરત્વ પામવું છે?' મૌલિકના પ્રશ્નમાં કટાક્ષ હતો.

'એવી તો મારી નથી ઈચ્છા કે નથી શક્તિ, પણ મૌલિક, આપણા સાચા પ્રેમને જગત મોહ કે વાસના ન સમજે એવો ખ્યાલ ખરો. વળી તારી પ્રતિષ્ઠાને ધોકો ન લાગે એ ય હું લક્ષમાં લેવા માગું છું તને સુખ શાંતિથી, પ્રતિષ્ઠાપૂર્વક રહેતો જોવાની એક માત્ર ઈચ્છા છે મારી. છતાં આ બધું હું બહુ આનંદથી કરી શકીશ એમ ધારે છે...?' અલ્પા બોલતી બોલતી ગળગળી થઈ ગઈ. એની કમળ જેવી આંખોમાં પાણી ફરી વળ્યાં. સહેજ અટકી તે બોલી :

'મારે તો મીરાંની જેમ ઝેરના કટોરા જ પીવાના છે મૌલિક, છતાં તને અમૃતપાન કરતો જોવો છે મારે.'

અલ્પાના હાથને સ્નેહની હૂંફ આપતો મૌલિક ધીરેથી બોલ્યો : 'અલ્પા, આખરે તો એ મીરાં ય સમાજે માથે મારેલા પતિનો મહેલ ત્યાગી પ્રિયતમ શ્રી કૃષ્ણની શોધમાં નીકળી ગયાં હતાં એ ય તું જાણે છે ને?'

અલ્પાએ પોતાના મનને સંભાળી લીધું. સ્મિત કરતી, આંખ પટપટાવતી એ બોલી : 'વકીલ સાહેબ, દલીલોમાં તમને મારાથી નહિ પહોંચાય, પણ...'

'ઘણાં વર્ષો મળ્યાં છીએ ત્યારે પહેલી જ મુલાકાતમાં આવી ભારેખમ વાતો ન પચે એ સમજી શકાય એમ છે અલ્પા,' મૌલિક સમજાવી રહ્યો : 'ખોવાયેલાં આપણે બે જણ હવે જ્યારે મળ્યાં જ છીએ ત્યારે બાજી સુધારી શકીએ છીએ એમ મને લાગે છે. જરા શાંતિથી વિચારજે.'

'ઠીક, હવે જવાની રજા છે?'

'તને જવાની રજા તો ક્યારે ય મારાથી આપી શકાય નહિ. છતાં તું જઈશ તો ખરી જ ને?' મૌલિક નિરાશાથી બોલ્યો : 'કાશ, એ દિવસ આવે જ્યારે તું કાયમ માટે અહીં જ રહે, કદી જવાનું નામ જ ન લે...!'

'તારા સાનિધ્ય અને સહવાસમાંથી ક્યારેય જવાનું મન થાય ખરું? છતાં અત્યારે મારે જવું તો પડશે જ ને મૌલિક?' અલ્પા પણ એટલી જ નિરાશાથી બોલી.

'જીવન આવી નિરાશા અને આવા નિ:શ્વાસમાં નાખવામાં જ વિતાવવું પડશે અલ્પા?'

'સિધ્ધિ પ્રાપ્ત કરતાં પહેલાં ગૌતમે કઠિન તપશ્ચર્યા કરી હતી, મૌલિક.'

'અલ્પા માટે મૌલિક પણ એવી જ તપશ્ચર્યા કરશે.' મૌલિક નિશ્ચય કરતો હોય એમ સ્વગત બોલ્યો ત્યારે અલ્પાથી નિ:શ્વાસ નંખાઇ ગયો. મૌલિક તરફ એ એવી રીતે જોઇ રહી, જાણે એના પ્રેમને વંદતી હોય!

પછી જરા સ્વસ્થ થઇ એ બોલી : 'ચાલ, જાઉં હવે. આ ડાયરી તારી પાસે રાખે છે ને?'

'હા, ભલે રહી, તું નહિ હોય ત્યારે એ ય આશ્વાસનરૂપ બનશે.' હારેલા ખેલાડી જેમ મૌલિક બોલ્યો.

'સાચવજે અને પાછી આપજે પાછો.'

'અલ્પા જેવી અલ્પાને ય આવ્યા છતાં પાછી આપી દેવી પડે છે તો પછી આ ડાયરી થોડો જ પચાવી પાડવાનો હતો?'



'ગાંડા' મૌલિકને ગાલે ચુંબન ચોડતી અલ્પા બોલી : 'ડાયરી તો અલ્પાની છે, એટલે પચાવી પાડે તો ય વાંધો નહિ.'

'તો અલ્પા કોની છે?' જરા અકળાઇને માથું ઊંચું કરી ભગવાનને પૂછતો હોય તેમ મૌલિકે મોટેથી કહ્યું.

અને ઓરડાની ચારે દિવાલો જાણે પડઘી રહી : 'અલ્પા કોની છે?...અલ્પા કોની છે?...અલ્પા...છે...અલ્પા...?'

મૌલિકનું મુખ સ્વયમ એક પ્રશ્નાર્થ હતો. 'અલ્પા કોની છે?' ની પ્રશ્ન સૂચક નજરે એ અલ્પા સામે જોઇ રહ્યો હતો ત્યારે અલ્પાના અંતરમાં ય આ પ્રશ્ને ધમસાણ મચાવ્યું હતું : 'અલ્પા કોની છે? અલ્પા કોની છે?' ના પડઘા એના કાનમાંય સતત ગુંજતા હતાં. એ ય વિચારતી હતી : 'પ્રશ્ન લાખ રૂપિયાનો છે : અલ્પા કોની છે? પિતાની? માતાની? એ તો બંને ગયાં! ભાઇ નથી, બેન નથી... પણ પતિ છે ને પતિ?...હા પતિ...લક્ષ્મીકાન્ત જેનો સાક્ષીએ તેં હાથ ગ્રહ્યો છે...હં, સૂરજની સાક્ષી! અંધારી ઘોર રાત હતી એ...'હાથ પકડ્યાનું જ પાપ' કહીને તો એ પાથ મેં પકડ્યો હતો, પકડવો પડ્યો હતો...તો તો અલ્પા લક્ષ્મીકાન્તની શાની? પણ તો...તો અલ્પા કોની?...' ફરી એ જ સનાતન પ્રશ્ન! એ ઓરડામાં એ ભવનાં ભેરુઓ માત્ર બે ફૂટના અંતરે એક બીજાને સ્પશર્યા વિના ઊભાં છે, શિલ્પવત છતાં ભાવવિભોર બનીને!

પ્રશ્ના આવર્તનો અને વિવિધ ઉત્તરોથી અલ્પાનું માથું ફરી ગયું. એણે કાને હાથ દઇ દીધા અને પોતાની જાતને જ એણે માત્ટેથી પૂછ્યું :

'ખરી વાત છે અલ્પા, બોલ, સાચું બોલ, તું કોની છે? મૌલિકને જવાબ આપ, અલ્પા કોની છે?'

અને એ સોફામાં લગભગ ફસડાઇ પડી! મૌલિકે કૂદીને એને પકડી લીધી. મૌલિકના ખોળામાં એણે માથું નાખી દીધું. કોળા સુંવાળા એ વાળ પર મૌલિકનો ઉષ્માભર્યો હાથ ફરી રહ્યો. ત્યારે અલ્પાના અંતરે જવાબ આપ્યો :

'અલ્પા મૌલિકની છે, સાબરની સાખે જેને પોતાનું દિલ દીધું છે એ મૌલિકની છે અલ્પા. બીજા કોઇની એ હતી નહિ, છે નહિ, હશે નહિ.'

અને આંસુ ભરી આંખે ઊંચે જોઇ મૌલિકની આંખમાં આંખ નાંખી અલ્પાએ ભાવવિભોર વાણીમાં કહ્યું :

'મૌલિક, અલ્પા તારી છે...તારી જ છે...હોં !'

અને એ સાથે જ 'અલ્પા...મૌલિક' ના ધીમા શબ્દોચ્ચાર સાથે બંને એકબીજાને એવાં તો બાઝી પડ્યાં જાણે કોઇ એકને બીજાની પાસેથી ઝૂંટવી જવાનું ન હોય! અહીં નહોતો સ્વાર્થ, નહોતો કામ કે નહોતી વાસના ! અહીં હતું બે નેક દિલ પ્રેમીઓનું શુદ્ધ મિલન. દેવને ય દર્શન કરવાનું મન થાય એવું એ દુર્લભ મંગલ દ્રશ્ય હતું!

થોડી વારે અલ્પાનું મુખ પોતાના બે હાથમા સમાવતાં મૌલિકે એને ભાલે ચુંબન કર્યું. પછી અલ્પાની કમળ જેવી આંખોની બહાર ઠરેલાં અશ્રુ લૂછી એણે એને સ્વસ્થ કરતાં હાથમાં પાણીનો પ્યાલો આપ્યો. કદાચ પહેલી જ વાર આવા પ્રસંગે મૌલિકે પહેલાં સ્વસ્થ થઇ અલ્પાને ધીરજ બંધાવવાનો પ્રયત્ન કર્યો પણ ત્યારે તો અલ્પાના મનનો બંધ ઊલટો તૂટી ગયો ને એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી! મૌલિકે પાસે બેસી એને બરડે સ્નેહભર્યો હાથ ફેરવ્યો ને પાણી પાયું. અલ્પાએ ઘૂંટડો પાણી પીધું ને વોસબેઝીન પાસે જઇ એ મોં ધોઇ આવી. મૌલિકે બઝરનું બટન દબાવ્યું ને 'જી' કહેતો નોકર આવ્યો.

'કાંઇ ઠંડુ લાવો માધવ.' મૌલિકે કહ્યું.

'જી'કહી માધવ ગયો ને બે મિનીટમાં બે ઠંઠી 'કોલા' લાવી, તોડી બે ગ્લાસમાં ભરી એ બહાર ચલ્યો ગયો.

'અલ્પા, ફરી ક્યારે આવીશ?' કોલાનો ઘુંટડો ભરતાં મૌલિકે પુછ્યું.

'તું કહે ત્યારે' ઘુંટડો ગળે ઉતારી અલ્પાએ કહ્યું.



'રોજ'

'ડી...યો !' જમણા હાથનો અંગુઠો બતાવતાં અલ્પા હસી રહી. વાતાવરણમાં હળવાશ લાવવા એણે ગમ્મત કરી.

'તો ક્યારે આવીશ?' મૌલિકે પ્યાસો પ્રશ્ન પૂછ્યો.

'તારો ફોન નંબર આપ. નક્કી કરીશું.'

'ડબલ ટુ વન નાઇન થ્રી ઝીરો—૨૨૧૯૩૦'

'વકીલ સાહેબનો સામાન્ય રીતે ક્યારે કોન્ટેકટ કરી શકાય?'

'અગિયારથી છ સુધી સામાન્યતઃ નહિ. એ સિવાય ગમે ત્યારે. અને ઑફ હોય ત્યારે તો ગમે તે સમયે.'

'ગમે તે સમયે?'

'હા, અલ્પા માટે ગમે તે સમયે. બાકી તો હું...'

'ઘણો એન્ગેંજ હોય છે એ હું જાણું છું!' વચ્ચે જ બોલતી અલ્પા ઊભી થઇ : 'ચાલ હવે ઘેર પહોંચતી કર, નહિ તો વળી પાછું...'

'કોઇ ઘોડાપૂર હદયમાં આવશે, કેમ?' ઊભા થતાં મૌલિકે ગાડીની ચાવીઓ હાથમાં લેતાં પૂછ્યું.

અલ્પાના ઘરને નાકે એને ઉતારી મૌલિક પાછો વળ્યો ત્યારે એનાં મનમાં આનંદ,આશ્ચર્ય,દુઃખ અને મૂંઝવણના વિવિધ ભાવોનાં વમળ રચાંતાં હતાં. ઘેર ગયો ત્યારે બે—ત્રણ અસીલો રાહ જોતા બેઠા હતા. કપડાં બદલી, હાથ—મોં ધોઇ એણે દૂધ પી લીધું. અને કામે લાગ્યો.

પણ અલ્પા ઘેર ગઇ ત્યારે એને માટે કસોટી તૈયાર હતી. પો.સબ ઇન્સ્પેકટર સમીર ક્યારનો ય આવીને લક્ષ્મીકાન્તને વધામણી આપી ગયો હતો.

'મેં મારી સગી આંખે એમને મૌલિક સાથે જોયાં છે,' મનમાં ખુશ થવા છતાં ઉપરથી દુઃખનો ડોળ કરતાં સમીરે કહ્યું.

'એ બને જ નહિ,' લક્ષ્મીકાન્તે દ્રઢતાથી કહ્યું : 'અલ્પાની પવિત્રતામાં મને સંપૂર્ણ શ્રદ્ધા છે.' લક્ષ્મીકાન્તનો આવો જવાબ સાંભળી અન્નપૂર્ણાનો શ્વાસ હેઠો બેઠો .'બિચારી ભલી શેઠાણીની પાછળ આ દુષ્ટ નકામો પડ્યો છે.' એમ તે હંમેશાં વિચારતી, કારણ કે અલ્પાની વિરુદ્ધની કાન ભંભેરણીની ગંધ એને ક્યારની ય આવી ગઇ હતી અને એણે અલ્પાને એ માટે ચેતવી પણ હતી. પણ અલ્પાએ ત્યારે શાંતિથી કહ્યું હતું : 'વાંધો નહિ, હું એને સારી રીતે ઓળખું છું. એ તો દુષ્ટ છે જ. પણ ભગવાન એની સાથે નથી નહિ તો...' કહીને અલ્પા ભૂતકાળને સ્મરી રહી. અન્નપૂર્ણાને ત્યારે આ સ્વસ્થ હિંમતવાળી શેઠાણી માટે વધુ માન થયું.

પણ સમીર પાસે તો આજે બોલતો પુરાવો હતો, એટલે લક્ષ્મીકાન્તના ઈન્કારનો જવાબ દેતાં તેણે તીરછી આંખ કરી કહ્યું :

'દોસ્ત, જો હું ખોટો પડું તો તમારું ખાસડું ને મારું માથું. જો કે એને પૂછશો તો એ તો 'ના' જ કહેશે ને? પણ હું કાલે સવારે તમને ફોટો બતાવીશ.'

'ઠીક છે ઈન્સ્પેક્ટર,' લક્ષ્મીકાન્તે ગંભીરતાથી કહ્યું : 'એ મારો મામલો છે. હું મારી રીતે પતાવીશ. તમે કશી...'

'નહિ રે ભાઈ,' વચ્ચે જ સમીર બોલ્યો : 'આ તો મિત્રભાવે જે જાણ્યું હતું તે જણાવ્યું. બાકી મારે શી લેવાદેવા?'

'આભાર,' કહી લક્ષ્મીકાન્તે એ વાત બંધ કરી, પણ ચિનગારી ચાંપી ઘેર જતો સમીર મનમાં કહેતો હતો : 'મારે તારી પત્ની સાથે ઘણી લેવાદેવા છે લક્ષ્મીકાન્ત, પણ તું શું જાણે એ બધી વાતો? અલ્પાને જોઈને તો મારા અધૂરાં અરમાનો હજી ય જાગૃત થઈ જાય છે...'

અલ્પા ઘરમાં પ્રવેશતી હતી ત્યાં જ લક્ષ્મીકાન્તે જરા ગુસ્સામાં એને ટોકી :



'ક્યાં ગઇ હતી?'

'હું આ ઘરની નોકરડી નથી કે મારી સાથે આ રીતે વાત કરો છો.' ઉંબરામાં જ સહેજ અટકી ગર્વભરી વાણીમાં અલ્પાએ કહ્યું : 'તમારી પત્ની છું હું. જે પૂછવું હોય તે યોગ્ય રીતે અને યોગ્ય સ્થળે પૂછો.'

લક્ષ્મીકાન્ત જરા છોભીલો પડી ગયો. અલ્પાની વાત એને સાચી લાગી.આમેય અલ્પાના વ્યક્તિત્વ આગળ એ પોતાને વામણો સમજતો જ હતો. આજે એ સમજ ફરી અનુભવી. ઘરમાં નોકર ચાકર જરા ધડકતા દિલે આ પ્રસંગ છૂપાઇને નિહાળતાં હતાં. અલ્પાના જવાબથી સૌને આશ્ચર્ય અને અહોભાવ થયાં. એમણે તો આશા રાખી હતી ગલ્લાં તલ્લાં કરતી ગૂંચવાતી ગભરાતી શેઠાણીની. તેને બદલે એમણે જોઇ એક સ્વમાની ગૌરવવંતી આર્યનારી!

'સાચું છે,' લક્ષ્મીકાન્તે જરા નરમ અવાજે કહ્યું : 'પણ મારે તારી સાથે થોડી વાત કરવી છે, ક્યાં અને ક્યારે મળું?'

'આજે અને અત્યારે જ,' એક ડગ આગળ દઇ ઘરમાં પ્રવેશતાં અલ્પાએ કહ્યું : 'ઉપર બેઠક રૂમમાં.'

અને એ પોતે સીધી બેઠક રૂમમાં ગઇ. એ પહેલાં અન્નપૂર્ણા બાઇએ ત્યાં લાઇટ કરી હતી. અલ્પાની પાછળ બે મિનિટમાં જ લક્ષ્મીકન્ત આવ્યો.

'આવો, બેસો.' અલ્પાએ વિવેક કર્યો.

સામે સોફા ઉપર લક્ષ્મીકાન્ત બેઠો.

'બોલો,' અલ્પાએ કહ્યું : 'કેમ વ્યગ્ર છો?'

'ખાસ કાંઇ નથી, પણ...' લક્ષ્મીકાન્તનો ગુસ્સો તો આ નારીના પ્રભાવ આગળ ક્યારનો ય ટાઢો પડી ગયો હતો, એટલે નરમાસથી કહ્યું: 'પણ હું એમ પૂછતો હતો કે ક્યાં ગઇ હતી તું?'

'મૌલિકને ત્યાં.' સ્પષ્ટ શબ્દોમાં જરાય ગભરાટ કે સંકોચ વિના અલ્પાએ કહ્યું : 'ઓળખ્યો એને?'

લક્ષ્મીકાન્ત ફરીથી ડરી ગયો. પોતાનો બચાવ શોધતી,ખોટા જવાબ આપતી,ગભરાતી પત્નીની જેને અપેક્ષા હોય તે આવો સ્પષ્ટ,સાચો જવાબ સાંભળે ત્યારે બીજું શું થાય? અલ્પાની નીડરતા અને સત્યપ્રિયતા પ્રભાવક જ હતાં.

'હા,નામથી,' લક્ષ્મીકાન્તે પરાજીત સૈનિકની જેમ કહ્યું : 'અલ્પાને ઓળખે એણે મૌલિકને જાણવો જ રહ્યો. પણ એ અહીં છે?'

'મને પણ કાલે જ ખબર પડી,' અલ્પાએ તટસ્થભાવે કહ્યું.

'તો તો રોજ મુલાકાતો થશે?' લક્ષ્મીકાન્તને વળી પતિત્વ સાંભળી આવ્યું, એટલે કટાક્ષમાં પૂછ્યું.

'ના, જરૂર પડશે ત્યારે અથવા ઈચ્છા હશે ત્યારે.' અલ્પાએ ટકોરા જેવો સ્પષ્ટ ઉત્તર આપ્યો. અને પૂછયું : 'વાંધો છે ને તમને?'

'એક પરિણીત સ્ત્રી પર પુરુષને એકલી મળે એમાં તને કશું વાંધાજનક નથી લાગતું?' લક્ષ્મીકાન્તે ઉત્તર આપવાને બદલે પ્રશ્ન કર્યો.

'ના, જે સ્વાભાવિકતાથી એક બેન પોતાના ભાઈને મળે, જે સ્વાભાવિક્તાથી એક પત્ની પોતાના પતિને મળે, એવી ને એટલી જ સ્વાભાવિક્તાથી એક પ્રેમીકા પોતાના પ્રેમીને મળે એમ હું માનું છું. એમાં વાંધો શો?'

'પણ તું એક પરિણીત સ્ત્રી છું. અપરિણીત પ્રેમીકા નથી.'

'પણ જાણો છો ને તમે કે પહેલા હું એક પ્રેમીકા હતી અને પછી તમને પરણી? અથવા તમને મારે પરણવું પડ્યું, તમે બિછાવેલી જાળને કારણે.'



'પણ...'

'પણ ત્યારે મેં બહું જ સ્પષ્ટ શબ્દોમાં તમને કહ્યું હતું કે હું એક દિલ દઈ બેઠેલી યુવતી છું. તમને પરણીશ તો પણ હું પ્રેમીકા મટું નહિ. અને દુન્યવી દ્રષ્ટિએ તમે મારા પતિ બનશો તો ય હું તમને દિલ કે દેહ નહિ દઈ શકું. કરી હતી ને મેં લગ્ન પહેલાં આ ચોખવટ?કબૂલી હતી ને તમે આ બધી વાતો?'

'હા,સાચું છે,'લક્ષ્મીકાન્તે ઉલટ તપાસ માટે પિંજરામાં ઊભેલા ગુનેગારની જેમ કહ્યું : 'પણ અલ્પા, તને નથી લાગતું કે આ બધું હવે ઠીક નથી?'

'હવે ઠીક નથી એટલે શું?' જરા ગુસ્સાથી અલ્પા બોલી : 'હવે એટલે કે તમારી સાથે લગ્ન થયું એટલે ને?'

'હાં, હવે તારે...'

'એ કદી નહિ બને.' મક્કમતાથી અલ્પા બોલી : 'હું એવી સામાન્ય પ્રેમીકા નથી જે 'માથે પડી ધબાય નમઃ' કરીને મન મનાવી લે, પ્રેમીને ભૂલી જાય અને પોતે લાચારીથી પરણેલા પુરુષને પોતાનો ભાગ્યદેવતા માને. હું ત્યારે ય જાણતી હતી કે તમે બાપ–દીકરો આવી આશાએ જ મારી શરત સ્વીકારતા હતા. પણ મેં તો ત્યારે ય સ્પષ્ટ ચેતવણી આપી હતી કે હું જે કહું છું એ જ કરીશ. બરાબર છે ને?'

'હા, એ તો સાચી વાત છે.' ગૂંચવાતા લક્ષ્મીકાન્તે કહ્યું : 'પણ..'

'પણ એક વાત સાચી. હું તમને પરણી જ છું તો તમને કે મને કલંક લાગે એવું કશું જ હું નહિ કરું. આ દેહ હવે જો પતિનો નથી તો પ્રેમીનો પણ નથી. બાકી, દિલની વાત નિરાલી છે. એ તો જેને દેવાઈ ગયું છે, તેની પાસે જ રહેશે. અને બીજી પણ ખાતરી રાખજો. મૌલિક પણ તમારા મિત્ર, પોલીસ ઈન્સ્પેક્ટર જેવું ફટાકિયું મોતી નથી. એ પણ મારા પ્રેમને શોભાવે એવો પવિત્ર પ્રેમી છે. મારી મર્યાદા એ જાણે છે ને એની મર્યાદા એ સમજે છે.' સહેજ અટકી અલ્પાએ ઉમેર્યું : 'મારે કશું છૂપાવાવનું નથી. અમે આજે

ઘણાં વર્ષે મળ્યાં. અને દિલ ખોલીને વાતો કરી. અમારી પરિસ્થિતિને અમે સમજ્યાં અને એને સ્વીકારી. અને જાણી લો કે મેં તપ આદર્યુ છે તો મૌલિકે પણ તપ આદર્યું છે. કદાચ મારાથી ય કઠિન. બાકી, કયો સુંદર, તંદુરસ્ત, ધનાઢ્ય, કીર્તિવાન યુવાન વકીલ ખોવાયેલી, ઝૂંટવાયેલી પ્રેમીકાને માટે કુંવારો રહે? પણ...પણ તમે આ બધી વાતો નહિ સમજી શકો. કારણ તમે તો માત્ર પૈસાને જ પ્રેમ કરનારા છો. વેપારી છો ને!' કટાક્ષમાં એણે એનું દિલ ભરાઈ આવ્યું હતું. છતાં સહેજ મૌન ધરી એણે પૂછ્યું : 'હવે કાંઈ પૂછવું છે? કહેવું છે?'

'ના,' લક્ષ્મીકાન્તે ઊભા થતાં કહ્યું : 'અલ્પા, હું દિલગીર છું. મેં તને દુઃખ પહોંચાડ્યું, પણ, મને તારામાં વિશ્વાસ હતો જ. આજે એ વિશ્વાસ વધુ દૃઢ બન્યો. પણ આટલું જાણ્યું ત્યારે બીજું એક સૂચન કરું?'

'કહો.'

'અલ્પા, તું ચાહે તો લગ્નના બંધનમાંથી તને મુક્ત કરવા હું તૈયાર છું. જો કે મારે તો તારી ઘણી જરૂર છે. તારે લીધે તો આ ઘરનો કારોબાર ચાલે છે. પણ તું સુખી થતી હોય તો હું તારો માર્ગ મોકળો કરી આપવા ઈચ્છું છું. મારી ભૂલનું એ રીતે પ્રાયશ્ચિત થશે.'

'ના, હું એવી સ્વાર્થી નથી,' અલ્પાએ ગૌરવથી કહ્યું : 'મેં તમારા બાપુજીને—મારા સસરાને-વચન આપ્યું છે. જીવનભર તમારી સંભાળ રાખવાનું અને આ ઘરની આબરૂ સાચવવાનું વચન. એ વચનની વાત તમે કદાચ નહિ જાણતા હો. પણ હું એ વચન પાળીશ-અને મારો પ્રેમ પણ નિભાવીશ. પ્રેમીનો માર્ગ તો કાંટાથી જ ભરેલો હોય ને?'

ગુસ્સામાં ને જુસ્સામાં જવાબ લેવા આવેલો લક્ષ્મીકાન્ત અલ્પાની નીડરતા, નિષ્ઠા, વચનપ્રિયતા અને સત્યવક્તાપણાને વંદતો પાછો ફર્યો ત્યારે છૂટાછવાયાં સંતાઈન સાંભળતાં ઘરનાં નોકરો-નોકરાણીઓને ય સાનંદ આશ્ચર્ય થયું. આજે કાંઈક ખરાબ બનશે અને નાની શેઠાણીને બિચારીને મુશ્કેલી થશે એવું માનતાં સૌ વાત શાંતિથી પતી અને એમાં ય અલ્પાનો વટ રહ્યો એ જોઈને ઘણાં ખુશ થયાં-બાઈ અન્નપૂર્ણા તો સવિશેષ. અલ્પા માટે સૌને એવાં ભાવ અને માન હતાં! દુર્યોધનના દૂત જેવો સમીરસિંહ શેઠણી



વિરૂદ્ધ શેઠના કાન ભંભેરી ગયો છે એવી ખબર અન્નપૂર્ણાને પડેલી જે તેણે ચિંતાભર્યા મને બીજાંને જણાવેલી. ત્યારથી બધાં ઉચાટ અનુભવતાં હતાં અને આ દારૂડિયો શેઠ આજે નાની શેઠાણી પર જુલમ કરશે એવો ભય સેવતાં હતાં. એ બધાં નોકર-ચાકરને નાની શેઠાણીના વિજયથી ઘણો આનંદ થયો. અલ્પાના તપોમય જીવનની વાત તો એ સૌ હવે જાણી ગયાં હતાં. એટલે એને માટે સૌને સહાનુભૂતિ હતી પણ આજે જે રીતે એણે લક્ષ્મીકાન્તનો ગુસ્સો લાગણીમાં ને માનમાં બદલી નાખ્યો એ જોઈને તો સૌને એને માટે અપૂર્વ અહોભાવ જાગ્યો. અન્નપૂર્ણાએ તો ત્યારે ટોળે વળેલાં સૌને કહ્યું પણ ખરું : 'આપણી શેઠાણી સામાન્ય સ્ત્રી નહિ, કોઈ દેવી છે.'

પણ પ્રેમને પંથે પળેલી અલ્પાના દિલને દિવસમાં કેટલીવાર શહીદી સ્વીકારવી પડી હશે એ એના પોતાના સિવાય બીજું કોણ જાણી શકે? અને માટે જ વર્ષોના વિરહ પછી પ્રેમી સાથે પુનર્મિલન કરી આવેલી અલ્પા રાત્રે સૂતી સૂતી શું વિચારતી હશે તે કોણ કહી શકે?

અલ્પા સૂતી ત્યારે પણ એનું મન તો મૌલિકમાં જ હતું. ઊંઘમાંયે મૌલિક સાથેની આજની મુલાકાતનાં દશ્યો એની આંખ આગળ આકાર પામતાં ને સંવાદો તેના કર્ણપટ પર અથડાતા :

'મૌલિક, કોણ જાણે કેમ મારા જીવનમાંથી એક પછી એક બધાં અદશ્ય થતાં જાય છે. તું ખોવાયો, માતા ગયાં, મારા પર અપાર મમતા રાખતાં માતાતુલ્ય તારાં માતુશ્રી પણ ગયાં, પિતાજી ગયા, લગ્ન પછી મમતાળુ સસરા પણ ગયા-આટલાં બધાં ગયાં, જીવનમાં હજી મળ્યું કોઈ નથી મળ્યા છે માત્ર સમાજની રીતે કહેવાતો પતિ, જેનો મારા દિલે સ્વીકાર કર્યો નથી. હું એકલી પડી છું. માણસોને ઝંખતી હું માણસો વચ્ચે એકલી ઝૂરું છું મૌલિક...'

'અલ્પા,' ઊંઘતી અલ્પાને કાને શબ્દો અથડાયા : 'આપણે કાયદેસર રીતે તારા છૂટાછેડા મેળવીએ અને પછી લગ્ન કરીએ...'

'હું હવે તને શું સુખ આપી શકીશ મૌલિક? ... મારે તો હવે તપોમય જીવનનાં સીધાં ચઢાણ ચઢવાનાં છે... સીતા અને દ્રૌપદી જ હવે મારા આદર્શ. એમાં જ આપણા પ્રેમીની ધન્યતા મને દેખાય છે. પણ તું કોઈ શાણી, સુંદર યુવતીને પરણીને સુખી થાય એવી મારી ઈચ્છા છે...'

'અલ્પા,' જરા કઠોર ચહેરે મૌલિક જાણે સામે આવીને બોલ્યો : 'સીતા હતાં ત્યાં રામ હતા જ. હું શું બીજી કોઇ યુવતીને પરણવા આજ સુધી કુંવારો રહ્યો છું? જાણી લે અલ્પા, સીતા તારો આદર્શ છે તો રામ મારો આદર્શ છે. તું પરણીને પણ પવિત્ર રહી છું, તો હું પવિત્ર રહેવા પરણું નહિ. તારું તપ વધારે કઠિન છે. તું એ પવિત્રતા પાળી શકે તો હું કેમ ન પાળી શકું?'

'છૂટાછેડા લઇને દુનિયાની નજરે તો કલંકિત થવાનું ને મૌલિક? શું આપણા પ્રેમની એ ઊણપ નહિ ગણાય?' અલ્પાને કાને એના પોતાના શબ્દો અથડાયા.

'ઉતાવળ શી છે અલ્પા?' મૌલિકે સામે આવી કહ્યું : 'શાંતિથી વિચારીને નિર્ણય કરજે. બાકી, તડપી તડપીને જીવન વેડફી દેવામાં મને તો પ્રેમની સાર્થકતા દેખાતી નથી. છતાં તારો નિર્ણય મને માન્ય હશે.'

ઊંઘમાં આજનાં આવાં અનેક દૃશ્યો ને સંવાદો સાકાર થયાં ને અલ્પાને મૂંઝવી રહ્યાં. અલ્પા અને મૌલિક બંને માટે પ્રશ્ન મોટો હતો : 'હવે શું?'

પણ 'હવે શું?' નો ઉકેલ માણસના હાથમાં ક્યાં છે? એ તો કુદરતના હાથની વાત છે. માટે જ તો માંડ ઉપરથી શાંત થયેલા અલ્પા-મૌલિકના જીવનમાં એ આવી ઉલઝનમાં આટવાતાં હતાં ત્યારે જ એવી ઘટના ઘટી જેણે તેમની જીવન-નૈયાને નવાં વમળોમાં ફસાવી દીધી!

સત્ય ક્યારેક કેવાં કલ્પનાતીત હોય છે!

અનુક્રમ

## ૨૩ : અગ્નિપરીક્ષા

અલ્પાને મૂકીને મૌલિક ઘેર ગયો ત્યારે તો અસીલો રાહ જોતા બેઠા હતા એટલે મૌલિકને તરત બીજા દિવસના કેસો તરફ ધ્યાન આપવું પડ્યું, પણ એનું મન અલ્પામાં હતું. અલ્પા તો અત્યારે ગઇ હતી, પણ એની ડાયરી મૂકી ગઇ હતી. એ વાંચવા એ ઘણો આતુર હતો. એ રીતે ય અલ્પાનો સહવાસ થોડે અંશે ય અનુભવી શકાય ને?

એટલે રાત્રે બાર વાગે બધું પરવારીને સૂતાં સૂતાં એણે એ ડાયરીનાં પાનાં ફેરવવા માંડ્યાં. મુક્તકો, ઊર્મિગીતો, હાયકૂ અને ઋતુગીતોથી ભરપૂર એ ડાયરીમાં પાને પાને સાચા પ્રેમની વિરહ વ્યથાની, પ્રોષિતભર્તૃકાના હૃદયની, સંસાર પ્રત્યેની વિરક્તિની અને એવી ઘણી વાતો અંકાઇ હતી. એક ગીત તેને ખૂબ સુંદર લાગ્યું. અલ્પાનું હૃદય અને એના મનોભાવ એમાં પ્રતિબિંબિત થતા હતા. એણે બીજી, ત્રીજી વાર એ વાંચ્યું :

**બારમાસી**

કારતક માસે કોડ જાગ્યા
કાળજડાં મારા, વાલમ!
માગશરે મિલનના મેળા
મનડે મારે ઊમટ્યા વાલમ!
થર થર ધ્રૂજે પોષ માસે
સેજ મારી સૂની વાલમ!
માઘ માસે મીઠી સ્મૃતિ
મનને તારી ચૂગતી વાલ!
ફાગણના ફટકેલા દિવસ
ચિત્ત બન્યું ઘૈરૈયો વાલમ!
ચૈતરમાં તુજ સ્મૃતિ સૂરજ

દિલન દાહક થાતો વાલમ!
વૈશાખે મન-આંબો મ્હોરે
કોકિલ બની તું ટહુકે વાલમ!
જેઠ માસે ચઢી આકાશે
વાદળ થઈ તું વિલપે વાલમ!
અષાઢે ઘનઘોર ઘટામાં
વીજ ચીતડું ચીરે, વાલમ!
શ્રાવણનાં સરવરિયાં મારાં
નયનોમાંથી નીતરે વાલમ!
ભાદરવે ભવના ભેરુની
સ્નેહસરિતા વ્હેતી, વાલમ!
આસોની પૂનમની સુધા
વીતી વાતો કહેતી વાલમ!
શરદ પૂનમની શીતલ રાતે
પુષ્ય નક્ષત્રે વરસો વાલમ!
હૃદય-સાગરે મોતી પાકે,
પ્રેમ આપણો પાકો વાલમ!

કાવ્યની એક એક પંક્તિ ફરી ફરી વાંચી મૌલિક જેમ જેમ એનો અર્થ કરતો રહ્યો, અર્થ સમજતો રહ્યો તેમ તેમ એને અલ્પાના પ્રેમની તીવ્રતા અને પવિત્રતાનો પરિચય મળતો ગયો. છેલ્લે તો એણે વાલમને પુષ્ય નક્ષત્રમાં વરસાદ રૂપે બોલાવી હૃદય સાગરમાં મોતી પકવવાની વાત કરી છે અને ઉમેર્યું છે : 'પ્રેમ આપણો પાકો વાલમ!' વાહ અલ્પા વાહ! ખરી કવયિત્રી તું. સાચો તારો પ્રેમ! કોઈ ભાગ્યશાળીને જ તારા જેવી પત્ની મળે. પણ એવું ભાગ્યશાળી કોઈ ન બની શક્યું એ ય કેવું કમભાગ્ય!

એક પછી એક ડાયરીનાં પાન મૌલિક ફેરવતો ગયો તેમ તેમ એનું હૃદય ભારે થતું ગયું. એક પાન પર અલ્પાએ લખ્યું હતું :

'મારી વસંતે ચૂપ થઈ કોયલડી રે...!'



'સાચી વાત છે, અલ્પાના જીવનના વસંત સમયે જ કોયલ ચૂપ થઈ ગઈ. અર્થાત વસંતે જ જીવનવેલ વિલાઈ ગઈ!'

આવા તો કંઈક વિરહ વ્યથાના ટૂકડા વીણતાં વીણતાં મૌલિકની આંખો ઘેરાઈ અને સ્વીચ ઓફ કરી એ ઊંઘી ગયો ત્યારે એની ઊંઘમાં પણ તડપતી,તરસતી પ્રેમપ્યાસી અલ્પા જ આંટા ફેરા કરતી હતી!

પણ કુદરતે જીવનનો એવો ક્રમ ઘડ્યો છે કે બધું દિલમાં ભંડારીને પણ માણસે ફરીથી પોતાના દૈનિક કાર્યમાં મન પરોવવું પડે છે! મૌલિક અને અલ્પા પણ ગઈ કાલના અને રાતના બધા અનુભવો અને અરમાનોને મનમાં ગોપવી બીજે દિવસે સવારથી પોતાના કામમાં પરોવાયાં.

સમીરસિંહે જોયું કે પોતે લક્ષ્મીકાન્તના કાનમાં અલ્પા વિરૂદ્ધ રેડેલું ઝેર નિષ્ફળ ગયું હતું. નહિ તો એની ગણતરી એવી હતી કે લક્ષ્મીકાન્ત અલ્પાને ત્રાસ આપે તો પોતે મધ્યસ્થી બની અલ્પાની સહાનુભૂતિ પ્રાપ્ત કરે. પણ એ શક્ય બન્યું નહિ. જો કે હવે એને એની બહુ ચિંતા નહોતી. એ તો અત્યારે ધન ભેગું કરવામાં પડ્યો હતો અને લાંચરિશ્વત ઉપરાંત બે નંબરના ધંધા દ્વારા પણ બે ત્રણ વર્ષમાં એણે સારો પૈસો બનાવી દીધો હતો. લક્ષ્મીકાન્ત અને એ આવા બે નંબરના ધંધાના ભાગીદાર હતા. એ કારણે જ તેમની સ્વાર્થી મૈત્રી ટકી હતી. હમણાં તેઓ કોઈ મોટા સોદામાં વ્યસ્ત હતા એટલે સમીર લગભગ રોજ લક્ષ્મીકાન્ત પાસે આવતો હતો. અલ્પાને લક્ષ્મીકાન્તના આવા ધંધા અને તેમાંય સમીર સાથેની દોસ્તી ખૂબ ખટકતી. કારણ કે એ દગાખોર માણસ ગમે તેને ગમે ત્યારે મુશ્કેલીમાં મૂકી દે એવો છે એ વાત એ સારી રીતે જાણતી હતી. એટલે આમ તો એ પતિ સાથે એના ધંધા અંગે ભાગ્યે જ કશી વાત કરતી. પણ સમીરસિંહની હમણાં વધેલી અવરજવરથી એને ચિંતા થઈ હતી. ગમે તેમ પણ લક્ષ્મીકાન્ત ભોળો હતો અને સમીર જેવો શઠ માણસ એને મુશ્કેલીમાં મૂકતાં અચકાય નહિ એમ અલ્પા જાણતી હતી, એટલે એક દિવસ બપોરે તેણે લક્ષ્મીકાન્તને ટકોર કરતાં કહ્યું :

'સમીરસિંહ હવે તમારો ખાસ દોસ્ત બની ગયો છે, નહિ?'

'બધી દોસ્તી ધંધાની છે,' લક્ષ્મીકાન્તે ટૂંકો ઉત્તર વાળ્યો.

'ભગવાને તમને શું ઓછું આપ્યું છે કે તમારે આવા ધંધા કરી ધન ભેગું કરવું પડે છે?' ઠપકો આપતી વાણીમાં અલ્પાએ કહ્યું : 'તમારા પિતાની આબરૂનો તો ખ્યાલ રાખો. અને શા માટે, કોના માટે આટલો બધો પૈસાનો મોહ લાગ્યો છે તમને?'

'સાચી વાત છે અલ્પા,' સત્ય સ્વકારતાં લક્ષ્મીકાન્તે કહ્યું : 'મને પણ એમ થાય છે જ કે આ ધંધો મારે બંધ કરવો જોઇએ.'

'તમે સમાજનો અને દેશનો દ્રોહ તો કરો જ છો, પણ ન જાણતા હોય તો જાણી લો કે તમે તમારી જાતનો ય દ્રોહ કરી કહ્યા છો. જે તમારો ભાગીદાર છે એ સમીરસિંહને માણસ સમજો છો તમે? એ કાળો નાગ છે અને ગમે ત્યારે ગમે તેને ડંખ મારે એવો છે.'

'તારી વાત ખરી છે.' પોતાના પ્રત્યેની અલ્પાની લાગણીથી કૃતાર્થતા અનુભતાં લક્ષ્મીકાન્તે કહ્યું.

'તો જાણવા સમજવા છતાં તમે આવા ધંધા કરો છો અને તે ય આવા માણસ સાથે?'

'અલ્પા, આ છેલ્લો સોદો છે. એ પછી આ ધંધો અને સમીરસિંહ સાથેનો સઘળો વ્યવહાર બંધ કરી દઇશ. કારણ કે તારી વાતો મને પણ સાચી લાગી છે અને કેટલાક દિવસથી હું આ દિશામાં વિચારતો જ હતો. તારા સૂચને મારો નિર્ણય દૃઢ કર્યો છે.'

'ગઇકાલે એની સાથે શાની ભાંજગડ ચાલતી હતી?' કશો ભેદ ઉકેલવા માગતી હોય એમ અલ્પાએ પૂછ્યું.

'મારે તને કહેવું જ હતું, પણ ક્ષોભને કારણે કહી શકતો ન હતો,' લક્ષ્મીકાન્તે મનની વાત કહી : 'સારું થયું તેં પૂછ્યું. વાત એમ છે કે આ વખતે અમારો જે મોટો સોદો છે એમાંથી બધી મલાઇ એ ખાઇ જવા માગે છે. એટલે થોડી આડાઇ કરે છે. પણ ઠેકાણે આવશે. ક્યાં જવાનો છે? માલ મારે કબજે છે.'



'મને એવો પૈસો તમે કમાવ તો ય આનંદ નથી,' અલ્પાએ નિઃસ્પૃહતાથી કહ્યું : 'એવો બધો પૈસો એ લઈ જાય તેનું ય મને દુઃખ નથી. પણ ભગવાનને ખાતર એનો સંગ છોડો. નહિ તો કલંક લાગશે.'

'કહ્યું ને કે એની સાથેનો આ છેલ્લો ધંધો છે. પણ એમ એ લુચ્ચાને હું વશ શાનો થાઉં? એને એના ભાગ જેટલું જ મળશે,' લક્ષ્મીકાન્તે કહ્યું : 'પણ અલ્પા, એક વાત જરા ધ્યાનમાં રાખજે. કાલે એ મારી પાસે આ અંગે વાત કરવા આવશે ત્યારે હું મારી બાજુમાં સંતાડીને મૂકેલું ટેપ-રેકોર્ડર ચાલુ કરી દઇશ. કદાચ એ કશી ગરબડ કરવાનો પ્રયત્ન કરે તો ભવિષ્યમાં કામ લાગે એ માટે મારે કદાચ એની સાથે બહાર જવું પડે તો તું એ ટેપરેકોડર્ર તારી પાસે રાખજે. મારે કારણે તું કશી મુશ્કેલીમાં ન મુકાય માટે મને આટલી સાવધાની રાખવી જરૂરી લાગે છે. એ નીચ છે તે હું જાણું છું. પણ હવે આ છેલ્લી વાર મારે સંભાળી લવાનું છે. પછી આ ધંધો ને એની દોસ્તી બંને હું છોડી દઇશ.'

'મને તો આવી વાતો કહેતાં ને સાંભળતાં ય શરમ આવે છે,' અલ્પાએ પાછા વળતાં કહ્યું : 'છતાં કહું છું કે એ દુષ્ટનો કદી ભરોસો ન કરશો. એ બધું જ કરી શકે એટલો નીચ છે. માટે સંભાળજો.'

'ભલે, તું ચિંતા ન કર.' કહી લક્ષ્મીકાન્ત ધીરે પગલે ચાલી ગયો.

બીજે દિવસે મોટરસાઇકલ પર સમીરસિંહ આવ્યો. બપોરનો સમય હતો. સામાન્યતઃ ત્યારે લોકોની અવરજવર બહુ ઓછી હતી. મોટે ભાગે સાંજને સમયે આવતા સમીરસિંહે બપોરનો સમય કદાચ ગણતરીપૂર્વક પસંદ કર્યો હશે. અલ્પા તો ત્યારે ઉપર પોતાની રૂમમાં સૂતી આરામ કરતી હતી. નોકર-ચાકર પણ એ સમયે કામકાજથી પરવારી આસપાસ ક્યાંક ગયા હતા અથવા જરા આરામથી લંબાવ્યું હતું. એટલે સાદા વેશમાં સમીરસિંહ ઘરમાં દાખલ થયો ત્યારે ત્યાં કોઇ નહોતું. ચોક વટાવી એણે લક્ષ્મીકાન્તની રૂમ તરફ ડગ દીધાં ને બેલનું બટન દબાવ્યું. આળસ મરડી ઊભા થઇ લક્ષ્મીકાન્તે બારણું ખોલ્યું.

'આવો સમીરસિંહ' જરા સ્ફુતિમાં આવી એણે કહયું અને સમીરની આગળ ચાલી મોટા ટેબલની પેલી બાજુ જઇ પોતાની ખુરશી પર

બેઠો તથા જેમણે હાથે ધીરેથી સમીરને કશો ખ્યાલ પણ ન આવે એ રીતે બાજુના નાના ટબલ પરના ટેપ-રેકોર્ડરનું બટન દબાવ્યું. કેસેટ એણે પહેલેથી ગોઠવી રાખી હતી. મોટા ટેબલની સામી બહારની બાજુની ગાદી વાળી ખુરશીમાં એણે સંકેત કરી સમીરને કહ્યું :

'બેસો સાહેબ. કાંઈક ગરમ લેશો કે ઠંડુ?'

'થેંક્યું લક્ષ્મીકાન્તભાઈ, અત્યારે કશું નહિ. હું જરા ઉતાવળમાં છું.' પછી તરત જ એક આંખ ઝીણી કરી પૂછ્યું :

'પછી શું વિચાર્યું તમે?'

'શાનું સાહેબ?' કૃત્રિમ સ્વાભાવિકતાથી લક્ષ્મીકાન્તે પૂછ્યું.

'જાણે અજાણ્યા છો તમે?' જરા કરડાકીથી સમીરે કહ્યું : 'કાલે કેટલો માલ આવ્યો છે આપણો?'

'બારેક લાખનાં બિસ્કિટ છે સાહેબ.'

'લાવો જોઈએ.'

'લો, જુઓ. આ સુટકેસ તૈયાર છે.' કહેતાં લક્ષ્મીકાન્તે ટેબલ પર એક વજનદાર મજબૂત સુટકેસ મૂકી.

'માલ પેક રાખવા જેટલા તો તમો પ્રમાણિક છો.' સમીરે સુટકેસનાં સીલ તપાસતાં કહ્યું : 'આમાંથી મારો હિસ્સો કેટલો?'

'અડધો અડધ સાહેબ.' સમીરને સીગારેટ ધરતાં લક્ષ્મીકાન્તે કહ્યું.

'બસ?!?' જરા ગુસ્સામાં સમીરે પૂછ્યું.

'કેમ? આપણો ધંધો હંમેશાં પચાસ ટકાની ભાગીદારીનો નથી સાહેબ?' લક્ષ્મીકાન્તે સિગારેટ સળગાવતાં પૂછ્યું.

'એ નાના ધંધાની વાત થઈ શેઠ,' સમીરે સિગારેટનો કસ ખેંચતાં કહ્યું : 'પણ આ વખતે મારે મારા સાથીઓ અને હાથ નીચેના માણસોને પણ ખુશ કરવા પડશે. કારણ, હવે મારી બદલી થવામાં છે.'



'તો તમારી શી ઈચ્છા છે?' લક્ષ્મીકાન્તે પણ જરા કડકાઈથી પ્રશ્ન કર્યો.

'બે લાખનો માલ તમે ભલે રાખી લો શેઠ, બાકીનો દસ લાખનો માલ મારે હવાલે કરો.' ધુમાડાના ગોટા ફેંકતા ફોજદારે કહ્યું.

'એમ કેમ બને સાહેબ?' લક્ષ્મીકાન્તે કહ્યું : 'જોખમ ને ભાગીદારી અપણાં હંમેશાં સરખાં રહ્યાં છે.'

'લક્ષ્મીકાન્ત,' જરા અભિમાનથી સમીર બોલ્યો : 'આ સબ ઈન્સ્પેકટર સમીરસિંહ સોરઠીયા વડે જ તમે ઊજળા છો એ ન ભૂલતા. મારાં સહકાર અને ભાગીદારી વિના તમે આ ધંધો નહિ કરી શકો.'

'હવે આ ધંધો મારે કરવો ય નથી સમીરસિંહ,' જરા ગરીમીથી લક્ષ્મીકાન્તે કહ્યું : 'આ તો કયો પ્રતિષ્ઠાવાળો ધંધો છે? મને તો આ માટે મારી પત્ની ખૂબ ઠપકો આપે છે. તમે કહેતા હોય તો આ માલનાં નાણાં ય ધર્માદા કરી દેવા તૈયાર છું હું.'

'ધર્માદા કરવું છે, પણ મને નથી આપવું, એમ?' કડકાઈથી સમીર બોલ્યો.

'હા, મને દબાવી તમે અન્યાય નહી કરી શકો.' લક્ષ્મીકાન્તે સ્વમાન સાચવવા કહ્યું : 'હું તમારો આશ્રિત નથી, ભાગીદાર છું.'

'એમ છે? તો લે ભાગીદારીનું ફળ.' કહેતા સમીરે કોટમાં છૂપાવેલી રિવોલ્વર બહાર કાઢીને ધડ ધડ ધડ.... ત્રણ ગોળી છોડી!

'આ...હ' કરતો લક્ષ્મીકાન્ત ઢળી પડ્યો ને ચીલ ઝડપે ટેબલ પર પડેલી સુટકેસ ઉઠાવી સમીર બહાર જતો રહ્યો. જતા પહેલાં રિવોલ્વર ઈરાદાપૂર્વક ત્યાં જ મૂકી દીધી!

પોલીસ ખાતાનો એ માણસ પૂરો સાવધાન હતો. એણે હાથે મોજાં પહેર્યાં હતાં અને રિવોલ્વર બિનસરકારી હતી.

ગોળીબારના ધડાકા સાંભળી સૂતેલી અલ્પા સફાળી ઊભી થઈ ને બારણું ખોલી અગાશીમાં નીકળી એણે નીચે ચોગાનમાં જોયું. લક્ષ્મીકાન્તના

રૂમનું બારણું ખુલ્લું હતું. એ દોડતી નીચે ગઈ. આસપાસથી નોકરો પણ દોડી આવ્યા.

'શું થયું?... શેઠને ગોળી વાગી?...કોણે મારી?' વગેરે અનેક પ્રશ્નોત્તર થઈ રહ્યા. સૌથી પહેલી અલ્પા રૂમમાં ધસી ગઈ. ધડકતા દિલે એણે જોયું : લક્ષ્મીકાન્તનો લોહી નીતરતો દેહ ખુરશીમાં જ ઢળી પડ્યો હતો. ત્યાં પડેલી રિવોલ્વર સ્વાભાવિક રીતે જ હાથમાં લઈને અલ્પાએ જોઈ. એની નજર બાજુના ટેબલના અર્ધ ખુલ્લા ખાના પર પડી. તેને ખ્યાલ આવી ગયો. લક્ષ્મીકાન્તનું ગઈકાલનું સૂચન તેને યાદ આવ્યું. સમયસૂચકતા વાપરી તેણે ટેપ બંધ કરી રેકોર્ડરવાળું ટેબલનું ખાનું બંધ કરી દીધું. બધાંએ જોયું : લક્ષ્મીકાન્તનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. અલ્પા ધ્રુસકે ધ્રુસકે રડી પડી. બાજુના ઝૂંપડાવાસીઓ ય દોડી આવ્યાં હતાં. અલ્પાને આશ્વાસન આપવાનો પ્રયત્ન થયો. કોઈએ પોલીસચોકી પર ફોન કર્યો. થોડીવારે એ વિસ્તારની પોલીસ ચોકીના ઈન્ચાર્જ સબ ઇન્સ્પેક્ટર સમીરસિંહ સોરઠીયા ગણવેશમાં પોલીસ પાર્ટી સાથે જીપમાં આવી પહોંચ્યા! સુટકેસ ઉઠાવી, માલ વગે કરી, ઘેર જઈ યુનિફોર્મ પહેરી એ ઝડપથી પોલીસ ચોકી પર પહોંચી ગયો હતો. અને આવા સમાચાર આવવાની ગણતરીથી જ બેઠો હતો!

શબની સામે ખુરશી પર બેસી અલ્પા આંસુ સારતી હતી. આજુબાજુ બે-ત્રણ નોકરો ઊભા હતા. અન્નપૂર્ણાબાઈ પણ નત મસ્તકે અલ્પાની બાજુમાં ઊભી હતી. પોલીસ પાર્ટીએ આવીને બધાંને દૂર કર્યાં. પંચક્યાસ થયો. અલ્પાનો જવાબ લીધો. મુદ્દામાલ તરીકે રીવોલ્વર કબજે લેવાઈ. અને લાશને પોસ્ટમોર્ટમ માટે દવાખાને મોકલાઈ.

'શું લાગે છે ઇન્સ્પેક્ટર તમને?' અલ્પાએ રૂંધાયેલા અવાજે પૂછ્યું. સમીરને જાણે ઓળખતી જ ન હોય એ રીતે તે વર્તી.

'આપઘાત તો નથી જ લાગતો અલ્પાબેન,' ગંભીરતાથી માથું હલાવતાં સમીરસિંહે ક્હયું : 'ખૂન તો મિલકતની લાલચમાં જ થયું લાગે છે. પણ...' જરા અટકી અલ્પા તરફ ત્રાંસી નજરે જોતા સમીરે કહ્યું : 'પણ તમને કશું નુકશાન ન થાય એ હું જોઈશ.'



'મને?' આશ્ચર્ય અને ગુસ્સાના ભાવથી અલ્પાએ કહ્યું : 'મને તો જે નુકસાન થવાનું હતું તે થઈ ગયું. હવે શું નુકસાન થવાનું છે?'

'વાત તમે ધારો છો એટલી સીધી નથી,' સમીરસિંહે હાથમાંની સ્ટીક રમાડતાં કહ્યું : 'ગમે તેમ, આપણે ખૂનીને શોધવો તો પડશે જ બેન, અને એ માટે મારે તમારો સહકાર જોઈશે.'

'ખૂનીને પકડવો તો જોઈએ જ ને?' અલ્પાએ ગુસ્સાના ભાવથી કહેતાં ઉમેર્યું : 'અને એ માટે સહકાકર તો મારે તમારો જોઈશે.'

'મારી તો એ ફરજ છે બેન,' સમીરસિંહે નાટક કરતાં કહી ધીરેથી પૂછ્યું : 'તમને કોઈના પર વહેમ છે?'

'મને વહેમ?' અલ્પાએ પૂછ્યું. ત્યારે એને કહેવાનું મન થયું : 'વહેમ તો મને તારા પર છે નીચ.' પણ અત્યારે એ કશું બોલી શકે તેમ નહોતી.

'હા, અલ્પાબેન,' સમીરસિંહે કહ્યું : 'લક્ષ્મીકાન્ત કોઈ સાધારણ સ્થિતિના વેપારી નહોતા. એમની મિલકત મોટી કહેવાય છે. અને વળી મેં જાણ્યું છે કે...' સહેજ અટકી એણે ઝીણી આંખ કરતાં ઉમેર્યું : 'કે એ નિઃસંતાન છે. ખરું છે?'

'તેનું શું છે?' અવગણનાથી અલ્પાએ પૂછ્યું.

'તેનું ઘણું છે,' સમીરે રૂમમાં આંટા મારતાં કહ્યું : 'મિલકતવાળો માણસ સંતાન વગરનો હોય ત્યારે એની ઉપર ઘણાંની નજર હોય છે.'

'તમને આવી વાતોનો વધારે અનુભવ હશે.' અવગણનાપૂર્વક અલ્પાએ ક્હયું.

'માટે જ કહું છું,' પોતાનું મહત્ત્વ સ્વીકારતાં સમીરે આસપાસ બેઠેલાંને કહ્યું : 'તમે બધાં જરા બહાર જાવ. મારે શેઠાણી જોડે એકલાં વાત કરવી પડશે.'

કોઈ શેઠાણી સામે સહાનુભૂતિથી જોતાં તો કોઈ સબ ઇન્સ્પેક્ટર તરફ ડરથી જોતાં ધીરે ધીરે સૌ ઊઠવા માંડ્યાં.

'ચલો ચલો, જલદી.' હેડ કોન્સ્ટેબલે બધાંને બહાર કાઢતાં ક્હયું.

અન્નપૂર્ણા અલ્પા સામે જોઇ રહી. અલ્પાએ કહ્યું : 'ઇન્સ્પેક્ટર, મારે ખાનગીમાં કશું કહેવાનું નથી. છતાં બધાં ગયાં એ ઠીક છે. અન્નપૂર્ણાબાઇ અહીં છો રહ્યાં.'

'પાંચ જ મિનિટ બેન, આઇ.એમ.સૉરી. પણ આ ખૂન કેસો બહુ વિચિત્ર હોય છે. ન ધારેલું નીકળે છે એમાંથી.'

અલ્પાની સંમતિથી અન્નપૂર્ણા પણ બહાર ગઇ. સમીરસિંહના ઇશારે કોન્સ્ટેબલો પણ બહાર જઇ ઊભા.

'હં,' ખુંખારો ખાઈ સમીરસિંહે કહ્યું : 'હું એમ કહેતો હતો કે તમને કોઇના પર વહેમ છે? તમારા નોકરો, પેઢીના મુનીમ કે અન્ય માણસો...'

'મને કોઇના પર વહેમ નથી. અમારા બધા જ માણસો પ્રામાણિક ને વફાદર છે.'

'ઊજળું દેખાય એ બધું દૂધ નથી હોતું શેઠાણી!' જરા મરમમાં સમીરસિંહે ક્હયું.

'હું જાણું છું,' સ્વસ્થતાથી અલ્પાએ કહ્યું : 'પણ તેથી કાંઇ દૂધને છાશ કહેવાય નહિ.'

પાછળ ઊભેલા સમીરે માથું હલાવ્યું. અલ્પાની બુદ્ધિ તો પહેલેથી જ તેજ છે એ વાત તે જાણતો હતો. એને કૉલેજના દિવસો અને અલ્પા માટેની પોતાની તડપન યાદ આવ્યાં. સબ ઇન્સ્પેક્ટર મટી એક સ્વજન જેવા બનવાનો દેખાવ કરતાં તેણે કહ્યું :

'અલ્પા, આ બધું તો હું પતાવી દઇશ. તું કશી ચિંતા ન કરીશ. આમે ય લક્ષ્મીકાન્ત સાથે તારે ક્યાં કશી લેવાદેવા હતી? તેં ઘણીવાર મને ઠુકરાવ્યો છે. છતાં હજી ય તારા માટે મારા મનમાં એટલો જ ભાવ છે. અલ્પા, હું વર્ષોથી તારા માટે તડપું છું. ભગવાને એક વાર ફરીથી તક આપી છે. અલ્પા, હવે ય મારો સ્વીકાર નહિ કરે?' ધીમેથી પણ ઝડપથી સમીરે દિલની વાત કરી નાખી. એની આંખમાં ત્યારે કેવી વિકૃતિ હતી!



પણ અલ્પા સિંહણ શી ઊભી થઇ ગઇ. એ લગભગ ગર્જી :

'ઇન્સ્પેક્ટર, તમે રક્ષક છો કે ભક્ષક? તમે શું કરવા આવ્યા છો અહીં?'

બહાર ઊભેલાંનાં કાન સતેજ થયા. સ્પષ્ટ સમજાયું નહિ, પણ અંદરની હવા તેમને ગરમ થતી લાગી.

'અલ્પા, ફરી એક વાર વિનવું છું...અને મારું હજી ઘણું કામ પડશે હોં.' સમીરસિંહે વિનંતી અને ધમકી બંને સાથે અજમાવ્યાં.

'ભગવાન સિવાય મારે કોઇનું કામ નથી. તમે તમારી ફરજ બજાવો અને કાયદેસર રીતે કાર્યવાહી કરો.' અલ્પાએ કડકાઇથી કહ્યું : 'હવે તમે જઇ શકો છો.'

'ઠીક છે, જોઉં છું!' કહેતો સમીર ગુસ્સામાં બહાર નીકળ્યો ને બહાર આવી બોલ્યો : 'ચાલો કોન્સ્ટેબલ, શેઠાણી કોઇનું નામ આપી શકતાં નથી. આપણે જ ખૂનીને શોધી કાઢવો પડશે.'

સમીરસિંહની જીપ ઊપડી. નોકરો મુનીમ વગેરે આતુરતાથી અલ્પાને વિંટળાઇ વળ્યાં. સૌનાં હૃદય ધડકતાં હતાં. બધાંને આંસુ સારતી અલ્પાની દયા આવતી હતી. 'હવે શું કરવું?'ની મૂંઝવણમાં સૌ હતાં ત્યાં જ થોડી વારમાં સ્ત્રી પોલીસો સાથે સમીરસિંહ ફરીથી જીપમાં આવ્યો ને કહ્યું :

'હું દિલગીર છું અલ્પાબેન, તમારી ધરપકડ કરવા માટે...!'

'ધરપકડ! મારી?' આશ્ચર્ય અને આઘાત સાથે અલ્પાથી પુછાઇ ગયું.

'શેઠાણીની ધરપકડ!? એટલા જ આશ્ચર્યથી ત્યાં ઊભેલાં સૌનામુખમાંથી નકળી ગયું!'

'હા બેન,' સાધુત્વનો દેખાવ કરતા સમીરસિંહે કહ્યું : 'કાયદો કોઇની શરમ કે દયા રાખતો નથી. તમારા પતિના ખૂની તરીકે શક પરથી હું તમારી ધરપકડ કરું છું. આ વોરન્ટ છે.'

સમીરની નીચતાની હદ અલ્પાએ જોઇ. એની આખી રમત એ સમજી તો ગઇ, પણ અત્યારે એ લાચાર હતી. સમય અને સંજોગ અત્યારે એની વિરુદ્ધ હતાં. ઘડીવાર પહેલાં ખોયેલી સ્વસ્થતા તેણે પાછી મેળવી લીધી. આંસુ લૂછી દૃઢતાથી તેણે કહ્યું :

'ઠીક છે ઇન્સ્પેક્ટર, હું તમારે હવાલે છું.'

સ્ત્રી-કોન્સ્ટેબલો સાથે જીપ તરફ આગળ વધતાં પહેલાં એણે મુનીમ તથા નોકરોને આશ્વાસન આપતાં કહ્યું : 'કોઇ રડશો નહિ, કોઇ ડરશો નહિ. અંતે સત્ય બહાર આવશે અને ઇશ્વર જેવું કોઇ તત્ત્વ હશે તો પાપીને એની શિક્ષા થશે જ.'

એને ગળે વળગી પડેલી અન્નપૂર્ણાને છૂટી પાડતાં અલ્પાએ કહ્યું : 'આમ ઢીલાં થયે કેમ ચાલશે? આ ઘર હવે તમારે બધાએ સંભાળવાનું છે.'

મુનીમને તેણે કહ્યું : 'કાકા, તમારા શેઠની અંતિમ ક્રિયા અને ઉત્તરક્રિયા સંપૂર્ણ વિધિપૂર્વક કરજો અને એમની પાછળ દાન-ધર્મમાં કશી કસર ન રાખશો. અહીં તો ન મળી, પણ ભગવાન ત્યાં એમને શાંતિ આપે...' કહેતાં કહેતાં અલ્પાની આંખો છલકાઇ ગઇ. ત્યાં ઊભેલાં સૌ રડી પડ્યાં. ફરી જરા સ્વસ્થ થઇ અલ્પા જીપમાં બેસી ગઇ!

બીજે દિવસે વર્તમાનપત્રોમાં મોટા મથાળે ફોટા સાથે સમાચાર ચમક્યા :

''શેઠ લક્ષ્મીકાન્તનું ખૂન! એમનાં પત્ની અલ્પાની શક પરથી ધરપકડ! મિલકત માટેનું કાવતરું હોવાની પોલીસને શંકા!''

અલ્પા પર વજ્રાઘાત થયો. બીજું તો ઠીક, પણ પોતાની પ્રતિષ્ઠા એને ધૂળમાં મળી ગઇ લાગી. પણ એનું હતું કોણ? હૈયાની વરાળ એ કોની આગળ ઠાલવે?

પણ ખરેખર શું અલ્પાનું કોઇ નહોતું? વહેતી સાબરને કાંઠે બંને બાજુ વસતા લાખો નગરજનોમાંથી અલ્પાનાં આંસુ લૂછે, એની સાચી વાત સમજે અને એની નિર્દોષતાની ખાતરી કરાવે એવું કોઇ નહોતું શું?



તદ્દન એમ નહોતું. આ લાખો નગરજનોમાં, પૈસા માટે પળેપળ ખર્ચતા આપ-રત અમદાવાદીઓમાં ઓછામાં ઓછી એક વ્યક્તિ જરૂર એવી હતી જે સાચા હૃદયથી અલ્પાને ચાહતી હતી. એણે એને પરણ્યાં પહેલાં ચાહી હતી, પરણવા માટે ચાહી હતી. પણ એ બીજે પરણી હોવા છતાં હજી એ વ્યક્તિ એને હજી ચાહતી હતી એવી જ અને એટલી જ!

સવારમાં પેપર હાથમાં લેતાં જ પહેલા પાને ચમકેલા ખૂનના સમાચાર પર નજર પડી અને મૌલિકે એ આતુરતાથી વાંચવા માંડ્યા. પણ વિગતો વાંચતા એ ડઘાઇ ગયો! ચાનો કપ હાથમાં જ રહી ગયો.

'શું અલ્પાએ એના પતિનું ખૂન કર્યું!! ના, ના, એમ ન જ બને... હજી થોડા દિવસ પહેલાં તો મને મળી હતી... કશો ઉશ્કેરાટ નહોતો એનામાં.... ધીર, ગંભીર ને સહનશીલ બની ગઇ છે એ તો... સંજોગો સાથે એણે સમાધાન કરી લીધું છે... શા માટે એ ખૂન કરે? ના, ના, એ એમ ન જ કરે. તો...શું કાંઇ કાવતરું...? એ પધું પછી... સૌ પ્રથમ મારે એને મળવું જોઇએ અને એને છોડાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. બિચારી ડઘાઇ ગઇ હશે. એનું બીજું છે પણ કોણ?'

દવાની જેમ ચાનો કપ ગટગટાવી જઇ મૌલિક ઝડપથી તૈયાર થઇ ગયો. પોતાની બધી જ ઓળખાણ અને અક્કલનો ઉપયોગ કરી એણે અલ્પાને મળવાની પરવાનગી મેળવી અને એ એને જેલમાં મળ્યો. વિખરાયેલા વાળ, રડી રડીને સૂઝી ગયેલી આંખો, દુઃખના ભારથી નિસ્તેજ બનેલું મુખ. મૌલિકને લાગ્યું કે અલ્પા એક રાતમાં દસ વર્ષ વૃદ્ધ થઇ ગઇ છે. મૌલિકને જોતાં જ અલ્પાનો સંયમ તૂટી ગયો. એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. અરે, હિંમત અને ધીરજ આપવા ગયેલા, આવા તો કંઇક પ્રસંગોના અનુભવી મૌલિકની આંખમાં પણ આંસુ ઊભરાઇ આવ્યાં! પ્રિયતમાની આંખોનાં આંસુ લૂછતાં કયો પ્રિયતમ આંસુ નથી સારતો? જો કે મૌલિકે તો ક્ષણમાં જ સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી અને કહ્યું :

'રડ નહિ અલ્પા, શાંત થા. મને બધી સાચી વાત કહે. તારાથી કાંઇ ભૂલ થઇ હોય તો પણ કહે. હું જરૂર તને છોડાવી શકીશ.'

રડીને હૃદય હળવું થયું ત્યારે અલ્પાએ બધી હકીકત કહીને અંતે ઉમેર્યું :

'મૌલિક, બીજું તો ઠીક, પણ નિર્દોષ છતાં દુનિયાની નજરે હું મારા પતિની ખૂની ઠરી અને સાચો ખૂની છટકી ગયો એનું મને દુ:ખ છે. બાકી જીવનનો તો બીજો કશો મોહ હવે રહ્યો નથી મને. હા, બિચારા શેઠ કમોતે મર્યા.'

'અલ્પા, જરા ય ચિંતા ન કરીશ,' મૌલિકે દૃઢતાથી કહ્યું : 'તું જરૂર નિર્દોષ છૂટીશ અને સાચો ખૂની સજા ભોગવશે.'

સાચો ખૂની કોણ હોઈ શકે એનો સંકેત પણ અલ્પાએ મૌલિકને આપી દીધો હતો. અને એ માટે જરૂરી વિગતો પણ કહી હતી. વકીલાતપત્ર પર સહી કરાવી સમય થતાં મૌલિક પાછો વળ્યો ત્યારે ફરીથી અલ્પાની આંખો છલકાઈ ગઈ, પણ મૌલિકે 'મારા સોગન' કહી એ લૂછી નાખીને ભારે હૈયે રજા લીધી.

જતાં મૌલિકને સળિયા પાછળની આંખો એવી રીતે જોતી હતી - જાણે ભગવાનને જતા જોતી ભક્તની આંખો! એમાં કૃતજ્ઞતા હતી, પ્રેમ હતો, શ્રદ્ધા હતી!

અનુક્રમ

## ૨૪ : ખૂનખટલો

અલ્પા તરફથી વકીલાતનામું રજૂ કરી સૌ પ્રથમ તો મૌલિકે એને જામીન પર છોડાવવાનો પ્રયત્ન કર્યો. આબરૂદાર શ્રીમંત કુટુંબની આ ભણેલી-ગણેલી સંસ્કારી યુવતીને કોઈએ દગો કરી આ ખટલામાં ફસાવી દધી છે, માટે એને જામીન પર છોડવી જ જોઈએ એ પ્રકારની એણે દલીલો કરી. પણ સરકારી વકીલે દલીલ કરતાં કહ્યું કે 'મરનાર લક્ષ્મીકાન્ત એ ધનાઢ્ય વ્યક્તિ હતા, પત્ની સિવાય તેમના કુટુંબમાં નિકટનું કોઈ સગું નથી, એટલે સ્વાભાવિક રીતે જ બધી મિલકત તેમનાં પત્ની અલ્પા જે શકમંદ આરોપી છે એમની પાસે આવે. આવી પૈસાદાર સ્ત્રી સાક્ષીઓને ફોડીને ફેરવી શકે અને કેસ લૂલો કરી શકે. માટે એને જામીન પર ન છોડી શકાય...'

અલ્પાની જામીનઅરજી નામંજૂર થઈ. પોલીસને એ ચાર દિવસના રીમાન્ડ પર સોંપાઈ. ચાર્જસીટ રજૂ થયું અને થોડા દિવસો પછી કેસ શરૂ થયો. મૌલિક શક્ય હોય ત્યારે અલ્પાની મુલાકાત લેતો, એને ધીરજ અને આશ્વાસન આપતો તથા એના બચાવ માટેની તૈયારી કરવા અનેક પ્રશ્નો પૂછી વિગતો એકઠી કરતો. લક્ષ્મીકાન્તનો દાણચોરીનો ધંધો અને એમાં સબ ઈન્સ્પેક્ટર સમીરસિંહની ભાગીદારી, ઘણી વાર લક્ષ્મીકાન્ત પાસે એનું આવવું, છેલ્લા મોટા ધંધાની વાત અને એ માટે બંને વચ્ચે પડેલો ઝઘડો, ટેપ રેકોર્ડરની લક્ષ્મીકાન્તની યોજના, ખૂનનો સમય, ખૂન પછી અલ્પા સાથેનું સમીરસિંહનું વર્તન, એની વાતચીત એ બધું જાણીને મૌલિક જેવો ચતુર વકીલ સમજી ગયો કે આ ખૂન જો સમીરસિંહે કર્યું નહિ હોય તો કરાવ્યું હશે જ. સોનાની લગડીઓવાળી સુટકેસ પણ ગુમ થઈ ગઈ હતી એ સૂચક હતું એમ મૌલિકે નોંધ્યું. વળી સમીર કૉલેજ કાળથી અલ્પાની પાછળ હતો અને પોતાની ઈચ્છા સંતોષવા એ ગમે તેવું અધમ કૃત્ય પણ કરી શકે તેમ હતો એ

મૌલિક જાણતો હતો. એટલે હવે એ રીતે વિચારીને એણે કેસ તૈયાર કરવા માંડ્યો.

ખૂનખટલાના રિપોર્ટ ફોટા સાથે મોટી હેડ લાઈનોથી રોજ વર્તમાનપત્રોમાં આવતા હતા. અલ્પાને આ જોઈ ખૂબ દૂઃખ થતું. પોતાની પ્રતિષ્ઠા ગઈ એનું અને લોકચર્ચાનો પોતે વિષય બની, પોતાને વિષે લોકો ગમે તેવી વાતો કરી શકે એવી સ્થિતિ ઊભી થઈ — આ બધી વાતોનો વિચાર કરતાં અલ્પાનું હૃદય વલોવાઈ જતું. પણ ધીરે ધીરે એથી પણ એ ટેવાઈ. લોકનિંદા અને લોકાપવાદની ભીતિ તથા સંકોચ પણ ધીરે ધીરે ઓછાં થયાં. પણ આ સંસારનો અને જીવનનો એને બધો મોહ ઊતરી ગયો. એનું મન ધીરે ધીરે વિરક્તી તરફ ઢળતું ગયું. નિંદા કે પ્રશંસાની બહુ દરકાર હવે એને ન રહી. આ બધું સ્વાભાવિક હતું. કારણ કે જન્મથી યુવાની સુધીના એકધારા સુખી જીવન પછી એ કેવી એક પછી એક દુઃખનાં વમળોમાં સપડાતી ગઈ! માતાનું મૃત્યુ, પિતાનું મૃત્યુ, લક્ષ્મીકાન્ત સાથે ફરજિયાત રીતે પરણવું પડે એવી સ્થિતિ, મૌલિકનો વિયોગ અને અંતે પતિના ખૂની તરીકેનું કલંક! અલ્પાને જીવન ખારુ દવ લાગ્યું. માત્ર એક જ ઈચ્છા એના મનમાં હતી : ‘નિષ્કલંક એવી પોતાને માથે આવેલું આળ જાય અને લક્ષ્મીકાન્તના સાચા ખૂનીને યોગ્ય સજા થાય. આ સિવાય હવે એને સંસારની કોઈ માયા નહોતી, કશામાં રસ નહોતો. એક સુંદર, ચપળ, બુદ્ધિશાળી અરમાનોથીભરી યુવતી કાળના ચક્રમાં કેવી ફસાઈ ગઈ!

મૌલિકે કેસ બરાબર તૈયાર કર્યો. અલ્પા નિર્દોષ છે અને સમીરસિંહ ફોજદાર જ ખૂની છે એની એને ધીરે ધીરે ખાતરી થઈ ગઈ. લક્ષ્મીકાન્તના રૂમમાંથી એણે લક્ષ્મીકાન્ત અને સમીરસિંહનો ભેગો પડાવેલો ફોટો પોતાની પાસે લઈ લીધો. અલ્પાએ બતાવેલ ટેબલમાંથી એણે ટેપ રેકોર્ડર પોતાને કબજે લઈ લીધું. એ ટેપ એણે ઘેર જઈને એકાંતમાં ધીરેથી સાંભળી. લક્ષ્મીકાન્તના ખૂન પહેલાં સમીરસિંહ ત્યાં ગયો ત્યાંથી માંડીને લક્ષ્મીકાન્તનું ખૂન થયું એ દરમિયાન લક્ષ્મીકાન્ત અને સમીરસિંહ વચ્ચે થયેલી બધી જ વાતચીત એમાં હતી. એ સાંભળીને મૌલિક ખુશ થઈ ગયો. હવે અલ્પાને છોડાવી અને સમીરને સજા કરાવવી એ કામ એને માટે બહુ કઠિન ન રહ્યું. કોર્ટમાં ક્યારે શું રજૂ કરવું એ વાત મૌલિક બરાબર જાણતો હતો.



પણ સમીરસિંહ પણ મૌલિકની ધારણા કરતાં વિશેષ ચતુર નીકળ્યો. થોડાં વર્ષો પહેલાં મૌલિકે પોતાનું જૂનું ઘર ખાલી કર્યું ત્યારે સામાન બાંધવામાં મદદ કરવાને બહાને એ ત્યાં ગયો હતો અને એ દરમિયાન પોતાના લક્ષ્મીકાન્ત સાથેના લગ્ન માટે દુઃખ વ્યક્ત કરતો કાગળ જે અલ્પાએ મૌલિકને લખ્યો હતો, એ એના હાથમાં આવી ગયો હતો. ‘ક્યારેક કામ લાગશે’ વિચારી સમીરે એ સંઘરી રાખ્યો હતો. વળી થોડા સમય પહેલાં ગાર્ડન પાસે મળેલાં અલ્પા-મૌલિકનો ફોટો પણ એણે પાડી લીધો હતો. આ બંને ચીજો અલ્પા અને મૌલિકનું પ્રેમ-પ્રકરણ સાબિત કરવા અને અલ્પાના લગ્ન બાદ પણ એ બે વચ્ચે સંબંધ ચાલુ હતો એ પુરવાર કરવા ખૂબ ઉપયોગી થાય તેમ હતી, જે એણે સરકારી વકીલને આપી. આમ પોતાના માર્ગમાં કાંટારૂપ પતિને દૂર કરી અલ્પા પોતાના પ્રેમી મૌલિક સાથે લગ્ન કરવા માગતી હતી, એને માટે એણે અને મૌલિકે સાથે મળી લક્ષ્મીકાન્તનું ખૂન કર્યું હતું એમ એ સિદ્ધ કરવા માગતો હતો. એથી પોતે છટકી જઈ શકશે એટલું જ નહિ, પોતે વર્ષોથી જેને વિરોધી માને છે એ અલ્પા અને મૌલિક પરની વેરવૃત્તિ સંતોષાશે એવી સમીરની સાચી ગણતરી હતી. સજ્જનોને દુઃખી જોવામાં દુષ્ટોને આનંદ આવતો હોય છે!

કેસનું હીયરીંગ શરૂ થયું ત્યારે મૌલિકની સલાહ પ્રમાણે અલ્પાએ ગુન્હાનો ઈન્કાર કર્યો અને એણે તૈયારી કરાવી હતી એ પ્રમાણે વકીલ મૌલિકની સરતપાસમાં અનુકૂળ જુબાની પણ આપી. કેસ એટલે બધો રસપ્રદ અને જાણીતો હતો કે કોર્ટરૂમ ચિક્કાર થઈ જતો. અલ્પાને જોઈને લોકો ભાતભાતનાં ટીકા-ટિપ્પણ કરતા : ‘આ ખૂની સ્ત્રી’... ‘દેખાય છે તો સંસ્કારી ને ખૂન...!’ ‘ભાઈ, યુવાની ને પૈસો જ દુઃખનાં મૂળ છે..., ‘‘સ્ત્રી જાતનો ભરોસો જ નહિ!’ આવી ઘણી આઘાતજનક ટીકાઓ થતી તો કેટલાક અલ્પાની દયા ખાતા ને સાનુકૂળ પ્રત્યાઘાત પાડતાં કહેતા : ‘ના, ના, બાઈ એવી નથી લાગતી...’ ‘અરે ભાઈ પોલીસખાતું તો પોકનારીને જ પરણે એવું હોય છે. ફરિયાદીને જ એ આરોપી બનાવી દે...’ ‘ગુન્હો બને એટલે પોલીસવાળાંએ કોઈકને પકડવો તો જોઈએ જ ને? જાડા નરને શોધીને જ શૂળીએ ચઢાવી દે એ તો!’... ‘બિચારી ભણેલી-ગણેલી બાઈ ફસાઈ પડી...’

આવા અનેક પ્રત્યાઘાતો અલ્પાને કાને પડતા ને એને આઘાત આપણા. થોડાં વર્ષ પહેલાંની આ શહેરના એક સખી, પ્રતિષ્ઠિત કુટુંબની દીકરીની આજે કેવી યાતનાભરી હાલત હતી! અલ્પાની કેટલીક સખીઓ ય એને મળીને આશ્વાસન ને હિંમત આપી ગઇ હતી. પણ છેલ્લા થોડા સમયના સતત આકરા આઘાતોથી અલ્પાનું મન હવે વિરક્તિ તરફ ઢળી રહ્યું હતું. મીરાંબાઈનું 'ઓઢું હું તો કાળો કામળો, દૂજો ડાઘ ન લાગે કોઈ' જેવી વૈરાગવૃત્તિ હવે એનું મન કેળવી રહ્યું હતું. સંસાર પર વૈરાગ કાંઇ અમસ્તો જ નથી આવતો. એ માટે આવા આઘાતોની જ જરૂર પડે છે! હા, અલ્પાનું મન હજી એક વ્યક્તિ માટે ખેંચાતું હતું, એને માટે હજીય એનો જીવ બળતો હતો, એને માટે ખૂબ અહોભાવ અને અપાર પ્રેમ તેના હૃદયમાં આજે ય હતાં-એ વ્યક્તિ હતી મૌલિક! મૌલિક સિવાય હવે એને કશામાં રસ નહોતો. પોતાને કારણે એ બિચારો હજી ય અપરણિત હતો. પ્રેમનો દીપ તો એણે જ સાચી રીતે જલતો રાખ્યો હતો. જેલની ચાર દીવાલો વચ્ચે બેસી એ વિચાર મંથનમાં ડૂબી જતી હતી ત્યારે મૌલિકના વિચારો કરતાં એને યાદ આવતી હતી મૌલિકે એક વાર કહેલી પંક્તિ : 'મેરા પ્યાર દેખેગા સારા જમાના...!' અને એનું હૃદય પડઘી ઊઠતું : 'મૌલિક, સાચી વાત છે, તારો પ્રેમ એવો છે જે જોઇને—જાણીને જગતના લોકો સ્તબ્ધ બની જાય, અરે, માનથી મસ્તક ઝૂકાવી દે!'

કેસ ચાલુ થયો. દરમિયાન સમીરે અલ્પાના નોકરોને સામ, દામ, દંડથી વશ કરી એવા સાક્ષી ઊભા કરવાનો પ્રયત્ન કરી જોયો કે જેઓ એમ કહે કે 'મૌલિક મહેતા વારંવાર શેઠાણી પાસે આવતા હતા અને એમણે અને શેઠાણીએ મળી શેઠનું ખુન કર્યું છે!'

પણ અલ્પાના સદ્‌ભાગ્યે એક પણ નોકરે પોતાની નિર્દોષ શેઠાણી પર આળ ચઢે અને એ વધુ ફસાય એવી જુબાની આપવાની તૈયારી ન બતાવી.

પણ સરકારી વકીલે અલ્પાના ક્રોસમાં મૌલિકને ફસાવનો પ્રયત્ન કર્યો. એણે અલ્પાને નીચેના જેવા પ્રશ્નો પૂછ્યા :



'જુઓ બેન, તમારે તમારા પતિ લક્ષ્મીકાન્ત સાથે બનતું નહોતું.'

'ખોટી વાત છે.' અલ્પાએ મક્કમતાથી કહ્યું.

'તમે તમારા પતિને ચાહતાં નહોતાં.'

'એમ કહેવું એ મારું અપમાન છે.' હકડેઠઠ ભરાયેલી કોર્ટ રૂમની નજર આ માનુની પર જડાઇ ગઇ.

'તમે તમારા પતિને વફાદાર નહોતાં' સરકારી વકીલે અલ્પાને ઉશ્કેરવા કહ્યું.

'મી.લોર્ડ,' ગર્વથી ઊંચી ડોક કરી અલ્પાએ જજને કહ્યું : 'આવો પ્રશ્ન પૂછવા દેવો એ પ્રત્યેક આર્ય પત્નીનું અપમાન છે.' કોર્ટરૂમમાં ગણગણાટ શરૂ થયો. એમાં અલ્પા માટેનું માન દૃષ્ટિગોચર થતું હતું!

'ઑર્ડર, ઑર્ડર.' જજે ટેબલ પર લાકડાની મોગરી પછાડતાં કહ્યું અને સરકારી વકીલનો પ્રશ્ન તેમણે ના મંજૂર કર્યો. લોકો ખુશ થયા.

'તમે મૌલિક મહેતા નામની વ્યક્તિને ચાહતાં હતાં. બોલો, ખરું કે નહિ?' સરકારી વકીલે ઘા કર્યો!

મૌલિક ત્યારે વકીલ તરીકે હાજર હતો. તેણે આવા પ્રશ્નની શક્યતા ધારી નહોતી. એ માટે એ તૈયાર નહોતો કે અલ્પાને ય તેણે તૈયાર કરી નહોતી. પોતાનું નામ આવ્યું એથી એ જરા ચમક્યો. પણ તરત જ સ્વસ્થ થયો. અલ્પા શું જવાબ આપશે અને એણે શું જવાબ આપવો જોઇએ એનો તેને ખ્યાલ નહોતો. અલ્પા પણ સહેજ ચમકી, ગૂંચવાઇ અને જવાબ શું આપવો એની દ્વિધા અનુભવી રહી. એક નજર તેણે મૌલિક પર પણ નાખી.

'મી.લોર્ડ,' મૌલિકે વચ્ચે ઊભા થઇ કહ્યું : 'આ પ્રશ્ન અપ્રસ્તુત છે અને મારા અસીલને માનસિક રીતે અસ્વસ્થ કરવા માટે પૂછાયો છે.'

'નો મી લોર્ડ.' સરકારી વકીલે ભારપૂર્વક કહ્યું : 'ઇટ ઇઝ નોટ સો. (એમ નથી.) આ પ્રશ્ના જવાબનો કેસ સાથે સીધો સંબંધ છે એ હું થોડીવારમાં જ બતાવીશ.'

'યસ, ગો ઓન,' જજે અનુમતિ આપી ને સરકારી વકીલે ફરી કડકાઈથી પૂછ્યું :

'બોલો, તમે મોલિક મહેતા નામની વ્યક્તિને ચાહતાં હતાં ને?'

અલ્પાએ હવે પૂરતી સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી હતી. શું જવાબ આપવો એ પણ એણે નક્કી કરી નાખ્યું હતું. એટલે સરકારી વકીલના દોહરાયેલા પ્રશ્નનો ઉત્તર આપવા તેણે ગર્વથી ડોક ઊંચી કરી અને કહ્યું :

'તમે પ્રશ્ન પૂછ્યો જ છે અને જવાબનો આગ્રહ રાખો છો ત્યારે મારો પૂરો જવાબ સાંભળી લો સાહેબ, મૌલિક મહેતાને હું ચાહતી હતી, ચાહું છું અને જીવનભર ચાહીશ...'

કોર્ટનો આખો ઓરડો એક કાને થઈ ગયો. પણ સરકારી વકીલ તો ખુશ થઈને વચ્ચે જ ટપકી પડ્યો :

'ધેટસ ઈટ.' (બરાબર છે.)

'પણ સાંભળો સાહેબ' અલ્પા આગળ વધી : 'ચાહવું એ ગુનો નથી. બેવફાદારી ગુનો છે. અને મૌલિકને ચાહવા છતાં સંજોગોએ લક્ષ્મીકાન્ત સાથે પરણવાની મને ફરજ પાડી ત્યારે હું મારા પ્રેમને ય વફાદર રહી અને પતિને ય વફાદર રહી.'

'ઈમ્પોસીબલ મી. લોર્ડ, આ વાત જ અશક્ય છે, પણ એ આપણે આગળ ઉપર ચર્ચીશું.' સરકારી વકીલે કહ્યું.

'તમે એને અશક્ય કહો અને ઠરાવો એ બરાબર છે' અલ્પાએ જરા આવેશમાં આવીને કહ્યું. 'કારણ કે તમે લોકોએ સાચો પ્રેમ જોયો નથી, સાચી વફાદારી જાણી નથી. પણ મેં પરણતાં પહેલાં જ મારી સ્થિતિની ચોખવટ મારા પતિ અને સસરા સાથે કરી હતી કે 'હું મૌલિકને ચાહું છું અને ચાહીશ. જો તમે મને લગ્ન માટે મજબુર કરશો તો હું પરણીશ તો ખરી, પણ દિલ એકને આપ્યા પછી આ દેહ બીજાને નહિ જ અપાય. છતાં બીજી રીતે હું એક વફાદાર પત્ની પણ રહીશ.' મારી આ શરત મારા પતિ અને સસરા બંનેએ પોતાનું અહમ્ પોષવા રામદાસ શેઠની દીકરીને પોતાના



ઘરની વહુ બનાવવા સ્વીકારી હતી. કમભાગ્યે આજે બેમાંથી એકેય હયાત નથી. નહિ તો મારી વાતમાં કોઈને શંકા ન રહેત. બીલીવ મી. લોર્ડ,' જજ તરફ ફરી લાગણીભર્યા અવાજે અલ્પાએ કહ્યું : 'હું વફાદાર પત્ની રહી છું જેનો મારા પતિને પણ પૂર્ણ સંતોષ હતો, અને હું એવી જ વફાદાર પ્રેમી છું. વ્યવહારડાહ્યા લોકો આવા પ્રેમને અશક્ય માનતા હોય, આવી બેવડી વફાદારીમાં વિશ્વાસ ન કરતા હોય એ સ્વાભાવિક છે. કારણ કે જગતે સાચાં પ્રેમીઓ બહુ ઓછાં જોયાં-જાણ્યાં છે.'

'તો આ પરથી સ્પષ્ટ થાય છે કે તમારા પ્રેમી મૌલિક મહેતાને પામવા માટે તમે તમારા ધનિક પતિ લક્ષ્મીકાન્તનું મૌલિક મહેતાની મદદથી ખૂન કરી નાખ્યું.' સરકારી વકીલે ડરાવતી આંખોથી કહ્યું : 'ખરી વાત ને?'

'તદ્દન ખોટી. બનાવટી વાત.' અલ્પાએ મક્કમતાપૂર્વક ઈન્કાર કરતાં કહ્યું : 'આ તો કટોકટીના સમયમાં મારી મદદે રહેનાર મૌલિક મહેતાને પણ ફસાવવાનું એક કાવતરું છે.'

કોર્ટમાં ગણગણાટ શરૂ થયો. પણ જજે સહુને શાંત કર્યા. ત્યારે સરકારી વકીલે એક કાગળ બનાવતાં કહ્યું :

'જુઓ, આ કાગળ તમારો લખેલો છે?'

અલ્પાએ અક્ષર જોઈ કહ્યું : 'હા.'

'એ તમારા પ્રેમી મૌલિક મહેતાને સંબોધીને લખાયો છે?'

'હા, મારા લગ્ન પહેલાંનો એ પત્ર છે. પણ એ પત્ર તો ઊલટું મેં હમણાં કહી એ વાતને સમર્થન આપે છે.' અલ્પાએ બુદ્ધિપુર્વક વિરોધીના પુરાવાનો પોતાના લાભમાં ઉપયોગ કરતાં કહ્યું.

'કઈ વાત?' સરકારી વકીલે પૂછ્યું.

'એ વાત કે હું પત્ની અને પ્રેમી બંને રીતે જીવનભર વફાદાર રહીશ.' અલ્પાએ શાંતિથી જવાબ આપ્યો.

'એ વાત પછી,' કહેતા સરકારી વકીલે એક ફોટોગ્રાફ કાઢીને કહ્યું : 'જુઓ આ તમારો મૌલિક મહેતા સાથેનો ફોટો છે.'

મૌલિક અને અલ્પા બંને ચમક્યાં. એમણે કદી સાથે ફોટો પડાવ્યો નહોતો, પણ સમીરે પાડી લીધેલા ફોટાની એમને ખબર ક્યાંથી હોય?

અલ્પાએ ધ્યાનથી ફોટો જોયો ને જરા કટાક્ષમાં કહ્યું : 'હા, છે તો અમારો જ ફોટો.'

'તમારાં લગ્ન પછીનો આ ફોટો છે ને?' વકીલે તીણી આંખ કરી પૂછ્યું.

'મને ખબર નથી. કારણ કે અમે ક્યારેય ફોટો પડાવ્યો નથી. અને આ તો કોઈકે પાડી લીધેલ કે કરામત કરી બનાવેલો ફોટો છે.'

'મી.લોર્ડ,' સરકારી વકીલે જજ તરફ ફરીને કહ્યું : 'આરોપીના વકીલ મિ. મૌલીક મહેતા પણ આ ખૂનના એક મદદગાર આરોપી છે. માટે એમનું વકીલાતપત્ર રદ કરી એમની ધરપકડ કરવી જોઈએ. આમ કહેતાં મને ઘણી દિલગીરી થાય છે, પણ ન્યાયને ખાતર આમ કરવું જરૂરી છે.'

કોર્ટમાં ભારે ગણગણાટ થયો. અલ્પા તો પોતાને કારણે બિચારો મૌલિક મુશ્કેલીમાં મુકાઈ ગયો એથી હેબતાઈ જ ગઈ, પણ મૌલિકને સમીરની આખી રમતનો ખ્યાલ આવી ગયો, એટલે કોઈ કહે એ પહેલાં જરાય સ્વસ્થતા ગુમાવ્યા સિવાય એણ પોતે જ કહ્યું :

'મી લોર્ડ, હું આપને તાબે છું. **Let the truth prevail** સત્ય ભલે બહાર આવતું. સત્ય બહાર આવવું જ જોઈએ.'

**'Thanks for your co-operation Mr. Metha.'** જજે મૌલિકનું ગૌરવ સાચવવા કહ્યું : **'You have proved to be a very noble citizen and a worthy lawyer.'** (મિ. મહેતા, તેમ એક ઉત્તમ નાગરિક અને લાયક વકીલ સાબિત થયા છો. આભાર.)



કોર્ટ બીજા દિવસ પર મુલતવી રહી. વિવિધ વાતો કરતા લોકો આશ્ચર્ય અનુભવતા વિખરાવા લાગ્યા. કેસ ખૂબ રસિક તબક્કે પહોંચ્યો હતો માટે બીજે દિવસે આવવાની તેઓ પોતાના મિત્રોને ખાતરી આપતા છૂટા પડ્યા.

એક કાંકરે અનેક પક્ષીઓ મારવામાં તો સમીર હોંશિયાર હતો જ. એક ચાલ ચાલીને તેણે પોતે કરેલું ખૂન અલ્પાને માથે ઢોળી દીધું, એને મદદ કરતા મૌલિકને પણ બદનામી સાથે દૂર થવું પડે એમ ગોઠવી દીધું અને લાખોનો માલ પોતે એકલો જ ખાઈ જઈ શકે એ માટે મેદાન સાફ કરી નાખ્યું! મૌલિક અને અલ્પા પરની જૂની દાઝ પણ આ રીતે તે વાળી રહ્યો હતો. કેટલાક લોકો અકારણ જીવનભર દુશ્મનાવટ જ દાખવે છે! મૌલિક સાથે સમીરે આમ જ કર્યું હતું!

મૌલિક પોલિસ કસ્ટડીમાં પડ્યો એટલે અલ્પાને તો બેવડું દુઃખ થયું. પોતાને મદદ કરતાં એ બિચારો મુશ્કેલીમાં મુકાયો એનો આઘાત તો એને થયો જ. વળી મૌલિક તરફથી મળતાં આશ્વાસન અને ધીરજ બંધ થયાં. એટલે એ એકલી એકલી જ સહતી ને શોષાતી રહી. નિર્દોષ ખૂની ઠર્યા ને સાચો ખૂની ખાનદાન બની ફરતો હશે! વિધિનો કેવો કટાક્ષ! યૌવનમાં પગ મૂકતાં જ અલ્પા દુઃખના ડુંગરા નીચે દબાઈ ગઈ. સૂરજ ઉષા સમયે જ આથમી રહ્યો, વસંત ખીલતામાં જ કરમાઈ ગઈ! અલ્પાનું મન ધીરે ધીરે વિરક્ત બની ગયું. સંસારનાં સુખની એને હવે એષણા ન રહી, દુઃખ અને બદનામીની એને હવે નવાઈ ન રહી!

પણ મૌલિક એમ અલ્પાને અધવચ્ચે મૂકી દે એવો નહોતો. એને પોતાની કશી જ ચિંતા નહોતી, પણ અલ્પાની બધી જ ફીકર હતી. અલ્પા નિર્દોષ હતી એની એને ખાતરી હતી, પણ એવી ખાતરી એ સમાજને પણ કરાવી આપવા માગતો હતો. એનું મિત્ર વર્તુળ વિશાળ હતું. એટલે અનેક નામાંકિત વકીલો, ડૉક્ટરો અને બીજા લોકો એને મળવા ને આશ્વાસન આપવા આવતા. પણ મૌલિકે આખી વાતને એવી હળવાશથી લીધી હતી કે મળવા આવનાર એની પ્રસન્નતા જોઈ નવાઈ પામતું. એ તો કહેતો : **This is nothing but an April fool joke which will be**

**proved so in due course** (આ તો માત્ર 'એપ્રિલ ફુલ'ની મજાક છે જે સમય આવે સિદ્ધ થશે.) વળી સાથી વકીલમિત્રોને તે મજાકમાં કહેતો, 'અરે યાર, ઘણાંને જેલની હવા ખવડાવી છે, તે આપણે ય તેનો થોડો અનુભવ તો કરવો જોઇએ ને?'

મૌલિક અને અલ્પા વતી હવે મૌલિકના મિત્ર અને ખ્યાતનામ એડવોકેટ શ્રી ચાંપાનેરીયા વકીલ તરીકે ઊભા રહ્યા. સરકારી વકીલે રજૂ કરેલા મૌલિક પરના અલ્પાના પત્રને આધારે જ એમણે એ બંનેના સાત્ત્વિક પ્રેમની ઉચ્ચ ભૂમિકા સાબિત કરતાં કહ્યું :

'મી લોર્ડ, અહીં એક એવી મહાન આર્યનારી છે જેને પોતાના પ્રેમીને ત્યાગી અન્ય સાથે પરણવાની ફરજ પડી છે. છતાં એ સ્ત્રીની મહાનતા તો જુઓ, એણે પ્રેમીને છેહ ન દીધો ને પતિને દેહ ન દીધો! પ્રેમીને હૈયામાં સમાવી એ પતિને ય વફાદર રહી... પણ આ વાત પર હું આર્ગ્યુમેન્ટસ વખતે આવીશ. અત્યારે તો હું પોલીસ સબ ઇન્સ્પેક્ટર મિ. સમીરસિંહને તપાસવા માગું છું...'

'સમીરસિંહને તપાસતાં પહેલાં મિ. ચાંપાનેરીયાએ અલ્પા, મૌલિક, અલ્પાના જૂના ડ્રાઇવર તથા એમના કૉલેજ સમયના અન્ય એક સહધ્યાયીને તપાસીને એવી વિગતો કઢાવી હતી કે અલ્પા, મૌલિક અને સમીરસિંહ ત્રણેય કૉલેજમાં સાથે ભણતાં હતાં... સમીરસિંહ એક રખડુ કૉલજીયન હતો અને એવી ટોળીનો સરદાર હતો... ત્યારે એની નજર અલ્પા પર હતી ને એણે અલ્પાને એના પિતાની મિલકત ખાતર પરણવા ઘણા વ્યર્થ પ્રયત્નો કર્યા હતા... અલ્પા હંમેશાં સમીરસિંહને તિરસ્કારતી હતી. અલ્પાના પતિ લક્ષ્મીકાન્ત સાથે સમીરસિંહને બે નંબરના ધંધાની ભાગીદારી હતી... તે કારણે એ ઘણીવાર લક્ષ્મીકાન્તને ઘેર જતો...'

કેસ ખૂબ રસપ્રદ બનતો જતો હતો. વર્તમાનપત્રો એને ખૂબ ખૂબ પ્રસિદ્ધિ આપતાં હતાં. દરરોજ કોર્ટરૂમ ખીચોખીચ ભરાઇ જતો. એટલે મોડા આવનારને તો બહાર જ ઊભા રહેવું પડતું. વકીલો પણ અગાઉથી આવીને કેસ સાંભળવા બેસી જતા. ચાંપાનેરીયા જેવા બાહોશ ધારાશાસ્ત્રી છેલ્લી



ઘડીએ કશો ધડાકો કરશે અને કેસને નવો જ વળાંક આપશે એમ સૌ માનતાં હતાં. સમીરસિંહની ઉલટ તપાસ તો ખૂબ રસપ્રદ બની. પોતે અલ્પા અને મૌલિકની સાથે ભણતો હતો એ વાતનો તો અગાઉના સાક્ષીઓની અને કહેવાતા આરોપીઓની જુબાનીને કારણે સમીરસિંહ ઈન્કાર કરી શકે તેમ નહોતો. પણ પોતે રખડુ કૉલેજીયન હતો, કે અલ્પાને પરણવા માગતો હતો એ વાતનો તેણે ઈન્કાર કર્યો. વળી, લક્ષ્મીકાન્ત સાથે ધંધાની ભાગીદારી તો શું, પણ લક્ષ્મીકાન્તને પોતે ઓળખતો પણ હોવાનો તેણે ધરાર ઈન્કાર કર્યો. ત્યારે વકીલ શ્રી ચાંપાનેરીયાએ લક્ષ્મીકાન્તને ઘેરથી મેળવેલો લક્ષ્મીકાન્ત અને સમીરસિંહનો ફોટો બતાવતાં કરડી આંખે સમીરસિંહને પૂછ્યું :

'આ ફોટામાંની વ્યક્તિઓને તો તમે ઓળખો છો ને સમીરસિંહ?'

પાંજરામાં ઊભેલા સમીરસિંહે ફોટો હાથમાં લીધો ને તે ચમક્યો. એની ચમક જજ અને વકીલ સહિત બધા લોકોએ જોઇ.

'આ...આ...તો...' એ ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો. સમીરસિંહ

'બોલો મિસ્ટર, આ બંને જણને તમે ઓળખો છો ને?' શ્રી ચાંપાનેરીયાએ જરા કડકાઈથી પૂછ્યું.

'હા...હા...ના..ના, નથી ઓળખતો હું.'

'વાહ રે પી.એસ.આઇ.! તમે તમારી જાતને ય નથી ઓળખતા?' ચાંપાનેરીયાએ કટાક્ષ કર્યો. અને આખો ઓરડો ખડખડાટ હસી પડ્યો. સમીરસિંહ છોભીલો પડી ગયો ને નર્વસ બની ગયો. ચાંપાનેરીયાને તો આટલું જ જોઇતું હતું. સાક્ષીના હતોત્સાહની ઘડીનો લાભ ન લે એ કુશળ વકીલ શાનો?

'એ બેમાંની એક વ્યક્તિ તો પોલીસ સબ ઇન્સ્પેક્ટરના ગણવેશમાં છે ને?' ચાંપાનેરીયાએ પૂછ્યું.

'હા...હા.., ...હા...જી.' ગૂંચવાયેલા સમીરસિંહે કહ્યું.

'તો શું તમે પી.એસ.આઇ. સમીરસિંહ-સોરઠીયાને નથી ઓળખતા મિસ્ટર?' ચાંપાનેરીયાએ કટાક્ષમાં પૂછ્યું : 'જરૂર હોય તો અરીસો મંગાવું.'

સમીરસિંહ ગૂંચવાયો. 'બોલો, આ તમારો ફોટો છે ને?' ચાંપાનેરીયાએ કડકાઈથી પૂછ્યું.

'હા જી.'

'અને આ તમારી સાથે ફોટામાં છે તે કોણ છે?'

'શી ખબર...'

'તમે જેની સાથે ફોટો પડાવ્યો છે તેને ય નથી ઓળખતા?' ચાંપાનેરીયાના પ્રશ્નથી કોર્ટમાં વળી હાસ્ય ફેલાયું.

'ઓળખું છું ને!' ગભરાયેલા સમીરસિંહે કહ્યું.

'આ ફોટામાં તમારી સાથે લક્ષ્મીકાન્ત છે ને?'

'હા જી.' ચાંપાનેરીયાએ ધાર્યો જવાબ કઢાવ્યો. સમીરસિંહની સપડામણે સૌને ખુશ કર્યા. આ માણસ જ કપટી છે એની સૌને ખાતરી થઈ.

'જેનું ખૂન થયું છે એ આ જ લક્ષ્મીકાંત છે, બરાબર ને?' વકીલે તપાસ આગળ ચલાવી.

'જી હા.'

'અને એ તમારા મિત્ર હતા, ખરું ને?'

'મિત્ર તો નહિ, પણ...'

'પણ ધંધાના ભાગીદાર હતા, ખરું ને?' ચાંપાનેરીયાએ સમીરસિંહને બરાબર ગૂંચવ્યો હતો.

'મારે કોઈ ધંધો હતો જ નહિ.' સમીરસિંહે ગૂંચવણમાંથી નીકળવા ફાંફાં મારતાં કહ્યું.

'તો કયા કારણે મૈત્રી હતી લક્ષ્મીકાન્ત સાથે?' વકીલે કડકાઈથી જ પૂછ્યું. પણ સમીરસિંહ તેનો કશો સ્પષ્ટ જવાબ ન આપી શક્યો. ત્યારે ચાંપાનેરીયાએ જજને ઉદ્દેશીને કહ્યું :



'મી લોર્ડ, હમણાં આ ભાઈ લક્ષ્મીકાન્તને ઓળખતા હોવાનો જ ઈન્કાર કરતા હતા! હવે ઓળખતા હોવાનું તો એમણે કબૂલવું પડ્યું છે!'

'યસ ગો ઓન.' (હા, આગળ ચાલો) જજે કહ્યું.

'મી લોર્ડ, બહુ ગંભીરતાપૂર્વક અને જવાબદારીના ભાન સાથે હું કહેવા માગુ છું કે લક્ષ્મીકાન્તનું ખૂન એમની પત્ની અલ્પા કે મિસ્ટર મૌલીક મહેતાએ નથી કર્યું અથવા નથી કરાવ્યું. પણ...' ચાંપાનેરીયા જરા અટક્યા અને સમીરસિંહ તરફ તથા જજ તરફ એક નજર નાખીને ધડાકો કરતાં કહ્યું :

'મી લોર્ડ, લક્ષ્મીકાન્તનો ખૂની બીજો કોઈ નહિ, પણ એ ખૂનની તપાસ કરવાનો ડોળ કરી, બે નિર્દોષ નાગરિકોને ફસાવનાર પોલીસ સબ ઈન્સ્પેક્ટર મિસ્ટર સમીરસિંહ સોરઠીયા જ છે! સાહેબ, લક્ષ્મીકાન્તનું ખૂન અત્યારે સાક્ષીના પાંજરામાં ઊભેલા આ સમીરસિંહે જ કર્યું છે!' ટેબલ પર જોરથી હાથ પછાડતાં ચાંપાનેરીયાએ કહ્યું ત્યારે કોર્ટરૂમમાં ઘડીવાર માટે સન્નાટો છવાઈ ગયો. અને કળ વળતાં ધીમો ગણગણાટ શરૂ થયો. પાંજરામાં ઊભેલો સમીરસિંહ તો બાવરો બની ગયો. એણે આવી શક્યતા ક્યારેય નહોતી કલ્પી.

જજે 'ઓર્ડર...ઓર્ડર' કહી શાંતિ સ્થાપી ત્યારે શાંત થઈ ધીરેથી શરૂઆત કરતાં વકીલ શ્રી ચાંપાનેરીયાએ કહ્યું :

'મી લોર્ડ, હું જાણું છું કે સામાન્ય રીતે કોર્ટમાં ટેપ-રેકોર્ડને બહુ મહત્ત્વ આપવામાં નથી આવતું. પરંતુ આ કેસમાં એક રક્ષક ભક્ષક બન્યો છે. એક જવાબદાર પોલીસ અધિકારીએ બે નંબરના ધંધા દ્વારા નાણાં એકઠાં કરવાનો પ્રયત્ન કર્યો છે એટલું જ નહિ, એ માટે એ પોતાના ભાગીદારનું ખૂન કરી આખો લાડવો ખાઈ જવાની હદે ગયા છે. એથીય વિશેષ એણે પોતાનો ગુન્હો એક નિર્દોષ આર્યનારી અને એક પ્રતિષ્ઠિત એડવોકેટને માથે ઓઢાડી પોતાની જૂની, માની લીધેલી અદાવતને સંતોષી બે નિર્દોષોની આબરૂના લીરા ઉડાડવાનો હલકટ પ્રયત્ન કર્યો છે, ત્યારે એનાં કરતુત ખુલ્લાં પાડવા હું આપ નામદારને એક ટેપ સંભળાવવા માગું છું. ટેપ નાની છે, પણ

એ એક બહુ જ મોટું રહસ્ય ખુલ્લું કરે તેમ છે. આપને જણાવાની રજા લઉં કે જેનું ખૂન કરવામાં આવ્યું છે એ લક્ષ્મીકાન્ત પોતાના ગેરકાયદેસર કૃત્યોના ભાગીદાર પો.સબ ઈન્સ્પેક્ટર સમીરસિંહની નીચતાને સારી રીતે જાણતા હતા. એટલે એમણે જ અગમચેતી વાપરી સમીરસિંહની અને તેમની છેલ્લી મુલાકાત વખતે શરૂથી જ બાજુમાં છૂપાવીને મૂકેલું ટેપ રેકોર્ડર ચાલુ કર્યું હતું, જે આ દગાખોર મિત્રને એના સાચા સ્વરૂપમાં આપણી સમક્ષ રજૂ કરશે. એ ટેપ સંભળાવવા હું આપની રજા માંગું છું.'

આ રસિક કેસમાં ટેપની વાતે વળી નવો રસ જાગૃત કર્યો. લોકો તો ઊંચાનીચા થઈ ટેપ સાંભળવા એક કાને થઈ રહ્યા. ખુદ જજને પણ આ વાતમાં રસ પડ્યો. ગુન્હેગારના રૂપમાં બેઠેલાં અલ્પા અને મૌલિકનેય પોતાના વકીલની યોગ્ય સમયની સચોટ રજુઆતથી ખુશી થઈ. સાક્ષીના પીંજરામાં ઊભેલા સમીરસિંહના તો હોશકોશ ઊડી ગયા. આ તો હવેલી લેતાં ગુજરાત ખોવાનો વારો આવ્યો. હોંશિયાર વકીલે હવે પોતાને પૂરો ફસાવ્યો હતો એનો એને ખ્યાલ આવી ગયો. જો કે લક્ષ્મીકાન્તે પોતાની સાથેની કશી વાતચીત ટેપ કરી હોવાનો તો એને કદી ખ્યાલ નહોતો આવ્યો.

જજે આતુરતાપૂર્વક શ્રી ચાંપાનેનરીયાને ટેપ સંભળાવવાની રજા આપી, પોતાના પાકીટમાંથી ટેપ કાઢીને વકીલે તે ચાલુ કરી ત્યારે આખો કોર્ટરૂમ ચિક્કાર ભરાયેલો હોવા છતાં ત્યાં સંપૂર્ણ શાંતિ હતી. ટેપના શબ્દો કાને સ્પષ્ટ પડતા હતા.

'આવો સમીરસિંહ... બેસો સાહેબ, કાંઈક ગરમ લેશો કે ઠંડું?' (લક્ષ્મીકાન્તનો અવાજ સ્પષ્ટપણે ઓળખી ગયેલા સમીરસિંહના રામ ઢીલા પડી ગયા. ચાલાક જજની ધ્યાન બહાર આ હકીકત ન રહી! ટેપ ચાલુ હતી...)

'થેંક્યુ લક્ષ્મીકાન્તભાઈ, અત્યારે કશું નહિ. હું જરા ઉતાવળમાં છું... પછી શું વિચાર્યું તમે?' (સમીરસિંહનો અવાજ સૌએ સ્પષ્ટ રીતે ઓળખ્યો. સૌ સાંભળી રહ્યાં.)



'શાનું સાહેબ?'

'જાણે અજાણ્યા છો તમે? કાલે કેટલો માલ આવ્યો છે આપણો?'

'બારેક લાખનાં બિસ્કિટ છે સાહેબ.'

'લાવો જોઈએ.'

'લો જુઓ, આ સુટકેસ તૈયાર છે.'

'માલ પેક રાખવા જેટલા તો તમે પ્રમાણિક છો...આમાંથી મારો હિસ્સો કેટલો?'

'અડધો અડધ સાહેબ.'

'બસ?'

'કેમ? આપણો ધંધો હંમેશાં પચાસ ટકાની ભાગીદારીનો નથી સાહેબ?'

'એ નાના ધંધાની વાત થઈ શેઠ, પણ આ વખતે મારે મારા સાથીઓ અને હાથ નીચેના માણસોને પણ ખુશ કરવા પડશે. કારણ હવે મારી બદલી થવામાં છે.'

'તો તમારી શી ઈચ્છા છે?'

'બે લાખનો માલ તમે ભલે રાખી લો શેઠ, બાકીનો દસ લાખનો માલ મારે હવાલે કરો.'

'એમ કેમ બને સાહેબ? જોખમ ને ભાગીદારી આપણાં હંમેશાં સરખાં જ રહ્યાં છે.'

'લક્ષ્મીકાન્ત, આ સબ ઈન્સ્પેક્ટર સમીરસિંહ સોરઠીયા વડે જ તમે ઉજળા છો એ ન ભૂલતા. મારાં સહકાર અને ભાગીદારી વિના તમે આ ધંધો નહિ કરી શકો. (આ વખતે સૌએ સમીરસિંહ તરફ એક તિરસ્કારભરી નજર નાખી ત્યારે એ હતપ્રત થઈ પીંજરામાં ટેકો દઈ ઊભો હતો!)'

ટેપ આગળ ચાલી :

'હવે આ ધંધો મારે કરવો ય નથી સમીરસિંહ. આ તો કયો પ્રતિષ્ઠાવાળો ધંધો છે? મને તો આ માટે મારી પત્ની ખૂબ ઠપકો આપે છે. તમે કહેતા હોય તો આ માલનાં નાણાં ય ધર્માદા કરી દેવા તૈયાર છું હું.'

'ધર્માદા કરવું છે, પણ મને નથી આપવું, એમ?'

'હા, મને દબાવીને તમે અન્યાય નહિ કરી શકો. હું તમારો આશ્રિત નથી, ભાગીદાર છું.'

'એમ છે? તો લે ભાગીદારીનું ફળ...ધડ...ધડ...ધ...'

'ઓહ.'

.................. થોડી વાર અવાજ વિના ટેપ ચાલી. પછી –

'શું થયું...? શેઠને ગોળી વાગી...! કોણે મારી?'

............. પછી વકીલ શ્રી ચાંપાનેરીયાએ ટેપ બંધ કરીને એ કોર્ટને સોંપી.

કોર્ટરૂમમાં વિવિધ પ્રકારના ટીકા-ટિપ્પણ થઈ રહ્યાં સમીરસિંહ ખૂની હોવા વિષે લોકોને તો કોઈ શંકા જ ન રહી. જજે શાંતિ સ્થાપી, એટલે ચાંપાનેરીયાએ સમીરસિંહ તરફ વેધક નજર ફેંકી કટાક્ષમાં પૂછ્યું :

'બોલો પી.એસ.આઈ. સાહેબ, હવે શું કહેવું છે આપને?'

ગૂંચવાયેલા, ગભરાયેલા શરમાયેલા સમીરસિંહે લોચા વાળવાનો પ્રયત્ન કર્યો :

'આ જૂઠ છે... બનાવટ છે.'

'મી લોર્ડ,' ચાંપાનેરીયાએ જજને કહ્યું : 'અત્યારને તબક્કે મારે એટલું જ કહેવાનું કે આ કેસના સાચા આરોપી સમીરસિંહ સોરઠીયા જ છે અને એમની તાત્કાલિક ધરપકડ થવી જોઈએ.'



જજે સંમત થતાં એ માટે જરૂરી કાર્યવાહી કરી અને જજમેન્ટ માટેની તારીખ આપી.

✦ ✦ ✦ ✦ ✦

આ કેસના ચૂકાદા વિશે લોકો ખૂબ આતુર હતા. ચૂકાદાને દિવસે ય કોર્ટરૂમ ચિક્કાર હતો. ખૂનનો આરોપ જેમના પર મુકાયો હતો અને જેમના ભાવિનો આજે ફેંસલો થવાનો હતો એ અલ્પા, મૌલિક અને સમીરસિંહ તો ઉપસ્થિત હોય જ. સફેદ સાડી અને બ્લાઉઝમાં સજ્જ અલ્પા સ્થિતપ્રજ્ઞ શી બેઠી હતી. બનેલા બનાવોનો ભાર જરૂર હતો . પણ મુખ પર ગભરાટની તો રેખા સરખીય નહોતી. મૌલિક તો પોતાને કશી લેવાદેવા જ ન હોય તેમ 'નરો વા કુંજરો વા'ની વૃત્તિ ધારણ કરી અથવા પોતે નિર્દોષ જ છે એની ખાતરી સાથે મિત્રોને સ્મિત આપતો બેઠો હતો. જ્યારે ગુનેગારીની ખાતરી જ હોય અને નૈતિક બળ ખલાસ થઈ ગયું હોય તેમ સમીરસિંહ ઢીલો ઢસ બની નત મસ્તકે ઉદાસી મઢ્યા ચહેરે બેઠો બેઠો ક્યારેક આસપાસ ચોરીછૂપીથી જોઈ લેતો હતો! સૌને પોતાનો આત્મા કાંઈક કહેતો જ હશે ને?

ન્યાયાધીશે પોતાના લંબાણ ચૂકાદામાં આખા કેસની વિગત ચર્ચી અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર જેવી જવાબદાર વ્યક્તિ હોવા છતાં સમીરસિંહ દાણચોરી જેવા દેશદ્રોહી ધંધામાં સંડોવાયેલો હતો તેની , વળી પોલીસ અમલદાર હોવા છતાં એક નાગરિકનું તેણે જે રીતે ખૂન કર્યું તેની અને એ ખૂન જૂઠી રીતે અલ્પા અને મૌલિક જેવી નિર્દોષ, સંસ્કારી વ્યક્તિઓ પર ઢોળી દઈ તેમને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો તેની આકરી ટીકા કરી અને ચૂકાદો આપતાં મૌલિક અને અલ્પાને નિર્દોષ ઠરાવી માનપૂર્વક મુક્ત કર્યાં, જ્યારે સમીરસિંહને દાણચોરી કરવા બદલ બાર લાખ રૂપિયા દંડ અને લક્ષ્મીકાન્તનું ખૂન કરવા બદલ ગુનેગાર ઠરાવી જનમટીપની સજા કરી! જજમેન્ટ વાંચી સંભળાવી ન્યાયાધીશ તેમની ચેમ્બરમાં ચાલ્યા ગયા. ઘડીવાર માટે કોર્ટરૂમમાં સન્નાટો વ્યાપી ગયો. સૌને આ ચૂકાદો જાણે ગમી ગયો હોય તેમ ખુશી વ્યાપી ગઈ!

પોલીસે સમીરસિંહના હાથમાં હાથકડી પહેરાવી એને લઈ ગઈ ત્યારે સૌ એની તરફ તિરસ્કારથી જોતાં ને ટીકાઓ કરતાં રહ્યાં, એને માટે સહાનુભૂતિ બતાવનાર ત્યાં કોઇ નહોતું! અલ્પાના નોકર-નોકરાણીઓએ શેઠાણીને ફૂલહારથી લાદી દીધી. પોતાની શેઠાણીના નિર્દોષ છૂટકારાથી એમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. અન્નપૂર્ણાબાઇ તો એને ભેટી પડી! મૌલિક સૌ પ્રથમ ભાઈ-ભાભીને પગે પડ્યો. પછી મિત્રોએ એને ફૂલહારથી ઢાંકી દીધો ને અભિનંદનોની હેલી વરસાવી. પ્રતિષ્ઠિત વકીલો પણ કેટલા પ્રેમથી એને અભિનંદતા હતા! આમ કરતાં કરતાં ટોળાં કોર્ટ-રૂમમાંથી ધીરે ધીરે બહાર આવ્યાં. સ્નેહીઓથી વિંટળાયેલાં અલ્પા અને મૌલિક એકબીજાને ક્યાંય સુધી મળી શક્યાં નહી. જો કે આ બધાં વચ્ચે આગળ વધતાં વધતાં બંને એકબીજાને જ શોધતાં હતાં. છેવટે અલ્પા ઊભી રહી અને આસપાસ જોવા લાગી. 'મૌલિક ક્યાં?' એનાથી પૂછાઇ ગયું ત્યારે અન્નપૂર્ણાબાઇએ પાછળ આંગળી ચિંધતાં કહ્યું : 'એ તો પેલા ઊભા મિત્રોથી ઘેરાઈને.'

અલ્પા પાછી વળી ને ધીમે પગલે એ તરફ જવા લાગી. મૌલિકે એને જોઇને મિત્રોને વિંધીને એ ઝડપથી અલ્પા તરફ જવા લાગ્યો. અલ્પા તો હવે લગભગ દોડી ને પાસે જતાં જ મૌલિકને પગે પડી ગઈ-આજે એને કશો જ સંકોચ ન થયો, કશી જ મર્યાદા ન નડી! જોનારાં પણ આ વીરલ દૃશ્યને માનપૂર્વક જોઇ રહ્યાં.

'અલ્પા, આ શું?' એને ઊભી કરતાં મૌલિકે કહ્યું, ત્યારે એ એને ગળે વળગીને છૂટે મોઢે રડી પડી! સહૃદયીઓએ પણ આંખના ખૂણા સાફ કર્યા.

'અલ્પા, આજે રડવાનું હોય?' એને વાંસે હાથ ફેરવતાં મૌલિકે ક્હયું : 'આજે તો આનંદનો દિવસ છે. આકરી કસોટીમાંથી તું કાંચન બનીને બહાર આવી.'

હૃદયનો બોજ હળવો થયો ત્યારે અલ્પાએ આંખના ખૂણા સાફ કરી આસપાસ ઊભેલાં સૌને પ્રણામ કર્યા. પછી ધીમે ડગલે એ આગળ વધી, મૌલિકની ગાડી ભાઈ-ભાભીને મૂકીને આવી ગઇ હતી.



'ચાલ અલ્પા, તને ઘેર છોડી દઉં.' ગાડી તરફ હાથ કરી મૌલિકે કહ્યું.

અલ્પાએ પોતાનાં નોકરો તરફ જોયું.

'હા, તમે જાવ બહેનજી, અમે પાછળ બસમાં આવીએ છીએ.' અન્નપૂર્ણાબાઈએ સૌના વતી કહ્યું.

'નહિ, એમ નહિ.' અલ્પાએ કહ્યું ને એક ટેક્સી ઊભી રાખી, 'બેસી જાવ બધાં' કહી તેણે ટેક્સીમાં બધાંને બેસાડી બાઈના હાથમાં સોની નોટ પકડાવી-ભાડા માટે.

પછી મૌલિક સાથે એ એની ગાડી તરફ થઈ.

અલ્પાનું ઘર આવ્યું ને ગાડી ઊભી રહી. અલ્પાએ મૌલિક સામે જોયું.

'ઊતર હવે,' ધીરેથી મૌલિકે કહ્યું. અલ્પાની આંખોમાં છલકાતા પ્રેમના સાગરે એને ઢીલો કરી નાખ્યો!

'અને તું?' અલ્પાએ ટૂંકા પ્રશ્નમાં જ કેટલું બધું કહી દીધું!

'હું તો સાબરની પેલે પાર રહું છું.'

'હું આ પાર, તું પેલે પાર, મૌલિક!' નિઃશ્વાસ નાખતાં અલ્પા બોલી : 'આપણાં બે વચ્ચે સાબર આડી છે. રાધાનો શ્યામ સામે કાંઠે છે, ને રાધા આ કાંઠે છે!'

'હા, કેટલાં નજીક, છતાં કેટલાં દૂર!' મૌલિકે ય નિઃશ્વાસ નાખ્યો.

પણ અલ્પા મૌલિકને નિરાશ જોઇ શેક ખરી? નીચે ઊતરતાં એણે મૌલિકનો હાથ ખેંચતાં કહ્યું : 'આવ તો ખરો, ચા-પાણી કરીને જજે.'

'ભલે ચાલ,' નીચે ઊતરતાં મૌલિકે ક્હયું : 'આજે તો તારી વાત માનવી પડશે.'

પતિ વિહોણા ઘરમાં પેસતાં અલ્પાને ઘણું દુઃખ તો થયું જ બાકી, કેટલા બધા દિવસ પછી આ ઘરમાં આજે આનંદથી નોકરોની ચહલ-પહલ દેખાતી હતી!

ચા-નાસ્તો કર્યા પછી મૌલિકે કહ્યું :

'અલ્પા, જાઉં હવે?'

'પાછો ક્યારે આવીશ?' અલ્પાએ ભાવભરી નજર નાખી પૂછ્યું.

'તું કહે ત્યારે.'

'ઘણી બધી વાતો કરવી છે તારી સાથે મૌલિક.'

'તો મારે ય વાતો નહિ કરવી હોય અલ્પા?'

'હશે જ. તો ક્યારે આવીશ?'

'કહ્યું ને, તું કહે ત્યારે.'

'કાલે સવારે...'

'નવ વાગે આવીશ.' મૌલિકે કહ્યું.

'જમવાનું....?' અલ્પાએ પ્રશ્નસૂચક ભાવે કહ્યું.

'અલ્પા સાથે.' મૌલિકે માગી લીધું.

નિમંત્રણ મળતાં પહેલાં જ મૌલિક એ લઇ લેતો. એવો હતો એનો પ્રેમ, એમનો પ્રેમ!

ઘણા સમયે અલ્પાને ગાલે ચૂંબન ચોડી મૌલિકે વિદાય લીધી ત્યારે અલ્પાની આંખમાંથી આંસુ સરી પડ્યાં. એના કાનમાં મૌલિકનું પેલું વાક્ય ગૂંજી રહ્યું :

'હું તો સાબરની પેલે પાર રહું છું.'

એ વિચારી રહી : 'એક સાબરની આ પાર! બીજું પેલે પાર.'

એનું હૃદય પડઘી રહ્યું : 'સામે કાંઠે મારો શ્યામ!'

'બહેનજી,' અન્નપૂર્ણાબાઇ બોલી અને અલ્પાની તંદ્રા તૂટી.

'ચાલો, આવી.' કહી અલ્પા આંખના ખૂણા સાફ કરતી પાછી વળી!

✦ ✦ ✦ ✦ ✦

અનુક્રમ

## ૨૫ : હાથે કરીને...

બીજે દિવસે સવારે મૌલિક વહેલો ઊઠીને તૈયાર થઇ ગયો. કેટલાક મુલાકાતીઓ આવ્યા એમને એણે જલદી વિદાય કરી દીધા. આજનો દિવસ એને માટે ખૂબ આનંદનો દિવસ હતો. કાયદાના બંધનમાંથી અને સમાજની મર્યાદામાંથી એની અલ્પા હવે મુક્ત બની હતી. એટલે હવે એને એની અલ્પા જરૂર મળશે એની મૌલિકને ખાતરી હતી. કોઇને પણ હોય. જો કે લક્ષ્મીકાન્ત મરી ગયો અને કમોતે મરી ગયો એનું એને દુઃખ હતું. પણ એમાં એની કશી જવાબદારી નહોતી. એણે કદી એવું બુરું વિચાર્યું ય નહોતું.

'આજે તો અલ્પાએ જ મને બોલાવ્યો છે,' નાહીને કપડાં પહેરતાં પહેરતાં જ મૌલિક વિચારી રહ્યો : 'કહેતી હતી : ઘણી બધી વાતો કરવી છે તારી સાથે. વિરહનો યુગ વીત્યો તે વાતો તો હોય જ ને? પણ આજે તો એને ચોખ્ખું કહી દઇશ કે હવે મિલન વેળાએ વિરહની વાતો ભૂલી જા, સુખની ઘડી આવી છે ત્યારે ભૂતકાળ વાગોળીને એને દુઃખની ઘડી ના બનાવી દે...' આમ વિચારતા મૌલિકે રસોયાને સૂચના આપી કે આજે પોતે ઘેર જમવાનો નથી. 'સાહેબ, ઘણે દિવસે...' કહેતા મહારાજને એણે 'સાંજે એકને બદલે બે જણ જમીશું બસ? સરસ જમવાનુ બનાવજો.' કહી ખુશ કરી દીધો ને સીટી વગાડતો દાદર ઊતરી પડ્યો. નીચે આવ્યો ત્યારે ડ્રાઇવરે ગાડી તૈયાર રાખી હતી. જાતે જ ડ્રાઇવીંગ કરીને મૌલિક અલ્પાના ઘર તરફ જવા ઊપડ્યો. એનું મન મોટરથી ય અધિક ગતિએ દોડતું હતું : 'હવે અલ્પા મારી બનશે...પ્રભુએ બધાં વિઘ્નો અનાયાસ ટાળી દીધાં...આજે તો ખુદ અલ્પા જ કહેશે નેઃ 'મૌલિક, મને હવે તારે ઘેર ક્યારે લઇ જાય છે?...તારો વિરહ મને વ્યાકુળ કરે છે... આ એકલતા હવે મને કોરી ખાય છે..!' વચ્ચે એલિસબ્રિજ આવ્યો. આ પુલને એ આજ કાંઇ પહેલવહેલો નહોતો પાર કરતો. પણ આજે તો એનું મન અલ્પામય હતું એટલે એને તે દિવસે સાબરની સાખે અલ્પા સાથ લીધેલા સોગન યાદ આવ્યા. અરે, તેની નજર સમક્ષ એ બધાં દૃશ્યો

ખડાં થયાં. 'અલ્પાથી મારું રેતીનું ઘર ભાંગી ગયું ત્યારે એ કેવી જીવ બાળતી હતી! મેં તેને આશ્વાસન આપતાં કહ્યું હતું : 'કાંઈ વાંધો નહિ, હું તારે ઘેર રહેવા આવીશ.' ત્યારે કહે : 'ગાંડા, મારે તારે ઘેર રહેવા આવાવનું હોય...' વાત તો સાચી હતી એની. અને અલ્પાથી પછી તો વાસ્તવમાં મારું ઘર ભાંગ્યું જ હતું ને? પણ છેવટે પ્રભુએ દયા કરી. અમારા સાચા પ્રેમનો વિજય થયો. હવે અલ્પા મારે ઘેર આવશે. હું એને માનપુર્વક, અરે, વાજતે ગાજતે મારે ઘેર લઈ જઈશ. બિચારીએ આ બે-ચાર વર્ષમાં ઘણું વેઠ્યું...'

'સાબરમતીની સાખે સાજન
 સોગન સાથે લઈએ રે,
ભવોભવનાં ભેરુ આપણ
 ભવભર ભેગાં રહીએ રે!'

'કેવી પ્રેમસભર મધુર કલ્પના!...અલ્પા એટલે જ મધુરતા, સુંદરતા, પ્રેમ! એ મધુરતા, એ સુંદરતા, એ પ્રેમ હવે મારાં થશે... હવે અમે ભવોભવનાં ભેરું બનીશું...' આવા વિચારોમાં ને વિચારોમાં એ અલ્પાના ઘરથી ય સહેજ આગળ ગાડી હંકારી ગયો? પણ તરત એને ખ્યાલ આવ્યો ને પોતાની જાત પર મનમાં હસી એણે ગાડી રીવર્સમાં લીધી.

મૌલિક ગયો ત્યારે અલ્પા પોતાની રુમમાં બેઠી બેઠી કાંઈ વાંચતી હીત. નોકરે એને આવકાર આપ્યો ને અન્નપૂર્ણાએ અલ્પાને ખબર આપી :

'બહેનજી, વકીલ સાહેબ આવ્યા છે.' કેસને કારણે અલ્પાનાં નોકરો પણ મૌલિકને સારી રીતે ઓળખતાં હતાં અને એને માનની નજરે જોતાં હતાં.

'ઉપર લઈ આવો ને,' અલ્પાએ કહ્યું. ઝડપથી દાદર ચઢતો મૌલિક સહેજવારે ઉપર આવ્યો ત્યારે અલ્પાએ ખૂબ પ્રેમભર્યો આવકાર આપતાં કહ્યું:

'આવ.'

'શું કરતી હતી?' સોફા પર ગોઠવાતાં મૌલિકે પૂછ્યું.

'કોઈકની રાહ જોતી કાંઈક વાંચતી હતી.'



'શું વાંચતી હતી?'

'વિવેકાનંદની વાતો.'

'વાહ!' કહેતા મૌલિકને કોઈ લેખકની ઉક્તિ યાદ આવી : 'આપણું વાંચન આપણા જીવનનું પ્રતિબિંબ છે.' 'તો શું અલ્પાનું મન વૈરાગ તરફ...'

'કેમ, શાના વિચારમાં પડી ગયો?' વચ્ચે જ અલ્પાએ પૂછ્યું.

'નહિ રે,' કહેતા મૌલિકે સસ્મિત પૂછ્યું : 'અને રાહ કોની જોતી હતી?'

'સાબરની સામે પાર રહેતા કોઈ યુવાનની.' સહેજ શરમથી નીચે જોઈ અલ્પા મંદ મંદ સ્મિત કરતાં બોલી.

'ઓહો, એમ વાત છે!' બાજુમાં પડેલાં સામયિકનાં પાન ફેરવતો મૌલિક બોલ્યો : 'એમ રાહ જોયા વિના સાબર ઓળંગીને સામે પાર એની પાસે કેમ નથી પહોંચી જતી? ત્રણ તો પુલ છે એને પાર કરવા. વળી આ ઉનાળામાં તો બિચારી સાબરે ય પેટ સંકોચીને પડી છે, એટલે પગે ચાલતાં ય પાર કરી શકાય. ખરું કે નહિ?'

'ના મૌલિક' જરા ગંભીર થઈને અલ્પા બોલી : 'તું માને છે એટલું સહેલું નથી સાબરને પાર કરવાનું.'

'મ...ત...લ...બ?' જરા ચિંતાતુર ચહેરે મૌલિકે પૂછ્યું.

'મતલબ એ કે નદીને પાર કરવાના પુલ જ ખુદ પૂરમાં ડૂબી જાય છે ક્યારેક. ત્યારે એ સહાયરૂપ નથી બની શકતા.' અલ્પાએ ઊંડો શ્વાસ લેતાં કહ્યું.

'પણ આપણી જીવનસરિતામાં અવેલાં પૂર તો ઓસરી ગયાં અલ્પા. હવે તો પ્રભુએ બધી જ અનુકૂળતા કરી આપી છે. હવે સાબર આપણા બેની વચ્ચે અંતરાયરૂપ બની શકે તેમ નથી. તું આ કાંઠે ને હું સામે કાંઠે એ સ્થિતિનો હવે તો અંત આવવો જ જોઈએ.' બોલકા વકીલની જેમ મૌલિક બોલી ગયો.

'મૌલિક,' નિરાશાભર્યા સ્મિત સાથે અલ્પાએ કહ્યું : 'કુદરતમાં કેટલીક વિચિત્રતાઓ હોય છે, દાખલા તરીકે એક જ નદીના બે કિનારા ક્યારેય મળી શકે ખરા?'

'એટલે શું હજી ય આપણા મિલનમાં કોઇ વિઘ્ન...'

વચ્ચે જ કોલબેલ વાગ્યો ને અલ્પા ઊભી થઈને અગાશીમાં ગઇ. નીચે રસોડાના બારણા પાસે ઊભેલી અન્નપૂર્ણાબાઇએ ઈશારાથી કાંઇ પૂછ્યું તેને 'હા, લાવો.' કહી અલ્પા અંદર આવી :

'પહેલાં જરા ખાઇએ, પીએ, પછી વાતો તો ઘણી કરવાની છે.' મૌલિકની સામે જ બેઠક લેતાં અલ્પાએ કહ્યું.

'તેં ખાવાનો મૂડ જ મારી નાખ્યો.' મોં મચકોડતાં મૌલિકે કહ્યું.

'જરા વાત પૂરી જાણ, સમજ, તે પહેલાં જ મૂડ મારી નાખ્યો?' માતા બાળકને ઠપકો આપતી હોય એ રીતે અલ્પા બોલી : 'વકીલ થઈને અરધી વાતે જ અર્થ બાંધી દે છે!'

'અલ્પા, તારી બાબતે હવે મારી ધીરજ નથી રહી. મન શંકાશીલ બની ગયું છે. બધું સીધે સીધું હોય છે ત્યાં કોણ જાણે ક્યાંથી આફત આવી પડે છે અને આપણે બે...'

નાસ્તાની ડીશો લઇ અન્નપુર્ણાએ પ્રવેશ કર્યો અને મૌલિક વચ્ચે જ અટક્યો. એની પાછળ ચાની ટ્રે લઇ બીજી બાઇ પણ આવી. ટેબલ પર બધું મૂકી બંને જણ તરત જ બહાર ચાલ્યાં ગયાં.

'લે, શરૂ કર,' કહેતી અલ્પાએ મગજનો ટુકડો મૌલિક સામે ધર્યો. મૌલિકે એમાંથી અર્ધું બચકું ભરી લીધું ને અલ્પા સામે જોઇ રહ્યો. પોતાના હાથમાં રહેલા અર્ધા ટુકડા પર મૌલિકના દાંત અંકિત થઇ ગયા હતા. અલ્પાએ એ ટુકડા સામે જોયું, પછી મૌલિક તરફ ઊંચી નજર કરી સહેજ સ્મિત કર્યું અને આંખો પટપટાવતી એ આરોગી ગઇ. ખાતાં ખાતાં ધીરેથી બોલી :



'લુ...ચ્ચા'

'કેમ? તારામાં ભાગ પડાવ્યો એટલે? તો લે તારો ભાગ પાછો,' કહેતા મૌલિકે અલ્પા સામે એક બિસ્કિટ ધર્યું જે અલ્પાએ આખું જ ખાઇ જવા પ્રયત્ન કર્યો, પણ મૌલિકે ચપળતાથી હાથ પાછો ખેંચી લીધો અને જે ટુકડો વધ્યો તે પોતે ખાઇ ગયો! આમ બંને પ્રેમીજનોએ કેટલા બધા દિવસો પછી સાથે ચા-નાસ્તો કર્યા. એથી તન કરતાં મનને વિશેષ શાતા વળી?

અલ્પાએ બટન દાબ્યું ને બાઇ આવી કપ-રકાબી વગેરે લઈ ગઇ. પણ મૌલિકને તો પોતાની વાત પાકી કરી લેવાની ઉતાવળ હતી, એટલે તરત જ એણે વાતનો દોર સાંધતા કહ્યું :

'જો અલ્પા, હું તને લેવા આવ્યો છું. હું કહું ત્યારે અને તું કહે તે રીતે આપણે સમાજની નજરે પતિ-પત્ની બની જઇએ એટલે બધી મૂંઝવણનો અંત આવી જાય.'

'આટલી બધી ઉતાવળ...'

'અલ્પા, હું હવે માણસને તો શું, પણ ભગવાનને ય કશી મુશ્કેલી ઊભી કરવાની તક આપવા માગતો નથી કારણે કે એને ય બહુ ખરાબ ટેવ છે.' છેલ્લું વાક્ય સામી ભીંતે લટકતા શ્રીકૃષ્ણ તરફ આંગળી કરી મૌલિકે કહ્યું.

'તો ય મૌલિક,' ગંભીર વાણીમાં અલ્પા બોલી : 'એનું જ ધાર્યું થાય છે, આપણું નહિ; એની જ ટેવ ચાલે છે, આપણી નહિ. માટે જ તો હું તને નદીના બે કિનારાની વાત કરતી હતી. બિચારા એકબીજાને મળવા કેવા મજબુર છે!'

'અલ્પા, આખરે તું કહેવા શું માગે છે?' જરા અકળાઇને મૌલિક પૂછ્યું.

'સાધનામાં જે આનંદ છે તે સિદ્ધિમાં નથી મૌલિક.' ધીર ગંભીર સ્વરમાં અલ્પા બોલી : 'મિલન પ્રસંગે જ આપણો વિરહ થયો, પછી આપણે વિરહની આગમાં તડપ્યાં. પણ હવે મને લાગે છે મૌલિક, કે વિરહના દુઃખમાં જે આનંદ હોત એ મિલનના સુખમાં નહિ રહે કદાચ.'

'તું શું કહે છે અલ્પા?' માથે હાથ મૂકી દુઃખભર્યા અવાજે મૌલિક બોલ્યો : 'શું તું મને પરણવા નથી માગતી?'

'એમ તો કેમ બને?' ધૈર્યની દેવી જેવી વાણીમાં અલ્પા બોલી : 'હું તો તને પરણેલી જ છું મૌલિક. એ માટે કોઇ બાહ્યોપચારની મારે હવે જરૂર પણ નથી. તારા હૃદયમાંથી મને કોઇ હઠાવી શકવાનું નથી. અને મારા હૃદયમાં તો મૌલિક જ મૌલિક છે. ત્યાં કોઇ કદી પ્રવેશી શકવાનું નથી. છતાં મૌલિક, તું માને તો મારી એક વિનંતી છે : તું એકલો અટૂલો રહે, વિરહની આગમાં શેકાયા કરે એવું હું ઇચ્છતી નથી. માટે તારી પાસે માગું છું કે તું કોઇ સંસ્કારી કન્યા સાથે લગ્ન કરી લે અને સુખચેનથી રહે.'

'નોનસેન્સ,' ટેબલ પર હાથ પછાડતો મૌલિક ગર્જી ઊઠ્યો. એનો ચહેરો ક્રોધથી લાલ બની ગયો. સહેજવાર રહી ધીરેથી એ બોલ્યો :

'એવા કશા ઉપકારની જરૂર નથી અલ્પા.'

અલ્પા ઊઠીને એની પાસે જઇ બેઠી. એનો હાથ પોતાના હાથમાં લઇ એ બોલી :

'મને સમજવાનો પ્રયત્ન કર મૌલિક, આટલી નાની ઉંમરમાં મેં અનેક પ્રકારનાં તપ કર્યાં. એક સુખી માતા-પિતાની કૉલેજમાં ભણતી કન્યા મટી હું અચાનક એક અસંસ્કારી ઘરની ગૃહિણી બની ગઇ...મૌલિક જેવા સંસ્કારી, સુંદર પ્રેમાળ યુવાનની પ્રિયતમા મટી હું એક રૂક્ષ, હૃદયહીન, વ્યભિચારી પુરુષની પત્ની બની ગઇ... વૈભવ વચ્ચે ય હું વેરાનમાં જીવવા લાગી... સામાજિક દૃષ્ટિએ સધવા છતાં હું માનસિક વૈધવ્યમાં તપતી રહી... તને હું દિનરાત ઝંખતી રહી. તારા વિરહમાં સદાય તડપતી રહી... તારે



જાણવી છે મારી એ વેદના મૌલિક?' કહેતી અલ્પા ઊભી થઇ અને ટેપ રેકોર્ડર લઇ આવી, બોલી : 'સાંભળ, આનો શબ્દે શબ્દ તારા માટેની મારી ઝંખનાની પ્રતીતિ કરાવશે. મેં કોઇ શોખમાં આ લખ્યું અને ગાયું નથી.'

અલ્પાએ ટેપ ચાલુ કરી અને રુમમાં મધુર વિરહગીત રેલાઇ રહ્યું એના પોતાના શબ્દોમાં અને એના કંઠમાં :

ઓ...રી મૈં તો પ્રેમ-દીવાની
મેરા દરદ ન જાને કોઇ...(૨)
પ્રિયતમ મારે અંતર વસીયો,
પ્રેમ-ભીનો એ રંગીન રસિયો.
એના વિરહે વ્યાકુળ થઇને...(૨)
દિવસ રાત હું રોઇ... એ રી મૈં તો.

વસંત આવી વન ઉદ્યાને,
તો ય ખીલ્યાં ના ફૂલડાં શાને?
ભગ્નહૃદયી ભ્રમર તો રડતો...(૨)
વેરાન વગડો જોઇ... એ રી મૈં તો.

શીતલ જલથી પ્યાસ છિપાવે,
અમૃતવારિ સરિત વહાવે,
વર્ષાઋતુએ રૌદ્ર બની તે...(૨)
પ્રાણ ઘણેરા લેઇ... એ રી મૈં તો.

વિરહ વ્યાકુળ રાધા યાચે,
'આવો કાના' આવો સાદે,
ઘાયલ જાણે પીર ઘાયલની...(૨)
દુજો ન જાને કોઇ... એ રી મૈં તો.

રાધા દર્શન કાજ અધીરી,
તારી આશે ગિરિધર જીવી,
દિનથી અધિક રે લાંબી રાતો...(૨)
યાદમેં તોરી હોઇ... એ રી મૈં તો.

અલ્પાએ ટેપ બંધ કરી. એની આંખોમાંથી તો ત્યારે આંસુની ધારાઓ વહેતી હતી. મૌલિકે એ આંસુ લૂછતાં પ્રેમથી કહ્યું :

'અલ્પા, જો આમ જ છ તો પછી શા માટે હવે અનુકૂળ સંજોગો થયા છે ત્યારે હાથે કરીને જીવન બરબાદ કરવું?'

'મૌલિક,' પોતાની વિતક કથાનો તાર સાંધતા અલ્પા બોલી, 'વર્ષો પછી આપણે ફરી મળ્યાં માણેકચોકમાં, શાંત દેખાતા સાગરમાં વળી પાછી ભરતી આવી...ચંદ્ર માટે સાગર વળી પાછો ઉછળી રહ્યો. ભૂલાયેલો, પ્રયત્નપૂર્વક ભંડારી રાખેલો ભૂતકાળ વળી પાછો સજીવન થયો...સુખદ સ્મૃતિઓ સળવળી ઊઠી ને દુઃખ દઈ રહી અને એ ભરતી પછી તો ભારે આંધી આવી...!' સહેજ શ્વાસ ખાઈ મૌલિકની સામે અમીભરી નજરે જોઈ અલ્પા આગળ વધી :

'પછી તો તું બધું જાણે છે મૌલિક, જેલ કેવી હોય એનો વિચાર સરખો ન કરનારી મારે જેલના સળિયા પાછળ દિવસો સુધી પુરાઈ રહેવું પડ્યું...સમાજની દૃષ્ટિએ હું એક ખૂની સ્ત્રી, અરે, પતિને મારનારી અધમ નારી ગણાઈ... વર્તમાનપત્રોમાં આરોપી તરીકે મારી તસ્વીરો છપાઈ, હેવાલો આવ્યા... એક આર્યનારી અકારણ હડધૂત થઈ...એક પવિત્ર, નિર્દોષ સ્ત્રી પાપીઓને હાથે પાપીણી ગણાઈ...મારે કારણે મારો પ્રાણાધાર પ્રતિષ્ઠિત વકીલ પણ જેલના સળિયા પાછળ પુરાયો અને આપણા શુદ્ધ પ્રેમને બટ્ટો લગાડવાનો જાહેરમાં પ્રયત્ન થયો...જો કે તારે કારણે અંતે હું નિર્દોષ છૂટી, પણ જેલ જીવનની આ તપશ્ચર્યાએ, આ વિરહ-વેદના અને, અસહ્ય દુઃખે મને વીરક્તિ તરફ દોરી. સંસારનાં સુખો પરથી મારું મન ઊઠી ગયું. કીર્તિની ખેવના કે અપકીર્તિનું દુઃખ મને નિરર્થક લાગ્યાં... મને થાય છે મૌલિક, કે આ લાખોની મિલકતનું મારે શું કામ છે? થાય છે કે એનું એક ટ્રસ્ટ બનાવી નિરાધાર, અનાથ વિધવાઓ કે દુઃખી ત્યકતા સ્ત્રીઓ માટે એક આશ્રમ બનાવું. એમનાં અકાળે કરમાયેલા જીવન-બાગને ફરી ખીલવવા સહાયરૂપ



થવાનો હું પ્રયત્ન કરીશ, અકાળે આવેલી પાનખરોને હું વસંતમાં પલટવા મથીશ અને છતાં તને મરા મૌલિક ને મારા હૃદયમંદિરમાંથી ખસેડું નહિ...'

'અલ્પા, આવા વાણીવિલાસથી પેટ નથી ભરાતું,' મૌલિક ઊભો થઈ રૂમમાં આંટા મારતાં બોલ્યો.

'મૌલિક,' લાગણીભર્યા અવાજે અલ્પા બોલી : 'તું આને વાણીવિલાસ કહે છે? તને મારા પ્રેમમાં, મારી લાગણીમાં, મારી નિષ્ઠામાં શ્રદ્ધા નથી? શું તારી નજરે હું ઢોંગી છું?'

'અલ્પા, તું અન્યના જીવનમાં અકાળે આવેલી પાનખરોને વસંતમાં પલટાવવા ઇચ્છે છે ને?' મૌલકે વેધક નજર નાખતાં પૂછ્યું.

'હા મૌલિક, એમ જ' વિશ્વાસ આપતી અલ્પા બોલી : 'નિઃસ્વાર્થ ભાવે હું આ કાર્ય કરવા માગું છું.'

'અને મારા જીનવમાં આવતી વસંતને પાનખરમાં પલટાવવા ચાહે છે, એમ જ ને?' કટાક્ષમાં મૌલિકે કહ્યું.

'મૌલિક!' દુઃખાર્દ્ર હૃદયે અલ્પાએ કહ્યું : 'શું બોલે છે તું?'

'તપશ્ચર્યા તેં કરી છે તો મેં નથી કરી?' અકળાઈને મૌલિક બોલ્યો.

'ઘણી કરી છે. કોઈ પુરુષ કદી ન કરે એવી તપશ્ચર્યા કરી છે લોકોએ તો રામની વાતો વાંચી છે મૌલિક, પણ તારામાં તો મેં જીવનના જાગતા રામ જોયા છે.'

'માટે જ તું મને જીવનભર વિરહના અગ્નિમાં અને એકલવાયાપણાની આગમાં જલતો રાખવા માગે છે?'

'ના મૌલિક ના, માટે જ તો હું તને...'

'કોઈ બીજી એક સ્ત્રીનું દાન કરે છે, એમ ને?' વચ્ચે જ મૌલિકે કટાક્ષમાં કહ્યું : 'અલ્પા, આજ સુધીમાં મને અનેક સુંદરીઓની સેંથીમાં સિંદુર

ભરવાની દરખાસ્તો મળી છે. પણ એ બધીને મેં ઇન્કારી છે. ગમે તે એક સ્ત્રીને પરણવું એટલું જ ધ્યેય હોત તો ક્યારેનો ય હું કોઇ સુંદરીનો સ્વામી બની ગયો હોત. અરે, ભારતમાતાને ખોળે મેં બે-ચાર બાળકો ય ખેલતાં કરી દીધાં હોત. પણ અલ્પા, પ્રેમનો મારો ય એક આદર્શ છે. સ્ત્રી મારે મન કોઇ શારીરિક સુખનું સાધન નથી. 'ચાહવું એટલે પરણવું' જ એમ પણ હું માનતો નથી. તને વગર પરણ્યે હું જીનવભર ચાહી શકીશ, ચાહતો રહીશ. તારા સિવાય અન્ય કોઇને ચાહી નથી, ચાહીશ નહિ. તને યાદ છે અલ્પા, તે દિવસે સાબરમતીની સાથે આપણે જીવનભર સાથે રહેવાના સોગન ખાધા હતા...'

'બરાબર યાદ છે મૌલિક, એ તો જીવનભર યાદ રહેશે.' અલ્પાએ ભૂતકાળ સ્મરતાં કહ્યું.

'અલ્પા, હું તો કવિ નથી. પણ ત્યારે તેં લેવડાયેલી ટેક મેં ગોખી રાખી છે. ત્યારે તેં કહ્યું હતું અલ્પા,'

'સાબરમતીની સાખે સાજન
સોગન સાથે લઇએ રે,
ભવોભવનાં ભેરુ આપણ
ભવભર ભેગાં રહીએ રે!'

આ સાંભળી અલ્પાની આંખો છલકાઇ ગઇ. તે બોલી : 'સાચી વાત છે મૌલિક, સાબરમતીની સાખે લીધેલા સોગન હું પાળીશ જ. મારો ભવોભવનો ભેરુ મૌલિક જ હશે. પણ લગ્ન કર્યા વિનાય હું તારી રહી શકું છું અને રહીશ જ.'

'પૈસો, પ્રતિષ્ઠા યૌવન અને સૌન્દર્ય - બધું જ મારી પાસે છે અલ્પા, એટલે અનેક યૌવનાઓ મૌલિકની બનવા ફાંફાં મારે છે. પણ મૌલિકે અલ્પાને જ પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે. એ એવો માટી પગો નથી કે સાબરમતી સમક્ષ લીધેલી સાખને કલંકિત કરી બીજી કોઇ સ્ત્રી સાથે ઘરસંસાર માંડી દે.'



'મૌલિક મારા,' એને ભાલે ચૂંબન ચોડી અલ્પા બોલી : 'હું બધું ય જાણું છું. તેં મને હૃદયમાં સ્થાન આપ્યું, પણ ભાગ્યવશ હું સરી ગઇ, ત્યારે તેં મનને પરાણે વિરક્ત કરી દીધું. દિલની વિરક્તી નોતરી દિમાગથી તું જીવતો રહ્યો... માનસિક સંઘર્ષ વચ્ચે ય તું સાચા પ્રેમીને છાજે એ રીતે જીવ્યો અને પૈસો તથા પ્રતિષ્ઠા ય પામ્યો...'

'પણ પત્ની ન પામ્યો.' જરા કટુતાથી મૌલિક બોલ્યો.

'અહીં જ આપણો મતભેદ છે મૌલિક,' અલ્પા જાણે કોઇ તત્ત્વજ્ઞાનીની ભાષામાં બોલી રહી : 'પામવું એટલે શું મૌલિક? સ્થૂલ વસ્તુની પ્રાપ્રિ એ જ પ્રાપ્તિ ગણાય? તારે શું પામવું છે અલ્પા કે અલ્પાનો દેહ? તારા દિલમાં હું છું, મારા દિલમાં તું છે, એટલે આપણે એકબીજાને પામ્યાં છીએ એવું નહિ? મૌલીક, હવે અલ્પાના આ સ્થૂલ દેહને પામીને શું કરીશ? તું કહે તો મારી બધી માન્યતાઓ છોડી હું તને આ દેહ સોંપી દેવા તૈયાર છું. જીવનભર એને ભોગવજે. પણ મૌલિક, એથી જગતની નજરમાં આપણે ઊંચાં ઊઠીશું કે નીચાં પડીશું? લોકો આપણને વધાવશે કે વખોડશે? અને જગતની વાત જવા દે મૌલિક, પણ પ્રેમની દુનિયામાં આપણે આદર્શરૂપ બનીશું? મહાપુરુષોએ કહ્યું છે મૌલિક, કે 'યુગ કરતાં ય પળ મોટી છે.' કદાચ આપણો એકાદ પળે લીધેલો નિર્ણય યુગ યુગ સુધીનાં સંભારણાં રૂપ બની રહે.'

'સમજ્યો, તો તારે કશુંક બનવું છે,' મૌલિકની વાણીમાં હજીય કટાક્ષ હતો : 'તારે કશુંક એવું કરવું છે, જેથી જગત તને યાદ કરે, નહિ? તારે જગતમાં અમર કીર્તિ મૂકી જવી છે ને અલ્પા?'

'તારો કટાક્ષ હું સમજું છું, મૌલિક' અલ્પાએ નિરાશાના સૂરમાં કહ્યું : 'તેં એટલો બધો ભોગ આપ્યો છે કે આ પળે મારી આવી વાતો તને ગુસ્સે કરે એ સ્વાભાવિક છે. પણ મારે ખરેખર કશું બનવું નથી. મારા ગયા પછી કોઇ કદી મને યાદ પણ કરે એમ હું ઇચ્છતી નથી. યાદ કરવા જેવું મારા જીવનમાં છે પણ શું? પણ કોણ જાણે કેમ મૌલિક મને હવે જલવામાં જ આનંદ આવે છે.'

'તો જ લોકો 'ધૂપસળી' કહે ને!'

'તું વ્યંગ કરે છે મૌલિક,' નિઃશ્વાસ નાખી અલ્પા બોલી : 'પણ મારે ધૂપસળી ય નથી થવું. મારામાં પ્રસરાવવા જેવી સુગંધ પણક્યાં છે? પણ મૌલિક, કસોટીની એકાદ પળ પાસે આખો યુગ ચરણ ચૂમે - જો માનવી એ પળ સાચવી લે તો. વનમાં જવાની ઘડીએ રામ રાજગાદીના લોભમાં પડ્યા હોત તો રામાયણના રામ આટલા મહાન હોત કે? કટોકટીની પળે સ્વાર્થ ખાતર 'નરો વા કુંજરો વા'ની ભેદભરી વાત ન કરી હોત તો એમનું સત્ય કલંકિત થાત કે? અને તો યુધિષ્ઠિરનો રથ નીચે ઊતરત કે? મારામાં લાંબી બુદ્ધિ નથી એમ તને લાગે તો ય વાંધો નહિ મૌલિક, પણ સાચી વાત કહું તો જેલ-જીવન અને એકાંતવાસને કારણે મારામાં વૈરાગવૃત્તિ જાગી છે. હવે કોણ જાણે કેમ પણ આ બધું ફિક્કું ફિક્કું લાગે છે.'

'અલ્પા, જગત ભલે ન જાણતું હોય કે ન માનતું હોય, પણ મીરાં તો ચોવીસ કલાક એના ગોપાલ પાસે જ રહેતી હતી. એણે રાજપાટ છોડ્યું, સગાં-વ્હાલાં છોડ્યાં છેવટે મેવાડ પણ છોડ્યો, પણ કૃષ્ણને એણે ઘડીભર નહોતા છોડ્યા એ જાણે છે ને?' મૌલિકે કહ્યું : 'તેં તો ઊલટી વાત કરી. મૌલિકને ચાહવો ખરો, પણ મૌલિકની સાથે નહિ રહેવું!'

'મૌલિક, તારી વાતનો હું ઈન્કાર કરતી નથી' અલ્પાએ સંમત થતાં કહ્યું : 'તારી લાગણી હું સમજી શકું છું. ખરેખર તો તારાથી દૂર રહવાનું મને ય ગમતું નથી. પણ...' સહેજ અટકી એણે કહ્યું :

'જવા દે એ બધી વાત મૌલિક, તું કહીશ તેમ તારી અલ્પા કરશે એની ખાતરી રાખજે. તું કહીશ તો હું તારી સાથે લગ્ન કરીશ, જરૂર કરીશ, હોંશથી કરીશ અને જીવનભર તારી બનીને તારી સાથે રહીશ. સમાજને જે કહેવું હોય તે ભલે કહે મને હવે એની તો જરાય પરવા નથી. આપણે સાથે જીવીશું. એકબીજોન ચાહીએ છીએ અને ચાહીશુ. હરીશું, ફરીશું ને મજા કરીશું. દુનિયાને અદેખાઈ આવે એવાં સુખ, વૈભવ ને પ્રેમમાં રહીશું આપણે. મને તો તારા સાનિધ્યમાં અપૂર્વ આનંદ આવશે. મૌલિક જેવા પ્રેમીનાં પડખાં સેવવાં એ ઓછું સદ્‌ભાગ્ય છે! હું તો આજે ય તારામાં ખોવાયેલી છું. લગ્ન પછી તો અલ્પા મૌલિકમાં સમાઈ જશે. હું એ કરીશ મૌલિક, તારા માટે, જો તું કહીશ તો...'



અલ્પા સહેજ અટકીને ભાવવિભોર બની મૌલિક સામે જોઇ રહી. મૌલિકનું મન હવે હળવું થયું હતું. મનનો ઉકળાટ તેણે ઠાલવી દીધો હતો એટલે એ અલ્પાની વાતને સમજવાનો એ શાંત મનથી પ્રયત્ન કરતો હતો. એ જેમ જેમ સમજતો ગયો તેમ તેમ અલ્પાની મહાનતાનો એને ખ્યાલ આવતો ગયો. અલ્પા આગળ બોલી :

'મૌલિક, તું કહે છે તેમ કદાચ મારા મનમાં ઊંડે ઊંડે અમરત્વનો સ્વાર્થ હોય પણ ખરો. કીર્તિના સાત્ત્વિક લોભ તો લગભગ દરેક વ્યક્તિમાં હોય છે. મારામાં ય એ હોવાનું નકારી કેમ શકાય? માટે જ તો કહું છું મૌલિક, કે તું કહીશ એ જ હું કરીશ. હું સ્વાર્થી તો નથી જ અને તારા કરતાં હું કાંઇ વધુ બુદ્ધિશાળી થોડી જ છું? આજે રાત્રે શાંતિથી વિચાર કરજે, મૌલિક. કાલે સવારે તારો નિર્ણય જણાવજે. તું જે નિર્ણય કરીશ એ મને ગમશે અને એ સામે એક પણ શબ્દ બોલ્યા વિના હું એ સહર્ષ સ્વીકારીશ. તું કહીશ તો કાલે કદાચ આપણો લગ્નોત્સવ હશે. તારો નિર્ણય હશે તો કાલે મૌલિક ને અલ્પા જગતની નજરે પણ પતિ-પત્ની બનશે. નિર્ણય તારે કરવાનો છે. મૌલિક, મને માત્ર એટલું જ લાગે છે કે આજે આપણા જીવન દ્વારા આપણે જગતને જે કહી શકીએ તેમ છીએ તે કદાચ કાલે આપણા લગ્ન પછી નહિ કહી શકીએ. આવતી કાલની પેઢી-જે સદા વિલાસમાં જ ડૂબેલી રહે છે-તેને આપણે કશું નવું નહિ આપી શકીએ. પણ એ જે થાય તો હવે દલીલને અવકાશ નથી. અલ્પા મૌલિકની છે અને રહેશે. મૌલિકનો શબ્દ એને માટે આખરી હશે.'

'પણ અલ્પા,' ઘણા વખતથી શ્રોતા રહેલો મૌલિક બોલ્યો : 'તું કહે છે એવું જીવન તો ઝેરનાં પારખાં કરવા જેવું લાગે છે.' અલ્પાની વાત હવે એને કાંઇ સમજાઇ હતી ખરી.

'એકનું ઝેર બીજા માટે અમૃત પણ બની શકે છે, મૌલિક.'

'અને એકનું અમૃત બીજા માટે ઝેર પણ બની શકે ને?' મૌલિકે પૂછ્યું.

'બરાબર છે,' સંમતિ સૂચવતાં અલ્પા બોલી : 'પ્રકૃતિ પર એનો આધાર છે. ગધેડો સાકર ખાય તો ય મરી જાય! પચાવવાની શક્તિ પણ ગણનાપાત્ર બળ છે. માટે જ તો કહું છું મૌલિક, કે મારી તાકાત મેં માપી છે, તારો વિચાર તું કરજે, ને નિર્ણય કરી મને કહેજે.

'અલ્પા, શિષ્ય ગુરુને કહે તેમ નમ્ર બની જતાં મૌલિક બોલ્યો : 'તેં તો મારી સામે એક મોટો પ્રશ્નાર્થ મૂકી દીધો! તું જ કહે ને અલ્પા જીવનની વસંત કયે માર્ગે જતાં ખીલશે?'

'મૌલિક , મને લાગે છે કે શ્રેય અને પ્રેય વચ્ચેની આ પસંદગી છે.'

'પણ શ્રેયને સમજવું સરળ થોડું જ છે?'

'મારા મૌલિક માટે તો એ અઘરું નથી જ.' મૌલિકના વાળની લટ સમારતાં અલ્પા બોલી.

'અલ્પા, પ્રેમનું સાચું પ્રગટીકરણ શું વિરહમાં જ શક્ય છે?'

'ચોક્કસપણે એમ તો ન જ કહી શકાય મૌલિક, છતાં ચક્રવાક મિથુનને સાચો પ્રેમ દિવસના મિલન કરતાં રાતના વિરહમાં જ સાચા સ્વરૂપે પ્રગટે છે એમ નથી લાગતું?' અલ્પાએ મૌલિકનો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું : 'તું તો ઘણો બુદ્ધિશાળી છે, વકીલ છે. દિલના દરબારમાં ઊભો રહી દલીલો કરજે અને પછી બંને બાજુઓ વિચારી ન્યાય કરજે. તું કહીશ તો ઘડીના ય વિલંબ વિના હું તારી સાથે પરણીશ. તારો શબ્દ મારે માટે બ્રહ્મવાક્ય હશે.'

અલ્પાની વાત સાંભળી, એનું સ્વાર્પણ જોઇ, એનો સાચો પ્રેમ



નિહાળી મૌલિક અવાક બની ગયો! અલ્પાને કરેલા કટાક્ષો બદલ એને પશ્ચાતાપ થયો. એને ખોટી રીતે સમજી પોતે એને અન્યાય કર્યો છે એમ તેને લાગ્યું. રૂમાલથી તેણે આંખના ખૂણા સાફ કર્યા. અલ્પાએ તેના હાથ પકડી લીધા. 'આ શું કરે છે મૌલિક?' કહેતાં એની આંખો પણ ઉભરાઇ ગઇ. મૌલિકનાં આંસુ લૂછી તેના ગાલે ચુંબન કરતાં એ બોલી :

'મૌલિક, મેં કહ્યું તો ખરું કે તું ઇચ્છીશ એમ જ થશે. આજે શાંતિથી વિચાર કરી કાલે નિર્ણય કહેજે. જરાય સંકોચ રાખ્યા વગર જે ઇચ્છા હોય એ જ કહેજે. આપણે માટે-જે શ્રેય હોય તે-અથવા તને જે પ્રેય લાગે તે કહીશ તો ય મારા માટે તો એ શ્રેય જ હશે. પણ...પણ તું બોલતો કેમ નથી મૌલિક? રીસાઇ ગયો મારાથી? ગાંડા...'

અંતે અલ્પાના હાથ પકડી, એનું મુખ ઊંચું કરી એની આંખમાં આંખ પરોવી મૌલિકે કહ્યું:

'મને માફ કરજે અલ્પા, હું બહુ કટુ બની ગયો... મેં તને દુઃખ પહોંચે એવાં વચન કહ્યાં... પણ ત્યારે હું અલ્પાને પામવાની ધૂનમાં હતો... એ મારો હક્ક છે એમ માનતો હતો... પણ તેં મારી આંખો ખોલી છે.... હવે મને લાગે છે કે કદાચ તેં કહ્યું એ પણ સાચું હોય... તું ય ફરી વિચાર કરજે, હું ય વિચારીશ. પછી આપણે લગ્ન અંગે નિર્ણય કરીશું...'

'મૌલિક મારા,' કહી અલ્પાએ એના હોઠ ચૂમી લીધા- કદાચ પહેલી જ વાર! એ શુદ્ધ હૃદયના દીર્ઘ ચૂંબને પરસ્પરને એવાં તો અમૃત દીધાં-લીધાં કે બંને પ્રેમીઓ જાણે સદેહે સ્વર્ગમાં પહોંચી ગયાં! સાચા પ્રેમનું પાન એટલે જ સ્વર્ગ ને? બે યુવાન સ્ત્રી-પુરૂષના એ ચૂંબનમાં નર્યો પ્રેમ હતો, શુદ્ધ પ્રેમ! વિકારનો અંશ સરખો ય એમાં નહોતો!

'અ...લ્પા!'

'મૌ...લિ...ક!'

'તને સમજવા માટે હું ઘણો નાનો છું, અલ્પા.'

'તો મોટો થા ને, ના કોણે કહ્યું?' વાતાવરણમાં હળવાસ લાવવા અલ્પાએ હસીને કહ્યું.

'તેં હંમેશાં મને હરાવ્યો છે.'

'મેં તને કદી હરાવ્યો નથી ગાંડા, તેં મને જીતાડી છે. એટલે એમાં મોટાઇ તારી છે, મારી નહિ, સમજ્યો?'

'હું કદી તારા જેટલો મોટો થઇ શકવાનો નથી. અને ખરેખર તો મારે થવું ય નથી એટલા મોટા.'

'કેમ કાંઇ મને બહુ ઊંચે ચઢાવવા માંડી છે, અત્યારે? જમવાનો વખત થયો એટલે કે?'

'એ તો મને યાદ જ નથી આવ્યું. મારે જમવું જ નથી અત્યારે!'

'કેમ, માઠું લાગ્યું મારી પર?'

'જરાય નહિ. પણ...'

'કાલે તો અહીં જમવાનું નક્કી કર્યું છે.'

'પણ કાલે આવું ક્યાં નક્કી કર્યું હતું?' કહેતાં મૌલિક ઢીલો પડી ગયો.

'આવું એટલે કેવું?' મૌલિકને છાતી સરસો ચાંપી એને માથે હાથ ફેરવતી અલ્પા બોલી : 'મૌલિક, બધો નિર્ણય તારા પર છોડ્યો છે તો ય પાછી એ જ વાત! કાલે, પરમ દિવસે, ચાર-છ દિવસે – અરે તું જ્યારે કહીશ ત્યારે તારા નિર્ણય પ્રમાણે જ અલ્પા વર્તશે. તને જ્યારે પણ એમ લાગે કે આપણે સાથે જ રહેવું જોઇએ ત્યરે બેધડક કહી દેજે. ઘડીના ય વિલંબ વિના ત્યારે હું તારી દુન્યવી પત્ની બનીને રહીશ. મેં તને કહ્યું તો ખરું કે મને ય તારી સાથે રહેવાનું કાંઇ ઓછું મન નથી. માત્ર એક આદર્શ નજર સમક્ષ છે



એ ખાતર હું તને વિચાર કરવાનું કહું છું. એક બીજી પણ વાત છે મૌલિક, લક્ષ્મીકાન્તના ખૂનની બાબતમાં આપણે તદ્દન નિર્દોષ છીએ; તું તો ક્યારેય કશા ચિત્રમાં હતો જ નહિ. વળી, કાનૂની દષ્ટિએ પણ આપણે નિર્દોષ સિદ્ધ થયાં, પણ જગતને મોઢે ગળણું નથી. આપણે લગ્ન કરીએ તો લોકો જરૂર કહેવાના : માનો ન માનો પણ દાળમા ંકાંઇ કાળું તો હશે જ...આ બે વચ્ચે કૉલેજ કાળથી લફરું તો હતું જ, એટલે એમણે જ પેલાનું કાસળ કાઢી નાખ્યું હશે. એ તો મૌલિક જાતે હોંશિયાર વકીલ તે નિર્દોષ છૂટી ગયો ને પેલીને છોડાવી. બાકી પેલા ફોજદારની વાત ખોટી તો નહિ જ હોય...!' સહેજ અટકી એ બોલી : 'આવી વાતોથી આપણા પ્રેમને વાસનામાં ખપાવી એને કલંકિત કર્યા વિના આ જગતના લોકો રહેશે નહિ. છતાં આ તો બધા મારા ખયાલો છે મૌલિક, મારે માટે તો તારી ઇચ્છા, અરે, તારી ખુશી એ જ કર્તવ્ય. તારી ઇચ્છાને હું સ્વપ્નમાં ય અવગણું નહિ, સમજ્યો?'

મૌલિકે ઊંચું જોયું. શ્વેત સાડીમા શોભતા ચંદ્ર સમા મુખની એ નિર્મળતા અને કમલ જેવાં નયનોમાંથી નીતરતો નેહ જોઇ મૌલિક ભાવ વિભોર બની ગયો. એની આંખમાં આંસુ છલકાયાં ને એ બોલ્યો :

'અલ્પા, કેવું આત્મસમર્પણ તારું ! શું આને માટે હું લાયક છું?'

'તો શું મેં કોઇ નાલાયક સાથે પ્રેમ કર્યો છે?' મૌલિકનાં આંસુ પોતાના પાલવ વડે લૂંછતી, વાતાવરણે હળવું કરવા અલ્પા બોલી : 'આમ કહીને તું મારા મૌલિકનું અપમાન કરે છે. અને હું બધું ચલાવી લઇશ, પણ મારા મૌલિક વિષે કોઇ સહેજ પણ ઘસાતું બોલશે તે નહિ સાંખી લઉં, સમજ્યો?'

પ્રેમાળ માતાને ઉત્તર આપતા નિર્દોષ બાળકની જેમ મૌલિકે મંદ સ્મિત સાથે ક્હયું : 'હા સમજ્યો.'

'ચાલ હવે, હાથ-મોં ધોઇ લે, જમી લઇએ.' કહેતી અલ્પા ઊભી થઇ અને અગાશીમાં જઇ બાઇને જમવાનું લાવવા કહ્યું. બાજુના ડાયનીંગ

રૂમમાં ટેબલ-ખુરશી પર બંને જમવા બેઠાં. બધી જ વસ્તુઓ ટેબલ પર ગોઠવી બાઇ બહાર જઇને ઊભી.

ખૂબ આગ્રહથી અલ્પા મૌલિકને જમાડવા લાગી બંનેને ભાવતું રસ-પૂરીનું જમણ હતું. બે-ત્રણ શાક ને બટાકા-વડાં તો ખરાં જ. જમતાં જમતાં મૌલિક તો મોટે ભાગે શ્રોતા જ રહ્યો. અલ્પા જ કાંઈ ને કાંઇ બોલતી રહી :

'જો, કદાચ આપણે ન પરણીએ તો પણ તું એમ ના માનતો કે હું તારાથી દૂર કે અલિપ્ત રહીશ. કોઈ સંન્યાસીનીની જેમ મારે એકાંતવાસ નથી સેવવો, સમજ્યો? હું તો ફાવશે ત્યારે તારે ઘેર-તારે ઘેર શાની, મારે ઘેર સ્તો-આવીશ. તારી સાથે વાતો કરીશ, તું તો વકીલ છું પાછો, જરૂર પડશે તો તારી સલાહ લઈશ, ખાઇશ, પીશ અને ઈચ્છા થશે ત્યારે પાછી આવીશ, અને તારે પણ આ ઘેર ગમે ત્યારે આવવાનું, સમજ્યો?'

'હા, સમજ્યો.' બાળક જેમ માથું હલાવતાં મૌલિકે કહ્યું.

'શું મારું કપાળ સમજ્યો?' મૌલિકનો કટોરો રસથી ભરી દેતી અલ્પા બોલી : 'આ રસ તો હજી એટલો ને એટલો જ છે.' મૌલિક ના પાડે એ પહેલાં તો એનો કટોરો ભરાઈ ગયો હતો.

'મારી સામે શું જુએ છે?' કૃત્રિમ છણકો કરી અલ્પાએ કહ્યું : 'મને ખાવા દેવું છે કે નહિ?'

'એટલે?'

'એટલે એમ કે તું જેટલો રસ ખાઈશ એટલો હું ખાઇશ. સમજ્યો? માટે મારે ખાતર પણ ખા બરાબર.'

'એમ?' મૌલીકે આશ્ચર્ય પામતાં પૂછ્યું અને 'તો લે,' કહી કટોરો હાથમાં લઈ રસ ગટગટાવી ગયો.

'શાબાશ, કહેતી અલ્પા બીજો રસ એના કટોરામાં રેડવા જતી હતી એને રોકીને મૌલિકે કહ્યું :

'ઉહું, હવે તારો વારો.'



'હા, મારા વચનમાંથી નહિં ફરું,' કહેતી અલ્પા પણ એક કટોરો પી ગઇ. બંને કટોરા ફરી ભરાઇ ગયા.

આમ ખૂબ પ્રેમથી અલ્પાએ મૌલિકને વર્ષો પછી જમાડ્યો.

'હા...શ!' પેટ પર હાથ ફેરવતાં મૌલિકે કહ્યું :

'કેટલા બધા સમય પછી આટલું બધું ખાધું!'

'હવે રોજ ખાવું પડશે.' પાન ધરતી અલ્પા બોલી.

'ભગવાન એમ જ કરે એવી પ્રાર્થના.' પાન ચાવતાં મૌલિકે ક્હયું.

થોડી વાર પછી એ જવા તૈયાર થયો. બોલ્યો :

'અલ્પા, હવે જાઉં. ઘણો વખત થયો.'

'ફરી ક્યારે આવીશ?' લાગણીવશ બની અલ્પાએ પૂછ્યું.

'કાલે સાંજે, અથવા તું કહે ત્યારે.'

'રોજ, દરરોજ.' કહેતી અલ્પા ઢીલી થઇ ગઇ!

'ભલે તું કહીશ તેમ, બસ?' કહેતા મૌલિકે અલ્પાને ગાલે એક ચૂમી લઇને વિદાય લીધી.

નીચેથી ગાડી સ્ટાર્ટ કરતાં અગાશીમાં ઊભેલી અલ્પાને મૌલિકે હાથ કર્યો. અલ્પાએ ય હાથ હલાવી વિદાય આપી. ખૂબ સંયમ રાખ્યા છતાં નીચે તપેલી ફર્સ પર અલ્પાનાં બે અશ્રુબિંદુ પડ્યાં જ. પાછી વળી લગભગ દોડતી અલ્પા પલંગમાં જઇને પડીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી!

ત્યાગીને ભોગવવું સેહલું થોડું જ છે? બુદ્ધિની વાતો હૃદય થોડું જ સ્વીકારે છે?

અનુક્રમ

## ૨૬ : મંથન

અરધી રાત થવા આવી તો ય મૌલિક પલંગમાં પાસાં ઘસતો હતો. અલ્પા સાથે આજે થયેલી વાતચીત વારંવાર યાદ આવતી હતી. અલ્પાના શબ્દો કાનમાં ગુંજતા હતા. બિચારી એણે તો ગાયું છે :

‘પ્રિયતમ મારે અંતર વસીયો
પ્રેમભીનો એ રંગીન રસીયો,
એને વિરહે વ્યાકુળ થઈ ને...
દિવસ રાત હું રોઈ...!’

કેવો વિરોધાભાસ! ત્યાગીને ભોગવવાનું એ કહેતી હતી...ન પરણવા માટે એણે કરેલી દલીલો ખોટી તો નથી જ...યુવાનો માટે પ્રેમનો આદર્શ પેશ કરવો...સમાજની વક્રદષ્ટિથી પ્રમને બટ્ટો ન લાગે એ જોવું...એ પૂછતી હતી : ‘શું પામવું છે તારે? અલ્પાનો દેહ કે અલ્પાનો પ્રેમ?’ વાત તો સાચી છે. વિચારવા જેવી છે : શું પામવું છે મારે? સ્થૂલ દેહ કે અલૌકિક પ્રેમ? પ્રેમ તો હું પામ્યો છું...રહ્યો અલ્પાનો દેહ. શું એ માટે આ બધી મથામણ છે મારી? તો તો... તો તો હું પ્રેમી નહિ, કામી ગણાઉં! નહિ?...અલ્પાએ મને માપવા માટે જ આમ પૂછ્યું હશે...તો પછી હું શું કરું? જીવનભર વિરહની વેદનામાં સડ્યા કરું? અને તે ય બધી રીતે અનુકૂળ સંજોગો ઊભા થયા છે તો પણ...? હજી તો જીવનની શરૂઆત છે...આમ એકલા એકલા ક્યાં સુધી જીવાશે? ... યૌવનના આરંભે જ મેં ને અલ્પાએ એકબીજાને હ્રદયથી ચાહ્યાં, પણ સમય હાથ તાળી દઈ ગયો ને અમે વિખૂટાં પડ્યાં – લાગતું હતું, કદાચ સદાને માટે! છતાં અમારા પ્રેમની મહત્તા તો



ત્યાં છે કે અમે બંને પવિત્ર રહ્યાં, અમારું ચારિત્ર્ય અક્ષત રહ્યું. અલ્પા તો પરણી હતી, છતાં પતિથી એ અલિપ્ત રહી! નર્યું આશ્ચર્ય, છતાં તદ્દન સાચું. બે પ્રેમીઓને વિખૂટા પાડ્યા છતાં આ જગતને સંતોષ ન થયો... અમારા બંનેને માથે ખૂનનો આરોપ આવ્યો...છતાં છેવટે સત્યનો વિજય થયો... અને આજે આજે અમે બંને કશી જ મુશ્કેલી વિના સાબરમતીની સાખે લીધેલા સોગન પૂરા કરી શકીએ તેમ છીએ ત્યારે હાથે કરીને અળગાં રહેવાનો નિર્ણય લેવો? કેવું વિચિત્ર! જેની ઝંખના હતી તે સામે આવીને ઊભું છે,ત્યારે જ એનો ત્યાગ! શું ભાવનાથી કર્તવ્ય ઊંચું છે, એમ? પણ મારું કર્તવ્ય શું એ જ તો હું આજે નક્કી કરી શકતો નથી!... અલ્પાએ તો સ્વાર્પણ કર્યું છે... બધી જવાબદારી એણે મારા પર નાખી છે... મારી ખુશી એ જ એની ખુશી હશે... પણ શ્રેય અને પ્રેયની વાત એ કરતી હતી.. માટે જ તો મારે શ્રેયનો અમારા બંનેના શ્રેયનો, અરે સૌ, પ્રેમી જનોના શ્રેયનો વિચાર કરવો જોઈએ. મારો નિર્ણય અમને જ નહિ, પ્રેમી જગતને સ્પર્શનારો હશે... માટે જ તો આટલી મૂંઝવણ થાય છે મને...અલ્પા કહેતી હતી : ‘યુગથી ય પળ મહાન છે’...વાત તો સાચી... કેટલીક પળો એવા નિર્ણયો માટેની હોય છે જે યુગો સુધી અસર કરે... તો હું શું કરું? અલ્પાને કાલે શું કહું?... ‘તારી સાથે પરણવું નથી’ એમ કહું?...પણ અલ્પા સાથે ન પરણવાનો વિચાર તો સ્વપ્નમાં ય કેમ થાય? તો...તો...’

મૌલિક મંથન કરતો હતો ને પાસાં ઘસતો હતો પણ સાબરની સામે પાર મૌલિકની જો આ દશા હતી તો આ પાર પોતાના શયનખંડમાં સૂતેલી અલ્પા, ય કાંઈ ચેનની નિંદમાં થોડી જ હતી? અરધી રાત થવા આવી તો પણ એ ય ક્યાં ઊંઘી હતી? એ ય સૂતી સૂતી વિચારતી હતી :

‘બિચારો મૌલીક! હોંશભર્યો આવ્યો હતો મને સાબરની પેલે પાર – એની પાસે લઈ જવાનું કહેવા. પણ મેં એની આશા પર ઠંડુ પાણી રેડી દીધું! કેવી નિષ્ઠુર કહેવાઉં હું? મૌલિક કદાચ સાચું જ કહેતો હતો : કશુંક

બનવાની, અમર કીર્તી પામવાની ઇચ્છા મારા મનમાં ઊંડે ઊંડે ય હશે. માટે જ હું લગ્નની 'ના' કહેતી હોઇશ ને? એમ હોય તો તો હું કેવી સ્વાર્થી ગણાઉં? હું પરણી ગઇ એમ જાણ્યા છતાં મારા પ્રેમને ખાતર જે હજી સુધી પરણ્યો નથી, અને ક્યારેય બીજા કોઇને પરણવાની ના કહે છે તેને આજે બધી સાનુકૂળતા છતાં હું પરણવાની 'હા' નથી પાડતી! ખુદ મારું દિલ પણ મૌલિક સાથે વહેલી તકે પરણી જવા ચાહે છે, તો ય હું ડહાપણ ડહોળું છું! મૌલિક જેવો સાચો પ્રિતમ તો કોઇ સદ્‌ભાગીને જ મળે... જો કે મેં એને પરણવાની ના તો નથી જ પાડી... માત્ર અમારો પ્રેમ કલંકિત ન બને એ માટે એને વિચારવા જ સૂચવ્યું છે ને? વારંવાર તો કહ્યું છે મેં : 'મૌલિક, તું કહીશ એ જ હું કરીશ.'...કેવી સ્વાર્થી છું હું? આવા અગત્યના નિર્ણયની જવાબદારી એને એકલાને માથે નાખી દીધી! એટલે દોષ લાગે તો એને લાગે! પણ...પણ કાલે મૌલિક શું કહેશે? લગ્ન નથી કરવાં એમ કહેશે?...ના,ના, મૌલિક, એમ ન કહેતો હોં, ખરેખર, મારાથી તારા વિના નહિ જીવાય, એ તો હું વૈરાગની વાતો કરું છું. પણ એ તો કદાચ સ્મશાન વૈરાગ્ય હશે.. હું જ કહું છું ને કે તારા વિના હવે હું નહિ રહી શકું... મૌલિક, કાલે તું લગ્નની 'ના' કહીશ તો ય હું તારું કહ્યું નહિ માનું... આપણે વહેલી તકે લગ્ન કરી લઇએ એમ જ હું કહીશ... સાબરમતીની સાખે લીધેલી પ્રતિજ્ઞા મારે પાળવી જ જોઇએ, હવે તો પાળવી જ જોઇએ... પણ તો શું જગતની દૃષ્ટિએ હું એક કલંકિતા નારી નહિ ગણાઉં? સમાજ મને પતિ-ઘાતક નહિ માને? પ્રેમનો ઇતિહાસ શું કલંકિત નહિ થાય? તો હું શું કરું? પ્રભુ, હું કિંકર્તવ્યમૂઢ બની ગઇ છું. મને માર્ગ દેખાડો દેવ, મને મારું સાચું કર્તવ્ય સમજાવો. મારું તો ઠીક, મારે મારા મૌલિકનું હિત કરવું છે, એને મારે સદા સુખી ને હસતો જોવો છે. એ માટે હું ગમે તે કરવા, ગમે એટલો મોટો ભોગ આપવા તૈયાર છું... કહો પ્રભુ, હું શું કરું? સામે કાંઠે મારો શ્યામ છે, એ મારા વિના તડપે છે. પ્રભુ, રાધા શ્યામને મળ્યા વિના રહી શકે શું?'



પોતાના શયનખંડમાં આમ મંથન અનુભવતી એકલવાયી અલ્પા ઓશીકું ભિંજવી રહી!

એક પ્રેમી સાબરની આ પાર, બીજું સાબરની પેલે પાર પોત પોતાના શયનખંડમાં મધરાત થઇ હોવા છતાં મંથન અનુભવતાં પડખાં ઘસે છે. કારણ, કાલે આ પ્રેમીઓ માટે એક ઐતિહાસિક નિર્ણયની ઘડી છે!

સામે કાંઠે શ્યામ, આ કાઠે છે એની રાધા. ને વચ્ચે છે સાબરમતીનાં છીછરા વહેણની પાતળી રેખા. ના, લક્ષ્મણરેખા નહિ. છતાં બંને માટે એ પાર કરીને મળવું સુલભ નથી. કેમ? કેમકે આ કોઇ ઘેલછાભર્યાં ફટાકિયાં મોતી નથી, આ તો રાધા ને શ્યામના અલૌકિક અમર પ્રેમની કહાની છે. એટલે જ તો મિલનોત્સુક વિરહાતુર પ્રેમીઓ સાબરના સામ સામે કાંઠે સ્વચ્છાએ તડપે છે.

હા, કાલે એમણે એક ઐતિહાસિક નિર્ણય લેવાનો છે—વિરહની તડપન કે પ્રેમભર્યું મિલન!

અનુક્રમ

## ૨૭ : સામે કાંઠે શ્યામ

તને યાદ છે, સાબર? એક દિવસ તારી સાખે બે સાચાં પ્રેમીઓએ ભવ–ભર ભેગાં રહેવાના સોગન ખાધા હતા. પણ ભવાટવિમાં એ એવાં તો અટવાઇ ગયાં કે બંને વિખૂટાં પડી ડગલે પગલે કાંટા ખાતાં રહ્યાં. છતાં બંને સાચાં તપસ્વી હતાં, ફટાકિયાં મોતી નહોતાં. એમણે બધું છોડવું, પણ પરસ્પરનો પ્રેમ ન છોડ્યો. એ પ્રેમને સહારે એ કર્તવ્ય પંથે આગળ વધતાં રહ્યાં. એમના પ્રેમની અગ્નિપરીક્ષા જાહેરમાં થઇ. પણ તેમાંથી એ સો ટચનું સોનું સાબિત થઇને બહાર આવ્યાં!

સાબર! તારી સાખે લીધેલી પ્રતિજ્ઞા પાળવાનો યોગ હવે એમને માટે આવ્યો છે, ત્યારે એ ઉલઝનમં અટવાય છે. શું કરવું, શું ન કરવું-એની મુંઝવણમાં છે એ. તારી પાસે કોઇ ઉકેલ હોય તો બતાવ એમને.

તારે કાંઠે મહાત્મા ગાંધીજીએ ક્યારેક પ્રતિજ્ઞા લીધી હતી. એ પવિત્ર મહાત્માએ પોતાની પ્રતિજ્ઞા પાળી એ તો મહામાનવ હતા. પણ સાબર, એ પછી કદાચ આ બે જણ સાચાં પ્રતિજ્ઞાબધ્ધ પ્રેમીઓ છે જે પ્રેમ, પ્રતિજ્ઞા અને કર્તવ્ય-બધાંનો વિચાર કરી એક બીજાને પામવા તડપે છે. એકનું નામ છે અલ્પા, બીજાનું મૌલિક. તારે કાંઠે વસતાં એ સાચાં પ્રેમીઓ છે. એક આ કાંઠે છે, એક પેલે કાંઠે છે. વચ્ચે તું પથરાઇને પડી છે સાબર!

તને ખબર છે સાબર? તારે બે કાંઠે બે સાચાં પ્રેમીઓ પ્રેમની પવિત્રતાને સાચવવાના મંથનમાં પડ્યાં છે. અત્યારે અરધી રાત થવા આવી છે, રાત પાલીવાળા મિલમાંથી ભાગીને ઘરભેગા થઇ ઊંઘી ગયા છે અને આખું અમદાવાદ જ્યાં ચેનની નીંદમાં ઘોરે છે ત્યારે બે સાચાં પ્રેમીઓ તારે કાંઠે પરસ્પરને સ્મરતાં, પ્રેમની પવિત્રતાને સાચવવાનો માર્ગ શોધતાં, ઊંઘ હરામ કરી પોતાના પલંગમાં પડખાં ફેરવી રહ્યાં છે. સાબર, આવાં પવિત્ર પ્રેમીઓ તારે કાંઠે વસે છે એ તું જાણે છે? કદાચ નહિ જાણતી હોય. નહિ તો તું આટલી સુકાઇ કેમ જાય? જેને કાંઠે આવાં પવિત્ર પ્રેમીઓ વસતાં હોય એ નદી તો વૈશાખે ય બે કાંઠે વહે! અલ્પા અને મૌલિક જેવાં પ્રેમીઓ વસતાં હોય એ નગરને ઓછું ગૌરવ છે?

કાલે તારે કાંઠે એક ઐતિહાસિક નિર્ણય થવાનો છે એની ય તને ખબર છે, સાબર? કદાચ નહિ જ હોય. કારણ, તું અમદાવાદમાંથી વહે છે! અને અમદાવાદીઓ તો...!

સંભળાય છે અલ્પાના અંતરનું ગીત? સાંભળ સાબર, ઊંડે ઊંડેથી ધીમો, દર્દભર્યો અવાજ આવે છે :

સામે કાંઠે શ્યામ મુરારિ,
આ કાંઠે છે રાધા પ્યારી,
વ્યાકુળતાથી વલવલતી એ
ઘૂમતી ખોઇ ખોઇ – એરી મૈં તો.

**સમાપ્ત**

અનુક્રમ



શ્રી ચંદ્રકાન્ત રાવ

**નામ** : **ચંદ્રકાન્ત હરગોવિંદદાસ રાવ** (M.A., M.Ed.)
વતન : અછાલિયા (જિ. ભરૂચ), કર્મભૂમિ : વડોદરા
અભ્યાસ : એમ.એસ. યુનિવર્સિટી, વડોદરામાંથી બી.એ. (ઓનર્સ), બી.એ., એમ.એ. અને એમ.એડ્.જેવી ડીગ્રીઓ મેળવી. બી.એ.માં આ.ર બી.જી.એચ. કાંટાવાલા પ્રાઇઝ અને એ.કે.ત્રિવેદી પ્રાઇઝ મેળવ્યાં. કોલેજ કાળથી જ લેખન વાચનનો શોખ. એમ.એ.ના અભ્યાસ દરમિયાન **F.S.R.** કાઉન્સીલમાં ચૂંટાયા.

- ૧૯૫૩ થી ૧૯૫૫ - આચાર્ય : શ્રી નવદુર્ગા હાઇસ્કૂલ, ઉમલ્લા.
- ૧૯૫૬ થી ૧૯૮૮ - શ્રી નારાયણહાઇસ્કુલ, વડોદરામાં અધ્યાપન કાર્ય.
- વડોદરા શહેર માધ્યમિક શિક્ષક સંઘમાં ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે ચુંટાયા.
- મહારાજા સયાજીરાય યુનિવર્સિટી, વડોદરા જેવી આંતરરાષ્ટ્રીયખ્યાત યુનિવર્સિટીની સેનેટમાં બે વાર સેનેટર તરીકે ચૂંટાયા.
- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ - અમદાવાદમાં ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા.
- વડોદરા શહેર વાલી મંડળના પૂર્વમંત્રી એન ઉપપ્રમુખ
- ગુજરાતની જાણીતી સાહિત્યિક સંસ્થા 'પ્રેમાનંદ સાહિત્ય સભા', વડોદરાના વર્તમાન પ્રમુખ અને ટ્રસ્ટી.
- ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ની સામાન્ય સભાના પ્રતિનિધિ (૨૦૦૩ થી ...)
- ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ની મધ્યસ્થ સમિતિના સભ્ય (૨૦૦૫ થી ...)
- 'પ્રેમદીવાની' થી 'રમત રમાડે રામ' જેવી પાંચ સામાજિક નવલકથાઓ અને ત્રણ નવલિકા સંગ્રહો ('સ્નેહદીપ' - 'ઘર ભણી' અને 'આંબાની ડાળે')ના લેખક તથા 'છબછબિયાં' અને 'ચાંદામામા પોળી' જેવા બાલકાવ્ય સંગ્રહોના કવિ.



- 'ગોરી મારા ગામની' (કાવ્ય સંગ્રહ) ના કવિ
- બે નવલકથાઓ ધારાવાહિક રૂપે પણ પ્રગટ થઇ છે.
- 'આકાશવાણી' પરથી વાર્તાઓ, કાવ્યો, નાટકો, ચિંતનલેખો વગેરે પ્રસારિત થયાં છે અને થાય છે. ટી.વી પરથી નાટકો ટેલીકાસ્ટ થયાં છે. શ્રી ચંદ્રકાન્તભાઇનો કાવ્યસંગ્રહ પણ પ્રગટ થયો છે.
- **Reference India, Twentyeth century Distinguished who is who** અને **Indo Arab who is who** જેવાં પાંચેક આંતરરાષ્ટ્રી ગ્રંથોમાં શ્રી ચંદ્રકાન્ભાઇનો પરિચય દુનિયાના લબ્ધપ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે પ્રગટ થયો છે.
- 'બ્રહ્મભટ્ટ મિત્ર મંડળ' વડોદરાના પૂર્વ મંત્રી અને 'વડોદરા બ્રહ્મભટ્ટ સમાજ'ના સ્થાપક પ્રમુખ.
- કારેલી બાગ, વડોદરામાં છાત્રાલય અને બે કોમ્યુનીટી હોલ સાથે વિશાળ કેમ્પસ ધરાવતી શૈક્ષણિક સંસ્થા શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળના પૂર્વ મંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ અને વર્તમાન ટ્રસ્ટી.
- 'ભટ્ટ ભાસ્કર' (માસિક)ના તંત્રી લગભગ ૩૫ વર્ષની તંત્રી તરીકેની સેવા.
- શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળે સન્માન કરી રૂા. એક લાખની થેલી શ્રી ચંદ્રકાન્તભાઇને અર્પણ કરી હતી, જેમાં રૂા. પાંચ હજાર ઉમેરી તેમણે સંસ્થાને પરત કરી હતી.
- તેમનાં ધર્મપત્ની સૌ. ક્લાબેન જાણીતા લેખક - પત્રકાર સ્વ. શ્રી પ્રહ્લાદભાઇ બ્રહ્મભટ્ટ. (અમદાવાદ)નાં પુત્રી છે.
- **Arian Admikble Achievers** માં પરિચય પ્રગટ થયો છે.